

# શિક્ષાપત્રી રહસ્યાર્થ

## ભાગ ૨



સ. ગુ. પુરાણી મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી

ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના
શુભાશીર્વાદથી

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૨૦

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.


**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ :** ભગવત્સ્વરૂપનું વજ જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.



**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.




**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.


## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો




**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.



**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.




**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.



**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.



**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.



**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.



**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

સુંદર શ્રી ઘનશ્યામ સદાઇ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે.

અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે.

જેહી જન આઇ રહે ઇન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે.



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન'**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન !

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી ‘વચનામૃતમ્’ તથા ‘શિક્ષાપત્રી’માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શિક્ષાપત્રી રહસ્યાર્થ

ભાગ-૨

શિ. શ્લો. ૧૦૩ થી ૨૧૨


**સ. ગુ. પુરાણી મુનિસ્વામી શ્રી કેશવપ્રિયદાસજી**


**ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮**

**શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી**


**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**૨૦**

**સંસ્થાપક : અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

**અમદાવાદ-૩૮૦૦૧૩**

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક :*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***તૃતીય આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૧૯, ૧૬, ફેબ્રુઆરી

સં. ૨૦૭૫, મહા સુદ એકાદશી

***સેવા મૂલ્ય*** : રૂ. ૧૦૦/-

(બંને ભાગના)

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ

નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆ 079-27682120

E-mail : info@shriswaminarayandivinemission.com

Website : www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક :***

મુદ્રણ સંસ્કાર;

મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ,

આંબલી ગામ, અમદાવાદ.

# વિષયાનુક્રમણિકા


| શિ.શ્લો. | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૦૩ | ધર્મ તથા ભક્તિનું સ્વરૂપ. | ૪૬૫ |
| ૧૦૪ | વૈરાગ્ય તથા જ્ઞાનનું સ્વરૂપ. | ૪૮૪ |
| ૧૦૫ | જીવનું સ્વરૂપ. | ૪૯૦ |
| ૧૦૬ | માયાનું સ્વરૂપ. | ૪૯૫ |
| ૧૦૭ | ઈશ્વરનું સ્વરૂપ. | ૫૦૫ |
| ૧૦૮ | ઈશ્વર કયા જાણવા, તેની વિક્તિ. | ૫૧૩ |
| ૧૦૯ | શ્રીકૃષ્ણને, રાધાકૃષ્ણ તથા લક્ષ્મીનારાયણ નામે જાણવાની વિક્તિ. | ૫૩૦ |
| ૧૧૦ | શ્રીકૃષ્ણને, નરનારાયણાદિ નામે જાણવાની વિક્તિ. | ૫૩૦ |
| ૧૧૧ | રાધાદિક ભક્તનું, ભગવાનની સમીપે તથા મૂર્તિમાં રહેવાપણું. | ૫૩૩ |
| ૧૧૨ | ભગવાનના સ્વરૂપમાં ભેદ ન જાણવાપણું. | ૫૪૪ |
| ૧૧૩ | ભક્તિ કરવાની આજ્ઞા ને તે જ કલ્યાણકારી સાધન. | ૫૪૮ |
| ૧૧૪ | ભક્તિ ને સત્સંગ —એ જ વિદ્વત્તાનું ફળ; અન્યથા અધોગતિ. | ૫૫૮ |
| ૧૧૫ | ધ્યાન કેનું થાય તેની વિક્તિ. | ૫૬૯ |
| ૧૧૬ | બ્રહ્મરૂપ થઈને સર્વકાળે ભગવાનની ભક્તિ કરવાની આજ્ઞા. | ૫૯૪ |
| ૧૧૭ | શ્રીમદ્ ભાગવતનો દશમસ્કંધ સાંભળવાની ને પંડિતને તે વાંચવાની આજ્ઞા. | ૬૦૨ |

૧૧૮ દશમસ્કંધાદિનું પુરશ્ચરણ કરવા-
કરાવવાની આજ્ઞા. ૬૦૪
૧૧૯ આપત્તિમાં પોતાની ને બીજાની રક્ષા
થાય તેમ વર્તવાની આજ્ઞા. ૬૦૫
૧૨૦ આચારાદિનો નિર્ણય દેશકાળાદિ
અનુસારે કરવાની આજ્ઞા. ૬૦૭
૧૨૧ શ્રીજીનો મત વિશિષ્ટાદ્વૈત, ધામ ગોલોક
ને બ્રહ્મરૂપે સેવા કરવી તે મુક્તિ. ૬૧૨

**સામાન્ય ધર્મનો ઉપસંહાર**

૧૨૨ 'સામાન્ય' અર્થાત્ ત્યાગી-ગૃહી-બાઈ-ભાઈ.
સર્વને પાલન કરવા યોગ્ય ધર્મનો ઉપસંહાર. ૬૩૨

**ધ. ધુ. આચાર્યશ્રીના વિશેષ ધર્મ**

૧૨૩ આચાર્યશ્રીને સમીપ સંબંધ વિનાની
સ્ત્રીઓને મંત્રોપદેશ કરવાનો નિષેધ. ૬૩૩
૧૨૪ તેવી સ્ત્રીઓના સ્પર્શભાષણનો આચાર્યશ્રીને
નિષેધ; તેમ જ ક્રૂરપણાનો ને કોઈની
પણ થાપણ રાખવાનો નિષેધ. ૬૩૪
૧૨૫ આચાર્યશ્રીને બીજાના જામીન થવાનો
તથા કોઈનું પણ કરજ કરવાનો નિષેધ. ૬૩૫
૧૨૬ શિષ્યાર્પિત ધાન્ય-વિક્રય નિષેધ;
અદલબદલ કરવામાં બાધ નથી. ૬૩૮
૧૨૭ ગણેશચોથના દિવસે ગણપતિના ને આસો
વદ ચૌદસે હનુમાનજીના પૂજનની આજ્ઞા. ૬૩૯
૧૨૮ સ્વાશ્રિતધર્મરક્ષાર્થે સ્થાપેલા આચાર્યશ્રીને,
મુમુક્ષુને દીક્ષા આપવાની આજ્ઞા. ૬૪૨

૧૨૯ સ્વાશ્રિતને ધર્મમાં રાખવાની, સાધુને આદર થકી માનવાની તથા આદરથી સચ્છાસ્ત્રનો અભ્યાસ કરવાની, આચાર્યશ્રીને આજ્ઞા. ૬૪૨
૧૩૦ મોટાં મંદિરમાં સ્થાપેલ લક્ષ્મીનારાયણાદિની સેવા કરવાની આચાર્યશ્રીને આજ્ઞા. ૬૪૫
૧૩૧ મંદિરમાં આવેલ અન્નાર્થીની યશાશક્તિ સંભાવના કરવાની આચાર્યશ્રીને આજ્ઞા. ૬૪૭
૧૩૨ પાઠશાળા કરાવી, સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરવાની આચાર્યશ્રીને આજ્ઞા. ૬૪૮

## આચાર્ય – પત્નીઓના વિશેષ ધર્મ

૧૩૩ આચાર્ય-પત્નીએ, આચાર્યશ્રીની આજ્ઞાથી સ્ત્રીઓને જ મંત્રોપદેશ કરવો. ૬૫૦
૧૩૪ આચાર્ય-પત્નીને, સમીપ સંબંધ વિનાના પુરુષસ્પર્શાદિનો નિષેધ ૬૫૨

## ગૃહસ્થના વિશેષ ધર્મ

૧૩૫ ગૃહસ્થને સમીપ સંબંધ રહિત વિધવા સ્ત્રીસ્પર્શનો નિષેધ. ૬૫૩
૧૩૬ યુવાન મા-બેન-દીકરી સાથે આપત્કાળ સિવાય એકાંતવાસનો નિષેધ. ૬૫૮
૧૩૭ વ્યવહારમાં રાજાના પ્રસંગવાળી સ્ત્રીના, પ્રસંગનો નિષેધ. ૬૬૭
૧૩૮ ગૃહસ્થાશ્રમીને અતિથિપૂજન તથા હોમ -શ્રાદ્ધાદિક કરવાની આજ્ઞા. ૬૬૮
૧૩૯ માતા, પિતા, ગુરુ તથા રોગાતુરની સેવા, જીવિત્પર્યંત કરવાની આજ્ઞા. ૬૬૯

૧૪૦ વર્ણાશ્રમને ઘટિત ઉદ્યમ કરવાની આજ્ઞા,
તથા બળદના વૃષણનો ઉચ્છેદ નિષેધ. ૬૭૨
૧૪૧ વરા પ્રમાણે અન્નદ્રવ્ય તથા ચારપૂળાના
સંગ્રહની આજ્ઞા. ૬૭૬
૧૪૨ અન્નજળથી પશુની સંભાવના થાય તો જ
પશુને રાખવાં; અન્યથા નિષેધ. ૬૭૯
૧૪૩ સાક્ષીએ સહિત લખત કર્યા વિના પુત્ર-
મિત્રાદિક સાથે પણ ધન લેણદેણનો નિષેધ. ૬૮૦
૧૪૪ સ્વપર વિવાહકાર્યમાં સાક્ષીએ સહિત લખત
કર્યા વિના, ધન લેણદેણનો નિષેધ. ૬૮૨
૧૪૫ ઉપજને અનુસાર ખર્ચ કરવાની આજ્ઞા. ૬૮૨
૧૪૬ આવકજાવકનું નામું રાખવાની આજ્ઞા. ૬૮૪
૧૪૭ ઉપજમાંથી દશમો ભાગ ને દુર્બળને વીસમો
ભાગ, ભગવાનને અર્પવાની આજ્ઞા. ૬૮૫
૧૪૮ વ્રતનું ઉદ્યાપન કરવાની આજ્ઞા; ઉદ્યાપન
મનવાંછિત ફળ આપે છે. ૬૮૭
૧૪૯ શ્રાવણ માસમાં શિવપૂજન કરવા-
કરાવવાની આજ્ઞા. ૬૮૯
૧૫૦ આચાર્ય થકી તથા દેવમંદિર થકી કરજ
કરવાનો તથા પાત્રાદિ યાચન વગેરેનો નિષેધ. ૬૯૦
૧૫૧ ભગવાન, ગુરુ તથા સાધુનાં દર્શનાર્થે
જતાં, માર્ગમાં તથા તેમના સ્થાનમાં
પરાન્નભક્ષણ નિષેધ. ૬૯૨
૧૫૨ મજૂરોને નક્કી કર્યા પ્રમાણે ધનાદિક આપવું,
ઋણશુદ્ધિ આદિ
પ્રકાશ કરવું તથા દુર્જન સાથે વ્યવહાર ન કરવો. ૬૯૩

૧૫૩ } દુકાળ, શત્રુ અથવા રાજાના ઉપદ્રવે કરીને
લજ્જા, ધન કે પ્રાણનો નાશ થતો હોય તો,
૧૫૪ } તે પોતાના વતનનું મૂળ ગામ હોય તો પણ
તેનો ત્યાગ કરી, સ્થળાંતર કરવાની આજ્ઞા. ૬૯૭

**ધનાઢ્ય ગૃહસ્થના વિશેષ ધર્મ**

૧૫૫ ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્તને, હિંસા રહિત યજ્ઞ
કરવાની તથા સાધુ-વિપ્રને જમાડવાની આજ્ઞા. ૬૯૯
૧૫૬ ધનાઢ્ય ગૃહસ્થ હરિભક્તને, મંદિરમાં ઉત્સવ
કરવાની ને સુપાત્રને દાન આપવાની આજ્ઞા. ૭૦૩

**રાજાના વિશેષ ધર્મ**

૧૫૭ રાજાને, ધર્મશાસ્ત્રાનુસારે પ્રજાપાલનની
તથા ધર્મસ્થાપનની આજ્ઞા. ૭૦૮
૧૫૮ રાજાને, રાજ્યનાં અંગ, ઉપાય, ગુણ ને તીર્થ
જાણવાની, તથા સભાસદ અને દંડ્યાદંડ્ય
જનોને ઓળખવાની આજ્ઞા. ૭૧૦

**સુવાસિની સ્ત્રીઓના વિશેષ ધર્મ**

૧૫૯ સધવા સ્ત્રીને, સ્વપતિની ઈશ્વરવત્
સેવા કરવાની આજ્ઞા. ૭૨૦
૧૬૦ સધવાને, રૂપ, યૌવન ને ગુણવાન
એવા પરપુરુષ-પ્રસંગનો નિષેધ. ૭૨૩
૧૬૧ સધવાને વસ્ત્ર ઓઢ્યા વગર, તેમ જ નાભિ
-સાથળ-છાતી દેખાય તેમ રહેવાનો નિષેધ. ૭૨૫
૧૬૨ પતિ, પરદેશમાં હોય ત્યારે આભૂષણ
તથા રૂડાં વસ્ત્રધારણાદિ નિષેધ. ૭૨૮

## વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ


૧૬૩ વિધવાએ, પતિબુદ્ધિએ ભગવાનને સેવવા ને પિતાદિકની આજ્ઞામાં વર્તવું. ૭૩૧
૧૬૪ વિધવાને સમીપ સંબંધ વિનાના પુરુષસાથેના સ્પર્શ ભાષણ વગેરેનો નિષેધ. ૭૩૩
૧૬૫ ધાવણા બાળકના સ્પર્શમાં ને આવશ્યક કાર્ય પ્રસંગમાં, વૃદ્ધના સ્પર્શ-ભાષણમાં વિધવાને બાધ નથી. ૭૩૯
૧૬૬ વિધવાએ, સમીપ સંબંધ વિનાના પુરુષ પાસે વિદ્યા ન ભણવી તથા દેહદમન કરવું. ૭૪૧
૧૬૭ વિધવાને દેહનિર્વાહમાં ઉપયોગી ધનથી અધિક ધન હોય તો જ, ધર્મકાર્યમાં આપવાની આજ્ઞા. ૭૪૩
૧૬૮ વિધવાએ એકવાર આહાર કરવો, ભોંયપર સૂવું તથા મૈથુનાસક્ત પ્રાણી જોવાં નહિ. ૭૪૫
૧૬૯ વિધવાને, સુવાસિની, સંન્યાસિણી ને વેરાગણીના જેવો તથા દેશાચાર ને કુળાચાર વિરુદ્ધ વેષ ધારણ કરવાનો નિષેધ. ૭૪૭
૧૭૦ ગર્ભપાતિનીનો સંગ તથા સ્પર્શ તેમ જ પુરુષશૃંગારવાર્તા-શ્રવણાદિનો નિષેધ. ૭૪૮
૧૭૧ યુવાવસ્થામાં રહેલી વિધવાને, યુવાવસ્થામાં રહેલા સંબંધી પુરુષ સાથે, આપત્કાળ સિવાય એકાંતસ્થિતિનો નિષેધ. ૭૪૯
૧૭૨ વિધવાને હોળીની રમત તથા આભૂષણાદિકનું ધારણ કરવા વગરેનો નિષેધ. ૭૫૧

## સધવા-વિધવાના સંયુક્ત વિશેષ ધર્મ


૧૭૩ સ્ત્રીઓને નગ્નસ્નાન તથા રજસ્વલાપણું ગુપ્ત રાખવાનો નિષેધ. ૭૫૩

૧૭૪ રજસ્વલા સ્ત્રીને, ત્રણ દિન, મનુષ્ય-વસ્ત્રાદિકનો સ્પર્શ નિષેધ વગેરે. ૭૫૫


## નૈષ્ઠિકવર્ણીના વિશેષ ધર્મ


૧૭૫ નૈષ્ઠિકોને સ્ત્રીસ્પર્શ, તેની સાથે ભાષણ તથા તેના ઈક્ષણનો નિષેધ. ૭૬૦

૧૭૬ સ્ત્રીવાર્તા કરવા-સાંભળવાનો તથા સ્ત્રીસંચારસ્થાને સ્નાનાદિકનો નિષેધ. ૭૬૮

૧૭૭ દેવપ્રતિમા વિના, અન્ય સ્ત્રીપ્રતિમાના સ્પર્શ-ઈક્ષણનો નિષેધ. ૭૭૦

૧૭૮ નૈષ્ઠિકોને સ્ત્રીપ્રતિમા કરવાનો, સ્ત્રીએ ધારેલ વસ્ત્રસ્પર્શનો તથા મૈથુનાસક્ત પ્રાણી જોવાનો નિષેધ. ૭૭૧

૧૭૯ સ્ત્રીવેષધારી પુરુષના સ્પર્શ-ઈક્ષણ-ભાષણનો તથા સ્ત્રીઓને ઉદ્દેશી, ભગવાનની કથા-વાર્તા કરવાનો નિષેધ. ૭૭૨

૧૮૦ વર્ણીને, બ્રહ્મચર્યવ્રત-ત્યાગવાળું —એવું ગુરુવચન ન માનવાની તથા ધીરજવાન, સંતોષયુક્ત ને માન રહિત વર્તવાની આજ્ઞા. ૭૭૩

૧૮૧ બળાત્કારે સમીપે આવતી સ્ત્રીને, બોલીને કે તિરસ્કાર કરીને પણ પાછી વાળવાની આજ્ઞા. ૭૮૦

૧૮૨ પ્રાણાપત્તિમાં સ્પર્શભાષણથી સ્ત્રીની તથા પોતાની રક્ષા કરવાની આજ્ઞા. ૭૮૧

૧૮૩ નૈષ્ઠિકોને તેલમર્દન, આયુધધારણ કે વિકૃતવેષ
ન કરવાની તથા રસાસ્વાદ જીતવાની આજ્ઞા. ૭૮૨
૧૮૪ વિપ્રગૃહે સ્ત્રી પીરસનારી હોય તો ત્યાં,
વર્ણીને જમવા જવાનો નિષેધ. ૭૮૬
૧૮૫ નૈષ્ઠિકોને વેદશાસ્ત્રનો અભ્યાસ કરવાની,
ગુરુસેવાની તથા સ્ત્રૈણ પુરુષના
સંગત્યાગની આજ્ઞા. ૭૮૯
૧૮૬ બ્રાહ્મણને, ચર્મવારી, ડુંગળી,
લસણાદિક અભક્ષ્યનો નિષેધ. ૭૯૨
૧૮૭ બ્રાહ્મણને, સ્નાન, સંધ્યા, ગાયત્રીજપાદિક
કર્યા વિના ભોજનનો નિષેધ. ૭૯૬


## સાધુના વિશેષ ધર્મ


૧૮૮ સાધુને વર્ણીવત્, સ્ત્રીઓનાં દર્શન-
ભાષણાદિક પ્રસંગનો નિષેધ. ૮૦૯
૧૮૯ સર્વે ઇંદ્રિયો જીતવાં, રસના વિશેષે જીતવી,
તથા દ્રવ્યસંગ્રહ કરવો-કરાવવો નહિ. ૮૨૦
૧૯૦ થાપણ રાખવાનો, ધીરજતા તજવાનો ને
સ્વાવાસે સ્ત્રીપ્રવેશ નિષેધ. ૮૨૫
૧૯૧ સાધુને રાત્રે સોબત વિના તથા આપત્તિ
વિના એકલા ચાલવાનો નિષેધ. ૮૨૯
૧૯૨ મૂલ્યવાળાં કે ચિત્રવિચિત્રાદિ વસ્ત્રો પરેચ્છાથી
મળે તો પણ, તેના ધારણનો નિષેધ. ૮૩૩
૧૯૩ ભિક્ષા તથા સભાપ્રસંગ વિના, ગૃહિગૃહે
જવાનો ને ભક્તિ રહિત કાળનિર્ગમન નિષેધ. ૮૩૫
૧૯૪-૧૯૫ ગૃહિગૃહે જમવા જવાનો વિવેક. ૮૪૧

૧૯૬ સાધુ એવા પરમહંસને જડભરતવત્ વર્તવાની આજ્ઞા. ૮૪૬


## નૈષ્ઠિકવર્ણી-સાધુના સંયુક્ત વિશેષ ધર્મ


૧૯૭ વર્ણી-સાધુને તાંબુલ, અફીણ, તમાકુ વગેરે ભક્ષણનો નિષેધ. ૮૫૦
૧૯૮ ગર્ભાધાનાદિ સંસ્કારમાં ને એકાદશાહાદિ પ્રેતશ્રાદ્ધમાં ભોજન નિષેધ. ૮૫૨
૧૯૯ આપત્તિ વિના દિવસ નિદ્રાનો ને ગ્રામ્યવાર્તા કરવા-સાંભળવાનો નિષેધ. ૮૫૩
૨૦૦ આપત્તિ વિના ખાટલાપર ન સૂવાની તથા સાધુ પાસે નિષ્કપટ વર્તવાની આજ્ઞા. ૮૫૭
૨૦૧ કુમતિજન ગાળ દે, કે મારે તે સહન કરવાની ને તેના હિત-ચિંતનની આજ્ઞા. ૮૫૯
૨૦૨ દૂતપણું, ચાડિયાપણું, ચારચક્ષુપણું, તેમ જ અહંબુદ્ધિનો તથા મમત્વબુદ્ધિનો નિષેધ. ૮૬૬


## પ્રાશ્ચાત્ય ભૂમિકા


૨૦૩ વિશેષ ધર્મનો ઉપસંહાર તથા ધર્મનો વિસ્તાર જાણવાનો પ્રકાર. ૮૯૧
૨૦૪ સર્વ સચ્છાસ્ત્રના સારરૂપ ને મનવાંછિત આપનારી શિક્ષાપત્રી છે. ૮૯૩
૨૦૫ શ્રીહરિના આશ્રિતને શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાની આજ્ઞા. ૮૯૪
૨૦૬ ધર્મ, અર્થ, કામ ને મોક્ષ પામવાનો ઉપાય. ૮૯૫
૨૦૭ શિક્ષાપત્રી પ્રમાણે ન વર્તે તે સ્વામિનારાયણ સંપ્રદાયથી બહિર્ભૂત. ૮૯૫

૨૦૮ શિક્ષાપત્રીનો નિત્ય પાઠ કરવાની,
ને ભણેલા ન હોય તેમને
૨૦૯ તેનું શ્રવણ કરવાની આજ્ઞા; સંભળાવનાર ન
હોય તો, શિક્ષાપત્રીની પૂજા કરવાની આજ્ઞા. ૮૯૭
૨૧૦ શિક્ષાપત્રી દૈવીજનોને આપવી;
આસુરીજનોને ક્યારેય ન આપવી. ૮૯૯
૨૧૧ સં. ૧૮૮૨ના મહા સુદ ૫ના દિન
આ શિક્ષાપત્રી લખી છે. ૯૦૬
૨૧૨ અંતિમ **'મંગલાચરણ.'** ૯૦૭

# વિષયાનુક્રમણિકા

## (પ્રકાર બીજો)


| શ્લો.સંખ્યા | વિષય | શિ. શ્લોકાંક |
|---|---|---|
| ૩ | પ્રથમ, મધ્યમ ને અંત્ય મંગલાચરણ. | (શ્લો.૧, ૧૦૮, ૨૧૨) |
| ૯ | પૂર્વ ભૂમિકા … … | (" ૨ થી ૧૦) |
| ૯૦ | સાધારણ ધર્મ. … | (શ્લો. ૧૧ થી ૯૨, ૧૧૪ થી ૧૨૧) |
| ૧૦ | સચ્છાસ્ત્રનો નિર્દેશ … | (શ્લો. ૯૩ થી૧૦૨) |
| ૧૦ | ધર્માદિકની વ્યાખ્યા … | (શ્લોક ૧૦૩ થી ૧૦૭, ૧૦૯ થી ૧૧૩) |
| ૧ | શિ. શ્લો. ૧૧ થી ૧૨૧ સુધીના સાધારણ ધર્મનો ઉપસંહાર. … … | (શ્લો. … ૧૨૨) |
| ૧૦ | આચાર્યશ્રીના … વિશેષ ધર્મ | (" ૧૨૩ થી ૧૩૨) |
| ૨ | આચાર્યપત્નીઓના … " " | (" ૧૩૩ તથા ૧૩૪) |
| ૨૦ | ગૃહસ્થના … " " | (" ૧૩૫ થી ૧૫૪) |
| ૨ | ધનાઢ્ય ગૃહસ્થના … " " | (" ૧૫૫ તથા ૧૫૬) |
| ૨ | રાજાના … " " | (" ૧૫૭ તથા ૧૫૮) |
| ૪ | સધવા સ્ત્રીઓના … " " | (" ૧૫૯ થી ૧૬૨) |
| ૧૦ | વિધવા સ્ત્રીઓના … " " | (" ૧૬૩ થી ૧૭૨) |
| ૨ | સધવા - વિધવાના સંયુક્ત " " | (" ૧૭૩ થી ૧૭૪) |
| ૧૩ | નૈષ્ઠિકવર્ણીના … " " | (" ૧૭૫ થી ૧૮૭) |
| ૯ | સાધુના … " " | (" ૧૮૮ થી ૧૯૬) |
| ૬ | નૈષ્ઠિકવર્ણી - સાધુના સંયુક્ત" " | (" ૧૯૭ થી ૨૦૨) |
| ૯ | પાશ્ચાત્ય ભૂમિકા … " " | (" ૨૦૩ થી ૨૧૧) |
| ૨૧૨ | | |


## સંક્ષેપોની સમજ

| | | | |
|---|---|---|---|
| સ.જી. | સત્સંગિજીવન | શિ. શ્લો. | શિક્ષાપત્રી શ્લોક |
| સ.ભૂ. | સત્સંગિભૂષણ | બ્ર. | બ્રહ્મચારી |
| અં. | અંશ | સ.ગુ. | સદ્ગુરુ |
| અ. | અધ્યાય | સદ્. | સદ્ગુરુ |
| પ્ર. | પ્રકરણ | હ.લી.ક. | હરિલીલાકલ્પતરુ |
| હ.સુ.ત. | હરિવાક્યસુધાસિંધુ તરંગ | હરિ. કલ્પ | હરિલીલાકલ્પતરુ |
| શ્રી.ભા.સ્કં. | શ્રીમદ્ભાગવત સ્કંધ | ભ.ચિં. | ભક્તચિંતામણિ |

॥ श्री स्वामिनारायणाय नमोनमः ॥

# શિક્ષાપત્રી રહસ્યાર્થ

## ભાગ-૨

॥ श्री स्वामिनारायणाय नमोनमः ॥

# શિક્ષાપત્રી રહસ્યાર્થ

## ભાગ-૨

### શિ. શ્લો. ૧૦૩ થી ૨૧૨

## શિ૦ શ્લો૦ ૧૦૩

**धर्मो ज्ञेयः सदाचारः श्रुतिस्मृत्युपपादितः ।**
**माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ॥ १०३ ॥**

**અને શ્રુતિ-સ્મૃતિ તેમણે પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તે ધર્મ જાણવો. અને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે ભક્તિ જાણવી ૧૦૩.**

### ધર્મનું નિરૂપણ

(પરોક્ષાર્થ)

श्रुतिः– वेदश्च, स्मृतिः– याज्ञवल्क्यादि ऋषिप्रणीता धर्मसंहिता च, ताभ्यामुपपादितः– यथाधिकारमवश्यकर्तव्यतया विहितः । ''**श्रुतिस्तु वेदो विज्ञेयो धर्मशास्त्रं तु वै स्मृति**'' रिति मनूक्तेः । सत्–लोकशास्त्राऽविरुद्धतया शोभनश्चासा वाचारश्च । स धर्म इति ज्ञेयः ।

શ્રુતિ એ વેદ અને સ્મૃતિ તે યાજ્ઞવલ્ક્ય આદિ ઋષિઓએ રચેલ ધર્મસંહિતાઓ; તે બંનેએ પ્રતિપાદન કર્યો; કહેતાં, જેમ જેનો અધિકાર તે પ્રમાણે અવશ્ય પાલન કરવા યોગ્યપણે કહેલો, તે ધર્મ જાણવો.

મનુનું પણ વચન છેઃ ‘‘વેદ, એ શ્રુતિઓ જાણવી અને ધર્મશાસ્ત્રો તે સ્મૃતિઓ જાણવી ૧.’’ ‘સત્’ કહેતાં લોક અને શાસ્ત્રમાં અવિરુદ્ધપણે શોભતો એવો સદાચાર તે ધર્મ જાણવો. આવી રીતે સમજવું —એ પરોક્ષાર્થ છે.

**પ્રત્યક્ષાર્થ**

શ્રીહરિ, શિ. શ્લો. ૨૦૯માં જ કહે છેઃ—

**...। मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥ २ ॥**

આ શિક્ષાપત્રીરૂપી મારી વાણી તે મારું સ્વરૂપ છે, એમ પરમ આદર થકી માનવી ૨.

વળી હ. સુ. ત. ૨૨૭માં શ્રીહરિજીએ કહ્યું છેઃ—

**...। अहमेवाऽखिलांडानां जन्मादेर्हेतुरस्मि वै**[११] **॥ ३ ॥**
**मत्तः परतरः कश्चिन्नास्त्येव भगवान् क्वचित्**[११] **॥ ४ ॥**

અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા, તેમ જ સર્વનો કારણ એવો પ્રત્યક્ષ પુરુષોત્તમ તે હું જ છું; પણ મારા થકી બીજો કોઈ ભગવાન, કોઈ કાળે છે જ નહિ ૩-૪.

વળી એ જ ગ્રંથના તરંગ ૨૧૮માં પણ કહ્યું છેઃ—

**त्यागिनां गृहिणां ये तु धर्माः सन्त्यौद्धवाध्वनि**[४६] **।**
**तान्येव मम वाक्यानि पालनीयानि मच्छ्रितैः ॥ ५ ॥**

આ ઉદ્ધવસંપ્રદાયને વિષે, ત્યાગીસાધુના ને ગૃહસ્થાશ્રમી ભક્તજનોના જે ધર્મ મેં કહ્યા છે તે પ્રમાણે જ મારા આશ્રિત હોય તેમણે વર્તવું ૫. નારાયણગીતા-સ. જી. પ્ર. ૨માં, પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન સ્વાશ્રિતોને કહે છેઃ—

**यावद्देहस्मृतिर्वः स्यात्स्वस्वधर्मा मयोदिताः**[१०१] **।**
**तावन्नैते क्वचित्त्याज्या इत्याज्ञा मेऽस्ति सत्तमाः ॥ ६ ॥**

હે ભક્તજનો! તમારે જ્યાં સુધી દેહની સ્મૃતિ હોય ત્યાં સુધી મેં કહેલા જે સ્વધર્મો, તેનો ક્યારેય ત્યાગ કરવો જ નહિ —આવી મારી આજ્ઞા છે ૬. તેમ જ શિ. શ્લો. ૨૦૩માં પણ કહ્યું છે:—

**इति संक्षेपतो धर्माः सर्वेषां लिखिता मया ।**
**साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तर ॥ ७ ॥**

અમારા આશ્રિત એવા જે સત્સંગી બાઈ-ભાઈ સર્વે, તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ તે, સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે; અને આ ધર્મનો જે વિસ્તાર તે તો અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો ૭.

શ્રીજીમહારાજનાં આવાં અનેક વચન છે —તે જ શ્રુતિ થકી પણ અતિ અધિક જાણવાં, અથવા શ્રુતિતુલ્ય માનવાં; અર્થાત્ પ્રકટ પુરુષોત્તમ શ્રીજીમહારાજનાં વચનામૃત એ જ શ્રુતિઓ જાણવી. અને એમની આજ્ઞાથી એમના મુક્તોએ રચેલ શાસ્ત્ર તથા કાવ્ય-કીર્તન તે સર્વે સ્મૃતિઓ જાણવી; એટલે એ બંનેએ પ્રતિપાદન કર્યો એવો સદાચાર તે ધર્મ જાણવો. —આમ સમજવું તે પ્રત્યક્ષાર્થ છે.

## સત્પુરુષનો આચાર પણ ધર્મ જાણવો

અને 'धर्मो ज्ञेयः सदाचारश्रुतिस्मृत्युपपादितः ।' 'સદાચાર' શબ્દના વિસર્ગ વિનાનો આવો પાઠ હોય ત્યારે તો સત્પુરુષનો આચાર, શ્રુતિ અને સ્મૃતિ —એ ત્રણેએ પ્રતિપાદન કર્યો હોય તે ધર્મ જાણવો; કેમ કે શ્રુતિ-સ્મૃતિ માફક સત્પુરુષના

આચારનું પણ પ્રમાણ છે.

શ્રીજીમહારાજનું વળી આ પ્રમાણે વચન છેઃ—

**श्रुतिस्मृत्युक्तः हि सम्यक् साधुभिर्यश्च सेवितः ।**
**तमाचारं निषेवेत गृही नान्यं तु कञ्चन ॥ ८ ॥**

શ્રુતિ-સ્મૃતિમાં કહ્યો હોય અને સાધુપુરુષોએ સમ્યક્ પ્રકારે આચરણ કર્યો હોય એવો જે ધર્મ, તેનું જ ગૃહસ્થ ભક્તજન સેવન કરે, પણ અન્યનું સેવન ન કરે. (અર્થાત્ શિક્ષાપત્રી આદિ શાસ્ત્રમાં કહ્યો હોય ને ગોપાળાનંદ સ્વામી તથા દાદાખાચર આદિ મોટા મુક્તોએ આચરણમાં મૂક્યો હોય તેને જ ધર્મ જાણવો ને તેનું જ સેવન કરવું) ૮.

હરિગીતા-સ. જી. પ્ર. ૧, અ. ૩૩માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**स चापि वर्तते नृणां वर्णाश्रमविभागतः[५] ।**
**श्रुतिस्मृतिसदाचारैः प्रमितो हि पृथक्पृथक् ॥ ९ ॥**

શ્રુતિ, સ્મૃતિ અને સદાચારે કરીને પ્રમાણ કરેલો જે ધર્મ તે મનુષ્યોના વર્ણ તથા આશ્રમોના વિભાગે કરીને પૃથક્પૃથક્પણે વર્તે છે ૯.

## ધર્મના છ ભેદ જાણવાની વિક્તિ

શિ. શ્લો. ૧૨૨માં શ્રીજીમહારાજ લખે છેઃ આ જે પૂર્વે સર્વ ધર્મ કહ્યા તે, મારા આશ્રિત ત્યાગી ગૃહસ્થ બાઈ-ભાઈના **'સામાન્ય ધર્મ'** કહ્યા છે; અર્થાત્ સર્વે સત્સંગીમાત્રને સરખા પાળવાના છે. હવે એ સર્વેના **'વિશેષ ધર્મ'**ને પૃથક્પૃથક્પણે કહીએ છીએ. આવી રીતે શ્રીહરિએ સામાન્ય ને વિશેષ —એમ

બે પ્રકારનો ધર્મ કહેલો છે; તેમાં વિશેષ ધર્મમાં પાંચ ભેદ છે અને પ્રથમ કહેલ સામાન્ય ધર્મ —એમ ધર્મના છ ભેદ પડે છે. તે સ. જી. પ્ર. ૨, અ. ૧માં કહ્યું છેઃ—

**स षड्विद्यो वर्णधर्मो धर्म आश्रमिणां तथा[३७] ।**
**धर्मो वर्णाश्रमाणां च गौणो नैमित्तिकस्तथा ॥ १० ॥**
**साधारण इति प्रोक्तः षोढा तद्भेदवेदिभिः[३८] ।**
**तत्र साधारणो धर्मो यस्तं भक्ताः ब्रवीमि वः. ॥ ११ ॥**

તે ધર્મ છ પ્રકારનો છેઃ એક તો બ્રાહ્મણાદિ વર્ણનો ધર્મ[૧]. બીજો આશ્રમીનો ધર્મ[૨]. ત્રીજો વર્ણ ને આશ્રમનો મિશ્રિત ધર્મ[૩]. ચોથો ગુણે કરીને મોટા આચાર્યશ્રી તથા રાજા આદિનો ધર્મ —એ ગૌણ ધર્મ કહ્યો છે, એટલે રાજાએ પ્રજાનું પાલન તથા રક્ષણ કરવું ને પ્રજાને ધર્મમાં વર્તાવવી અને આચાર્ય તથા ગુરુ, તેમણે ધર્મમાં વર્તીને શિષ્યોને ધર્મમાં વર્તાવવા[૪]. અને પાપનિમિત્ત પ્રાયશ્ચિત્ત કરવું એ પાંચમો નૈમિત્તિક ધર્મ કહ્યો છે[૫]. ને છઠ્ઠો 'સાધારણ;' અર્થાત્ ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ સર્વને સરખી રીતે પાલન કરવા યોગ્ય[૬] —એમ ધર્મને જાણનારા સત્પુરુષોએ છ પ્રકારનો ધર્મ કહ્યો છે. હે ભક્તજનો! તે પૈકી છઠ્ઠો જે **'સાધારણ'** ધર્મ છે તેને, હું સહજાનંદ સ્વામી, તે તમારા પ્રત્યે કહું છું ૧૦-૧૧.

## સાધારણ ધર્મના આઠ પ્રકાર

હવે શ્રીહરિ સાધારણ ધર્મના આઠ પ્રકાર બતાવે છેઃ—

**क्षमा दयाऽनसूया च शौचानायास मङ्गलम्[३९] ।**
**अकार्पण्यं निःस्पृहत्वं धर्मः साधारणो मतः ॥ १२ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૧)

**'ક્ષમા'** = સામાએ કરેલો અપરાધ સહન કરવો[૧]. **'દયા'** = અહિંસા ધર્મ રાખવો[૨]. **'અનસૂયા'** = ગુણવાનને વિષે દોષારોપણ કરવું નહિ[૩]. **'શૌચ'** = પવિત્રપણું, અર્થાત્ પોતાના આશ્રમ પ્રમાણે બ્રહ્મચર્યવ્રત દૃઢ રાખવું[૪]. **'અનાયાસ'** = ધ્યાનભક્તિ ન થઈ શકે એવું અતિ તપ ન કરવું[૫]. **'મંગળ'** = આજ્ઞા તથા ઉપાસનાની દૃઢતા[૬]. **'અકાર્પણ્ય'** = ઈષ્ટદેવનો દશાંશ-વીશાંશ ભાગ કાઢવામાં ને સંતની સેવામાં ઉદારતા[૭]. **'નિઃસ્પૃહત્વં'** = દેહાદિકમાંથી સ્નેહ તોડી શ્રીજીમહારાજમાં જ સ્નેહ કરવો[૮]. આ આઠ ગુણ બાઈઓ-ભાઈઓ સર્વેએ રાખવા; કેમ કે આ ગુણ સામાન્ય ધર્મમાં છે ૧૨.

## સામાન્ય ને સનાતન ધર્મનું સ્વરૂપ

આ વિષે બ્રહ્મમુનિ, સ. ભૂ. અંશ ૧, અ. ૨માં શિવરામ વિપ્રપ્રત્યે કહે છેઃ—

**वर्णानामाश्रमाणां च सर्वेषां शर्मकारणम्[२] ।**
**सर्वदा ब्रह्मचर्यं चालोभोऽनुचितवस्तुनः ॥ १३ ॥**
**दमो देहेंद्रियाणां च दया सर्वेषु जंतुषु[३] ।**
**तपो ज्ञानप्रदं सत्यमदंभश्च क्षमा धृतिः ॥ १४ ॥**
**कस्यापि प्राणिनोऽद्रोहोऽप्येतावन्मनसोदितम्[४] ।**
**स्वरूपमेव धर्मस्य श्रुतौ सनातनस्य च ॥ १५ ॥**

વર્ણ તથા આશ્રમને વિષે રહ્યા એવા સર્વે મનુષ્યોને સદા સુખ કરનારું બ્રહ્મચર્યવ્રત છે; માટે એ વ્રત દૃઢ રાખવું. અને 'અનુચિત વસ્તુનો લોભ ન કરવો;' એટલે ત્યાગી-સાધુ વગેરેએ ધન-સ્ત્રીનો સંકલ્પ ન કરવો. ગૃહસ્થાશ્રમી પુરુષે,

પરધન તથા પરસ્ત્રીનો ત્યાગ રાખવો. સ્ત્રીઓએ પરપુરુષ ને પરધનથી દૂર રહેવું ૧૩. દેહ-ઇંદ્રિયોનું દમન કરવું; સર્વ જીવપ્રાણી ઉપર દયા રાખવી. તથા 'તપ કરવું' એટલે પાંચ વખત કથા-વાર્તા-કીર્તન કરવાં. એકાદશીના વ્રતનો ઉપવાસ તે, જાગરણ સહિત કરવો. ચાતુર્માસમાં ધારણા-પારણા વગેરે વ્રત કરવાં —એ તપ જાણવું તથા બીજાને જ્ઞાન આપવું, સત્ય બોલવું, દંભ ન કરવો, ક્ષમા અને ધીરજ રાખવી ૧૪. મને કરીને પણ કોઈ પ્રાણીનો દ્રોહ ન કરવો —સનાતન ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે વેદમાં પણ કહેલું છે ૧૫.

## એકાંતિક ધર્મનું સ્વરૂપ

વળી એ જ અંશ ને અધ્યાયમાં બ્રહ્મમુનિ, એકાંતિક ધર્મનું સ્વરૂપ સમજાવે છેઃ—

**स एव विष्णुसंबंधाद्भवत्येकांतिकाभिधः[५] ।**
**तत्संबंधादृते प्रोक्तः साधारणः स वैदिकः ॥ १६ ॥**
**तत्रादिमं तमाश्रित्य वासुदेवं भजंति ये[६] ।**
**नरास्ते यांति तद्धाम त्यक्त्वा देहं तमःपरम् ॥ १७ ॥**
**येऽपरं धर्ममाश्रित्य वर्तंते तेऽनिशं जनाः[७] ।**
**स्वर्गादींस्त्रीन्वपुर्हित्वा लोकान्यांति विनश्वरान् ॥ १८ ॥**

આ કહ્યો —એ જ વર્ણાશ્રમ ધર્મ, 'વિષ્ણુ' એટલે અક્ષર ને મહાપુરુષાદિ સર્વમાં પોતાના પ્રકાશે કરીને વ્યાપક, ને પોતાના ધામને વિષે દિવ્યસાકાર મૂર્તિમાન રહેલા એવા શ્રીજીમહારાજ, તેમના 'સંબંધ થકી' અર્થાત્ તેમનો આશ્રય કરવાથી 'એકાંતિક ધર્મ' કહેવાય છે; ભગવાનના સંબંધ વિના તો તે ધર્મ, 'સાધારણ ધર્મ તથા વૈદિક ધર્મ' કહેવાય છે ૧૬.

એ બે પ્રકારના ધર્મમાં પ્રથમ કહ્યો જે એકાંતિક ધર્મ, તેનો આશ્રય કરીને જે સ્ત્રી-પુરુષો, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને ભજે છે તે અંતે, ભૌતિક દેહનો ત્યાગ કરીને અનાદિ 'તમ' જે અજ્ઞાન, તે જ્યાં નથી એવા શ્રીહરિજીના દિવ્ય ધામને પામે છે ૧૭. અને જે જનો ભગવાનના આશ્રય વિનાના કેવળ વર્ણાશ્રમ ધર્મને આશરીને જ નિરંતર વર્તે છે, તે સ્ત્રી-પુરુષો દેહનો ત્યાગ કરીને નાશવંત એવા સ્વર્ગાદિ ત્રણ લોકને પામે છે ૧૮.

## ધર્મનું સ્વરૂપ તથા ફળ

શિક્ષાપત્રી આદિમાં ત્યાગીને તથા ગૃહસ્થને સ્થૂળ-સૂક્ષ્મ દેહે કરીને જે જે નિયમ પાળવાના કહ્યા છે, એ નિયમ યથાર્થ પળે —એ ધર્મનું સ્વરૂપ છે અને બ્રહ્મરૂપ જે પોતાનો આત્મા તેમાં શ્રીજીમહારાજને અખંડ ધારવા —એ ધર્મનું ફળ છે. વળી સકામ મનુષ્યો માટે ધર્મપાલનને વિષે અન્ય ફળ પણ કહ્યાં છે. તે સ. જી. પ્ર. ૨, અ. ૧માં શ્રીહરિએ આ પ્રકારનો લૌકિક હિતોપદેશ પણ કરેલો છેઃ—

**धर्माद्राज्यं घनं सौख्यं प्राप्यंते सर्वसिद्धयः[२४] ।**
**लोकद्वयेऽपि यत्सौख्यं तद्धर्मात्प्राप्यते नृभिः ॥ १९ ॥**

ધર્મ પાળવા થકી જ રાજ્ય, ધન અને સુખ પ્રાપ્ત થાય છે; સર્વ સિદ્ધિઓ પણ ધર્મ પાળવાથી જ પ્રકટ થાય છે અને આ લોક-પરલોકમાં જે સુખ થાય છે તે પણ ધર્મમાં વર્તવાથી જ મનુષ્યોને પ્રાપ્ત થાય છે ૧૯.

## ધર્મ પ્રાપ્તિનું સાધન

ધર્મશાસ્ત્રનું શ્રવણ-મનન કરવાથી અને ધર્મનિષ્ઠ

સત્પુરુષોનો શ્રદ્ધા-માહાત્મ્યથી સમાગમ કરવાથી, ધર્મનિષ્ઠાની દૃઢતા થાય છે. ધર્મ પ્રાપ્ત કરવાનું આ મુખ્ય સાધન છે. વળી ભગવાનનું માહાત્મ્ય સમજવું તે પણ ધર્મપ્રાપ્તિનું મોટામાં મોટું સાધન છે. તે લોયાના ૧૯મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છેઃ–

''ભગવાનનું માહાત્મ્ય જેમ કપિલદેવજીએ દેવહૂતિ પ્રત્યે કહ્યું છે જે, 'मद्‌भयाद्वाति वातोऽयं सूर्यस्तपति मद्‌भयात् ।' એવી રીતે અનંત પ્રકારના માહાત્મ્યે સહિત એવી જે ભગવાનની ભક્તિ, તે જેને હોય તેના દોષમાત્ર ટળી જાય છે; ને તેને **'જ્ઞાન, વૈરાગ્ય, ધર્મ'** –એ ન હોય તો પણ એ સર્વે આવે છે; માટે એ સાધન સર્વમાં મોટું છે.'' અર્થાત્ મૂળપુરુષ, મહાકાળ, નરનારાયણ, વાસુદેવબ્રહ્મ ને અક્ષર એ સર્વે અવતારો તથા પરમ એકાંતિક તથા અનાદિમુક્તો, તે સર્વે, શ્રીહરિજીની મરજી સિવાય કાંઈ પણ કરવાને શક્તિમાન નથી; આવું માહાત્મ્ય શ્રીહરિનું સમજે તેનામાં સર્વે ગુણ આવે છે.

### 'ભાગવત ધર્મ' અથવા 'એકાંતિક ધર્મ' એટલે શું?

ગઢડા અંત્ય પ્રકરણના ૨૧મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છેઃ– ''ભગવાનના સંબંધે સહિત જે ધર્મ છે... એ ધર્મને જ ભાગવત ધર્મ કહે છે તથા એકાંતિક ધર્મ કહે છે; અને તે ધર્મ ને ભક્તિ તો બે નથી –એક જ છે અને જે ધર્મ સ્થાપનને અર્થે ભગવાનના અવતાર થાય છે તે પણ એ જ ધર્મના સ્થાપનને અર્થે થાય છે; અને જે **'કેવળ'** વર્ણાશ્રમના ધર્મ છે તે તો ભાગવત ધર્મ થકી અતિશય ગૌણ છે... ને તેનું ફળ પણ નાશવંત છે **અને ભાગવત ધર્મે કરીને તો જીવ ભગવાનની**

**માયાને તરીને પુરુષોત્તમના ધામને પામે છે.''**

વળી સ. જી. પ્ર. ૫, અ. ૫૫માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**धर्मस्त्याज्यो न कश्चित्स्वनिगमविहितो वासुदेवे च भक्ति[२८] र्दिव्याकारे विधेया सितघनमहसि ब्रह्मणा स्वस्य चैक्यम् । निश्चित्यैवान्यवस्तुन्यणुमपि च रतिं सम्परित्यज्य सन्त स्तन्माहात्म्याय सेव्या इति वदति निजान् धार्मिको नीलकण्ठः ॥**

મારાં આશ્રિત બાઈ-ભાઈ કોઈએ મેં કહેલો જે શ્રુતિ-સ્મૃતિ પ્રતિપાદિત પોતપોતાનો ધર્મ, તે ક્યારેય ત્યાગ ન કરવો; ને પોતાના આત્માની બ્રહ્મ સાથે એકતાનો નિશ્ચય કરી, તેમ જ શ્રીજીમહારાજ જે હું, તે મારા વિના બીજા કોઈમાં અણુમાત્ર પણ પ્રીતિ રહી જતી હોય, તો તેનો ત્યાગ કરી; શ્વેત ને ઘન એવા તેજના સમૂહમાં વિરાજમાન, દિવ્ય મૂર્તિમાન એવો વાસુદેવ જે હું, તે મારી ભક્તિ કરવી અને મારું માહાત્મ્ય સમજવા માટે સંત સમાગમ કરવો —આટલો સત્સંગિજીવન ગ્રંથનો રહસ્યાર્થ છે. આ પ્રકારે એકાંતિક ધર્મનું સ્વરૂપ, શ્રીજીમહારાજ પોતાના સંત-હરિભક્તને સમજાવે છે ૨૦. **'ઇતિ ધર્મનિરૂપણ-સંપૂર્ણમ્.'**

## ભક્તિનું નિરૂપણ

હવે 'ભક્તિ' કોને કહેવાય તે વિષે શ્રીહરિ, મૂળ-શ્લોકના બીજા પાદમાં કહે છેઃ—

**'माहात्म्यज्ञानयुग्भूरिस्नेहो भक्तिश्च माधवे ।'**

'माधवे, मानां = मायानां = गुणैश्वर्याणां धवः = स्वामी, तस्मिन् ।'' અનંત દિવ્યગુણ-ઐશ્વર્યયુક્ત એવા શ્રી હરિકૃષ્ણ ભગવાનને વિષે, માહાત્મ્યજ્ઞાને સહિત જે ઘણો સ્નેહ તે

ભક્તિ જાણવી.

## માહાત્મ્યજ્ઞાનનું સ્વરૂપ

ભગવાનને વિષે માહાત્મ્યજ્ઞાને સહિત જે સ્નેહ તેને અહીં ભક્તિ કહી. હવે 'માહાત્મ્યજ્ઞાન' એટલે શું? તે વિષે સ. જી. પ્ર. ૩, અ. ૪૪માં કહ્યું છેઃ—

**नराकृतिरपि कृष्णः सकलैश्वर्यसंयुतः[१०] ।**
**दिव्यविग्रह एवेति माहात्म्यं ज्ञेयमस्य च ॥ २१ ॥**

રાધા-રમાના પતિ મહાપુરુષ ભગવાનનું નામ કૃષ્ણ છે અને પરમ એકાંતિક તથા અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા —એવા અક્ષરધામના ધામી શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનું પણ કૃષ્ણ નામ છે; કેમ કે અવતારી પ્રભુનાં નામની ને ઐશ્વર્યની ઉપમા, તેમના અવતારસ્વરૂપ રામ, કૃષ્ણ ને નરનારાયણાદિકને પણ અપાય છે. નરાકૃતિ એવા 'કૃષ્ણ' જે શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ, તે મનુષ્ય જેવા દેખાય છે તો પણ અક્ષરધામમાં જેવા અનંત ઐશ્વર્ય-તેજે યુક્ત છે તેવા ને તેવા જ છે, સર્વ મુક્તમંડળના સ્વામી છે ને સર્વ અવતારના અવતારી છે; નરાકૃતિ અથવા પ્રતિમાકૃતિ-સ્વરૂપ શ્રીજીમહારાજનું જ છે —આવું માહાત્મ્ય સમજીને તેમની ભક્તિ કરવી ૨૧.

સ. જી. પ્ર. ૪, અ. ૬૭માં શ્રી સહજાનંદ સ્વામી માહાત્મ્યજ્ઞાનનું સ્વરૂપ આ પ્રકારે સમજાવે છેઃ—

**श्वेतद्वीपे ब्रह्मपुरे गोलोकेऽपि च धामनि[१८] ।**
**वैकुण्ठादौ यदैश्वर्यं दिव्यं दिव्याश्च पार्षदाः ॥ २२ ॥**
**स्वेच्छया मनुजाकारे हरौ तद्विद्यतेऽखिलम्[११] ।**
**दिव्यभावेनेति बोधो माहात्म्यज्ञानमुच्यते ॥ २३ ॥**

શ્વેતદ્વીપ, બ્રહ્મપુર, બ્રહ્મમહોલ, ગોલોક તથા વૈકુંઠ આદિક જે ભગવાનનાં ધામ તેને વિષે જે દિવ્ય ઐશ્વર્યો રહ્યાં છે તથા દિવ્યસ્વરૂપ પાર્ષદો રહ્યા છે તે સર્વે, જીવોના કલ્યાણને અર્થે, પોતાની ઈચ્છાએ કરીને મનુષ્યરૂપ થઈને પૃથ્વીને વિષે વિચરતા, એવા આ શ્રીહરિ ભગવાનને વિષે રહ્યાં છે. એવી રીતે દિવ્યભાવે કરીને પ્રત્યક્ષ ભગવાનને જાણવા તેને **'માહાત્મ્યજ્ઞાન'** કહીએ ૨૨-૨૩.

## ભક્તિનું સ્વરૂપ

શ્રીજીમહારાજ આ વિષે સ. જી. પ્ર. ૩, અ. ૪૪માં દાદાખાચરનાં બહેન જયા-લલિતા આદિને કહે છેઃ—

**स्नेहेन सेवनं यत्तु माहात्म्यज्ञानपूर्वकम्[१] ।**
**तदेव लक्षणं ज्ञेयं भक्तेरिह महाव्रताः ॥ २४ ॥**

હે 'મહાવ્રતો' કહેતાં, બ્રહ્મચર્યવ્રતની પરાકાષ્ઠાને પામેલાં હે બાઈઓ! હું તમને ભક્તિનું સ્વરૂપ કહું છુંઃ પ્રથમ મારું માહાત્મ્ય સમજવું જે, આ શ્રી સ્વામિનારાયણ તે અમારા ઈષ્ટદેવ છે; તે જ પોતે અનંતકોટી અનાદિમુક્ત તથા પરમ એકાંતિક મુક્ત તે સર્વના સ્વામી, સુખદાતા ને નિયંતા છે. અને અક્ષરકોટી, બ્રહ્મકોટી ને મહામાયા તથા મહાપુરુષની 'કોટી' એ સર્વેને વિષે પોતાના પ્રકાશે કરી પ્રવેશ કરીને તેમને પ્રકાશમાન કરે છે. તેમ જ એ સર્વેથી પર પોતાના અક્ષરધામમાં દિવ્યમૂર્તિમાન રહ્યા છે ને પોતાના મુક્તને સુખ આપે છે —એવા શ્રીહરિજી તે કેવળ કૃપા કરી, મનુષ્યરૂપ ધારણ કરીને મારી સેવા અંગીકાર કરે છે. આવું માહાત્મ્યજ્ઞાન સમજી, અતિ સ્નેહે કરીને મારી સેવા કરવી, —એને જ ભક્તિ

કહી છે, તેમાં પણ માહાત્મ્યે સહિત ભક્તિમાં ધર્મ, આત્મનિષ્ઠા ને વૈરાગ્ય આવી જાય છે, માટે ધર્મ, જ્ઞાન ને વૈરાગ્ય —એ ત્રણે સહિત જ ભક્તિ કરવી. 'भज् ' ધાતુનો અર્થ સેવા છે અને 'तिन्' પ્રત્યયનો અર્થ પ્રેમ છે; માટે પ્રેમે કરીને સેવા કરવી એ ભક્તિનું સ્વરૂપ છે ૨૪.

## પ્રેમલક્ષણા ભક્તિનું સ્વરૂપ

શ્રીહરિએ આ વિષે સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં પોતાના ભક્તોને કહ્યું છે:—

**तदीयमाहात्म्यविबोधपूर्वं स्वभावतो वृत्तिरविच्युता या[१०] ।**
**सप्रेम तस्मिन्सकलेन्द्रियाणां सा भक्तिरुक्ता नवधाऽस्ति सापि ॥**

મારા સ્વરૂપના માહાત્મ્યજ્ઞાનપૂર્વક સ્વાભાવિક પ્રેમે કરીને શ્રીજીમહારાજ જે હું, તે મારા સ્વરૂપમાં સર્વે ઇંદ્રિયોની વૃત્તિ અખંડ રહે, એ જ પ્રેમસ્વરૂપ ભક્તિ કહી છે. તે ભક્તિ પણ સાધનકાળમાં નવ પ્રકારની છે ૨૫.

## નવ પ્રકારની સાધનભક્તિનું સ્વરૂપ

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्[१२६] ।**
**अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ २६ ॥**

(હરિદિગ્વિજય ઉલ્લાસ ૨૧)

સદા દિવ્યસાકર મૂર્તિ ને અક્ષરપર્યંત સર્વમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને વ્યાપક એવા શ્રી સહજાનંદ સ્વામી, તેમનાં કથા-કીર્તનનું પ્રેમે કરીને શ્રવણ કરવું —એ **'શ્રવણભક્તિ[૧]'** કહી છે અને પ્રેમે કરીને કથા-કીર્તન કરવાં —એ **'કીર્તનભક્તિ[૨]'** કહેવાય છે. મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી —એ **'સ્મરણ[૩]'** સેવા કરવી તે **'પાદસેવન[૪]'** ષોડશોપચારે

પ્રભુની પૂજા કરવી તે **'અર્ચન[૫]'**. દંડવત્ પ્રણામ ને નમસ્કાર કરવા —એ **'વંદન[૬]'**. જ્ઞાને કરીને શ્રીહરિજીના દાસ થઈ રહેવું એ **'દાસ્ય[૭]'** શ્રીજીની સાથે સખાભાવે સ્નેહ —એ **'સખ્ય[૮]'** —સખાપણાની ભક્તિ અને પોતાના આત્માને મૂર્તિના સુખમાં રાખવો તે **'આત્મનિવેદન[૯]'** —આ નવ પ્રકારની ભક્તિ જાણવી ૨૬.

## એકાશી પ્રકારની ભક્તિ

શ્રીહરિ પોતાનાં માતા ભક્તિદેવી પ્રત્યે, સ. ભૂ. અંશ ૧, અ. ૩૯ના આરંભથી કહે છેઃ હે માતઃ! શ્રવણાદિ નવધા ભક્તિરૂપ સાધન વડે મારી પ્રાપ્તિનો ઉપાય, તેને ભક્તિયોગ કહેવામાં આવે છે. તે ભક્તિયોગ સગુણ અને નિર્ગુણ —એમ બે પ્રકારે શાસ્ત્રમાં કહેલો છે; તેમાં સગુણ ભક્તિયોગનું લક્ષણ કહું છું; તે સગુણ ભક્તિયોગમાં-શ્રવણાદિ દરેક ભક્તિમાં સાત્ત્વિક, રાજસી અને તામસી, એમ ત્રણ-ત્રણ ભેદ છે. તેમાં પણ સાત્ત્વિક ભક્તિયોગ, રાજસી ભક્તિયોગ તથા તામસી ભક્તિયોગ, તે ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ એવા પ્રકારના ભેદથી, પ્રત્યેક ત્રણ-ત્રણ પ્રકારનો છે. હવે તેની વિક્તિ આ પ્રમાણે છેઃ—

હિંસાના વિનિયોગથી ભક્તિ કરે તે **'તામસી ભક્તિયોગ'**માં કનિષ્ઠ; દંભે કરીને કરે તો, તામસી ભક્તિયોગમાં મધ્યમ ને ઈર્ષ્યાએ કરીને ભક્તિ કરે, તે તામસી ભક્તિયોગમાં ઉત્તમ ભેદ માનેલો છે. જે માયિક શબ્દાદિ પંચવિષય તેમ જ માયિક પદાર્થ પ્રાપ્ત કરવાના વિનિયોગથી ભક્તિ કરે તે **'રાજસી ભક્તિયોગ'**માં કનિષ્ઠ; કીર્તિને અર્થે

કરે તે રાજસી ભક્તિયોગ મધ્યમ જાણવો; ને 'ઐશ્વર્ય' જે માયાનાં કાર્યમાં પ્રભુત્વ મેળવવા માટે ભક્તિ કરે તે ઉત્તમ રાજસી ભક્તિયોગ કહેવાય. હવે જે ભક્તજન અશુભ કર્મને નાશ કરવાના વિનિયોગથી ભક્તિ કરે, તે **'સાત્ત્વિક ભક્તિયોગ'**માં કનિષ્ઠ. શ્રીહરિ એવો હું, તે મારી પ્રસન્નતાની ઈચ્છા રાખીને યજ્ઞ-યાગાદિક જે જે શુભ કર્મ કરે, ને તે તે કર્મ મને સમર્પણ કરે, એ સાત્ત્વિક ભક્તિયોગ મધ્યમ જાણવો; અને શ્રીજીમહારાજનો દાસ હું છું, તેથી મારે મારા ઈષ્ટદેવ શ્રીજીમહારાજનું પૂજન-યજન કરવું જોઈએ, —એમ સમજીને જે ભક્તજન મારું તથા મારા એકાંતિક ભક્તોનું, ચંદન-પુષ્પ તથા અન્ન-જળ વસ્ત્રાદિકથી પૂજન કરે તે ઉત્તમ સાત્ત્વિક ભક્તિયોગ છે.

શ્રીજીમહારાજે આ અધ્યાયમાં ભક્તિયોગનું જે સ્વરૂપ સમજાવ્યું તેનું એ રહસ્ય છે કે, ભક્તના ભાવભેદને લીધે, શ્રવણાદિક નવ પ્રકારની પ્રત્યેક ભક્તિમાં નવ ભેદ પડે છે, તે નવ પ્રકારની ભક્તિના પ્રત્યેકના નવ નવ ભેદ મળીને એકાશી પ્રકારના ભેદ થાય છે. આવી રીતે **'સગુણ ભક્તિ'** એકાશી પ્રકારની છે; જ્યારે **'નિર્ગુણ'** એવી પ્રેમલક્ષણા ભક્તિ બ્યાશીમી છે.

શ્રીહરિએ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૩માં પણ આવી રીતે એકાશી પ્રકારની ભક્તિનું સ્વરૂપ, રૂડી રીતે સમજાવીને અંતે કહ્યું છેઃ—

**एकाशीतिः सन्ति भेदा भक्तेरित्यवगम्यताम्[७५] ।**
**भावभेदैस्तथा पुंसां भेदास्तस्याः सहस्त्रशः ॥ २७ ॥**

ભક્તિમાં એકાશી પ્રકારના ભેદ છે એમ જાણો. વળી ભક્તોની ભાવનાના ભેદથી ભક્તિમાં હજારો ભેદ થાય છે ૨૭.

હવે વસ્તુતાએ ઉત્તમોત્તમ જે પ્રેમલક્ષણા ભક્તિ, તે તો એક જ પ્રકારની છે. તેનું સ્વરૂપ એ જ અધ્યાયના શ્લો. ૭૧માં શ્રીહરિએ આ પ્રકારે સમજાવ્યું છેઃ—

**महिमानं परं ज्ञात्वा यो मे मां नैव विस्मरेत् ।**
**क्षणं चाप्यतुलस्नेहो भक्तिस्तस्योत्तमोत्तमाः ॥ २८ ॥**

અનુપમ સ્નેહવાળો મારો જે ભક્ત, મારો સર્વોત્તમ મહિમા જાણીને, મારું ક્ષણવાર પણ વિસ્મરણ કરતો નથી તેની ભક્તિ ઉત્તમમાં ઉત્તમ જાણવી ૨૮.

વળી એવી ભક્તિ સત્પુરુષના પ્રસંગથી જ ઉદય થાય છે. તે પણ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭માં એ જ અધ્યાયમાં સ્વયં શ્રીહરિએ કહ્યું છેઃ—

**वह्निर्यथार्कयोगेन सूर्यकान्ते प्रजायते[१५] ।**
**प्रसंगेन सतां तद्वद्भक्तिः पुंस्युपजायते ॥ २९ ॥**
**जायते चन्द्रयोगेन चन्द्रकान्ते यथा जलम्[१६] ।**
**सतां सम्बन्धतस्तद्वद्भक्तिरुत्पद्यते नरि ॥ ३० ॥**

સૂર્યના સંયોગથી જેમ સૂર્યકાંત મણિમાં અગ્નિ ઉત્પન્ન થાય છે, તેમ, સત્પુરુષોના પ્રસંગથી મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે ૨૯. જેમ ચંદ્રના યોગથી ચંદ્રકાંત મણિમાં જળ ઉત્પન્ન થાય છે, તે પ્રમાણે સત્પુરુષોના સંબંધથી મનુષ્યમાં ભક્તિ ઉત્પન્ન થાય છે ૩૦.

## ભક્તિમાર્ગમાં માનેલા અપરાધો

ભગવાનની ભક્તિ કરનારાં સ્ત્રી-પુરુષોએ, ભગવાનનો

અપરાધ કોઈ રીતે ન થાય, તેવી રીતે જ સર્વદા વર્તવું. હવે તે અપરાધો શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૫૨મા આ પ્રમાણે કહેલા છેઃ—

**यानेन वा पादुकाभ्यां गमनं भगवद्‌गृहे[१०] ।**
**जन्मोत्सवाद्यसेवा च ह्यप्रणामस्तदग्रतः ॥ ३१ ॥**
**उच्चासनारोहणं च भगवन्मन्दिरे तथा[११] ।**
**एकाकिन्या स्त्रिया साकं स्वस्यैकस्य क्षणस्थितिः ॥ ३२ ॥**
**उच्छिष्टे चैव वाऽशौचे भगवत्स्पर्शनादिकम्[१२] ।**
**एकहस्तेन नमनमपशब्देन भाषणम् ॥ ३३ ॥**
**पादप्रसारणं चाग्रे हरेः पर्यङ्कबन्धनम्[१३] ।**
**शयनं भक्षणं वापि मिथ्याभाषणमेव च ॥ ३४ ॥**

ભગવાનના મંદિરમાં વાહન ઉપર બેસીને કે પાદુકા ઉપર ચડીને જવાથી, ભગવાનના જન્મદિવસે, નિત્ય કરતાં ભગવાનની અધિક સેવા ન કરવાથી, ભગવાનની મૂર્તિ સમક્ષ નમસ્કાર ન કરવાથી, તેમની આગળ ઉચ્ચાસને બેસવાથી, ભગવાનના મંદિરમાં એકલી સ્ત્રીની સાથે ક્ષણપણ ઊભા રહેવાથી, એંઠા મોઢે અથવા અપવિત્રપણે ભગવાનનો સ્પર્શ કરવાથી, એક હાથ વડે ભગવાનને નમસ્કાર કરવાથી, ભગવાનની મૂર્તિ આગળ અપશબ્દ વડે ભાષણ કરવાથી, ભગવાનની આગળ પગ લાંબા કરીને તથા ઢીંચણ બાંધીને બેસવાથી, તેમની સમીપે શયન અથવા ભોજન કરવાથી, તેમ જ તેમની સન્નિધિમાં અસત્ય બોલવાથી (આ સર્વે, ભક્તિમાર્ગમાં અપરાધો માનેલા છે) ૩૧-૩૪. વળી શ્રીહરિ એ જ અધ્યાયમાં કહે છેઃ—

**उच्चैर्भाषा रोदनं च निग्रहः कलहस्तथा[१४] ।**
**स्त्रीणां निरीक्षणं स्पर्शस्ताभिश्च क्रूरभाषणम् ॥ ३५ ॥**
**शक्तौ गौणोपवासश्चाप्यनिवेदितभक्षणम्[१५] ।**
**अधोवायुसमुत्सर्गः प्रौढपादासनं तथा ॥ ३६ ॥**
**ग्राम्यवार्ताप्रसक्तिश्च स्वश्लाघाऽप्रङ्मुखासनम्[१६] ।**
**श्रीहरेर्नवधा भक्तावपराधा इमे मताः ॥ ३७ ॥**

ભગવાનની આગળ, મોટો ઘાંટો પાડવાથી તેમ જ ડૂસકે ડૂસકે રડવાથી, કોઈને મારવાથી અથવા કલહ કરવાથી, ભગવાનની મૂર્તિ આગળ સ્ત્રીઓને જોવાથી કે તેમનો સ્પર્શ કરવાથી, કોઈની સાથે ક્રૂરપણે ભાષણ કરવાથી, શક્તિ હોવા છતાં ગૌણ ઉપવાસ કરવાથી, ભગવાનને ધરાવ્યા વિના જમવાથી, 'વાછૂટ થવાથી' અર્થાત્ અધોવાયુનો સંચાર કરવાથી, ભગવાનની મૂર્તિ આગળ પગ ઉપર પગ ચઢાવીને બેસવાથી અથવા કાકાસનવત્ ઉભડક પગે બેસવાથી, ભગવાનના મંદિરમાં આસક્તિપૂર્વક ગ્રામ્યવાર્તા કરવાથી, પોતાનાં મુખે પોતાનાં વખાણ કરવાથી અને ભગવાનની મૂર્તિ આગળ મોં ફેરવીને-પૂંઠ કરીને બેસવાથી; અર્થાત્ પોતાના પૃષ્ઠભાગને ભગવાનને સન્મુખ રાખીને બેસવાથી, શ્રીહરિની ભક્તિમાં અપરાધો થાય છે ૩૫-૩૭.

**तस्मादेतान्प्रयत्नेन नैव कुर्यादनापदि[१७] ।**
**भगवत्प्रीतिकामस्तु विशेषेण तदर्चकः ॥ ३८ ॥**
**एतेष्वन्यतमे जाते त्वपराधे प्रमादतः[१८] ।**
**भक्तेनोपोषणं कार्यं दिनमेकं रमापतेः ॥ ३९ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. ૫૨)

ભગવાનની પ્રીતિ ઈચ્છનારા ભક્તે તો, એ હેતુ માટે

આપત્તિ સિવાય, એ અપરાધ જાણીને કરવા નહિ. અને દેવની સેવામાં રહેલા અર્ચકે તો, વિશેષપણે એવા અપરાધો ન કરવા. અને જો પ્રમાદથી એમાંનો એક પણ ભગવાનનો અપરાધ થઈ જાય તો, ભગવદ્‌ભક્તે એક દિવસ ઉપવાસ કરવો ૩૮-૩૯.

વળી કોઈ ભગવદ્‌ભક્તમાં, વિપરીત દોષ પરઠવો કે તેનો દ્રોહ થાય એવું આચરણ કરવું તેને પણ, વચનામૃતમાં શ્રીજીમહારાજે ભક્તિમાર્ગમાં સૌથી મોટું વિઘ્ન કહેલું છે, ને તે ભગવાનનો સૌથી મોટો અપરાધ છે. આ હેતુથી જ 'अन्य क्षेत्रे कृतं पापं...' એ શ્લોક, વચનામૃતમાં ત્રણ વખત મૂક્યો છે. માટે મુમુક્ષુઓએ એવા દોષો ઓળખી, તેનો ત્યાગ કરીને, કેવળ પોતાના મોક્ષને માટે જ નિષ્કામ એવી ભક્તિ કરવી. અને તે ભક્તિ પણ શ્રદ્ધાએ સહિત અને માન તથા ઈર્ષાએ રહિત કરવી. તે સ. ભૂ. અંશ. ૩, અ. ૧માં શ્રીહરિએ પોતે જ કહ્યું છેઃ–

**तिष्ठत्याश्रित्य रुडेर्ष्याऽन्यद्रोहो मत्सरश्च यम्**[૪૫] **।**
**भक्तस्याऽप्याऽऽसुरीभक्तिर्मानिनः कथिताऽऽगमे ॥ ४० ॥**

માનના આશ્રયે ક્રોધ, ઈર્ષા, દ્રોહ તથા મત્સર રહેલાં છે; માટે તેવો માનરૂપ દોષ, મારા આશ્રિતોએ ક્યારેય પણ રાખવો નહિ અને માની ભક્તની ભક્તિ પણ શાસ્ત્રમાં આસુરી કહેલી છે ૪૦. ઇતિ શ્લો. ૧૦૩.

## શિ૦ શ્લો૦ ૧૦૪

**वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।**
**ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ॥ १०४ ॥**

**અને શ્રીકૃષ્ણ ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો. અને જીવ, માયા અને ઈશ્વર તેમના સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ ૧૦૪.**

### વૈરાગ્યનું સ્વરૂપ

"**श्रीकृष्णेतरवस्तुषु**" "श्रीकृष्णात् = आनंदघनमूर्तेः अखिलाश्रितजनतापत्रयोपशमनप्रथितप्रतापात् परमैकान्तिक-मुक्तानादिमुक्ताधिपतेः श्रीकृष्णनामक श्रीसहजानंदस्वामिनः मत्तः इतर वस्तुषु ।"

શ્રીજીમહારાજનો અહીં આવો ગલિતાર્થ છે જે, હું આનંદઘન મૂર્તિ છું અને મારા સામર્થ્યે કરી, મારા સકળ આશ્રિતના ત્રિવિધ તાપને નિવૃત્ત કરીને મારો આનંદ આપું છું; ને પ્રોઢ-પ્રતાપી એવો હું, તે મુક્ત તથા નિત્યમુક્તનો સ્વામી છું; એવો શ્રી સહજાનંદ સ્વામી હું, તે આવો મારો મહિમા સમજીને, મારા વિના બીજી વસ્તુમાં 'અરુચિ' જે અભાવ –એ **'વૈરાગ્યનું સ્વરૂપ'** જાણવું.

### પરમ વૈરાગ્ય

"विगतो रागः विपरीतो वा, रागः = प्रीतिर्विरागः, स एव वैराग्यम् ।"

શ્રીજીમહારાજ કહે છેઃ ધર્મદેવનો પુત્ર જે હું, તે મારે વિષે જ માહાત્મ્યજ્ઞાને સહિત, ગાઢ સ્નેહના વશપણા થકી, દેહ ને દેહના સંબંધીમાં તથા પંચવિષયમાં, તેમ જ

પ્રકૃતિપુરુષના કાર્યમાં, જે જે વિષયભોગ સંબંધી સુખ છે તેમાં અરુચિ, એ **'વૈરાગ્ય'** કહેવાય છે. અને મહાપુરુષ, મહાકાળ, વાસુદેવબ્રહ્મ ને મૂર્તિમાન અક્ષરબ્રહ્મ તેમનાં ઐશ્વર્યનો જે આનંદ છે, તેમાં મહત્તા કે સારપ રહે નહિ —એ **'પરમ વૈરાગ્ય'** કહેવાય છે. આ પણ વૈરાગ્યનું સ્વરૂપ છે.

## વૈરાગ્યની ઉત્પત્તિનો હેતુ

ચાર પ્રકારના પ્રલયની જે રીત જાણવી તે વૈરાગ્ય ઊપજવાનો હેતુ છે. તે પ્રલયનું પૃથક્પૃથક્ સ્વરૂપ, સ. ભૂ. અંશ ૧, અ. ૩૭માં આ પ્રમાણે કર્યું છેઃ—

## (૧) નિત્યપ્રલયનું સ્વરૂપ

શ્રીહરિ પોતાનાં માતા પ્રત્યે કહે છેઃ કાળની સૂક્ષ્મ ગતિએ કરીને દેવ, દૈત્ય ને મનુષ્યાદિ સર્વ પ્રાણીની આયુષ્ય તથા સર્વ વસ્તુનો નિત્યપ્રત્યે અથવા પ્રતિક્ષણે નાશ થાય, એને **'નિત્યપ્રલય'** કહેવાય છે.

## (૨) નિમિત્તપ્રલયનું સ્વરૂપ

વૈરાજબ્રહ્માના એક દિવસમાં ચાર યુગની એક હજાર ચોકડી થાય છે અને જેવડો એનો દિવસ છે તેવડી જ એની રાત્રી છે; તે રાત્રી-દિવસ બે ય મળીને કલ્પ કહેવાય છે. આવી રીતે આઠ અબજ ને ચોસઠ કરોડ (૮,૬૪,૦૦,૦૦,૦૦૦) વર્ષે બ્રહ્માનો એક રાત્રી-દિવસ થાય છે. તેમાં વૈરાજબ્રહ્માની રાત્રી થાય છે ત્યારે પ્રથમ સો વર્ષ સુધી અનાવૃષ્ટિ રહે છે, તેણે કરીને સર્વે સ્થાવર-જંગમ પ્રાણીમાત્રનો નાશ થઈ જાય છે. પછી પ્રલયકાળના સૂર્યે કરીને તથા શેષનારાયણના મુખમાંથી પ્રકટ થયેલ અગ્નિએ કરીને, પૃથ્વી બળીને ભસ્મ થઈ જાય છે;

ત્યાર પછી સો વર્ષ સુધી અતિવૃષ્ટિ થાય છે, તેથી, પાતાળથી ધ્રુવપર્યંત જળે કરીને પૂર્ણ એકાર્ણવ થાય છે. આવી રીતે પાતાળથી આરંભીને સ્વર્ગ સુધી દસ લોકનો લય થાય છે —એને **'નિમિત્તપ્રલય'** કહે છે.

## (૩) પ્રાકૃતપ્રલયનું સ્વરૂપ

પ્રથમ જે વૈરાજપુરુષના દિવસ-રાત્રી કહ્યા, એવા ત્રીસ દિવસનો માસ, ને બાર માસનું વર્ષ; એવા સો વર્ષની વૈરાજપુરુષની આયુષ્ય-કહેતાં, અવધિ છે, તેના અંતે ચૌદ લોક તથા વિરાટદેહનો નાશ થાય છે. મહદાહિક જે ચોવીસ તત્ત્વ અને પ્રધાનપ્રકૃતિ તથા પુરુષ —એ સર્વે મહામાયાને વિષે લય પામે છે, એને પ્રાકૃતપ્રલય કહેવાય છે. તેમાં પ્રથમ સો વર્ષ સુધી, અનાવૃષ્ટિએ કરીને સર્વે પ્રાણીનો નાશ થાય છે. પછી પ્રલયકાળના સૂર્ય ને અગ્નિએ કરીને બ્રહ્માંડ બળીને રાખ થઈ જાય છે. પછી વાયુથી રાખ ઊડીને આકાશ ધૂમ્ર થઈ જાય છે. ત્યાર પછી પ્રલયકાળના મેઘ, સો વર્ષ સુધી વૃષ્ટિ કરે છે, ત્યારે જળે કરીને બ્રહ્માંડને ઠેકાણે જળનો એકાર્ણવ થઈ જાય છે.

હવે ચોવીસ તત્ત્વની લીનતા કહીએ છીએઃ 'આપઃ' જે જળ તે, પૃથ્વીના 'ગંધ' ગુણને ગ્રસે છે-નાશ કરે છે, ત્યારે 'ગંધ' ગુણે રહિત પૃથ્વી, જળમાં લીન થાય છે; એટલે જળના ભાવને પામે છે. અને તેજતત્ત્વ, જળના 'રસ' ગુણને ગ્રસે છે ત્યારે નિરસ જળ તેજમાં લીન થાય છે. અને વાયુ તેજના 'રૂપ' ગુણને ગ્રસે છે ત્યારે 'રૂપ' ગુણે રહિત તેજ, વાયુમાં લીન થાય છે. અને આકાશ વાયુના 'સ્પર્શ' ગુણને ગ્રસે છે ત્યારે વાયુ આકાશના ભાવને પામે છે. અને આકાશના 'શબ્દ' ગુણને તામસાહંકાર ગ્રસે છે ત્યારે આકાશ તામસાહંકારના

ભાવને પામે છે. અને દસ ઇંદ્રિયો, પ્રાણ ને બુદ્ધિ, તે તેજસાહંકારમાં લીન થાય છે; તથા ચૌદ ઇંદ્રિયોના દેવતા ને મન, તે સાત્ત્વિકાહંકારમાં લીન થાય છે. વળી મહત્તત્ત્વ અહંકારને લીન કરે છે. અને ત્રણ ગુણ મહત્તત્ત્વને લીન કરે છે. ત્રણ ગુણને અવ્યાકૃત જે પ્રધાનપ્રકૃતિ તે પોતામાં લીન કરે છે; તથા પ્રધાનપ્રકૃતિ પોતાના પતિ પુરુષમાં લીન થાય છે અને પ્રધાનપ્રકૃતિના પતિ પુરુષ, તે મહામાયામાં લીન થાય છે; કાળે કરીને આ મૂળમાયાનો પરિણામ થાતો નથી. પ્રાકૃતલયમાં શ્રીજીમહારાજની ઇચ્છાએ કરીને જીવો તથા ઈશ્વરો, મૂળ મહામાયામાં લીન રહે છે. આ **'પ્રાકૃતપ્રલય'** જાણવો.

## (૪) આત્યંતિકપ્રલયનું સ્વરૂપ

શ્રીજીમહારાજ કહે છેઃ 'જ્યારે મહામાયા, મહાપુરુષ અને મહાકાળપુરુષ —એ ત્રણેય મારી ઇચ્છાએ કરીને સાકાર અક્ષરના પ્રકાશમાં લીન રહે છે ત્યારે, અનંત મુક્તોએ સેવ્યો એવો સ્વામિનારાયણ ભગવાન હું, તે મારા પ્રકાશરૂપ ધામમાં સદા રહું છું.' આને **'આત્યંતિકપ્રલય'** અથવા **'મહાપ્રલય'** કહેવાય છે. આમાં વાસુદેવબ્રહ્મ અને મૂળઅક્ષરને અભેદપણે કહ્યા છે; પણ ગલિતાર્થ એ છે કે, મહામાયા, મહાપુરુષમાં લીન થઈને રહે છે અને મહાપુરુષ, પોતાના પાર્ષદો સાથે વાસુદેવને સમીપે રહે છે. વાસુદેવથી પર મૂળઅક્ષર છે. અને એ સાકાર મૂળઅક્ષરથી પર શ્રીજીમહારાજના તેજઃપુંજરૂપ અક્ષરધામ છે, તેમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના મુક્તોએ સેવ્યા થકા સદા વિરાજમાન છે. આ જે મહાપ્રલય કહ્યો તેને શ્રીજીમહારાજે જ્ઞાનપ્રલય કહ્યો છે.

તે ગ. પ્ર. પ્રકરણના ૨૪મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છેઃ– ''જ્ઞાનને વિષે સ્થિતિ થાય છે ત્યારે પ્રકૃતિપુરુષ ને પ્રકૃતિપુરુષનું જે કાર્ય, તે કાંઈએ નજરમાં આવતું નથી ને એનું નામ જ્ઞાનપ્રલય કહેવાય છે.''

અમદાવાદના બીજા વચનામૃતમાં વળી શ્રીહરિએ કહ્યું છેઃ– ''આત્યંતિકપ્રલય જે જ્ઞાનપ્રલય, તેમાં તો પ્રકૃતિપર્યંત સર્વે બ્રહ્મના પ્રકાશને વિષે લીન થઈ જાય છે.''

ગઢડા મધ્ય પ્ર.ના ૬૪મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ– ''શ્રીકૃષ્ણ ભગવાન તે અનંતકોટી બ્રહ્માંડના પતિ છે; તે બ્રહ્માંડોનો કાંઈ એક સામટો પ્રલય થાતો નથી; અને તેમાંથી એકાદા બ્રહ્માંડનો પ્રલય થાય, તે તો ભગવાનની ગણતીમાં પણ નથી... તે શ્રીકૃષ્ણ ભગવાનનું જે અક્ષરધામ તેને આશ્રિત જે અનંતકોટી બ્રહ્માંડ તે પણ સદાય રહે છે; તેમાંથી જે બ્રહ્માંડની સો વર્ષની આવરદા પૂરી થાય તે બ્રહ્માંડનો નાશ થાય, તેણે કરીને કાંઈ સર્વે બ્રહ્માંડનો નાશ થાતો નથી. માટે... **સર્વે બ્રહ્માંડ વસે જ છે.**'' –આવી રીતે જ્ઞાનપ્રલય, એને જ આત્યંતિકપ્રલય અથવા મહાપ્રલય કહેલ છે. પ્રાકૃતપ્રલયમાં એક પ્રધાનપુરુષ ને તેના કાર્યનો લય થાય છે; અને આત્યંતિકપ્રલયમાં તો અનંતકોટી પ્રધાનપુરુષે સહિત, એક મહામાયા ને એક મહાપુરુષનો લય થાય છે; બીજાં અનંતકોટી મહામાયા ને મહાપુરુષ રહે છે. એટલા માટે જ આ વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છે કે, ''સર્વે બ્રહ્માંડ વસે જ છે.'' આ **'આત્યંતિકપ્રલયનું સ્વરૂપ'** છે.

આવી રીતે કાળે કરીને સર્વત્ર કાળ-માયાનો ક્લેશ છે

અને શ્રીજીમહારાજની સમીપે અખંડ અવિચળ સુખ છે —આવી સમજણ એ જ વૈરાગ્યનો હેતુ તથા વૈરાગ્યનું સ્વરૂપ છે; ને આવી રીતે ચાર પ્રકારના પ્રલયનું સ્વરૂપ સમજવાથી વૈરાગ્ય ઉદય થાય છે.

## વૈરાગ્યનું ફળ

શ્રીજીમહારાજના સુખથી ઓરાં જે સમગ્ર સુખ-ઐશ્વર્ય તે પ્રાપ્ત થાય, પણ તેને ભોગવવાનો સંકલ્પ ન થાય તે **'વૈરાગ્યનું ફળ'** છે.

## જ્ઞાનનું સ્વરૂપ

શિક્ષાપત્રીના આ ૧૦૪મા શ્લોકના બીજા પાદમાં શ્રીહરિએ કહ્યું છેઃ—

**'ज्ञानं च जीवमायेशरूपाणां सुष्ठु वेदनम् ।'**

''જીવ, માયા ને ઈશ્વર તેમનાં સ્વરૂપને જે રૂડી રીતે જાણવું તેને જ્ઞાન કહીએ.'' એટલે કે જીવકોટી, માયાકોટી, ઈશ્વરકોટી, બ્રહ્મકોટી ને અક્ષરકોટી —તેમનાં સ્વરૂપ સમજવાં; તેમ જ એ સર્વેને, સુખ, સામર્થ્ય ને પ્રકાશના દાતા અને પરમ એકાંતિક તથા અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા અને સદા દિવ્યસાકાર મૂર્તિમાન એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તેમને જ ઈશ્વર-કૃષ્ણાદિ નામે શાસ્ત્રમાં કહ્યા છે તેમનું સ્વરૂપ સમજવું; તથા જેમાંથી મહત્તત્ત્વની ઉત્પત્તિ થાય છે અને પ્રધાનપુરુષ નામે ઈશ્વર, તેમનાં જે પત્ની છે એને પ્રધાનમાયા કહેવાય છે. વળી અનંતકોટી પ્રધાન ને પુરુષનાં જોડલાં જેમાંથી ઉત્પન્ન થાય છે

અને મહાપુરુષરૂપ ઈશ્વર, તેમનાં જે પત્ની છે એમને મહામાયા નામે, શ્રીહરિએ જ્ઞાનામૃત-સ. જી. પ્ર. ૪માં કહ્યાં છે; એમનાં સ્વરૂપ સમજવાં એનું નામ **'જ્ઞાન'** કહેવાય છે.

શ્રી સહજાનંદ સ્વામી, હરિકૃષ્ણલીલામૃત અ. ૯૧માં જ્ઞાનનું સ્વરૂપ આ પ્રકારે સમજાવે છે:—

**ज्ञानादिसाधनानां च पृथग्रूपं ब्रवीम्यहम्**[६३] ।
**जीवमायेश्वराश्चैव प्रकृतिपुरुषांतकाः** ॥ १ ॥
**प्रधानपुरुषौ वापि हिरण्यगर्भमक्षरम्**[६४] ।
**पुरुषोत्तमवैराजावेतेषां चैव लक्षणम्** ॥ २ ॥

હવે જ્ઞાનાદિ સાધનોનાં પૃથક્સ્વરૂપો અમે કહીએ છીએ; જીવ, માયા, બ્રહ્માદિક ઈશ્વર, વૈરાજ, પ્રકૃતિ, પુરુષ, કાળ, મહામાયા, મૂળપુરુષ, હિરણ્યગર્ભ, અક્ષર તથા પરબ્રહ્મ પુરુષોત્તમ, —એ સર્વેનાં લક્ષણો પૃથક્પૃથક્ જાણવાં, તેનું નામ **'જ્ઞાન'** કહેલું છે ૧-૨. ઇતિ શ્લો. ૧૦૪.

## શિ૦ શ્લો૦ ૧૦૫

(જીવનું સ્વરૂપ)

**हृत्स्थोऽणुसूक्ष्मश्चिद्रूपो ज्ञाता व्याप्याऽखिलां तनुम् ।**
**ज्ञानशक्त्या स्थितो जीवो ज्ञेयोऽच्छेद्यादिलक्षणः ॥ १०५ ॥**

**અને જે જીવ છે તે હૃદયને વિષે રહ્યો છે, ને અણુ સરખો સૂક્ષ્મ છે, ને ચૈતન્યરૂપ છે, ને જાણનારો છે. અને પોતાની જ્ઞાનશક્તિએ કરીને નખથી શિખા પર્યંત સમગ્ર પોતાના દેહ પ્રત્યે વ્યાપીને રહ્યો છે. અને અછેદ્ય, અભેદ્ય, અજર, અમર ઈત્યાદિક છે લક્ષણ જેનાં એવો જીવ છે એમ જાણવો ૧૦૫.**

## જીવને દેખવાનો ઉપાય વગેરે

તે જીવાત્મા શ્રીજીમહારાજનું ધ્યાન કરવાથી જ દેખાય છે પણ બીજા કોઈ ઉપાયથી દેખાતો નથી. તે સ. ભૂ. અંશ ૪, અ. ૬માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**साक्षात् यो भगवन्मूर्तेर्ध्यानैकालंबनं विना[३७] ।**
**दृष्टो न दृश्यतेऽप्यग्रेऽन्यत्कोटयुपायतोऽपि कैः ॥ १ ॥**
**स्वं सोऽस्म्यात्मेत्यहं मत्वा मूर्तिं ध्यायति मे यदा[३९] ।**
**मद्भक्तश्च स्वयं तस्य साक्षात्सा दृश्यतेऽस्मये! ॥ २ ॥**
**प्रकाशो बहुफोरस्य यस्यैवास्ति यथा तथा[३८] ।**
**यः क्वापि न पुमान् स्त्री न योऽनुबंध्यपि कस्य च ॥ ३ ॥**

સાક્ષાત્ ભગવાન જે હું, તે મારી મૂર્તિના ધ્યાનરૂપ એક અવલંબન વિના, બીજા કોટી ઉપાય કરવાથી પણ કોઈને આત્મા દેખાતો નથી, ને ભવિષ્યમાં પણ કોઈ દેખશે નહિ; મારા વચનમાં વર્તીને મારી પ્રત્યક્ષ મૂર્તિનું ધ્યાન કરવાથી જ, આત્મા તથા મારી મૂર્તિ દેખાય છે ૧. વળી શ્રીહરિ કહે છેઃ 'હે અસ્મયે' એટલે હે ગર્વ રહિત નવલબાઈ! જે મારો ભક્ત, હું આત્મા છું; આ પ્રકારે ત્રણ દેહ થકી પૃથક્, પોતાને આત્મારૂપ માનીને જ્યારે મારી મૂર્તિનું ધ્યાન કરે છે, ત્યારે મારું ધ્યાન કરનારા તે ભક્તને મારી મૂર્તિ દેખાય છે અને પોતે પોતાના આત્માને પણ દેખે છે ૨. જેવી રીતે બપોરિયાનો પ્રકાશ છે તેવો જ આત્માનો પણ પ્રકાશ છે. અને આ જીવાત્મા પુરુષ નથી; તેમ જ સ્ત્રી પણ નથી. અને તે કોઈનો સંબંધી પણ નથી ૩.

## જીવાત્મા નિરંશ છે તેની વિક્તિ

જીવાત્મા નિરંશ છે પણ કોઈનો અંશ નથી, એમ હરિગીતા-સ. જી. પ્ર. ૧, અ. ૩૪માં કહ્યું છે. વળી ગઢડા અંત્ય પ્રકરણના ૧૦મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ– ''જેમ ઈશ્વર અનાદિ છે તેમ માયા પણ અનાદિ છે, ને તે માયાને વિષે રહ્યા જે જીવ તે પણ અનાદિ છે; પણ જીવ, પરમેશ્વરના અંશ નથી; એ તો અનાદિના જીવ જ છે.''

## જીવને અંશ કહેવાનો હેતુ

ભગવદ્‌ગીતાના પંદરમા અધ્યાયમાં કહ્યું છેઃ–

**ममैवांशो जीवलोके जीवभूतः सनातनः[७] ।**
**मनः षष्ठानींद्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥ ४ ॥**

આ સંસારમાં મારા અંશભૂત એવા જે જીવ છે, તે પાંચ જ્ઞાન ઇંદ્રિયો ને છઠ્ઠું મન, તેને પોતપોતાના વિષયમાંથી પાછાં વાળીને નિયમમાં રાખે છે ૪. આમાં શ્રીકૃષ્ણ ભગવાને, જીવને પોતાનો અંશ કહ્યો છે પણ આ વાક્ય સર્વ જીવ પરત્વે નથી. ત્યારે શું? તો ભગવાનના 'ગુણ' તથા ધર્મ જ્ઞાન, વૈરાગ્યાદિ જેમાં આવ્યા હોય એવા એકાંતિક ભક્ત પરત્વે છે; એટલે વિષયજયરૂપ ભગવાનના ઐશ્વર્યનો અંશ પ્રાપ્ત કર્યો હોય એવા મુક્તજીવને અંશ કહ્યા છે. અને તે પણ અગ્નિમાંથી તણખા-વિસ્ફુલિંગ ઝરે તેમ નહિ, પરંતુ મુક્તો ભગવાનના ઐશ્વર્યાંશ છે, –એમ સમજવું.

ગઢડા મધ્ય પ્ર.ના ૮મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ– ''આપણે સર્વે ઇંદ્રિયોના દોર્યા દોરાતા નથી તો જો ભગવાનના અંશ છીએ.'' આમાં પણ ઇંદ્રિયોના દોર્યા ન દોરાય એવા

મુક્તોને જ શ્રીહરિએ પોતાના અંશભૂત કહ્યા છે. અને વાસ્તવિક તો, ભગવાન અખંડ ને અચ્યુત છે તે ચ્યવીને જીવ-ઈશ્વરરૂપે થાય નહિ, એમ પ્રથમ પ્રકરણના ૪૧મા વચનામૃતમાં કહ્યું છે. વળી જીવ તો અપરિમિત છે ને શિક્ષાપત્રીમાં એક વચનનો જે નિર્દેશ કર્યો છે, એ તો જીવની જાતિને અનુલક્ષીને સમજવું. આવી રીતે જીવનું સ્વરૂપ જાણવું.

## વૈરાજપુરુષરૂપ ઈશ્વરનું સ્વરૂપ

શ્રીહરિ આ સંબંધમાં કહે છેઃ—

**देहत्रये विराडादौ व्याप्योत्पत्तिस्थितिक्षयान् ।**
**करोति जगतां यस्तु सर्वज्ञो ज्ञेय ईश्वरः ॥ ५ ॥**

જે વિરાટાદિ ત્રણ દેહમાં વ્યાપીને, જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય કરે છે અને જે સર્વજ્ઞ છે, તેમને ઈશ્વર જાણવા ૫. આ વૈરાજપુરુષને ઈશ્વર કહ્યા છે.

## પ્રધાનપુરુષરૂપ ઈશ્વરનું સ્વરૂપ

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૮માં કહે છેઃ—

**अधिष्ठाता प्रधानस्य पुरुषो योऽक्षरोद्भवः[२२] ।**
**अनादिनिधनो देव ईश्वरेशः स उच्यते ॥ ६ ॥**

હવે પ્રધાનપ્રકૃતિના પતિ પુરુષ, જે અક્ષરસંજ્ઞિક મહાપુરુષ થકી ઉદ્ભવેલા છે, એ 'अनादिनिधनः' કહેતાં, આદિ-અંત રહિત જે દેવ છે, ને જે વૈરાજપુરુષરૂપ ઈશ્વરના પણ ઈશ્વર છે તેમને પ્રધાનપુરુષ કહેલા છે ૬.

## પ્રધાનપુરુષરૂપ ઈશ્વરનાં ત્રણ શરીર

વળી પ્રધાનપુરુષનાં ત્રણ શરીર કહ્યાં છે. તે કેવી રીતે તો,

શુદ્ધ ત્રણ ગુણ —તે ઈશ્વરનું અવ્યાકૃત શરીર કહેવાય છે. ત્રિવિધ અહંકાર ને મહત્તત્ત્વ —એ ઈશ્વરનું સૂત્રાત્મા શરીર કહેવાય છે; અને બ્રહ્માંડ —એ ઈશ્વરનું વિરાટ શરીર જાણવું. આ ત્રણ શરીર 'મહાવૈરાજ' કહેતાં, પ્રધાનપુરુષનાં છે અને એ ત્રણ શરીરને યોગે કરીને અનુક્રમે ઈશ્વર, હિરણ્યગર્ભ ને વૈરાજ —એ ત્રણ નામ પણ, પ્રધાનપુરુષરૂપ ઈશ્વરનાં કહેલાં છે.

## પ્રધાનપુરુષરૂપ ઈશ્વરનું અન્વય-વ્યતિરેકપણું

શ્રીહરિ વળી આ સંબંધમાં કહે છેઃ—

**योऽन्वयव्यतिरेकाभ्यां देहेष्वव्याकृतादिषु[२३] ।**
**ईश्वरब्रह्मविष्णवाख्या धत्ते चास्ते पृथक्ततः ॥ ७ ॥**
**सगुणब्रह्मसंज्ञोऽसौ सिसृक्षुः पुरुषो जगत्[२४] ।**
**कालं कर्म स्वभावं च प्राप्नोत्यादौ हरीच्छया ॥ ८ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. પ્રત અ. ૧૦૩)

જે પ્રધાનપુરુષરૂપ ઈશ્વર છે તે અન્વયસ્વરૂપે, અવ્યાકૃતાદિ ત્રણ શરીરમાં પ્રવેશ કરીને અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન ને સંકર્ષણરૂપે થાય છે. અને વ્યતિરેકરૂપે એ ત્રણ સ્વરૂપથી પૃથક્, પોતાના મહાવૈકુંઠ ધામમાં રહે છે; ને મહાવિષ્ણુ, ઈશ્વર તથા બ્રહ્મ નામે કહેવાય છે. (રામચંદ્રજી ભગવાન તથા ભૂમાપુરુષ નામે પણ તેમને જ કહ્યા છે) ૭. વળી પ્રધાનપુરુષરૂપ ઈશ્વર, તે સગુણબ્રહ્મ નામે કહેવાય છે અને એક બ્રહ્માંડના સૃષ્ટા છે; ને શ્રીહરિની ઇચ્છાથી પ્રથમ કાળ, કર્મ ને સ્વભાવના બંધનને પામતા જણાય છે ૮.

## વિશેષ અનુક્રમ

આ પ્રધાનપુરુષના ઉપરી મૂળપ્રકૃતિ ને મહાપુરુષ છે;

તેમના ઉપરી મહાકાળ છે; તેમના ઉપરી બદરીપતિ નારાયણ છે; તેમના ઉપરી શ્વેતદ્વીપવાસી વાસુદેવ છે; તેમના ઉપરી મૂર્તિમાન મૂળ અક્ષર છે —આ સર્વેની કોટીઓ છે. આ અક્ષરકોટીથી પર ભગવાનનું અક્ષરધામ છે તેમાં, પરમ એકાંતિક મુક્તનાં મંડળોએ સેવ્યા એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ વિરાજમાન છે; અને અતિ સ્નેહવાળા અનાદિમુક્તને પોતાની મૂર્તિમાં રાખીને મૂર્તિના આનંદનો અનુભવ કરાવે છે. આનો વિસ્તાર વચનામૃત તથા સત્સંગિજીવન આદિ ગ્રંથો થકી જાણવો. ઈતિ શ્લો. ૧૦૫.

## શિ૦ શ્લો૦ ૧૦૬

(માયાનું સ્વરૂપ)

**त्रिगुणात्मा तमः कृष्णशक्तिर्देहतदीययोः ।**
**जीवस्य चाहंममताहेतुर्मायावगम्यताम् ॥ १०६ ॥**

**અને જે માયા છે તે ત્રિગુણાત્મિકા છે ને અંધકારરૂપ છે, ને શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે અને આ જીવને, દેહ તથા દેહના જે સંબંધી, તેમને વિષે અહંમમત્વની કરાવનારી છે —એમ માયાને જાણવી ૧૦૬.**

### સત્ત્વગુણના ૧૦ ગુણો

આ શ્લોકમાં શ્રીજીમહારાજે માયાને 'ત્રિગુણાત્મિકા' કહી છે. માયાના સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણ છે; તેનાં લક્ષણ, સિદ્ધમુક્ત શતાનંદમુનિએ 'શિક્ષાપત્રી-અર્થદીપિકા ટીકા'માં કહેલાં છે. તેમાંથી પ્રથમ સત્ત્વગુણના દશ ગુણો આ પ્રમાણે છેઃ—

**आनंदश्च तपः शान्तिः प्राकाश्यं पुण्यशीलता ।**
**संतोषः श्रद्दधानत्वमार्जवं त्यागशीलता ।**
**ऐश्वर्यं चेति सत्त्वस्य गुणा दश निसर्गजाः ॥ १ ॥**

**'આનંદ'** = મનુષ્યના હૃદયમાં સત્ત્વગુણ વર્તે ત્યારે તેની વૃત્તિ ભગવાનની મૂર્તિમાં સ્થિર થઈને રહે, તે રૂપી આનંદ વર્તે[૧]. **'તપ'** = વિહિતભોગનો સંકોચ રાખવો તે[૨]. **'શાંતિ'** = વિષયભોગમાંથી ઇંદ્રિયો પાછાં વળે તે[૩]. **'પ્રાકાશ્ય'** = હૃદયમાં મૂર્તિનું જાણપણું રહે તે[૪]. **'પુણ્યશીલતા'** = ભક્તિ તથા સેવા કરવામાં સ્વાભાવિક રૂચિ વર્તે[૫]. **'સંતોષ'**=વિષયની તૃષ્ણાએ રહિતપણું[૬]. **'શ્રદ્ધા'** = સત્પુરુષ તથા સચ્છાસ્ત્રના વચનમાં વિશ્વાસ[૭]. **'આર્જવ'** = સરળતા અથવા સારો સ્વભાવ રાખવો[૮]. **'ત્યાગશીલતા'** = અનુચિત વસ્તુનો સંગ્રહ ન કરવો[૯]. અને **'ઐશ્વર્ય'** = કામક્રોધાદિ અંતઃશત્રુ જીતવાનું પરાક્રમ[૧૦]. —આ દશ ગુણ, સત્ત્વગુણી પુરુષોમાં તથા સ્ત્રીઓમાં સ્વાભાવિક વર્તે છે ૧.

## રજોગુણના ૯ ગુણો

**अस्थिरत्वमकार्पण्यं सुखदुःखोपसेवनम् ।**
**भेदः पुरुषता चैव कामो नानामदस्तथा ।**
**मत्सरश्चातिवादश्च नवैते रजसो गुणाः ॥ २ ॥**

'અસ્થિરપણું' એટલે, ભગવાનની કથા-વાર્તા-ધ્યાન-ભજનમાં ટકી શકાય નહિ[૧]. 'અકૃપણતા' એટલે, માને કરીને, કે કીર્તિકારણે દ્રવ્યનો વ્યય કરે[૨]. વિષયસુખ ભોગવતાં દુઃખ આવે તેને સહન કરે પણ વિષયમાંથી પાછું વળાય નહિ[૩]. સંપ

ન રહેવા દેવો[૪]. પોતાની મોટાઈ બતાવવી[૫]. 'કામ' કહેતાં વિષયભોગની ઇચ્છા[૬]. દ્રવ્ય-વિદ્યા વગેરેનો મદ[૭]. મત્સર[૮] ને અતિવાદ[૯] —આ રજોગુણના નવ ગુણ સ્વાભાવિક છે; તે રજોગુણી સ્ત્રી-પુરુષોમાં પ્રવેશ કરીને વર્તે છે ૨.

## તમોગુણના ૮ ગુણો

**तमो मोहो महामोहस्तामिस्त्रश्चान्ध पंचमः ।**
**निद्राप्रमाद आलस्यमित्यष्टौ तमसो गुणाः ॥ ३ ॥**

તમ[૧], મોહ[૨], મહામોહ[૩], તામિસ્ર[૪] ને અંધતામિસ્ર[૫] — આ પાંચ તમોગુણના ગુણ છે; તે હવે પછીના શ્લોકમાં, અવિદ્યાનાં જે લક્ષણ કહ્યાં છે તેમાં આવી જાય છે. તથા નિદ્રા[૬] અને 'પ્રમાદ' એટલે અસાવધાનતા; અર્થાત્ ન કરવાનું થાય ને કરવાનું હોય તે ન થાય[૭] ને આળસ[૮]—આ તમોગુણના આઠ ગુણો જાણવા. તે ગુણો તમોગુણી સ્ત્રી-પુરુષોમાં સ્વાભાવિક રીતે હોય છે ૩.

## અવિદ્યાનાં લક્ષણ

શ્રીહરિ, સ. જી. પ્ર. ૩, અ. ૨૪માં કહે છેઃ—

**तमो मोहो महामोहस्तामिस्त्रं च तुरीयकम्[१५] ।**
**पंचमं त्वंधतामिस्त्रमविद्यापर्व कीर्त्यते ॥ ४ ॥**

તમ, મોહ, મહામોહ, ચોથું તામિસ્ર ને પાંચમું અંધ-તામિસ્ર —આ પાંચ અવિદ્યાનાં પર્વ કહેવાય છે ૪. તેનાં લક્ષણો વિષ્ણુપુરાણમાં આ પ્રમાણે કહ્યાં છેઃ—

**तमोऽविवेको मोहः स्यादंतःकरणविभ्रमः ।**
**महामोहस्तु विज्ञेयो ग्राम्यभोगसुखेषणा ॥ ५ ॥**

**मरणं ह्यंधतामिस्त्रस्तामिस्त्रं क्रोध उच्यते ।**
**अविद्या पंचपर्वैषा प्रादुर्भूता महात्मनः ॥ ६ ॥**

**'તમ'** એટલે સ્વરૂપ-અપ્રકાશ, કહેતાં, પોતાના સ્વરૂપનું વિવેક રહિતપણું[૧]. **'મોહ'** = વિપરીત જ્ઞાન; અર્થાત્ દેહ આદિમાં અહંબુદ્ધિ[૨]. **'મહામોહ'** = પ્રાકૃત વિષયભોગની તૃષ્ણા[૩]. **'તામિસ્ર'** એટલે ક્રોધ[૪] અને **'અંધતામિસ્ર'** કહેતાં, વિષય નાશ પામે તો, 'अहमेव मृतः' હું જ મૃત્યુ પામ્યો એવું માની લઈને દુઃખી થવું તે[૫]. —આ પાંચ અવિદ્યાનાં પર્વ કહેવાય છે અને તે વૈરાટનારાયણ થકી ઉદ્ભવેલાં છે ૫-૬.

## વિદ્યા-અવિદ્યાનું ફળ

આ સંબંધમાં શ્રી. ભા. સ્કં. ૧૧, અ. ૧૧માં, ઉદ્ધવજી પ્રત્યે શ્રીકૃષ્ણ ભગવાનનું આ પ્રકારનું વચન છેઃ—

**विद्याविद्ये मम तनू विद्ध्युद्धव! शरीरिणाम्[३] ।**
**मोक्षबंधकरी आद्ये मायया मे विनिर्मिते ॥ ७ ॥**

હે ઉદ્ધવ! વિદ્યા તથા અવિદ્યા મારા શરીરભૂત છે અને મારી માયાથી-મારા સંકલ્પથી નિર્માણ થયેલી ને આદિભૂત છે. તે વિદ્યા ને અવિદ્યા, દેહધારીઓને બંધમોક્ષ કરનારી છે; અર્થાત્ વિદ્યાશક્તિ મોક્ષ કરનારી છે અને અવિદ્યાશક્તિ બંધન કરનારી છે ૭.

## પ્રધાનમાયા તથા મહામાયાનું મિશ્રિત સ્વરૂપ

શિક્ષાપત્રીના મૂળશ્લોકમાં 'तमः' એવું પદ છે, એટલે માયા છે તે જીવાત્માને, પરમાત્માના સ્વરૂપ સંબંધી અજ્ઞાન અને વિષયને વિષે આસક્તિરૂપ અજ્ઞાન, તેણે કરીને આવરણ

કરનારી છે અને 'कृष्णशक्तिः' એટલે મહાપુરુષરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની શક્તિ છે; અર્થાત્ જગતની ઉત્પત્તિ આદિ કાર્ય કરવાને વિષે, કારણપણે અંગીકાર કરેલી છે; ને મહામાયારૂપે, મહાપુરુષરૂપ શ્રીકૃષ્ણ ભગવાનની સેવામાં રહે છે. અને જીવોને તથા 'च' શબ્દથી બ્રહ્માંડાભિમાની ઈશ્વરોને અહંમમતાની હેતુ છે. આ પ્રધાનમાયા ને મહામાયાનું મિશ્રિત સ્વરૂપ જાણવું.

## મહામાયાનું સ્વરૂપ

શ્રીહરિ, સ. ભૂ. અંશ ૧, અ. ૩૭માં પોતાનાં માતા પ્રત્યે કહે છેઃ—

**नित्यमनाद्यनंतं यद् यच्चाव्ययं तमोभिधम्**[३२] **।**
**यच्चास्ति पुंप्रधानानामनेकानां च कारणम् ॥ ८ ॥**

નિત્ય, અનાદિ ને અનંત છે; તથા જે 'અવ્યય' કહેતાં, કોઈ દિવસ વિકાર પામતી નથી, ને 'તમ' એટલે અનાદિ-અજ્ઞાન —એવા નામે કહેવાય છે; અને જે અનેકકોટી પ્રધાન તેમ જ પુરુષ તેમનું કારણ છે, એવું **'મહામાયાનું સ્વરૂપ'** છે ૮. વળી સ. જી. પ્ર. ૪ —જ્ઞાનોપદેશમાં પણ, મહામાયાને મહાપુરુષનું સ્વરૂપ સવિસ્તર કહેલું છે તો, તે ત્યાં થકી જાણવું.

## મહાકાળનું સ્વરૂપ

હવે પ્રસંગને લઈને મહાકાળનું સ્વરૂપ કહે છેઃ તે વિષે, સ. ભૂ. અં. ૧, અ. ૩૯માં, પોતાનાં માતા ભક્તિદેવી પ્રત્યે શ્રીજીમહારાજનું આ પ્રકારનું વચન છેઃ—

**कालस्याप्युग्ररूपस्य स्वरूपं ते परं त्वितः[३७] ।**
**यथाशास्त्रे स्थितं साध्वि वच्म्यहं पुरुषोत्तमः ॥ ९ ॥**
**रूपं भगवतः सर्वनियंतृ ब्रह्मणो मम[३८] ।**
**वासुदेवस्य दिव्यं च प्रेरकं पुंप्रघानयोः ॥ १० ॥**
**तद्वच्च लयविक्षेपशून्यं कर्मविचेष्टितम्[३९] ।**
**रूपभेदाश्रयं दैवं कालश्चेति प्रसूच्यते ॥ ११ ॥**

હે સાધ્વી! પૂર્ણ પુરુષોત્તમ ભગવાન એવો હું, તે મેં તમને માયાનું સ્વરૂપ કહ્યું. હવે ભયંકર એવો મહાકાળ તેનું સ્વરૂપ, જેવું શાસ્ત્રમાં કહ્યું છે તેવું તમને કહું છું ૯. મહાકાળ છે તે વાસુદેવબ્રહ્મરૂપ ને સમર્થ એવો હું, તે મારું રૂપ છે; અર્થાત્ મારી શક્તિરૂપ છે, તથા મારે આધીન રહીને સર્વનું નિયમન કરે છે. વળી એ દિવ્યરૂપ છે ને પ્રકૃતિપુરુષનો પ્રેરક છે ૧૦. પ્રકૃતિપુરુષની માફક લય તથા વિક્ષેપે રહિત એની સર્વે ક્રિયાઓ છે; નાના પ્રકારના રૂપના આશ્રયરૂપ છે; અને 'दैवम्' કહેતાં, સમર્થ એવો મહાકાળ છે —એમ કાળનું સ્વરૂપ જાણવું ૧૧. તેમ જ લોયાના ૧૭મા વચનામૃતમાં —'જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે, અક્ષર છે' એમ કહ્યું છે. માટે કાળ આદિ શ્રીજીની શક્તિઓ છે.

## મૂર્તિમાન અક્ષરબ્રહ્મનું સ્વરૂપ

અનાદિમુક્ત સદ્. મુક્તાનંદ સ્વામી, સ. જી. પ્ર. ૧, અ. ૫૧માં અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજાવતાં કહે છેઃ—

**सत्यं ज्ञानमनंतं च पूर्णं चाखंडमक्षरम्[३२] ।**
**धाम यद्वासुदेवस्य मूर्तं चामूर्तमुच्यते ॥ १२ ॥**
**शुद्धं नित्यं चाविकारि मायादीनां प्रकाशकम्[३३] ।**
**तद्ब्रह्मेति विजानीहि सर्वाधारतया मतम् ॥ १३ ॥**

અક્ષરબ્રહ્મ તે, સત્ય, જ્ઞાન, અનંત, પૂર્ણ ને અખંડ છે. આ અક્ષર, વાસુદેવ ભગવાન એવો હું, તે મારા ધામરૂપે અમૂર્ત છે અને બીજા સ્વરૂપે મૂર્તિમાન થકા વાસુદેવ એવો હું તે મારી સેવામાં રહ્યું છે ૧૨. તે બ્રહ્મ, શુદ્ધ, નિત્ય, અવિકારી ને માયાદિનું પ્રકાશક તેમ જ સર્વાધાર છે —એમ તમે જાણો ૧૩. આ શ્લોકમાં 'મૂર્ત-મૂર્તિમાન જે અક્ષર કહ્યા તે સાકાર જાણવા. ગઢડા પ્રથમ પ્રકરણના ૭માં, ૬૩માં તથા સારંગપુર ૧૭ —એ આદિ વચનામૃતમાં તે સાકાર-મૂર્તિમાન અક્ષરબ્રહ્મનું સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે.

## તેજરૂપ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ

હવે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ પોતાના તેજઃપુંજરૂપ અક્ષરબ્રહ્મનું સ્વરૂપ, હરિવાક્યસુધાસિંધુ તરંગ ૪૫માં આ પ્રમાણે કહ્યું છેઃ—

**सच्चिदानंदरूपं यत्पूर्णं ब्रह्मास्ति सर्वतः[७] ।**
**तेजस्तस्यैव तज्ज्ञेयं निराकारमनावृतम् ॥ १४ ॥**

સત્, ચિત્ ને આનંદરૂપ, સર્વત્રપૂર્ણ, નિરાકાર તેમ જ આવરણે રહિત એવું જે બ્રહ્મ તે, 'ભગવાનનું' અર્થાત્ પ્રકટ શ્રી હરિકૃષ્ણ મહારાજનું તેજ છે ૧૪. વળી એ જ ગ્રંથના તરંગ ૧૨૭માં પણ કહ્યું છેઃ—

**सच्चिदानंदरूपं यद्ब्रह्म निर्गुणमक्षरम्[११] ।**
**अंगप्रकाशस्तत्त्वस्य धाम चेत्युक्तमस्ति हि ॥ १५ ॥**

સત્, ચિત્ ને આનંદરૂપ, ને નિર્ગુણ એવું જે અક્ષરબ્રહ્મ, તે તો આ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન અમે, તે અમારા અંગનો પ્રકાશ છે; તેને જ ધામ નામે કહેલું છે ૧૫.

વળી ગઢડા પ્રથમ પ્ર.ના ૪૫માં, ૬૬માં તથા ગઢડા મધ્ય પ્ર.ના ૧૩માં, તેમ જ લોયાના ૧૪ —એ આદિ વચનામૃતમાં શ્રીજીમહારાજના પ્રકાશપુંજને જ અક્ષર તથા અક્ષરધામ નામે કહ્યું છે.

## કાળ-માયાથી દેહનું નાશવંતપણું

શ્રીજીમહારાજ, સ. ભૂ. અં. ૪, અ. ૨૩માં પોતાના ભક્તજનો પ્રત્યે કહે છેઃ—

**देहोऽयं पंचभूतानां मिलितांशैर्हि चानघाः[૬] ।**
**जातोऽस्ति क्रमतो यत्र बाल्यादि त्रयमीक्ष्यते ॥ १६ ॥**
**मज्जा मेदः शिरा स्नायुस्त्वगस्थ्यंत्राणि तिष्ठति[૭] ।**
**वर्चस्कं रुधिरं मूत्रं श्लेष्मा यत्रात्र चामिषम् ॥ १७ ॥**
**सोऽयं मेऽब्दशतां तेऽद्य तदंतर्यत्र कुत्र वा[૮] ।**
**अनिवार्येण देहो हि नंक्ष्यति कालरंहसा ॥ १८ ॥**

'અનઘાઃ' કહેતાં પાપ રહિત એવા હે ભક્તજનો! આ દેહ છે તે પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ —એ પંચભૂતના મળેલા જે વિભાગ તેણે કરીને થયો છે. અને દેહને વિષે અનુક્રમે બાળ, યૌવન ને વૃદ્ધપણું —એ ત્રણ અવસ્થાઓ દેખાય છે ૧૬. વળી નાની-મોટી નાડીઓ, આંતરડાં ને અસ્થિ તેણે કરીને આ દેહ બંધાયેલો છે, ચર્મે કરીને મઢ્યો છે, ને લોહી તથા માંસથી સારા જેવો દેખાય છે. વળી જેમાં મળમૂત્ર, કફ ને મજ્જા-મેદ રહ્યાં છે —એવો અપવિત્ર છે ૧૭. તે આ દેહ, સો વર્ષને અંતે, વા આ ઘડીમાં, વા સો વર્ષ મધ્યે ગમે તે દિવસે પણ, અનિર્વાય એવા કાળના વેગે કરીને નાશ પામવાનો છે ૧૮.

શ્રીહરિ વળી કહે છેઃ—

**दृष्ट्वागतां जरां यूयमिमां दंतविपाटिनीम्[१४] ।**
**दोर्दंडग्राहिणीं कालकन्यां गदप्रवर्तिनीम् ॥ १९ ॥**
**जहीत सद्धियोऽन्याश्च नानाऽऽशां संसृतिप्रदाः[१५] ।**
**संरक्ष्य स्वांतरे विश्वंभरस्यैकां ममैव ताः ॥ २० ॥**

(સ. ભૂ. અં. ૪, અ. ૨૩)

હે ભક્તજનો! તમે પ્રાપ્ત થઈ એવી આ વૃદ્ધાવસ્થાને જુઓ, કે જે વૃદ્ધાવસ્થામાં દાંત પડી જાય છે; દેહમાં અનેક રોગની પ્રવૃત્તિ થાય છે; અશક્તિના કારણે લાકડીને ટેકે ચલાય છે. આ બધાં ચિહ્ન દેહના મૃત્યુકાળના સમીપપણાને જણાવે છે ૧૯. માટે હે રૂડી બુદ્ધિવાળા ભક્તજનો! વિશ્વંભર એવો હું, તે એક મારી જ આશા અંતરમાં રાખીને બીજી, જન્મ-મરણને પમાડનારી નાના પ્રકારની વિષયની વાસનાનો તમારે ત્યાગ કરી દેવો ૨૦.

## આત્માનું અચળપણું

હવે આત્મા અચળ છે એમ શ્રીહરિ જણાવે છેઃ—

**प्राकृतं दृश्यतेऽप्यन्यत् किं यत्कार्यं ततोऽप्यदः[१] ।**
**तत्ततो व्यतिरेकोऽयमात्मा ज्ञाताऽचलस्तु मे ॥ २१ ॥**
**ज्ञानकर्मेंद्रियाणां चान्तःकरणस्य प्रकाशकः[१०] ।**
**न नश्येदेव चिद्रूपोऽव्ययत्वात्क्वापि तस्य यत् ॥ २२ ॥**

(સ. ભૂ. અં. ૪, અ. ૨૩)

વળી તે આત્મા થકી અન્ય, જે કાંઈ પ્રકૃતિનું કાર્ય દેખાય છે તે, અને આ બ્રહ્માંડ તે પણ નાશ પામશે. પરંતુ એ થકી પૃથક્, આ મારો આત્મા છે તે અચળ છે; અને જ્ઞાનેન્દ્રિયો,

કર્મેન્દ્રિયો તેમ જ અંતઃકરણ તેનો પ્રકાશક ને જ્ઞાતા છે, તથા ચૈતન્યરૂપ ને અવિકારી છે માટે તેનો નાશ ક્યારેય થતો નથી ૨૧-૨૨.

## આત્માનો બ્રહ્મભાવ તથા દાસપણું

હવે પોતાના આત્માને અક્ષરબ્રહ્મરૂપ માનવો ને ભગવાનને વિષે દાસપણું રાખવું, એમ શ્રીહરિ જણાવે છેઃ–

**सोऽहं यत्सच्चिदानंदं पूर्णं सर्वत्र चाक्षरम्[११] ।**
**आत्मा ब्रह्मास्म्यनंतं तच्छुच्यस्ति वेदवर्णितम् ॥ २३ ॥**
**तस्यात्मनोऽस्य दासोऽहं कृष्णस्य परमात्मनः[१३] ।**
**अनन्यो ब्रह्मणोऽपीत्थं प्रेमवती सुतस्य हि ॥ २४ ॥**

(સ. ભૂ. અં. ૪, અ. ૨૩)

એવો આત્મા જે હું તે, સચ્ચિદાનંદરૂપ ને 'સર્વત્રપૂર્ણ' એટલે વેદોક્ત મૂર્તિમાન અક્ષરાદિકમાં વ્યાપક, તથા 'શુદ્ધ' જે પરાન્વય રહિત ને 'અનંત' કહેતાં, જેનો પાર પામી શકાય નહિ એવું જે, શ્રીહરિજીના તેજઃપુંજરૂપ અક્ષરબ્રહ્મ છે તે રૂપ છું ૨૩. અને તે બ્રહ્મના પણ આત્મા, આધાર ને પ્રેમવતી-ભક્તિદેવીના પુત્ર, એવા આ પ્રકટ 'કૃષ્ણ' જે શ્રી હરિકૃષ્ણ તેમનો 'અનન્ય' કહેતાં એકાંતિક હું દાસ છું ૨૪.

## ભક્તિ અને આશીર્વાદ

શ્રીજીમહારાજ હવે આ સંબંધમાં કહે છેઃ–

**सद्व्रताः स्वे विचारं वः कृत्वा मनसि सान्वहम्[१३] ।**
**भक्तिर्नवविधा कार्या श्रवणाग्या न मेऽन्यथा ॥ २५ ॥**

**सदा मां स्मरतां क्वापि भवतां परमेश्वरम्[१६] ।**
**दुस्तरः कालवेगोऽपि नैव कुर्यात्पराभवम् ॥ २६ ॥**

(સ. ભૂ. અં. ૪, અ. ૨૩)

હે સારાં વ્રતવાળા ભક્તજનો! તમારે આવી રીતે પોતાના મનમાં વિચાર કરીને ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે સહિત, શ્રવણાદિ નવ પ્રકારની એકાંતિકી મારી ભક્તિ નિત્યે કરવી; પરંતુ બીજા પ્રકારે ન કરવી ૨૫. હવે શ્રીજીમહારાજ, ભક્તિના ફળરૂપ આશીર્વાદ આપે છેઃ હે ભક્તજનો! પ્રકટ પ્રભુ એવો હું, તે મને સદાય સંભારતા એવા તમે, તે તમને દુસ્તર એવો કાળનો વેગ પણ પરાભવ નહિ કરે; અર્થાત્ મારા ધામમાં મારી મૂર્તિનું અવિચળ સુખ તમે પામશો ૨૬.

આવી રીતે પ્રસંગને લઈને માયા, મહામાયા, મહાકાળ ને મૂર્ત-અમૂર્ત અક્ષરબ્રહ્મ, એ સર્વેનાં સ્વરૂપ; તથા દેહનું નાશવંતપણું ને આત્માનું અવિનાશીપણું, તેમ જ આત્માને બ્રહ્મરૂપ માનવો તે રૂપ અવિચળપણું કહ્યું. ઈતિ શ્લો. ૧૦૬.

## શિ૦ શ્લો૦ ૧૦૭

### (ઈશ્વરનું સ્વરૂપ)

**हृदये जीववज्जीवे योऽन्तर्यामितया स्थितः ।**
**ज्ञेयः स्वतन्त्र ईशोऽसौ सर्वकर्मफलप्रदः ॥ १०७ ॥**

**અને જે ઈશ્વર છે તે જે તે, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે, તેમ તે જીવને વિષે અંતર્યામીપણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે, ને સર્વ જીવને કર્મફળના આપનારા છે —એમ ઈશ્વરને જાણવા ૧૦૭.**

## શ્રીહરિના સ્વરૂપનું વર્ણન

સર્વથી પર એવો શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના તેજનો સમૂહ છે. એવા અક્ષરધામને વિષે સદા વિરાજમાન, દિવ્યમૂર્તિમાન ને પરમ એકાંતિક તથા અનાદિમુક્ત જેમનાં ચરણની સેવામાં નિરંતર તત્પર રહે છે, —એવા પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન, તે પોતે જ પરમ કૃપા કરીને જીવોનો પરમ મોક્ષ કરવાને અર્થે, છપૈયાપુરને વિષે ધર્મદેવના ગૃહે પ્રકટ થઈ, પ્રેમવતી માતાના પુત્ર કહેવાયા. વળી જેમને આચાર્યપદ પ્રાપ્ત કરાવ્યું છે એવા આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ ને આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ; તથા જેમને પરમહંસ દીક્ષા પ્રાપ્ત કરાવી છે એવા મુક્તાનંદમુનિ, બ્રહ્માનંદમુનિ, ગોપાળાનંદમુનિ, ગુણાતીતાનંદમુનિ આદિ અનંત સંતસ્વરૂપ અનાદિમુક્ત; તથા અનાદિમુક્ત એવા પર્વતભાઈ, દાદાખાચર, ઝીણાભાઈ, મયારામભટ્ટ આદિ ગૃહસ્થ હરિભક્તો; તેમ જ જયા, લલિતા, રમા આદિ બ્રહ્મનિષ્ઠ બાઈઓ તેમણે, જેમનાં ચરણયુગલ સપ્રેમભક્તિએ કરીને ઉપાસના કરાય છે એવા, ને અંગને વિષે મૃદુઘન-સૂક્ષ્મ-શ્વેત વસ્ત્રને ધારી રહ્યા છે, અને ઉત્તમ પુષ્પના હાર-તોરાથી શોભાયમાન એવા, તેમ જ મસ્તકને વિષે પટમુકુટને ધરી રહેલા ને અતિશય ક્ષમા, દયા, મૃદુલભાષણ-વગેરે ગુણો વડે, અપાર ઐશ્વર્યે યુક્ત એવું પોતાનું પૂર્ણ પુરુષોત્તમ ભગવાનપણું, તેને ગુપ્ત રાખીને નરનાટકને શોભાડતા, એવા અનાદિ કૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તે, મનુષ્યલીલાને

કરતા થકા, શિક્ષાપત્રીના આ ૧૦૭મા શ્લોકથી આરંભી ૧૧૨ સુધીના છ શ્લોકે કરીને પોતાના પ્રત્યક્ષ સ્વરૂપને પરોક્ષપણે કરીને કહે છે.

## જીવને વિષે ઈશ્વરનું અંતર્યામીપણું

'ઈશ્વર છે, તે જીવને વિષે અંતર્યામીપણે રહ્યા છે' —એમ આ શ્લોકમાં કહ્યું. અહીં જીવ શબ્દથી જીવકોટીને જેમ જાણવી તેમ જ ઈશ્વરકોટીને પણ જાણવી. અને જેમ જીવકોટીને વિષે ને ઈશ્વરકોટીને વિષે પરબ્રહ્મ, અંતર્યામીપણે રહ્યા છે, તેમ જ બ્રહ્મકોટી ને અક્ષરકોટીને વિષે પણ ભગવાન અંતર્યામીપણે રહ્યા છે અને પરબ્રહ્મ એવા પોતાને જ અહીં ઈશ્વર નામે કહ્યા છે.

## શ્રીહરિનું અક્ષરથી તૃણપર્યંત રહેવાપણું

શ્રીહરિ, સ. ભૂ. અં. ૨, અ. ૫૮માં કહે છેઃ—

**सर्वेषां कारणत्वेनांतर्यामित्वेन चाक्षरात्**[३८] **।**
**तत्सृष्टेऽत्रातृणं लोके तिष्ठामि पुरुषोत्तमः ॥ १ ॥**

અહીં આવો સંબંધ છેઃ સર્ગના આદિ કાળને વિષે જ્યારે મને સૃષ્ટિ કરવાની ઇચ્છા થઈ ત્યારે શ્રીજીમહારાજ એવો હું, તે મેં અક્ષરને પ્રેરણા કરી. પછી અક્ષરે વાસુદેવને પ્રેરણા કરી. વાસુદેવબ્રહ્મે મહાકાળને અને મહાકાળપુરુષે મહાપુરુષ અને મહામાયાને સૃષ્ટિ કરવાની પ્રેરણા કરી. આ સમયે, તેમને પરસ્પર રમણ કરવાની ઇચ્છા થઈ. પછી મહાપુરુષે ગોલોકધામ રચ્યું ને તેમાં રાધિકા તથા ગોપ-ગોપીકા સહિત નિવાસ કર્યો. ત્યાર પછી અનંત ઐશ્વર્યે યુક્તથકા મહામાયા સાથે રમણ કરીને માયાને વિષે ગર્ભને ધારણ કર્યો. તેમાંથી

અનંતકોટી પ્રધાનપુરુષનાં જોડલાં ઉત્પન્ન થયાં. તે એકેક પ્રધાનપુરુષમાંથી ચોવીસ તત્ત્વદ્વારે એકેક બ્રહ્માંડ થયું —એમ અનંતકોટી પ્રધાનપુરુષમાંથી અનંતકોટી બ્રહ્માંડ થયાં. 'तत्सृष्टे' અર્થાત્ તે અક્ષર, કાળ, પુરુષ ને માયા તેમણે સૃજેલો આ અનંતકોટી બ્રહ્માંડરૂપ લોક તેને વિષે, અક્ષરથી આરંભીને તૃણપર્યંત સર્વના કારણપણે ને અંતર્યામીપણે 'પુરુષોત્તમ' કહેતાં, મુક્ત તથા નિત્યમુક્તનો સ્વામી એવો સ્વામિનારાયણ ભગવાન જે હું, તે રહ્યો છું ૧.

## અક્ષરાદિકમાં તારતમ્યપણે રહેવાપણું

શ્રીહરિ વળી આ સંબંધમાં કહે છેઃ—

**तत्राप्यस्ति यथा काष्ठं स्थितस्तत्र यथाऽनलः[३९] ।**
**तारतम्यतया साधो वासुदेवस्तथाऽप्यहम् ॥ २ ॥**
**यद्द्वारा कारितव्यं स्याद्यावत्कार्यं स्थितोऽस्मि मे[४०] ।**
**तावत्सामर्थ्ययुक् तद्वत्तत्र तत्राऽक्षरादिषु ॥ ३ ॥**
**मद्विष्टेषु स्वसामर्थ्यतारतम्यं प्रदर्शयन्[४२] ।**
**बहुरूपेण जीवेशं स्थितोऽस्म्येत्य कदापि न ॥ ४ ॥**

(સ. ભૂ. અં. ૨, અ. ૫૮)

હે સાધુ નૃસિંહાનંદ! જેવું કાષ્ઠ તેમાં તેવી રીતે અધિક-ન્યૂનપણે જેમ અગ્નિ રહ્યો છે, તેમ વાસુદેવ એવો હું પણ, પાત્ર પ્રમાણે અંતર્યામીપણે રહ્યો છું ૨. હવે પાત્રની તારતમ્યતા જણાવે છેઃ મૂર્તિમાન અક્ષરાદિ દ્વારા જેટલું કાર્ય મારે કરાવવું હોય, તેટલા સામર્થ્યે યુક્તથકો અંતર્યામી સ્વરૂપ એવો હું શ્રી હરિકૃષ્ણ, તે-તે દ્વારભૂત અક્ષર, વાસુદેવ, કાળ, પુરુષ, માયા આદિને વિષે અગ્નિની માફક રહ્યો છું ૩. વળી

શ્રીજી કહે છેઃ મેં પ્રકાશરૂપે જેમાં પ્રવેશ કર્યો છે એવા જે અક્ષરકોટી, ઈશ્વરકોટી ને જીવકોટી —તેમને વિષે મારા સામર્થ્યે કરીને 'તારતમ્ય' જે ન્યૂનાધિકપણું તેને દેખાડતો થકો હું બહુરૂપે રહ્યો છું, પણ ક્યારેય જીવ-ઈશ્વરપણાને પામીને રહ્યો નથી; એટલે જીવ કે ઈશ્વરરૂપે થતો નથી પરંતુ તેમાં મારી અંતર્યામી શક્તિએ કરીને પ્રવેશ કરું છું ૪.

### તારતમ્યપણાની વિક્તિ

'તારતમ્ય' એટલે અક્ષરમાં રહ્યો છું. તેવો મહાપુરુષ અને મહામાયામાં રહ્યો નથી; ને મહાપુરુષમાં અને મહામાયામાં રહ્યો છું તેવો પ્રધાનપુરુષાદિ ઈશ્વરમાં રહ્યો નથી; અને તેમાં રહ્યો છું તેવો જીવકોટીમાં રહ્યો નથી; અર્થાત્ મારા પ્રકાશરૂપે અક્ષરમાં રહ્યો છું, ને અક્ષરના પ્રકાશરૂપે પુરુષમાં રહ્યો છું, અને પુરુષના પ્રકાશરૂપે જીવકોટીમાં રહ્યો છું —એમ તારતમ્યપણું જાણવું.

## તેજે કરીને વ્યાપકપણું

હરિવાક્યસુધાસિંધુ તરંગ ૫૧માં કહ્યું છેઃ—

**सर्वत्र कारणत्वेनाऽन्वितोऽस्ति निजतेजसा[२२] ।**
**व्यतिरिक्तश्च धाम्नि स्वे राजतेऽनेकशक्तिभिः ॥ ५ ॥**

શ્રીજીમહારાજ, અક્ષરાદિક સર્વને વિષે અન્વયપણે રહ્યા છે, તે પોતાના તેજ વડે કારણપણે કરીને રહ્યા છે; ને પોતાના ધામને વિષે વ્યતિરેકપણે રહ્યા છે તે દિવ્ય મૂર્તિમાન અને અનંત મુક્તે સહિત છે ૫. આવી રીતે શ્રીહરિ તેજે કરીને સર્વમાં વ્યાપક છે.

## સાકાર વ્યાપક

વળી હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૦૦માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**यदा यदा यत्र यत्र दातुमिच्छेत् स्वदर्शनम्[२२] ।**
**तदा तदा तत्र तत्र स्वेच्छयाऽऽविर्भवत्यसौ ॥ ६ ॥**

જ્યારે-જ્યારે જે જે સ્થળે પોતાનું દર્શન દેવાને ઇચ્છે છે ત્યારે-ત્યારે તે તે સ્થળમાં, પોતાની ઇચ્છાએ કરીને આ ભગવાન પ્રકટ થાય છે; એટલે એક એવા પણ આ ભગવાન, તે અનેકરૂપે પોતાના સામર્થ્યે કરીને પ્રકટ થાય છે. આવી રીતે સાકારપણે ભગવાન વ્યાપે છે; અર્થાત્ ભક્તને દર્શન આપે છે ને એકાંતિક ભક્તના આત્મામાં પણ સાકારપણે રહે છે ૬. આવી રીતે જીવાદિકને વિષે શ્રીજી અંતર્યામીપણે રહ્યા છે ને પોતાના એકાંતિક ભક્તને વિષે સાકાર રહ્યા છે.

## 'સ્વતંત્ર' એટલે શું?

વળી મૂળશ્લોકમાં કહ્યું કે ભગવાન 'સ્વતંત્ર' છે. એટલે શું? તો માયા, પુરુષ, કાળ, અક્ષર આદિ સર્વે જેમને વશ વર્તે છે અને સર્વે મુક્ત-નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે માટે સ્વતંત્ર જાણવા. તે હરિગીતા-સ. જી. પ્ર. ૧, અ. ૩૪માં શ્રીહરિએ પોતાના માતા પ્રત્યે કહ્યું છેઃ—

**स्वतन्त्रः स्वप्रकाशश्च सर्वकारणकारणम्[११] ।**
**ब्रह्मभूतैरप्युपास्यः कोटिसूर्यादि भास्वरः ॥ ७ ॥**

પરબ્રહ્મ ભગવાન છે તે સ્વતંત્ર, સ્વપ્રકાશ ને 'સર્વ કારણના કારણ' એટલે મોક્ષના કારણ જે મુક્ત અને

સૃષ્ટિના કારણ જે અક્ષર, કાળ, માયા ને પુરુષાદિક; તેમના પણ કારણ છે. અને 'ब्रह्मभूतैः' —અહીં 'બ્રહ્મ' શબ્દ 'પરબ્રહ્મ' વાચક છે માટે ભગવદ્ભાવને પામેલા જે મુક્ત છે, તે જ જેમના આનંદને અનુભવી શકે છે, ને જેમના તેજમાં મૂળઅક્ષર તથા મુક્ત ને અનાદિમુક્ત, આદિ સર્વેનાં તેજ લીન થઈ જાય છે; એવું અપાર જેમનું તેજ-સામર્થ્ય છે, એવા પરબ્રહ્મ છે; અર્થાત્ હું સહજાનંદ સ્વામી સર્વનો નિયામક એવો સ્વતંત્ર સનાતન ઈશ્વર છું, પરંતુ આધુનિક ઈશ્વર નથી ૭.

વળી હરિલીલાકલ્પતરુ સ્કંધ ૫, અ. ૮માં શ્રી સહજાનંદ સ્વામીએ સ્વયં કહ્યું છેઃ—

**ईश्वराणां च जीवानां मायापुरुषयोस्तथा**[२८] ।
**अहं कालाऽक्षरादीनां स्वतन्त्रोऽस्मि नियामक** ॥ ८ ॥
**चक्रवर्तिमहीपालाद् यथा भूपाऽऽदयोऽपरे**[२९] ।
**चकिता निर्भरं तस्य वशे तिष्ठन्ति सर्वदा** ॥ ९ ॥
**तथैते निखिला मत्तो बिभ्यतो नितरां सदा**[३०] ।
**मत्प्राप्तवैभवैश्वर्या वर्तन्ते मद्वशे भृशम्** ॥ १० ॥

સ્વતંત્ર એવો હું, તે જીવ, ઈશ્વર, માયા, પુરુષ, કાળ ને અક્ષર આદિનો નિયંતા છું ૮. જેમ ચક્રવર્તી રાજા થકી બીજા રાજાઓ ભયથી કંપાયમાન થઈ સર્વપ્રકારે તેને વશ વર્તે છે, તેમ સર્વે તે ઈશ્વરાદિક મારા થકી વૈભવ-ઐશ્વર્યને પ્રાપ્ત કરેલ હોઈ, મારા ભયથી સદા મને અતિશય વશ વર્તે છે ૯-૧૦. વળી તે પછી શ્લો. ૩૨ તથા ૩૩માં શ્રીહરિ કહે છેઃ—

**भूतास्तथा भवन्तो मे भविष्या येऽपि भूरिशः ।**
**अवतारास्त्वहं तेषामवतार्यस्मि कारणम् ॥ ११ ॥**
**सोऽहमेवाऽक्षराद् धाम्नो दिव्यैश्वर्यादिसंयुतः ।**
**अवतारी क्षितौ नूनं युष्मदर्थमिहाऽऽगतः ॥ १२ ॥**

હે ભક્તજનો! મારા ઘણાક અવતાર થયા છે, થાય છે ને ભવિષ્યમાં થશે તે સર્વેનો કારણ અવતારી તો હું જ છું ૧૧. અક્ષરધામનો અધિપતિ અવતારી, તે જ હું અક્ષરધામથી દિવ્ય ઐશ્વર્યે યુક્ત, આ પૃથ્વી ઉપર ભરતખંડમાં તમારે અર્થે આવ્યો છું ૧૨. વળી શ્લો. ૩૬ તથા ૩૭માં શ્રીહરિ કહે છેઃ—

**स्वसिद्धैश्वर्य एवाहं भगवानस्मि चेतरे ।**
**प्राप्तैश्वर्यं युता जाता भगवत्संज्ञयाऽखिलाः ॥ १३ ॥**
**मदधीनानि चैतेषां सन्त्यैश्वर्याणि सर्वशः ।**
**वर्तन्ते न स्वतन्त्रास्ते स्वतन्त्रस्त्वहमस्मि वै ॥ १४ ॥**

હું જ ભગવાન સ્વસિદ્ધ ઐશ્વર્યવાન છું; બીજા જે છે તેમણે તો મારા થકી ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું છે અને તેથી ભગવાન સંજ્ઞાને પામ્યા છે; આ સર્વે જે ઐશ્વર્ય છે તે મારું જ છે; મારું ઐશ્વર્ય પ્રાપ્ત કરનારા નાના પ્રકારના અવતારો, તે મારે આધીન હોઈ તે સર્વે સ્વતંત્ર નથી; ફક્ત હું જ સ્વતંત્ર છું ૧૩-૧૪.

## કર્મફળપ્રદાતા-વિક્તિ વગેરે

વળી મૂળશ્લોકમાં શ્રીહરિએ કહ્યું છે કે, 'ઈશ્વર, સર્વ જીવને કર્મફળના આપનારા છે.' તે હરિગીતા-સ. જી. પ્ર. ૧, અ. ૩૪માં પણ, પોતે તેમ જ કહ્યું છેઃ—

**असौ जीवेषु सर्वेषु प्रविश्य पुरुषात्मना[४३] ।**
**यथाकर्मफलं दत्ते तेभ्यः साम्यमुपाश्रित ॥ १५ ॥**

આ શ્રીહરિ, મહાપુરુષરૂપે થઈને સર્વ જીવોને વિષે પ્રવેશ કરી સામ્યપણું આશર્યા થકા, તે જીવોને જેનાં જેવાં કર્મ તે પ્રમાણે તેને ફળ આપે છે ૧૫. અને પોતાના અનન્ય ભક્તને તો શ્રીહરિ પોતે જ પ્રસન્ન થઈને પોતાનાં દર્શન, સુખ ને સાધર્મ્યને પ્રાપ્ત કરાવે છે.

મૂળશ્લોકમાં વળી 'असौ ईशः ज्ञेयः' એમ કહ્યું છે; એટલે સકળ ઐશ્વર્યસંપન્ન એવા ને અનંતકોટી જીવ, અનંતકોટી ઈશ્વર, અનંતકોટી પ્રકૃતિપુરુષ, કાળ ને અક્ષર એ સર્વેને પ્રકાશ-ઐશ્વર્યને આપનારા; તથા અનંતકોટી મુક્ત તેમ જ અનાદિમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા જે છે તેમને જ હવે પછીના શ્લોકથી ઈશ્વર કહેલા છે. ઇતિ શ્લો. ૧૦૭.

## શિ૦ શ્લો૦ ૧૦૮

(મધ્ય મંગલાચરણ)

**स श्रीकृष्णः परंब्रह्म भगवान् पुरुषोत्तमः ।**
**उपास्य इष्टदेवो नः सर्वाविर्भावकारणम् ॥ १०८ ॥**

**અને તે ઈશ્વર તે કયા, તો પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે. અને તે શ્રીકૃષ્ણ જે તે આપણા ઈષ્ટદેવ છે, ને ઉપાસના કરવા યોગ્ય છે અને સર્વ અવતારના કારણ છે ૧૦૮.**

### ઈશ્વર કયા જાણવા?

'नन्वीशकोटित्वात् एतादृशो कोऽसौ ईशः? ॥'

**પ્રશ્ન –** શાસ્ત્રમાં પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ આદિ અનંત-કોટી ઈશ્વર કહ્યા છે, પણ આવા તેજ-પ્રતાપવાળા સર્વના પ્રકાશક ઈશ્વર કયા જાણવા? તેનો ઉત્તર એ છે કે, વચનામૃત, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ, શ્રીજીએ રચેલ-રચાવેલ શાસ્ત્રમાં, જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા છે, તેમને જ આ સ્થળે ઈશ્વર કહેલા છે.

## ‘પરંબ્રહ્મ’નો અર્થ

મૂળશ્લોકમાં-‘પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે ઈશ્વર છે.’ એમ કહ્યું. હવે ‘परंब्रह्म’ એટલે શું? તો, ‘ब्रह्म = बृंहते = अपारमहिमत्वात्सर्वेभ्योऽधिकं भवतीति ब्रह्म ।’

સર્વથી મોટું હોય તેને બ્રહ્મ કહેવાય છે ને ‘परं’ વિશેષણ જે છે, એ ત્રિપુટી બ્રહ્મની વ્યાવૃત્તિને અર્થે છે. તે ત્રિપુટી બ્રહ્મનું નિરૂપણ આ પ્રમાણે છેઃ–

## મહાપુરુષરૂપ બ્રહ્મ[1]

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૮માં કહે છેઃ–

**यं जीवं चाक्षरं ब्रह्म प्रवदंति नरं मुने![१०] ।**
**अनेककोटिब्रह्मांडजन्मस्थित्यंतकारणम् ॥ १ ॥**

અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયના કર્તા મહાપુરુષ છે, તેને જીવ, નર, અક્ષર ને બ્રહ્મ નામે કહે છે ૧. આમાં મહાપુરુષને બ્રહ્મ કહ્યા છે.

## મૂર્તિમાન અક્ષરરૂપ બ્રહ્મ[2]

હવે મહાપુરુષબ્રહ્મથી પર મૂર્તિમાન અક્ષરને પણ

સ. જી. પ્ર. ૧, અ. ૫૧માં બ્રહ્મ કહેલા છેઃ–

**सत्यं ज्ञानमनंतं च पूर्णं चाखंडमक्षरम्[३२] ।**
**धाम यद्वासुदेवस्य मूर्तं चामुर्त्तमुच्यते ॥ २ ॥**

સત્ય, જ્ઞાન ને 'અનંત' એટલે પોતાના કાર્યમાં મોટા, ને 'પૂર્ણ' અર્થાત્ પોતાના કાર્યમાં જ વ્યાપકશક્તિએ રહેલા, ને અખંડ –આવા મૂર્તિમાન અક્ષર છે. અને પોતાના તેજરૂપે અમૂર્ત છે ને શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મને રહેવાનું ધામ છે, માટે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ છે ૨. ગઢડા પ્રથમ પ્ર.ના ૬૩મા વચનામૃતમાં આ અક્ષરને 'અક્ષરધામ' નામે કહ્યું છે. અને ગઢડા પ્રથમ પ્ર.ના ૭મા વચનામૃતમાં આ અક્ષરને પાંચ ભેદમાં ગણ્યા છે; આ અક્ષરને સાકાર અક્ષરબ્રહ્મ જાણવા.

## તેજરૂપ અક્ષરબ્રહ્મ[૩]

આ સાકાર અક્ષરબ્રહ્મ થકી પર, ત્રીજું અક્ષરબ્રહ્મ શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ છે. તે 'બ્રહ્મ' ને ગઢડા મધ્ય પ્રકરણના ૩૦માં 'શુદ્ધ ચૈતન્યબ્રહ્મ' નામે કહ્યું છે. અને હરિવાક્યસુધાસિંધુ ત.૧૨૭માં આ બ્રહ્મને શ્રીહરિએ પોતાના અંગનો પ્રકાશ કહ્યો છે. શું તો-

**सच्चिदानंदरूपं यद् ब्रह्म निर्गुणमक्षरम्[११] ।**
**अंगप्रकाशस्तत्त्वस्य धाम चेत्युक्तमस्ति हि ॥ ३ ॥**

સત્, ચિત્ ને આનંદરૂપ ને નિર્ગુણ એવું જે અક્ષરબ્રહ્મ છે, તે તો આ શ્રી સ્વામિનારાયણ ભગવાનના અંગનો પ્રકાશ છે –તેને જ ધામ એ પ્રકારે કહેવાય છે ૩. આ તેજના સમૂહરૂપ બ્રહ્મના પણ શ્રીજીમહારાજ કારણ, આધાર ને શરીરી છે –માટે પરબ્રહ્મ કહેવાય છે. તથા જે

સ્વરૂપ, રૂપ, ગુણૈશ્વર્યાદિ વડે બ્રહ્મ થકી અધિક હોય તે પણ પરબ્રહ્મ કહેવાય. આવી રીતે ત્રિપુટીબ્રહ્મના કારણ પરબ્રહ્મ એવા શ્રીજીમહારાજ છે.

## પુરુષોત્તમ, શ્રીકૃષ્ણ ને ભગવાન –એ ત્રણ સંજ્ઞાનો હેતુ

આપણે પરબ્રહ્મનો અર્થ કર્યો. હવે મૂળશ્લોકમાં 'પુરુષોત્તમ એવા શ્રીકૃષ્ણ ભગવાન' કહ્યા તે કેમ સમજવું? તો શ્રીજીમહારાજ સર્વે મુક્ત તથા નિત્યમુક્તના સ્વામી, સુખદાતા ને નિયંતા છે માટે પોતાને **'પુરુષોત્તમ'** કહેલા છે. અને શ્રીહરિની મૂર્તિ સદા આનંદઘનસ્વરૂપ છે ને અનન્ય ભક્તને પોતાની મૂર્તિમાં આકર્ષણ કરે છે; વળી 'શ્રી' કહેતાં મુક્તને આનંદદાયી એવી શોભાએ યુક્ત છે માટે તેમને **'શ્રીકૃષ્ણ'** કહેવાય છે અને 'ભગ' જે ભગવાનનાં અનંત ઐશ્વર્ય ને દિવ્યગુણ તેણે યુક્ત હોવું, તે **'ભગવાન'** પણાનું લક્ષણ છે.

## કયા કૃષ્ણ જાણવા?

'नन्वेवंभूतानुभावः कोऽसौ कृष्णः?' અહીં એવી શંકા થાય કે, શિક્ષાપત્રીના આ ૧૦૮મા શ્લોકમાં 'શ્રીકૃષ્ણ ભગવાન' કહ્યા, તે ગોલોકધામના નિવાસી, રાધિકા-લક્ષ્મીજીના પતિ ને દેવકી-વસુદેવને ઘેર પ્રકટ થયા હતા અને જેમને વ્યાસજીએ ગીતા, તેમ જ શ્રીમદ્ભાગવતમાં પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે વર્ણવ્યા છે, એવા જે અવતારસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાન છે તેમને જાણવા? કે ગોલોકધામથી પર અક્ષરધામના નિવાસી તથા પરમ એકાંતિક-અનાદિમુક્તના સ્વામી અને ભક્તિદેવી ને ધર્મદેવને ઘેર પ્રકટ થયા છે;

તેમ જ વાસુદેવાનંદવર્ણી તથા શતાનંદમુનિ આદિ અનાદિમુક્તોએ સત્સંગિભૂષણ, સત્સંગિજીવન આદિ શાસ્ત્રમાં જેમને પરબ્રહ્મ પુરુષોત્તમ આદિ નામે કરીને કહ્યા છે, એવા અનાદિ શ્રીકૃષ્ણ નામક સર્વ અવતારના અવતારી શ્રી સ્વામિનારાયણને જાણવા?

આ શંકાના સમાધાનનો ઉત્તર શ્રી સહજાનંદ સ્વામી પોતે જ આપે છેઃ 'શિક્ષાપત્રી આદિ શાસ્ત્રમાં જેમને શ્રીકૃષ્ણ ભગવાન કહ્યા છે તે સહજાનંદ સ્વામી હું જ છું' —આમ પોતાના સર્વે આશ્રિતને પોતાના પ્રકટ સ્વરૂપનો સર્વોપરી ભગવાનપણાનો નિશ્ચય કરાવવાને અર્થે, પોતે જ પોતાને ત્રણ વિશેષણ આપીને સમજાવે છેઃ—

'यः' કહેતાં જે. 'नः = अस्माभिः' એટલે આપણા. 'उपास्यः, इष्टदेवः, सर्वाविर्भावकारणं च.' 'स श्रीकृष्ण ज्ञेयः ।'

'તે શ્રીકૃષ્ણ આપણા ઈષ્ટદેવ છે ને ઉપાસના કરવા યોગ્ય છે.' આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી પોતે ભક્તપણે જે બોલ્યા છે, એ તો અનેક જીવના સમાસને અર્થે છે; પણ શ્રીહરિનો રહસ્ય અભિપ્રાય એવો છે કે, 'नः' છઠ્ઠી વિભક્તિ કર્તામાં છે માટે 'नः=अस्माभि=भवद्भिः' શ્રી અયોધ્યાપ્રસાદજી, શ્રી રઘુવીરજી, મુક્તાનંદ, મુકુંદાનંદ તથા મયારામ ભટ્ટ આદિ સર્વે મારા આશ્રિત તમોએ; 'उपास्यः' એટલે ઉપાસના કરવા યોગ્ય ને ઈષ્ટદેવપણે માનેલો; અને 'सर्वाविर्भावकारणम्' અર્થાત્ રામકૃષ્ણ આદિ સર્વે અવતારનો કારણ —એવો પ્રત્યક્ષ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ હું જ છું, તે મને જ સંપ્રદાયના શાસ્ત્રમાં 'અનાદિ શ્રીકૃષ્ણ' નામે કહેલ છે.

એ જ હેતુથી તમોએ ધ્યેયસ્વરૂપ, પ્રાપ્ય-પ્રાપક તેમ જ સ્વસ્વરૂપના આનંદનો દાતા, એવો પોતાનો ઈષ્ટદેવ મને માન્યો છે. મારા આશ્રિત તમે સર્વે આમ સમજીને મારી ભક્તિ-ઉપાસના કરો છો ને કરશો. —આવો શ્રી સહજાનંદ સ્વામીનો રહસ્ય અભિપ્રાય છે. તે સ. ભૂ. અંશ ૨, અ. ૫૮માં સ્વયં શ્રીહરિજીએ કહ્યું છેઃ—

**कृष्णोऽहं भगवानस्मि सर्वकारणकारणम्**[३१] **।**
**प्रकाशकानां सर्वेषां स चैवास्मि प्रकाशक ॥ ४ ॥**

સૃષ્ટિકાર્યમાં સર્વના કારણ અક્ષરબ્રહ્મ છે તેનો પણ કારણ, અને માયા તથા ઐશ્વર્યના રાગરૂપ જે અંધારું તેનો લય કરીને, મારા જ્ઞાનરૂપ પ્રકાશના પ્રકાશક એવા જે અનાદિમુક્ત, તેમનો પણ પ્રકાશક એવો સ્વામિનારાયણ ભગવાન —એ જ હું (અનાદિ) શ્રીકૃષ્ણ ભગવાન છું ૪. વળી એ જ અંશના ૬૪મા અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**अहं दिव्ये ब्रह्मपुरे वसामि मूर्तिमान्सदा**[१] **।**
**दिव्यदेहोऽमितैश्वर्यः कोटिमुक्तगणैर्वृतः ॥ ५ ॥**

'અહમ્' કહેતાં શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે દિવ્યસ્વરૂપ ને મૂર્તિમાન છું. સદાય મારા બ્રહ્મપુરધામને વિષે નિવાસ કરીને રહ્યો છું. અનંતકોટી મુક્ત મારી સેવામાં રહ્યા છે ને મારાં અપરિમિત ઐશ્વર્ય છે, એથી જ સર્વે મુક્તને મારાં દર્શન, સન્મુખ ને સમીપે જ આપું છું. અને અનંતકોટી બ્રહ્માંડમાં પણ મારા ભક્તને દર્શન દઉં છું ૫.

સ. ભૂ. અંશ ૩, અ. ૫૦માં પણ શ્રીહરિજીએ કહ્યું છેઃ—

**आत्मात्मना चेतनचेतनश्च ज्ञज्ञाश्रयो नित्यमनादिबोधः[१३] ।**
**अजत्रयेशो गुणिकालकालो नराकृतिर्ब्रह्मणि कुर्दमानः ॥ ६ ॥**

જીવાત્માઓનો પણ આત્મા, ચેતનોનો પણ ચેતન, જ્ઞાનીઓનો જ્ઞાતા, નિત્ય, અવ્યય, અનાદિ જ્ઞાનવાન, 'જીવ, ઈશ્વર અને માયા'નો નિયંતા, ગુણોનો ક્ષોભ કરનાર, કાળનો પણ કાળ, સ્વસ્વરૂપમાં ક્રિડા કરતો, મનુષ્યાકૃતિ એવો હું પરબ્રહ્મ તે તમારી સમીપે જ રહ્યો છું ૬.

વળી એ જ અંશના ૧૩મા અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ જે નારાયણની આજ્ઞાથી સૂર્ય-ચંદ્ર ઉદય-અસ્તને પામે છે; ઇંદ્ર વરસાદ વરસાવે છે; જેમની ઇચ્છાથી સ્વર્ગાદિ લોક તથા તારામંડળ અંતરીક્ષમાં રહ્યા છે —ઇત્યાદિ વાક્યો વડે ભગવન્મહિમા કહીને પછી, શ્રીહરિ પોતે જ પોતાનું સ્વરૂપ સમજાવે છેઃ—

**स इवाऽद्य नराकारः साक्षात्मां मिलितोऽस्ति हि[४१] ।**
**यान्याश्चर्याणि प्रागाऽऽसंस्तान्यनेन कृतानि च ॥ ७ ॥**
**करोत्यद्य तथाऽग्रे च करिष्यत्ययमेव हि[५०] ।**
**एवं यद्भगवज्ज्ञानं तज्ज्ञानं मतमुत्तमम् ॥ ८ ॥**

તે જ ભગવાન અત્યારે નરાકૃતિથકા પ્રત્યક્ષ મને મળ્યા છે. અને પૂર્વે જે જે આશ્ચર્યો થયાં તે બધાં આ નરાકૃતિ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં જ કરેલાં છે ૭. તથા અત્યારે પણ આ જ ભગવાન તે તે આશ્ચર્યોને કરે છે અને આગળ પણ આ જ પ્રત્યક્ષ ભગવાન આશ્ચર્યોને કરશે. આવી રીતનું જે નારાયણ સંબંધી જ્ઞાન તે ઉત્તમ માનેલું છે; અર્થાત્ પૂર્વ અવતારોએ જે જે આશ્ચર્ય બતાવ્યાં છે ને ભાવિ અવતારો જે જે આશ્ચર્ય બતાવશે તે સર્વેમાં મારી સત્તા રહેલી છે ૭-૮.

તેમ જ હરિવાક્યસુધાસિંધુ તરંગ ૨૨૭માં કહ્યું છેઃ—

**...। अहमेवाखिलांडानां जन्मादेर्हेतुरस्मि वै[१८] ॥ ९ ॥**
**मत्तः परतरः कश्चिन्नास्त्येव भगवान् क्वचित्[१९] ।... ॥ १० ॥**

હું સ્વામિનારાયણ ભગવાન જ અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા છું; મારા વિના બીજો કોઈ ભગવાન કોઈ કાળમાં છે જ નહિ; હું એક જ સર્વોપરી ભગવાન છું ૯-૧૦.

## શ્રીકૃષ્ણાદિ સર્વે નામ શ્રીજીમહારાજનાં છે

હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૪૮માં સદ્. નિત્યાનંદ સ્વામી શ્રીહરિની પ્રાર્થના કરતાં આ પ્રમાણે કહે છેઃ—

**त्वं साक्षात्पुरुषोत्तमोऽसि परमं ब्रह्माऽक्षरात्माऽक्षरः[३]**
**श्रीकृष्णो हरिकृष्ण आदिपुरुषो धर्मात्मज श्रीहरे ।**
**हे नारायण वासुदेव परमानंद प्रभो सत्पते**
**मायाधीश बृहत्पुरस्थ नृतनो श्रीस्वामिनारायण ॥ ११ ॥**

હે ધર્માત્મજ! હે શ્રીહરે! હે નારાયણ! હે વાસુદેવ! હે પરમાનંદ! હે પ્રભો! હે સત્પતે! હે માયાધીશ! હે બૃહત્પુરસ્થ! હે નૃતનો! હે સ્વામિનારાયણ! તમે અક્ષરાત્મા, અક્ષર, પરમં બ્રહ્મ ને પુરુષોત્તમ છો. મૂર્તિમાન અક્ષરમાં પ્રકાશસ્વરૂપે તમે અંતર્યામીરૂપે રહ્યા છો માટે અક્ષરાત્મા; ને 'અક્ષર' કહેતાં, અચ્યુત અને 'પરમં બ્રહ્મ' એટલે પુરુષરૂપ બ્રહ્મ, મૂર્તિમાન અક્ષરબ્રહ્મ ને સ્વતેજઃપુંજબ્રહ્મ —આ ત્રણ બ્રહ્મથી પર છો માટે પરમં બ્રહ્મ એવા અનાદિ શ્રીકૃષ્ણનામક આદિપુરુષ ભગવાન છે, તે તમે હરિકૃષ્ણ નામે તથા શ્રી સ્વામિનારાયણ નામે પ્રત્યક્ષ પુરુષોત્તમ છો ૧૧.

## અનાદિ કૃષ્ણનિરૂપણ

વળી શ્રીજીમહારાજ અનાદિકૃષ્ણ પોતે જ છે એમ, સિદ્ધમુક્ત શતાનંદમુનિ શિક્ષાપત્રીના આ ૧૦૮મા શ્લોકની સ્વરચિત 'અર્થદીપિકા ટીકા'માં જણાવે છેઃ—

**यः साक्षाद्भगवान् क्षराक्षरपरः कृष्णः स एव स्वयं**
**भक्तौ धर्मत आस भूरिकृपया श्रीस्वामिनारायणः ।**
**मानुष्यं भुवि नाटयन्निजजनाऽऽचार्यत्वधर्मे स्थितः**
**कृष्णं प्राह परोक्षवन्न तु ततोऽन्यः सोऽस्ति यस्त स्वयम् ॥ १२ ॥**

ક્ષર જે માયા ને માયાનું કાર્ય, અને અક્ષર જે મૂર્તિમાન અક્ષરબ્રહ્મ, જેને પાંચ ભેદમાં અક્ષરબ્રહ્મ કહ્યા છે તે, અને 'ક્ષર-અક્ષર થકી પર' એટલે સ્વતેજઃપુંજરૂપ અક્ષરધામને વિષે; 'યઃ' જે અનાદિ શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે, એ જ પોતે અતિ કૃપા કરીને પૃથ્વીને વિષે, ભક્તિ-ધર્મ થકી શ્રી સ્વામિનારાયણ નામે પ્રકટ થયા છે. પોતાના નરનાટકને શોભાશાળી કરવા, અજ્ઞજનને મોહ ઉપજાવવા તથા પોતાનું સ્વરૂપ ગુપ્ત રાખવા રૂપ મનુષ્યલીલાને કરતા થકા, પોતાના આશ્રિતના ગુરુપણાના ધર્મને વિષે તેઓ (હાલ) વર્તે છે. એ હેતુ માટે અનાદિકૃષ્ણ પોતે જ છે, તો પણ પોતાને પરોક્ષની માફક કહે છે; પરંતુ સર્વોપરી એવા અનાદિ શ્રીકૃષ્ણ થકી શ્રી સહજાનંદ સ્વામી 'અન્ય' કહેતાં પૃથક્ નથી; જે કારણપણા માટે રામ-કૃષ્ણાદિક અવતારના અવતારી સર્વોપરી અનાદિ શ્રીકૃષ્ણ ભગવાન છે તે જ પોતે સહજાનંદ સ્વામી છે ૧૨.

## સુંદરજીભાઈએ અક્ષરધામ તથા ગોલોક દીઠું

ભૂજના સુંદરજીભાઈએ સમાધિમાં પ્રથમ તેજનો સમૂહ

દીઠો અને તેમાં વર્ણીવેષ શ્રીજીમહારાજને દેખ્યા. પછી ગોલોકધામ દેખ્યું ને તેમાં મોરલીને વગાડતા એવા શ્રીકૃષ્ણને દેખ્યા. તે સ. જી. પ્ર. ૨, અ. ૧૮માં કહ્યું છેઃ—

**...। तत्रापश्यन्महत्तेजो वर्णिवेषं च तत्र तम्[२९] ॥ १३ ॥**
**ततोऽपश्यत्स गोलोकं तत्र च ब्रह्मतेजसि[३०] ।**
**मुरलीं वादयंतं तं श्रीकृष्णं रासमंडले ॥ १४ ॥**

તે સુંદરજીભાઈએ સમાધિમાં સર્વથી પર તેજનો સમૂહ દેખ્યો અને તે તેજઃપુંજરૂપ અક્ષરધામને વિષે, વર્ણીવેષ એવા આ શ્રીજીમહારાજને દેખ્યા ૧૩. પછી ગોલોકધામને જોયું. અને ગોલોકમાં અક્ષરબ્રહ્મનું તેજ રહ્યું છે, તેમાં જે રાસમંડળ તેને વિષે રહ્યા ને મોરલી બજાવતા એવા શ્રીકૃષ્ણને જોયા ૧૪.

## સુંદરજીભાઈની સ્તુતિ

હવે સુંદરજીભાઈ નીચે પ્રમાણે શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**गोलोकेश परेश कृष्ण भगवंस्त्वं कालमायेश्वरः[३७]**
**सर्वेषां च नियामकोऽक्षरपरो दिव्याकृतिः स्वप्रभः ।**
**सर्वात्मा पुरुषोत्तमोऽसि सकलैश्वर्याभिजुष्टः सदा**
**वन्दे भक्तजनेष्टकल्पतरवे वर्णीन्द्रवेषायते ॥ १५ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૧૮)

'ગો' જે શ્રીહરિનાં તેજનાં કિરણો તેનો 'લોક' કહેતાં સમૂહ જે અક્ષરધામ તેના અધિષ્ઠાતા; તથા 'પરેશ' એટલે મુક્ત ને નિત્યમુક્તના સ્વામી એવા અનાદિ કૃષ્ણનામક ભગવાન તમે છો. વળી કાળ-માયાના પ્રેરક, સર્વના નિયામક, મૂર્તિમાન જે અક્ષર તે થકી પર દિવ્યમૂર્તિમાન, સ્વપ્રકાશ ને સર્વના આત્મા એવા પુરુષોત્તમ ભગવાન

તમે છો. તે તમે પોતાના પ્રેમી ભક્તના મનોરથ પૂરા કરવા મનુષ્યરૂપે પ્રકટ થયા છો; એ હેતુથી બ્રહ્મચારીનો વેષ ધરી રહ્યા છો તો પણ જેવા ધામમાં છો તેવા જ સર્વે ઐશ્વર્યે યુક્ત છો. આવા ભક્તકલ્પતરુ વર્ણીવેષ મારા સ્વામી જે શ્રી સ્વામિનારાયણ ભગવાન, તે તમને હું સદાય વંદન કરું છું ૧૫.

## મુનિકૃત સ્તુતિ વગેરે

મુક્તાનંદાદિ સંતમંડળ, સ. જી. પ્ર. ૩, અ. ૪૨માં શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**मूर्तिस्ते भगवन्नियं त्विह नृणामज्ञानविच्छित्तये[१५]**
**जाग्रतस्वप्नसुषुप्तिभिः परिहृताऽवस्थाभिरब्जेक्षण!।**
**धर्मं परमहंस्यमेव दधती ब्रह्मस्वरूपस्थिति**
**रुन्निद्रा भवपाशमोचनकरी वर्वर्ति सर्वोपरि ॥ १६ ॥**

હે ભગવન્! આ તમારી મૂર્તિ, મનુષ્યોના મૂળ અજ્ઞાનને જીવમાંથી ઉન્મૂલન કરવા તમે આ લોકમાં પ્રકટ કરી છે; તમે મુમુક્ષુ જીવોના આત્યંતિક મોક્ષ કરવા પ્રકટ થયા છો. હે કમળ સરખા નેત્રવાળા! તમારે વિષે માયિકગુણકૃત ત્રણ અવસ્થાઓ નથી અને નિદ્રાએ રહિત છો. ત્યાગી સંતની શિક્ષાને અર્થે પરમહંસના ધર્મને ધારણ કરો છો. માયાના તથા ઐશ્વર્યના બંધન થકી જીવોને મુક્ત કરો છો. અને તમારે વિષે 'બ્રહ્મસ્વરૂપ' અર્થાત્ પરબ્રહ્મસ્વરૂપ-સ્થિતિ દેખાય છે. આવા હેતુથી જ તમે સર્વોપરી વર્તો છો અને તમે અમારા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન છો. ૧૬.

વળી મુનિઓ સ્તુતિ કરતા થકા શ્રીહરિને કહે છેઃ—

**धन्यः कोसलदेशजः सह निजैः श्रीदेवशर्मा द्विजो[३१]**
**धन्या प्रेमवती च योषिदपि यन्नारायणोऽमूः स्वयम् ।**
**धन्यास्तिष्यभवा अपीह च वयं त्वत्पादपद्मेक्षणा**
**स्तस्मै श्रीहरये नमो भगवते तुभ्यं महावर्णिने ॥ १७ ॥**

(સ. જી. પ્ર. ૩, અ. ૪૨)

કોસલદેશમાં પ્રકટ થયા જે દેવશર્મા નામે વિપ્ર, તે પોતાના પરિવારે સહિત ધન્યભાગ્યશાળી છે, અર્થાત્ અનાદિમુક્ત છે; અને યોષિત એવાં પણ પ્રેમવતી દેવી, તે પણ અતિશય જ ધન્યભાગ્યશાળી છે; કેમ કે એમના થકી સ્વયં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ તમે પ્રકટ થયા. વળી કળિકાળમાં આ લોકમાં જન્મ પામ્યા એવા તમારા સંત અમે પણ ધન્યભાગ્યશાળી છીએ; કેમ કે તમારા ચરણકમળનાં દર્શન થાય છે. અક્ષરધામના અધિપતિ સકલૈશ્વર્યસંપન્ન એવા શ્રીહરિ તમે, કેવળ કૃપા કરીને, મનુષ્યરૂપે પ્રકટ થઈ, વર્ણીવેષને ધરી રહ્યા છો એવા તમને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ ૧૭.

વળી જેતલપુરમાં મહોલ ઉપર તેજનો ગોળો દેખાયો તે શું હતું? તેના ઉત્તરમાં શ્રીહરિ, હરિકૃષ્ણલીલામૃતના અ. ૫૯માં કહે છેઃ—

**ताः प्राह धार्मिस्त्रीदशाश्च सर्वे तेऽत्रागमन्विष्णुविधीशमुख्याः[३२]**
**नित्यं मुनीनामभिवीक्षणार्थं ममामरादिक्पतयोऽखिलाश्च[३३] ।**
**गंधर्वसिद्धाविबुधानुगास्तेऽत्रादृश्यरूपा ह्यगमन्सभायाम् ॥ १९ ॥**

ધર્મદેવના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન તેમના પ્રત્યે

બોલ્યાઃ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશાદિ મુખ્ય દેવતાઓ, અહીં નિત્ય અમારાં તેમ જ સર્વે મુનિઓનાં-સંતોનાં દર્શન કરવા આવે છે; તથા દિગ્પાલો, તેત્રીસ કરોડ દેવો, ગંધર્વો, સિદ્ધો તથા દેવોના અનુચરો, તે સર્વે અદૃશ્યરૂપે આ સભામાં નિરંતર આવે છે. માટે ગઈ કાલે અમારી ઈચ્છાએ કરીને જે તેજનો ગોળો દેખાયો હતો, તે આ બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરનારા મુખ્ય બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ હતા —એમ તમે જાણો. ૧૮-૧૯.

## સર્વ અવતારનું કારણપણું

અનાદિ શ્રીકૃષ્ણ ભગવાન તે 'सर्वाविर्भावकारणम्' સર્વ અવતારના કારણ છે. તે સ. ભૂ. અં. ૫, અ. ૧૪માં મુક્તાનંદાદિ મુનિઓએ શ્રીહરિની સ્તુતિ કરતાં કહ્યું છેઃ—

**मीनः कच्छपसूकरौनरहरीरामास्त्रयो वामनो[५]**
**व्यासः सत्यवतीसुतश्च कपिलः कृष्णश्च बुद्धः पृथुः ।**
**कल्किः पुण्ययशाश्च दत्तऋषभोऽप्यन्येऽवतारा इतो**
**जायंतेऽगणिताविशंति पुनरेतेऽत्रैवतेऽस्यास्तनोः ॥ २० ॥**
**ज्ञात्वा तद्वयमीशितोऽशुभहरं तत्कारणं त्वामिमां[६]**
**त्वन्मूर्ति पुरुषोत्तमं प्रियतमां स्वेषां च भाषा महे ।... ॥ २१ ॥**

મત્સ્ય, કચ્છ, વરાહ, નૃસિંહ, રામચંદ્ર, પરશુરામ, બળરામ, વામન, સત્યવતી પુત્ર વ્યાસ, કપિલ, શ્રીકૃષ્ણ, બુદ્ધ, પૃથુ, પવિત્ર કીર્તિવાળા ક્યલ્ક, દત્તાત્રેય, ઋષભદેવ અને બીજા પણ અગણિત તમારા અવતારો, તમારી આ મૂર્તિમાંથી જ પ્રાદુર્ભાવ પામે છે અને પાછા આ મૂર્તિમાં જ લીન થાય છે ૨૦. તે હેતુ માટે હે સર્વનિયંતા પ્રભો! તમારી

આ મૂર્તિને, સ્વભક્તોને અતિ પ્રિય તથા રામ-કૃષ્ણાદિક અવતારોની કારણભૂત જાણી તમને અમે સર્વ પાપહર પુરુષોત્તમ કહીએ છીએ ૨૧.

વળી સ. ભૂ. અંશ ૩, અ. ૪૬માં સનકાદિકો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**एतावदेवं जानीमो भूताः कतिपयाः प्रभो![४५] ।**
**भाव्याश्च वर्तमाना येऽवताराः संति मापतेः ॥ २२ ॥**
**तेषां चाव्यय सर्वेषां गोलोके तमसः परे[४६] ।**
**श्वेतद्वीपे च वैकुंठेऽव्याकृते धाम्नि सूर्यभे ॥ २३ ॥**
**क्षीरार्णवेऽग्निलोकेऽर्कबिम्बे च बदरीवने[४७] ।**
**धामस्वन्येषु तिष्ठन्ति याश्चापि कृष्णमुख्यकाः ॥ २४ ॥**
**भगवन्मूर्तयस्तासां सर्वासामपि नापरः[४८] ।**
**एक एवासि घर्ता त्वं ब्रह्मपुराधिपः प्रभुः ॥ २५ ॥**

હે પ્રભો! અમે તો એટલું જ જાણીએ છીએ કે, લક્ષ્મીપતિ ભગવાનના અવતારો કેટલાક થઈ ગયા અને થશે તથા વર્તમાનકાળે છે, તે સર્વ અવતારોના ધારણ કરનાર તમે છો; તથા હે અવ્યય! પ્રકૃતિ જે મહામાયા, તેથી પર ગોલોક, શ્વેતદ્વીપ, સૂર્યસમાન અવ્યાકૃત, વૈકુંઠ, ક્ષીરસાગર, અગ્નિલોક, સૂર્યબિંબ, બદરિકાશ્રમ અને બીજાં ધામોમાં પણ હે શ્રીહરે! જે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ મૂર્તિઓ રહેલી છે તે સર્વે મૂર્તિઓના ધર્તા પણ, 'બ્રહ્મપુર' જે અક્ષરધામ તેના અધિપતિ સર્વેશ્વર —એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તમે એક જ છો; બીજો કોઈ નથી; અર્થાત્ તમારી શક્તિદ્વારે તે તે ઐશ્વર્યાવેશ અવતારને પૃથ્વીપર ધારણ કરો છો, ને ગોલોકાદિક ધામમાં તે તે અવતારોને વિષે તમારી જ શક્તિ

રહેલી છે ૨૨-૨૫.

## શ્રીહરિજીનું સર્વેશ્વરપણું

વળી શ્રીજીસમકાલીન અનાદિમુક્ત સદ્. ભૂમાનંદ સ્વામીકૃત 'શ્રી ઘનશ્યામલીલામૃતસાગર'-ઉત્તરાર્ધ તરંગ ૮૩માં, આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા રામશરણજીના સંવાદમાં પણ, આ વાતનું જ વિધાન કરેલું છે. શ્રીહરિજી કહે છેઃ ''સાત ધામના મુક્ત અત્યારે આ પૃથ્વીપર મારી સમીપે રહેલા છે; પરંતુ તેમાંથી મૃત્યુલોક, દેવલોક, વૈકુંઠલોક, બદરિકાશ્રમ, શ્વેતદ્વીપ અને ગોલોક —એ છ ધામોના મુક્તો, મારી મરજી જાણી શકતા નથી, તથા મારી મરજી પ્રમાણે વર્તન પણ કરી શકતા નથી; પરંતુ સાતમા જે અક્ષરધામના મુક્ત છે, તે જ મારી મરજી જાણી શકે છે ને તે જ મારી આજ્ઞા પ્રમાણે વર્તે છે.'' એમ કહ્યું છે.

**ભાવાર્થઃ—** શ્રીહરિના આ વચનથી બદરિકાશ્રમવાસી નરનારાયણ, શ્વેતદ્વીપપતિ વાસુદેવબ્રહ્મ અને ગોલોકપતિ શ્રીકૃષ્ણ, તે સર્વેથી શ્રીજીમહારાજનું પૃથક્‌પણું તથા મહત્‌પણું જણાય છે; જો એમ ન હોય, ને સર્વ ધામોમાં એક જ તત્ત્વ હોય, તો બદરિકાશ્રમ આદિ ધામોના મુક્તનું તથા અક્ષરધામના મુક્તનું સમપણું હોવું જોઈએ; પરંતુ આ તરંગમાં તો પૃથક્‌પણું વિધાન કરેલું છે. તેમ જ ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં-વૈકુંઠ, ગોલોક, બદરિકાશ્રમ ને શ્વેતદ્વીપની સભાથી 'આ સત્સંગીની' એટલે અક્ષરધામના મુક્તની સભા અધિક છે —એમ શ્રીજીએ પોતે જ સમ ખાઈને કહેલું છે.

વળી શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ, નરનારાયણ ભગવાનના પણ કારણ છે, —એમ આદિ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ હરિલીલાકલ્પતરુ સ્કં. ૧, અ. ૧૯માં જણાવે છે:—

**तावद् बदरिकारण्ये नरनारायणो निजम्[११] ।**
**कृत्वा नित्यविधिं चित्ते हरिं स्वेष्टमचिन्तयत् ॥ २६ ॥**
**सपदि स हरिकृष्ण इश्वरेशोऽभवदमृतः**
**प्रकटोऽन्तिके तदीये[१२] । जनचयभवमोचनैक-**
**तानो बहुकरुणोऽक्षरतः परोऽवतारी ॥ २७ ॥**

બદરિકાશ્રમમાં શ્રી નરનારાયણદેવે, પોતાનો નિત્યવિધિ કરીને પોતાના ઈષ્ટદેવ શ્રી વાસુદેવ ભગવાનનું ધ્યાન કર્યું ૨૬. તે જ સમયે અક્ષરથી પર અમૃતઅક્ષરપર્યંત સર્વના એક નિયંતા, અવતારી ને અતિશય કરુણાવાળા તે શ્રી હરિકૃષ્ણ ભગવાન, મનુષ્યોના જન્મમરણરૂપી સંસારના પાશનો નાશ કરવાના જ એક હેતુથી, નરનારાયણના મનમાં-સમાધિમાં પ્રકટ થયા ૨૭.

વળી આ પ્રસંગનું આગળ વર્ણન કરતાં એ જ અધ્યાયમાં ગ્રંથકાર લખે છે:—

**अथ तं स परात्परं हरिं रुचिरे चैव निषाद्य विष्टरे[१९] ।**
**विदधे मुदितो यथोचितं स्तवनं तस्य च सत्कृतिं भृशम् ॥**

પછી તે નરનારાયણ ઋષિએ, પરાત્પર શ્રીહરિને સુંદર આસન ઉપર બેસાડીને, અતિ હર્ષથી તેમનાં યથાયોગ્ય સન્માન અને સ્તુતિ કર્યાં ૨૮.

હવે શ્રીહરિ, નરનારાયણ ઋષિને આ પ્રકારે કહે છે:—

**हेतोरस्यवताराणां स्वतन्त्रस्यावतारिणः[२२] ।**
**ममाऽवतारस्त्वमतो मद्रूपो मदतिप्रियः. ॥ २९ ॥**
**निमित्तीकृत्य तस्मात्त्वामहमेवात्र भूतले[२३] ।**
**गमिष्यामि वृषाद्भक्तौ प्रादुर्भावं हि सत्वरम् ॥ ३० ॥**

(હરિ. કલ્પ. સ્કં. ૧, અ. ૧૬)

સમગ્ર અવતારોના કારણ અને સ્વતંત્ર એવા મારા આ અવતારી સ્વરૂપના તમે અવતાર છો, માટે મારા આત્મા સમાન છો અને મને અત્યંત પ્રિય છો ૨૯. આ હેતુથી તમને નિમિત્ત બનાવી; અર્થાત્ નરનારાયણ પ્રકટ થશે એમ સૌને જણાવી આ ભૂતળમાં-પૃથ્વી ઉપર હું જ, ધર્મ અને ભક્તિ થકી પ્રાદુર્ભાવ પામીશ ૩૦.

વળી સદ્. નિત્યાનંદ સ્વામી રચિત, શ્રીહરિદિગ્વિજય ગ્રંથના બીજા ઉલ્લાસમાં પણ આ જ વાત છેઃ શ્રીજીમહારાજે નરનારાયણ દેવને દર્શન દઈને કહ્યું કે, પૃથ્વી અધર્મના ભારથી પીડાય છે તેથી હું જ પૃથ્વી ઉપર પ્રકટ થઈશ. તે પછી નરનારાયણ દેવને શ્રીજીમહારાજે નીચે પ્રમાણે કહ્યું છેઃ—

**मत्प्रादुर्भावहेतुनां संभवो नास्ति धाम्नि मे[३५] ।**
**तमत्रातः समुद्भाव्य दुर्वासःशापछद्मना ॥ ३१ ॥**
**कर्तास्मि वाञ्छतं यन्मे तत्त्वदुद्देशतोऽचिरात्[३६] ।**
**एषोऽर्थोऽतस्त्वया गोप्यो भूत्वा मुख्येन सर्वथा ॥ ३२ ॥**

મારા ધામમાંથી મારા પ્રાદુર્ભાવનો સંભવ નથી; અર્થાત્ મને પ્રકટ થવાનું કોઈને જાણી શકાય તેમ નથી. એ હેતુથી આ બદરિકાશ્રમમાં દુર્વાસાના 'શાપનું નિમિત્ત કરી' એટલે, મારે પ્રકટ થવાનો હેતુ ઉત્પન્ન કરી તમારા ઉદ્દેશથી, અર્થાત્ નરનારાયણ પ્રકટ થશે —એમ અન્ય ઉપાસકોને એ વાત

જણાવીને, થોડા સમયમાં જ, જે મેં સંકલ્પ કર્યો છે તે હું જ સત્ય કરીશ; અર્થાત્ મારા આશ્રિતને મારું સર્વોપરી જ્ઞાન સમજાવીને આત્યંતિક મોક્ષ કરીશ. એ હેતુ માટે હે નરનારાયણ! તમારે સર્વપ્રકારે આગળ થઈને કહેવું કે, હું જ પ્રકટ થઈશ —એમ કહીને 'एषः अर्थः' એટલે આ મારી વાત, જે હું અક્ષરધામમાંથી પોતે પ્રકટ થવાનો છું તે હાલ ગુપ્ત રાખવી; અર્થાત્ મારા મુક્ત એ વાત ધીરે ધીરે સમજાવશે ૩૧-૩૨. આવી રીતે શ્રીહરિજીનું સર્વેશ્વરપણું જાણવું. ઈતિ શ્લો. ૧૦૮.

## શિ૰ શ્લો૰ ૧૦૯, ૧૧૦

**स राधया युतो ज्ञेयो राधाकृष्ण इति प्रभुः ।**
**रुक्मिण्या रमयोपेतो लक्ष्मीनारायणः स हि ॥ १०९ ॥**
**ज्ञेयोऽर्जुनेन युक्तोऽसौ नरनारायणभिधः ।**
**बलभद्रादियोगेन तत्तन्नामोच्यते स च ॥ ११० ॥**

**અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ તે જે તે, રાધિકાજીએ યુક્ત હોય ત્યારે રાધાકૃષ્ણ એવે નામે જાણવા. અને રુક્મિણીરૂપ જે લક્ષ્મી, તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવે નામે જાણવા ૧૦૯.**

**અને એ શ્રીકૃષ્ણ જે તે અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા. અને વળી તે શ્રીકૃષ્ણ જે તે, બળભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે —એમ જાણવું ૧૧૦.**

### બંને શ્લોકનો પ્રત્યક્ષાર્થ

'प्रभुः' એટલે સ્વેચ્છાએ અવતારસ્વરૂપે પ્રાદુર્ભાવ પામવા

સમર્થ, એવા અવતારી શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ તે મનુષ્યરૂપે પ્રકટ થયા હતા, ત્યારે પરોક્ષ રાધા-કૃષ્ણાદિક અવતારના ભક્તોને 'શ્રી સ્વામિનારાયણ' નામક, પોતાના પ્રત્યક્ષ અવતારી સ્વરૂપનો નિશ્ચય કરાવવાને અર્થે, પોતાના સંકલ્પે કરીને નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ આદિરૂપે પોતે દર્શન દેતા હતા; એ જ પોતાના સંકલ્પસ્વરૂપ તે અમદાવાદ, વડતાલ, ગઢડા, મૂળી આદિ ધામને વિષે મોટાં મંદિરોમાં પધરાવ્યાં છે. તેનું કારણ શું? તો પરોક્ષ અવતારસ્વરૂપને વિષે પ્રીતિવાળા ભક્તજનોને સમાસ થાય, ને તેથી એ સર્વેને ગુણબુદ્ધિ ઉત્પન્ન થાય ને છેવટે શ્રીહરિના અનન્ય આશ્રિત થઈ, પ્રકટની ઉપાસના-ભક્તિ કરે એ સારું; તેમ જ વળી એ સ્વરૂપે શ્રીજીમહારાજ પોતે જ છે તેથી પધરાવ્યાં છે.

તે સ. જી. પ્ર. ૨, અ. ૨૪માં ખટ્વાંગરાજાએ અભયનૃપતિ પ્રત્યે કહ્યું છેઃ—

**केभ्यश्चित्कृष्णारूपेण राधिकापार्षदादिभिः[५०] ।**
**ददाति दर्शनं स्वामी गोलोकेन सहैव च ॥ १ ॥**
**केभ्यश्चिद्दर्शनं दत्ते नरनारायणात्मना[५४] ।**
**विशालायां च मुनिभिः सहानेकैस्तपस्विभिः ॥ २ ॥**

'સ્વામી' જે શ્રી સહજાનંદ સ્વામી તે, સમાધિમાં કેટલાક મુમુક્ષુને, ગોલોકધામ તથા રાધિકાજી ને અન્ય પાર્ષદોએ સહિત શ્રીકૃષ્ણરૂપે પોતાનું દર્શન આપતા હતા ૧. અને વળી શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ કેટલાક મુમુક્ષુને સમાધિ કરાવીને, તે સમાધિને વિષે એ ભક્તને 'વિશાળા' કહેતાં, બદરિકાશ્રમને

વિષે રહેલા અનેક તપસ્વી, એવા મુનિઓએ સહિત નરનારાયણરૂપે પોતાનું દર્શન દેતા હતા ૨.

આ વાર્તા સત્સંગિજીવન આદિ ઘણાં શાસ્ત્રમાં કહેલી છે. સમાધિ-પ્રકરણમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન અનેક મતવાદીઓને સમાધિ કરાવીને, તે સમાધિમાં પોતે જ પોતાના અવતાર જે શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ રૂપે થઈને તે મતવાદિઓને પોતાનાં દર્શન દેતા હતા, એ જ પોતાનાં સંકલ્પસ્વરૂપ શ્રીજીમહારાજે મહામંદિરોને વિષે પધરાવ્યાં છે, ને તેમાં અવતાર-અવતારી ભેદ નથી, સ્વયં પોતે જ છે. એમ સમજવું તે પ્રત્યક્ષાર્થ છે.

## પરોક્ષાર્થ

વળી આ બે મૂળશ્લોકનો બીજો પણ અર્થ છેઃ શક્તિ ને શક્તિમાન, તેમ જ અવતાર ને અવતારી તેમનું ભેદ અને અભેદપણું શાસ્ત્રમાં વર્ણન કરેલું હોય છે. 'સ પ્રભુઃ' કહેતાં પોતાના તેજદ્વારા સર્વે અવતારમાં પ્રવેશ કરી, અવતારરૂપે થઈને કાર્ય કરવા સમર્થ, એવા અક્ષરધામના અધિપતિ અનાદિ શ્રીકૃષ્ણ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, તે જ કૃષ્ણાદિ અવતારરૂપે થાય છે. અવતારરૂપે રાધાજી સાથે હોય ત્યારે રાધાકૃષ્ણ નામે કહેવાય છે અને લક્ષ્મીજી સાથે હોય ત્યારે લક્ષ્મીનારાયણ કહેવાય છે. અર્જુને યુક્ત હોય ત્યારે નરનારાયણ નામે જાણવા અને બળભદ્રાદિકના યોગે કરીને તે તે નામે જાણવા. —આમ સમજવું તે પરોક્ષાર્થ છે. ઈતિ શ્લો. ૧૦૯, ૧૧૦.

## શિ૦ શ્લો૦ ૧૧૧

**एते राधादयो भक्तास्तस्य स्युः पार्श्वतः क्वचित् ।**
**क्वचित्तदङ्गेऽतिस्नेहात्स तु ज्ञेयस्तदैकलः ॥ १११ ॥**

**અને એ રાધાદિક ભક્ત તે જે તે, ક્યારેક તે શ્રીકૃષ્ણ ભગવાનને પડખે હોય છે; અને ક્યારેક તો અતિ સ્નેહે કરીને શ્રીકૃષ્ણ ભગવાનના અંગને વિષે રહે છે, ત્યારે તો તે શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ હોય —એમ જાણવા ૧૧૧.**

### પરોક્ષભાવનો અર્થ

એ રાધા આદિ ભક્ત, કે જેમના ચરિત્ર વગેરેનું વર્ણન, વ્યાસજીએ ભારત, તેમ જ શ્રીમદ્ ભાગવતાદિ શાસ્ત્રમાં કરેલું છે. તે ભક્તો, દેવકી-વસુદેવના પુત્ર જે શ્રીકૃષ્ણ ભગવાન તેમના અનાદિમુક્ત છે. તેમની સ્થિતિ બે પ્રકારની કહી, શું? તો, એ રાધા આદિક મુક્ત, ક્યારેક શ્રીકૃષ્ણ ભગવાનના ‘પડખે’ એટલે સમીપે સર્વજનો દર્શન કરી શકે તેમ રહે છે અને ક્યારેક અતિશય પ્રેમે કરીને શ્રીકૃષ્ણ ભગવાનનું અંગ જે મૂર્તિ તેમાં રહે છે, ત્યારે તો શ્રીકૃષ્ણ ભગવાન એકલા જ દેખાય છે —આ પરોક્ષાર્થ જાણવો.

### પ્રત્યક્ષભાવનો અર્થ

અનાદિ મહામુક્ત અને ત્રિકાળદર્શી તથા દિવ્ય દૃષ્ટિવાળા મહાકવિઓ, એવા સ્વામી શતાનંદ, વાસુદેવાનંદ, મુક્તાનંદ, બ્રહ્માનંદ, મહાનુભાવાનંદ, નિષ્કુળાનંદ, અખંડાનંદ, આધારાનંદ, વૈષ્ણવાનંદ, અચિંત્યાનંદ આદિ મુક્તોએ સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ, સંસ્કૃત ભાષામાં

પચ્ચીસ હજાર-ત્રીસ હજાર શ્લોકનાં મોટાં શાસ્ત્ર કર્યાં છે. અને 'પ્રાકૃત ભાષા' અર્થાત્ ગદ્ય અને પદ્યમાં પણ કેટલાંક શાસ્ત્રો રચ્યાં છે. એ શાસ્ત્રમાં જેમનાં દિવ્ય પ્રતાપ, ચરિત્ર, ઐશ્વર્ય આદિનું વર્ણન છે, એવા ભક્તિધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, તે પોતે જ કેવળ પરમ કૃપા કરીને, જે મુક્તને પોતાની મૂર્તિમાં રાખે છે એને અનાદિમુક્ત, નિત્યમુક્ત, કૈવલ્યમુક્ત ને સર્વાત્માબ્રહ્મ નામે કહેવાય છે. અને એ મુક્ત દિવ્યસાકાર થકા જ શ્રીહરિની સાથે એકાત્માપણે જોડાઈ રહીને તેમના સળંગ સ્વરૂપના આનંદને અખંડ અનુભવે છે ને મૂર્તિ વિના બીજું કાંઈ જોતા નથી.

અને જે મુક્તને શ્રીહરિ પોતાની પાસે રાખે છે તે મુક્ત મૂર્તિ સામું જોઈ રહે છે ને શ્રીહરિનો આનંદ, અખંડ અનુભવે છે. એ મુક્ત પરમ એકાંતિક નામે તથા મહામુક્ત ને વિદેહમુક્ત નામે કહેવાય છે અને શ્રીજીમહારાજ એ સર્વ મુક્તને પાસે ને સન્મુખ પોતાનું દર્શન આપે છે. —આમ સમજવું તે પ્રત્યક્ષાર્થ છે.

આમાં શ્રીજીમહારાજને કહેવાનું એ છે કે, અહીં સાધનકાળમાં સાધન સિદ્ધ કરીને જેમણે મારી પ્રસન્નતા મેળવી હોય એવા એકાંતિક ભક્ત જ્યારે દેહત્યાગ કરે છે, ત્યારે જો તે ભક્તે સદ્‌ગુરુ થકી મૂર્તિમાં રહેવાની સમજણ પ્રાપ્ત કરી હોય તો, તેને હું મારી મૂર્તિમાં રાખું છું ને સન્મુખ રહેવાની સમજણ દૃઢ કરી હોય તો સન્મુખ રાખું છું. અને એવા અનન્ય ભક્ત સાધનકાળમાં અહીં એકાંતિક, જીવનમુક્ત અને પરમભાગવત નામે કહેવાય છે.

## મુક્ત મૂર્તિમાં રહે છે તેનું દિગ્દર્શન

(વચનામૃતાનુસાર)

શિક્ષાપત્રીના આ ૧૧૧મા શ્લોકમાં ‘‘મુક્ત અતિશય હેતે કરીને ભગવાનની મૂર્તિમાં રહે છે.’’ એમ કહ્યું, તેવી જ રીતે ગઢડા પ્રથમ પ્ર.ના ૫૧મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ—

‘‘એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન, તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ.’’ આ અનાદિમુક્તની સ્થિતિ કહી છે; કેમ કે અનાદિમુક્ત પુરુષોત્તમ સાથે એકાત્મપણાને પામ્યા છે; માટે પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની મૂર્તિમાં રહે છે અને પુરુષોત્તમની દૃષ્ટિએ જુએ છે, તેથી જ તે મુક્તને પુરુષોત્તમ વિના બીજું કાંઈ ભાસતું જ નથી.

વળી સારંગપુરના ૧૧મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ— ‘‘તેમ તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો લીન થઈ જાય છે ને ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે તેમ એ ભગવાનનો ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તે તો ભગવાનની કૃપા થકી આવે છે.’’ આ વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું કે, અમે કૃપા કરીએ ત્યારે અમારા ‘તુલ્યપણાને પામે છે’ કહેતાં, અનાદિમુક્ત થાય છે ને અતિશય હેતે કરીને અમારી મૂર્તિમાં લીન થાય છે; અર્થાત્ એ મુક્તને અમે મૂર્તિમાં રાખીએ છીએ.

છેલ્લા પ્રકરણના ૨૧મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ— ‘‘અમે તો જેવા સર્વથી પર જે દિવ્યધામ, તેને વિષે

ભગવાનના પાર્ષદ છે, તે થકી અધિક જો આ સત્સંગીને ન જાણતા હોઈએ તો, અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે.''

**ભાવાર્થઃ—** આમાં પણ શ્વેતદ્વીપ, વૈકુંઠ, ગોલોક ને મૂળઅક્ષરનાં ધામ-અનંતકોટી બીજી ભૂમિકાઓ, એ સર્વ ધામથી પર જે 'દિવ્યધામ' કહેતાં શ્રીહરિજીના પ્રકાશપુંજરૂપ અક્ષરધામ, તેને વિષે જે ભગવાનના 'પાર્ષદ' અર્થાત્ પરમ એકાંતિક મુક્ત રહ્યા છે તે થકી અધિક જો 'આ સત્સંગીને' એટલે અનાદિમુક્તને ન જાણતા હોઈએ તો, અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે —એમ શ્રીહરિએ કહેલું છે.

## બ્રહ્મસૂત્રભાષ્યરત્ન

અનાદિમુક્ત સદ્. મુક્તાનંદ સ્વામીકૃત 'બ્રહ્મસૂત્રભાષ્ય-રત્ન'માં પણ આ જ સિદ્ધાંત પ્રતિપાદન કર્યો છે. તે કહ્યું છેઃ—

**॥ अविभागेन दृष्टत्वात् ॥**

'तत्समानगुणरूपो मुक्तात्मा पार्षदतया निरतिशयानंदं परब्रह्मस्वरूपं सेवमानस्तत्सुखमनुभवति, क्वचिदतिप्रेम्णा तस्मिन् विलीयते चेत्तर्हि तु परब्रह्मस्वरूपमविभागेनानुभवति ।'

ગુણ તથા રૂપે કરીને ભગવાનના સરખા એવા પરમ એકાંતિક મુક્ત છે, તે પાર્ષદરૂપે અતિશય આનંદરૂપ એવું પરબ્રહ્મનું સ્વરૂપ તેને સેવતા થતા, તે પરબ્રહ્મના સ્વરૂપનો આનંદ અનુભવે છે. અને અનાદિમુક્ત મૂર્તિમાં લીન થઈને રહે છે તો પણ 'अविभागेन' કહેતાં, પરબ્રહ્મ સાથે એકાત્મપણું પ્રાપ્ત કરીને પરબ્રહ્મના સ્વરૂપને અનુભવે છે, છતાં સ્વામી-

સેવકપણું કાયમ રહે છે.

## સત્સંગિભૂષણ

અનાદિમુક્ત સદ્. વાસુદેવાનંદ સ્વામીએ સ. ભૂ. અંશ ૩, અ. ૨૭માં કહ્યું છેઃ—

**अविरतमविवादेऽस्मासु तस्यापि दोषं[२४]**
**कमपि वयमवेक्ष्य स्मः स्थितास्तद्यपीशः । ... ॥ १ ॥**

ગઢપુરમાં જયા, લલિતા આદિ બાઈઓ પરસ્પર વાર્તા કરે છેઃ 'वयं' એટલે આપણે; 'तस्य' તે શ્રીજીના; 'अविवादे' અકળિત એવા સ્વરૂપમાં; 'अविरतं' સદા; 'स्थिताः स्मः' સ્થિર થઈને રહ્યાં છીએ; તો પણ 'ईशः' કહેતાં શ્રીહરિ, આપણે વિષે કાંઈક દોષ જોઈને દર્શન દેવા માટે આવવામાં વિલંબ કરે છે ૧.

વળી સ. ભૂ. અં, ૩, અ. ૨૪માં પણ કહ્યું છેઃ—

**तत्स्थितोऽसावपि मूर्तिस्थत्वान्निर्विग्रह स्मृतिः[७] ।...॥ २ ॥**

આ સચ્ચિદાનંદમુનિ દુર્ગપુરમાં રહ્યા છે તો પણ તે શ્રીહરિજીની મૂર્તિમાં રહ્યા છે, માટે તેમને દેહની સ્મૃતિ નથી ૨. અને શ્રીજીમહારાજ જે જે લીલા કરે છે તેને દેખે છે. વળી તે મુનિ દુર્ગપુરમાં રહ્યા છે ને શ્રીહરિ ધર્મપુરમાં હાલ વિરાજે છે, તો પણ શ્રીજી સાથે જમે છે —એમ સંબંધ છે.

## સત્સંગિજીવન

સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**हृदि तं त्ववलोक्य कर्हिचिच्च प्रसरत् प्रेमभराश्रुरुद्धकंठः[३०] ।**
**अननुस्मृतदेह एव तस्मिन् स विलीनो बहिरेत्यथेच्छयाऽस्य ॥**

જ્ઞાની એવો પ્રેમી ભક્ત તે, કોઈક સમયે પોતાના હૃદયાકાશમાં પ્રકટ એવા શ્રીહરિને જોઈને, અતિશય વૃદ્ધિ પામેલ સ્નેહ, તેણે કરીને પરવશ થઈને બોલવાને પણ સમર્થ થતો નથી ને દેહનું ભાન પણ ભૂલી જાય છે, ને મારારૂપ થઈને મારી ઈચ્છાથી મૂર્તિમાં લીન થઈ જાય છે. (તે લીનપણું જળમાં જળની પેઠે ન સમજવું; અર્થાત્ દાતા-ભોક્તા ને સ્વામી-સેવકભાવે મૂર્તિમાં રહીને સળંગ મૂર્તિનું સુખ ભોગવે છે) ને મારી ઈચ્છાથી બહાર પણ આવે છે; એટલે પોતાની સ્મૃતિને પામે છે ૩.

## શ્રીમદ્ ભાગવત

શ્રીકૃષ્ણ ભગવાને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ. ૨માં કહ્યું છે:—

**न कामकर्मबीजानां यस्य चेतसि संभवः[५०] ।**
**वासुदेवैकऽनिलयः स वै भागवतोत्तमः ॥ ४ ॥**

જેના ચિત્તમાં વિષયભોગની કામનાનો અવ્યક્ત રાગ પણ ઉત્પન્ન થતો નથી, અને જેને 'वासुदेवैक' અર્થાત્ વાસુદેવ ભગવાન જ એક છે 'निलयः' નિવાસસ્થાન જેને, તે ઉત્તમમાં ઉત્તમ ભાગવત ભક્ત છે ૪. વળી એ જ સ્કંધના ૭મા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભગવાને ઉદ્ધવને કહ્યું છે:—

**तस्माद्युक्तेंद्रियग्रामो युक्तवित्त इदं जगत्[१] ।**
**आत्मनीक्षस्व विततमात्मानं मय्यधीश्वरे ॥ ५ ॥**

ઇંદ્રિયોને તથા ચિત્તને નિયમમાં કર, દેહ તથા જગતને આત્મામાં લીન જો અને આત્માને મારે વિષે જો ૫.

## મહાભારત

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્માનુશાસન પર્વ અધ્યાય ૩૩૪માં ભિષ્મપિતામહનું પણ વચન છેઃ–

**ये तु तद्भाविता लोके ह्येकान्तित्वं समास्थिताः[४४] ।**
**एतदभ्यधिकं तेषां यत्ते तं प्रविशन्त्युत ॥ ६ ॥**

જે મનુષ્યો તે વાસુદેવનારાયણનું સ્મરણ કરે છે તથા અનન્યભાવથી તેમનું શરણ સ્વીકારે છે, તેમને સૌથી મોટો લાભ એ થાય છે કે, તે ભક્તો ભગવાનના સ્વરૂપમાં પ્રવેશ કરે છે; અર્થાત્ ભગવાન કૃપા કરી તેમને પોતાની મૂર્તિમાં રાખીને મૂર્તિનું સુખ આપે છે ૬.

## ભગવદ્ગીતા

વળી મન-બુદ્ધિ ભગવાનમાં રાખ્યા પછી જીવાત્માને જ પરમાત્મા, પોતાના સ્વરૂપમાં રાખે છે. તે ભગવદ્ગીતા અ. ૧૨માં શ્રીકૃષ્ણ ભગવાનનું અર્જુન પ્રત્યે આ પ્રમાણે વચન છેઃ–

**मय्येव मन आधस्व मयि बुद्धिं निवेशय[९] ।**
**निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः ॥ ७ ॥**

તું મારામાં જ મન ધારણ કર અને મારામાં બુદ્ધિ પરોવ; એ પછી તું મારામાં જ રહીશ; એમાં સંશય નથી ૭. વળી એ જ ગ્રંથના ૧૮મા અધ્યાયમાં પણ ભગવાને કહ્યું છેઃ–

**भक्त्या मामभिजानाति यावान्यश्चास्मि तत्त्वतः[५५] ।**
**ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदन्तरम् ॥ ८ ॥**

હું કેવો છું? ને કોણ છું? તે યથાર્થપણે ભક્તજન, મારી પરમ ભક્તિદ્વારા જાણી શકે છે. અને પછી એ પ્રમાણે મને

તત્ત્વે કરીને જાણવાથી, મારામાં પ્રવેશ કરે છે ૮.

## ઘનશ્યામલીલામૃતસાગર

અનાદિમુક્ત સદ્. ભૂમાનંદ સ્વામીકૃત 'શ્રી ઘનશ્યામ લીલામૃતસાગર' ઉત્તરાર્ધ તરંગ ૬૧માં, પર્વતભાઈ અને શ્રીહરિજીના સંવાદમાં આ જ વાત પ્રધાન છે. તેમાં પ્રથમ તો પર્વતભાઈ શ્રીહરિને કહે છેઃ—

**મુને નથી બીજું કાંઈ ભાન, નિત્ય ધરું છું તમારું ધ્યાન. ॥૧૮॥**
**મૂર્તિમાં રહું છું દિનરાત, કૃપાનાથ કહું સાચી વાત;**
**એમ શ્રીહરિ સહજાનંદ, સ્વામિનારાયણ સુખકંદ. ॥૧૯॥**
**પોતાના જે છે અનાદિમુક્ત, તેની સ્થિતિ જાણવાની જુક્ત;**
**પર્વતભાઈને કહે વચન, શાંત કરાવ્યાં સર્વનાં મન. ॥૨૦॥**
**પછી બોલ્યા શ્રીજીમહારાજ, અમારા અનાદિમુક્ત આજ;**
**અનંતકોટી અંડનાં પ્રાણી, સર્વેનાં કરવા કલ્યાણ જાણી. ॥૨૧॥**
**અહીં આવીને પ્રકટ થાય, આપે છે અપવર્ગ* સદાય; ॥૨૨॥**

વળી એક વખત શ્રીજીમહારાજ જેતલપુરના મહોલ ઉપર વિરાજમાન હતા. પછી શ્રીજીની કૃપાદૃષ્ટિથી સભાજનોને આ પ્રમાણે દિવ્ય દર્શન થયાં —જેનું વર્ણન તરંગ ૬૧માં કરેલું છેઃ

**કોટી કોટી મુક્તના સમાજ, વિંટાઈ બેઠા છે સુખસાજ;**
**પ્રભુ સામું જોઈ રહ્યા સર્વ, એક ચિત્તે પ્રીતેથી અપૂર્વ. ॥૪૭॥**
**મહાપ્રભુની મૂર્તિ મોઝાર, બીજા મુક્ત જોયા છે અપાર; ॥૪૮॥**

વળી કણભાના ઝવેરભાઈને દિવ્યદર્શન આપીને, શ્રીજી આ જ વાત સમજાવે છે —જેનો ઉલ્લેખ તરંગ ૮૪માં

* 'અપવર્ગ' એટલે મોક્ષ.

કરેલો છે:

**નિજ ધામમાં પોતાનું રૂપ, બતાવ્યું છે પ્રત્યક્ષ અનુપ;**
**તે મૂર્તિમાં કોટી કોટી મુક્ત, અનંત ઐશ્વર્ય શક્તિયુક્ત. ॥ ૨૨ ॥**

## હરિલીલામૃત

હરિલીલામૃત કળશ ૩, વિશ્રામ ૧૫માં પણ કહ્યું છે:–

**અંતે જીવો બ્રહ્મ વિષે સમાય, તે વાત સાચી, શ્રુતિ એમ ગાય;**
**જળે સમાયા જળજંતુ જેમ, તે બ્રહ્મમાં લીન થશે જ તેમ.॥૩૬॥**
**જો નીરમાં ક્ષીર મળ્યું જણાય, તથાપિ તે એક કદી ન થાય;**
**આત્મા તથા જે પરમાત્મા છેય, મળ્યા દીસે તો પણ ભિન્ન બેય.॥૩૭॥**

વળી આ જ ગ્રંથના કળશ ૭, વિશ્રામ ૧૬માં, ગણોદના અભેસિંહજી રાજાએ પૂછેલ પ્રશ્નના ઉત્તરમાં, સદ્. અચિંત્યાનંદવર્ણી આ જ વાત સમજાવે છે:–

**વળી પૂછે રૂડી રીતે રાય, મુજને એક સંશય થાય;**
**સદા ધર્મનું છે શ્વેત અંગ, કેમ મૂર્તિ દીસે શ્યામ રંગ. ॥ ૧૩ ॥**
**સુણી વર્ણી કહે સુણો ભૂપ, કહું કારણ એનું અનુપ;**
**ધર્મને સદા કૃષ્ણનું ધ્યાન, રહે કૃષ્ણ હૃદે કરી સ્થાન. ॥ ૧૪ ॥**
**કૃષ્ણમાં લીન છે અંગોઅંગ, તેથી મૂર્તિ દીસે કૃષ્ણ રંગ;**
**માટે સંશય તે તજો રાય, હવે સાંભળો બીજી કથાય. ॥ ૧૫ ॥**

## અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામી

(વાર્તાસંગ્રહ*)

જેમ પૃથ્વી જળમાં રહી છે ને બહાર પણ જણાય છે, તો પણ જળમાં જ છે. તેમ કૈવલ્યમુક્ત તો સદા પરમેશ્વરમાં જ રહે છે.

* બે પ્રકરણની વાતોમાં પ્ર.૨, ને ત્રણ પ્રકરણની વાતોમાં પ્ર. ૧માં ૨૫મી વાત છે.

## અનાદિમુક્ત સદ્. મુક્તાનંદ સ્વામી*

પદ ૯૨૭-૨

**સુનત બંસી મેરી શુદ્ધ વિસરી, કહા જાનું કહા કીન.**
**સુને કોન અબ શીખ જક્તકી, હું ભઈ હરિમેં લીન.**

પદ ૯૨૯-૪

**પ્રીત કરત મેરો પલટયો હે અંગ... ... .... ટેક**
**તનમન અર્પી મીલે મન મોહનકું, હો ગઈ એક હી અંગ. પ્રી.**
**મુક્તાનંદ મહદ યહ આશ્ચર્ય, બીનહિ અંગ ન ઉમંગ. પ્રી.**

## અનાદિમુક્ત સદ્. બ્રહ્માનંદ સ્વામી**

પદ ૪૫૧-૪

**રસબસ હોઈ રહી રસિયા સંગ, જ્યું મીસરી પયમાંહી ભળી.**

પદ ૨૨૬૧-૫

**મેં પ્રીતમકે માંહ્ય, પિયા મોય ભીતરે,**
**અરસપરસ એકતાર, રહ્યા હે સ્વતંત્ર રે.**

પદ ૨૪૮૦-૧

**જોગી વાકુ જાનીએ, જાકા હરિસે જોગ;**
**રહે નિરંતર રામમેં, અંતર સદા અરોગ.**

## અનાદિમુક્ત સદ્. નિષ્કુળાનંદ સ્વામી

વળી સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ **"મુને સ્વપ્ને ન ગમે રે સંસાર...***"** એ કીર્તનમાં ગાયું છે:–

* કીર્તનરત્નમાળા, પ્રસિદ્ધકર્તા કો. રણછોડ ભક્ત, મુંબઈ, સં. ૧૯૯૦.
** બ્રહ્માનંદકાવ્યમાં. ***કીર્તનરત્નમાળા, પ્રકાશક કો. રણછોડ ભક્ત, મુંબઈ, સં. ૧૯૯૦.

પદ ૧૫૭૦-૩

**ધામ સ્વરૂપ પોતાતણું, શ્રીહરિ પોતે સાકાર;**
**પ્રભુપદ પ્રીત ઉપાસના, પય મીસરી એકતાર. * રોક્યો.**

પદ ૧૫૭૧-૪

**જીવનમુક્તના જોગમાં, વૈદેહીરે વૈરાગ્ય;**
**આધિ વ્યાધિ મટી આ સમે, અનાદિમુક્તનો મેળાપ. **સહજા.**
**રોમ રોમ રાચી રહી, સહજાનંદ સ્વરૂપઃ**
**નિષ્કુળાનંદ રીઝયા હરિ, તીવ્ર વૈરાગ્યની તોપ. સહજા.**

પદ ૧૫૭૫-૮

**પ્રીતમ મેરી ભીંતરે, મેં પ્રીતમસેં વાસ;**
**નિષ્કુળાનંદ કહે શ્રીહરિતણા, અમે દામ વિનાના દાસ. ***સોહાગણ.**

સારસિદ્ધિ+માં પણ નિષ્કુળાનંદ સ્વામી લખે છેઃ—

**શ્રીખંડ++માં જેમ સુગંધી રહી, રહ્યો ઈક્ષુXમાંહી રસ;**
**તેમ હરિજનમાં હરિ, હળીમળી રહ્યા એકરસ.**

## ભક્તચિંતામણિ

માર્કંડેયઋષિ, ભક્તચિંતામણિના ૧૮મા પ્રકરણમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવે છેઃ—

**સ્વતંત્રપણું લક્ષ્મીના જેવું રે, જે શ્રીકૃષ્ણ સ્વરૂપમાં રહેવું રે. ॥ ૨૨ ॥**

વળી સચ્ચિદાનંદમુનિની સ્થિતિ, એ જ ગ્રંથના પ્ર. ૧૩૪મા ગ્રંથકાર આ પ્રમાણે લખે છેઃ—

* રોક્યો કોનો નહિ રહું. ** સહજાનંદ શ્રીહરિ. ***સોહાગણ કીજિયે.
+કડવું બત્રીસ. ++ચંદન. X શેલડી.

**થયો જે દિનનો સતસંગ, થયું તે દિનું અલૌકી અંગ;**
**હરે ફરે કરે કાંઈ કામ, રહી હરિમાંહિ આઠુ જામ. ॥ ૨૫ ॥**

આવી રીતે શ્રીજીમહારાજે વચનામૃત તથા શિક્ષાપત્રીમાં અનાદિમુક્તની સ્થિતિ સમજાવી છે; તેમ જ શતાનંદમુનિ વર્ણી વાસુદેવાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, નિષ્કુળાનંદ સ્વામી, ભૂમાનંદ સ્વામી, ધ. ધુ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ આદિ અનાદિમુક્તોએ સ્વરચિત ગ્રંથોમાં, કાવ્યકીર્તનમાં તેમ જ સદ્. ગોપાળાનંદ સ્વામીની વાતોમાં, તથા શ્રીમદ્ ભાગવત, મહાભારત અને ભગવદ્ગીતામાં પણ અનાદિમુક્તની સ્થિતિ વર્ણવેલી છે. ઇતિ શ્લો. ૧૧૧.

## શિ० શ્લો० ૧૧૨

**अतश्चास्य स्वरूपेषु भेदो ज्ञेयो न सर्वथा ।**
**चतुरादिभुजत्वं तु द्विबाहोस्तस्य चैच्छिकम् ॥ ११२ ॥**

**એ હેતુ માટે એ શ્રીકૃષ્ણ ભગવાનનાં જે સ્વરૂપ, તેમને વિષે સર્વ પ્રકારે કરીને ભેદ ન જાણવો. અને ચતુર્ભુજપણું, અષ્ટભુજપણું, સહસ્રભુજપણું-ઇત્યાદિક જે ભેદ જણાય છે તે તો, દ્વિભુજ એવા જે તે શ્રીકૃષ્ણ, તેમની ઇચ્છાએ કરીને છે —એમ જાણવું ૧૧૨.**

### ભગવદ્રૂપોમાં ભેદ નિષેધ

અક્ષરાતીત ને સ્વતેજઃપુંજરૂપ અક્ષરધામના નિવાસી, અનંતકોટી મુક્ત ને નિત્યમુક્તના સ્વામી; અને જેની શક્તિ કાળ છે, માયા છે, પુરુષ છે, અક્ષર છે; અને સર્વ અવતારના

અવતારી —એવા અનાદિ શ્રીકૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવોના મોક્ષ કરવા મનુષ્યસ્વરૂપે પૃથ્વીપર વિચરતા હતા, તે સમયે, મુમુક્ષુ જીવને પોતાનો નિશ્ચય કરાવવા સારુ સમાધિ કરાવતા હતા. અને તે સમાધિમાં રાધાકૃષ્ણ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ આદિ રૂપે પોતે થઈને દર્શન દેતા હતા. —એ જ પોતાનાં સંકલ્પસ્વરૂપ, શ્રીજીમહારાજે પોતે મહામંદિરોમાં પધરાવ્યાં છે. 'अतः' આવા હેતુથી; 'अस्य' આ અનાદિ શ્રીકૃષ્ણના; 'स्वरूपेषु' એટલે અમદાવાદ, વડતાલ, ગઢપુર, મૂળી આદિ ધામોમાં,-મોટાં મંદિરોમાં પધરાવેલ એવાં, નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ આદિ સ્વરૂપોને વિષે સર્વપ્રકારે ભેદ ન સમજવો. અને એ સ્વરૂપને વિષે ચતુર્ભુજ આદિ ભેદ જણાય છે, એ તો અનાદિ દ્વિભુજ એવા શ્રીકૃષ્ણ ભગવાન તેમની ઇચ્છાએ કરીને છે; અર્થાત્ અનાદિ શ્રીકૃષ્ણ જે શ્રી સ્વામિનારાયણ ભગવાન છે, તે જ પોતે સામાન્ય ભક્તજનના સમાસને અર્થે, પોતાના સંકલ્પે કરીને રાધાકૃષ્ણાદિ રૂપે થઈને દર્શન આપે છે —માટે આ સ્વરૂપમાં ભેદ નથી; પરંતુ ગોલોકવાસી રાધાકૃષ્ણ, બદરિકાશ્રમવાસી નરનારાયણ ને લક્ષ્મીનારાયણ આદિ અવતારસ્વરૂપમાં અને અનાદિ શ્રીકૃષ્ણ જે અક્ષરધામાધિપતિ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ, એમાં તો અવતાર-અવતારી એવો ભેદ છે જ —એમ લોયાના ૧૪મા તથા ૧૮મા વચનામૃતમાં, તેમ જ સ. જી. પ્ર. ૩, અ. ૨૪માં સ્વયં ભગવાને જ કહેલું છે, તો તેનો વિશેષ તે થકી જાણવો.

વડતાલના ૧૮મા વચનામૃતમાં પણ શ્રીહરિએ કહ્યું છેઃ– **'રૂપને ભેદે કરીને ઉપાસનાના ભેદ કરવા'** તેમાં સમજવાનું એ છે કે, શ્રીજીમહારાજે રામ, કૃષ્ણ નરનારાયણાદિક અવતારોને પોતાની મૂર્તિને વિષે લીન કરી બતાવ્યા; પરંતુ પોતે કોઈ અવતારમાં લીન થયા નહિ, એવાં પોતાના **'ભક્તને'** દર્શન દીધાં. તેમાં લીન થયા તે અવતાર જાણવા, ને તે અવતારો જેમને વિષે લીન થયા તેમને અવતારી જાણવા. આવી રીતે શ્રીહરિએ તીર ને તીરના નાખનારાની માફક ભિન્ન તત્ત્વ, તથા શક્તિસ્વરૂપ ને શક્તિમાનસ્વરૂપ જણાવવાને માટે દર્શન દીધાં હોય, તેવા રૂપને ભેદે કરીને ઉપાસનાના ભેદ કરવા; પરંતુ શ્રીજીમહારાજે સ્વેચ્છાથી મુમુક્ષુ એવા **'મતવાદીઓને'** પોતામાં પ્રતીતિ કરાવવા માટે, વેષાંતર ધારણ કરનારા જનોની માફક દ્વિભુજ, ચતુર્ભુજ કે સહસ્રભુજરૂપે પોતે જ દર્શન દીધાં હોય તેમાં તથા શ્રીહરિમાં ભેદ નથી; એક જ છે, ને એ જ સ્વરૂપો આપણા મંદિરોમાં પધરાવેલ છે, ને તે તે સ્વરૂપે શ્રીજીમહારાજ પોતે જ વેષાંતર કરીને દર્શન આપે છે —એમ જાણવું. એ હેતુ માટે એ સ્વરૂપોમાં ને દ્વિભુજ એવા શ્રી હરિકૃષ્ણ સહજાનંદ સ્વામી મહાપ્રભુમાં ''ઉપાસનાના ભેદ'' ન કરવા; એટલે કે મંદિરમાં પધરાવેલ મૂર્તિઓ, સ્વામિનારાયણ ભગવાનથી ભિન્ન છે —એવો ભાવ ન રાખવો; પરંતુ એ મૂર્તિઓ સ્વામિનારાયણ ભગવાન પોતે જ છે એમ સમજવું.

### મૂર્તિદ્વારે શ્રીહરિનું પ્રત્યક્ષપણું તથા ભેદ રહિતપણું

મહામંદિરોમાં શ્રીજીમહારાજે જે પોતાનાં સંકલ્પસ્વરૂપ

પધરાવ્યાં છે એ સ્વરૂપે, શ્રીજી પોતે જ વિરાજમાન છે. તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અમદાવાદ પ્રત, અ. ૬૮માં કહ્યું છેઃ—

**चिंता कार्या न युष्माभिरहं तिष्ठामि भूतले[३७] ।**
**वृत्तालये भक्तिधर्मयुकतं मां वित्त संस्थितम् ॥ १ ॥**

શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ પોતાના અંતર્ધાન થવાના સમયે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિ મુક્તોને ધીરજ આપતાં કહે છેઃ હે મુક્તમુને! તમારે મારા સંબંધી કાંઈ પણ ચિંતા કરવી નહિ; કેમ કે હું આ પૃથ્વીપર સદાય પ્રત્યક્ષ રહીશ; પણ એમ ન જાણશો જે, અમારા સ્વામી શ્રી સ્વામિનારાયણ ભગવાન અંતર્ધાન થઈ જશે, પછી કોનાં સેવા-દર્શન-ધ્યાન કરશું? અને પછીથી જે ભક્ત થશે તે પણ કેની ભક્તિ-ઉપાસના-ધ્યાન કરશે? આવી ચિંતા મારા આશ્રિત કોઈએ કરવી નહિ; કેમ કે હું આ પૃથ્વી ઉપર સદાય પ્રતિમારૂપે, આચાર્યરૂપે, સંતરૂપે ને શાસ્ત્રરૂપે પ્રત્યક્ષ રહીશ. તેમાં પ્રતિમાનો મહિમા દર્શાવતાં કહે છેઃ વડતાલ આદિ મહામંદિરોમાં ભક્તિધર્મ સહિત હરિકૃષ્ણનામક મારી પ્રતિમા છે, એ હું જ છું એમ જાણો ૧. વળી અમદાવાદ તથા ભૂજમાં નરનારાયણરૂપે હું જ રહ્યો છું, તથા આ દુર્ગપુરમાં ગોપીનાથરૂપે હું જ રહ્યો છું —એમ જાણો. વળી મારો સંકલ્પ છે તેથી મૂળીપુર આદિ, સર્વે મહામંદિરોમાં શ્રી હરિકૃષ્ણનામક મારી મૂર્તિઓ સ્થાપન થશે. એ સ્વરૂપે મને સદાય પ્રત્યક્ષ જાણીને એ મૂર્તિઓનું ધ્યાન-સેવા-ભક્તિ જે કરશે, તે મને પામશે.

વળી શ્રીજીમહારાજ કહે છેઃ—

**मयि चैतेषु रूपेषु भेदो नास्त्येव किंचन[३९] ।**
**अहमेवास्मि वै साक्षादेतद्रूपो हि भूतले ॥ २ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૮)

**साक्षात्कृष्णो भगवति नरनारायणादिषु[३८] ।**
**तन्मूर्तिषु च नास्त्येव भेद इत्येव धार्यताम् ॥ ३ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૭)

પ્રકટ શ્રી સ્વામિનારાયણ ભગવાન હું છું, તે મારામાં અને આ મારાં પ્રતિમારૂપ સંકલ્પસ્વરૂપ છે —એમાં કિંચિત્ પણ ભેદ નથી; એ પ્રતિમા સ્વરૂપે ભૂતળમાં સાક્ષાત્ હું સ્વામિનારાયણ ભગવાન પ્રકટ છું ૨. સાક્ષાત્ પ્રકટ કૃષ્ણ ભગવાન જે શ્રી સ્વામિનારાયણ હું, તે મારામાં અને પ્રતિમારૂપ નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ આદિ મારી મૂર્તિઓમાં ભેદ છે જ નહિ —એમ તમે જાણો ૩. ઈતિ શ્લો. ૧૧૨.

## શિ૰ શ્લો૰ ૧૧૩

**तस्यैव सर्वथा भक्तिः कर्तव्या मनुजैर्भुवि ।**
**निःश्रेयसकरं किंचित्ततोऽन्यन्नेति दृश्यताम् ॥ ११३ ॥**

**અને એવા જે તે શ્રીકૃષ્ણ ભગવાન તેની જે ભક્તિ તે જે તે, પૃથ્વીને વિષે સર્વ મનુષ્ય તેમણે કરવી. અને તે ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ નથી —એમ જાણવું ૧૧૩.**

### ભક્તિ કરવાનો આદેશ

'તસ્યૈવ' એટલે અક્ષરાતીત મુક્ત-નિત્યમુક્તના સ્વામી,

સુખદાતા ને નિયંતા તથા સંકલ્પાવતારના અવતારી, સર્વ સંકલ્પસ્વરૂપના સ્વરૂપી, એવા અનાદિ કૃષ્ણ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે મારી ભક્તિ, પૃથ્વીને વિષે સર્વ મનુષ્યોએ કરવી.

## પૃથ્વીનું ગૌરવ – લાઘવપણું

હવે 'પૃથ્વીને વિષે' એટલે શું? તો, 'ભુવિ' એ સામાન્ય શબ્દે કરીને વિશેષમાં ભરતખંડ જાણવો. તેમાં પણ જે દેશમાં પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ સંત-હરિભક્ત સાથે વિવિધ લીલાચરિત્ર કર્યાં હોય, એ દેશ સર્વોત્તમ ને પવિત્ર જાણવો. અને બ્રહ્મા, વિષ્ણુ ને શિવ આદિ ઈશ્વરો પણ, એવા દેશમાં પોતાનો નિવાસ ઈચ્છે છે.

તે સ. ભૂ. અંશ ૨, અ. ૩૮માં કહ્યું છેઃ–

**विबुधसरोऽत्र धन्यमिदमस्ति यदत्र विभो**[२५]
**सह सलिलद्रवांश्य मुनिभिर्विविधान् विदधत् ।**
**अनुदिवसं भवानिह सुनोति स धन्यतमो**
**ऽपि रूचिरमस्ति कारितमिदं भवनं च यतः ॥ १ ॥**
**त्वमसि वृतः स्थितोऽनुचरतश्च यदत्र निजैः**[२७]
**कुरु करुणां निवास इह नोऽत्र भवेच्च यतः ।**
**तव मुहुरीक्षणं न उरुगाय सतां च यतो**
**गतमवना व्रजेम तव धाम च येन वयम् ॥ २ ॥**

આદિ બ્રહ્મા, ઈત્યાદિ ઈશ્વરો શ્રીહરિ પ્રત્યે કહે છેઃ હે પ્રભો! આ દેવસરોવર ધન્ય છે, કે જે સરમાં મુનિમંડળે સહિત જળક્રીડા કરવાપૂર્વક નિત્યપ્રત્યે તમે સ્નાન કરો છો; તેથી આ દેવસરોવર સર્વોત્તમ તીર્થ છે. અને આ શોભાયમાન 'મહોલ'

જેણે કરાવ્યો છે એ પુરુષ પણ ધન્યભાગ્યવાળા છે, કેમ કે તેમાં તમારા પાર્ષદે સહિત તમે નિવાસ કરો છો. હે ઉરુગાય! તમે અમારા ઉપર કરુણા કરો, જેણે કરીને તમારા ભક્તજનના મધ્યે અમને નિવાસ પ્રાપ્ત થાય; જેથી કરીને તમારાં તથા સંતનાં વારંવાર દર્શન થાય અને તમારાં, તેમ જ સંતનાં દર્શને કરીને અમે માયાના બંધન થકી મુક્ત થઈને તમારા ધામને પામીએ ૧-૨.

વળી સ. જી. પ્ર. ૩, અ. ૨૬માં શ્રીહરિજી 'સત્' દેશનું લક્ષણ આ પ્રમાણે જણાવે છેઃ—

**चतुर्वर्णाश्रमवतां धर्मो यत्र विभागशः**[૭] **।**
**यत्रैकान्तिकभक्ताः स्युर्हरेर्देशः स शोभनः ॥ ३ ॥**
**...। यत्र यत्र हरेरर्चा स देशः श्रेयसः पदम्**[૮] **॥ ४ ॥**
**...। देशानामुत्तमो देशः सत्पात्रं यत्र लभ्यते**[૧૨] **॥ ५ ॥**

જે દેશમાં ચાર વર્ણ ને ચાર આશ્રમની વ્યવસ્થા અવિચ્છિન્ન પ્રવર્તે છે; અર્થાત્ વર્ણાશ્રમધર્મનું જ્યાં અસ્ખલિત પાલન થાય છે; તથા જ્યાં ભગવાનના એકાંતિક ભક્તો વિચરતા હોય છે તે 'સત્' દેશ જાણવો ૩. તેમ જ જ્યાં ભગવાનની પ્રતિમાઓ, દેવમંદિરમાં સ્થાપિત થયેલ હોય તે દેશ કલ્યાણકારી છે ૪. તદુપરાંત જે દેશમાં 'सत्पात्र' એટલે પરમભાગવત સંત-હરિભક્તો મળે, તે જ દેશ 'સત્' દેશોને મધ્યે ઉત્તમ દેશ જાણવો ૫.

## મનુષ્યદેહનું દુર્લભપણું

મનુષ્યદેહને દેવતાઓ પણ ઈચ્છે છે —એમ શાસ્ત્રમાં કહ્યું છે. તેમાં પણ જો, તેવા દેહે કરીને ધર્મે સહિત ભક્તિ થાય, તો

તે દેહ દુલર્ભ જાણવો. પરંતુ, ધર્મે સહિત ભક્તિ ન થાય તો મનુષ્યદેહ પ્રાપ્ત થયો હોય છતાં, તેવા મનુષ્ય દેહધારીને પશુ જેવો જ કહેલો છે. તે સ. જી. પ્ર. ૧, અ. ૫૪માં કહ્યું છેઃ—

**सक्तास्तु ये वैषयिकेऽत्र सौख्ये निद्राभयक्रोधषड्र्मिजुष्टाः[२२] ।**
**तेषां नराणां च विभो पशुनां वीक्षे विशेषं नहि कञ्चनापि ॥**

જે મનુષ્યો, શાસ્ત્રવિધિનો ત્યાગ કરી કેવળ વિષય-સુખમાં આસક્ત થાય છે; અને નિદ્રા, ભય, ક્રોધ ને ષડૂર્મિયુક્ત વર્તે છે, એવા મનુષ્યોમાં ને પશુમાં કાંઈ પણ ભેદ નથી ૬. વળી નીલકંઠવર્ણીએ રામાનંદ સ્વામીને લખેલ પત્રમાં જણાવ્યું છેઃ ધર્મે રહિત તથા ભક્તિએ રહિત એવા પણ મનુષ્યોને, મનુષ્યદેહ પ્રાપ્ત થયો હોય તો પણ તે પશુ જેવો જ છે.

શ્રી ભા. પંચમસ્કંધ અ. ૫માં, ઋષભદેવ ભગવાન પોતાના પુત્રોને ઉપદેશ આપતાં કહે છેઃ—

**नायं देहो देहभाजां नृलोके कष्टान्कामानर्हते विड्भुजां ये[१] ।**
**तपो दिव्यं पुत्रका येन सत्त्वं शुध्येद्यस्माद्ब्रह्मसौख्यं त्वनंतम् ॥**

હે પુત્રો! આ મનુષ્યલોકમાં, દેહધારી પ્રાણીઓના મધ્યે જે આ મનુષ્યનો દેહ છે, તે 'कष्टान्' કહેતાં, શાસ્ત્રનિષિદ્ધ વિષય ભોગવવાથી પ્રાણીઓને જે નરકચોરાસીનાં કષ્ટ ભોગવવાં પડે છે, એવા દુઃખદાયી પંચવિષયના ભોગસુખને અર્થે નથી; કેમ કે વિષયભોગસુખ છે, એ તો વિષ્ટા ખાનારાં શ્વાન-શૂકરાદિકને પણ મળે છે; માટે તેનો ત્યાગ કરીને મનુષ્યદેહે 'દિવ્યતપ કરવું,' એટલે ઇંદ્રિયોને વિષયમાંથી પાછી વાળીને ભગવાનની મૂર્તિમાં જોડવી, જેણે કરીને અંતઃકરણ શુદ્ધ થાય; અર્થાત્ જીવાત્મા પોતે વિષયવાસના

થકી મુક્ત થઈને, અનંત અપાર એવું પરમાત્માના સ્વરૂપ સંબંધી સુખ તેનો ભોક્તા થાય માટે હે પુત્રકાઃ! હે મારા વહાલા પુત્રો! તમારે એવી દિવ્ય પ્રાપ્તિ કરવી, પણ વિષયાસક્ત ન રહેવું; અર્થાત્ જે મનુષ્યો વિષયમાંથી મનને પાછું વાળીને ભગવાનની મૂર્તિમાં રાખે છે તે મનુષ્યો ભગવાનની મૂર્તિના સુખભોક્તા થાય છે ૭.

વળી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંદ, અ. ૯માં પણ, દત્તાત્રેય, યદુરાજાને અને શ્રીકૃષ્ણ ભગવાન, ઉદ્ધવજીને કહે છેઃ—

**लब्ध्वा सुदुर्लभमिदं बहुसंभवांते**
**मानुष्यमर्थदमनित्यमपीह धीरः[२१] ।**
**तूर्णं यतेत न पतेदनुमृत्यु यावन्**
**निःश्रेयसाय विषयः खलु सर्वतः स्यात् ॥ ८ ॥**

'इह' આ લોકને વિષે; 'धीरः' કહેતાં અંતઃશત્રુથી પરાભવ ન પામનારા-ધીરજવાળાં એવાં પુરુષ તથા સ્ત્રી તેમને; 'इदं' આ મનુષ્યશરીર છે તે 'अर्थद' છે; એટલે, મનુષ્યદેહે કરીને ધર્મ, અર્થ, કામ ને મોક્ષ —આ ચાર પુરુષાર્થ સિદ્ધ કરાય છે; ને 'अनित्य' અર્થાત્ ક્ષણભંગુર છે અને નાશ થયા પછી પ્રાપ્ત થવું અતિ દુર્લભ છે; એટલે ઘણા જન્મને અંતે પ્રાપ્ત થાય છે. એવા મનુષ્યદેહને પામીને જ્યાં સુધી પાછળ આવતો મૃત્યુકાળ પ્રાપ્ત થયો નથી, તેટલા સમયમાં જ 'निःश्रेयसाय' કહેતાં, મોક્ષ સિદ્ધ કરવા માટે તત્કાળ પ્રયત્ન કરવો; પણ કેવળ વિષયભોગમાં બંધાઈ જઈને, મોક્ષપ્રાપ્તિ વ્યર્થ થવા દેવી નહિ; કેમ કે કામોપભોગ આદિ વિષયસુખ

તો, 'સર્વતઃ' એટલે પશુ આદિ યોનિમાં સર્વત્ર પ્રાપ્ત થાય છે; પરંતુ **'મોક્ષ તો મનુષ્યદેહે જ થાય છે.'** (મનુષ્યદેહનું એ જ દુર્લભપણું છે.) માટે મોક્ષ પ્રાપ્ત કરે, એ જ ધીર ને જ્ઞાની છે ૮.

## શંકાનું સમાધાન

શ્રીજીમહારાજે મૂળશ્લોકમાં શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનું કહ્યું છે, પરંતુ પોતાની ભક્તિ કરવાનું કહ્યું નથી તેનું કેમ સમજવું? તો અહીં શ્રી સહજાનંદ સ્વામી પરોક્ષ અર્થમાં જેને શ્રીકૃષ્ણ કહે છે તે પોતાને જ કહે છે, ને પોતાની જ ભક્તિ કરાવવી એવો અભિપ્રાય છે; એવું તેમનાં અન્ય વચનથી જણાય છે. તે શ્રીહરિએ, સ. ભૂ. અંશ. ૨, અ. ૩૯માં પોતાના ભક્તજનોને આ પ્રમાણે કહ્યું છેઃ–

**महाविष्णवंडसार्थानामनंतकोटीनामहम्[३१] ।**
**अंतर्याम्यस्मि तेषां वा आश्रयश्चापि मत्प्रिया ॥ ९ ॥**
**तस्य ममाश्रयं मुक्त्वाऽन्याश्रयं चेद्गृहीष्पथ[३७] ।**
**यूयं महाशयुः कालः स वो नूनं गलिष्यति ।**
**यो ब्रह्मांडानि युगपद्गिलत्यनेक कोटिशः ॥ १० ॥**

'मत्प्रियाः' એટલે મને પ્રિય એવા હે ભક્તજનો! અનંતકોટી મહાવિષ્ણુરૂપ બ્રહ્માંડના સમૂહ છે તેનો અંતર્યામી હું જ છું. અને તે બ્રહ્માંડનો આધાર પણ હું સહજાનંદ સ્વામી છું ૯. તે તમે મારો આશ્રય મૂકી દઈને, મારા સિવાય અન્યનો આશ્રય ગ્રહણ કરશો, તો મારી કાળશક્તિરૂપ અજગર છે તે તમને નિશ્ચે, ગળી જશે. જે મારી શક્તિરૂપ કાળ છે, તે અનેકકોટી બ્રહ્માંડને એક સાથે ગળી જાય છે;

અર્થાત્ એ સર્વેનો પ્રલય કરી નાખે છે ૧૦. આવી રીતે શ્રી સહજાનંદ સ્વામી પોતાની જ ભક્તિ કરવાનું કહે છે.

## પતિવ્રતાની દૃઢ નિષ્ઠા

વળી અનાદિ કૃષ્ણનામક પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને વિષે જ પ્રતિવ્રતાની દૃઢ નિષ્ઠા રાખવી. તે મુક્તાનંદમુનિએ સ્વરચિત સ્તોત્રમાં, તેમ જ સ. ભૂ. અ. ૫, અ. ૯માં કહ્યું છેઃ—

**पतिं प्राप्य प्रियं धार्मिं कृष्णं ब्रह्मपुरेश्वरम् ।**
**कुर्यां चेदितरासक्तिं ज्ञेयो नीचोऽत्र सर्वत ॥ ११ ॥**

બ્રહ્મપુરનામક પોતાના પ્રકાશપુંજરૂપ અક્ષરધામના ધામી અને ભક્તિ-ધર્મના પુત્ર તથા મને અતિશય પ્રિય એવા અનાદિ કૃષ્ણ જે શ્રી સહજાનંદ સ્વામી, તેમને પતિરૂપે પામીને જો એમના વિનાના બીજાને વિષે હું પ્રીતિ કરું, તો મને આ લોકમાં જ સર્વ થકી નીચ જાણજો ૧૧.

## સર્વપ્રકારે એટલે શું?

હવે મૂળશ્લોકમાં ‘સર્વથા’ એટલે સર્વપ્રકારે ભગવાનની ભક્તિ કરવી —એમ કહ્યું છે, તેનું કેમ સમજવું? તો સર્વે સંત, સ. જી. પ્ર. ૨, અ. ૩૩માં નીચે પ્રમાણે, શ્રીજીમહારાજની પ્રાર્થના કરે છે તેમાં ‘સર્વથા’ શબ્દનું રહસ્ય આવી જાય છે.

**मनसा वचसा वपुषा च हरे भवतः स्म वयं भवतः स्म वयम्[५४] ।**
**त्वदृते न परागतिरस्ति हि न स्तव दर्शनमस्तु पुनस्त्वरितम् ॥ १२ ॥**

હે હરે! મન, વચન ને દેહે કરીને અમે તમારા છીએ

-તમારા છીએ. તમારા વિના અમારે બીજી ગતિ નથી; તમે જ અમારી પ્રાપ્તિ છો. અમે તમારા વચને દેશાંતરમાં જઈએ છીએ પણ, અમને ફરીથી તમારાં દર્શન જલદી થાય તેવી દયા કરજો ૧૨.

શ્રીહરિએ પોતાના દીક્ષાગુરુ રામાનંદ સ્વામી પાસે વરદાન માગતાં, સ. જી. પ્ર. ૧, અ. ૫૯માં આ પ્રમાણે કહ્યું છેઃ—

**वाणी मे गुणकीर्तने भगवतः कर्णौ कथायाः श्रुतौ[८६]**
**सेवायां च भुजौ स्मृतौ च हृदयं भूयाद्दृशौ लोचने ।**
**कृष्णार्थैव मम क्रियाऽस्तु सकला शारीरिकी मानसी**
**दुःसंगः क्वचनापि मास्त्विह विभो! देहि त्वमेतान्वरान् ॥ १३ ॥**

હે વિભો! મારી વાણી ભગવાનના ગુણ-કીર્તનમાં, મારા કાન ભગવાનની કથા શ્રવણમાં, મારા હાથ ભગવાનની સેવામાં, મારું ચિત્ત ભગવાનના ચિંતવનમાં અને મારાં નેત્ર ભગવાનના દર્શનમાં સદા પ્રવૃત્ત રહો-ટૂંકમાં મારી શારીરિક તથા માનસિક સર્વ ક્રિયાઓ, ભગવાનના સંબંધવાળી રહો. અને શ્રીકૃષ્ણ ભગવાનના સંબંધ વિનાના સંગરૂપી કુસંગ તે, મને ક્યારેય થાઓ નહિ; આ વર તમે મને આપો. ૧૩, આવી રીતે મન, વચન ને દેહે કરીને ભક્તિ કરવી, અને આત્માને શ્રીજીસ્વરૂપમાં જ એકાત્માભાવે જોડી દઈને મૂર્તિમાં નિમગ્ન રહેવું. —આમ સર્વ પ્રકારે ભક્તિથી શ્રીહરિનો સાક્ષાત્ સંબંધ થાય છે.

## ભક્તિ એ જ કલ્યાણકારી સાધન

વળી મૂળશ્લોકમાં કહ્યું છે કે, 'ततोऽन्यन्नेतिदृश्यताम्' તે

ભક્તિ થકી બીજું કલ્યાણકારી સાધન કાંઈ પણ નથી. આ જ સિદ્ધાંત શ્રી ભા. સ્કં. ૧૦, અ. ૪૭માં પણ નિરૂપણ કરેલો છે. તે કહ્યું છેઃ–

**दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः**[२४] **।**
**श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यते ॥ १४ ॥**

દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય અને નિયમ એ સર્વ **'સાધને કરીને'** તથા તે વિના બીજાં મોક્ષનાં સાધન જે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ તેણે કરીને, શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ સિદ્ધ કરવી ૧૪. આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, સાધનને ભક્તિદ્વારે ભગવાનનો સંબંધ છે અને ભક્તિને તો સાક્ષાત્ ભગવાન સાથે સંબંધ છે. એ હેતુથી પ્રકટ પ્રભુની ભક્તિ જ, ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય થકી બળવાન છે.

શ્રી. ભા. સ્કં. ૪, અ. ૩૧માં નારદજીનું પણ વચન છેઃ–

**तज्जन्म तानि कर्माणि तदायुस्तन्मनो वचः**[१] **।**
**नृणां येनेह विश्वात्मा सेव्यते हरिरीश्वरः ॥ १५ ॥**

મનુષ્યને જે દેહ પ્રાપ્ત થયો હોય, તેણે કરીને જો વિશ્વાત્મા શ્રીહરિ ભગવાનની ભક્તિ કરવામાં આવે, તો એ મનુષ્યજન્મ મોક્ષપ્રદ હોઈ સાર્થક છે. જે કર્મે કરીને ભગવાન ને ભગવાનના ભક્તની સેવા થાય તે કર્મ-તે ક્રિયા, ભક્તિરૂપ હોઈ સાર્થક થાય છે. વળી ભગવાનનાં કથા-કીર્તન કરતાં, જેટલું આયુષ્ય વ્યતીત થાય એટલું જ આયુષ્ય સફળ છે. તેમ જ જે મનની વૃત્તિ શ્રીહરિની મૂર્તિમાં રહે, અને જે વાણીએ કરીને ભગવાન તથા ભગવાનના ભક્તના ગુણગાન થાય, એ

જ મન અને વાણી સફળ છે ૧૫.

વળી એ જ સ્કંધ ને અધ્યાયમાં નારદજી કહે છેઃ—

**किं जन्मभिस्त्रिभिर्वेह शौक्लसावित्रयाज्ञिकैः[१०] ।**
**कर्मभिर्वा त्रयीप्रोक्तैः पुंसोऽपि विबुधायुषा ॥ १६ ॥**
**श्रुतेन तपसा वा किं वचोभिश्चित्तवृत्तिभिः[११] ।**
**बुद्धया वा किं निपुणया बलेनेन्द्रियराधसा ॥ १७ ॥**
**किं वा योगेन सांख्येन न्यासस्वाध्याययोरपि[१२] ।**
**किं वा श्रेयोभिरन्यैश्च न यत्रात्मप्रदो हरिः ॥ १८ ॥**

'आत्मप्रदः' કહેતાં પોતાના ભક્તને, આત્મા જે પોતાની મૂર્તિ તેને પ્રાપ્ત કરાવનારા એવા શ્રીહરિ તે, જે જન્મે કરીને પ્રાપ્ત ન કરી શકાય તેવા ત્રણ પ્રકારના જન્મે કરીને પણ શું? કાંઈ પણ અર્થ નથી. તે જન્મ કયા? તો શુદ્ધ માતા-પિતા થકી જન્મ, તે પ્રથમ, શૌકલ જન્મ કહ્યો છે. ગુરુ થકી જનોઈ લેવી, એ બીજો, સાવિત્ર જન્મ છે. અને યજ્ઞમાં દીક્ષા લેવી, એ ત્રીજો, યાજ્ઞિક જન્મ છે. આ ત્રણ પ્રકારના જન્મ છે તેણે કરીને શ્રીહરિને ઓળખ્યા નહિ, તો તે જન્મ વૃથા છે અને વેદાદિ શાસ્ત્રમાં કહ્યા એવા યજ્ઞાદિના વિધિરૂપ કર્મકાંડ ભણ્યો પણ ભગવાનની પ્રાપ્તિ થઈ નહિ, તો તેણે કરીને શું? દેવતાના જેટલી લાંબી આયુષ્ય ભોગવી, શાસ્ત્ર સાંભળ્યાં, પંચાગ્નિ તાપ્યો, વાણીને વશ રાખી, ચિત્તની વૃત્તિ એકાગ્ર કરી, બૃહસ્પતિના જેવી બુદ્ધિ પ્રાપ્ત થઈ, હિરણ્યકશિપુ જેવાં શારીરિક બળ-ઐશ્વર્ય પ્રાપ્ત થયાં હોય, સર્વે કળા-કારીગરી આવડતાં હોય, અષ્ટાંગયોગ સિદ્ધ કર્યો હોય, સકળ સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હોય, સાંખ્યજ્ઞાન દૃઢ કર્યું હોય, સંન્યાસ લીધો

હોય, વેદના પાઠ કર્યા હોય તથા બીજાં પણ જે જે મોક્ષનાં સાધન છે તે કર્યાં હોય, તો પણ જો તેણે કરીને શ્રીહરિ પ્રાપ્ત થયા નહિ તો તેણે શું કર્યું? કાંઈ કર્યું નથીઃ સર્વે નિરર્થક છે ૧૬-૧૮. માટે સત્સંગથી પ્રકટ ભગવાનને ઓળખી, તેમની ભક્તિ કરવી —એ જ કલ્યાણકારી સાધન છે.

પ્રકટ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુને વિશે, ભક્તિ વિના મેરુ જેટલાં કરેલાં સાધન પણ, અણુ જેટલાં-અતિ અલ્પ ફળ આપનારાં થાય છે. અને પ્રકટ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુને વિષે ભક્તિભાવથી તેમની પ્રસન્નતાને અર્થે કરેલું થોડું પણ સાધન, તે ચિંતામણિ તુલ્ય ફળ પ્રાપ્ત કરાવનારું થાય છે. આવા હેતુથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિ તથા માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી એકાંતિકી ભક્તિ, —એ જે શ્રીજીમહારાજની પ્રસન્નતાનાં સાધન છે તેને દૃઢ કરીને રાખવાં —એ જ શ્રીહરિને પ્રસન્ન કરવાનો ઉપાય છે. ઈતિ શ્લો. ૧૧૩.

## શિ○ શ્લો○ ૧૧૪

(ગુણવાન પુરુષના ગુણોનું ફળ)

**गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।**
**कृष्णे भक्तिश्च सत्सङ्गोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥ १ ॥**

**અને વિદ્યાદિક ગુણવાળા જે પુરુષ, તેમના ગુણવાનપણાનું એ જ પરમ ફળ જાણવું, કયું? તો જે શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી, ને સત્સંગ કરવો. અને એમ**

**ભક્તિ ને સત્સંગ —એ બે વિના તો, વિદ્વાન હોય તે પણ અધોગતિને પામે છે ૧૧૪.**

## પરોક્ષાર્થ

'ગુણિનામ્' એટલે ગુણિયલ અર્થાત્ સાંખ્યવિચાર, અષ્ટાંગયોગ, યજ્ઞ, જપ, તપ, વ્રત, વેદાધ્યયન, શાસ્ત્રપઠન, યમ-નિયમ, ત્યાગ-વૈરાગ્ય ઇત્યાદિ અનેક ગુણે યુક્ત હોય; પરંતુ તે સર્વે ગુણો હોવાનું પરમ ફળ શું છે? તો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે ભક્તિ કરવી અને સત્સંગ કરવો. સત્સંગને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં, ઉપર જણાવેલા સર્વ કલ્યાણનાં સાધનોના ફળરૂપ કહેલો છે; એટલું જ નહિ પરંતુ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તો કહે છેઃ હું જેવો સત્સંગથી વશ થઉં છું, તેવો અષ્ટાંગયોગ, સાંખ્યવિચાર, શાસ્ત્રપઠન, તપ, ત્યાગ, યોગ, યજ્ઞ ને વ્રતાદિકે કરીને પણ વશ થતો નથી. સત્સંગથી જ ભક્તિ ઉદય થાય છે. સત્સંગ જ ભક્તિની અભિવૃદ્ધિ કરનાર છે. વળી શ્રીજીમહારાજે ગઢડા અંત્ય પ્રકરણના બીજા વચનામૃતમાં —સત્સંગ ને સર્વ સાધનના ફળરૂપને કલ્યાણનું કારણ કહેલ છે.

## પ્રત્યક્ષાર્થ

મૂળશ્લોકમાં 'શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ તથા સત્સંગ' કરવાનું કહ્યુંઃ તે અહીં પ્રત્યક્ષાર્થમાં 'શ્રીકૃષ્ણ' એટલે અનાદિ કૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ ભગવાનને જાણવા.

'કૃષ્ણે' —એટલે કારિયાણીના ૧૦મા વચનામૃતમાં કહ્યા પ્રમાણે-બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તેમ જ પ્રકૃતિપુરુષ, બ્રહ્મ

ને અક્ષર એ સર્વેના નિયંતા; તથા ગઢડા મધ્ય પ્ર.ના ૧૩મા વચનામૃતમાં, —જે એકરસ તેજને આત્મા, બ્રહ્મ ને અક્ષરધામ નામે કહેલ છે તે બ્રહ્મના પણ આધાર; અને લોયાના ૧૦મા વચનામૃતમાં, —સર્વાત્માબ્રહ્મ, તેમ જ અક્ષર તથા અનંતકોટી મુક્ત કહેલ છે, તેમના પણ આત્મા, આધાર ને નિયામક; અને વળી માર્કંડેયમુનિએ જેમનાં કૃષ્ણ, હરિકૃષ્ણ આદિ નામ પાડ્યાં છે, એવા ભક્તિધર્મના પુત્ર શ્રી સ્વામિનારાયણ ભગવાન, તેમને વિષે ભક્તિ કરવી, અને તે ભક્તિના ઉદ્ભવ, પોષણ ને રક્ષણ માટે સત્સંગ કરવો —આવો શ્રીહરિજીનો અભિપ્રાય છે.

## ભક્તિનું લક્ષણ

હવે 'ભક્તિ' એટલે, શ્રીહરિને વિષે જ માહાત્મ્યજ્ઞાને સહિત ઘણો સ્નેહ થાય —એને સ્નેહરૂપ ભક્તિ કહી છે. તે સ્નેહનું રૂપ, શ્રીહરિએ ગઢડા પ્રથમ પ્ર.ના ૪૪મા વચનામૃતમાં આ પ્રમાણે કર્યું છેઃ ''ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે એનું નામ સ્નેહ કહીએ, ને જે ભક્તને પરિપૂર્ણ ભગવાનને વિષે સ્નેહ હોય તેને એક ભગવાન વિના બીજો સંકલ્પ જ ન થાય.''

વળી શ્રીજીમહારાજે સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં ભક્તિનું સ્વરૂપ આ પ્રકારે કહેલું છેઃ—

**तदीय माहात्म्यविबोधपूर्वं स्वभावतो वृत्ति-**
**रविच्युता या[१०] । सप्रेम तस्मिन्सकलेन्द्रियाणां**
**सा भक्तिरुक्ता नवधाऽस्ति साऽपि ॥ १ ॥**

ભગવાનની મૂર્તિમાં ભગવાનના માહાત્મ્યજ્ઞાનપૂર્વક,

સર્વ ઇંદ્રિયો —અંતઃકરણની સ્વાભાવિક અખંડિત પ્રેમે સહિત જે વૃત્તિ (રહે), તે ભક્તિ કહેલી છે. અને તે ભક્તિ નવ પ્રકારની છે ૧.

## સત્સંગનું લક્ષણ

હવે 'સત્સંગ' એટલે એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્ત —એવા સત્પુરુષને વિષે, આત્મબુદ્ધિરૂપ સત્સંગ કરવો. અને એ 'ભક્તિ તથા સત્સંગ' એ બે વિના તો 'વિદ્વાન' હોય; એટલે શાસ્ત્રવેત્તા હોય ને ધર્મ, આત્મજ્ઞાન, વૈરાગ્યાદિનાં લક્ષણ જાણતો હોય તો પણ તે **'અધોગતિ'** પામે છે; અર્થાત્ અક્ષરધામ થકી ઓરાં જે બીજાં ધામ તેને, અથવા દેવલોકને પામે છે.

સત્સંગનું લક્ષણ શ્રીહરિએ સ. જી. પ્ર. ૩, અ. ૨૨માં નીચે પ્રમાણે કહેલું છેઃ—

**सच्छब्देन परंब्रह्म साधवश्च तदाश्रिताः[४] ।**
**प्रोक्तास्तदीयो धर्मश्च शास्त्रं चैतत्त्रिकाश्रयम् ॥ २ ॥**

શ્રીહરિએ **'સત્'** શબ્દથી પ્રતિપાદન કરવા ઇચ્છેલી આ ચાર બાબતો છેઃ પરબ્રહ્મ પ્રકટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને 'સત્' શબ્દથી કહેલ છે[૧]. તેમના આશ્રિત ધર્મવાળા સાધુ તેમને 'સત્' શબ્દથી કહ્યા છે[૨] તથા તે શ્રીહરિના જ સંબંધવાળો (ભાગવત) ધર્મ 'સત્' શબ્દથી કહ્યો છે[૩]. અને એ ત્રણને અવબોધ કરનારું જે શાસ્ત્ર તે 'સત્' શબ્દે કરીને કહેવાય છે[૪] ૨.

હવે એ ચારેયના સંગનું વિવરણ આ પ્રમાણે છેઃ ધામમાં રહેલી ભગવાનની મૂર્તિ જેમ દિવ્ય ને કલ્યાણકારી છે, તેમ જ

મનુષ્યમૂર્તિ તથા પ્રતિમા-મૂર્તિ પણ દિવ્ય ને કલ્યાણકારી છે, એમ જાણી શ્રીહરિની નવપ્રકારે ભક્તિ કરવી ને તેમનું નિરંતર ધ્યાન કરવું, એ **'ભગવાનનો સંગ[૧]'** કર્યો કહેવાય. ને સંતની સેવા કરવી તથા તેમના થકી આજ્ઞાપાલનની રીત તેમ જ ધ્યાન શીખવાં, તે **'સાધુનો સંગ[૨]'** કર્યો કહેવાય. ને ધર્મને વિષે સ્થિતિ કરવી; પરંતુ આપત્કાળમાં પણ ધર્મનો ત્યાગ ન કરવો, તે **'ધર્મનો સંગ[૩]'** કર્યો કહેવાય. અને વચનામૃત આદિ શાસ્ત્રનું વાંચન, શ્રવણ, મનન, નિદિધ્યાસ રાખવાં —એ **'શાસ્ત્રનો સંગ[૪]'** કર્યો કહેવાય. આવી રીતે એ ચારનો સંગ કરવો —એનું નામ **'સત્સંગ'** કહેવાય છે.

## સાધનનું તથા ભક્તિનું ફળ

સત્સંગિજીવન પ્ર. ૨, અ. ૫૧માં શ્રીહરિ કહે છેઃ—

**सांख्येन योगेन मखैस्तपोभिः संन्यासवेदव्रतभूरिदानैः[२६] ।**
**प्रीत्यै हरेः प्राग्विहितैर्लभन्ते भक्तिं तदीयां नवधा प्रसिद्धाम् ॥**

જેમણે પૂર્વે અનેક જન્મમાં દાન, યજ્ઞ, સંન્યાસ, વેદાધ્યયન, વ્રત, સાંખ્યાભ્યાસ, યોગાભ્યાસ આદિક અનેક સાધનો, કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે કર્યાં હોય, તેમને જ આ પ્રકટ **'શ્રી સ્વામિનારાયણ ભગવાનની નવધા ભક્તિ'** આ જન્મમાં પ્રાપ્ત થાય છે (આ સાધનનું ફળ છે) ૩. હવે શ્રીહરિ, એ જ અધ્યાયમાં પોતાની ભક્તિનું ફળ કહે છેઃ—

**तस्या अपीदं परमं फलं यत्स्नेहो भवेद्गाढतरो हि कृष्णे[२७] ।**
**यावन्न स स्याद्भजतां च तावद्भक्तिर्बुधैरङ्कुरितेति बोध्यम् ॥**

એ શ્રવણાદિ નવવિધ ભક્તિનું પરમ ફળ **'ભગવાનમાં ગાઢતર સ્નેહ'** થાય એ જ છે; જ્યાં સુધી ગાઢતર સ્નેહ

ભગવાનમાં ન થાય ત્યાં સુધી, એ ભક્તિ અંકુરરૂપ છે; અર્થાત્ આરંભદશામાં છે એમ જાણવું ૪. અને એવી દૃઢતર માહાત્મ્યજ્ઞાને સહિત પ્રેમરૂપા એકાંતિક ભક્તિનું લક્ષણ, શિ. શ્લો. ૧૦૩માં પ્રથમ કરેલું છે તો તેનું અનુસંધાન કરવું.

## સત્પુરુષના સમાગમરૂપ સત્સંગનું માહાત્મ્ય

સ. ભૂ. અંશ ૩, અં. ૨૩માં, બ્રહ્મા તથા શંકર શ્રીહરિની પ્રાર્થના કરે છેઃ—

**प्रेमा विभोऽस्य च मुनेस्त्वयि यादृगस्ति**[५०]
**नित्यं च नो त्वयि यथैव भवेत्स तादृक् ।**
**इदृक् सतामजित रक्ष समागमे नो**
**वेतज्जगज्जनिलयौ परतस्तु देहि ॥ ५ ॥**

હે વિભો! આ સચ્ચિદાનંદમુનિને તમારે વિષે જેવો નિરંતર પ્રેમ છે તેવો પ્રેમ, તમારે વિષે અમને જે પ્રકારે થાય, તે પ્રકારે સચ્ચિદાનંદમુનિ જેવા સત્પુરુષના સમાગમમાં અમને રાખો. હે અજિત! અને આ વિશ્વની ઉત્પત્તિ કરવી તથા પ્રલય કરવો —એ અમારો અધિકાર તે અન્યને આપો; કેમ કે તે કરવામાં અમને રુચિ નથી ૫. વળી કહે છેઃ—

**यत्संगमेन भगवन्! विषयप्रसक्ताः**[५१]
**सद्यो भवंत्यपि ततोऽत्र जनाः विमुक्ताः ।**
**तन्मघ्यगौ शुचि तदंघ्रिजुषौ कदा वां**
**घ्यास्याव इश विजनाद्भवि भिक्षमाणौ ॥ ६ ॥**

(સ. ભૂ. અંશ ૩, અ. ૨૩)

હે ભગવન્! જે સંતના સમાગમે કરીને આ લોકમાં, વિષયની વાસનાવાળા જનો પણ તરત જ નિર્વાસનિક થઈ

જાય છે; તેવા સંતના મધ્યમાં રહીને, પવિત્ર એવા તે સંતના ચરણની સેવા કરતાં-કરતાં, પૃથ્વીને વિષે ભિક્ષાવૃત્તિ કરીને જીવન વ્યતિત કરવાપૂર્વક, અમે એકાંતે બેસીને તમારું અખંડ ધ્યાન કરીએ એવી કૃપા કરો ૬.

**यत्सेवयाऽस्य सकलाः किल भक्तिमार्गे[५२]**
**नश्यंति कान्त बहु विघ्नकराश्च दोषाः ।**
**सत्संगिनः परं यथा परिचारका नै-**
**वावां महानियतयोऽविरतं च तेषाम् ॥ ७ ॥**

(સ. ભૂ. અંશ ૩, અ. ૨૩)

અને હે કાંત! હે સ્વામિન્! જે સંતની સેવાએ કરીને આ ભક્તજનોને, ભક્તિ કરવામાં બહુ વિઘ્ન કરનારા જે લોભ-કામાદિ દોષ છે, તે સર્વે નિશ્ચે જ નાશ પામે છે. એવા મોટા ભાગ્યશાળી આ સત્સંગીઓ, જે પ્રકારે તે સંતોના સેવક થઈને નિત્યે સેવા કરે છે, તે પ્રકારે અમારે સંતના સેવક થવાતું નથી; કેમ કે સત્સંગીના જેવાં અમારાં ભાગ્ય નથી; અને તેથી જ અમને સંતની સેવા પ્રાપ્ત થતી નથી. માટે કૃપા કરીને સંતનો સમાગમ ને સેવા અમને આપો.

## શ્રીહરિમાં પ્રીતિ એ જ દુર્લભપણું

શ્રીજીમહારાજ હવે સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં, પોતાને વિષે પ્રીતિનું દુર્લભપણું બતાવે છેઃ—

**यदि रतिः सुदृढा न हरौ भवेद्गुणगणैरपरैर्निभृतैश्च किम्[४१] ।**
**यदि च सा भवतीह तदाऽपरैरनुदितैरुदितैरपि किं फलम् ॥ ८ ॥**

જો ભગવાનમાં સુદૃઢ એવી પ્રીતિ પ્રાપ્ત-ઉદય થઈ નથી, તો બીજા સંપાદન કરેલા ત્યાગ-વૈરાગ્યાદિ ગુણો વડે

કરીને શું ફળ છે? કાંઈ પણ નથી. અને જો સુદૃઢ પ્રીતિ શ્રીહરિ એવો હું, તે મારે વિષે પ્રાપ્ત થઈ છે ને બીજા આત્મદર્શન, પરકાયપ્રવેશ, વચનસિદ્ધિ આદિ ગુણ પ્રાપ્ત નથી થયા, તો પણ તેવા પ્રેમી ભક્તને કાંઈ પણ અપૂર્ણપણું રહેતું નથી; અર્થાત્ પ્રેમવાન ભક્તમાં સર્વે આત્મનિષ્ઠાદિ ગુણનો પ્રવેશ સહેજે જ થાય છે ૮.

તે ગઢડા પ્રથમ પ્ર.ના ૬૨મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છેઃ– ''જેને દૃઢ નિશ્ચયે કરીને ભગવાનના સ્વરૂપનો સંબંધ થાય છે તેને વિષે ભગવાનના કલ્યાણકારી ગુણ આવે છે.'' તેમ જ ગઢડા અંત્ય વચ. ૨૨માં-''જેને પ્રેમલક્ષણા ભક્તિનું અંગ આવે તેને પંચવિષયને વિષે પ્રીતિ ટળી જાય છે અને આત્મનિષ્ઠા રાખ્યા વિનાની જ રહે છે;'' અર્થાત્ શ્રીજીની મૂર્તિ વિના અન્ય ઇચ્છા રહેતી નથી.

સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં વળી શ્રીહરિ કહે છેઃ–

**बहुजनुर्भ्रमणोत्तरलम्भितां नरतनुं समवाप्य सुरेप्सिताम्[४३] ।**
**मतिमतामिदमेव मतेः फलं विषयतो विरतिश्च हरौ रतिः ॥**

ઘણા જન્મના ભ્રમણને અંતે પ્રાપ્ત થયેલી, સુરવાંછિત એવી મનુષ્યતનુ, તેને પામેલા બુદ્ધિવાળા જે પુરુષો તેમની બુધ્નિું આ જ પરમ ફળ છે કે, માયિક વિષયસુખને દુઃખદાયી, દોષરૂપ ને નાશવંત જાણી તેમાંથી વૈરાગ્ય પામવું. અને 'हरौरतिः' કહેતાં, 'અનાદિ શ્રીકૃષ્ણ' જે ભક્તિધર્મના પુત્ર, પ્રકટ, પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ એવો હું, તે મારે વિષે જ પ્રીતિ કરવી ૯.

વળી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ.૧૧માં પણ

કહ્યું છેઃ—

**शब्दब्रह्मणि निष्णातो न निष्णायात्परे यदि[१८] ।**
**श्रमस्तस्य श्रमफलो ह्यधेनुमिव रक्षत ॥ १० ॥**

'શબ્દબ્રહ્મ' જે વેદાદિ સચ્છાસ્ત્ર તેમાં, 'નિષ્ણાત' એટલે પારંગત છે, પણ જો 'परे' કહેતાં, પરબ્રહ્મ પરમાત્માને વિષે જ્ઞાન-ધ્યાને કરીને સાક્ષાત્કાર કર્યો નથી, તો તેનો શાસ્ત્રાભ્યાસ 'अधेनु' એટલે નહિ પ્રસવતી એવી ગાયના રક્ષણતુલ્ય છે; અર્થાત્ નિષ્ફળ છે ૧૦.

વળી ચાણક્યનું પણ વચન છેઃ—

**श्रुतं यन्न विरागाय न धर्माय न शान्तये ।**
**किं तेन पठितेनापि काकवाशितमेव तत् ॥ ११ ॥**

શાસ્ત્રનું અધ્યયન કર્યું હોય, શ્રવણ કર્યું હોય પણ, જો તે અધ્યયન-શ્રવણથી મનુષ્યને વૈરાગ્ય ઉદય થાય નહિ, ધર્મને વિષે સ્થિતિ થાય નહિ, તેમ જ આત્મા-પરમાત્મા સન્મુખ વૃત્તિ વળે નહિ; અર્થાત્ આત્મામાં શાંતિ થાય નહિ, તો શાસ્ત્રનું શ્રવણ-અધ્યયન તેણે જે કર્યું તે કાગડાના બોલવા જેવું વ્યર્થ જાણવું ૧૧.

સ. ભૂ. અંશ. ૨, અ. ૫૦માં પણ કહ્યું છેઃ—

**भक्त्याऽपेतो हरेर्यः स्यात्तन्ना च याऽबला यदि[१९] ।**
**वेदाध्येताऽपि भक्तेन त्याज्यः संगस्तयोः प्रभो ॥ १२ ॥**

સર્વ વેદનો ભણેલો પુરુષ હોય તો પણ શ્રીહરિ સહજાનંદ સ્વામી એવો હું, તે મારી ભક્તિથી જો રહિત હોય, તેમ જ ભક્તિ રહિત જે સ્ત્રી હોય, તે બંનેનો મારા આશ્રિતોએ સર્વથા ત્યાગ કરવો ૧૨. વળી એ જ અંશ ને અધ્યાયમાં

શ્રીહરિ કહે છેઃ—

**यमाश्रित्याऽधमोऽप्यत्र पूज्यतां महतां जनः[५] ।**
**निद्यंतेऽर्हंति नो हीना ययाऽपि कादयो नृभि ॥ १३ ॥**

ભક્તિનો આશ્રય કરનાર અધમજન પણ, આ બ્રહ્માંડમાં મોટા બ્રહ્માદિકે પણ પૂજવા યોગ્ય થાય છે; અને ભક્તિથી રહિત બ્રહ્માદિક હોય તો પણ તેની મનુષ્યો નિંદા કરે છે ૧૩.

શ્રીહરિએ, હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૩માં પણ કહ્યું છેઃ—

**श्रद्धायुजैकया भक्त्या ग्राह्योऽहं सज्जनप्रियः[२६] ।**
**सर्वान्पुनाति मद्भक्तिर्नीचजात्युद्भवानपि ॥ १४ ॥**
**धर्मसत्यतपोमुख्यैर्युक्तमप्युत्तमैर्गुणैः[२७] ।**
**मद्भक्त्या वर्जितं सम्यक् पावयन्ति न ते गुणाः ॥ १५ ॥**

શ્રદ્ધાવાન પુરુષની ભક્તિથી, સજ્જનોને પ્રિય એવો હું તે પ્રાપ્ય બનુ છું. નીચ જાતિમાં ઉત્પન્ન થયેલા સર્વજનોને પણ, મારી ભક્તિ પવિત્ર કરે છે ૧૪. ધર્મ, સત્ય, તપ વગેરે ઉત્તમ ગુણે યુક્ત હોય તો પણ તે, સહજાનંદ સ્વામી એવો હું, તે મારી ભક્તિએ રહિત હોય તો, તે ગુણો તેને યથાર્થ રીતે પવિત્ર કરતા નથી ૧૫. વળી તે પછી શ્લો. ૨૮માં શ્રીહરિએ પ્રીતિનું લક્ષણ જણાવતાં કહ્યું છેઃ—

**प्रेमोत्पुलकविद्राविचेतोबाष्पान् विना कथम् ।**
**स्याद्भक्तिस्तामृते चित्तं नृणां शुद्धं भवेत्कथम् ॥ १६ ॥**

પ્રેમ, રોમાંચગાત્ર તથા દ્રવતું ચિત્ત અને નેત્રોમાં અશ્રુ વિના મારી ભક્તિ કેમ થાય? અને એવી ભક્તિ વિના મનુષ્યોનું ચિત્ત શુદ્ધ કેમ થાય? (માટે રોમાંચિતગાત્ર ને

ગદ્‌ગદકંઠે ભક્તિ કરવી) ૧૬.

## સિદ્ધદશાવાળા સત્પુરુષનાં લક્ષણ

સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણના ૧૩મા અધ્યાયમાં કહ્યું છેઃ—

**शब्दब्रह्मपरब्रह्मनिष्णातं साधुलक्षणम्[२१] ।**
**ज्ञात्वा तं सिद्धयोगीन्द्रं सिषेवे परमादरात् ॥ १७ ॥**

શ્રીધર્મદેવ, રામાનંદ સ્વામીને કૃપાળુ, અકૃત્તદ્રોહ આદિ સાધુનાં લક્ષણોએ સંપન્ન જોઈને, આ 'शब्दब्रह्म' કહેતાં, વેદાદિ સચ્છાસ્ત્રોમાં કેવળ નિષ્ણાત-પારંગત છે એમ નહિ; પરંતુ શબ્દબ્રહ્મમાં જેમ નિષ્ણાત છે, તેમ જ શબ્દબ્રહ્મથી એક જાણવા યોગ્ય એવા પરબ્રહ્મમાં પણ 'નિષ્ણાત' છે કહેતાં, પરબ્રહ્મસ્વરૂપના સાક્ષાત્કારવાળા છે; અર્થાત્ શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ છે. —એમ જાણી, તેમની પરમ આદરભાવથી પરિચર્યા કરવા લાગ્યા. તે શ્રુતિમાં 'श्रोत्रियं ब्रह्मनिष्ठं' —એમ કહ્યું છે ૧૭.

વળી શ્રી. ભા. સ્કં. ૧૧, અ. ૩માં પણ કહ્યું છેઃ—

**तस्माद्‌गुरुं प्रपद्येत जिज्ञासुः श्रेय उत्तमम्[२१] ।**
**शाब्दे परे च निष्णातं ब्रह्मण्युपशमाश्रयम् ॥ १८ ॥**

માટે, સર્વ શાસ્ત્રનું રહસ્ય જાણનારા, પરબ્રહ્મના સાક્ષાત્ અનુભવવાળા તેમ જ અક્ષરધામરૂપ પોતાના આત્મામાં, પરબ્રહ્મ પરમાત્માની મૂર્તિને સાક્ષાત્ દેખતા હોય તેવા ઉપશમસ્થિતિવાળા ગુરુને શરણે, આત્યંતિક કલ્યાણની ઇચ્છાવાળા જિજ્ઞાસુ-મુમુક્ષુએ જવું ૧૮.

સદ્. મુક્તાનંદ સ્વામીએ, સ. જી. પ્ર. ૪, અમદાવાદ પ્રત અ. ૫૫માં મુક્તનું લક્ષણ આ પ્રમાણે કહેલું છેઃ—

**अपरोक्ष परब्रह्म साक्षात्कारो हि लक्षणम्[४१] ।**
**सतां मुख्यतया प्रोक्तं कुतः स्यात्तद्धरिं विना ॥ १९ ॥**

પ્રત્યક્ષ પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો સાક્ષાત્કાર જેમને છે; એ જ મુક્ત એવા સંતનું લક્ષણ, મુખ્યપણે કરીને માનેલું છે. શ્રીહરિજીના પ્રાકટ્ય વિના તે ક્યાંથી હોય? અર્થાત્ જેને પ્રકટ શ્રીજીમહારાજ મળ્યા હોય; અથવા પોતાના આત્મામાં એમની મૂર્તિનો સાક્ષાત્કાર થયો હોય, તેમને જ મોક્ષદાતા સત્પુરુષ કહ્યા છે ૧૯.

આવા સત્પુરુષનો જે સમાગમ એને જ **'સત્સંગ'** કહ્યો છે. અને પ્રતિમાસ્વરૂપ, તે પ્રકટ શ્રીહરિ જ છે. આવા માહાત્મ્યજ્ઞાને યુક્ત નિશ્ચયપૂર્વક, પ્રેમે કરીને શ્રીજીમહારાજને ભજવા એને **'ભક્તિ'** કહી છે, તેણે કરીને જીવનો આત્યંતિક મોક્ષ થાય છે; એવા સત્સંગ વિના તથા પ્રતિમા જે છે તે પ્રકટ ભગવાન છે, એવો ભાવ થયા વિના, પ્રતિમાભાવે ભક્તિ કરે તેનો ધામાંતરને વિષે ગતિરૂપ મોક્ષ થાય; અથવા તો વારંવાર સત્સંગમાં આવી, ઉપરોક્ત ભક્તિ અને સત્સંગ દૃઢ કરી, જન્માંતરને વિષે અક્ષરધામને પામે. ઇતિ શ્લો. ૧૧૪.

## શિ૦ શ્લો૦ ૧૧૫

**कृष्णस्तद्वताराश्च ध्येयास्तत्प्रतिमापि च ।**
**न तु जीवा नृदेवाद्या भक्ता ब्रह्मविदोऽपि च ॥ ११५ ॥**

**અને શ્રીકૃષ્ણ ભગવાન તથા શ્રીકૃષ્ણ ભગવાનના જે**

**અવતાર તે જે તે ધ્યાન કરવા યોગ્ય છે તથા શ્રીકૃષ્ણ ભગવાનની જે પ્રતિમા, તે પણ ધ્યાન કરવા યોગ્ય છે માટે એમનું ધ્યાન કરવું; અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો, શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ ધ્યાન કરવા યોગ્ય નથી; માટે એમનું ધ્યાન ન કરવું ૧૧૫.**

## ઉપાસના અને ધ્યાન

આમાં 'શ્રીકૃષ્ણ ભગવાન' કહ્યા તે શ્રી સહજાનંદ સ્વામીએ પોતે, પોતાને જ કહ્યા છે. તે સ. ભૂ. અંશ. ૨, અ. ૫૮માં, સ્વયં શ્રીહરિજીએ કહ્યું છેઃ–

**कृष्णोऽहं भगवानस्मि सर्वकारणकारणम्[३१] ।**
**प्रकाशकानां सर्वेषां स चैवाऽस्मि प्रकाशक ॥ १ ॥**

શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે જ અનાદિ કૃષ્ણનામક છું; તે હું સર્વ કારણનો કારણ છું ને સર્વ પ્રકાશકોનો પ્રકાશક છું ૧. સ. ભૂ. અંશ ૨, અ. ૬૪માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ–

**अहं दिव्ये ब्रह्मपुरे वसामि मूर्तिमान्सदा[१] ।**
**दिव्यदेहोऽमितैश्वर्यः कोटिमुक्तगणैर्वृत ॥ २ ॥**

'अहं' કહેતાં, હું સહજાનંદ સ્વામી, સદા દિવ્ય મૂર્તિમાન સાકાર સ્વરૂપ છું, અપાર ઐશ્વર્યવાળો છું, દિવ્ય એવું મારું બ્રહ્મપુરધામ તેમાં સદા નિવાસ કરીને રહ્યો છું ને અનંતકોટી મુક્તોએ સહિત છું ૨. વળી સ. ભૂ. અંશ ૪, અ. ૨૫માં, જતનબા શ્રીહરિની સ્તુતિ કરે છેઃ–

**नृदेवपशुयादःसु धृतानां त्वमनेकशः[१३] ।**
**रामकृष्णादिरूपाणां धर्ताऽस्येव पृथुश्रवाः ॥ ३ ॥**

હે મોટી કીર્તિવાળા શ્રીહરે! મનુષ્ય, દેવ, પશુ ને જળચરમાં ધારણ કરેલા રામ-કૃષ્ણાદિ અનેક અવતાર, તે સર્વેના ધારણ કરનારા તમે છો; અર્થાત્ પંચાળા વચ. ૭માં કહ્યા પ્રમાણે તમે, કોઈક કાર્યને અર્થે તે તે અવતારમાં અગ્નિવત્ પ્રવેશ કરી, તે તે અવતારરૂપે વર્તો છો અને તેથી ન્યારા પણ છો ૩.

અહીં ભાવાર્થ એ છે કે, શ્રીજીમહારાજ રામ, કૃષ્ણ, નરનારાયણ આદિ સર્વ અવતારના અવતારી છે, મુક્ત તથા અનાદિમુક્તના સ્વામી છે, તેમ જ શ્રીકૃષ્ણ, નરનારાયણ આદિ નામના નામી છે ને ભક્તિધર્મ થકી મનુષ્યરૂપે પ્રકટ થયા છે તો પણ દિવ્યસ્વરૂપ જ છે. શ્રીજીમહારાજ પણ શ્રીમુખે કહે છેઃ પ્રકટ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે, હું જ ધ્યાન કરવા યોગ્ય છું અને મારા કૃષ્ણ, નરનારાયણ આદિ અવતાર તે પણ ધ્યાન કરવા યોગ્ય છે. મારી ધાતુ, કાષ્ટ, પાષાણ કે ચિત્રની પ્રતિમાઓ તે પણ ધ્યાન કરવા યોગ્ય છે; પણ મારા અનન્ય એકાંતિક ભક્તોએ તો મારું જ ધ્યાન કરવું, તે હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૯૮માં સ્વયં શ્રીહરિએ કહ્યું છેઃ—

**सांप्रतं त्विह सर्वेषां भवतां सुदृढामतिः[३२] ।**
**मय्येव कृष्णोऽयमिति तत्कार्या मदुपासना ॥ ४ ॥**
**मच्चरित्राणि गेयानि श्रोतव्यानि च सादरम्[३४] ।**
**मम ध्यानं विधातव्यं स्मर्तव्या मत्कृतोत्सवाः ॥ ५ ॥**

આ સમયમાં તો આ લોકમાં, આ શ્રી સ્વામિનારાયણ જ અનાદિ કૃષ્ણનામક સર્વોપરી ભગવાન છે, એ પ્રકારે તમારે સર્વેને મારે વિષે નિર્વિકલ્પ નિશ્ચયવાળી મતિ છે; એ હેતુથી તમારે મારી જ ઉપાસના કરવી ૪. મારાં જ ચરિત્ર ગાવવાં-સાંભળવાં, મારું જ ધ્યાન કરવું અને મેં જ કરેલાં ઉત્સવ-સમૈયા દિવ્ય સમજીને તમારે સંભારવા ૫.

## પ્રતિમાસ્વરૂપે શ્રીજીનું પ્રકટપણું

જ્યારે ભગવાન મનુષ્યસ્વરૂપે પ્રકટ થઈને વિચરે છે ત્યારે જેમ, ભગવાનને પ્રત્યક્ષ કહેવાય છે, તેમ જ ભગવાનનું પ્રતિમાસ્વરૂપ પણ પ્રત્યક્ષ છે. તે શ્રીજીમહારાજે પોતાને અંતર્ધાન થવાના સમયે પોતાના આશ્રિતોને, સ. જી. પ્ર. ૫, અમદાવાદ પ્રત અ. ૬૮માં આ પ્રમાણે કહ્યું છેઃ—

**चिंता कार्या न युष्माभिरहं तिष्ठामि भूतले [३७] ।**
**वृत्तालये भक्तिधर्मयुक्तं मां वित्त संस्थितम् ॥ ६ ॥**

તમારે મારા વિયોગની ચિંતા ન કરવી; કેમ કે હું આ પૃથ્વીપર વૃત્તાલયપુરમાં-વડતાલમાં, ભક્તિધર્મ સહિત હરિકૃષ્ણનામક પ્રતિમારૂપે રહ્યો છું, એમ તમે મને જાણો ૬.

વળી અમદાવાદ તથા ગઢપુર આદિ મંદિરોમાં પણ શ્રીહરિ સ્વયં, તત્રસ્થ પ્રતિમાઓ રૂપે સાક્ષાત્ વિરાજમાન છે, એમ શ્રીહરિ જણાવે છેઃ—

**नरनारायणाख्योऽहं वर्ते श्रीनगरे तथा[३८] ।**
**गोपीनाथाख्यया चात्र वर्त इत्येव वित्त माम् ॥ ७ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૮)

શ્રીનગર (અમદાવાદ)માં હું નરનારાયણરૂપે વર્તું છું

તથા અહીં દુર્ગપુર (ગઢપુર)માં ગોપીનાથરૂપે સદા વર્તુ છું —એમ જ મને જાણો. વળી ઉપલક્ષણથી ભૂજ, મૂળી, ધોલેરા, જૂનાગઢ આદિ મંદિરોમાં પણ, નરનારાયણ, રાધાકૃષ્ણ, મદનમોહન તથા દ્વારિકેશાદિ મૂર્તિઓરૂપે હું પ્રત્યક્ષ વિરાજમાન છું —એમ જાણો ૭. વળી સ. જી. પ્ર. ૩, અ. ૨૪માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**स्वतंत्रत्वात् स भगवान् प्रत्यक्षः क्वापि वर्तते[५५] ।**
**क्वचित् परोक्षवच्चासावदृश्यो वर्तते नृभिः ॥ ८ ॥**
**अदृश्यः स यदा तर्हि तूपास्या तस्य सर्वथा[५६] ।**
**प्रतिमैवाथ साधूनां सेवा कार्या च पूजनम् ॥ ९ ॥**

ભગવાન સ્વતંત્ર છે માટે કોઈ સમયે પ્રત્યક્ષ મનુષ્યરૂપે દર્શન દે છે ને ક્યારેક ભગવાન; મનુષ્યોને ‘અદશ્ય’ એટલે દેખી શકાય નહિ —તેમ પરોક્ષની માફક વર્તે છે ૮. જ્યારે ભગવાન મનુષ્યરૂપે અદશ્ય હોય ત્યારે તો મુમુક્ષુ તેમણે, તે ભગવાનની પ્રતિમા જ સર્વપ્રકારે ઉપાસના કરવા યોગ્ય છે; અર્થાત્ પ્રતિમાનું જ ધ્યાન-ભક્તિ કરવાં ને સાધુની સેવા તથા સમાગમ કરવાં ૯.

મન-વાણીને અગોચર, અક્ષરાતીત, ને સત્યસંકલ્પ એવા શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ, તે જેમ સ્વેચ્છાથી સર્વ મનુષ્યોને નયનગોચર પ્રાપ્ત થયા હતા, તેમ જ શ્રીજીએ પોતાનું મનુષ્ય-સ્વરૂપ અંતર્ધાન થવાના સમયે, પ્રતિમારૂપે દર્શનદાનનો સંકલ્પ કરેલો છે. એ હેતુથી જ પ્રતિમાસ્વરૂપ પણ મનુષ્યસ્વરૂપની માફક દિવ્ય, ધ્યેય, ગેય, દર્શનીય ને પૂજનીય જાણવું; પણ પ્રત્યક્ષ મનુષ્યસ્વરૂપમાં ને પ્રતિમાસ્વરૂપમાં ભેદ ન સમજવો. તે સ. ભૂ.

અંશ ૧, અ. ૩૯માં શ્રીહરિએ પોતાનાં માતા પ્રત્યે કહ્યું છેઃ–

**मयि मत्प्रतिमायां चाप्यल्पं भेदं करोति यः[३१] ।**
**तस्य भेददृशः कालो मच्छक्तिः कुरुते भयम् ॥ १० ॥**

જે પુરુષ મારા પ્રત્યક્ષ મનુષ્યસ્વરૂપમાં ને મારી પ્રતિમાસ્વરૂપમાં થોડો પણ ભેદ સમજે છે, તે ભક્તને મારી કાળશક્તિથી ભય ઉત્પન્ન થાય છે ૧૦.

પ્રતિમારૂપે હું પ્રત્યક્ષ છું –એમ શ્રીજીમહારાજનાં વચન છે. એ હેતુ માટે પ્રતિમામાં ધાતુ, કાષ્ઠ, પાષાણ કે ચિત્રભાવ વગેરેનો ત્યાગ કરી, તે પ્રતિમાસ્વરૂપ છે તે દિવ્ય પ્રત્યક્ષ ભગવાન છે એમ સમજી, એમનું ધ્યાન કરવું; આવો શ્રીહરિનો અભિપ્રાય છે. અને મનુષ્ય તથા દેવાદિક જે જીવ તે તો, શ્રીકૃષ્ણ ભગવાનના ભક્ત હોય અને બ્રહ્મવેત્તા હોય તો પણ તે ધ્યાન કરવા યોગ્ય નથી, માટે તેમનું ધ્યાન ન કરવું; પરંતુ સપાર્ષદ ભગવાનનું ધ્યેયપણું કહ્યું છે; કારણ કે સાંગ, ઉપાંગ, સલીલ ને સપાર્ષદ –એ ચાર પ્રકારના ધ્યાનનું શાસ્ત્રમાં નિરૂપણ છે, માટે શ્રીહરિજીના સાથ સિવાય ભક્તના ધ્યેયપણાનો પ્રતિબંધ છે એમ જાણવું.

## ધ્યાતાનું લક્ષણ

અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીએ, ધ્યાતા આદિનાં લક્ષણ જાણીને ધ્યાન કરવું. –એમ પોતાના વાર્તાસંગ્રહ ગ્રંથ*, પ્રકરણ ૧માં કહ્યું છેઃ–

* ગોપાળાનંદ સ્વામીની વાતોમાંથી અત્ર જે જે સ્થળે ધ્યાનના શ્લોક મૂક્યા છે, તે શ્યામળિયા ચૈતન્યાનંદ સ્વામીએ લખેલી, બે પ્રકરણવાળી વાતોમાં છે. પ્રકાશકઃ મિસ્ત્રી જેરામ રામજી. સં. ૧૯૯૫, અમદાવાદ.

**घ्याता घ्यानं तथा ध्येयं यच्च घ्यानप्रयोजनम् ।**
**एतच्चतुष्टयं ज्ञात्वा योगं युंजीत तत्त्ववित् ॥ ११ ॥**

તત્ત્વ જે ભગવાનનું સ્વરૂપ તેને જાણનારો યોગી તે ધ્યાતા, ધ્યાન, ધ્યેય અને ધ્યાનનું પ્રયોજન એ ચારના સ્વરૂપને જાણીને ધ્યાનયોગમાં જોડાય ૧૧. તે ચારમાં પ્રથમ જે ધ્યાતા, તેનાં લક્ષણ આ પ્રમાણે છેઃ—

શ્રીજીમહારાજનાં સર્વોપરી ઉપાસના ને માહાત્મ્યજ્ઞાન, તે સત્પુરુષના સમાગમથી યથાર્થ સમજ્યો હોય ને કોઈ પ્રકારનું માન ન હોય, દાસભાવે યુક્ત હોય, પંચવિષયને વિષે દૃઢ વૈરાગ્યવાળો હોય, શાંત-દાન્ત હોય અને નિંદા-સ્તુતિ, માન-અપમાનમાં સમભાવવાળો હોય તે સાચો **'ધ્યાતા'** જાણવો.

## ધ્યાનનું લક્ષણ

હવે ધ્યાનનું સ્વરૂપ કહીએ છીએઃ જે ધ્યાનયોગી પોતાને ત્રણ દેહથી પૃથક્ આત્મારૂપ માનીને, અમુક સ્થાનમાં વિરાજમાન, વસ્ત્ર-આભૂષણ સહિત ને મનુષ્યાકૃતિ અથવા પ્રતિમાકૃતિ —એવા પોતાના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરે; તેમાં સમગ્ર મૂર્તિનું ધ્યાન કરે અથવા એકેક અંગને પૃથક્પૃથક્ ધારીને ધ્યાન કરે તે **'અવરભાવનું ધ્યાન'** જાણવું.

જે ધ્યાનયોગી પોતાના આત્માને, શ્રીહરિના તેજનો સમૂહ તે રૂપ અક્ષરબ્રહ્મ, તેની સાથે એકતા કરીને તે તેજના સમૂહરૂપ ધામમાં વિરાજમાન, દિવ્યસાકર મૂર્તિ —એવા પોતાના સ્વામી શ્રીજીમહારાજની સમગ્ર મૂર્તિનું અતિ પ્રીતિએ

કરીને અખંડ ધ્યાન કરે, તે **'પરભાવનું ધ્યાન'** કહ્યું છે.

જે ધ્યાનયોગી પોતાના આત્માને ગઢડા પ્રથમ પ્રકરણ વચનામૃત ૫૧માં કહ્યા પ્રમાણે, શ્રીહરિની સાથે એકાત્મપણાની ભાવના કરી, પોતાને પુરુષોત્તમરૂપ માની, અત્યુત્તમ નિર્વિકલ્પ નિશ્ચયે કરીને તથા ઉપશમ સ્થિતિએ કરીને, પોતાના ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિમાં જ નિમગ્ન રહીને, સ્વામી-સેવકભાવે શ્રીહરિજીના સળંગ સ્વરૂપનું ધ્યાન કરે તે પરભાવમાં **'અતિઉત્તમ ધ્યાન'** કહેલું છે.

## ધ્યેયસ્વરૂપનું વર્ણન

હવે ધ્યેયસ્વરૂપ, સ. ભૂ. અંશ. ૨, અ. ૩૭માં શ્રીજીમહારાજે આ પ્રમાણે કહ્યું છે:—

**श्वेतांबरधरा पुष्टा पुष्पहारोल्लसद्गला[५] ।**
**प्रसन्नवदनाम्भोजा चलदुष्णीषशेखरा ॥ १२ ॥**
**दक्षनेत्रादधो नासांकेऽवस्थतिललक्षणा[६] ।**
**वामश्रोत्रांतरे श्यामं वृत्तं बिंदुं च बिभ्रती ॥ १३ ॥**

મારી મૂર્તિ કેવી ધારવી તો, શ્વેત વસ્ત્રને ધરી રહેલા, સુંદર પુષ્ટ મૂર્તિ અને પુષ્પના હારથી જેમના કંઠનો ભાગ સુશોભિત છે, જેમનું વદનકમળ પ્રસન્ન છે, મસ્તકે મોળિયામાં તોરા લેકીબેકી રહ્યા છે ૧૨. તથા જમણા નેત્રથી નીચે ને નાસિકાની સમીપે શ્યામ તિલ છે. વળી ડાબા કાનની અંદર ગોળ એવો શ્યામ તિલ છે —આવી મૂર્તિનું ધ્યાન કરવું ૧૩. વળી સ. જી. પ્ર. ૨, અ. ૧૬માં પણ શ્રીજીમહારાજની ધ્યેય મૂર્તિનું વર્ણન છે:—

**प्रौढाकृतिः समवपुः पद्मच्छदसमेक्षणः[७] ।**
**दीर्घबाहुर्घनश्यामः सस्मितास्य सरोरुहः ॥ १४ ॥**
**पीनांसः कंबुकंठश्च सुनासश्च विशालहृद्[८] ।**
**वलिवल्गूदरः सौम्यो निम्ननाभिरुदग्रपात् ॥ १५ ॥**

જેમ સૂર્યના તેજમાં તારાના તેજ લીન થઈ જાય છે તેમ રૂપ, બળ ને તેજથી જેમની આકૃતિ સર્વોત્કૃષ્ટ છે; જે સર્વ અંગમાં સુશોભિત, કમળપત્રસમ નેત્રવાળા, જાનુપર્યંત હસ્તવાળા, ઘનશ્યામ ને મંદહાસ્ય મુખકમળવાળા છે ૧૪. જેમના ખભા પુષ્ટ છે, કંઠ શંખ જેવો છે, નાસિકા રૂપાળી છે, જેમનું હૃદય વિશાળ છે અને જેમનું ઉદર, સુંદર ત્રિવળીવાળું ને 'સૌમ્ય' કહેતાં, નિરુપમેય શોભાવાળું છે. ઉદરમાં ઊંડી નાભી શોભી રહી છે ને બે ચરણ ઊપડતા છે (એવા શ્રીહરિજીનું ધ્યાન કરવું.) ૧૫. વળી કહ્યું છેઃ—

**ऊर्ध्वपुण्ड्रं ललाटे च तुलसीमालिके गले[९] ।**
**दधत् सितांबरधरो वर्णिवेषमनोहरः ॥ १६ ॥**
**भक्तैश्चंदनपुष्पस्त्रकशेखरादिभिरर्चितः[१०] ।**
**दधद्दक्षिणपाणौ च तुलसीकाष्ठमालिकाम् ॥ १७ ॥**
**करुणार्द्रदृशा भक्तान् पश्यन्स परितो निजान्[११] ।**
**हर्षयामास भगवान् निजवक्त्रार्पितेक्षणान् ॥ १८ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૧૬)

લલાટમાં ચાંદલે સહિત ઊભું તિલક ને કંઠમાં તુલસી-કાષ્ઠની બેવડી કંઠી તેને ધારી રહ્યા છે. વળી શ્વેત વસ્ત્રધારી, વર્ણીવેષ મનોહર જેમની મૂર્તિ છે ૧૬. ભક્તજને ચંદનપુષ્પના હાર-તોરા આદિથી પૂજેલા ને જમણા હસ્તમાં તુલસીકાષ્ઠની જપમાળાને ધારણ કરતા ૧૭. એવા શ્રીહરિ તે પોતાની ચોમેર

બેઠા ને પોતાના મુખકમળ સામું જોઈ રહ્યા એવા પોતાના ભક્તજનોને કરુણાર્દ્ર દૃષ્ટિથી જોતા થકા, હર્ષને પમાડે છે —એવા શ્રીહરિજીનું ધ્યાન કરવું ૧૮.

ધ્યાનમાં શ્રીહરિનું ધ્યેયસ્વરૂપ કેવું ધારવું તે વિષે 'સર્વમંગલ' સ્તોત્રમાં પણ કહ્યું છેઃ—

**खट्वांगात्मा हृदंभोजध्येयो ध्यातृमनोहरः [१०५] ।**
**ज्योतिःसंस्थोऽतिरम्यांगः सुरेखारुणपत्तल ॥ १९ ॥**
**चार्वंगुलिर्नखेन्द्वालि प्रभापहृतहृत्तमाः[१०६] ।**
**पद्मकोशातिमृदुलचरणस्तुंगगुल्फकः ॥ २० ॥**

ભગવાન કેવા છે તો, ધ્યાતાના મનને આકર્ષણ કરે છે ને તેજના સમૂહમાં રહ્યા છે ૧૯. વળી ભગવાનના ચરણનાં અંગુઠા ને આંગળીઓ તેજસ્વી છે, ને તેની કાંતિથી ભક્તના હૃદયના અંધકારને હરે છે; જેમના બે ચરણ, કમળકોશ જેવા કોમળ છે. બે પગની ઘૂંટીઓ ઉપડતી ને જેમનાં અંગોઅંગ અતિ રમણીય છે; પગનાં તળાં રક્ત, ને ઊર્ધ્વરેખા આદિ ચિહ્ને સહિત છે ૨૦.

**ह्रस्वजंघो वृत्तजानुः समोरुः सत्सितांशुकः[१०७] ।**
**गंभीरनाभिराजानुभुजस्ततभुजांतरः ॥ २१ ॥**
**कंठलंबितहारालिः कंबुकंठाऽरुणाधरः[१०८] ।**
**प्रफुल्लपद्मवदनः कुंददंतोमितस्मितः ॥ २२ ॥**

બે ચરણની જંઘાઓ, પિંડીઓ ને નળીઓ તે અનુક્રમે ઉપલે ભાગે પુષ્ટ, સુંદર તથા કોમળ છે. અને બે 'જાનુ' જે ઢીંચણ તે ગોળ ને તેજસ્વી છે; બે 'ઊરુ' જે સાથળ તે સમ છે ને શ્વેત એવા સુંદર વસ્ત્રથી ઢંકાયેલા છે; ઉદરમાં નાભી ગોળ

ને ગંભીર છે; શ્રીજીના બે ભુજ જાનુપર્યંત લાંબા છે, ને 'ભુજાંતર' જે વક્ષઃસ્થળ તે વિશાળ છે ૨૧. તેમ જ કંઠમાં હારની પંક્તિ લંબાયમાન છે; કંઠ શંખ સરખો રેખાઓ વાળો છે; અધર-ઓષ્ટ રક્ત છે; વદન પ્રફુલ્લિત કમળ જેવું શોભે છે; દંત કુંદકુસુમ સરખા છે ને મુખ મંદમંદ હાસ્યવાળું છે ૨૨.

**तिलपुष्पाभनासांतश्यामबिंदुः समश्रवाः[१०९] ।**
**वामश्रवोऽन्तरश्यामबिंदुः पद्मदलेक्षणः ॥ २३ ॥**
**विशालभालतिलकः सूक्ष्मवक्रशिरोरुहः[११०] ।**
**शिरःपटलसत्पुष्पापीडराजिः स्वभक्तदृक् ॥ २४ ॥**

વળી તિલપુષ્પસદૃશ કોમળ નાસિકાને સમીપે શ્યામ તિલ છે ને બંને શ્રવણ સરખા છે, ને ડાબા કર્ણની અંદર પણ શ્યામ તિલ છે; બે નેત્ર કમળની પાંખડી જેવા સુશોભિત છે ૨૩. વિશાળ લલાટમાં ચંદ્રક સહિત ઊભું તિલક છે; મસ્તકના કેશ સૂક્ષ્મ ને વક્ર છે; મસ્તકે મોળિયામાં પુષ્પના શેખર-તોરાની પંક્તિઓ શોભી રહી છે ને પોતાના ભક્ત સામું જોઈ રહ્યા છે ૨૪. આવા પોતાના ઈષ્ટદેવ શ્રી સહજાનંદ સ્વામીની મૂર્તિ, ભક્ત તેમણે ધ્યાનમાં ધારવી —એ જ **'ધ્યેય સ્વરૂપ'** જાણવું.

## ધ્યાનનું પ્રયોજન

હવે ધ્યાનનું પ્રયોજન કહીએ છીએઃ અનાદિમુક્તની માફક, નિરવધિકાતિશય પ્રેમપૂર્વક શ્રીજીમહારાજની મૂર્તિના આનંદના અનુભવની પ્રાપ્તિ —એ જ **'ધ્યાનનું પ્રયોજન'** છે. તે સ. જી. પ્ર. ૫, અ. ૬૦માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**ध्यानमभ्यसतो नित्यमित्थं वै योगिनोऽचिरात्[११] ।**
**प्रेमा विवर्धते विष्णौ भक्तानामभिवांछित ॥ २५ ॥**

આ પ્રકારે નિત્યે ધ્યાનનો અભ્યાસ કરતો એવો યોગી, ધ્યાની કે જ્ઞાનીભક્ત –તેનો અભિવાંછિત પ્રેમ મારામાં વૃદ્ધિ પામે છે ૨૫.

વળી અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીની 'વાર્તાસંગ્રહ' પ્ર. ૧માં કહ્યું છેઃ–

**वेदैस्तूक्ताः सर्वयज्ञक्रियास्तु यज्ञाज्जप्यं ज्ञानमाहुश्च जप्यात् ।**
**ज्ञानाद्धयानं संगरागादपेतं तस्मिन्प्राप्ते शाश्वतस्योपलंभः ॥**

સર્વ યજ્ઞની ક્રિયા વેદે કહી છે; અર્થાત્, સકલ યજ્ઞ વિધિ વેદપ્રતિપાદિત છે. તે યજ્ઞસમૂહ થકી, જપવા યોગ્ય ભગવાનના નામમંત્રનો જપ કરવો તે શ્રેષ્ઠ છે. નામમંત્ર જપવા થકી પણ 'ज्ञान' કહેતાં, પ્રત્યક્ષ ભગવાનનું યથાર્થ માહાત્મ્યજ્ઞાન સમજવું તે શ્રેષ્ઠ છે, ને જ્ઞાન થકી રાગે રહિત એવું ધ્યાન તે શ્રેષ્ઠ છે; એવું ધ્યાન સિદ્ધ થતાં, શ્રીહરિની પ્રાપ્તિ થાય છે ૨૬.

## ધ્યાનનું માહાત્મ્ય

વળી એ જ વાર્તાસંગ્રહ પ્ર. ૧માં સ્વામીશ્રી કહે છેઃ–

**यस्तिष्ठेदेकपादेन वायुभक्षः शतं समाः ।**
**ध्यानयोगीपरस्तस्मादिति ब्रह्मानुशासनम् ॥ २७ ॥**
**अश्वमेघसहस्त्रेण राजसूयशतेन च ।**
**पुंडरिकसहस्त्रेण योगिश्वावसथो वरः ॥ २८ ॥**

વાયુભક્ષણ કરવાપૂર્વક, સો વર્ષપર્યંત એક પગે ઊભો રહે તે થકી પણ ધ્યાનયોગી, 'परः' કહેતાં, શ્રેષ્ઠ છે –એમ બ્રહ્માનું વચન છે ૨૭. વળી કહે છેઃ એક હજાર અશ્વમેઘ યજ્ઞ

કરવા, સો રાજસૂય યજ્ઞ કરવા ને હજાર પુંડરિક નામે યજ્ઞ કરવા તે થકી પણ, ધ્યાનયોગીની મધ્યે નિવાસ કરવો તે શ્રેષ્ઠ છે ૨૮.

## માહાત્મ્યજ્ઞાનપૂર્વક ધ્યાન કરવાનો પ્રકાર

ખટ્વાંગરાજા, અભયરાજા પ્રત્યે ધ્યાનનો પ્રકાર, સ. જી. પ્ર. ૨માં અ. ૨૫થી કહે છેઃ–

**शुचिर्भूत्वा शुचौ देशे मुमुक्षुर्निरुपद्रवे[१] ।**
**स्वस्तिकासनमासीन ऋजुकायो भवेन्मुनि ॥ २९ ॥**

મુમુક્ષુ ને મુનિ એવો ધ્યાનયોગી, પવિત્ર થઈને, નિરુપદ્રવ એવા પવિત્ર સ્થળમાં સ્વસ્તિક આસને બેસે અને દેહને સરલ રાખીને નેત્રની વૃત્તિ નાસિકાગ્ર રાખે, ને હાથને ખોળામાં ઉપરાઉપર છતા મૂકી, શ્રીજીમહારાજની મૂર્તિ ધારીને પ્રથમ, માહાત્મ્યજ્ઞાનનો વિચાર કરે ૨૯. હવે તે માહાત્મ્યજ્ઞાનનો વિચાર કેવી રીતે કરવો, તે નીચેનાં વચનામૃતો વગેરેમાં જણાવેલ છેઃ–

ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં કહ્યું છેઃ– ‘અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન છે, તે સર્વની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય તેના કર્તા છે ને સર્વના કારણ છે; અને કારણ હોય તે પોતાના કાર્યને વિષે વ્યાપક હોય ને તેથી જુદું પણ રહે, માટે એ સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ, ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ.’ –આવી રીતે શ્રીહરિજીના માહાત્મ્યનો વિચાર કરવો ને પુરુષોત્તમરૂપ થઈને ધ્યાન કરવું.

ગ. પ્ર. પ્રકરણ, વચનામૃત ૭૮માં પણ કહ્યું છેઃ— 'અને વળી ભગવાનનું માહાત્મ્ય એમ સમજવું જે, અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન, તેની ઇચ્છાએ કરીને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે; અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે; અને તે ભગવાન વ્યતિરેકથકા સર્વમાં અન્વયપણે રહ્યા છે; અને અન્વયથકા પણ વ્યતિરેક છે; અને તે ભગવાન જેવા પ્રત્યક્ષ પ્રમાણ છે તેવા ને તેવા અણુ-અણુ પ્રત્યે અંતર્યામીરૂપે વિરાજમાન છે; અને તે ભગવાનના ડોલાવ્યા વિના એક તૃણ પણ ડોલવાને સમર્થ નથી; અને અનંતકોટી બ્રહ્માંડને વિષે જે ઉત્પત્તિ, સ્થિતિ, પ્રલય થાય છે અને તેને વિષે સુખદુઃખનો, જીવોને સંબંધ થાય છે તે સર્વે પુરુષોત્તમના હાથમાં છે; જેટલું ભગવાન કરે તેટલું જ થાય છે. —એવા જે ભગવાન તે જીવોના કલ્યાણને અર્થે પૃથ્વી ઉપર પધારે છે ત્યારે ઘોડે ચડીને ચાલે , પણ એ તો ઘોડાના આધાર છે; અને પૃથ્વી ઉપર બેઠા હોય ત્યારે એમ જણાય છે જે, પૃથ્વી ભગવાનને ધરી રહી છે પણ એ તો સ્થાવર-જંગમ સોતી સમગ્ર પૃથ્વીને ધરી રહ્યા છે; અને જ્યારે રાત્રી હોય ત્યારે ચંદ્રમા, કે દીવો, કે મશાલ તેને અજવાળે કરીને ભગવાનનું દર્શન થાય, અને દિવસે સૂર્યને અજવાળે કરીને દર્શન થાય. પણ આ ભગવાન તો સૂર્ય, ચંદ્રમા, અગ્નિ —એ સર્વેને પ્રકાશના દાતા છે; એવી અદ્‌ભુત સામર્થી છે તો પણ, જીવોના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા થઈને મને દર્શન આપે છે, એવી રીતે માહાત્મ્ય સમજે તો' અખંડ શ્રીજીનું ધ્યાન થાય છે.

તે સારંગપુરના પહેલા વચનામૃતમાં પણ કહ્યું છેઃ— ‘એ સર્વેના સ્વામી જે પુરુષોત્તમ તે મુને પ્રત્યક્ષ મળ્યા છે; અને તે મારા આત્માને વિષે પણ અખંડ વિરાજમાન છે; અને તે ભગવાનનું જે એક નિમિષમાત્રનું દર્શન તે ઉપર અનંતકોટી બ્રહ્માંડનાં જે વિષયસુખ છે, તે સર્વેને વારીફેરીને નાખી દઈએ; અને ભગવાનના એક રોમમાં જેટલું સુખ રહ્યું છે તેટલું સુખ તો, અનંતકોટી બ્રહ્માંડના વિષયસુખ ભેળાં કરીએ તો પણ, તેના કોટીમા ભાગની બરોબર પણ થાય નહિ.’ આવું માહાત્મ્ય સમજીને ધ્યાન કરવું.

વળી લોયા વચનામૃત ૧૩માં કહ્યું છેઃ— ‘‘તેમ પુરુષોત્તમ નારાયણ તે સર્વકર્તા છે, સર્વકારણ છે, સર્વનિયંતા છે અને અતિ રૂપવાન છે, અતિ તેજસ્વી છે અને અતિ સમર્થ છે ને ‘કર્તુમકર્તુમન્યથાકર્તુમ્’ છે.’’ —આવી રીતે શ્રીહરિને સર્વના કર્તાહર્તા જાણીને જ ધ્યાન કરવું.

ગઢડા અંત્ય પ્રકરણ, વચનામૃત ૩૧નો ભાવાર્થઃ— શ્રીજીમહારાજ બોલ્યા જે, આ એક વાર્તા કરીએ છીએ તે છે તો થોડીક, પણ ધ્યાનના કરનારાને બહુ ઠીક આવે એવી છે. શું? તો, અમારા તેજના સમૂહરૂપ અક્ષરધામ છે તેમાં અમે મૂર્તિમાન રહ્યા છીએ; અનંતકોટી મુક્ત અમારી સેવા કરે છે; તે અમે જીવોના પરમ મોક્ષ કરવા પ્રકટ થઈને તમને દર્શન દઈએ છીએ. આ અમે મનુષ્ય સ્વરૂપ છીએ ને ધામમાં જે દિવ્ય સ્વરૂપ છે એ બે ય એક જ છે, —એમ સમજીને અમારી મનુષ્યમૂર્તિનું અથવા પ્રતિમાનું ધ્યાન કરવું.

તે ગઢડા મધ્ય પ્ર.ના ૧૩મા વચનામૃતમાં પણ કહ્યું

છેઃ– 'અને ભગવાન જે મનુષ્યદેહ ધરે છે તે ભગવાનની મૂર્તિનું જે ધ્યાન કરે, ત્યારે એ ધ્યાનના કરનારાને એ મૂર્તિ, તેજોમય એવી અક્ષરધામને વિષે કૈવલ્યસ્વરૂપે ભાસે છે ને ધ્યાનના કરનારાનો જે જીવ તે માયાને તરે છે અને પરમપદને પામે છે; માટે ભગવાન તો મનુષ્યદેહ ધારણ કરે છે તો પણ કૈવલ્યરૂપે જ છે' આવી રીતે શ્રીજીમહારાજને દિવ્ય સમજીને, તથા તેમની પ્રતિમાને પણ દિવ્ય સમજીને ધ્યાન કરવું.

તેમ જ અનાદિમુક્ત સદ્. ગોપાળાનંદ સ્વામીની વાર્તાસંગ્રહમાં પણ કહ્યું છેઃ– 'શ્વેત તેજને વિષે ભગવાનની મૂર્તિ છે તે તેજમાં ભગવાનની મૂર્તિને જોઈને આનંદ પામવો; પણ તે મૂર્તિ વિના અક્ષરનું તેજ દેખાય તો પણ, તે ભગવાનની મૂર્તિ વિના તે તેજે કરીને શાંતિ પામવું નહિ; અતિ તપી જાવું.' (પ્ર.૧, વાર્તા ૫૫*)

વળી કહ્યું છેઃ– 'મહારાજની મૂર્તિ વિના અક્ષરના સુખમાં પણ ન લેવાય ને અકળાઈ જાય; એક ભગવાનની મૂર્તિએ કરીને જ ગુલતાન રહે એવા મુક્ત થાવું... એવો મુક્ત થયો ત્યારે તેને સાધનમાત્રનો અંત આવ્યો. પછી તે ભક્તને ભગવાનની મૂર્તિનું કેવું સુખ આવે, તો જેવું ભગવાનને પોતાનું સુખ આવે છે તેવું તે ભક્તને પણ ભગવાનની મૂર્તિમાંથી સુખ આવે છે.' (પ્ર.૧, વાર્તા ૧૧૬)**

પ્રથમ કહ્યું એવી રીતે, શ્રી સ્વામિનારાયણ ભગવાનના માહાત્મ્યજ્ઞાનનો વિચાર કરીને ધ્યાન કરવું. તે એક આસને

* ત્રણ પ્રકરણની વાતોમાં પ્ર.૨, વાર્તા ૫૦. ** બે પ્રકરણની વાતોમાં પ્ર. ૧, વાર્તા ૧૧૬; ત્રણ પ્રકરણની વાતોમાં પ્ર. ૩, વાર્તા ૩૨.

બેસીને એક પહોર, વા બે પહોરપર્યંત ધ્યાન કરવું. અને સર્વકાળે —ક્ષણવાર પણ મૂર્તિને વિસારે નહિ. તે ઉપરોક્ત વાર્તાસંગ્રહ પ્ર. ૧માં કહ્યું છેઃ—

**गच्छंस्तिष्ठन्स्वपन्जागृन्नुन्मिषन्निमिषन्नपि ।**
**शुचिर्वाप्यशुचिर्वाऽपि ध्यायेत् सततमीश्वरम् ॥ ३० ॥**

ધ્યાનયોગી, પવિત્ર વા અપવિત્ર સ્થિતિમાં, ચાલતાં-બેસતાં, સૂતાં-જાગતાં, પોતાનાં નેત્ર ઉઘાડતાં-મીંચતાં, સર્વ ક્રિયામાં નિરંતર શ્રીહરિનું ધ્યાન કરે ૩૦. હરિવાક્યસુધાસિંધુ તરંગ ૨૦૮માં પણ શ્રીજીમહારાજે કહ્યું છેઃ—

**देहत्रयमलं तद्वत् सांख्यज्ञानांबुना स च[१६] ।**
**धूत्वा शूचिर्हरिं घ्यायेत् तदातिसुखभाग् भवेत् ॥ ३१ ॥**

દેવપૂજક, દેવ જેવો પવિત્ર થઈને દેવને પૂજે તો, તે પૂજાને દેવ અંગીકાર કરે છે; તેમ સાંખ્યજ્ઞાનરૂપી જળ વડે ત્રણ દેહરૂપી મળનો ત્યાગ કરી, બ્રહ્મરૂપ થઈને શ્રીહરિજીનું ધ્યાન કરે ત્યારે મૂર્તિનું અતિશય સુખ પામે છે ૩૧. અ. મુ. સદ્. ગોપાળાનંદ સ્વામીની વાતો પ્ર. ૧માં પણ કહ્યું છેઃ—

**अहं ब्रह्म परं बह्म वासुदेवोऽस्ति मत्प्रभुः ।**
**हृदीत्थं भावयन् शश्वत् ध्याता ध्यानं प्रयोजयेत् ॥ ३२ ॥**
**ध्यानात् शान्तो जपन्मंत्रं जपन् शान्तश्च चिंतयेत् ।**
**जपध्यानप्रसक्तस्य विष्णुः शीघ्रं प्रसीदति ॥ ३३ ॥**

વળી ધ્યાનયોગી આવો વિચાર કરે જે હું બ્રહ્મરૂપ છું; મારા સ્વામી 'વાસુદેવ' અર્થાત્ સર્વમાં વાસ કરીને રહેલા પરબ્રહ્મ, સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. આ પ્રકારે હૃદયાકાશમાં ભાવના કરતો થકો, નિરંતર ધ્યાનયોગે કરીને

મૂર્તિમાં જોડાઈ જાય ૩૨. ધ્યાનથી શાંત થાય ત્યારે નામમંત્ર, અથવા મહામંત્ર જપે. જપથી શાંત થાય ત્યારે ધ્યાન કરે. જપ-ધ્યાનમાં 'પ્રસક્ત' એટલે એકાગ્રચિત્તથી જોડાઈ રહેલા યોગી ઉપર ભગવાન તત્કાળ પ્રસન્ન થાય છે ૩૩.

## ધ્યાનમાં વિઘ્નો

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૬૦માં કહે છેઃ–

**ध्यायंतं भगवन्मूर्ति भक्तं विघ्नाश्चतुर्विधाः[१७] ।**
**पीडयंतीति ताञ्ज्ञात्वा जयेद्विद्वानतंद्रितः ॥ ३४ ॥**

જ્ઞાની એવો ધ્યાનયોગી, આળસનો ત્યાગ કરી સાવધાન થઈને, ધ્યાનમાં ચાર વિઘ્નો વિઘ્ન કરનાર છે તેને ઓળખીને, તેનો ત્યાગ કરે ૩૪. તે ચાર વિઘ્નો કયાં તો-

**तत्र चाद्यो लयः प्रोक्तो विक्षेपस्तदनंतरः[१८] ।**
**कषायाख्यस्तृतीयश्च रसास्वादश्चतुर्थकः ॥ ३५ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

ચિત્ત, નિદ્રામાં લીન થાય તે **'લય.'** બીજું, ચિત્તમાં કામાદિક વિષય સ્ફુરે તે રૂપી **'વિક્ષેપ.'** ત્રીજું, રાગ-દ્વેષનો તીવ્ર વેગ ચિત્તમાં લાગે તે **'કષાય.'** અને ચોથું, ભૂત-ભવિષ્ય જાણવા વગેરે ઐશ્વર્યની ઈષણા ચિત્તમાં રહે, તથા જિહ્વાના રસમાં રાગ હોય તે રૂપી **'રસાસ્વાદ'** –એમ ચાર વિઘ્નોને ઓળખી તેનો ત્યાગ કરવો ૩૫. વળી એ જ અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ–

**चित्तावस्थाविशेषा हि दोषा जेया इमे बुधैः[१९] ।**
**योगभ्रष्टोऽन्यथा योगी संसृतिं यात्यसंशयम् ॥ ३६ ॥**

આ ચિત્તની અવસ્થાના ભેદરૂપ દોષ છે તે, બુદ્ધિમાન પુરુષે જીતવા; અને જો યોગી તે દોષને જીતે નહિ તો યોગભ્રષ્ટ થઈને પુનર્જન્મને પામે —એમાં સંશય નથી ૩૬.

## ધ્યાનમાં દોષ જીતવાના ઉપાય

હવે શ્રીહરિ, ધ્યાનમાં વિઘ્ન કરનાર દોષને જીતવાનો ઉપાય બતાવે છેઃ—

**लयात्प्रबोधयेच्चितं विक्षेपाच्च निवर्तयेत्[२०] ।**
**कषायं क्षालयेद्बुद्धया विरक्त्या वर्जयेद्रसान् ॥ ३७ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

**'લય'** જે નિદ્રાગ્રસ્ત ચિત્ત, તેને જાગ્રત કરે. **'વિક્ષેપ'** જે ચિત્તમાં રહેલા કામાદિક દોષ તથા વિષયના રાગ, તેનો શ્રીજીના સુખના વિચારે કરીને ત્યાગ કરે. **'કષાય'** જે રાગ-દ્વેષવાળું ચિત્ત, તેને સર્વદેશી જ્ઞાને કરીને રાગ રહિત કરે. અને **'રસાસ્વાદ'** જે ચિત્તમાં રસાસક્તિ તથા ઐશ્વર્યની ઇચ્છા, તેનો શ્રીજીના માહાત્મ્યજ્ઞાને કરીને ત્યાગ કરે ૩૭.

## દોષ જીતવાની આજ્ઞા વગેરે

શ્રીહરિ, સ. જી. પ્રકરણ ૫, અમદાવાદ પ્રત અ. ૬૦માં કહે છેઃ—

**न सिद्धयत्यन्यथा ध्यानं ध्यानाऽभावे कुतः स्थितिः[२१] ।**
**तां विना च कुतो मुक्तिर्घ्याता दोषाञ्जयेत्ततः ॥ ३८ ॥**
**तस्मान्मनः समाकृष्य सर्वतः परमात्मनि[३५] ।**
**वासुदेवे समादध्याज्जीवन्मुक्तो यतो भवेत् ॥ ३९ ॥**

એ દોષોને જીત્યા વિના ધ્યાન સિદ્ધ થાય નહિ, ને ધ્યાન સિદ્ધ થયા વિના સ્થિતિ બંધાય નહિ; તો તે વિના મુક્તિની પ્રાપ્તિ ક્યાંથી થાય? ન જ થાય. માટે ધ્યાન કરનારા ભક્તે આ દોષ જીતવા ૩૮. એ હેતુથી સર્વમાંથી મનને પાછું વાળીને, સર્વત્ર વાસ કરીને રહેલો એવો હું, તે મારી મૂર્તિમાં મનનો નિરોધ કરે, તે દેહ છતાં જ મુક્ત થઈ રહ્યો છે ૩૯.

વળી શ્રીજી કહે છેઃ–

**अन्यत्र भगवन्मूर्तेः कस्मिंश्चिदपि वस्तुनि[३६] ।**
**मनो यस्यात्र सक्तं स्यात्तस्य विघ्नो महान्भवेत् ॥ ४० ॥**
**सक्तस्तुच्छपदार्थेऽत्र यः सोऽलौकिकवस्तुषु[३७] ।**
**सज्जेत न कथं योगी भगवद्धामवर्त्मनि ॥ ४१ ॥**
**अत्र सम्यग् विरक्तस्य दृढज्ञानवतो मुनेः[३८] ।**
**कुत्रापि स्थानके नास्ति विघ्नः कश्चन कर्हिचित् ॥ ४२ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

ધ્યાનયોગીનું મન, ભગવાનની મૂર્તિ વિના બીજી કોઈ પણ વસ્તુમાં આસક્ત થાય તો, તે યોગીને મોટું વિઘ્ન થાય છે ૪૦. અને જે ધ્યાનયોગી, આ લોકનાં તુચ્છ પદાર્થમાં આસક્ત થાય તો, તે યોગી ભગવાનના ધામમાં જતાં, માર્ગમાં તે તે લોકના અમાનુષ પદાર્થ દેખાય તેમાં આસક્ત કેમ ન થાય? થઈ જાય જ ૪૧. હે મુને! ભગવાન વિના બીજા સર્વમાં સમ્યક્ પ્રકારે જે વૈરાગ્યને પામ્યો છે અને જે શ્રીહરિના માહાત્મ્યજ્ઞાનવાળો છે, તેને કોઈ સ્થાનકને વિષે કોઈ પણ વિઘ્ન ક્યારેય નડી શકતું નથી ૪૨.

## સમાધિનું લક્ષણ

**समाधिमष्टमं चांगं योगस्याऽथ वदामि सः[२२] ।**
**घ्यानाभ्यासविवृद्धेन प्रेम्णा स्यान्मनसो हरौ ॥ ४३ ॥**
**एकैकावयवस्योक्तं पृथग्यच्चिंतनं हरेः[२३] ।**
**तत्तथा न प्रकुर्वीत सर्वां मूर्तिं विचिंतयेत् ॥ ४४ ॥**
**नैरंतर्येण यन्मूर्तेः सर्वस्याश्चिन्तनं हरेः[२४] ।**
**स समाधिरिति प्रोक्तो योगांगं योगवित्तमैः ॥ ४५ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

હવે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ, યોગનું આઠમું અંગ જે સમાધિ તેને કહે છેઃ ધ્યાનના અભ્યાસથી વૃદ્ધિ પામેલો જે પ્રેમ તેણે કરીને શ્રીહરિ એવો હું, તે મારે વિષે મનનો નિરોધ થાય ત્યારે મારી સમગ્ર મૂર્તિનું ધ્યાન કરવા રૂપ ધારણા કરે; પરંતુ મારા એકેક અંગનું પૃથક્પૃથક્ ચિંતવન કરવારૂપ ધ્યાન ન કરે ૪૩-૪૪. અને એવી રીતે ધ્યાન કરતાં કરતાં શ્રીહરિ એવો હું, તે મારી સમગ્ર મૂર્તિનું જે નિરંતર ચિંતવન થાય તેને, યોગને જાણનારા પુરુષોએ યોગના અંગભૂત સમાધિ કહેલ છે ૪૫.

વળી શ્રીહરિજી કહે છેઃ—

**ध्येयाकारमनोवृत्तिप्रवाहः सुचिरं तु यः[२५] ।**
**स संप्रज्ञातनामांगीसमाधिः कथ्यते बुधै ॥ ४६ ॥**
**ध्यानेंऽगे चांगिनि तथा समाधौ सूक्ष्मया दृशा[२६] ।**
**विशेषस्त्ववगंतव्यः पक्वापक्वत्वभेदतः ॥ ४७ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

ધ્યેય જે ભગવાનની મૂર્તિ તે આકારે મનની વૃત્તિનો

પ્રવાહ લાંબા સમય સુધી રહે, તેને જ બુદ્ધિશાળી પુરુષોએ **'સંપ્રજ્ઞાત નામે અંગીસમાધિ'** કહેલ છે ૪૬. તેમાં **'ધ્યાન*'** તથા **'અંગસમાધિ'** ને **'અંગીસમાધિ'** તેને વિષે પક્વ-અપક્વપણાના ભેદે કરીને ન્યૂનાધિકપણું સૂક્ષ્મ દૃષ્ટિથી જાણવું ૪૭.

**यथा वेदमधीयानोऽधीतवेदश्च पूरुषः[२७] ।**
**वेदाध्यापक इत्येते क्रमाच्छ्रेष्ठाः प्रकीर्तिताः ॥ ४८ ॥**
**तत्राऽथ ध्यानवाञ्छ्रेष्ठस्तस्मादंगसमाधिमान्[२८] ।**
**तस्माच्छ्रेष्ठश्च कथितः संप्रज्ञातसमाधिमान् ॥ ४९ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

જેમ વેદાભ્યાસી, વેદાભ્યાસપારંગત તથા અન્યને વેદનો ભણાવનાર જે અધ્યાપક —એ પ્રણ પ્રકારના પુરુષો, અનુક્રમે એકબીજાથી શ્રેષ્ઠ કહ્યા છે ૪૮. તેમ જ આ યોગની સ્થિતિમાં ધ્યાનવાનથી અંગસમાધિમાન શ્રેષ્ઠ છે, અને તેથી અંગીસંપ્રજ્ઞાત-સમાધિમાન શ્રેષ્ઠ કહ્યો છે ૪૯.

**अंगीसमाधिरेषोऽपि द्विधा संप्रोच्यते बुधैः[४०] ।**
**संप्रज्ञाताख्य एकोऽन्यस्त्वसंप्रज्ञातसंज्ञकः ॥ ५० ॥**
**लक्षणं तत्र चाद्यस्य प्रोक्तमन्यस्य कीर्तये[४१] ।**
**चित्तस्य भूमिकास्तस्य प्रसंगाच्छृणु पंच च ॥ ५१ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

વળી બુદ્ધિશાળી પુરુષે, આ અંગીસમાધિને સંપ્રજ્ઞાત ને અસંપ્રજ્ઞાત —એમ બે પ્રકારે કહેલ છે ૫૦. તેમાં પ્રથમની

* પૃથક્પૃથક્ અંગ ધારવાં તે ધ્યાન, અને સમગ્ર મૂર્તિ ધારવી તે ધ્યાનનો ઉચ્ચપ્રકાર, વા ધારણા, વા અંગસમાધિ કહેવાય છે.

સંપ્રજ્ઞાત સમાધિનું લક્ષણ કહ્યું. હવે બીજી અસંપ્રજ્ઞાત સમાધિનું લક્ષણ કહીએ છીએ; તેમાં પ્રસંગથી ચિત્તની પંચભૂમિકાને સાંભળો ૫૧.

**क्षिप्तं मूढं च विक्षिप्तमेकाग्रं रुद्धमेव च[४२] ।**
**चित्तं पंचविधं तेन तत्संज्ञा भूमिका अपि ॥ ५२ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

વિષયભોગમાં આસક્ત એવા ચિત્તને **'ક્ષિપ્ત'** કહ્યું છે અને નિદ્રા-તંદ્રાથી ગ્રસ્ત એવા ચિત્તને **'મૂઢ'** જાણવું. ક્યારેક ભગવાનની મૂર્તિના ધ્યાનેયુક્ત ને ક્યારેક વિષયાસક્ત એવું ચિત્ત તે **'વિક્ષિપ્ત'** જાણવું. ધ્યેય જે શ્રીજીની મૂર્તિ તેને આકારે જે ચિત્ત તેને **'એકાગ્ર'** કહ્યું છે. શ્રીજીની સળંગ મૂર્તિમાં રસબસભાવે ચિત્ત લીન થઈ ગયું હોય તે **'રુદ્ધ'** જાણવું. આ રીતે ચિત્ત પાંચ પ્રકારવાળું છે તેણે કરીને તે ચિત્તની ભૂમિકા પણ પાંચ પ્રકારની છે ૫૨.

**आद्यद्वये तु शंकैव समाधेस्तत्र नास्ति हि[४३] ।**
**संदेहोऽस्ति च विक्षिप्ते क्वचित्कध्यानसंभवात् ॥ ५३ ॥**
**संप्रज्ञातसमाधिस्तु चित्तैकाग्र्ये समीरितः[४४] ।**
**रोधे तु सर्ववृत्तिनामसंप्रज्ञात उच्यते ॥ ५४ ॥**
**चेतसो विलये ह्यत्र हरावानंदवारिधौ[४५] ।**
**मग्नः किंचिन्न जानाति ब्राह्यमाभ्यंतरं तथा ॥ ५५ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

તેમાં પ્રથમના બે પ્રકારવાળું ચિત્ત, જે 'ક્ષિપ્ત'ને 'મૂઢ' એ બેમાં સમાધિ થાય જ નહિ અને 'વિક્ષિપ્ત' ચિત્તમાં સમાધિ થવાનો સંદેહ છે; કેમ કે વિક્ષિપ્ત ચિત્તમાં ધ્યાનપ્રસંગ વીજળીના ઝબકારા જેવો હોઈ તથા વિક્ષિપ્ત ચિત્ત, શુદ્ધ

સત્ત્વમૂળક નહિ હોવાના કારણે સમાધિને અનુકૂળ નથી ૫૩. અને ભગવાનને વિષે જ્યારે ચિત્તનું 'એકાગ્રપણું' હોય ત્યારે **'સંપ્રજ્ઞાત સમાધિ'** થાય છે. અને જ્યારે સર્વ વૃત્તિઓનો શ્રીહરિની મૂર્તિમાં (રુદ્ધ ચિત્ત સમયે) નિરોધ થાય ત્યારે જ **'અસંપ્રજ્ઞાત સમાધિ'** થાય છે ૫૪. જે અસંપ્રજ્ઞાત સમાધિમાં સુખના સાગર એવા શ્રીજીમહારાજ તેમાં ચિત્તનો લય થઈ જાય છે. અને તે યોગી મૂર્તિમાં જ નિમગ્ન થકો બહારનું -અંદરનું કાંઈ પણ જાણતો નથી; અર્થાત્ એક મૂર્તિના સુખમાં જ થીજી રહે છે ૫૫. વળી શ્રીહરિ કહે છેઃ–

**व्युत्थानेऽस्य पुनश्चित्तवृत्तिनां संभवोऽपि च[४६] ।**
**निरिन्धनाग्निवद् ब्रह्मञ्छाम्यत्येव शनैः शनैः ॥ ५६ ॥**
**ततो योगी प्रशांतात्मा ब्रह्मरूपतया स्थितः[४७] ।**
**अनिर्वाच्यं महानंदं हृदयेऽनुभवत्यसौ ॥ ५७ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

હે મુને! આ યોગી, સમાધિથી બહાર આવે છે તથાપિ તેનું ચિત્ત નિર્વાસનિક હોવાથી તેને બંધન થતું નથી; કેમ કે કાષ્ટ વિનાના અગ્નિની માફક તેની વૃત્તિઓ ધીરે ધીરે શાંત થઈ જાય છે ૫૬. ત્યાર બાદ બ્રહ્મરૂપ ને પ્રશાંતાત્મા એવો તે યોગી, હૃદયાકાશમાં શ્રીજીના સ્વરૂપ સંબંધી અનિર્વાચ્ય એવો મહા આનંદ તેને અનુભવે છે; કહેતાં, શ્રીહરિજીની કૃપાથી મૂર્તિનું સુખ ભોગવે છે ૫૭.

અહીં આવો પ્રશ્ન થાય કે, અસંપ્રજ્ઞાત સમાધિ સિદ્ધ થાય છે તે અષ્ટાંગયોગનાં સાધન અનુક્રમે સિદ્ધ કરવાથી થાય છે, તો અષ્ટાંગયોગ સાધવો કે ધ્યાન જ કરવું? આવી શંકાનું

સમાધાન સ. જી. પ્ર. ૫માં યોગોપદેશમાં ચાલુ પ્રસંગના અ. ૬૦માં જ કર્યું છે. શ્રીહરિ હવે તેની વિક્તિ જણાવે છેઃ–

**अष्टस्वंगेषु चैतेषु बहिरंगान्तरंगता[२९] ।**
**प्रोक्ता तत्राप्यन्तरंगश्रेष्ठत्वं विद्धि सन्मते ॥ ५८ ॥**

હે સન્મતે! પ્રથમ કહ્યા જે યમ-નિયમાદિ પાંચ તે બહિરંગ કહ્યાં છે ને ધ્યાન, ધારણા ને સમાધિ એ ત્રણ અંતરંગ કહ્યાં છે, તેમાં અંતરંગ શ્રેષ્ઠ છે —એમ તમે જાણો ૫૮.

**पूर्वपुण्यौघसंस्कारैरादावेव लभेत यः[३०] ।**
**अंतरंगं स नो कुर्याद् बहिरंगाप्तये श्रमम् ॥ ५९ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૬૦)

જે પુરુષે, પૂર્વ જન્મમાં કરેલી સત્પુરુષની સેવા ને સ્વધર્માદિક સાધન, તે રૂપ ઘણાક પુણ્યના સંસ્કાર, તેણે કરીને પ્રથમથી જ ધ્યાન, ધારણા ને સમાધિ —આ ત્રણ અંગને પ્રાપ્ત કર્યાં છે તે પુરુષે, બહિરંગ જે યમ, નિયમ, આસન, પ્રાણાયામ ને પ્રત્યાહાર તેને પ્રાપ્ત કરવા પરિશ્રમ કરવો નહિ; અર્થાત્, ચોરાસી અથવા ચૌદ આસન કરવાં, ધોતી ગળવી, ને નેતી, બસ્તી, કુંજરક્રિયા ઇત્યાદિ માટે પરિશ્રમ કરવો નહિ; અર્થાત્, સકલ અષ્ટાંગયોગના સાધનનો પ્રયાસ છોડીને સત્પુરુષનો સમાગમ કરી, શ્રીજીમહારાજની સર્વોપરી આજ્ઞા-ઉપાસના દૃઢ કરવી ને વિષયાસક્તિનો ત્યાગ કરીને ‘અસંપ્રજ્ઞાત સમાધિ’ જે શ્રીજીની મૂર્તિનો સાક્ષાત્કાર થાય, ત્યાં સુધી શ્રીજીની મૂર્તિના ધ્યાનનો જ અભ્યાસ કરવો ૫૯. આ પ્રકારે શ્રીજીમહારાજે શતાનંદમુનિને અષ્ટાંગયોગનું રહસ્ય કહ્યું છે.

ધ્યાનમાં થયેલા શ્રીજીના દિવ્યસ્વરૂપના અનુભવથી

નિરાવરણ સ્થિતિ પામેલા, ભુજના રાજાના અમાત્ય સુંદરજીભાઈએ પણ, સ. ભૂ. અંશ ૧, અ. ૫૭માં સાનંદ આશ્ચર્ય સાથે આ પ્રમાણે કહેલું છેઃ—

**प्राप्ताश्चर्यो नृपाहेदं स चास्याहो! हरेः समः[३६] ।**
**मूर्तिध्यानेन कोऽप्यर्थोऽखिलांऽेष्वस्ति कर्हि किम् ॥ ६० ॥**

અહો! આ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિના ધ્યાન સમાન, કોઈ કાળમાં સમગ્ર બ્રહ્માંડોમાં બીજો કોઈ પણ પુરુષાર્થ નથી ૬૦. ઈતિ શ્લો. ૧૧૫.

[ધ્યાન-નિરુપણનો શિક્ષાપત્રીનો મૂળશ્લોક ૧૧૫ મો છે તેના વિવેચનમાં ઉપર કહેલા શ્લોક ૬૦ છે.]

## શિ૦ શ્લો૦ ૧૧૬

(આત્યંતિક મોક્ષનું લક્ષણ)

**निजात्मानं ब्रह्मरूपं देहत्रयविलक्षणम् ।**
**विभाव्य तेन कर्तव्या भक्तिः कृष्णस्य सर्वदा ॥ ११६ ॥**

**અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ —એ જે ત્રણ દેહ તે થકી વિલક્ષણ એવો જે પોતાનો જીવાત્મા, તેને બ્રહ્મરૂપની ભાવના કરીને પછી તે બ્રહ્મરૂપે કરીને શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ જે તે સર્વકાળને વિષે કરવી ૧૧૬.**

### બ્રહ્મરૂપ એટલે શું?

ત્રણ દેહથી વિલક્ષણ ને તેના પ્રકાશકપણે કરીને ભિન્ન; કહેતાં, ત્રણ દેહની ભાવનાએ રહિત શુદ્ધ એવો પોતાનો આત્મા, તે આત્માને, **'બ્રહ્મરૂપ'** એટલે, શિતળ, શાંત, ઘન,

સુખરૂપ ને શ્વેત એવા શ્રીજીમહારાજના તેજનો સમૂહ જે બ્રહ્મ તથા અક્ષરધામ કહેવાય છે, તે બ્રહ્મની સાથે ઐક્ય કરી; એટલે કે, તે બ્રહ્મને વિષે પોતાના આત્માને ગઢડા મધ્ય પ્ર.ના ૫૦મા વચનામૃત પ્રમાણે લીન કરીને ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે સહિત ભક્તિ-ઉપાસના કરવી.

## બ્રહ્મરૂપ થવાનાં અન્ય પ્રમાણો

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૭૨માં જણાવે છેઃ–

**एतेन सांख्यज्ञानेन कारणादिवपुस्त्रयात्[१] ।**
**स्वात्मा ज्ञेयः पृथक् चेशोऽव्याकृतादिवपुस्त्रयात् ॥ १ ॥**
**तादात्म्येन ततश्चैक्यं ब्रह्मणा स्वस्य भावयेत्[२] ।**
**ब्रह्मभूतस्ततो भक्त्या वासुदेवं भजेत्पुमान् ॥ २ ॥**
**वर्णाश्रमोचितं धर्मं स्वाधिकारानुसारिणम्[३] ।**
**यावद्देहस्मृतिस्तावत् पालयस्तं भजेत्सदा ॥ ३ ॥**

આ કહ્યું જે સાંખ્યજ્ઞાન તેણે કરીને સ્થૂળ, સૂક્ષ્મ ને કારણે —એ ત્રણ દેહ થકી પોતાનો આત્મા પૃથક્ જાણવો. અને વિરાટ, સૂત્રાત્મા ને અવ્યાકૃત એ ત્રણ દેહ થકી ઈશ્વરને પૃથક્ જાણવા ૧. ત્યાર બાદ બ્રહ્મની સાથે પોતાના આત્માની તાદાત્મ્ય સંબંધે કરીને એકપણાની ભાવના કરવી. પછી બ્રહ્મભૂત એવો જે મુમુક્ષુ ભક્તજન તે, શ્રીજીમહારાજને ભક્તિએ કરીને ભજે ૨. અને તે ભક્ત જ્યાં સુધી પોતાને દેહની સ્મૃતિ રહે ત્યાં સુધી, વર્ણ તથા આશ્રમને ઉચિત એવો જે ધર્મ, તેને પાળતો થકો જ શ્રીજીને ભજે; પણ આત્મનિષ્ઠાની, કે મહિમાની ઓથે કરીને ધર્મનો ત્યાગ કરે નહિ; ધર્મમાં રહીને જ શ્રીહરિને ભજે ૩.

દિગ્પાલો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ હે પ્રભો! આપે

અમને સોંપેલો લોકપાલનરૂપ અધિકાર તેનો ગર્વ અમને ક્યારેય પરાભવ ન કરે એવી અમને શિક્ષા આપો. તેનો ઉપાય બતાવતાં, શ્રીહરિ સ. ભૂ. અંશ. ૨, અ. ૧૮માં આ પ્રમાણે કહે છેઃ—

**ज्ञात्वैतत्सदसद् व्यक्तिं स्वात्मानं चास्ति तत्पृथक्[४९] ।**
**मत्वा ब्रह्मेत्यहं यूयं मद्भक्तिं कुरुतानिशम् ॥ ४ ॥**
**नष्टदेहाभिमानानां मय्यन्वहं शनैः शनैः[५०] ।**
**यया वो वर्धितप्रेम्णां पृष्टोऽभिष्यान्न तत्स्मयः ॥ ५ ॥**

જીવાત્મા 'સત્' છે ને દેહ 'અસત્' છે એમ જાણીને, દેહથી જુદો એવો જે આત્મા તે હું બ્રહ્મરૂપ છું, આ પ્રકારે માનીને, તમે નિરંતર મારી ભક્તિ કરો ૪. પ્રતિદિન કરેલી તેવી ભક્તિથી ધીરે ધીરે મારે વિષે વૃદ્ધિ પામેલ છે પ્રેમભાવ જેમનો, એટલા માટે નાશ પામી ગયેલ છે દેહાભિમાન જેમનાં એવા તમોને તે ગર્વ પરાભવ નહિ કરે ૫.

આવી રીતે બ્રહ્મરૂપ થઈને **'શ્રીકૃષ્ણની'** એટલે અનંતકોટી મુક્ત-નિત્યમુક્તના સ્વામી, સુખપ્રદાતા ને નિયંતા, તથા સકલ અવતારના ઐશ્વર્ય-પ્રકાશના પ્રકાશક અને અનંત જીવના આત્યંતિક મોક્ષ કરવાને અર્થે છપૈયાપુરમાં, ધર્માવતાર શ્રી ધર્મદેવથી, પ્રેમવતી ભક્તિદેવીને વિષે પ્રકટ થયેલા, એવા અનાદિ કૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ કરવી.

## ભક્તિ સંબંધી વિશેષ વિચાર

શ્રીહરિ હવે સ. જી. પ્ર. ૪, અ. ૭૨માં ભક્તિના નવ પ્રકાર બતાવે છેઃ—

**श्रवणं कीर्तनं चैव स्मरणं पादसेवनम्[१४] ।**
**अर्चनं वंदनं दास्यं सख्यमात्मनिवेदनम् ॥ ६ ॥**
**एतैः प्रकारैर्नवभिः सेवते यस्तमादरात्[१५] ।**
**तस्य गाढं भवेत्प्रेम तस्मिन्नारायणे विभौ ॥ ७ ॥**

પોતાના સ્વામી જે શ્રીજીમહારાજ તેમનાં કથા-કીર્તનનું શ્રવણ કરવું[૧]. શ્રીજીના કથા-કીર્તન બોલવાં[૨]. શ્રીજીની મૂર્તિનું સ્મરણ કરવું[૩]. શ્રીજીના ચરણારવિંદની સેવા કરવી[૪]. તેમનું અર્ચન-પૂજન કરવું[૫]. તેમને વંદન કરવું[૬]. તેમના દાસ થઈને રહેવું-વર્તવું[૭]. તેમની સાથે સખાભાવ રાખવો[૮] ને 'आत्मनिवेदन' કહેતાં, દેહાદિક સર્વ તેમને અર્પણ કરી દેવું, અથવા પોતાનો આત્મા શ્રીજીને અર્પણ કરવો; અર્થાત્ મૂર્તિમાં જોડી રાખવો[૯] ૬. —આ નવ પ્રકારે જે ભક્ત શ્રીજીને શ્રદ્ધા-માહાત્મ્યથી સેવે છે, તે ભક્તને સમર્થ એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુજીને વિષે ગાઢ પ્રેમ થાય છે ૭.

**तस्य पुंसो भगवति प्राणेंद्रियमनोधियाम्[१६] ।**
**निरोधो जायतेऽथाऽसौ सर्वत्रापि तमीक्षते ॥ ८ ॥**
**भक्त्याऽनयैव परया गुणातीतास्थितिर्भवेत्[२३] ।**
**शान्तिश्च सर्वथा पुंसस्तस्मादेतां श्रयेत्सुधीः ॥ ९ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. ૭૨)

ત્યાર બાદ તે ભક્તના પ્રાણ, ઇંદ્રિયો, મન ને બુદ્ધિનો શ્રીજીના સ્વરૂપમાં 'નિરોધ'-લય થાય છે, ત્યારે એ ભક્ત શ્રીજીની મૂર્તિને જ સર્વત્ર દેખે છે; બીજું કાંઈ દેખતો નથી ૮. ભગવાનના ભક્તને આવી પ્રેમલક્ષણા ભક્તિએ કરીને જ ભગવદ્‌ભાવની સ્થિતિ થાય છે. અને સર્વપ્રકારે શ્રીજીની મૂર્તિનું સુખ આવે છે, માટે જ્ઞાની ભક્ત હોય તે આવી રીતે (બ્રહ્મરૂપ

થઈને) માહાત્મ્યજ્ઞાને સહિત ભક્તિનો આશ્રય કરે ૯.

વળી 'ભક્તિ' એટલે ગાઢપ્રેમપૂર્વક 'પરિચર્યા'; કહેતાં, મુકુંદાનંદવર્ણીની માફક સેવા, અથવા નિરવધિકાતિશય સ્નેહે કરીને અખંડ ધ્યાન, —આવી ભક્તિ સર્વકાળને વિષે કરવી. ભક્તિનું સ્વરૂપ શિક્ષાપત્રી શ્લો. ૧૦૩માં શ્રીજીએ વિસ્તારપૂર્વક કહેલું છે તો તે થકી જાણવું.

## બ્રહ્મરૂપા ભક્તિનું ફળ

બ્રહ્મરૂપ થઈને ભક્તિ કરતા એવા જે ભક્તજન તે, પરબ્રહ્મની પ્રસન્નતાથી પરબ્રહ્મરૂપ થાય છે. તે હરિવાક્ય-સુધાસિંધુ તરંગ ૮૯માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**साम्यं साधर्म्यमित्युक्तं प्राप्नोति परमं स तत्**[११] **।... ॥ १० ॥**

જે ભક્ત ઉપર હું કૃપા કરું છું તે ભક્ત મારા પરમ સાધર્મ્યને પામે છે. તે સાધર્મ્ય તે શું? તો, સર્વ મુક્તનું સ્વામીપણું સુખદાતાપણું ને નિયંતાપણું —તે સિવાય બીજા રૂપ, ગુણ, ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થ્ય ઈત્યાદિ દિવ્ય ને કલ્યાણકારી ગુણે કરીને સરખાપણું જે તુલ્યભાવ, તેને સાધર્મ્ય કહેલું છે ૧૦.

તે સારંગપુરના ૧૧મા વચનામૃતમાં કહ્યું છેઃ— પાંચ સાધન સિદ્ધ કરે ત્યારે તેના ઉપર ભગવાનની કૃપા થાય છે ને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે તે ભક્ત, ભગવાનના તુલ્યપણાને પામે છે; અર્થાત્ શ્રીજીમહારાજરૂપ શ્રીજીમહારાજ જેવો દિવ્ય સાકાર મુક્ત થાય છે અને શ્રીજીમહારાજની સેવામાં રહે છે, —આવો ભાવાર્થ છે.

એકરસ, શિતળ, શાંત, ઘન ને શ્વેત એવો

શ્રીજીમહારાજની મૂર્તિના તેજનો સમૂહ છે; તેને જ બ્રહ્મ તથા અક્ષરધામ કહ્યું છે. તેમાં વિરાજમાન દિવ્ય-અદ્‌ભુત-મંગળ-મૂર્તિ એવા શ્રીજીમહારાજ, તેમને વિષે માહાત્મ્યજ્ઞાનપૂર્વક અતિશય સ્નેહ કરવો ને મૂર્તિ સામું જોઈ રહેવું, અથવા અતિ સ્નેહે કરીને શ્રીજીની સાથે એકાત્માપણું પ્રાપ્ત કરી મૂર્તિમાં રહ્યા થકા જ અનુભવજ્ઞાને કરીને, સમગ્ર મૂર્તિના આનંદના ભોક્તા દાસભાવે રહેવું. આવો શ્રીજીમહારાજનો અભિપ્રાય છે તે સ. ભૂ. અંશ ૪, અ. ૨૫માં શ્રીહરિએ કહ્યું છેઃ–

**शुभ्रं यज्ज्योतिषां ज्योतिः यद्यदात्मविदो विदुः[६] ।**
**श्रुत्योक्तं सच्चिदानंदं ब्रह्माद्वयं त्वमेव तत् ॥ ११ ॥**
**क्षेत्रज्ञोऽस्मि त्वमेवाहं क्षेत्रक्षेत्रज्ञयोस्तव[७] ।... ॥ १२ ॥**

‘‘શ્રુતિઓ જેને સચ્ચિદાનંદ, બ્રહ્મ ને અદ્વિતીય કહે છે ને ‘आत्मविद्’ કહેતાં, આત્મા જે બ્રહ્મ તેને જાણનારા મુક્ત છે તે, જેને ‘ज्योतिषां ज्योतिः’ એટલે પ્રકાશક જે સૃષ્ટિકર્તા અક્ષરબ્રહ્માદિક તેમનું પ્રકાશકરૂપે જાણે છે ને ‘शुभ्रं’ એટલે અતિશય તેજોમય, –એવું જે બ્રહ્મ તે તમે છો ૧૧. અને તમારું ક્ષેત્ર જે શરીર તથા ક્ષેત્રજ્ઞ જે આત્મા –એ બંનેનો ક્ષેત્રજ્ઞ એવો હું છું. અને ‘त्वमेवाऽहं’ કહેતાં, તમે મારારૂપ છો; અર્થાત્ મારું સાધર્મ્ય પામેલાં મુક્ત છો. વળી હું તમારામાં રહ્યો છું ને તમે મારામાં રહ્યાં છો; એટલે મારી સાથે એકાત્મતાને પ્રાપ્ત કરી મારો આનંદ અનુભવો છો ૧૨.’’

વળી એવી જ રીતે પોતાને બ્રહ્મરૂપ માનીને; અથવા ગઢડા પ્રથમ પ્ર.ના વચનામૃત ૫૧માં કહ્યા પ્રમાણે પોતાને

'પુરુષોત્તમરૂપ' એટલે શ્રીજીની મૂર્તિ સાથે સ્વામી-સેવક-ભાવે પોતાના આત્માનું ઐક્ય કરીને શ્રીહરિને ભજે છે તેની સ્થિતિ, સ. ભૂ. અંશ ૨, અ. ૪૦માં અનાદિમુક્ત સદ્. વાસુદેવાનંદ સ્વામીએ આ પ્રમાણે વર્ણવેલી છેઃ—

પ્રાંતિજના તુલજારામ ભક્તને જેતલપુરમાં શ્રીહરિએ પૂછ્યું, તમે જ્ઞાતિએ કોણ છો ને કોના પુત્ર છો? તેના ઉત્તરમાં તુલજારામે કહ્યુંઃ—

**कस्यापि तनयो नास्ति संबंधी कस्य चाप्यहम्[२५] ।**
**न कस्यापि रिपुर्मित्रं न केनापि समोऽसमः ॥ १३ ॥**
**न बाल्यत्वं च तारुण्यं वृद्धत्वं मयि चास्ति वै[२६] ।**
**कश्चिद्देशो न मे कृष्णो! जात्यादित्वं न मय्यपि ॥ १४ ॥**

હે પ્રભો! હું કોઈનો પણ પુત્ર નથી, કોઈનો પણ હું સંબંધી નથી અને કોઈનો શત્રુ કે મિત્ર નથી. હું કોઈનો સમ કે વિષમ નથી ૧૩. મારામાં બાલપણું, તરુણતા કે વૃદ્ધત્વ નથી. હે શ્રીહરે! મારો કોઈ દેશ પણ નથી. મારાં કોઈ જાતિ, કે આશ્રમ નથી ૧૪. વળી તે પછી શ્લો. ૨૭ તથા ૨૮માં કહ્યું છેઃ—

**सच्चिदानंदरूपोऽस्मि कूटस्थोऽहं सदा प्रभो ।**
**प्रत्यग्धामा स्वयंज्योतिर्ज्ञाता सूक्ष्मतरोऽक्षर ॥ १५ ॥**
**अछेदोऽहमदाहोऽस्म्यक्लेदोऽशोषः सनातनः ।**
**नित्यो दासोऽस्मि ते देहेऽप्यनाशोऽनष्टतां गतेः ॥ १६ ॥**

હે પ્રભો! હું તો સચ્ચિદાનંદ સ્વરૂપ છું અને હું સદા કૂટસ્થ-નિર્વિકારી છું. પ્રતિલોમ સ્ફુર્તિવાળો, સ્વયંપ્રકાશ, જ્ઞાતા, અતિ સૂક્ષ્મ તથા 'અક્ષરસ્વરૂપ' એટલે ભગવાનથી

ક્ષણકાળ પણ જુદો ન પડું એવો હું છું ૧૫. અને અછેદ્ય, અદાહ્ય, અકલેદ્ય, અશોષ્ય, સનાતન, નિત્ય ને નાશ રહિત એવો હું તમારો દાસ છું ૧૬. વળી શ્લો. ૨૯માં કહ્યું છેઃ—

**सुखं दुःखं मृतिर्जन्म शीतं चोष्णं क्षुधा तृषा ।**
**मानं चैतन्न देहादेः सर्वं मेऽस्यास्ति चेद्धरे! ॥ १७ ॥**

હે શ્રીહરે! સુખ-દુઃખ, મૃત્યુ-જન્મ, શીત-ઉષ્ણ, ક્ષુધા-તૃષા અને માન —આ સર્વ તો, દેહાભિમાની મનુષ્યને છે; હું તો તમારો દાસ છું; એટલે એ બધું મને કંઈ નથી ૧૭.

આ પ્રમાણે પોતાને અસંગી માનીને શ્રીજીની મૂર્તિનું સુખ ભોગવવું તે બ્રહ્મરૂપા ભક્તિનું ફળ છે.

વળી આવી રીતની બ્રહ્મરૂપપણાની ભક્તિનું ફળ અમુકને જ પ્રાપ્ત થાય એવો નિયમ નથી; ધર્મે સહિત ભક્તિ કરનાર સર્વ કોઈ ભક્તને તે પ્રાપ્ત થાય છે. તે સ. જી. પ્ર. ૨, અ. ૫૧માં સ્વયં શ્રીહરિએ કહ્યું છેઃ—

**नहि केवलमीदृशाः पुमांसो भुवि भक्ताः श्रुतवेदिनो भवेयुः[३१] ।**
**अबला अपि चात्मधर्मसंस्था भगवत्स्नेहभरेण देववन्द्याः ॥**

પૃથ્વી પર આવો ભક્તિનો ઉત્કર્ષ કેવળ પુરુષોને જ થાય, કે શાસ્ત્રના પરિશીલનવાળાને જ થાય એવો નિયમ નથી; પરંતુ સ્વધર્મમાં સ્થિતિવાળી અબળાઓ પણ ભગવાન એવો હું, તે મારામાં અતિશય સ્નેહભારથી ઇંદ્રાદિક દેવતાઓને પણ વંદન કરવા યોગ્ય થાય છે ૧૮. ઇતિ શ્લો. ૧૧૬.

# શિ૦ શ્લો૦ ૧૧૭

**श्रव्यः श्रीमद्भागवतदशमस्कन्ध आदरात् ।**
**प्रत्यहं वा सकृद्वर्षे वर्षे वाच्योऽथ पण्डितैः ॥ ११७ ॥**

**અને શ્રીમદ્ ભાગવત પુરાણનો જે દશમસ્કંધ તે જે તે, નિત્યપ્રત્યે આદર થકી સાંભળવો; અથવા વર્ષોવર્ષ એકવાર સાંભળવો. અને જે પંડિત હોય તેમણે નિત્યપ્રત્યે વાંચવો; અથવા વર્ષોવર્ષ એકવાર વાંચવો ૧૧૭.**

## પરોક્ષાર્થ તથા પ્રત્યક્ષાર્થ

પરોક્ષાર્થ એ સામાન્ય સિદ્ધાંત છે અને પ્રત્યક્ષાર્થ —એ શ્રીજીમહારાજનો મુખ્ય સિદ્ધાંત છે. વ્યાસજીએ રચેલ શ્રીમદ્ ભાગવત પુરાણનો 'દશમસ્કંધ' તે નિત્યપ્રત્યે આદર થકી સાંભળવો; અથવા વર્ષોવર્ષ એકવાર સાંભળવો, અને પંડિત હોય તેમણે નિત્યપ્રત્યે વાંચવો; અથવા વર્ષોવર્ષ વાંચવો. આ જે શ્રીહરિની આજ્ઞા છે તે સામાન્ય સિદ્ધાંત છે.

જેમને પરોક્ષ અવતારને વિષે પ્રેમ હોય તેમને તેમનાં શાસ્ત્ર વિશેષ પ્રિય લાગે, તેવાઓના સમાસને અર્થે શ્રીજીનું આ વાક્ય છે. અને વળી જેમ અવતારના ઉપાસકોને પરોક્ષ શાસ્ત્ર દશમસ્કંધાદિ વાંચવાનું કહ્યું, તેમ જ અવતારી પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઉપાસકને, પ્રકટનાં શાસ્ત્ર નિત્યપ્રત્યે વાંચવાં. આવો શ્રીજીમહારાજ ને તેમના મુક્તનો મુખ્ય સિદ્ધાંત-ગૂઢાશય છે.

## પ્રત્યક્ષાર્થમાં વિશેષ માહિતી

સર્વથી પર, પોતાના દિવ્ય અક્ષરધામમાં અનાદિ

શ્રીકૃષ્ણ ભગવાન રહ્યા છે, —એ જ ભક્તિધર્મ થકી શ્રી સ્વામિનારાયણરૂપે પ્રકટ થયા છે. માટે અનાદિ 'શ્રીકૃષ્ણ' જે શ્રી સહજાનંદ સ્વામી તેમના અનન્ય આશ્રિત ભક્તજન હોય, તેમણે તો પોતાના ઈષ્ટદેવનાં ચરિત્ર, ગુણ-ઐશ્વર્ય, સર્વોપરી ઉપાસના, આજ્ઞા, જ્ઞાન-ધ્યાન વગેરેનું જેમાં નિરૂપણ કરેલું છે એવા ગ્રંથ જે વચનામૃત, શિક્ષાપત્રી, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણિ આદિ છે, તે નિત્યપ્રત્યે આદર થકી સાંભળવા. તેમાં શિક્ષાપત્રી માટે તો સ્વયં શ્રીહરિએ શ્લો. ૨૦૮માં કહ્યું છેઃ— 'અમારા આશ્રિત ત્યાગી -ગૃહી-બાઈ-ભાઈ તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો અને જેમને ભણતાં આવડતું ન હોય તેમણે તો આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું.

ગઢડા મધ્ય પ્ર.ના ૧૩મા વચનામૃતમાં પણ શ્રીહરિએ કહ્યું છેઃ— ''આ વાર્તા એવી જીવનદાર છે જે, દેહ રહે ત્યાં સુધી પણ નિત્યપ્રત્યે કરવી.'' ગઢડા અંત્ય પ્ર.ના ૧૯માં— ''નિત્યપ્રત્યે આ વાત કરવી અને બીજાને સાંભળવી.'' લોયા વચ. ૧૮માં—''અને આ જે અમારી વાર્તા છે તેને નિત્યપ્રત્યે દિવસમાં એકવાર કરવી —એમ અમારી આજ્ઞા છે તેને ભૂલશો મા; જરૂર ભૂલશો મા.''

સ. જી. પ્ર. ૧, અ. ૩૬, શ્લો. ૯૫માં પણ કહ્યું છેઃ— સાક્ષાત્ શ્રી સહજાનંદ સ્વામીના મુખકમળમાંથી પ્રકટ થયેલી, માટે વેદના પણ સારરૂપ એવી આ **'હરિગીતા'** છે, તેને જે મનુષ્ય, સકામભાવે, નિત્યપ્રત્યે મારી પૂજા કરીને પંચાધ્યાયીને; અથવા એક અધ્યાયને વાંચે છે, કે સાંભળે છે,

તે જનો સકળ મનોરથને પામે છે. અને જે મનુષ્ય નિષ્કામભાવે એનું સેવન કરે છે તે તરત મારી એકાંતિક ભક્તિને પામે છે, અને નિર્વાસનિક થઈને અક્ષરધામમાં પોતાને ઈચ્છિત એવું મૂર્તિનું સુખ ભોગવે છે.

શ્રીહરિનાં આવાં વચનથી જણાય છે કે, પોતાના અવતારચરિત્રના જે ગ્રંથ હોય તે કરતાં, અવતારી એવા પોતાનાં જ ચરિત્ર તથા પોતે કરેલ ઉપદેશામૃત જે ગ્રંથમાં હોય, તે શ્રીહરિને વિશેષ પ્રિય છે. ઈતિ શ્લો. ૧૧૭.

## શિ૦ શ્લો૦ ૧૧૮

**कारणीया पुरश्चर्या पुण्यस्थानेऽस्य शक्तितः ।**
**विष्णुनामसहस्त्रादेश्चापि कार्येप्सितप्रदा ॥ ११८ ॥**

**અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. અને વળી વિષ્ણુસહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર તેનું પુરશ્ચરણ પણ, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. તે પુરશ્ચરણ કેવું છે તો, પોતાના મનવાંછિત ફળને આપે એવું છે ૧૧૮.**

### પુરશ્ચરણની આજ્ઞા

હવે 'પુણ્યસ્થાન' એટલે ભગવાનનાં મંદિર આદિ પવિત્ર દેશમાં; અથવા જ્યાં સત્પુરુષો હોય તેવા પવિત્ર દેશને વિષે. 'इप्सितप्रदा' કહેતાં, પોતે ઈચ્છેલા મનોવાંછિત ફળને આપનારી, એવી આ શ્રીમદ્ ભાગવતના દશમસ્કંદની 'પુરશ્ચર્યા' એટલે 'એકસો આઠ' પારાયણો કરાવવાં —એ વગેરે લક્ષણોવાળી પૂર્ણાહુતિ, —જેવી પોતાની શક્તિ હોય તે

પ્રમાણે કરાવવી. વળી 'कार्या च' એમ કહ્યું છે, તેથી જો પોતે જ તેનો પાઠ કરી શકે તેમ હોય તો પોતે, તે પુરશ્ચર્યા જાતે કરવી. અને વળી વિષ્ણુના હજાર નામો, જેને **'વિષ્ણુસહસ્રનામ'**નું સ્તોત્ર કહે છે, તેનું પણ પુરશ્ચરણ કરવું-કરાવવું. તે પુરશ્ચરણનો વિધિ તો, વિધાનનિદાનમાંથી વિસ્તારથી જોઈ લેવો. શ્રીહરિનો આ સામાન્ય સિદ્ધાંત છે.

હવે મુખ્ય સિદ્ધાંત શું? તો, જેમ દશમસ્કંધ તથા વિષ્ણુસહસ્રનામનું પુરશ્ચરણ કરવાનું કહ્યું છે, તેવી જ રીતે સ. ગુ. મુક્તાનંદ સ્વામીકૃત 'સત્સંગિજીવન ગ્રંથનું માહાત્મ્ય'* —તેમાં **'સત્સંગિજીવન'**નું પુરશ્ચરણ વિધિસહિત સવિસ્તર બતાવ્યું છે; તેને જાણીને સત્સંગિજીવન, શિક્ષાપત્રી, વચનામૃત આદિ ગ્રંથોનું તથા જનમંગલ-સર્વમંગલાદિ સ્તોત્રોનું પુરશ્ચરણ પણ, પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું-કરાવવું. ઈતિ શ્લો. ૧૧૮.

## શિ૰ શ્લો૰ ૧૧૯

**दैव्यामापदि कष्टायां मानुष्यां वा गदादिषु ।**
**यथा स्वपररक्षा स्यात्तथावृत्यं न चान्यथा ॥ ११९ ॥**

**અને કષ્ટની દેનારી એવી કોઈ દેવ સંબંધી આપદા આવી પડે, તથા મનુષ્ય સંબંધી આપદા આવી પડે, તથા રોગાદિક આપદા આવી પડે, તેને વિષે જેમ પોતાની ને બીજાની રક્ષા થાય તેમ વર્તવું; પણ બીજી રીતે ન વર્તવું.**

* સત્સંગિજીવન ગ્રંથની શરૂઆતમાં ૯ અધ્યાયથી કહેલું છે તે.

## આપત્કાળમાં દેહનું સંરક્ષણ

'કષ્ટાયાં' એટલે જેમાં કષ્ટ રહેલું હોય એવી દુઃખરૂપ; **'દેવ સંબંધી[1]'** અર્થાત્ અનાવૃષ્ટિ કે ગામને આગ લાગે-વગેરે જે વિપત્તિ આવે ત્યારે. તથા **'મનુષ્ય સંબંધી[2]'** એટલે રાજાના મનુષ્ય તરફથી, અગર પોતાના શત્રુ તરફથી ધનનું હરી જવું —વગેરે લક્ષણોવાળી આપત્તિ આવે ત્યારે. તેમ જ જ્યારે રોગ થયો હોય, અથવા હથિયારથી ઈજા થઈ હોય, ઇત્યાદિક **'દેહ સંબંધી[3]'** દુઃખ આવે —એ ત્રણે પ્રકારની આપત્તિઓ આવી હોય, ત્યારે જેવી રીતે પોતાની તથા બીજાની રક્ષા થાય તે પ્રમાણે વર્તવું, પણ બીજી રીતે ન વર્તવું; કારણ કે ધર્મશાસ્ત્રમાં આપદ્ધર્મ જુદા કહેલા છે. તે મહાભારતના શાંતિપર્વમાં મોક્ષધર્માનુશાસન પર્વ, અ. ૨૬૧માં કહ્યું છેઃ—

**अन्यो धर्मः समस्थस्य विषमस्थस्य चापरः[4] ॥ १ ॥**

'સમતા' અર્થાત્ અનુકુળ સમયના ધર્મ જુદા છે અને 'વિષમતા' એટલે આપત્કાળના ધર્મ જુદા છે ૧. વળી એ જ ગ્રંથના શાંતિપર્વના રાજધર્મ અ. ૧૩૦માં કહ્યું છેઃ—

**अन्यो धर्मः समर्थानामापत्स्वन्यश्च भारत[14] ॥ २ ॥**

સમર્થોના ધર્મ જુદા છે, ને આપત્તિમાં આવેલાના ધર્મ જુદા છે ૨. તે માટે જ ભગવાનની ભક્તિને અનુકૂળ એવા મનુષ્યદેહની રક્ષાને અર્થે, આપત્તિમાં પરધર્મનું આચરણ પણ માનેલું છે. તે શ્રીમદ્ ભાગવતના એકાદશસ્કંધ અ. ૧૭માં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે કહ્યું છેઃ—

**सीदन्विप्रो वणिग्वृत्त्या पण्यैरेवापदं तरेत्[47] ।**
**खड्गेन वाऽऽपदाक्रान्तो न श्ववृत्त्या कदाचन ॥ ३ ॥**

પોતાની આજીવિકાથી ક્લેશ પામતા બ્રાહ્મણે, વૈશ્યવૃત્તિથી પણ આપત્તિ ઉલ્લંઘી જવી. અને તેથી પણ વિશેષ આપત્તિ આવી હોય તો, તરવાર ધારણ કરવાની જે ક્ષત્રિયની વૃત્તિ તેથી પણ આપત્તિ તરી જવી; પરંતુ દાસપણું કરવાની શૂદ્રવૃત્તિ, કે જે કૂતરાની વૃત્તિ છે તે તો આપત્કાળમાં પણ બ્રાહ્મણે ન સ્વીકારવી ૩. ઈતિ શ્લો. ૧૧૯.

## શિ૦ શ્લો૦ ૧૨૦

**देशकालवयोवित्तजातिशक्त्यनुसारतः ।**
**आचारो व्यवहारश्च निष्कृतं चावधार्यताम् ॥ १२० ॥**

**અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્ત એ જે ત્રણ વાનાં તે જે તે, દેશ, કાળ, અવસ્થા, દ્રવ્ય, જાતિ અને સામર્થ્ય, એટલાને અનુસારે કરીને જાણવાં ૧૨૦.**

## આચારાદિક તથા દેશાદિકની સ્પષ્ટતા

**'આચાર'** એટલે પ્રાતઃસ્નાન કરવું વગેરે. **'વ્યવહાર'** જે ઋણાદાન; અર્થાત્ દેણુંલેણું આપવું-લેવું વગેરે. અને **'નિષ્કૃત'** જે પ્રાયશ્ચિત્ત એ બધાં, દેશ[૧], કાળ[૨], વય[૩], વિત્ત[૪], જાતિ[૫], અને શક્તિ[૬]ને અનુસરીને કરવાનાં જાણવાં. તેમાં 'દેશ' એટલે જ્યાં ઉપદ્રવ ન હોય તેવું સ્થળ. 'કાળ'-સુકાળ વગેરે. 'વય' કહેતાં બાળપણું વગેરે. 'વિત્ત' જે દ્રવ્યસંપત્તિ. 'જાતિ' એટલે બ્રાહ્મણવર્ણ વગેરે અને 'શક્તિ' જે શરીરબળ વગેરે. —એટલાનો વિચાર કરીને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત્તનો નિર્ણય કરવો.

## આચાર – નિર્ણય

ધર્મશાસ્ત્રોમાં પણ દેશ-કાળ વગેરેને અનુસરીને ભિન્ન-ભિન્ન નિર્ણયો કરેલા છે, જેથી આચાર આદિના નિર્ણયમાં ઘણા પક્ષો જણાય છે; જેમ કે 'કાત્યાયનસૂત્ર'ના ભાષ્યમાં, આહ્નિકપ્રકરણમાં સ્નાનના વિધિમાં દશ પ્રકારનાં સ્નાન બનાવ્યાં છેઃ–

'नद्यादिजलेन स्नानं वारुणं मुख्यं; तस्यासम्भवे प्रशस्तभस्मना सर्वाङ्गोद्धूलनमाग्नेयम्; गवां खुरोद्धूतरजसां ग्रहणं वायव्यम्; द्रुपदादिमन्त्रैः कुशाग्रेण मूर्धनि जलाभिषेको मान्त्रम्; आर्द्रेण वाससा सर्वशरीरमार्जनं कापिलम्, 'आपो हिष्ठा' इति मार्जनं ब्राह्मम्, तीर्थमृदालम्भनं पार्थिवम्, अद्भिरातपवर्षाभिर्दिव्यम्, मनसा श्रीवासुदेवस्मरणं मानसम्, शङ्खधृतेन विष्णुचरणामृतेन स्नानं वैष्णवम् ।'

નદી આદિના જળથી સ્નાન કરવું તેને મુખ્ય **'વારુણ'** સ્નાન[૧] કહેલું છે. તે ન બને તો, પવિત્ર ભસ્મ વડે સર્વે અંગોઅંગમાં લેપન કરવારૂપ સ્નાન કરવું તેને **'આગ્નેય'** સ્નાન[૨] કહ્યું છે. ગાયની ખરીથી ઉડેલી રજથી કરાતા સ્નાનને **'વાયવ્ય'** સ્નાન[૩] કહેલું છે (આ થકી પણ ભગવદ્ભક્તોની ચરણરજથી કરાતું સ્નાન, મનુષ્યોને વધારે પવિત્ર કરે છે.) દ્રુપદ વગેરે મંત્ર (અથવા સ્વામિનારાયણ નામમંત્ર) બોલીને, દર્ભના અગ્રભાગથી મસ્તક ઉપર જલાભિષેક કરવો તેને **'માન્ત્ર'** સ્નાન[૪] કહેલું છે. ભીના વસ્ત્રથી શરીરને લૂંછવું તેને **'કાપિલ'** સ્નાન[૫] કહેલું છે. 'आपो हिष्ठा.' એ મંત્રથી (અથવા શ્રીહરિચરણસ્પર્શથી પુનિત ઉન્મત્તગંગાદિના સ્મરણપૂર્વક)

જળથી માર્જન, તેને **'બ્રાહ્મ'** સ્નાન[૬] કહ્યું છે. (નારાયણસરોવર આદિ) તીર્થની મૃત્તિકાના સ્નાનને **'પાર્થિવ'** સ્નાન[૭] કહ્યું છે. તડકો નીકળ્યો હોય, ને તે વખતે વરસાદ વરસતો હોય, તે વરસાદમાં સ્નાન કરવું તેને **'દિવ્ય'** સ્નાન[૮] કહેલું છે. મન વડે 'શ્રી વાસુદેવ' એટલે સર્વમાં વાસ કરીને રહેલા એવા શ્રીહરિનું સ્મરણ કરવું તેને **'માનસ'** સ્નાન[૯] કહેલું છે. અને શ્રીહરિને સ્નાન કરાવેલ ચરણામૃતથી સ્નાન કરવું, તેને **'વૈષ્ણવત્** સ્નાન[૧૦] કહ્યું છે –એવી રીતે દેશકાળને અનુસરીને, જેવું બની આવે તેવું સ્નાન કરવું એવો શાસ્ત્રનો મત છે.

દેશકાળનું વિષમપણું ન હોય, ત્યારે તો શ્રી સહજાનંદ સ્વામીએ જેમાં સ્નાનાદિક કરેલ હોય, એવા પવિત્ર અને પૃથ્વીપર અદ્વિતીય જે 'જળાશયરૂપી તીર્થ' અર્થાત્ ઉન્મત્તગંગા, સાબરમતી, ગોમતી આદિ તીર્થમાં બ્રાહ્મમુહૂર્તમાં શ્રીહરિસ્મરણપૂર્વક સ્નાન કરવું તે ઉત્તમ છે. એવો યોગ ન હોય ત્યારે તો સમુદ્ર, નદી, તળાવ કે કૂવાના જળ વડે તે તે તીર્થની ભાવના કરીને, ભગવાન તથા ભગવદ્ભક્તોના નામોચ્ચારણપૂર્વક સ્નાનવિધિ કરવો. એ જ પ્રકારે પૂજા-માનસીપૂજા વગેરેમાં, તથા આચારપ્રકરણ વગેરેમાં એવો જ નિર્ણય જાણવો.

## વ્યવહાર – નિર્ણય

બૃહસ્પતિનું પણ આ સંબંધમાં વચન છેઃ–

**केवलं शास्त्रमाश्रित्य न कर्तव्यो हि निर्णयः ।**
**देशजातिकुलाचारान्प्राचीनान्पालयेन्नृप ॥ १ ॥**

રાજાએ કેવળ શાસ્ત્રનો જ આશ્રય કરીને નિર્ણય કરવો

નહિ; પરંતુ દેશ, જાતિ તથા પ્રાચીન એવા કુલાચાર, એ બધાનો સમન્વય કરીને નિર્ણય કરવો ૧.

## પ્રાયશ્ચિત્તનો નિર્ણય

આ સંબંધમાં સ. જી. પ્ર. ૫, અ. ૪૩માં શ્રીહરિએ કહ્યું છેઃ–

**स्त्रीणां च बालवृद्धानां क्षीणानां कुशरीरिणाम्**[२९] **।**
**उपवासाद्यशक्तानां कर्तव्योऽनुग्रहश्च तैः ॥ २ ॥**
**ज्ञात्वा देशं च कालं च वयः सामर्थ्यमेव च**[३०] **।**
**कर्तव्योऽनुग्रहः सद्भिर्ब्राह्मणैर्धर्मवेदिभिः ॥ ३ ॥**

સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો ને વ્યાધિ વગેરે વડે ક્ષીણબળવાળા, ગળતો કોઢ વગેરેથી કુત્સિત શરીરવાળા તથા ઉપવાસાદિકમાં અશક્ત જનોને, સભાસદોએ તેઓની શરીરશક્તિનો વિચાર કરી, અનુગ્રહ સહિત ગૌણપક્ષને આશરીને પ્રાયશ્ચિત્તનો આદેશ કરવો ૨. ધર્મતત્ત્વવેદી બ્રાહ્મણો (કે મુનિઓનું) આ જ કર્તવ્ય છે, શું? તો, દેશ, કાળ, વય અને શક્તિ વગેરેનો વિચાર કરીને તેને અનુસારે જ, અનુગ્રહથી પ્રાયશ્ચિત્તનો ઉપદેશ કરવો, પણ શક્તમાં ગૌણપક્ષથી અને અશક્તમાં મુખ્યપક્ષથી નિર્ણય કરવો નહિ ૩.

વળી યાજ્ઞવલ્ક્યે પણ કહ્યું છેઃ–

**देशं कालं वयः शक्तिं पापं चावेक्ष्य यत्नतः**[२१३] **।**
**प्रायश्चित्तं प्रकल्प्यं स्याद्यत्र चोक्ता न निष्कृति ॥ ४ ॥**

(પ્રાયશ્ચિત્ત પ્ર. ૫, અ. ૩)

જે પાપમાં પ્રાયશ્ચિત્ત કહ્યું હોય; અર્થાત્ પાપનિવારણ માટે જે પ્રાયશ્ચિત્ત કરવાનું આપ્યું હોય, અથવા ભવિષ્યમાં

આપવાનું હોય, એ બધામાં દેશ, કાળ, વય, શક્તિ તથા પાપનું ગુરુ-લઘુપણું, એ સર્વનો યત્નથી વિચાર કરીને પ્રાયશ્ચિત્ત આપવું ૪. આ શ્લોક ઉપરની મિતાક્ષરાટીકામાં લખે છેઃ—

પ્રાયશ્ચિત્ત કરનારાના પ્રાણને વિપત્તિ ન આવે, તે પ્રમાણે દેશાદિક તરફ દૃષ્ટિ રાખીને પ્રાયશ્ચિત્ત કહેવું, કારણ કે જો એ તરફ દૃષ્ટિ રાખ્યા વિના પ્રાયશ્ચિત્ત આપે, તો મુખ્ય વસ્તુ જ ઊડી જાય; એટલે પ્રાયશ્ચિત્ત કરનારાના જ પ્રાણ જતા રહે; જેમ કે એવું પ્રાયશ્ચિત્ત શાસ્ત્રમાં બતાવ્યું હોય કે, દિવસે સૂર્ય સામું જોઈ રહી, વાયુનું ભક્ષણ કરીને રહેવું; રાત્રે જળમાં બેસવું વગેરે. હવે તેમાં જો હિમાલયની પાસે જ જળમાં બેસવાનું હોય તો, ત્યાં શિશિર વગેરે ઋતુમાં અતિશય શીતળતા હોવાથી તેના પ્રાણનો નાશ થવાનો સંભવ ઉત્પન્ન થાય; માટે **'દેશ**[૧]**'** જે હિમાલય વગેરે અને **'કાળ**[૨]**'** એટલે શિશિર-ગ્રીષ્મ વગેરે ઋતુ તથા રાજ્યબદલો, લડાઈ, કે અગ્નિ-વૃષ્ટિ વગેરેનો અતિકોપ, ઈત્યાદિકનો વિચાર કરીને પ્રાયશ્ચિત્ત કહેવું. તે જ પ્રમાણે **'વય**[૩]**'**ને માટે પણ સમજવું; એટલે બાળક હોય કે અતિ વૃદ્ધ હોય તેને જાણીને; અર્થાત્ બાળકપણાનો તથા વૃદ્ધપણાનો પૂર્વાપર વિચાર કરીને પ્રાયશ્ચિત્ત દેવું. હવે **'દ્રવ્ય**[૪]**'** એટલે સાધુ-બ્રાહ્મણને જમાડવા કે ગાયનું દાન આપવું, એ વગેરે પ્રાયશ્ચિત્ત કરવું-કરાવવું તેમાં પ્રાયશ્ચિત્ત કરનારની દ્રવ્યશક્તિનો વિચાર કરવો. તેમ જ **'જાતિ**[૫]**'** અને **'સામર્થ્ય**[૬]**'** —એ છ વાનાંનો તત્ત્વપૂર્વક વિચાર કરી, તેને અનુલક્ષીને આચારાદિકનો નિર્ણય કરવો.

વળી દેશ, કાળ, વય, દ્રવ્ય, જાતિ ને સામર્થ્ય —એ છ ઉપર દૃષ્ટિ રાખીને પ્રાયશ્ચિત્તનો નિર્ણય કેવી રીતે કરવો, તેની માહિતી શ્રીહરિજીએ સત્સંગિજીવન પ્રકરણ પાંચમાં પ્રાયશ્ચિત્તવિધિ*માં સવિસ્તર સમજાવી છે; તો તે થકી તેનો નિર્ણય જાણવો. ઇતિ. શ્લો. ૧૨૦.

## શિ૦ શ્લો૦ ૧૨૧

**मतं विशिष्टाद्वैतं मे गोलोको धाम चेप्सितं ।**
**तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ॥ १२१ ॥**

**અને અમારો જે મત તે વિશિષ્ટાદ્વૈત છે એમ જાણવું. અને અમને પ્રિય એવું જે ધામ, તે ગોલોક છે એમ જાણવું. અને તે ધામને વિષે બ્રહ્મરૂપે કરીને જે શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી તે અમે મુક્તિ માની છે એમ જાણવું ૧૨૧.**

### વિશિષ્ટાદ્વૈતનો ભાવાર્થ

'मे = मम' અમારો મત વિશિષ્ટાદ્વૈત છે —એમ શ્રીહરિએ કહ્યું. હવે વિશિષ્ટાદ્વૈત મતનો આ ગલિતાર્થ છેઃ વિશિષ્ટાદ્વૈત મતમાં જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ —આ પાંચ ભેદ અનાદિ છે. તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલય એ સર્વકાળે સદાય છે, છે ને છે જ. એ પાંચમાં જે પરબ્રહ્મ છે તે શરીરી છે અને જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ —એ પરબ્રહ્મનાં શરીર છે; પરબ્રહ્મ છે તે, સર્વના શરીરી, આત્મા, આધાર, વ્યાપક ને નિયંતા છે અને જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ એથી વિશિષ્ટ પરબ્રહ્મ

* સ. જી. પ્ર. ૫, અ. ૪૩ થી ૪૮માં પ્રાયશ્ચિત્તવિધિ કહેલો છે.

પરમાત્મા છે; પરંતુ એ ચારેમાંથી કોઈ પણ ‘પરબ્રહ્મ’ જે સકલ મુક્તના સ્વામી પુરુષોત્તમ ભગવાન છે, એમના જેવા થવાને સમર્થ થતા જ નથી. એ હેતુથી પરબ્રહ્મ તે અદ્વૈત અને અદ્વિતીય છે; એમના જેવા એ એક જ છે. જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ તે, પરબ્રહ્મ પરમાત્માને આધીન છે; એ સર્વેને વિષે તે વ્યાપક છે. વળી પરબ્રહ્મ પરમાત્મા સ્વતંત્ર છે ને એ ચારે પરતંત્ર છે.

ટૂંકમાં, દિવ્યસાકાર મૂર્તિમાન શ્રી સ્વામિનારાયણ ભગવાન, પોતાના અક્ષરધામમાં પોતાના મુક્તોને તથા નિત્યમુક્તોને આનંદ ઉપજાવતા થકા રહ્યા છે, તે એમનું વ્યતિરેક સ્વરૂપ કહેવાય છે. અને જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ —એમાં પોતાની અંતર્યામી શક્તિએ કરીને, કર્મફળપ્રદાતાપણે તથા પ્રકાશકપણે રહ્યા છે તે એમનું અન્વયસ્વરૂપ કહેવાય છે.

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું નિરૂપણ, શ્રી સ્વામિનારાયણ ભગવાને ગઢડા પ્રથમ પ્ર.ના ૬૪મા વચનામૃત-વડતાલ પ્રતમાં સ્પષ્ટપણે સમજાવ્યું છે, તો તે થકી જાણી લેવું. રામાનુજ આચાર્યપ્રતિપાદિત વિશિષ્ટાદ્વૈત મત, શ્રીભાષ્યાદિ ગ્રંથો થકી જાણવો, એ પરોક્ષાર્થ છે. જ્યારે શ્રીજીમહારાજ પ્રતિપાદિત ‘વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત’ એ વિશિષ્ટાદ્વૈતનો પ્રત્યક્ષાર્થ છે. શ્રી સ્વામિનારાયણ ભગવાન જીવ, ઈશ્વર, માયા ને બ્રહ્મ —એ સર્વથી વિશિષ્ટ છે; અર્થાત્ એ સર્વમાં અન્વયપણે રહ્યા છે છતાં, તે સર્વેથી પર, તે સર્વના કારણ, આધાર ને નિયંતા છે, એમ વ્યતિરેક છે-સ્વામી છે ને એ બધા સેવક છે; એ અન્વયસ્વરૂપ તથા વ્યતિરેકસ્વરૂપનું ‘અભેદપણું’ એટલે

અદ્વૈતપણું છે છતાં, પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાન અદ્વિતીય છે. આનો વિસ્તાર લોયાના ૧૩મા વચનામૃત થકી જાણવો.

ભગવાન શ્રીહરિ વ્યતિરેકથકા અન્વય ને અન્વયથકા વ્યતિરેક છે. તે ગઢડા પ્રથમ પ્ર.ના ૭૮મા વચનામૃતમાં કહ્યું છેઃ— 'અક્ષરાતીત એવા પુરુષોત્તમ ભગવાન તેની ઈચ્છાએ કરીને અનંતકોટી બ્રહ્માંડની ઉત્પત્તિ થાય છે; અને તે બ્રહ્માંડને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે; અને તે ભગવાન વ્યતિરેકથકા સર્વમાં અન્વયપણે રહ્યા છે અને અન્વયથકા પણ વ્યતિરેક છે.'

ગઢડા પ્રથમ પ્ર.ના ૭૨મા વચનામૃતમાં —'એ ભગવાન તો જેમ ક્ષરના આત્મા છે તેમ જ, પ્રકૃતિપુરુષ થકી પર જે અક્ષરબ્રહ્મ તેના પણ આત્મા છે; અને ક્ષર-અક્ષર એ બેયને પોતાની શક્તિએ કરીને ધરી રહ્યા છે; અને પોતે તો ક્ષર-અક્ષરથી ન્યારા છે.'

વચનામૃત લોયાના ૭માં શ્રીહરિએ કહ્યું છેઃ— 'એ સર્વેના શરીરી, તે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યક્ષ પુરુષોત્તમ છે; તે ભગવાનને વિષે એ જડચૈતન્યરૂપ જે બે પ્રકૃતિ તે, સંકોચ-વિકાસ અવસ્થાએ કરીને રહી છે; અને એ સર્વેને વિષે ભગવાન જે તે અંતર્યામીરૂપે કારણપણે કરીને રહ્યા છે.' તે જ ભગવાન આ પ્રત્યક્ષ પ્રમાણ છે.

હરિવાક્યસુધાસિંધુ ત. ૫૧માં પણ શ્રીહરિ કહે છેઃ—

**सर्वत्र कारणत्वेनाऽन्वितोऽस्ति निजतेजसा[२२] ।**
**व्यतिरिक्तश्च धाम्नि स्वे राजतेऽनेकशक्तिभि ॥ १ ॥**

ભગવાન, (सर्वत्र) ક્ષર-અક્ષરમાં, (कारणत्वेन) નિયંતાપણે, (निजतेजसा) પોતાની અંતર્યામી શક્તિએ કરીને, (अन्वितः) વ્યાપીને રહ્યા છે —એ અન્વયે છે. અને (व्यतिरिक्तः) ક્ષર-અક્ષર થકી પૃથક્, પોતાના ધામમાં પોતાના મુક્તો તથા ઐશ્વર્યે સહિત રહ્યા છે એ વ્યતિરેક છે ૧. આ જ વાર્તા સ. જી. પ્ર. ૪, અ. ૬૮માં શ્રીહરિ સમજાવે છેઃ

**वासुदेवः स च स्वाभिः सत्यज्ञानादिशक्तिभिः[२०] ।**
**तेषु सर्वेष्वन्वितोऽस्ति व्यतिरिक्तोऽस्ति च स्वतः ॥ २ ॥**

સર્વના કારણ વાસુદેવ ભગવાન છે તે પોતાની સત્ય, જ્ઞાન, પ્રકાશ આદિ શક્તિઓથી 'तेषु सर्वेषु' કહેતાં અક્ષરબ્રહ્મ, કાળ, પુરુષ, માયા અને માયાનાં કાર્ય જે ચોવીસ તત્ત્વ, તે સર્વેમાં અન્વયપણે રહ્યા છે અને 'स्वतः' એટલે દિવ્યસાકાર સ્વરૂપે ધામમાં વ્યતિરેકપણે રહ્યા છે ૨. આવી રીતે શ્રીજીમહારાજને સમજવા.

## શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રિય એવું ધામ

(પ્રત્યક્ષાર્થ)

સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન અમે, તે ''અમને પ્રિય એવું ધામ 'ગોલોક' છે'' —એમ મૂળશ્લોકમાં કહ્યું, તેમાં અહીં પ્રત્યક્ષાર્થમાં 'ગો' શબ્દ કિરણવાચક છે ને 'લોક' શબ્દ સમૂહવાચક છે, એ હેતુથી કિરણ તેનો સમૂહ તેને ગોલોક કહ્યું છે; અર્થાત્ શ્રીહરિનું ધામ તેજના સમૂહરૂપ છે; કહેતાં પોતાનો પ્રકાશ —એ જ અક્ષરધામ છે. તે હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૨૭ તથા ૬૬માં અનુક્રમે

સ્વયં શ્રીજીમહારાજે કહ્યું છેઃ—

**सच्चिदानंदरूपं यद् ब्रह्म निर्गुणमक्षरम्[११] ।**
**अंगप्रकाशस्तत्त्वस्य धाम चेत्युक्तमस्ति हि ॥ ३ ॥**
**निराधारं न तेजः स्यादिति सर्वत्र दृष्यते[१२] ।**
**तदंगकांतिस्तेजोऽतो यद् ब्रह्मेत्युच्यतेऽक्षरम् ॥ ४ ॥**

સત્, ચિત્ ને આનંદરૂપ એવું જે નિર્ગુણ અક્ષર અવિચળ બ્રહ્મ, તે આ શ્રી હરિકૃષ્ણ ભગવાનના **'અંગનો પ્રકાશ'** છે; તેને જ અક્ષરધામ કહ્યું છે ૩. વળી તે તેજ, નિરાધાર નથી રહેતું, —સર્વ સ્થળને વિષે દેખાય છે; એ જ હેતુ માટે ભગવાનના **'અંગની કાંતિ'** જે શ્રીહરિનો પ્રકાશ, તેને જ અક્ષરબ્રહ્મ નામે કહ્યું છે ૪. વળી એ જ ગ્રંથના તરંગ ૪૫ તથા ૧૪૯માં પણ અનુક્રમે શ્રીહરિએ કહ્યું છેઃ—

**सच्चिदानंदरूपं यत् पूर्ण ब्रह्मास्ति सर्वतः[७] ।**
**तेजस् तस्यैव तज्ज्ञेयं निराकारमनावृतम् ॥ ५ ॥**
**यस्मिस्तेजसि तद्रूपं भवत्येकरसे सिते[३०] ।**
**आत्मब्रह्माऽक्षराद्याभिस्तदाख्याभिः प्रकीर्त्यते ॥ ६ ॥**

સત્, ચિત્ ને આનંદરૂપ સર્વત્રપૂર્ણ, નિરાકાર ને આવરણે રહિત —એવું જે બ્રહ્મ, તે ભગવાન એવો હું તે મારું તેજ છે ૫. વળી કહ્યું છેઃ— એકરસ, શ્વેત, એવું જે તેજ તેને વિષે ભગવાનનું સ્વરૂપ રહ્યું છે, તે **'તેજને'** આત્મા કહીએ, બ્રહ્મ કહીએ ને અક્ષરધામ કહીએ ૬. વળી તરંગ ૨૬૬ તથા ૨૭૧માં પણ અનુક્રમે શ્રીહરિ જણાવે છેઃ—

**सदाकृष्णोऽस्ति साकारो बृहद्धाम्न्यतितेजसि[१४] ।**
**योंऽतर्यामी च सर्वेषां सर्वकारणकारणम् ॥ ७ ॥**

**तेजःपुंजेऽक्षरे धाम्नि नित्यं कृष्णो विराजते[१२] ।**
**तद्भक्ताश्च तदाकाराः सेवंते स्वामिनं हि तम् ॥ ८ ॥**

અતિ તેજોમય એવું અને 'બૃહદ્' એટલે વૈકુંઠ, ગોલોક આદિ ધામથી મોટું, એવું તેજરૂપ જે બ્રહ્મધામ તેમાં સદાય સાકાર (અનાદિ) કૃષ્ણ ભગવાન રહેલા છે; તે જ 'સર્વના કારણ' એટલે, સૃષ્ટિકાર્યના કર્તા અક્ષરાદિક, તથા મોક્ષના કારણ એવા જે મુક્ત તથા નિત્યમુક્ત છે, તેમના પણ કારણ છે ૭. વળી કહે છેઃ **'તેજના પુંજરૂપ'** અક્ષરધામને વિષે, ભગવાન સદાય વિરાજે છે અને તે ધામમાં ભગવાનના જેવા આકારે યુક્ત, એવા ભગવાનના ભક્ત પણ, શ્રી સ્વામિનારાયણ ભગવાન સેવામાં રહે છે ૮.

સ. ભૂ. અંશ ૨, અ. ૩૮માં ત્રિદેવો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**अगणितचंद्रमोऽर्ककरशुभ्रतरे निबिडे महसि घनाकृतिस्त्वमगुणोऽक्षरनाम्नि सदा[११] । स्वजनयुतः स्थितोऽसि स किमभ्युदयाय तु नो विचरति वर्ण्यतेंऽडइह दिष्टमतो बत नः ॥ ९ ॥**

હે ભગવન્ સ્વામિનારાયણ! અસંખ્ય સૂર્ય-ચંદ્ર સંબંધી કિરણસમૂહની માફક, અતિ શુભ્ર **'અક્ષરનામક ઘાટા તેજમાં'** પોતાના મુક્તોએ સહિત રહેલા તમે ઘનશ્યામ દિવ્ય નિર્ગુણ મૂર્તિ છો, તે તમે અમારા અભ્યુદય માટે જ આ બ્રહ્માંડમાં સદા વિચરો છો —એ આનંદની વાત છે; અમારા ભાગ્યનું શું વર્ણન કરીએ! તેનું વર્ણન થઈ શકે તેમ નથી ૯.

X X X

વળી શ્રીજીમહારાજનું ધામ તેજના સમૂહરૂપ જ છે એમ

જણાવે છેઃ—

**तेजःपुंजे स्थिते दिव्ये सिंहासने स्थितः सदा ।**
**भगवानस्त्यक्षरातीतो भवान् पुरुषोत्तम ॥ १० ॥**

'અક્ષરાતીત' એટલે મૂર્તિમાન અક્ષરથી પર, પુરુષોત્તમ એવા તમે શ્રી સ્વામિનારાયણ ભગવાન તે, **'તેજઃપુંજરૂપ'** તમારું ધામ, તેમાં દિવ્ય સિંહાસન ઉપર સદા વિરાજમાન છો ૧૦. વળી સદ્. નિત્યાનંદ સ્વામીએ વિશ્વમંગલ સ્તોત્રમાં કહ્યું છેઃ—

**ब्रह्मतेजसि सुदिव्यविग्रहो ब्रह्मरूपनिजभक्तसंगतः[४] ।**
**धर्ममन्दिरमहार्हमण्डनं प्रीति मे तु मयि भक्तिनन्दनः ॥ ११ ॥**

'ब्रह्मतेजसि' કહેતાં **'બ્રહ્મતેજમાં'** સુંદર દિવ્યવિગ્રહથી પોતાના બ્રહ્મરૂપ મુક્તોની સાથે વિરાજમાન અને ધર્મદેવના ભવનના મહા અમૂલ્ય આભરણરૂપ, એવા ભક્તિનંદન શ્રી સ્વામિનારાયણ ભગવાન મારા ઉપર અતિશય પ્રસન્ન થાઓ ૧૧. વળી હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૪૮માં પણ સદ્. નિત્યાનંદ સ્વામીએ શ્રીહરિની પ્રાર્થના કરતાં કહ્યું છેઃ—

**हे भक्तप्रिय! भक्तिनन्दन! विभो! धर्मस्थधर्मप्रिय[४] ।**
**प्राणेशागणिताण्डकोटिपरमाधार! स्वतन्त्रेश्वर !**
**जीवेशाऽक्षरकालसंनियमन! ज्योतिःस्थदिव्याकृते !**
**श्रीराधादिकशक्तिसेवितपदः स्वामी त्वमेवासि मे ॥ १२ ॥**

હે ભક્તપ્રિય! હે ભક્તિમાતાના પુત્ર! હે વિભો! હે ધર્મસ્થ! હે ધર્મપ્રિય! હે પ્રાણેશ! અગણિત બ્રહ્માંડની કોટીઓના પરમ આશ્રયરૂપ, હે સ્વતંત્ર, હે ઈશ્વર; વળી જીવ, ઈશ્વર, અક્ષર અને કાળના નિયંતા; તેમ જ 'ज्योतिःस्थ'

કહેતાં **'તેજમાં રહેલી દિવ્યમૂર્તિ'** જેમની છે અને 'શ્રી રાધાદિક' એટલે અનાદિ તથા પરમ એકાંતિક મુક્તોએ સેવ્યાં છે ચરણકમળ જેમનાં એવા તમે જ મારા એક સ્વામી છો ૧૨.

વચનામૃત ગઢડા પ્રથમ પ્ર.ના ૭૧માં શ્રીહરિએ કહ્યું છેઃ— **"નિરાકાર એવું જે અક્ષરબ્રહ્મ,** તેથી પર ને સદા સાકાર એવા જે પુરુષોત્તમ ભગવાન તે પૃથ્વી ઉપર પ્રકટ મળ્યા (છે.)" ગઢડા છેલ્લા પ્ર.ના ૩૦માં પણ કહ્યું છેઃ— "ચૈતન્યના **'તેજનો રાશિ'** છે ને તેના મધ્યને વિશે શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા વિરાજમાન છે."

વળી તે તેજનો સમૂહ શ્રીજીમહારાજના સકલ અંગમાંથી પ્રકટ થયેલો છે. તે સ. ભૂ. અંશ ૧, અ. ૪૦માં શ્રી વ્યાપકેશમુનિએ કહ્યું છેઃ—

**देदीप्यमानं महसा सितेनाऽनंतार्कचंद्राधिरुचासमंतात्[१६] ।**
**निजांगतो निःसरतारुणोष्ठं शुभ्रांबरार्द्रं वयसा किशोरम् ॥**

પોતાના સકલ અંગમાંથી નીકળતું, અનંત સૂર્ય-ચંદ્રથી પણ અધિક કાંતિવાળું ને શ્વેત એવું 'महसा' જે 'તેજ' કહેતાં તેજનો સમૂહ-તેણે કરીને તેજોમય, શ્વેતાંબરધારી, કોમળ ને કિશોરમૂર્તિ એવા શ્રીહરિનાં, ભક્તિમાતાને દર્શન થયાં ૧૩.

## અક્ષરધામનું મહત્પણું તથા તેમાં નિવાસપણું

સત્સંગિભૂષણના ત્રીજા અંશના અ. ૪૬માં સનકાદિકો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**दिव्योद्भवाय हरये परतः परस्मिन्दिव्येऽक्षरे सितघने**
**महसि प्रदीप्ते[१७] । दिव्यालयैः परिवृतेऽगणितार्क-**
**सोमतेजोधिके निवसते भवने नमस्ते ॥ १४ ॥**

દિવ્ય છે અવતાર જેમનો એવા સાક્ષાત્ શ્રીહરિસ્વરૂપ તમને અમારા નમસ્કાર હો. તે તમે કેવા છો? તો, સર્વથી પર, બહુ પ્રકાશયુક્ત, અત્યંત ઉજ્વળ તેજોમય અપ્રાકૃત-દિવ્ય અક્ષરધામમાં રહેલા અને દિવ્ય ભૂમિકાઓથી પરિવેષ્ટિત સિંહાસન ઉપર નિવાસ કરી રહેલા, એવા તમને નમસ્કાર હો ૧૪. હરિલીલાકલ્પતરુ સ્કં ૨, અ. ૪માં બ્રહ્માદિક દેવો શ્રીહરિજીની સ્તુતિ કરે છેઃ–

**साक्षात्स्वयं ब्रह्मपुराधिवासी सर्वावतारैकनिदानमीशः[३०] ।**
**अत्राविरासीर्दयया जनानां कर्तुं किलात्यन्तिकमुक्तिमूर्व्याम् ॥**

બ્રહ્મપુરમાં વાસ કરનારા, સર્વ અવતારોના કારણ હે પ્રત્યક્ષ ઈશ્વર! તમે મુમુક્ષુઓની આત્યંતિકી મુક્તિ કરવા માટે, પૃથ્વી ઉપર (વર્તમાન કાળે) દયા કરીને પધાર્યા છો ૧૫. હરિવાક્યસુધાસિંધુ ત. ૨૬૯માં પણ કહ્યું છેઃ–

**विराजतेऽक्षरे धाम्नि स हि राजाधिराजवत्[४८] ।**
**स एव च नराकारो भुवि साक्षात्समीक्ष्यते ॥ १६ ॥**

અક્ષરધામને વિષે રાજાધિરાજપણે દર્શન દે છે, તે જ આ પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ મનુષ્યાકારે દેખાય છે ૧૬.

## ગોલોકાદિકથી અક્ષરધામનું પૃથક્પણું તથા મહત્પણું

શ્રીજીમહારાજના સ્વરૂપના તેજનો સમૂહ —એ જ અક્ષરધામ છે અને તે થકી ગોલોક, વૈકુંઠ ને શ્વેતદ્વીપાદિક ધામ પૃથક્ છે, એમ સ. જી. પ્ર. ૧, અ. ૩માં જણાવે છે.

**ज्योतिर्मयेऽक्षरे धाम्नि स्थितं तं कृष्णमैक्षत[३६] ।**
**समग्रैश्वर्यसंपन्नं सपार्षदपरिग्रहम् ॥ १७ ॥**

**गोलोकमथ वैकुंठं श्वेतद्वीपादिधाम यत्[३७] ।**
**तदैक्षयत्सहैश्वर्यं हरिस्तस्मा अलौकिकम् ॥ १८ ॥**

શ્રીહરિજીએ શતાનંદમુનિને સમાધિ કરાવી; તે વખતે શતાનંદજી, સમાધિમાં તેજના સમૂહરૂપ અક્ષરધામમાં, અનંત ઐશ્વર્યસંપન્ન તથા અનંત સુખ, તેમ જ મુક્તે સહિત વિરાજમાન એવા, અનાદિ કૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુને દેખતા હતા ૧૭. પછી સમાધિમાં જ શતાનંદમુનિ અવતારસ્વરૂપ શ્રીકૃષ્ણ ભગવાનનું ધામ જે ગોલોક, મહાવિષ્ણુનું ધામ વૈકુંઠ અને વાસુદેવનું ધામ શ્વેતદ્વીપ —તે ધામોને ઐશ્વર્યે સહિત અલૌકિકરૂપે દેખતા હતા ૧૮.

સ. જી. પ્ર. ૩, અ. ૪૧માં પણ અક્ષરધામનું મહત્‌પણું આ પ્રકારે કહ્યું છેઃ—

**यदाहुरक्षरं ब्रह्म सर्वाधारं तथाऽमृतम्[३०] ।**
**अनाद्यनंतं पूर्णं च स्वयंज्योतिः सनातनम् ॥ १९ ॥**
**तदेतदवगंतव्यं धाम ब्रह्मपुरं हरेः[३२] ।**
**सर्वधामोत्तमं कालमायादिभयवर्जितम् ॥ २० ॥**

સર્વ ધામનું આધારભૂત, ને ‘पूर्णं’ એટલે સર્વ ધામમાં વ્યાપક, ને ‘अमृतं’ કહેતાં આનંદરૂપ તથા આદિ-અંતે રહિત, કે જ્યાં માયાનો તેમ જ ઐશ્વર્યનો રાગ નથી એવું સનાતન અક્ષરબ્રહ્મ છે; અર્થાત્‌ શ્રીજીમહારાજના તેજનો સમૂહ તેને અક્ષરબ્રહ્મ કહે છે ૧૯. તે અક્ષરબ્રહ્મ ‘हरेः’ એટલે હરિકૃષ્ણ એવા શ્રી સહજાનંદ સ્વામીનું બ્રહ્મપુરનામક ધામ જાણવું; જે ધામમાં કાળ-માયાનો ભય નથી એવું સર્વ ધામથી ઉત્તમ છે ૨૦.

પંચાળા વચનામૃત ૧માં પણ કહ્યું છેઃ– ''પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે, ને તે કરતાં રાજાનું સુખ અધિક છે, ને તેથી દેવતાનું સુખ અધિક છે, ને તેથી ઇંદ્રનું અધિક છે, ને તેથી બૃહસ્પતિનું, ને તેથી બ્રહ્માનું, ને તેથી વૈકુંઠલોકનું, ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે; અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ **'અતિ અધિક'** છે.'' (આમાં 'અતિ' શબ્દગ્રહણથી ગોલોકથી વાસુદેવબ્રહ્મના બ્રહ્મપુરધામનું સુખ અધિક છે ને તેથી સૃષ્ટિકર્તા અક્ષરનું સુખ અધિક છે ને તેથી અક્ષરધામનું સુખ અધિક છે એમ જાણવું).

હરિવાક્યસુધાસિંધુ ત. ૨૩૬માં પણ શ્રીહરિ કહે છેઃ–

**श्वेतद्वीपे च वैकुंठे गोलोके बदरीवने**[२६] ।
**यादृश्यस्ति सभा तस्या अप्येषास्त्यधिकाऽधुना ॥ २१ ॥**
**अति तेजस्विनो भक्ता सर्वान् वीक्ष इमानहम्**[२७] ।
**अत्र नास्त्येव संदेहो यथा दृष्टं ब्रवीमि यत् ॥ २२ ॥**

જેવી શ્વેતદ્વીપમાં સભા છે, ને જેવી ગોલોક-વૈકુંઠલોકને વિષે સભા છે, ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું, –એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ તો આ સંતસભાના સમ છે ૨૧-૨૨.

**ભાવાર્થઃ–** આ તરંગમાં શ્રીજીમહારાજે ગોલોક, વૈકુંઠ, શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમ, એ ચાર ધામની સભા થકી અક્ષરધામની સભાનું મહત્‌પણું બતાવ્યું છે. અને તે અક્ષરધામ જ શ્રીહરિને અતિ પ્રિય અને રહેવાનું સ્થાન છે. તે લોયાના

૧૪મા વચનામૃતમાં કહ્યું છેઃ– 'પુરુષોત્તમ ભગવાન છે તે... પોતાના અક્ષરધામને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે.' વળી એ અક્ષરધામ થકી ઓરાં, ઉપર ગણાવ્યાં જે ગોલોકાદિક ચાર ધામ, તેમાં પણ બે ધામ શ્રીહરિને વધારે પ્રિય છે તે પણ લોયાના ૧૪માં કહ્યું છેઃ– 'અમારા મનમાં શ્વેતદ્વીપ તથા બદરિકાશ્રમ જેવા ગમે છે તેવા બીજા લોક ગમતા નથી.' અર્થાત્ ગોલોક-વૈકુંઠાદિક ધામ થકી શ્વેતદ્વીપ અને બદરિકાશ્રમ શ્રીજીને વધારે પ્રિય છે. અને તે થકી પણ ગોલોક છે ઉપનામ જેનું એવું અક્ષરધામ, તે તો અતિશય પ્રિય છે; કારણ કે તે-તે ધામોની સભાથી સત્સંગીની સભાને વખાણી છે.

## ગોલોકના મધ્યે અક્ષરધામનું વ્યાપકપણું

વળી શ્રીહરિના તેજના સમૂહરૂપ જે 'ગોલોક' કહેતાં અક્ષરધામ છે, તે કિરણોએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનના ગોલોક ધામને મધ્યે વ્યાપીને રહ્યું છે; તેથી ગોલોકના મધ્યે અક્ષરધામ કહેવાય છે, પણ તે અક્ષરધામનું અન્વયસ્વરૂપ છે; અને ગોલોકાદિકથી પર શ્રીહરિના તેજના સમૂહરૂપે છે તેને વ્યતિરેક અક્ષરધામ કહ્યું છે. તેની વિક્તિઃ–

**तन्मध्येऽस्ति महत्तेजः कोटिकोट्यर्कभासुरम्[२१] ।**
**मनोहरमतिश्वेतं घनं सच्चित्सुखात्मकम् ॥ २३ ॥**

સ. જી. પ્ર. ૩, અ. ૪૧માં, શ્રીહરિજી ગોલોકધામનું સ્વરૂપ કહીને, પછી તેજના સમૂહરૂપ અક્ષરધામનું સ્વરૂપ કહે છેઃ કોટીકોટી સૂર્યસમાન કાંતિવાળું, સુખરૂપ, અતિ શ્વેત, ઘન ને ચૈતન્યરૂપ એવું 'महत्तेजः' એટલે તેજના પુંજરૂપ

અક્ષરધામનું અન્વયસ્વરૂપ, —એ જ 'तन्मध्येऽस्ति' કહેતાં, એ ગોલોકના મધ્યે રહ્યું છે; એટલે મૂળપુરુષના ગોલોકધામમાં કિરણોએ કરીને વ્યાપક છે ૨૩. તેમ જ એકાંતિક ભક્તના હૃદયાકાશમાં તથા શ્વેતદ્વીપાદિક બીજાં ધામોમાં પણ રહ્યું છે, એ અક્ષરધામનું અન્વયસ્વરૂપ કહેવાય છે.

તે હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૪૧માં પણ કહ્યું છેઃ—

**ब्रह्म तत्कृष्ण एवोक्त एकदेशगतोऽपि सः[१९] ।**
**सर्वत्र व्यापकोऽस्त्येव स्वशक्त्या तेजसाऽर्कवत् ॥ २४ ॥**

બ્રહ્મ તે આ પ્રત્યક્ષ 'કૃષ્ણ' એટલે 'સ્વામિનારાયણ' હું જ છું; તે એક દેશને વિષે રહ્યો છું તો પણ, 'પોતાની' અર્થાત્ મારી શક્તિરૂપ જે તેજ, તેણે કરીને સર્વવ્યાપક છું; જેમ મૂર્તિમાન સૂર્ય પોતાની શક્તિ જે તેજ, તેણે કરીને સર્વત્ર વ્યાપક છે તેમ ૨૪.

## મૂર્તિમાન અક્ષરથી તેજરૂપ અક્ષરધામનું પૃથક્પણું

હરિવાક્યસુધાસિંધુ ત. ૬૩માં 'અક્ષરધામ મૂર્તિમાન છે' —એમ કહ્યું છે. અને આમાં તેજના સમૂહરૂપ અક્ષરધામ કહ્યું, તેનું કેમ સમજવું? તો, તેજના સમૂહરૂપ એવું જે અક્ષરધામ, તે મૂર્તિમાન અક્ષરમાં અન્વયપણે રહ્યું છે, તેથી મૂર્તિમાન અક્ષરને પણ ધામ કહ્યું છે; માટે વિરોધ નથી. અને મૂર્તિમાન અક્ષરથી તેજના સમૂહરૂપ અક્ષરધામનું અતિશય ઉત્કૃષ્ટપણું, પરપણું ને મહત્પણું છે —એમ હરિવાક્યસુધાસિંધુમાં જ કહેલ છે.

વળી સ. જી. પ્ર. ૧, અ. ૧૯માં ધર્મદેવે પણ શ્રીહરિની સ્તુતિ કરતાં આ પ્રમાણે કહ્યું છેઃ—

**तव धाम मतं परात्परं बृहदेवाक्षरमव्ययं सदा[३] ।**
**अतितेजसि तत्र राजसे सकलैश्वर्यपुरोगशक्तिभिः ॥ २५ ॥**

હે હરે! તમારું ધામ 'परात्परं' એટલે અક્ષરથી પણ પર છે; દિવ્ય ને 'बृहदेवाक्षरम्' મૂર્તિમાન અક્ષરથી પણ મહત્તર ને અવિચળ છે. અને 'अतितेजसि' કહેતાં, તેજના સમૂહરૂપ અક્ષરધામમાં તમે અનંત મુક્ત ને ઐશ્વર્યે સહિત વિરાજો છો ૨૫. સ. જી. પ્ર. ૪-અમદાવાદ પ્રત અ. ૭૨માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**सर्वोत्कृष्टं बृहद्धाम तत्प्राप्तानां तु यत्सुखम्[३३] ।**
**तद्वक्तुं शक्यते नैव तत्रस्था एव जानंते ॥ २६ ॥**

સાકાર અક્ષરબ્રહ્મ, વાસુદેવબ્રહ્મ ને મહાપુરુષબ્રહ્મ, તે સર્વે બ્રહ્મના તેજથી ને આનંદથી અધિક તેજ ને આનંદવાળું અને સર્વથી મોટું એવું અક્ષરધામ, તેને પામેલા મુક્તોને, શ્રીહરિનો જે આનંદ છે તે આનંદ આટલો જ છે, —એમ કહેવાને કોઈ સમર્થ નથી; પરંતુ 'तत्रस्थाः' અર્થાત્ તે ધામમાં, કે મૂર્તિમાં જે મુક્તો રહ્યા છે, તે જ તેને જાણે છે ને અનુભવે છે ૨૬.

## બ્રહ્મરૂપપણાની ભક્તિનું ફળ વગેરે

શ્રીહરિએ જ્ઞાનામૃત સ. જી. પ્ર. ૪ અ. ૭૨માં કહ્યું છેઃ—

**ब्रह्मस्वरूपेण ततो भजेत्तं स्वेनात्मनैवाऽत्र मुने! मुमुक्षुः[४४] ।**
**तेनैव यायात्परमं समाधिं ततो हरेर्धाम परात्परं च ॥ २७ ॥**

હે નિત્યાનંદ મુને! તે હેતુ માટે મારો ભક્ત, પોતાના આત્માને તેજઃપુંજરૂપ જે બ્રહ્મ, તેરૂપ માનીને, 'तं = मां' મને

ભજે. 'तेन' એટલે, આવી રીતે બ્રહ્મરૂપ થઈને મારું ભજન કરવાથી આ લોકમાં, 'परमं समाधिं यायात्' મારી મૂર્તિનો સાક્ષાત્કાર પામે છે; એટલે તેજમાં મૂર્તિનાં દર્શન થાય છે-મારું સાધર્મ્ય પામે છે; અર્થાત્ દિવ્યસાકાર થાય છે. ત્યાર બાદ 'परात्परं' એટલે સાકાર અક્ષરથી પર મારું ધામ, તેને પામે છે ૨૭.

આવી રીતે અક્ષરધામ સર્વ ધામોથી મોટું છે, ને વચનામૃતમાં પણ અક્ષરધામને અધોઊર્ધ્વ પ્રમાણે રહિત કહેલું છે. અને મૂળપુરુષનું જે ગોલોકધામ છે તેના વિસ્તારનું તો **'વેદરસ'**માં શ્રીજીમહારાજે પ્રમાણ-માપ બતાવેલું છે ને **'ભક્તચિંતામણિ'*** આદિ શાસ્ત્રમાં પણ, તે ગોલોકના વિસ્તારનું પ્રમાણ કહેલું છે. વળી બદરિકાશ્રમ આદિ બીજાં ધામોનું પણ, શ્રીજીસમકાલીન સદ્. આધારાનંદ સ્વામી રચિત **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** આદિ ગ્રંથોમાં માપ બતાવેલું છે; અર્થાત્ એ સર્વે ધામ પરિમિતતાવાળાં કહેલાં છે. માટે પ્રત્યક્ષાર્થમાં તો ગોલોક છે ઉપનામ જેનું, ને અતુલ-અમાપ એવું જે તેજના સમૂહરૂપ અક્ષરધામ, તે જ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રિય છે એમ જાણવું, —એ જ શ્રીહરિનો મુખ્ય સિદ્ધાંત છે.

હરિવાક્યસુધાસિંધુ તરંગ ૧૨૭, અર્થાત્ પંચાળા વચ. ૧માં-વૈકુંઠલોકથી ગોલોકનું સુખ અધિક છે ને ગોલોકથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે, —એમ શ્રીહરિએ કહ્યું છે; એથી કરીને અક્ષરધામથી ગોલોકનું

* પ્રકરણ ૧૫૯માં ગોલોકના વિસ્તારનું વર્ણન કરેલું છે.

પૃથક્પણું જણાય છે અને આમાં-શિ. શ્લો. ૧૨૧માં, ગોલોકને જ અક્ષરધામ કહ્યું; માટે પરસ્પર વિરોધ આવે છે એમ જણાતું હોય, તો ત્યાં કહીએ છીએ કે, એકસો સત્તાવીસમા તરંગમાં જે ગોલોકધામ કહ્યું તે તો, ગાયો, ગોપ, ગોપિકાઓ જેમાં રહે છે, તે દ્વીપના મધ્યે રહ્યું એવું જે મહામાયા ને મહાપુરુષનું ધામ, તેને ગોલોકધામ કહ્યું છે; અને આમાં તો શ્રીહરિના તેજના સમૂહરૂપ અક્ષરધામને ગોલોક કહ્યું છે માટે વિરોધ નથી.

## શ્રીહરિને પ્રિય એવું ધામ

(પરોક્ષાર્થ)

**सुधासिंधोरस्ति मध्ये द्वीपः सत्तात्मको महान्[१३] ।**
**भूरितेजोमयो दिव्यः सुखरूप सनातनः ॥ २८ ॥**

સ. જી. પ્ર. ૩, અ. ૪૧માં શ્રીહરિએ કહ્યું છેઃ– સુધાસિંધુની મધ્યે અતિ તેજોમય, સુખરૂપ, દિવ્ય ને સનાતન એવો મોટો સત્તાત્મક નામે દ્વીપ છે ૨૮.

**तदेतत्परमं धाम श्रीकृष्णस्य सनातनम्[२६] ।**
**गोलोक इति यत्प्राहुर्गोपगोपीगणावृतम् ॥ २९ ॥**

(સ. જી. પ્ર. ૩, અ. ૪૧)

તે દ્વીપને મધ્યે રહેલું અને ગોપ-ગોપીઓના ગણોથી આવૃત, ને 'परमं' એટલે રમાવૈકુંઠથી ને મહાવૈકુંઠથી શ્રેષ્ઠ ને સનાતન એવું, રાધારમાના પતિ શ્રીકૃષ્ણ ભગવાનનું ધામ છે-જેને ગોલોક નામે કહેવાય છે ૨૯. આ ગોલોક શ્રીજીમહારાજના તેજના સમૂહરૂપ ગોલોકથી પૃથક્ છે. આ ગોલોકધામ જ શ્રી સહજાનંદ સ્વામીને પ્રિય છે –એમ જે

સમજવું, તે શ્રીહરિનો સામાન્ય સિદ્ધાંત તથા પરોક્ષાર્થ છે.

## સેવારૂપી મુક્તિ

વળી મૂળશ્લોકમાં શ્રીહરિએ કહ્યું છેઃ—

**'तत्र ब्रह्मात्मना कृष्णसेवा मुक्तिश्च गम्यताम् ।'**

'तत्र' તે ગોલોકનામક તેજના સમૂહરૂપ અક્ષરધામમાં; 'ब्रह्मात्मना' —આ સ્થળે 'બ્રહ્મ' શબ્દથી પરબ્રહ્મને કહ્યા છે, તેથી 'પરબ્રહ્મરૂપ' એટલે પરબ્રહ્મના સાધર્મ્યને પામેલા મુક્તો તેમણે; 'कृष्ण' કહેતાં, મુક્તોએ તથા નિત્યમુક્તોએ સેવન કરાતા, ને સર્વથી અધિક આનંદરૂપ —એવા શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની; 'सेवा' જે અનુભવજ્ઞાનથી ને નિરવધિ સ્નેહથી, દિવ્ય શ્રીહરિનાં દર્શન-સ્પર્શ-સુગંધાદિકનું સેવન કરવું; 'એ જ' અર્થાત્, શ્રીજીના સ્વરૂપ સંબંધી આનંદનો અખંડ અનુભવ કર્યા કરવો; એ જ અમે 'મુક્તિ' કહેતાં, આત્યંતિક મોક્ષ માન્યો છે; અવરભાવમાં મુકુંદવર્ણીની માફક, મનુષ્યરૂપ એવા શ્રીજીમહારાજની સેવા-પરિચર્યા કરવી તે પણ, 'મુક્તિ' એટલે આત્યંતિક મોક્ષ માનેલ છે.

તે શ્રીહરિએ કારિયાણીના ૭મા વચનામૃતમાં કહ્યું છેઃ— 'પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા, તેને આત્યંતિક કલ્યાણ કહીએ;... અક્ષરધામને વિષે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે તે મૂર્તિને... સાક્ષાત્કાર દેખે, ને એ મૂર્તિ વિના બીજું અણુમાત્ર પણ ભાસે નહિ —એ સિદ્ધદશાનું લક્ષણ છે.

સારંગપુરના ૧૧મા વચનામૃતમાં-'निरंजनः परमं साम्यमुपैति' એ શ્રુતિનો એ અર્થ છે કે, 'અંજન જે માયા તે

થકી જે રહિત થયો તે, ભગવાનના તુલ્યપણાને પામે છે.' અર્થાત્ ભગવાનના જેવો દિવ્યસાકાર થાય છે.

ગઢડા પ્રથમ પ્રકરણના ૬૩મા વચનામૃતમાં-'અક્ષરધામને વિષે પોતાના સાધર્મ્યને પામ્યા એવા જે અનંતકોટી મુક્ત, તે એ ભગવાનની સેવાને વિષે રહે છે.'

**ભાવાર્થઃ—** સેવા તે શું? તો, દાસભાવે મૂર્તિના આનંદનો અનુભવ કરવો તે. અને સાધર્મ્ય તે શું? તો, સ્વામિત્વ, સુખદાતાપણું ને નિયંતાપણું —એ સિવાયના બીજા, રૂપ-ગુણ ઇત્યાદિકે કરીને સજાતિ ને દિવ્યસાકાર થાય તે.

ગઢડા પ્રથમ પ્ર.ના ૩૭મા વચનામૃતમાં-'અને એવા જે ભગવાનના સ્વરૂપના જ્ઞાનવાળા છે તે સર્વે દેહને મૂકીને, ભગવાનના ધામમાં ચૈતન્યની જ મૂર્તિ થઈને, ભગવાનની હજૂરમાં રહે છે.'

વચનામૃત ગઢડા મધ્ય પ્ર.ના ૬૬નો ભાવાર્થઃ— 'જ્યારે એ જીવના અજ્ઞાનની નિવૃત્તિ થાય છે ત્યારે એને માયિક ત્રણ દેહનો સંગ છૂટી જાય છે, ને એ જીવ કેવળ ચૈતન્ય સત્તામાત્ર રહે છે. પછી એ જીવને 'ચૈતન્ય પ્રકૃતિ'નો એટલે 'બ્રહ્મરૂપ જીવાત્મા'નો ભગવાનની ઇચ્છાએ કરીને દેહ બંધાય છે; અર્થાત્ દેહદેહીભાવ નહિ, પરંતુ જીવાત્મા પોતે જ સાકાર થઈ ભાગવતીતનું પ્રાપ્ત કરી ભગવાનના અક્ષરધામને વિષે રહે છે.'

ભગવદ્‌ગીતાના ચોથા અધ્યાયમાં પણ કહ્યું છેઃ—

**...। बहवो ज्ञानतपसापूता मद्भावमागताः[१०] ॥ ३० ॥**

જ્ઞાન ને તપથી માયાના રાગે રહિત થયેલા —એવા

ઘણાક ભક્તો, 'મારા ભાવને' અર્થાત્ મારું સાધર્મ્ય જે સ્વરૂપ, ગુણ ને સ્વભાવે કરીને સજાતિભાવને પામેલા છે ૩૦.

શ્રીમદ્ ભાગવત સપ્તમ સ્કંધ, અ. ૧૦માં પણ ભગવાન પ્રત્યે પ્રહ્‌લાદજીનું વચન છેઃ—

**विमुंचति यदा कामान् मानवो मनसि स्थितान्[१] ।**
**तर्ह्येव पुंऽरिकाक्ष! भगवत्त्वाय कल्पते ॥ ३१ ॥**

હે કમળ જેવા નેત્રવાળા શ્રીહરે! તમારો ભક્ત, જ્યારે મનમાં રહેલા વિષયભોગની વાસનાઓનો ત્યાગ કરે છે ત્યારે જ ભગવદ્‌ભાવને અર્થે કલ્પાય છે; અર્થાત્, તમારા સાધર્મ્યને પામે છે ૩૧.

વળી હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૩માં પણ કહ્યું છેઃ—

**तव त्वेकांतिकभक्ता विना त्वत् पादसेवनम्[५४] ।**
**नेच्छंत्येवाऽक्षरसुखं तथा मुक्तिं चतुर्विधाम् ॥ ३२ ॥**

હે શ્રીહરે! તમારા એકાંતિક ભક્ત છે તે તમારા ચરણની સેવા વિના, અક્ષરનું સુખ ઇચ્છતા નથી ને ચાર પ્રકારની મુક્તિને પણ ઇચ્છતા નથી ૩૨. વળી એ જ ગ્રંથના સપ્તમ સ્કંધ અ. ૪૪માં કહ્યું છેઃ—

**श्रीवासुदेवसन्मूर्तिं विना क्वाप्येव तत्त्ववित्[६५] ।**
**आसक्तो नाक्षरसुखे यः स मुक्ततमो मतः ॥ ३३ ॥**

શ્રીજીની મૂર્તિના સુખભોક્તા એવા જે મુક્તો છે તે, શ્રીજીની મૂર્તિ વિના અક્ષરના સુખમાં આસક્ત થતા નથી; શ્રીજીની મૂર્તિમાં જ સંલગ્ન રહે છે; અર્થાત્ અક્ષરનું સાધર્મ્ય પ્રાપ્ત કરતા નથી; પુરુષોત્તમના જ સાધર્મ્યને પ્રાપ્ત કરે છે

—તે ઉત્તમ મુક્ત છે ૩૩.

શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ. ૨૯માં પણ કહ્યું છેઃ—

**मर्त्यो यदा त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकीर्षितो मे[३४] ।**
**तदाऽमृतत्वं प्रतिपद्यमानो मयात्मभूयाय च कल्पते वै ॥ ३४ ॥**

મનુષ્ય, જ્યારે સર્વ કર્મનો ત્યાગ કરે; કહેતાં, નિર્મૂળ વાસનાવાળો થાય અને પોતાનો આત્મા મને અર્પણ કરે; અર્થાત્ મારામાં એકાત્મભાવે જોડાઈ રહે ત્યારે, તેના ઉપર મારી વિશેષ કૃપા થાય છે. તે પછી મારા સ્વરૂપ સંબંધી સુખનો ભોક્તા થઈને 'मयात्मभूयाय' મારા તુલ્યભાવને અર્થે કલ્પાય છે; અર્થાત્ મારા પરમ સાધર્મ્યને પામી, અનાદિમુક્ત થાય છે ૩૪. **'આવી રીતે શ્રીજીમહારાજની મૂર્તિનું સુખ ભોગવવું'** —એ જ પરભાવમાં 'સેવા' કહેતાં મુક્તિ છે. ઈતિ શ્લો. ૧૨૧.

[શિક્ષાપત્રીનો મૂળશ્લોક ૧૨૧મો છે, તેના વિવેચનમાં ઉપર કહેલા શ્લોક ૩૪ છે.]

# સાધારણ ધર્મનો ઉપસંહાર

## શિ૦ શ્લો૦ ૧૨૨

**एते साधारणा धर्माः पुंसां स्त्रीणां च सर्वतः ।**
**मदाश्रितानां कथिता विशेषानथ कीर्तये ॥ १२२ ॥**

**અને આ જે પૂર્વે સર્વે ધર્મ કહ્યા તે જે તે, અમારા આશ્રિત જે ત્યાગી-ગૃહસ્થ, બાઈ-ભાઈ સર્વે સત્સંગી, તેમના સામાન્ય ધર્મ કહ્યા છે; કહેતાં, સર્વ સત્સંગીમાત્રને સરખા પાળવાના છે. અને હવે એ સર્વેના જે વિશેષ ધર્મ છે તેમને પૃથક્પૃથક્પણે કરીને કહીએ છીએ ૧૨૨.**

હવે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ, ઉપસંહાર કરતાં વિશેષ ધર્મ કહેવાની પ્રતિજ્ઞા કરે છેઃ 'मदाश्रितानां' એટલે મારા શિષ્યોના. 'सर्वतः पुंसां स्त्रीणां च' સર્વ પુરુષો તથા સર્વ સ્ત્રીઓના, 'एते' એટલે અત્યાર સુધી કહેલા જે અહિંસા વગેરે સામાન્ય ધર્મો, તે દરેકે પોતપોતાના અધિકાર મુજબ પાળવા. 'अथ' હવે 'विशेषान्' અર્થાત્ વિશેષ ધર્મો હું કહું છું. ઈતિ શ્લો. ૧૨૨.

**ઈતિ સાધારણ ધર્મ – નિરૂપણ સમાપ્ત.**

# આચાર્યશ્રીના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૨૩

**मज्जयेष्ठावरजभ्रातृसुताभ्यां तु कदाचन ।
स्वासन्नसम्बन्धहीना नोपदेश्या हि योषितः ॥ १२३ ॥**

**હવે પ્રથમ ધર્મવંશી જે આચાર્ય અને તેમની પત્નીઓ, તેમના જે વિશેષ ધર્મ તે કહીએ છીએઃ અમારા મોટાભાઈ અને નાનાભાઈ તેના પુત્ર જે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે બીજી સ્ત્રીઓ, તેમને મંત્ર ઉપદેશ ક્યારેય ન કરવો ૧૨૩.**

### મંત્રોપદેશ કરવા ન કરવાની વિક્તિ

હવે શ્રીહરિ પ્રથમ, સમગ્ર ભક્તોના ગુરુપણામાં સ્થાપેલા ધર્મવંશી આચાર્યોના વિશેષ ધર્મો, દશ શ્લોકે કરીને કહે છેઃ* 'मज्जयेष्ठावरजयोः भ्रात्रोः' મારા મોટાભાઈના તથા નાનાભાઈના; અર્થાત્ રામપ્રતાપભાઈ અને ઇચ્છારામભાઈના 'પુત્રો' જે શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રીરઘુવીરજી તેમણે; 'कदाचन' એટલે ક્યારેય પણ; 'स्वासन्नसंबंधहीनाः' પોતાની સમીપ સંબંધ વિનાની; અર્થાત્ દૂરના સંબંધવાળી સ્ત્રીઓને તેમ જ સંબંધ વિનાની સ્ત્રીઓને, હરિકૃષ્ણ એવો હું, તે મારા મંત્રનો ઉપદેશ ન કરવો. 'નિકટસંબંધ' એટલે શું? તો, જેના મરણથી સૂતક આવે તે નિકટસંબંધનું સામાન્ય લક્ષણ સમજવું. તેનો વિશેષપ્રકાર **'સત્સંગિજીવન'** થકી જાણવો.

* આચાર્ય-પત્નીઓના વિશેષધર્મ શ્લો. ૧૩૩-૧૩૪માં જુદા જ કહેશે.

હવે જો કોઈ 'ઈતર' એટલે સમીપ સંબંધ સિવાયની સ્ત્રી, મંત્રદીક્ષા લેવા સારુ આવે તો પોતાનાં પત્ની, કે જેમને પોતે મંત્રોપદેશ આપ્યો હોય તે દ્વારા તેને ઉપદેશ અપાવવો, પણ પોતે જાતે તેને મંત્રોપદેશ ન આપવો —એવો અભિપ્રાય છે. આ ધર્મમર્યાદા શ્રી ધર્મદેવે સ્થાપેલી છે તે અમારા આશ્રિતોએ પાળવી.

તે સ. જી. પ્ર. ૪, અ. ૫૨માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**द्विविधां पुम्भ्य एवैतां दीक्षां दद्याद् गुरुः पुमान्[२७] ।**
**स्त्रीभ्यो नैव क्वचिद्दद्यात्स्त्रिया ताभ्यस्तु दापयेत् ॥ १ ॥**

સામાન્ય તથા મહાદીક્ષા આ બંને પ્રકારની દીક્ષાને પણ ધર્મવંશી ગુરુ, મુમુક્ષુ એવા **'પુરુષને'** જ આપે અને મુમુક્ષુ સ્ત્રીઓને તો પોતાની પત્ની પાસે દીક્ષા અપાવે; પરંતુ ધર્મવંશી ગુરુ, સ્વયં સ્ત્રીઓને ક્યારેય દીક્ષા આપે જ નહિ ૧. ઈતિ શ્લો. ૧૨૩.

## શિ૦ શ્લો૦ ૧૨૪

**न स्प्रष्टव्याश्च ताः क्वापि भाषणीयाश्च ता नहि ।**
**क्रौर्यं कार्यं न कस्मिंश्चिन्न्यासो रक्ष्यो न कस्यचित् ॥ १२४ ॥**

**અને તે સ્ત્રીઓને ક્યારેય પણ અડવું નહિ; અને તે સાથે બોલવું નહિ; અને કોઈ જીવને વિષે ક્રૂરપણું ન કરવું; અને કોઈની થાપણ ન રાખવી ૧૨૪.**

### સમીપ સંબંધ વિનાની સ્ત્રીના સ્પર્શ – ભાષણાદિનો નિષેધ

'ताः' એટલે જે સમીપ સંબંધવાળી ન હોય તેવી

સ્ત્રીઓનો, એ ધર્મવંશી આચાર્યોએ સ્પર્શ કરવો નહિ. તેમ જ એવી સ્ત્રીઓ સાથે બોલવું પણ નહિ; અર્થાત્ અન્ય સ્ત્રીઓની સાથે ધર્મોપદેશ નિમિત્તે, કે વ્યવહાર કાર્ય નિમિત્તે પણ બોલવું નહિ; એવો પ્રસંગ સર્વપ્રકારે ત્યજી દેવો —એવું તાત્પર્ય છે. શ્લોકમાં 'ચ'કાર છે તેથી આચાર્યપદ ઉપર આરૂઢ થયેલા, આચાર્યો સિવાયના ધર્મવંશના બીજા પુરુષોએ પણ, સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ ને તેમની સાથે બોલવું પણ નહિ —એમ સમજવું.

વળી શ્રીહરિ કહે છેઃ એ બે ધર્મવંશી આચાર્યોએ કોઈ પણ પ્રાણીને વિષે નિર્દયતા ન કરવી; કેમ કે સ્મૃતિમાં એમ કહ્યું છે જે, 'गुरवो हि दयालवः' ગુરુઓ તો દયાળુ હોય છે.

વળી તે બે આચાર્યોએ 'કોઈની પણ થાપણ' એટલે પોતાની જ્ઞાતિના, કે બીજી જ્ઞાતિના માણસની પણ થાપણ ન રાખવી; કેમ કે થાપણ રાખવી એ ક્લેશનું મૂળ છે. ઈતિ શ્લો. ૧૨૪.

## શિ૦ શ્લો૦ ૧૨૫

**प्रतिभूत्वं न कस्यापि कार्यं च व्यावहारिके ।**
**भिक्षयाऽऽपदतिक्रम्या न तु कार्यमृणं क्वचित् ॥ १२५ ॥**

**અને વ્યવહારકાર્યને વિષે કેનું પણ જમાનગરું ન કરવું. અને કોઈ આપત્કાળ આવી પડે તો, ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો; પણ કોઈનું કરજ તો ક્યારેય ન કરવું ૧૨૫.**

## જામીનગીરી નિષેધ

'प्रतिभूत्वं' એટલે કે ક્રય-વિક્રય, લેવડદેવડ વગેરે વ્યવહારનાં સઘળાં કાર્યોમાં, પોતાના મનુષ્યોના અથવા બીજા મનુષ્યોના જામીન ન થાવું; અર્થાત્ એ વ્યાવહારિક કાર્યની જવાબદારી એ અદા નહિ કરે તો અમે કરીશું, એવી રીતનું મધ્યસ્થપણું ધર્મવંશી આચાર્યોએ કરવું નહિ; કેમ કે તેથી મોટો ક્લેશ થવાનો સંભવ છે. 'प्रतिभूः' શબ્દનો અર્થ 'જામીન થવું' એવો પ્રસિદ્ધ છે.

## ઋણ નિષેધ

શ્રીહરિ વળી કહે છેઃ મેં 'મારા પદ'-મારી ગાદી ઉપર સ્થાપન કર્યા એવા તે બંને આચાર્યોએ, ક્યારેય દૈવવશાત્, પોતાનું ધનધાન્ય વગેરે હરાઈ જાય એવો આપત્કાળ આવે તો, બ્રાહ્મણજાતિને માટે શાસ્ત્રમાં કહેલી એવી ભિક્ષાવૃત્તિથી પોતાનો દેહનિર્વાહ કરવો; પરંતુ 'ઋણ' કહેતાં, દેવું તો ક્યારેય ન કરવું; કારણ કે દેવું કરવાથી મોટું દુઃખ થાય છે.

તે સંબંધમાં સ્કંદપુરાણનું વચન છેઃ–

**नाधमणर्यसमं दुःख गृहिणामिह किञ्चन । ... ॥ १ ॥**

ગૃહસ્થોને આ લોકમાં માથે દેવું હોય, તે જેવું બીજું એકે દુઃખ નથી ૧. વળી મહાભારતના અરણ્યપર્વ અ. ૩૧૩માં કહ્યું છેઃ–

**पञ्चमेऽहनि षष्ठे वा शाकं पचति यो गृहे[११५] ।**
**अनृणी चाप्रवासी च स वारिचर! मोदते ॥ २ ॥**

હે જળચર! પાંચમે કે છટ્ઠે દિવસે, રાંધેલી ભાજી ખાઈને

રહેવું એ સારું; પરંતુ માથે દેવું કરવું નહિ. જેના માથે દેવું નથી અને આજીવિકા માટે પ્રવાસ કરવાનો જેને હોતો નથી તે જ આનંદમાં રહી શકે છે; અર્થાત્ તે જ સુખી છે ૨. વિદુરનીતિમાં પણ કહ્યું છેઃ—

**आरोग्यमानृण्यमविप्रवासः सद्भिर्मनुष्यैः सह सम्प्रयोगः[१४] ।**
**स्वप्रत्यया वृत्तिरभीतवासः षड् जीवलोकस्य सुखानि राजन् ॥**

હે રાજન્! આરોગ્ય[૧], દેવું ન હોય તે[૨], નિર્વાહ માટે પરદેશમાં પ્રવાસ કરવાનો ન હોય[૩], સત્પુરુષનો સમાગમ કરવાનો હોય[૪], પોતાને સ્વાધીન જ પોતાની વૃત્તિ હોય[૫] અને નિર્ભય સ્થાનમાં વાસ[૬] —એ છ વાનાં, આ લોકમાં સુખકારક છે ૩. વળી કૃત્યચિંતામણિમાં પણ કહ્યું છેઃ—

**ऋणं ये न प्रयच्छन्ति प्रमादादनुपायतः ।**
**धनदातुस्तदीयं स्यात्पुण्यं चात्र पुराऽर्जितम् ॥ ४ ॥**

જેઓ પ્રમાદથી કે ઉપાય ન હોય તે કારણે દેવું આપી શકતા નથી તેનું, પૂર્વે સંચય કરેલું પુણ્ય તે, ધન આપનાર લેણદારને જાય છે ૪. માટે કોઈનું પણ ક્યારેય દેવું-કરજ કરવું નહિ, એવું તાત્પર્ય છે.

શ્રીજીમહારાજે કોઈનું પણ ક્યારેય કરજ ન કરવું —એમ આ શ્લોકમાં જે કહ્યું, તે તો સર્વને 'સાધારણ' અર્થાત્, સર્વને પાલન કરવા યોગ્ય એવો નિયમ છે; પરંતુ અહીં પોતાના પદ ઉપર વિરાજેલ આચાર્યોના વિશેષ ધર્મમાં કહે છે, એ તો એમના પ્રત્યેના આવશ્યક બોધ માટે છે; અને વિશેષે તો તેમના દ્વારા, એમના શિષ્યોને બોધ કરવા માટે આ કહેલ છે, એમ જાણવું.

તે શ્રીહરિએ, હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૨૧માં, ગૃહસ્થના ધર્મમાં કહ્યું છે-

**ऋणं न सर्वथा कुर्यादापत्कालं विना सुधीः[१४] ।... ॥ ५ ॥**

બુદ્ધિમાન એવો ગૃહસ્થાશ્રમી પુરુષ, આપત્કાળ સિવાય ઋણ તો સર્વથા ન જ કરે ૫. ઇતિ શ્લો. ૧૨૫.

## શિ૦ શ્લો૦ ૧૨૬

**स्वशिष्यार्पितधान्यस्य कर्तव्यो विक्रयो न च ।**
**जीर्णं दत्वा नवीनं तु ग्राह्यं तन्नैष विक्रयः ॥ १२६ ॥**

**અને પોતાના જે શિષ્ય તેમણે, ધર્મ નિમિત્તે પોતાને આપ્યું જે અન્ન તે વેચવું નહિ; અને તે અન્ન જૂનું થાય તો, તે જૂનું કોઈકને દઈને નવું લેવું; અને એવી રીતે જે જૂનાનું નવું કરવું તે વેચ્યું ન કહેવાય ૧૨૬.**

### ધર્મ નિમિત્ત અન્નવિક્રય નિષેધ

'स्वशिष्यार्पितं' એટલે પોતાના શિષ્યોએ અર્પણ કરેલાં ડાંગેર વગેરે ધાન્ય; તે, જો પોતાના કુટુંબ-પરિવારના પોષણ માટે જોઈએ તેથી અધિક હોય, તો પણ તે ધાન્યને વેચવું નહિ; અને જો વેચે, તો મોટા કુટુંબ-પરિવારવાળા તે બે આચાર્યોને, કોઈ વખત દુષ્કાળરૂપી આપત્કાળમાં, ધાન્યના અભાવથી ક્લેશ સહન કરવાનો પ્રસંગ આવે; અને જો ધાન્યનો સંગ્રહ કરે તો દુષ્કાળ આદિકમાં પણ, સાધુ, બ્રાહ્મણ, ભિક્ષુક તથા બીજા રાંકોનું પોષણ કરવારૂપ મોટો ધર્મ થાય; આ કારણથી પણ ધાન્યનું વેચાણ કરવું નહિ.

હવે વિક્રયદોષ વગેરેની વિક્તિ જણાવે છેઃ—

મહાભારતના રાજધર્મની ટીકામાં કહ્યું છેઃ— બકરાંને વેચે તો અગ્નિદેવને વેચ્યાનું પાપ લાગે, ઘેટાંને વેચે તો વરુણદેવને વેચ્યાનું પાપ લાગે, ઘોડાંને વેચે તો સૂર્યદેવને વેચ્યાનું પાપ લાગે ને અન્નને વેચે તો પૃથ્વીદેવીને વેચ્યાનું પાપ લાગે-માટે તે બધાંને વેચવાં નહિ; પરંતુ તેમાં અપવાદ આ પ્રમાણે છેઃ 'जीर्णं' એટલે ગયા વર્ષમાં ભેગું કરી રાખેલું, જીવ ઉત્પન્ન થવાના સંભવથી લાંબો કાળ રાખી શકાય નહિ એવું અન્ન હોય, તો તે જૂના ધાન્યના બદલામાં નવું ધાન્ય લેવું, એવી રીતે બદલો કરવો તે વેચ્યું ન કહેવાય; કેમ કે તેમાં વિક્રયદોષ લાગતો નથી ને ગૃહસ્થાશ્રમના ધર્મનું રક્ષણ પણ થાય છે.

વળી સ્મૃતિવચન પણ છે કેઃ—

**सर्वे विनिमया युक्ता लाभलोभो न तूचितः ॥ १ ॥**

સર્વ પ્રકારના 'વિનિમય' અર્થાત્ બધા પ્રકારની અદલાબદલી તે યોગ્ય છે, પરંતુ લાભપ્રાપ્તિ સારુ, લોભે કરીને વિક્રય કરવો તે ઉચિત નથી ૧. ઇતિ શ્લો. ૧૨૬.

## શિ૦ શ્લો૦ ૧૨૭

**भाद्रशुक्लचतुर्थ्यां च कार्यं विघ्नेशपूजनम् ।**
**इषकृष्णचतुर्दश्यां कार्यार्चा च हनुमतः ॥ १२७ ॥**

**અને ભાદરવા સુદિ ચતુર્થીને દિવસે ગણપતિની પૂજા કરવી, તથા આસો વદિ ચતુર્દશીને દિવસે હનુમાનની પૂજા કરવી ૧૨૭.**

## ગણપતિ પૂજન

'भाद्रशुक्लचतुर्थ्यां'-ભાદરવા માસની 'સુદ ચોથ' જે 'સિદ્ધિવિનાયક-ચતુર્થી' એ નામથી પ્રસિદ્ધ છે, તે દિવસે વિઘ્નનો નાશ કરનારા એવા ગણપતિનું પૂજન કરવું. તે દિવસે ગણપતિની મૃત્તિકાની મૂર્તિ સ્થાપીને, સિંદૂર, ધરો, લાડુનું નૈવેધ વગેરેથી તેમનું પૂજન કરવું; કેમ કે આ તિથિએ એમનો જન્મ થયો છે.

શ્રીહરિએ ગણપતિનું પૂજન કરવાનું, સ. જી. પ્ર. ૪, અ. ૫૬માં પણ કહ્યું છેઃ—

**मूर्तिं गणपतेरत्र मृन्मयीं च चतुर्भुजाम्[२०] ।**
**गजाननामेकदन्तां मध्याह्नेऽर्चेद्यथागमम् ॥ १ ॥**
**सिन्दूरेण च दूर्वाभिः शमीपत्रादिभिश्च तम्[२१] ।**
**अर्चेन्निवेदयेत्तस्मा एकविंशतिलड्डुकान् ॥ २ ॥**

હે સુતૌ!– હે અયોધ્યાપ્રસાદ! તથા હે રઘુવીર! ગજાનનની જન્મતિથિ, જે, 'ભાદરવા સુદ ચોથ' તે દિવસે એક દંતવાળી, હાથીના મુખ જેવા મુખવાળી, ચાર ભુજાવાળી, મુત્તિકામયી ગણપતિની મૂર્તિ બનાવીને મધ્યાહ્નને યથાવિધિ તેનું પૂજન કરવું ૧. સિંદૂર, દુર્વા, શમીપત્રો વગેરે ઉપચારો વડે પૂજા કરીને, તે મૂર્તિને એકવીસ લાડુનું નૈવેધ ધરાવવું ૨.

ગણપતિનું પૂજન કરવાથી અન્યાશ્રય દોષ લાગતો નથી; કેમ કે ગણપતિને શાસ્ત્રમાં શ્રીકૃષ્ણ ભગવાનના અંશાવતાર કહેલા છે.

હવે ચોથનો નિર્ણય કેવી રીતે કરવો તે કહે છે; ચતુર્થી

જો, ત્રીજના વેધવાળી હોય તો તે સારી છે. જો બે ચોથો હોય તો, પહેલી ચોથ લેવી; નહિતર અભિજિત નક્ષત્રવાળી લેવી. બીજા દિવસની હોય તો મધ્યાહ્નની લેવી —એમ વાર્ષિક વ્રતોત્સવવિધિમાં કહ્યું છે.

## હનુમત્પૂજન

વળી 'इष' એટલે, આસો માસ; તેની વદ ચૌદશ, જેને 'નરકચતુર્દર્શી' કહે છે તે દિવસે; હનુમાનજી જે રામચંદ્રજીના દૂત તરીકે પ્રસિદ્ધ છે તથા જે ચિરંજીવી ને ભગવાનના એકાંતિક ભક્તમાં શ્રેષ્ઠ છે તેમનું પૂજન કરવું. તે પૂજન, સિંદૂર, આકડાનાં પુષ્પો વગેરેથી કરવું.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૫૭માં કહ્યું છેઃ—

**अस्मिन्दिने हनुमतः कार्यं च महर्चनम्**[२८] ।
**तैलसिन्दूरार्कपुष्पस्त्रग्माषवटकादिभिः ॥ ३ ॥**

વળી 'આ દિને' એટલે આસો વદ ચૌદશના દિવસે હનુમાનજીની તેલ, સિંદૂર, આકડાનાં પુષ્પના હારો, અડદનાં વડાં અને ખીર વગેરે વડે મહાપૂજા કરવી; કેમ કે આ તિથિએ એમનો જન્મ કહ્યો છે ૩. આ ચૌદશ પણ ઉદય પછી છત્રીસ ઘડીએ લેવી.

શ્રીજીમહારાજે મૂળશ્લોકમાં ગણપતિ તથા હનુમાનજી —એ બે દેવોનું પૂજન, પોતાના દત્તપુત્ર શ્રી અયોધ્યાપ્રસાદજી તેમ જ શ્રી રઘુવીરજીને કરવાનું કહ્યું છે તે એમણે તો વિશેષપણે કરવું; પરંતુ આ બંને દેવોનું પૂજન, સર્વ ગૃહસ્થમાત્રને પણ કરવાનું છે —એમ સમજવું. ઇતિ શ્લો. ૧૨૭.

## શિ૦ શ્લો૦ ૧૨૮

**मदाश्रितानां सर्वेषां धर्मरक्षणहेतवे ।**
**गुरुत्वे स्थापिताभ्यां च ताभ्यां दीक्ष्या मुमुक्षवः ॥ १२८ ॥**

**અને અમારા આશ્રિત જે સર્વે સત્સંગી, તેમના ધર્મની રક્ષા કરવાને અર્થે, એ સર્વેના ગુરુપણાને વિષે અમે સ્થાપન કર્યા, એવા જે તે અયોધ્યાપ્રસાદ અને રઘુવીર તેમણે મુમુક્ષુજનને દીક્ષા આપવી ૧૨૮.**

### મુમુક્ષુજનને દીક્ષા આપવાની આજ્ઞા

શ્રીહરિ કહે છેઃ મારા સર્વ આશ્રિતોના, ભક્તિ સહિત ધર્મના રક્ષણને માટે, 'गुरुत्वे' —એટલે આચાર્યપણામાં મેં મારા બે ભાઈઓના પુત્રો, જે શ્રી અયોધ્યાપ્રસાદજી અને શ્રી રઘુવીરજી તેમને સ્થાપ્યા છે; તેમણે 'मुमुक्षवः' અર્થાત્ પોતાના શરણે આવેલા, સંસારના બંધનથી મુક્ત થવાની ઈચ્છાવાળા જે ચારેય વર્ણના પુરુષો, તેમને 'दीक्षा' આપવી; કહેતાં, પૂર્ણ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણના મંત્રની દીક્ષા આપીને તેમના ઉપર અનુગ્રહ કરવો. ઈતિ શ્લો. ૧૨૮.

## શિ૦ શ્લો૦ ૧૨૯

**यथाधिकारं संस्थाप्याः स्वे स्वे धर्मे निजाश्रिताः ।**
**मान्याः सन्तश्च कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ॥ १२१ ॥**

**અને પોતાના આશ્રિત જે સર્વે સત્સંગી, તેમને અધિકાર પ્રમાણે પોતપોતાના ધર્મને વિષે રાખવા; અને સાધુને આદર થકી માનવા, તથા સચ્છાસ્ત્રનો અભ્યાસ આદર થકી કરવો ૧૨૯.**

## ધર્મમાં રાખવાની આજ્ઞા

શ્રીહરિ કહે છેઃ વળી તે બે આચાર્યોએ પોતાના 'આશ્રિતો' એટલે શિષ્યો તેમને, તેમના અધિકાર પ્રમાણે 'પોતપોતાના ધર્મમાં' અર્થાત્, ત્યાગીને ત્યાગીના ને ગૃહસ્થને ગૃહસ્થના ધર્મમાં સારી રીતે સ્થાપવા; જો ગુરુ, પોતાના શિષ્યોને તેમના ધર્મને વિષે સ્થાપન ન કરે અને તેથી શિષ્યો પાપાચરણ કરે તો, શિષ્યોએ કરેલું પાપ ગુરુને લાગે છે.

તે શંખસ્મૃતિમાં કહ્યું છેઃ—

**राजा प्रजानां शमलं याति धर्ममशिक्षयन् ।**
**आचार्यो निजशिष्याणां स्त्रीणां तत्पतयस्तथा ॥ १ ॥**

રાજા, પ્રજાને ધર્મમાં ન વર્તાવે ને તેથી પ્રજા, પાપ કરે તો, તેનું પાપ રાજાને લાગે છે. આચાર્ય પોતાના શિષ્યોને ધર્મમાં ન વર્તાવે તો, તે શિષ્યોએ કરેલું પાપ આચાર્યને લાગે છે. અને પતિ, પોતાની પત્નીને ધર્મમાં ન વર્તાવે તો, પત્નીએ કરેલું પાપ તેણીના પતિને લાગે છે ૧.

## સંત — સત્કાર

તેમ જ તે બન્ને આચાર્યોએ, 'શ્રીકૃષ્ણના' એટલે અનાદિ કૃષ્ણનામક પ્રકટ શ્રી હરિકૃષ્ણ જે હું, તે મારા ભક્ત એવા સંતોને 'બહુ પ્રકારે માનવા' અર્થાત્, એમનું યથોચિત પૂજન કરવું; કેમ કે સત્પુરુષનું પૂજન —એ સકળ સુખનું મૂળ છે. 'साधवो हृदयं मह्यं' શ્રીકૃષ્ણ ભગવાને પણ સંતપુરુષોને પોતાના હ્રદયતુલ્ય કહેલા છે.

## સચ્છાસ્ત્રોનો અભ્યાસ

વળી તે બંને આચાર્યોએ 'સચ્છાસ્ત્રનો' કહેતાં, પરોક્ષ વેદાદિ આઠ સચ્છાસ્ત્રોનો, તેમ જ 'પ્રકટનાં શાસ્ત્રો' અર્થાત્ વચનામૃત વગેરેનો અભ્યાસ આદર થકી કરવો. તે અભ્યાસ ચાર પ્રકારનો કહેલો છેઃ એક તો તેનું **'અધ્યયન'**. બીજું **'ચિંતન'**. ત્રીજું **'ઘોષણ'** એટલે, ઉચ્ચસ્વરે ઉદ્‌ઘોષપૂર્વક બોલવું અને ચોથું **'પાવન'** અર્થાત્ સંયમપૂર્વકની એકાગ્રતા. આ ચાર પ્રકારનો અભ્યાસ, બ્રાહ્મમુહૂર્તમાં કરવાથી બુદ્ધિમાં પ્રકાશ થાય છે. અભ્યાસ વિના વિદ્યાની સ્ફૂર્તિ થતી નથી માટે 'આદરથી' એટલે, અભ્યાસ કરવામાં આળસ તથા અસાવધાનતાનો ત્યાગ કરવા પૂર્વક સચ્છાસ્ત્રોનો અભ્યાસ કરવો.

તે કામન્દકે, તેમ જ વિદુરનીતિ અ. ૩૪માં કહેલું છેઃ–

**गावः पश्यन्ति गन्धेन वेदैः पश्यन्ति वाडवाः[३४] ।**
**चारैः पश्यन्ति राजानश्चक्षुर्भ्यामितरे जना ॥ १ ॥**

ગાયો ગંધથી જોઈ શકે છે, બ્રાહ્મણો 'વેદ વડે' અર્થાત્ **'સચ્છાસ્ત્રદ્વારા જુએ છે,'** રાજાઓ 'ચાર' જે જાસૂસો તે વડે જુએ છે અને બીજા મનુષ્યો નેત્રો વડે જુએ છે ૧.

વળી વિદુરનીતિ અ. ૩૩માં પણ કહ્યું છેઃ–

**अष्टौ गुणाः पुरुषं दीपयन्ति प्रज्ञा च कौल्यं च दमः श्रुतं च[१०४] ।**
**पराक्रमश्चाबहुभाषिता च दानं यथाशक्ति कृतज्ञता च ॥ २ ॥**

પુરુષને આ આઠ ગુણો દીપાવે છે: બુદ્ધિ[૧], કુળ[૨], ઇંદ્રિયદમન[૩], **'વિદ્યાભ્યાસ[૪]'**, પરાક્રમ[૫], પ્રયોજન વિના બહુ બોલવું નહિ તે[૬], યશાશક્તિ દાન[૭] અને કર્યા કૃત્યને

જાણવું તે૯ ૨.

વિદુરનીતિના ઉપરોક્ત બંને શ્લોકમાં સચ્છાસ્ત્રના અભ્યાસનું પ્રતિપાદન કરેલું છે. બ્રાહ્મણોને તો શાસ્ત્ર —એ જ નેત્ર છે. તે કહ્યું છેઃ– 'ब्राह्मणाः शास्त्रचक्षुषः ।' માટે મારા પદ ઉપર આરૂઢ થયેલા બંને આચાર્યોએ, સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરપૂર્વક કરવો. ઇતિ શ્લો. ૧૨૯.

## શિ૰ શ્લો૰ ૧૩૦

**मया प्रतिष्ठापितानां मन्दिरेषु महत्सु च ।**
**लक्ष्मीनारायणादीनां सेवा कार्या यथाविधि ॥ १३० ॥**

**અને મોટાં જે મંદિર તેમને વિષે અમે સ્થાપન કર્યાં, એવાં જે શ્રી લક્ષ્મીનારાયણ આદિક શ્રીકૃષ્ણનાં સ્વરૂપ, તેમની જે સેવા તે યથાવિધિએ કરીને કરવી. ૧૩૦**

### ભગવત્સ્વરૂપ – સેવાવિષય

'મોટાં મંદિરોમાં' એટલે શિખરબંધી મંદિરોમાં અને 'ચ'કાર છે માટે નાનાં હરિમંદિરોમાં પણ; સહજાનંદ સ્વામી એવો હું, તે મેં, જે મૂર્તિઓની યથાવિધિ પ્રતિષ્ઠા કરી હોય, કે કરાવી હોય —એવાં, શ્રી લક્ષ્મીનારાયણ આદિ જે ભગવાનનાં સ્વરૂપો તેમની સેવા યથાવિધિ કરવી. વળી શ્લોકમાં 'આદિ' એવું પદ છે માટે 'આદિ' શબ્દથી શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ વગેરે ભગવત્સ્વરૂપો પણ જાણવાં; અર્થાત્ તેમની પણ સેવા કરવી.

**ભાવાર્થઃ–** અહીં શ્રી લક્ષ્મીનારાયણનો મુખ્ય નિર્દેશ

કરવાનું કારણ એ છે કે, આ શિક્ષાપત્રી લખવાના સમયે શ્રીહરિ, તે દેવની સમીપે સ્વયં વિરાજતા હતા તેથી; પરંતુ આ નિર્દેશથી બીજા સ્વરૂપોનું ગૌણપણું થાય છે એવી શંકા ન કરવી; કારણ કે 'ભગવાનનાં સર્વે સ્વરૂપોમાં' અર્થાત્ મંદિરોમાં શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનાં, શ્રી નરનારાયણ, શ્રી રાધાકૃષ્ણ, શ્રી ગોપીનાથ વગેરે સ્વરૂપો પધરાવ્યાં છે તેમાં, તથા પોતાની શ્રી હરિકૃષ્ણનામક ને શ્રી ઘનશ્યામ મહારાજ નામક જે મૂર્તિઓ પધરાવી છે તેમાં અભેદપણું છે, —એમ શ્રીહરિએ સ્વયં, શિ. શ્લો. ૧૧૨માં પ્રતિપાદન કર્યું છે; માટે તે સ્વરૂપોની સેવા, પ્રીતિથી કરવી. તેમ જ શ્રી ધર્મદેવ, ભક્તિમાતા, વગેરેની જે મૂર્તિઓ પધરાવી છે તેમની પણ, એ જ પ્રમાણે સેવા કરવાની કહી છે. તે સેવા પણ 'યથાવિધિ' એટલે શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે કરવી. વળી 'कार्या' એવું પદ મૂળશ્લોકમાં છે તેથી આચાર્યે, સેવા કરનારા સેવકો ઘણા હોય છતાં, ભગવત્સેવા તો સ્વયં જાતે જ કરવી. તે શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૦, અ. ૫૯માં કહ્યું છેઃ—

**दासी शता अपि विभोर्विदधुः स्म दास्यम्[४५] ।**

શ્રીકૃષ્ણ ભગવાનની પ્રત્યેક સ્ત્રીઓ પાસે સેંકડો દાસીઓ હતી તેમ છતાં, રુકિમણી આદિ સર્વે ભગવાનની સ્ત્રીઓ, જાતે જ ભગવાનનું 'દાસ્ય'-ભગવાનની સેવા કરતી હતી ૧. ઈતિ શ્લો. ૧૩૦.

## શિ૦ શ્લો૦ ૧૩૧

**भगवन्मन्दिरं प्राप्तो योऽन्नार्थी कोऽपि मानवः ।**
**आदरात्स तु सम्भाव्यो दानेनान्नस्य शक्तित ॥ १३१ ॥**

**અને ભગવાનનાં મંદિરપ્રત્યે આવ્યો જે હરકોઈ અન્નાર્થી મનુષ્ય તેની પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નના દાને કરીને આદર થકી સંભાવના કરવી ૧૩૧.**

### અન્નાર્થી મનુષ્યની સંભાવના

ભગવાનના મંદિરમાં આવેલો કોઈ પણ મનુષ્ય, જાણીતો હોય કે અજાણ્યો હોય પરંતુ તે 'અન્નાર્થી' એટલે ભૂખ્યો હોય તો, શક્તિ મુજબ અન્ન આપીને તેની સંભાવના કરવી; એટલે કે, જેમ ઘટે તેમ તેને કાચું અગર પાકું અન્ન આપવું. અન્ન એ જળનું પણ ઉપલક્ષણ છે; કેમ કે બંને સાથે રહેનારાં છે; અર્થાત્ અન્ન-જળ વડે સંભાવના કરવી.

તે આદિત્યપુરાણ અ. ૧૦માં સ્વાયંભૂમનુએ કહ્યું છેઃ—

**अन्नदानं प्रशंसन्ति विद्वांसो वेदवादिनः[३३] ।**
**अन्नमेव यतः प्राणाः प्राणदानसमं हि तत् ॥ १ ॥**
**तस्मादहरहर्देमन्नमेव विचक्षणैः[३४] ।**
**अपरीक्ष्यैव सर्वेभ्य इति स्वायंभुवोऽब्रवीत् ॥ २ ॥**
**जलदानमपि प्रोक्तमन्नदानेन वै समम्[३८] ।**
**जीवनं सर्वभूतानां जलमेव द्विजोत्तमाः ॥ ३ ॥**

વેદશાસ્ત્ર જાણનારા વિદ્વાનોએ, અન્નદાનની ઘણી પ્રશંસા કરેલી છે; કારણ કે અન્ન —એ જ પ્રાણ છે અને તેથી અન્નદાનને પ્રાણદાન સમાન કહેલું છે. માટે વિચક્ષણ પુરુષોએ દરરોજ અન્નનું દાન આપવું; તે પણ પાત્રની પરીક્ષા કર્યા

વિના સર્વેને આપવું ૧-૨. વળી હે દ્વિજોત્તમો! જળદાનને પણ અન્નદાનની બરોબર જ કહેલું છે; કારણ કે સર્વે ભૂતપ્રાણીમાત્રનું જીવન જળ છે ૩. ઈતિ શ્લો. ૧૩૧.

## શિ૦ શ્લો૦ ૧૩૨

**संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च ।**
**प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ॥ १३२ ॥**

**અને વિદ્યાર્થી ભણાવ્યાની શાળા કરાવીને પછી, તેમાં એક વિદ્વાન બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે ૧૩૨.**

### સદ્વિદ્યાની પ્રવૃત્તિ

'पाठशालां' એટલે વિદ્યાર્થીઓને નિવાસોચિત મઠઅભ્યાસ કરવા યોગ્ય જે અભ્યાસગૃહ, તે 'विधाप्य' એટલે કરાવીને પછી તેમાં, 'विद्वांसं' કહેતાં, સચ્છાસ્ત્ર જાણનાર એવો વિદ્વાન બ્રાહ્મણ; 'संस्थाप्य' અર્થાત્ એવા બ્રાહ્મણને ઉચિત આજીવિકા બાંધી આપીને, પૃથ્વીપર સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી; કેમ કે આંધળાને જેમ ચક્ષુનું દાન આપવાથી પુણ્ય થાય તેમ વિદ્યાદાનથી પુણ્ય થાય છે.

તે ગરુડપુરાણમાં દાનહેમાદ્રિ પ્રકરણમાં કહ્યું છેઃ—

**उपाध्यायस्य यो वृत्तिं दत्त्वाऽध्यापयति द्विजान् ।**
**किं न दत्तं भवेत्तेन धर्मकामार्थदर्शितम् ॥ १ ॥**
**छात्राणां भोजनं तैलं वस्त्रं भिक्षामथापि वा ।**
**दत्वा प्राप्नोति पुरुषः सर्वकामान्न संशयः ॥ २ ॥**

પંડિતને આજીવિકા બાંધી આપીને દ્વિજોને જે અભ્યાસ

કરાવે છે, તેઓએ ધર્મ, અર્થ અને કામ માટે કયું દાન આપ્યું નથી? અર્થાત્ બધું દાન આપ્યું છે જ ૧. વિદ્યાર્થીઓને ભોજન, રાત્રે વાંચન માટે દીવામાં ઉપયોગી તેલ, તેમ જ વસ્ત્ર અથવા ભિક્ષા આપવાથી મનુષ્ય, સર્વે મનોરથોને પામે છે તેમાં સંશય નથી ૨. વળી અગ્નિપુરાણમાં પણ કહ્યું છેઃ—

**यो वृत्तिं पठमानानां करोत्यनुदिनं नृप! ।**
**स यज्ञफलमाप्नोति दीपाच्छादनभोजनैः ॥ १ ॥**

હે રાજન્! જેઓ વિદ્યાર્થીઓને દીવો, પાગરણ તથા ભોજનથી દરરોજની વૃત્તિ બાંધી આપે છે તેઓ, યજ્ઞના જેટલું ફળ પામે છે ૩. ઇતિ શ્લો. ૧૩૨.

# આચાર્ય – પત્નીઓના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૩૩

**अथैतयोस्तु भार्याभ्यामाज्ञया पत्युरात्मनः ।**
**कृष्णमन्त्रोपदेशश्च कर्तव्यः स्त्रीभ्य एव हि ॥ १३३ ॥**

**અને હવે એ અયોધ્યાપ્રસાદ અને રઘુવીર એ બેની જે પત્નીઓ, તેમણે પોતપોતાના પતિની આજ્ઞાએ કરીને સ્ત્રીઓને જ, શ્રીકૃષ્ણના મંત્રનો ઉપદેશ કરવો પણ પુરુષને ન કરવો ૧૩૩.**

### મંત્રોપદેશની આજ્ઞા

આવી રીતે શ્રીહરિ, પોતાના પદ પર સ્થાપન કરેલા ધર્મધુરંધર આચાર્યોના વિશેષ ધર્મો કહીને, હવે તેમની પત્નીઓના વિશેષ ધર્મો બે શ્લોકથી કહે છેઃ 'एतयोः' એટલે શ્રી અયોધ્યાપ્રસાદ અને શ્રી રઘુવીર તેમની; 'भार्याभ्याम्' કહેતાં સ્ત્રીઓએ; અર્થાત્ અનુક્રમે સુનંદા અને વિરજા નામની તેમની પત્નીઓએ, પોતાના શરણે આવી હોય તેવી સ્ત્રીઓને, પોતાના પતિની આજ્ઞાથી 'મંત્રોપદેશ' અર્થાત્ પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ હું, તે મારા અષ્ટાક્ષરમંત્રનો ઉપદેશ આપવો.

આ શ્લોકમાં 'अथ' શબ્દ મૂક્યો છે તે ભિન્ન પ્રકરણની શરૂઆત સૂચવે છે. 'एव' શબ્દ યોજ્યો છે તે પુરુષમાત્રના નિષેધ માટે છે; એટલે આચાર્ય-પત્નીએ 'કૃષ્ણ મંત્રોપદેશ' સ્ત્રીઓને જ કરવો, પરંતુ પુરુષને ક્યારેય ન કરવો એવો અર્થ

છે. વળી શ્લોકમાં 'ચ'કાર છે તે બતાવે છે કે, આચાર્યપત્નીએ સધવા તથા વિધવા, બંનેના ધર્મો યથોચિત ઉપદેશવા.

કોઈને શંકા થાય કે 'गृह्णीयाद्वैष्णवाद्गुरोः' ઇત્યાદિ વાક્યોમાં, સ્ત્રી-પુરુષ દરેકને, દીક્ષા આપવાનો અધિકાર ગુરુનો છે તો, સ્ત્રીઓને દીક્ષા આપવાનો અધિકાર આચાર્ય-પત્નીને કેમ આપ્યો? તે શંકાના નિવારણાર્થે સિદ્ધમુક્ત શતાનંદમુનિ લખે છેઃ શ્રુતિ, સ્મૃતિ તથા ગૃહ્યસૂત્રોમાં પતિપત્નીની એકઅંગતા, અને એક કાર્યકારકતા કહેલી છે; તેથી આચાર્ય-પત્ની, આચાર્યશ્રીની આજ્ઞાથી દીક્ષા આપે તે આચાર્યશ્રીએ જ દીક્ષા આપી ગણાય; જો આ મર્યાદા ન રાખી હોત તો, આચાર્ય-પત્નીને અન્ય પુરુષનો પ્રસંગ થતાં અને આચાર્યને અન્ય સ્ત્રીનો પ્રસંગ થતાં, તેઓને ધર્મભ્રષ્ટતાનો પ્રસંગ પ્રાપ્ત થાત. શાસ્ત્રમર્યાદાનો વિચાર કરીને જ ધર્મદેવે પણ આ મર્યાદા પાલન કરી હતી; શિષ્યભાવને પામવા ઇચ્છતા પુરુષોને ધર્મદેવ દીક્ષા આપતા ને શિષ્યભાવને પામવા ઇચ્છતી સ્ત્રીઓને ભક્તિદેવી દીક્ષા આપતાં. હવે તેમાં આટલો વિશેષ છે કે, સ્ત્રીઓને પતિની આજ્ઞા વિના સ્વતંત્રપણે મંત્રોપદેશ આપવાનો અધિકાર નથી.

તે સંબંધમાં પરાશર કહે છેઃ—

**धर्मोपदेशं या नारी दानं तीर्थं व्रतानि च ।**
**करोति निष्फलं तद्वै विनाज्ञां पत्युरात्मन ॥ १ ॥**

જે સ્ત્રી પોતાના પતિની આજ્ઞા સિવાય બીજાને ધર્મોપદેશ કરે છે, દાન કરે છે, તીર્થ કરે છે કે વ્રતો કરે છે તો, તે નિશ્ચે, નિષ્ફળ જાય છે ૧. ઇતિ શ્લો. ૧૩૩.

## શિ૦ શ્લો૦ ૧૩૪

**स्वासन्नसम्बन्धहीना नरास्ताभ्यां तु कर्हिचित् ।**
**न स्प्रष्टव्या न भाष्याश्च तेभ्यो दर्श्यं मुखं न च ॥ १३४ ॥**

**અને વળી તે બે જણની જે પત્નીઓ તેમણે, પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ કયારેય ન કરવો, અને તેમની સાથે બોલવું નહિ ને તેમને પોતાનું મુખ પણ ન દેખાડવું ૧૩૪.**

### ધર્મરક્ષણ માટે સન્મર્યાદા

શ્રીહરિ કહે છેઃ મારા પદ ઉપર મેં સ્થાપન કર્યા એવા શ્રી નરનારાયણદેવના દેશના, તેમ જ શ્રી લક્ષ્મીનારાયણદેવના દેશના, પીઠાધીશ્વર જે બે આચાર્યો, તેમની ધર્મપત્નીઓએ પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષો, તેમનો જાણીને સ્પર્શ કરવો નહિ તથા તેમની સાથે બોલવું નહિ, તેમ જ તેમને પોતાનું મુખ ન દેખાડવું; પોતાનું મુખ ઢાંકીને વર્તવું; ગુરુપત્નીને એમ કરવું —એ જ યોગ્ય છે; નહિ તો દર્શનાદિ માટે આવેલા પુરુષના અનિર્વાય પ્રસંગથી, આચાર્ય-પત્નીને પોતાના ધર્મથી પડી જવાનો ભય ઉત્પન્ન થાય છે એવો ભાવ છે.

વળી શ્લોકમાં 'ચ'કાર છે માટે ધર્મકુળની અન્ય સ્ત્રીઓએ પણ પુરુષનો સ્પર્શ, કે તેની સાથે સંભાષણ વગેરે ન કરવાં. આવી રીતે ધર્મવંશી આચાર્ય અને તેમની પત્નીઓના વિશેષ ધર્મો કહ્યા. ઇતિ શ્લો. ૧૩૪.

# ગૃહસ્થના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૩૫

**गृहाख्याश्रमिणो ये स्युः पुरुषा मदुपाश्रिताः ।**
**स्वासन्नसम्बन्धहीना न स्पृश्या विधवाश्च तै ॥ १३५ ॥**

**હવે ગૃહસ્થાશ્રમીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએઃ અમારે આશ્રિત જે ગૃહસ્થાશ્રમી પુરુષ, તેમણે પોતાના સમીપ સંબંધ વિનાની જે વિધવા સ્ત્રીઓ તેમનો સ્પર્શ ન કરવો ૧૩૫.**

### વિધવા સ્પર્શમાં દોષ

હવે શ્રીહરિ વીશ શ્લોકે કરીને ગૃહસ્થોના વિશેષ ધર્મો કહે છેઃ 'मदुपाश्रिताः' એટલે, અક્ષરાધિપતિ અને પરમ એકાંતિક-અનાદિમુક્તનો સ્વામી એવો સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન હું, તે 'મારા આશ્રિતો' એટલે મારા શરણને પામેલા જે ગૃહસ્થાશ્રમીઓ હોય તેવા પુરુષોએ, પોતાના 'સમીપ સંબંધ વિનાની' એટલે જેના મરણથી સૂતક ન આવે તેવી દૂરના સંબંધવાળી તેમ જ સંબંધ વિનાની; એવી જે 'વિધવા' કહેતાં, જેમનો પતિ મૃત્યુ પામ્યો હોય તેવી વિધવા સ્ત્રીનો સ્પર્શ ન કરવો; (સહજસ્વભાવે પણ અડકવું નહિ;) કારણ કે તેમનો સ્પર્શ અતિશય અમંગળ માનેલો છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં કહ્યું છેઃ—

**अमंगलानां सर्वेषाममशुचीनाममंगलः[१२] ।**
**अशुचिर्विधवादेहः पुराणे बहुधोच्यते ॥ १ ॥**
**अत उद्धववर्त्मस्थैर्विधवा योषितो नरैः[१३] ।**
**स्प्रष्टव्या नापि गृहिभिस्ताभिः स्पृश्या न ते तथा ॥ २ ॥**

સર્વ અમંગળો મધ્યે, વિધવા સ્ત્રીનો દેહ અમંગળ છે અને સર્વ અપવિત્ર વસ્તુઓ મધ્યે અપવિત્ર છે, આ પ્રમાણે બહુધા પુરાણને વિષે કહેલું છે ૧. એ હેતુ માટે આ ઉદ્ધવસંપ્રદાયમાં રહેલા પુરુષોએ વિધવા સ્ત્રીઓનો સ્પર્શ ન કરવો અને તે જ પ્રકારે ઉદ્ધવસંપ્રદાયમાં રહેલી વિધવા સ્ત્રીઓએ પુરુષનો સ્પર્શ ન કરવો ૨.

વળી આ જ પ્રકરણ ને અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**प्रयाणकाले विधवादर्शनं चात्यमङ्गलम्[३९] ।**
**तिर्यग्गच्छत्कृष्णसर्पादप्येतदधिकं मतम् ॥ ३ ॥**
**न केवलं कार्यहानिः किन्तु मृत्युरपि ध्रुवम्[४०] ।**
**स्वस्य स्वीयस्य वापि स्याद्धननाशोऽथवाग्निभीः ॥ ४ ॥**

પ્રયાણકાળે સામેથી વિધવા મળે તો, તે અત્યંત અમંગળ અપશુકન જાણવા. આડો ઊતરતો વક્ર ગતિવાળો કાળો નાગ, તે કરતાં પણ અત્યંત અપશુકન કરનારું વિધવાદર્શન માનેલું છે ૩. એથી જે કાર્ય કરવા, પ્રયાણ માટે નીકળતા હોઈએ તે કાર્યની કેવળ હાનિ થાય એમ નહિ, પરંતુ નિશ્ચે, મૃત્યુ પણ થાય; અથવા પોતાને કે પોતાના મનુષ્યોને ધનનો નાશ, કે અગ્નિનો ભય પણ થાય ૪.

**अतस्तद्दर्शनाघस्य शान्तये शास्त्रवेदिभिः[४१] ।**
**सद्यएवास्ति कथितं हरिस्मरणमंगलम् ॥ ५ ॥**
**तासां चाप्याशिषो ज्ञेया आशीविषविषोपमाः[४२] ।**
**ताभ्यो भेयमतः पुंभी राक्षसीभ्य इवाखिलैः ॥ ६ ॥**

(સ. જી. પ્ર. ૩, અ. ૨૫)

તે માટે વિધવાદર્શનનું જે પાપ તેના નિવારણ અર્થે મંગળમૂર્તિ શ્રીહરિનું સ્મરણ કરવું, એમ શાસ્ત્રવેત્તાઓએ કહેલું છે ૫. તે વિધવા સ્ત્રીઓના આશીર્વાદ, કાળા નાગના ઝેર-ફૂંફવાડા તુલ્ય જાણવા, તે માટે સર્વ પુરુષોએ વિધવા સ્ત્રીઓ થકી રાક્ષસીઓની માફક ભય પામવું ૬. આવા હેતુથી વિધવા સ્ત્રીનો સ્પર્શ અતિશય તજવો. તેમ જ મૂળશ્લોકમાં 'ચ'કાર છે માટે એ વિધવા સ્ત્રીની સાથે ઉપહાસ, હાંસી-મશ્કરી વગેરે પણ ન કરવાં એમ કહ્યું છે.

## વિધવાસ્પર્શનું પ્રાયશ્ચિત્ત વગેરે

વિધવાના સ્પર્શમાં શ્રીહરિએ સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં પ્રાયશ્ચિત્ત કરવાનું વિધાન કર્યું છે. તે કહ્યું છેઃ—

**अज्ञानाद्विधवास्पर्शे जाते स्नायात्पुमांश्च सा[१४] ।**
**ज्ञानाच्चेत्तर्हि कुर्यातामेकैकं तावुपोषणम् ॥ ७ ॥**

જો અજાણે વિધવા સ્ત્રીનો સ્પર્શ થઈ જાય તો, ગૃહસ્થ પુરુષે પ્રાયશ્ચિત્ત તરીકે વસ્ત્રે સહિત સ્નાન કરવું. તેવી રીતે વિધવા સ્ત્રીથી ગૃહસ્થ પુરુષનો અજાણે સ્પર્શ થઈ જાય તો, વિધવા સ્ત્રીએ પ્રાયશ્ચિત્ત તરીકે વસ્ત્રે સહિત સ્નાન કરવું; પરંતુ જાણીબૂઝીને સ્પર્શ થાય-પરસ્પર સ્પર્શ કરે તો વિધવા સ્ત્રી તેમ જ ગૃહસ્થ પુરુષ, એ બંનેએ પ્રાયશ્ચિત્ત તરીકે એકેક

ઉપવાસ કરવો ૭. વળી તે પછી શ્લો. ૧૯ તથા ૨૦માં શ્રીહરિ કહે છેઃ–

**अथ स्पृशेद्यः पुरुषः कामाद् बुद्धया विभर्तृकाम् ।**
**तस्यामि निष्कृतिः प्रोक्ता पूर्ववद् द्विविधैव हि ॥ ८ ॥**
**स्पर्शे जनैरविदिते दिनद्वयमभोजनम् ।**
**विदिते तु यथाशास्त्रं कार्यं चान्द्रायणं व्रतम् ॥ ९ ॥**

ગૃહસ્થ પુરુષ જો જાણીબૂઝીને કામભાવથી વિધવા સ્ત્રીનો સ્પર્શ કરે તો, તેનું પ્રાયશ્ચિત્ત પણ બે પ્રકારનું પ્રથમ કહ્યું તે મુજબ કહેલું છે; એટલે કે જાણીને કામભાવે એકાંતમાં કોઈએ ન જાણ્યો હોય તેવી રીતે, કામભાવે વર્જીત વિધવાનો સ્પર્શ કર્યો હોય તો, પુરુષ બે દિવસ લાગટ ઉપવાસ પ્રાયશ્ચિત્ત તરીકે કરે (અને વિધવા તો કામભાવે વર્જીત છે માટે એક ઉપવાસ કરે.) અને તે સ્પર્શ લોકમાં જાણ પડ્યો હોય તો, તે સ્પર્શ કરનાર પુરુષ, પ્રાયશ્ચિત્ત તરીકે 'ચાન્દ્રાયણ વ્રત' કરે. (અને વિધવા તો કામભાવે વર્જીત છે એટલે, બે ઉપવાસ પ્રાયશ્ચિત્ત તરીકે કરે) ૮-૯. એવી જ રીતે વિધવા સ્ત્રી, કામભાવથી પુરુષનો એકાંતમાં સ્પર્શ કરે તો, તેને પણ પુરુષના તુલ્ય ઉપરોક્ત પ્રાયશ્ચિત્ત કરવું-કરાવવું. તેની વિક્તિ વિધવાધર્મમાં આગળ કહેવાશે.

હવે શ્લો. ૨૧ તથા ૨૨માં શ્રીહરિ કહે છેઃ–

**य एतन्नैव कुर्वीत प्रायश्चित्तं पुमान् कुधीः ।**
**सोऽत्रैवाप्नोत्यपयशो मृत्वा च यमयातनाः ॥ १० ॥**
**ततोऽयुतं स वर्षाणि पिशाचः स्यात्क्षुधाकुलः ।**
**विण्मूत्ररक्तमांसाशी वने धावन्नितस्ततः ॥ ११ ॥**

જે કુબુદ્ધિવાળો પુરુષ, મેં કહ્યું એવું પ્રાયશ્ચિત્ત કરતો નથી તે આ લોકમાં અપયશને પામે છે, ને મરીને નરકના કુંડમાં દુઃખ ભોગવે છે. અને ત્યાર પછી તે પુરુષ, દશહજાર વર્ષપર્યંત ભૂખે કરીને આકુળવ્યાકુળ એવો તથા વિષ્ટા, મૂત્ર, રુધિર,માંસ તેને ખાતો ને ચારેપાસ ભટકતો એવો રાક્ષસ થાય છે ૧૦-૧૧.

## આવશ્યક પ્રસંગ

શ્રીહરિએ સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં, 'આવશ્યક' —અનિવાર્ય પ્રસંગે શું કરવું તેનો નિર્ણય કરેલો છે. તે કહ્યું છેઃ—

**आसन्नसम्बन्धभाजां स्पर्शे जाते नृयोषिताम्[३२] ।**
**आवश्यकत्वादन्योन्यं न दोषो ह्यगतित्वतः ॥ १२ ॥**
**तथा सम्बन्धियोषायाः स्पर्शेऽन्यस्याः क्रयादिषु[३८] ।**
**स्पर्शे च पुरुषस्यापि नास्ति दोषः स्त्रिया यथा ॥ १३ ॥**

સમીપ સંબંધવાળા* સ્ત્રી-પુરુષોને પરસ્પર સ્પર્શ થઈ જાય અને જો સ્પર્શનું આવશ્યકપણું હોય, ને બીજી કોઈ ગતિ ન હોય તો, તે સ્પર્શ દોષને માટે કહ્યો નથી. દૃષ્ટાંત તરીકે, પિતા-સસરા આદિ રહિત વિધવાને, કન્યાદાન સમયે જમાઈનો યાવત્પ્રયોજન સ્પર્શ જે આવશ્યક છે, તેવો સ્પર્શ દોષ માટે થતો નથી. વળી વિધવા પુત્રી અને પોતાના પિતા તેમને પરસ્પર પદાર્થ આપવા-લેવા આદિ, આવશ્યક પ્રસંગમાં બીજી ગતિ ન હોય તો, તે સમયે તે યાવત્પ્રયોજન સ્પર્શ, દોષ માટે કહ્યો નથી ૧૨. વળી જેવી રીતે વિધવા

* સમીપ સંબંધીનું લક્ષણ, આગળ વિધવાના ધર્મમાં કહેવાશે.

સ્ત્રીને સમીપ સંબંધી જનોનો, યાવત્પ્રયોજન પુરુષસ્પર્શ, દોષને માટે થતો નથી; તેવી જ રીતે ગૃહસ્થ પુરુષને પણ, સમીપ સંબંધવાળી વિધવા નારીનો યાવત્પ્રયોજન સ્પર્શ દોષરૂપ નથી. અને વસ્તુઓ વેચાતી લેવી ને વેચાતી આપવી —એ વગેરેમાં તથા જળ-અગ્નિ આદિકના ભય વગેરે પ્રસંગમાં વિધવાને પુરુષસ્પર્શ જેમ દોષરૂપ નથી, તેમ ગૃહસ્થ પુરુષને પણ ઉપરના સંજોગોમાં કામભાવવર્જીત, ઈતર વિધવા સ્ત્રીનો યાવત્પ્રયોજન સ્પર્શ, દોષને માટે થતો નથી ૧૩. ઈતિ શ્લો. ૧૩૫.

## શિ૰ શ્લો૰ ૧૩૬

**मात्रा स्वस्रा दुहित्रा वा विजने तु यवःस्थया ।**
**अनापदि न तैः स्थेयं कार्यं दानं न योषित ॥ १३६ ॥**

**અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવા અવસ્થાએ યુક્ત, એવી જે પોતાની મા, બેન અને દીકરી તે સંગાથે પણ, આપત્કાળ વિના એકાંત સ્થળને વિષે ન રહેવું. અને પોતાની સ્ત્રીનું દાન કોઈને ન કરવું ૧૩૬.**

### માતાદિ સાથે એકાંતસ્થિતિ નિષેધ

'વયઃસ્થયા'-વયઃ એટલે યૌવન, એમ વિશ્વકોશમાં કહેલું છે, એટલે કે યુવા અવસ્થામાં આવેલી; 'मात्रा' જે પોતાની માતા તે સાથે; 'स्वस्रा' જે પોતાની બહેન તે સાથે, તેમ જ 'दुहित्रा' જે પોતાની પુત્રી તે સાથે, 'विजने' કહેતાં એકાંતમાં, મારા આશ્રિત પુરુષોએ આપત્કાળ વિના ન રહેવું; જો આપત્કાળ આવે અને બીજી ગતિ ન હોય; અર્થાત્ બીજે ક્યાંય

જઈ શકાય તેમ ન હોય તો, દેશ તથા કાળને અનુસરીને પોતાને જેટલું પ્રયોજન હોય તેટલો જ પ્રસંગ રાખવો. કદાચ એકાંત સ્થળ ન હોય તો પણ, યુવાન સ્ત્રીનું દર્શન જ શૃંગારરસનું ઉત્તેજક હોઈ, એકાંતમાં મનનો ક્ષોભ થવાનો અવશ્ય સંભવ છે; માટે વિદ્વાનોએ અને વિવેકીઓએ પણ એવો પ્રસંગ પાડવો નહિ.

તે, શ્રીમદ્ ભાગવત સ્કં. ૭, અ. ૧૨માં કહ્યું છેઃ—

**नन्वग्निः प्रमदा नाम धृतकुम्भसमः पुमान्[१] ।**
**सुतामपि रहो जह्यादन्यथा यावदर्थकृत् ॥ १ ॥**

સ્ત્રી ખરેખર અગ્નિ તુલ્ય છે ને પુરુષ, ઘીના ઘડા સમાન છે; માટે પોતાની પુત્રી સાથે પણ એકાંતમાં ન રહેવું. અને કદાચ એકાંતમાં રહેવાનું આવશ્યક થઈ પડે ને બીજી ગતિ ન હોય તો, પ્રયોજન પૂરતું જ રહેવું ૧. વળી શ્રી. ભા. સ્કં., ૯, અ. ૧૯માં પણ કહ્યું છેઃ—

**मात्रा स्वस्रा दुहित्रा वा नाविविक्तासनो भवेत्[१७] ।**
**बलवानिन्द्रियग्रामो विद्वांसमपि कर्षति ॥ २ ॥**

માતા, બહેન તથા પુત્રીની સાથે એકાંતમાં આસન કરવું નહિ; કેમ કે ઇંદ્રિયોનો સમૂહ એવો બળવાન છે જે, વિદ્વાનોને પણ વિષય તરફ ખેંચી જઈને, પરાભવ પમાડે છે ૨.

શ્રીહરિએ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૪૨માં પણ કહ્યું છેઃ—

**शंभुर्नापत्पराभूतिं विषं पीत्वाऽपि मृत्युदम्[१७] ।**
**सोऽपि शामयितुं तीव्रं कामक्ष्वेडं न चाशकत् ॥ ३ ॥**

મૃત્યુ પમાડનારા ઝેરનું પાન કરીને પણ શંકર પરાભવ

પામ્યા નહિ; આવા સમર્થ શંકર પણ, તીવ્ર કામરૂપી વિષને શાંત કરવા માટે સમર્થ થયા નહિ ૩. વળી તે પછી શ્લો. ૨૧માં કહ્યું છેઃ—

**भूरि तीव्रतपोनिष्ठान् महर्षींश्चाप्यरण्यगान् ।**
**योऽपातयद्धि तपसस्तीरात्पूर इव द्रुमान् ॥ ४ ॥**

અતિશય તીવ્ર તપમાં નિષ્ઠાવાન અને અરણ્યમાં રહેનારા એવા મહર્ષિઓને પણ, જેમ નદીનું પૂર કાંઠાનાં વૃક્ષોને ઉખેડી નાખે છે તેમ, કામદેવ પાડી નાખે છે ૪. વળી શ્લો. ૨૭માં કહ્યું છેઃ—

**पद्मासनोऽपि कामेन व्याकुलात्मा निजात्मजाम् ।**
**दृष्ट्वा सरस्वतीं मोहं प्राप निन्दां च दुर्दशाम् ॥ ५ ॥**

પદ્માસનધારી પિતામહ બ્રહ્માજી પણ, કામથી વ્યાકુળ મનવાળા થઈ, પોતાની પુત્રી સરસ્વતીને જોઈને મોહથી દુર્દશા અને નિંદાને પામ્યા ૫.

વળી શ્રીહરિ સ. જી. પ્ર. ૫, અ. ૮માં કહે છેઃ—

**मात्रा स्वस्रा दुहित्रापि न सहोपविशेद्रहः**[૪૨] **।**
**यावदर्थं व्यवहरेदन्यत्रापि विचक्षणः ॥ ६ ॥**

ધર્મનિપુણ ગૃહીજન, પોતાની માતા, બહેન કે દીકરીની સાથે પણ એકાંત સ્થળમાં ન જ બેસે. વળી એકાંત ન હોય તો પણ વિચક્ષણ એવો ગૃહસ્થ પુરુષ યાવત્પ્રયોજન જ તેમની સાથે વ્યવહાર રાખે ૬. તેમ જ શ્લો. ૪૩માં શ્રીહરિ કહે છેઃ—

**स्त्रीणां प्रसंगस्त्विह मानवानां स्त्रैणस्य चाप्यस्ति हि बन्धहेतुः**[૪૩] **।**
**ततो विवेकी द्विविधं तमुज्झेत्सज्जेत सत्स्वच्युतवल्लभेषु ॥ ७ ॥**

હે શિવરામ વિપ્ર! આ લોકમાં સ્ત્રીઓનો પ્રસંગ જેમ બંધનકારી છે, તેમ જ સ્ત્રીલંપટ જનોનો પ્રસંગ પણ માનવોને 'બંધહેતુ' અર્થાત્ બંધનકારી છે. તે માટે વિવેકી પુરુષ તે બંનેના પ્રસંગનો ત્યાગ કરી, ભગવાનને બહુ વહાલા એવા સંતોને વિષે આસક્ત થાય ૭.

## ગૃહસ્થાશ્રમપ્રવેશ – ધર્મ

શ્રીજીમહારાજ, સ. જી. પ્ર. ૫, અ. ૮માં, શિવરામ વિપ્ર પ્રત્યે ગૃહસ્થાશ્રમીના ધર્મો આ પ્રમાણે કહે છેઃ–

**उद्वहेत्स ततो भार्यां सवर्णां साधुलक्षणाम्[६] ।**
**जनेतुरसगोत्रां च मातुरप्यसपिण्डकाम् ॥ ८ ॥**
**कृत्वाऽपि भार्यां कामेन यथेष्टाचरणे द्विजः[२२] ।**
**क्वापि नैव प्रवर्तेत मर्यादां पालयन्हरेः ॥ ९ ॥**

મંદ વૈરાગ્યવાળો એવો દ્વિજ, સ્ત્રીનું 'પાણિગ્રહણ' કરી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરે. તે, જે સ્ત્રી સમાનજાતિની હોય તેને જ પરણે; કારણ કે તેવી સ્ત્રી સાથે જ શ્રૌત-સ્માર્ત કર્મમાં તેનો અધિકાર છે. વળી સારાં લક્ષણવાળી (ને વયોવર્ષની સંખ્યાથી પોતા થકી નાની વયની) તથા પિતા અને માતાના સપિંડસંબંધ વિનાનીને પરણે ૮. મંદ વૈરાગ્યવાળા દ્વિજપુરુષે, સ્ત્રી સાથે 'પાણિગ્રહણ' કર્યા પછી પણ, કામાસક્તિથી મનસ્વીપણે ક્યારેય વિષયભોગમાં પ્રવર્તવું નહિ; પરંતુ પરમાત્માએ જે શાસ્ત્રમર્યાદા બાંધી છે તેનું પાલન કરવું ૯. વળી તે પછી શ્લો. ૨૩ તથા ૨૪માં શ્રીહરિ કહે છેઃ–

**ऋतुकालेऽभिगमनं गृहस्थस्य श्रुतिर्जगौ ।**
**स षोडशनिशारूप ऋतुप्राप्तिदिनान्मत ॥ १० ॥**

**युग्माः पुत्रार्थिनस्तत्र शस्ताः कन्यार्थिनो परा ।**
**उत्तरामुत्तरां श्रेष्ठां प्राहुस्तत्रापि शर्वरीम् ॥ ११ ॥**

ગૃહસ્થ, ઋતુકાળમાં સ્ત્રીસમાગમ કરે. 'ऋतौ भार्या-मुपेयात्' એમ શ્રુતિવચન છે. તે ઋતુકાળ, ઋતુપ્રાપ્તિદિવસ થકી સોળ રાત્રીરૂપ માન્યો છે ૧૦. હવે તે સોળ રાત્રીઓમાં પણ 'યુગ્મ' કહેતાં ષષ્ઠી, અષ્ટમી આદિક સમસંખ્યાક-બેકી રાત્રીઓ, પુત્રાર્થી માટે શ્રેષ્ઠ કહી છે. 'અયુગ્મ' એટલે પંચમી, સપ્તમી આદિક વિષયસંખ્યાક —એકી રાત્રીઓ તો કન્યાર્થી માટે શ્રેષ્ઠ માની છે. તે યુગ્મ*-અયુગ્મ+રાત્રીઓમાં પણ, ઉત્તરોત્તર આગળ-આગળ વર્તતી રાત્રીઓ શ્રેષ્ઠ છે. આ સ્થળે 'નિશા' પદ ગ્રહણ કર્યું છે તેથી રાત્રીએ જ ઉપસંગમન-મૈથુન જણાવ્યું છે; કારણ કે દિવસે મૈથુનનો નિષેધ કરેલો છે ૧૧. વળી તે જ પ્રકરણ, ને તે જ અધ્યાયના શ્લો. ૨૫ તથા ૨૬માં શ્રીહરિ કહે છેઃ—

**वर्ज्यास्तत्रापि यत्नेन तिथ्यादीञ्छृणु सत्तम ।**
**आद्याश्चतस्त्रो यामिन्यो दिवसश्च निरन्तरम् ॥ १२ ॥**
**श्राद्धाहः श्राद्धपूर्वाहः पर्वाणि निखिलानि च ।**
**दशमी द्वादशी चैव संक्रान्तिव्रतवासराः ॥ १३ ॥**

હે સત્તમ! તે સોળ રાત્રીઓમાં પણ પ્રયત્નથી વર્જવા યોગ્ય, એવી તિથ્યાદિકને તમે સાંભળોઃ 'आद्यः' કહેતાં, ઋતુદર્શનરાત્રી થકી આરંભી, સોળ રાત્રીમાંહેલી પ્રથમની ચાર રાત્રીઓ, શ્રાદ્ધદિન તથા શ્રાદ્ધદિનની પહેલાંનો દિવસ, અમાવસ્યા, પૂર્ણિમા —આદિ સર્વ પર્વો,

* બેકી. + એકી.

દશમી, દ્વાદશી, વ્રતદિન, સંક્રમણદિન (સંક્રાન્તિ),—આ સર્વ તિથિઓ સ્ત્રીસંગમાં વર્જ્ય છે; દિવસે સ્ત્રીસંગ તો સદા વર્જ્ય જ છે ૧૨-૧૩.

## ભાર્યાદાન નિષેધ

વળી તે ગૃહસ્થાશ્રમી તેમણે પોતાની સ્ત્રીનું દાન કોઈને કરવું નહિ; એટલે પોતાની પત્ની કોઈને દાનમાં આપવી નહી; કેમ કે તેમાં પત્નીના પતિવ્રતાપણાનો ભંગ થવાથી પતિને મોટું પાપ લાગે છે, તેથી પોતાની સ્ત્રીનું દાન ક્યારેય ન કરવું.

તે સ્કંદપુરાણ કાશીખંડ અ. ૪૦માં કહ્યું છેઃ—

**...। अन्वये सति सर्वस्वं दारांश्च शरणागतान्**[६३] **॥ १४ ॥**
**...। यो ददाति स मूढात्मा प्रायश्चितैविशुद्ध्यति**[६४] **॥ १५ ॥**

જે મૂઢમનુષ્ય પોતાને વસ્તાર હોય છતાં, પોતાની સમગ્ર મિલકતનું દાન કરે છે, તથા જે પોતાની સ્ત્રીનું અને શરણે આવેલાઓનું દાન કરે છે, તે પ્રાયશ્ચિત્તને યોગ્ય થાય છે અને તે જ્યારે પ્રાયશ્ચિત્ત કરે છે, ત્યારે શુદ્ધ થાય છે ૧૪-૧૫.

## ગૃહસ્થાશ્રમોચિત અન્ય ધર્મોપદેશ વગેરે

શ્રીહરિએ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૪૩માં કહ્યું છેઃ—

**स्वप्ने यथेक्ष्यमाणेषु दारागारसुतादिषु**[५] **।**
**स्वापादेवोत्थितो मर्त्यः संगं मुञ्चति सर्वथा ॥ १६ ॥**
**स तथा सत्प्रसंगेन स्त्रीपुत्रात्मधनादिषु**[६] **।**
**स्वयं वियुज्यमानेषु जह्यात्संगं शनैः शनैः ॥ १७ ॥**

મનુષ્ય, જેમ સ્વપ્નમાં જોયેલાં સ્ત્રી, પુત્ર, ઘર વગેરેની આસક્તિનો, સ્વપ્નમાંથી જાગ્રત થયા પછી સર્વપ્રકારે ત્યાગ કરે છે, તેવી રીતે ગૃહસ્થ હરિભક્ત, સત્પુરુષોના પ્રસંગથી, સ્ત્રી, પુત્ર તથા ધન વગેરે અંતે દૂર થવાનાં છે એવું સમજી, વૈરાગ્ય પામી ધીમે-ધીમે તેમાં રહેલી આસક્તિનો ત્યાગ કરે. ૧૬-૧૭. વળી તે પછી શ્લો. ૭માં પણ કહ્યું છેઃ—

**देहं गेहं स्वयं विद्वान्यावदर्थमुपाश्रयेत् ।**
**विरक्तो रक्तवत्तत्र क्रियाः कुर्याद् गृहोचिताः ॥ १८ ॥**

વિદ્વાન ગૃહસ્થ, દેહ તથા ઘરનો જેટલો ઉપયોગ હોય તેટલાં જ; અર્થાત્, દેહનિર્વાહ પૂરતો જ તેનો આશ્રય કરે. આવો ભક્ત સ્વયં વૈરાગ્યવાળો હોવા છતાં પણ, દેહગેહમાં જાણે અન્ય પ્રાકૃત મનુષ્યો આસક્ત હોય તેની માફક, તે, ગૃહસ્થાશ્રમને ઉચિત એવી સર્વે ક્રિયાઓ કરે છે, પરંતુ વસ્તુતઃ તે વિરક્ત હોય છે ૧૮. વળી શ્લો. ૧૦માં કહે છેઃ—

**पूर्येतैवोदरं यावत्सत्त्वं तावद्वपुर्भृताम् ।**
**यो मन्यतेऽधिकं तस्मात्सोऽस्ति मन्दमतिर्नर ॥ १९ ॥**

જેટલા અન્નથી ઉદરપોષણ થાય તેટલું જ અન્ન શરીરધારીઓ માટે ઉપયોગનું છે; તેથી અધિક અન્ન -ઉપાર્જનમાં જે આસક્ત છે તે મનુષ્ય મંદબુદ્ધિવાળો છે ૧૯. વળી શ્લો. ૧૫ તથા ૧૬માં શ્રીહરિ કહે છેઃ—

**जायन्ते स्वतनुस्वेदाद् यथा यूकादिजन्तवः ।**
**उत्पद्यन्ते ह्यपत्यानि तथा शुक्रात्स्ववर्ष्मणः ॥ २० ॥**
**तस्मात्कर्मवशत्वेन स्वस्मात् प्राप्तेषु संभवम् ।**
**गृहस्थः स्वेषु पुत्रेषु प्रीतिं यूकादिवत् त्यजेत् ॥ २१ ॥**

જેમ પોતાના શરીરના પરસેવાથી, જૂ, માકણ વગેરે ઉત્પન્ન થાય છે તેમ પોતાના શરીરના વીર્યથી પુત્ર-પુત્રીઓ ઉત્પન્ન થાય છે. માટે કર્મસંબંધથી ઉત્પન્ન થયેલા પોતાના પુત્રોમાં ગૃહસ્થ ભક્ત, જૂ, માકણ વગેરેમાં જેમ પ્રીતિ કરતો નથી તેમ પ્રીતિ ન કરે; અર્થાત્ તેમાં આસક્ત ન થાય ૨૦-૨૧. વળી શ્લો. ૩૧માં કહ્યું છેઃ–

**दारात्मजाप्तबन्धूनां संयोगः पान्थ संगमः ।**
**नश्यन्त्यनुशरीरं ते स्वप्नो निद्रानुगो यथा ॥ २२ ॥**

સ્ત્રી, પુત્રો, આપ્ત પુરુષો તથા સગાં-સંબંધીઓનો સંયોગ, પાણી પીવાની પરબમાં જેમ વટેમાર્ગુઓનો મેળાપ થાય છે તેની પેઠે છે; જેમ નિદ્રામાં આવતાં સ્વપ્ન; અર્થાત્, નિદ્રામાં દેખાયેલ સ્વપ્નસૃષ્ટિ તથા સ્વપ્નસૃષ્ટિના ભોગ, તે જ્યારે જાગ્રત અવસ્થામાં આવે છે ત્યારે નાશ પામેલા જણાય છે, તેમ સ્ત્રી-પુત્રાદિક સર્વે, પોતાનું શરીર નાશ પામે ત્યારે નાશ પામે છે; અર્થાત્, જીવાત્માની સાથે જતાં નથી, માટે સ્ત્રી-પુત્રાદિક પણ સ્વપ્નસૃષ્ટિ તુલ્ય મિથ્યા માનવાં ૨૨. વળી શ્લો. ૩૯ તથા ૪૦માં શ્રીહરિ કહે છેઃ–

**अहो बालात्मजा भार्या वृद्धौ मे पितरौ सुताः ।**
**अनाथा मां विना दीना जीवेयुर्दुःखिताः कथम् ॥ २३ ॥**
**इत्थं तद्वासनाक्षिप्तमानसो मूढधीर्गृही ।**
**चिन्तयंस्तानतृप्तोऽन्धं तमो मृत्वा विशेत्स्वयम् ॥ २४ ॥**

અહો! બાળકોવાળી મારી ભાર્યા, વૃદ્ધ માતા-પિતા તથા અનાથ એવા દીન પુત્રો, તે મારા વિના દુઃખી થઈ કેવી રીતે જીવી શકશે? આ પ્રમાણે સ્ત્રી આદિકની વાસનાથી

વિક્ષેપયુક્ત મનવાળો, મૂઢબુદ્ધિવાળો તથા તૃષ્ણાવાળો ગૃહસ્થાશ્રમી પુરુષ, તે સર્વેનું આસક્તિથી ચિંતવન કરતો-કરતો પોતે 'અંધતમ' નરકને પામે છે ૨૩-૨૪.

હવે શ્રીહરિ, અનુક્રમે શ્લો. ૩૨ તથા ૨૬માં એવા સ્નેહપાશથી છૂટવાનો ઉપાય બતાવે છેઃ—

**वसन् गेहेष्वतिथिवन्निर्ममो निरहंकृतिः ।**
**सत्प्रसंगपरो गेहैर्नानुबध्येत सन्मतिः ॥ २५ ॥**
**श्रीवासुदेवसेवायां दारान् पुत्रांस्तथा श्रितान् ।**
**नियुञ्ज्यात्तां स्वयं कुर्यान्मनोवागादिभिर्गृही ॥ २६ ॥**

રૂડી બુદ્ધિવાળો ગૃહસ્થાશ્રમી પુરુષ, પોતાના ઘરમાં અતિથિની માફક રહે; મમતા તથા અહંકાર રહિત એવો તે ગૃહસ્થાશ્રમી ભક્તજન, સત્પુરુષોના પ્રસંગપરાયણ રહે. આવી રીતનો ગૃહસ્થાશ્રમી તે બંધાતો નથી ૨૫. વળી તે ગૃહસ્થ ભક્ત, 'શ્રી વાસુદેવ' એટલે સર્વમાં વાસ કરીને રહેલો એવો હું સહજાનંદ સ્વામી, તે મારી સેવામાં પોતાનાં સ્ત્રી, પુત્ર તથા આશ્રિતોને જોડી દઈને, પોતે તેવી મારી સેવા, મન, વાણી અને દેહથી કરે ૨૬. વળી શ્રીહરિ એ જ ગ્રંથ ને એ જ સ્કંધના અ. ૪૪માં કહે છેઃ—

**यस्य चित्ते तु संकल्पः स्त्रीपुत्रादेर्न विद्यते**[५८] **।**
**यस्तु मोक्षे सदा युक्तो मुक्त एव स कीर्तितः ॥ २७ ॥**

જેના ચિત્તમાં સ્ત્રી-પુત્રાદિકનો સંકલ્પ થતો નથી ને જે હંમેશાં મોક્ષમાર્ગમાં સ્થિતપ્રજ્ઞ હોય છે, તે મુક્ત છે એમ કહ્યું છે ૨૭. અ. ૪૨માં પણ શ્રીહરિ કહે છેઃ—

**ज्ञानान्वितानां युक्तानां शास्त्रज्ञानां कृतात्मनाम्[६०] ।**
**न तेषु सज्जते स्नेहः पद्मपत्रेष्विवोदकम् ॥ २८ ॥**

આત્મા-અનાત્માનો વિચાર જેમણે સમ્યક્પ્રકારે કર્યો છે એવા સ્થિતપ્રજ્ઞ શાસ્ત્ર જાણનારા જ્ઞાનીપુરુષો, જે સર્વપ્રકારે કૃતાર્થ થયેલા છે તેઓ સ્ત્રીપુત્રાદિમાં બંધાતા નથી; જેમ કમળનાં પાંદડાં જળથી નિર્લેપ રહે છે તેમ તેને સંસાર લેપ કરતો નથી ૨૮. ઇતિ શ્લો. ૧૩૬.

## શિ૦ શ્લો૦ ૧૩૭

**प्रसङ्गो व्यवहारेण यस्याः केनापि भूपतेः ।**
**भवेत्तस्याः स्त्रीयाः कार्यः प्रसङ्गो नैव सर्वथा ॥ १३७ ॥**

**અને જે સ્ત્રીને કોઈ પ્રકારના વ્યવહારે કરીને રાજાનો પ્રસંગ હોય, તેવી સ્ત્રીનો જે પ્રસંગ, તે કોઈ પ્રકારે પણ ન કરવો ૧૩૭.**

### વ્યાવહારિક નીતિ

શ્રીહરિ કહે છેઃ જે સ્ત્રીને 'રાજાનો પ્રસંગ હોય' એટલે કે રાજાનું 'અંતઃપુર' જે રાણીનિવાસસ્થાન તેમાં જવું —એ વગેરેનો સંબંધ હોય તેવી સ્ત્રીનો પ્રસંગ ન કરવો; અર્થાત્ તેવી સ્ત્રીની સમીપે રહેવાનો કે સંભાષણનો સંબંધ કોઈ પણ પ્રકારે રાખવો નહિ. વળી શ્લોકમાં 'સર્વથા' એવું પદ છે માટે આપત્કાળમાં પણ તેવો પ્રસંગ ન રાખવો એમ જાણવું. ઇતિ શ્લો. ૧૩૭.

## શિ૦ શ્લો૦ ૧૩૮

**अन्नाद्यैः शक्तितोऽभ्यर्च्यो ह्यतिथिस्तैर्गृहागतः ।**
**दैवं पित्र्यं यथाशक्ति कर्तव्यं च यथोचितम् ॥ १३८ ॥**

**અને તે ગૃહસ્થાશ્રમી તેમણે, પોતાને ઘેર આવ્યો એવો જે અતિથિ તેને પોતાના સામર્થ્ય પ્રમાણે અન્નાદિકે કરીને પૂજવો. અને વળી હોમાદિક જે દેવકર્મ અને શ્રાદ્ધાદિક જે પિતૃકર્મ તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાવિધિ જેમ ઘટે તેમ કરવું ૧૩૮.**

### અતિથિ – પૂજનવિષય

વળી તે ગૃહસ્થોએ પોતાને ઘેર આવેલો ‘અતિથિ’ એટલે ‘न विद्यते तिथिर्द्वादश्यादिर्नियता यस्येत्यतिथिः’ જેને, ગૃહસ્થને ઘેર આવવામાં બારસ, પૂર્ણિમા વગેરે કોઈ તિથિ નક્કી નથી તેનું નામ અતિથિ; અને નક્કી કરેલ તિથિએ, ગૃહસ્થને ઘેર આવનાર ‘અભ્યાગત’ કહેવાય છે. ‘અતિથિ’ શબ્દ, ભિક્ષુકમાત્રને વિષે પ્રવર્તે છે. ધર્મભિક્ષુકનાં લક્ષણ, સ્કંદપુરાણ કાશીખંડ અ. ૩૫માં આ પ્રમાણે કહેલાં છેઃ—

**अध्वगः क्षीणवृत्तिश्च विद्यार्थी गुरुपोषकः[२०५] ।**
**यतिश्च ब्रह्मचारी च षडेते धर्मभिक्षुकाः ॥ १ ॥**

માર્ગે ચાલનાર[૧], જેની વૃત્તિ દુર્બળ થઈ ગઈ હોય તે[૨], વિદ્યાર્થી[૩], ગુરુપોષક[૪], યતિ[૫], અને બ્રહ્મચારી[૬] —એ છ ધર્મભિક્ષુકો, અર્થાત્ અતિથિઓ જાણવા ૧. તેમને શક્તિ પ્રમાણે અન્નજળાદિથી અભિવાદનપૂર્વક સંતોષ પમાડવો —એ ગૃહસ્થનો ધર્મ છે. જેને અતિથિપૂજન કર્યું છે તેણે શ્રીહરિનું પૂજન કર્યું છે —એમ જાણવું, આવું પરાશરનું વચન છે.

કાશીખંડમાં અતિથિપૂજનનું ફળ ગોદાન સમાન કહેલું છે; શત્રુ હોય તેમ છતાં જો તે, પોતાને ઘેર અતિથિ થઈને આવ્યો હોય, તો તેનું પણ પૂજન કરવું —એવું મહાભારતના શાંતિપર્વના આપદ્ધર્મમાં કહેલું છે.

### હોમાદિક દેવકર્મ તથા શ્રાદ્ધાદિક પિતૃકર્મ

અને તે ગૃહસ્થાશ્રમી તેમણે 'दैवं' એટલે દેવ સંબંધી; કહેતાં, બ્રહ્માદિક દેવતાનું તર્પણ કરવું; અર્થાત્ વૈશ્વદેવાદિ દેવકર્મ કરવાં. તેમ જ પિતૃકર્મ જે શ્રાદ્ધાદિ કર્મ, તે પણ યથાશક્તિ તથા યથોચિત કરવાં.

શ્રીજીમહારાજે આ શ્લોકમાં હોમાદિક દેવકર્મ તથા શ્રાદ્ધાદિક પિતૃકર્મ કરવાનું કહ્યું તે યથાસ્થિત છે; કેમ કે વર્ણાશ્રમધર્મ જો શ્રીહરિની આજ્ઞાથી એમની પ્રસન્નતાર્થે પાળવામાં આવે તો, એ ભાગવતધર્મ જ છે. માટે ભાગવત ધર્મને આશર્યો હોય તેમણે તો, એનાં એ વર્ણાશ્રમ સંબંધી શુભ કર્મ, ભગવાનની આજ્ઞાથી ભગવાનની પ્રસન્નતાને અર્થે કરવા. ઈતિ શ્લો. ૧૩૮.

## શિ૦ શ્લો૦ ૧૩૯

**यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।**
**रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकैः ॥ १३९ ॥**

**અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમને માતા, પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે કોઈ મનુષ્ય તેમની જે સેવા, તે જીવનપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી.**

## માતા, પિતા તથા ગુરુ – સેવાની આજ્ઞા

શ્રીહરિ કહે છેઃ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ સ્વામિનારાયણ ભગવાન હું, તે મારા આશ્રિત ગૃહસ્થોએ 'मातुः' એટલે પોતાને જન્મ આપનાર માતાની અગર સાવકીમાતાની; 'पितुः' એટલે પોતાને જન્મ આપનાર પિતાની; અને 'गुरोः' પોતાના આચાર્યની તથા પોતાને અધ્યાત્મ જ્ઞાન આપનાર ગુરુની સેવા, 'यावज्जीवं' અર્થાત્ જીવનના અંત સુધી, શક્તિ પ્રમાણે કરવી. તે, મનુસ્મૃતિ અ. ૨માં કહ્યું છેઃ–

**यं मातापितरौ क्लेशं सहेते सम्भवे नृणाम्[२२७] ।**
**न तस्य निष्कृतिः शक्या वक्तुं वर्षशतैरपि ॥ १ ॥**
**तयोर्नित्यं प्रियं कुर्यादाचार्यस्य च सर्वदा[२२८] ।**
**तेष्वेव त्रिषु तुष्टेषु तपः सर्वं समाप्यते ॥ २ ॥**
**तेषां त्रयाणां शुश्रुषा परमं तप उच्यते[२२९] ॥ ३ ॥**
**त एव हि त्रयो वेदास्त एवोक्तास्त्रयोऽग्नयः[२३०] ॥ ४ ॥**

બાળકને ગર્ભમાં ધારણ કર્યા પછી માતાપિતા જે ક્લેશ સહન કરે છે તેનો બદલો તો, સેંકડો વર્ષે પણ વાળી શકાય તેમ નથી ૧. માટે તેમનું તથા 'આચાર્યનું'-દીક્ષાગુરુ તથા જ્ઞાનપ્રદ ગુરુનું સર્વદા પ્રિય કરવું; એ ત્રણેને જે રાજી કરે તેણે તપમાત્રનું આચરણ કર્યું છે એમ જાણવું ૨. એ ત્રણેની સેવા –એ જ મોટું તપ કહેલું છે ૩. માટે માતા, પિતા અને ગુરુ એ ત્રણે તો, ત્રણ વેદ છે અને એમને જ ત્રણ અગ્નિ કહેલા છે; અર્થાત્ પિતાને ગાર્હપત્ય અગ્નિ કહેલા છે, માતાને દક્ષિણાગ્નિ કહેલ છે અને આચાર્ય-ગુરુને આહવનીય અગ્નિ કહેલ છે ૪.

વળી શ્રીહરિએ હરીગીતા-સ. જી. પ્ર. ૧, અ. ૩૩માં કહ્યું છેઃ—

**यथाकालं पोष्यवर्गं पोषयेन्न तु पीडयेत्[३२] ।**
**अन्नाम्बुवस्त्रैरतिथिं तोषयेत्सर्वदा गृही ॥ ५ ॥**
**नित्यं कुर्यात्सतां सङ्गं भक्तिं च नवधा हरेः[३३] ।**
**कुसंगं नैव कुर्वीत गृहासक्तिं च मूढवत् ॥ ६ ॥**

પોષ્યવર્ગ જે માતા, પિતા, પત્ની, પુત્ર, ગુરુ, દાસ-દાસી વગેરેને સમયે-સમયે અન્નવસ્ત્રાદિકથી, ગૃહસ્થાશ્રમી, યથાસંભવ પોષણ કરે પણ તેમને પીડા પમાડે નહિ. તેમ જ અતિથિને સર્વ સમયમાં અન્ન, જળ, વસ્ત્ર વગેરે વડે સંતોષ પમાડે ૫. વળી પૂર્વોક્ત લક્ષણવાળા સાધુઓનો સમાગમ કરે, તથા ભગવાનની શ્રવણાદિક નવધા ભક્તિ કરે; પરંતુ ક્યારેય કુસંગ તો ન જ કરે. તેમ જ મૂઢવત્, ઘરમાં આસક્તિ કરે નહિ; અર્થાત્ મરતાં સુધી ઘરમાંથી નહિ વૈરાગ્ય પામતાં પશુની પેઠે કેવળ વિષયાસક્તિને ન જ કરે ૬.

## રોગીની સેવા

શ્રીહરિ કહે છેઃ વળી મારા આશ્રિતોએ રોગથી પીડાતા એવા મનુષ્યની પણ યથાશક્તિ સેવા કરવી. 'રોગ' શબ્દમાં હથિયારના ઘાની વેદનાથી પીડાતો હોય તેનો પણ સમાવેષ થાય છે.

તે પરાશરસ્મૃતિમાં કહ્યું છેઃ—

**रोगाग्निशस्त्राद्यार्तस्य प्राणिनो दययाऽन्वहम् ।**
**कार्या सेवा यथाशक्ति भैषज्यान्नोदकादिभिः ॥ ७ ॥**

રોગ, અગ્નિ અને શસ્ત્ર વગેરેથી પીડાયેલા મનુષ્યો પર

દયા લાવી, દરરોજ યથાશક્તિ ઔષધ, અન્ન તથા જળ ઇત્યાદિ વડે તેમની સેવા કરવી ૭. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અ. ૧માં પણ કહ્યું છેઃ—

**श्रान्तसंवाहनं रोगिपरिचर्या सुरार्चनम्[२०९] ।**
**पादशौचं द्विजोच्छिष्टमार्जनं गोप्रदानवत् ॥ ८ ॥**

થાકેલાની સેવા કરીને તેને થાકે રહિત કરવો[૧], રોગીની પરિચર્યા કરવી[૨], દેવનું પૂજન કરવું[૩], બ્રાહ્મણના પગ ધોવા[૪], ને તેમના ઉચ્છિષ્ટ પાત્ર સાફ કરવાં[૫] —આ પાંચ પ્રકારની ક્રિયાથી, ગાયોનું દાન આપે ને જે પુણ્ય થાય તેટલું પુણ્ય થાય છે ૮. ઇતિ શ્લો. ૧૩૯.

## શિ૦ શ્લો૦ ૧૪૦

**यथाशक्त्युद्यमः कार्यो निजवर्णाश्रमोचितः ।**
**मुष्कच्छेदो न कर्तव्यो वृषस्य कृषिवृत्तिभिः ॥ १४० ॥**

**અને વળી પોતાના વર્ણાશ્રમને ઘટિત એવો જે ઉદ્યમ, તે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવો. અને કૃષિવૃત્તિવાળા જે ગૃહસ્થ સત્સંગી તેમણે બળદિયાના વૃષણનો ઉચ્છેદ ન કરવો ૧૪૦.**

### ઉદ્યમ કરવાની આજ્ઞા

શ્રીહરિ કહે છેઃ મારા આશ્રિતોએ પોતાના 'વર્ણ અને આશ્રમ'ને ઉચિત એવો ઉદ્યમ યથાશક્તિ કરવો. હવે 'વર્ણ' જે બ્રાહ્મણાદિ ને 'આશ્રમ' એટલે, આ શ્લોકમાં એક ગૃહસ્થાશ્રમ જ, તેને અનુરૂપ 'ઉદ્યમ' જે પોતપોતાની વૃત્તિને અનુસરીને ધન કમાવું તે. અને 'યથાશક્તિ' કહેતાં, પોતાથી

અધિક બળવાળા, તેમ જ પોતાથી ઓછા બળવાળા અન્ય પુરુષનો વાદ ન લેતાં, પોતાના સામર્થ્ય મુજબ ઉદ્યમ કરવો; કારણ કે નિરુદ્યમી રહેવાથી, અર્થપ્રાપ્તિ ન થતાં મહાસંકટ આવી પડે અને લોકોમાં હાંસીપાત્ર થવાનો તથા માનભંગ થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, ને છેવટે મૂંઝાઈને આપઘાત કરવા સુધીનો અનર્થપ્રસંગ ઉપસ્થિત થવા પામે.

તે વિદુરનીતિ અ. ૩૩માં કહ્યું છેઃ—

**यथाशक्ति चिकीर्षन्ति यथाशक्ति च कुर्वते[२६]।**
**न किञ्चिदवमन्यन्ते नराः पण्डितबुद्धयः॥ १ ॥**

વિવેકપૂર્ણ બુદ્ધિવાળા પુરુષો, પોતાની શક્તિ અનુસાર કાર્ય કરવાની ઈચ્છા રાખે છે ને યથાશક્તિ કાર્ય કરે પણ છે, અને કોઈ પણ વસ્તુને તુચ્છ સમજી તેની અવહેલના કરતા નથી ૧. વળી એ જ અધ્યાયમાં કહે છેઃ—

**नाप्राप्यमभिवाञ्छन्ति नष्टं नेच्छन्ति शोचितुम्[२८]।**
**आपत्सु च न मुह्यन्ति नराः पण्डितबुद्धयः॥ २ ॥**

વિવેકબુદ્ધીવાળા પંડિતો, ન પ્રાપ્ત થઈ શકે એવી દુર્લભ વસ્તુની ઈચ્છા કરતા નથી, ખોવાઈ ગયેલી વસ્તુનો શોક કરતા નથી અને આપત્તિકાળમાં પણ મૂંઝાતા નથી.૨.

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્માનુશાસન પર્વ, અ. ૨૯૧માં વળી કહ્યું છેઃ—

**कृतानि यानि कर्माणि दैवतैर्मुनिभिस्तथा[१७]।**
**नाचरेत्तानि धर्मात्मा श्रुत्वा चापि न कुत्सयेत्॥ ३ ॥**
**सञ्चिन्त्य मनसा राजन् विदित्वा शक्यमात्मनः[१८]।**
**करोति यः शुभं कर्म स वै भद्राणि पश्यति॥ ४ ॥**

દેવતા અને મુનિઓએ કરેલ જે અધર્માચરણ, તેનું આચરણ ધર્માત્મા એવો પુરુષ તે ન કરે. અને તેવા આચરણને સાંભળીને તેની નિંદા પણ કરે નહિ ૩. હે રાજન્! મનમાં વિચાર કરીને, તેમ જ અમુક કાર્ય કરવું શક્ય છે કે નહિ તે બરાબર સમજીને, જે પુરુષ શુભ કર્મ કરે છે તે પુરુષનું કલ્યાણ થાય છે ૪. વળી લઘુચાણક્યનું પણ વચન છેઃ—

**अनुचितकर्मारम्भः स्वजनविरोधो बलियसि स्पर्धा ।**
**प्रमदाजनविश्वासो मृत्योर्द्वाराणि चत्वारि ॥ ५ ॥**

ઉચિત નહિ તેવા કાર્યનો આરંભ, સ્વજન સાથે વિરોધ, બળવાનની સાથે સ્પર્ધા અને સ્ત્રીજનનો વિશ્વાસ કરવો —એ ચારેય મૃત્યુના દ્વાર છે; અર્થાત્ એવો અનર્થકર ઉદ્યમ ન કરવો; શુભકર જ ઉદ્યમ કરવો ૫.

શ્રીહરિએ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૪૧માં, ઉદ્યમ કરીને ધન કમાવું તેમાં પણ આ વિવેક બતાવ્યો છેઃ—

**यथा यथा धनं मर्त्यः प्राप्नोति स्वेप्सितं भृशम्[१७] ।**
**लोभस्तथा तथा वह्निः सर्पिषेव विवर्धते ॥ ६ ॥**
**सप्तसागरपर्यन्तां यो भुंक्ते क्ष्मां नरेश्वरः[३१] ।**
**काञ्चनाद्रिमपि प्राप्तः कृतार्थः सोऽपि न ध्रुवम् ॥ ७ ॥**

મનુષ્ય, પોતાને ઇચ્છિત ધન, જેમ-જેમ પુષ્કળ પ્રમાણમાં પામે છે, તેમ-તેમ ઘીથી જેમ અગ્નિ વૃદ્ધિ પામે છે તેમ તેનો દ્રવ્યલોભ વિશેષ વૃદ્ધિ પામે છે ૬. સાત સમુદ્રપર્યંત પૃથ્વીનું રાજ્ય કોઈ રાજા ભોગવતો હોય, તેને જો સુવર્ણનો પર્વત પ્રાપ્ત થાય તો પણ તે પોતાને નિશ્ચે, પૂર્ણ ન માને ૭. માટે તૃષ્ણાનો ત્યાગ કરી, ઘટિત હોય તેટલો જ ઉદ્યમ કરવો.

## પરલોક સંબંધી ઉદ્યમ

મૂળશ્લોકમાં જે 'ઉદ્યમ' શબ્દ છે તે માત્ર વ્યાવહારિક ઐહિક સુખ માટેનો છે –એમ ન સમજવું; પરંતુ દેહ પડ્યા પછી, પરલોકમાં પોતાના જીવાત્માનું શ્રેય થાય એવો ઉદ્યમ પણ સમજવાનો છે. તે વિદુરનીતિ અ. ૩૫માં કહ્યું છે:–

**दिवसेनैव तत्कुर्याद्येन रात्रौ सुखं वसेत्[६७] ।**
**अष्टमासैश्च तत्कुर्याद्येन वर्षाः सुखं वसेत् ॥ ८ ॥**
**पूर्वे वयसि तत्कुर्याद्येन वृद्धः सुखं वसेत्[६८] ।**
**यावज्जीवेन तत्कुर्याद्येन प्रेत्य सुखं वसेत् ॥ ९ ॥**

આખો દિવસ એવું કામ કરવું કે જેથી રાત્રે સુખેથી ઉંઘ આવે તેમ જ સંકલ્પ રહિત ધ્યાન, ભજન થઈ શકે. આઠ મહિના એવું કામ કરવું કે ચોમાસાના ચાર મહિનામાં ધ્યાન, ભજન, સત્સંગ વગેરે, પોતાના આત્માના શ્રેયનું કાર્ય સુખેથી કરી શકાય ૮. વળી પૂર્વ અવસ્થામાં એવું કામ કરવું કે વૃદ્ધાવસ્થા સુખમાં જાય. અને જીવતાં સુધી એવું કામ કરવું કે મરીને સુખે રહેવાય; અર્થાત્, પરમાત્માના સુખે સુખી થવાય ૯.

## બલિવર્દના વૃષણઉચ્છેદનો નિષેધ

'कृपिवृत्तिभिः = कृषिरूपा वृत्तिर्येषां तैः, वैश्यवृत्त्या जीवद्भिर्ब्राह्मणैरितरवर्णैश्च ।'

'કૃષિવૃત્તિવાળા' એટલે જેઓ ખેતીથી પોતાનો નિર્વાહ કરતા હોય તેવા બ્રાહ્મણોએ, તેમ જ બ્રાહ્મણ સિવાયના બીજા વર્ણનાઓએ પણ, આખલાના વૃષણનો ઉચ્છેદ ન કરવો.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫-અમદાવાદ પ્રત, અ. ૧૬માં કહ્યું છે:–

**वृषाणां वृषणछेदं कुर्याद्वा कारयेच्च यः[२६] ।**
**वंशोच्छेदो भवेत्तस्य पुंसो नास्त्यत्र संशय ॥ १० ॥**

જે પુરુષ બળદિયાના વૃષણનો ઉચ્છેદ કરે છે અથવા બીજા પાસે કરાવે છે, તે પુરુષના વંશનો નિશ્ચે, વિનાશ થાય છે તેમાં શંકા નથી ૧૦. વળી સ. જી. પ્ર. ૫, અ. ૧૫માં શ્રીહરિએ કહ્યું છે:—

**हीनाङ्गं दुर्बलं श्रान्तं रोगिणं क्षुधितं तथा[१०] ।**
**कृशाङ्गं स्थविरं चान्धमनड्वाहं न वाहयेत् ॥ ११ ॥**
**स्थिराङ्गं नीरुजं तृप्तं साण्ड षण्ढत्ववर्जितम्[११] ।**
**पुष्टाङ्गं सबलं मत्तं वृषभं वाहयेद्विजः ॥ १२ ॥**

'હીન અંગવાળો' જે ખોડો-લૂલો, થોડા બળવાળો, થાકી ગયેલો, રોગાતુર, ક્ષુધાતુર, દુર્બળ શરીરવાળો, વૃદ્ધ અને અંધ —આવા બળદને ખેતીમાં જોડે નહિ; પરંતુ 'દૃઢ અંગવાળો' અર્થાત્ કોઈ અંગે વિકળ નહિ તેવો, રોગ રહિત, ઘાસ-જળાદિથી તૃપ્તિને પામેલો, વૃષણોચ્છેદે વર્જીત, નપુંસક નહિ તેવો, પુષ્ટ અવયવવાળો, બલિષ્ઠ (થાકેલો નહિ તેવો) અને યુવાનીના મદ વડે મત્ત —આવા વૃષભને દ્વિજ, ખેતીમાં જોડે ૧૧-૧૨. ઇતિ. શ્લો. ૧૪૦.

## શિ૦ શ્લો૦ ૧૪૧

**यथाशक्ति यथाकालं संग्रहोऽन्नधनस्य तैः ।**
**यावद्व्ययं च कर्तव्यः पशुमद्भिस्तृणस्य च ॥ १४१ ॥**

**અને તે ગૃહસ્થ સત્સંગી તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે, સમયને અનુસરીને જેટલો પોતાના ઘરમાં વરો હોય, તેટલા**

**અન્નદ્રવ્યનો સંગ્રહ જે તે કરવો અને જેના ઘરમાં પશુ હોય —એવા જે ગૃહસ્થ, તેમણે પોતાના સામર્થ્ય પ્રમાણે ચાર-પુળાનો સંગ્રહ કરવો ૧૪૧.**

## અન્ન-દ્રવ્યના સંગ્રહની માહિતી

વળી તે ગૃહસ્થોએ 'यावद्व्ययं' એટલે, પોતાના કુટુંબ-પરિવારનું પાલનપોષણ કરવામાં જેટલા પ્રમાણમાં વરો હોય, અર્થાત્ દર વર્ષે જેટલી વપરાશ હોય તે પ્રમાણે; 'अन्नधन' —'અન્ન' જે ડાંગેર આદિનો અને 'ધન'-રૂપિયા વગેરે; તેનો 'સંગ્રહ' જે સંચય; તે 'યથાશક્તિ' એટલે પોતાના સામર્થ્યને અનુસરીને; 'યથાકાલ' કહેતાં, યોગ્ય સમયે જ; અર્થાત્ જે સમયે જે અન્ન ખળામાં વેચાતું હોય તે વખતે જ, તે અન્નનો સંગ્રહ કરવો; નહિતર પાછળથી અન્ન મોંઘું થવાથી દ્રવ્યનો વધારે વ્યય થવાનો સંભવ રહે છે. એ જ પ્રકારે યોગ્ય ખર્ચ કરતાં બાકી રહે તેવા, ધર્મથી પ્રાપ્ત થયેલ દ્રવ્યનો સંગ્રહ કરી રાખવો.

## ચારપુળાનો સંગ્રહ વગેરે

'पशुमद्भिः' એટલે જેમને ઘેર પશુઓ હોય તેમણે, ઘાસનો-ચારપુળાનો સંગ્રહ કરવો. તે પણ જ્યારે સસ્તું વેચાતું હોય ત્યારે લઈ લેવું. આ બધું, ગૃહસ્થોના હંમેશના અનુભવનો વિષય હોઈ, તેમાં પ્રમાણની જરૂરિયાત નથી.

પોતાને જેટલો વરો હોય-જેટલી જરૂરિયાત હોય તેટલા અન્ન, ધન, વસ્ત્ર વગેરેનો સંગ્રહ કરવાનું શ્રીજીમહારાજે આ શ્લોકમાં વિધાન કર્યું; તેમાં પણ શ્રીહરિએ સ. જી. પ્ર. ૧,

અ. ૩૩માં વિવેક બતાવ્યો છે કેઃ–

**नातिलोभी नातिकामी नातिक्रोधी न मत्सरी[५२] ।**
**नातिमानी भवेत्क्वापि दयां कुर्वीत देहिषु ॥ १ ॥**

ગૃહસ્થ, ક્યારેય પણ **'અતિલોભી'** ન થાય; –જોકે ગૃહસ્થ, ઘરકુટુંબાદિકને નાશવંત જાણતો હોય, તથાપિ પોતાના પોષ્યવર્ગના પોષણરૂપ અન્નવસ્ત્રાદિકનો શાસ્ત્રવિહિત લોભ રાખે; પરંતુ ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરીને પ્રવર્તતો, એવો લોભ ક્યારેય ન જ કરે. તથા **'અતિકામી'** ન થાય –એટલે ધર્મપ્રજાની ઉત્પત્તિપ્રયોજન-પૂરતો કામ, ગૃહસ્થને અપેક્ષિત છે; પરંતુ તેનાથી વિપરીત પ્રવૃત્તિવાળો કામ તો અતિકામમાં ગણાય છે માટે તેનો ત્યાગ કરે. **'અતિક્રોધી'** ન થાય –એટલે ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરનારા તથા તે મર્યાદાને તોડી પાડનારા એવા દુર્જનોના નિગ્રહમાં; અર્થાત્ તેમને અટકાવવામાં ઉપયોગી એવો ક્રોધ-પુણ્યપ્રકોપ તો, કામની પેઠે ગૃહસ્થને ઉચિત છે; પરંતુ બીજાને પીડા પમાડવારૂપ ધર્મવિરુદ્ધ એવો ક્રોધ તો ત્યાજ્ય છે. **'અતિમત્સરી'** ન થાય –એટલે બીજાનો ઉત્કર્ષ દેખીને તેના જેવા ગુણ ગ્રહણ કરવાની ઈચ્છા રાખવી; પરંતુ સામાનો દ્રોહ થાય એવા મત્સરનો તો સર્વથા ત્યાગ કરવો. તેમ જ **'અતિમાની'** ન થાય –એટલે હું બ્રાહ્મણ છું, હું ક્ષત્રિય છું તે મારે મારા ધર્મનું પાલન તો અવશ્ય કરવું જ જોઈએ, એવી રીતે ધર્મમાર્ગમાં પ્રવર્તનરૂપ પ્રયોજનવશાત્ જે માન, તે તો અત્યંત અપેક્ષિત છે; પરંતુ મારાથી આ કનિષ્ઠ છે; હું ઉત્કૃષ્ઠ છું –એમ માની, પરનું અપમાન કરવારૂપ જે પ્રવર્તન તે તો અતિમાન કહેવાય, ને તે સર્વથા ત્યાજ્ય છે.

વળી શ્રીહરિ કહે છેઃ જીવપ્રાણીમાત્ર ઉપર યથાશક્તિ યથાયોગ્ય દયા રાખવી ૧. ઈતિ શ્લો. ૧૪૧.

## શિ૰ શ્લો૰ ૧૪૨

**गवादीनां पशूनां च तृणतोयादिभिर्यदि ।**
**सम्भावनं भवेत्स्वेन रक्ष्यास्ते तर्हि नान्यथा ॥ १४२ ॥**

**અને ગાય, બળદ, ભેંસ, ઘોડા આદિક જે પશુ, તેમની તૃણ-જળાદિકે કરીને પોતાવતે જો સંભાવના થાય, તો તે પશુને રાખવાં અને જો સંભાવના ન થાય તો ન રાખવાં.**

### પશુ રાખવાની વિક્તિ

'गवादीनां' એટલે ગાય, ઘોડો, ભેંસ, એ આદિ પશુઓની ઘાસ-પાણી વગેરેથી દરરોજ, સમય-સમય પ્રમાણે જો, પોતાથી સંભાવના થાય તો જ તે પશુઓ પોતાને ઘેર રાખવાં; જો એવી સંભાવના ન થાય તો પોતાને ઘેર રાખવાં નહિ; પરંતુ જે સારી રીતે પાલન કરી શકે એમ હોય તેને આપી દેવાં.

ધર્મશાસ્ત્રમાં પણ તે સંબંધમાં કહ્યું છેઃ—

**क्षुधातृषातीव्रदंशविषमस्थानसीदताम् ।**
**पशुनामेव निःश्वासैर्ऋद्धिः सर्वा विनश्यति ॥ १ ॥**
**तृषिता पशवो बद्धाः कन्या चापि रजस्वला ।**
**देवताश्च सनिर्माल्या घ्नन्ति पुण्यं पुरा कृतम् ॥ २ ॥**

ભૂખ-તરસ, તીવ્ર દંશ તથા વિષમસ્થાનથી પીડાતાં એવાં પશુઓના નિસાસાથી, સર્વે સમૃદ્ધિ નાશ પામે છે ૧.

ખીલે બાંધી રાખેલાં તરસ્યાં પશુઓ, પિતાના ઘરમાં રજસ્વલા થયેલી કન્યા અને જે દેવની પ્રતિમાને સુગંધી વિનાનાં પુષ્પ ચડાવાતાં હોય તેવા દેવનાં દર્શન —આ સર્વે, 'પૂર્વે કરેલા' અર્થાત્ સંચય કરેલા પુણ્યનો નાશ કરે છે ૨.

પશુની સંભાવના કેવી રીતે કરવી તેનો વિસ્તાર, વૃદ્ધ —પરાશર સ્મૃતિમાંથી જાણી લેવો. ઈતિ શ્લો. ૧૪૨.

## શિ૦ શ્લો૦ ૧૪૩

**ससाक्ष्यमन्तरा लेखं पुत्रमित्रादिनाऽपि च ।**
**भूवित्तदानादानाभ्यां व्यवहार्यं न कर्हिचित् ॥ १४३ ॥**

**અને સાક્ષીએ સહિત લખત કર્યા વિના તો, પોતાના પુત્ર અને મિત્રાદિક સાથે પણ, પૃથ્વી ને ધનના લેણદેણે કરીને વ્યવહાર જે તે, ક્યારેય ન કરવો ૧૪૩.**

### લખત – રહિત વ્યવહાર નિષેધ

સાક્ષીનું કર્મ તેને સાક્ષ્ય-સાખ કહેવાય. તે સહિત —લખી આપનાર તથા લખી લેનારની હાજરીમાં 'લેખ' જે લખાણ (પરસ્પર સહી-દસ્કતે યુક્ત તેમ જ સાક્ષીઓની સહીવાળું લખાણ) તે કર્યા વિના 'પુત્ર તથા મિત્રાદિ' કહેતાં પુત્ર, મિત્ર તથા બીજાં સગાં-સંબંધીઓની સાથે પણ, 'भूवित्तदानादानाभ्यां' 'ભૂ' જે ખેતર તથા ઘર વગેરે જમીન; અને 'વિત્ત' જે રૂપિયા-દાગીના વગેરે દ્રવ્ય; તે આપવામાં તથા લેવામાં મારા આશ્રિત ગૃહસ્થોએ, કોઈની સાથે સાક્ષીએ

સહિત લખત કર્યા વિના કોઈ પણ જાતનો વ્યવહાર ન કરવો; પ્રથમ, સાક્ષીએ સહિત લેખ કર્યા પછી જ 'આપ-લે' કરવી એવો અર્થ છે.

## સાક્ષી તથા લેખકનું લક્ષણ

સાક્ષીઓનાં લક્ષણ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિના બીજા અધ્યાયમાં આ પ્રમાણે કહેલાં છેઃ—

**तपस्विनो दानशीलाः कुलीनाः सत्यवादिनः[६८]।**
**धर्मप्रधाना ऋजवः पुत्रवन्तो धनान्विताः ॥ १ ॥**
**त्र्यवराः साक्षिणो ज्ञेयाः श्रौतस्मार्तक्रियापराः[६९]।**
**यथाजाति यथावर्णं सर्वे सर्वेषु वा स्मृताः ॥ २ ॥**

સાક્ષી કેવા હોય તો, તપસ્વી, દાન આપવાના સ્વભાવવાળા, કુલિન, સત્યવાદી, ધર્મ જેને મુખ્ય હોય એવા, સરળ સ્વભાવવાળા, પુત્રવાળા, ધનવાળા, ત્રણથી ઓછા, શ્રૌત તથા સ્માર્ત કર્મપરાયણ, જેની સાક્ષી પૂરવાની હોય તેની જાતિના તેમ જ વર્ણના, એવાં લક્ષણે યુક્ત હોય તેવા સાક્ષી હોવા જોઈએ ૧-૨.

હવે લઘુચાણક્ય, **'લેખકનું'** લક્ષણ કહે છેઃ—

**मेधावी वाक्पटुर्धीरो लघुहस्तः स्फुटाक्षरः।**
**राजनीतिप्रवीणश्च भवेल्लेख्यस्य लेखकः ॥ ३ ॥**

બુદ્ધિમાન, બોલવામાં ચતુર, ધીર, જલદી લખનારો, સ્ફૂટ, અક્ષરવાળો તથા રાજનીતિમાં પ્રવીણ —આવા ગુણવાળો હોય તેવા લેખક જોઈએ ૩. ઈતિ શ્લો. ૧૪૩.

## શિ૦ શ્લો૦ ૧૪૪

**कार्ये वैवाहिके स्वस्यान्यस्य वार्प्यधनस्य तु ।
भाषाबन्धो न कर्तव्यः ससाक्ष्यं लेखमन्तरा ॥ १४४ ॥**

**અને પોતાનું અથવા બીજાનું જે વિવાહ સંબંધી કાર્ય તેને વિષે આપવા યોગ્ય જે ધન, તેનું સાક્ષીએ સહિત લખત કર્યા વિના કેવળ બોલી જ ન કરવી ૧૪૪.**

### ધન દેવામાં સાક્ષીપણું

'स्वस्य' એટલે પોતાનું અને 'अन्यस्य' એટલે બીજાનું; 'वैवाहिके कार्ये' અર્થાત્ વિવાહ સંબંધી જે કાર્ય, તેમાં આપવાનું જે ધન વગેરે-તે સંબંધમાં; સાક્ષીએ સહિત લખત કર્યા વિના, મારા આશ્રિતોએ વ્યવહાર ન કરવો. આવા કાર્યમાં પણ પ્રથમ, સાક્ષીએ સહિત લેખ કરાવીને પછી વિવાહનો નિશ્ચય કરવો; નહિતર પરસ્પર મોટો ક્લેશ થવાનો સંભવ રહે છે. ઇતિ શ્લો. ૧૪૪.

## શિ૦ શ્લો૦ ૧૪૫

**आयद्रव्यानुसारेण व्ययः कार्यो हि सर्वदा ।
अन्यथा तु महद्दुःखं भवेदित्यवधार्यताम् ॥ १४५ ॥**

**અને પોતાની ઉપજનું જે દ્રવ્ય તેને અનુસારે નિરંતર ખર્ચ કરવો પણ તે ઉપરાંત ન કરવો; અને જે ઉપજ કરતાં વધારે ખર્ચ કરે છે તેને મોટું દુઃખ થાય છે —એમ સર્વે ગૃહસ્થોએ મનમાં જાણવું ૧૪૫.**

## ઉપજ પ્રમાણે ખર્ચ

'आयद्रव्यः' એટલે ઉપજમાં જે દ્રવ્ય આવતું હોય, તેને 'અનુસારે' કહેતાં, તેનું અનુસંધાન રાખીને દ્રવ્ય વાપરવું; અર્થાત્ પોતાને દ્રવ્યની જેટલી આવક હોય તે પ્રમાણે ખર્ચ કરવું, પરંતુ જરૂરી હોય તેથી અલ્પ વ્યય કરી, કંજુસાઈ ન કરવી, તેમ જ અતિ વ્યય કરીને દેવું થઈ જાય તેમ પણ કરવું નહિ; નહિતર જો દ્રવ્યની આવકનું અનુસંધાન રાખ્યા વિના જ મનમાં આવે તેમ ખર્ચ કરવામાંડે, તો મોટું દુઃખ થાય છે. શું? તો, જેનું દ્રવ્ય કે જેની વસ્તુ લાવ્યા હોઈએ તે પાછાં નહિ આપવાથી, તે લેણદાર જે ઉપદ્રવ કરે તે સહન થઈ શકતો નથી. આથી ગૃહસ્થોએ પોતાની આવક કરતાં થોડુંક ઓછું ખર્ચ કરવું —એવો તેમાં ભાવ છે. 'हि' એટલે નિશ્ચે; તેમાં સંશય રાખવો નહિ.

વળી આ સંબંધમાં વૃદ્ધચાણક્યે કહ્યું છેઃ—

**इदमेव परं दाक्ष्यमायादल्पतरो व्ययः ॥ १ ॥**
**आगमे यस्य चत्वारि निर्गमे पञ्च वापि षट् ।**
**स विस्तृतव्ययो नूनं धर्मभ्रष्टो भवेद् द्रुतम् ॥ २ ॥**

આવક કરતાં ખર્ચ ઘણું ઓછું રાખવું —એ જ ડહાપણ છે ૧. જેને આવક ચારની હોય પણ ખર્ચ, પાંચ કે છનું રાખે તે વિશેષ ખર્ચવાળો મનુષ્ય કહેવાય; અને એવો મનુષ્ય અવશ્ય ધર્મથી ભ્રષ્ટ થાય છે ૨. કામંદકનીતિશાસ્ત્રમાં પણ કહ્યું છેઃ—

**यतस्तत उपानीय व्ययं कुर्वन्ति भूरि ये।**
**धनिकोपद्रवे जाते विषमश्नन्ति ते ततः ॥ ३ ॥**

મનુષ્યો, અહીંતહીંથી લાવીને મોટું ખર્ચ તો કરે છે,

પરંતુ જ્યારે લેણદારો ઉપદ્રવ કરે છે ત્યારે તેને ઝેર ખાઈ ને મરવાનો વખત આવે છે ૩. ઈતિ શ્લો. ૧૪૫.

## શિ૦ શ્લો૦ ૧૪૬

**द्रव्यस्यायो भवेद्यावान् व्ययो वा व्यावहारिके ।**
**तौ संस्मृत्य स्वयं लेख्यौ स्वक्षरैः प्रतिवासरम् ॥ १४६ ॥**

**અને પોતાના વ્યવહારકાર્યને વિષે જેટલા ધનની ઉપજ હોય, તથા જેટલો ખરચ હોય, તે બેયને સંભારીને નિત્યપ્રત્યે, રૂડા અક્ષરે કરીને પોતે તેનું નામું લખવું ૧૪૬.**

### નામું રાખવાની વિક્તિ

'व्यावहारिके' એટલે પોતાનાં સઘળાં વહેવારનાં કાર્યોમાં; 'द्रव्यस्य' જે રૂપિયા વગેરે ધન તેનું જેટલા પ્રમાણમાં ઉપજ અને ખર્ચ હોય તે બંને; 'प्रतिवासरम्' એટલે જે-જે દિવસે ખર્ચ તથા ઉપજ થયા હોય, તે સ્મરણમાં રાખી, તે-તે દિવસે જ મારા આશ્રિત ગૃહસ્થોએ સારા અક્ષરોથી 'स्वयं' અર્થાત્, પોતાના જ હાથે તેનું નામું લખવું; કારણ કે બીજાની પાસે લખાવવાથી ધૂતારાઓ ઠગી જવાનો ભય રહે છે.

તે, નીતિશાસ્ત્રમાં રાજધર્મની ટીકામાં કહ્યું છેઃ—

**न यस्य लेखो लेखो वा भवेत्सन्दिग्धवर्णकः ।**
**धूर्ताः कृतकलेखास्तं बाधित्वा गृह्णते धनम् ॥ १ ॥**

જે પુરુષની પાસે લેખ-લખાણ-દસ્તાવેજ ન હોય અને જેનો લેખ સંશયયુક્ત અક્ષરોવાળો હોય, તે પુરુષને બનાવટી દસ્તાવેજ કરનારા ધૂતારાઓ, બાધ પમાડીને તેનું

ધન પડાવી લે છે ૧.

મૂળશ્લોકમાં, જેમ વ્યવહારમાં આવકજાવકનું નામું રાખવાનું કહ્યું, તેમ મોક્ષમાર્ગમાં પણ નામું રાખવું; એટલે જ્ઞાન-ભક્તિ આદિકનો સરવાળો વિચાર્યા કરવો.

તે ગઢડા પ્રથમ પ્ર. ના ૩૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છેઃ– 'જે સત્સંગી હોય તેણે, જ્યાંથી પોતાને સત્સંગ થયો હોય ત્યાંથી પોતાના મનનો તપાસ કરવો જે, પ્રથમના વર્ષમાં મારું મન આવું હતું ને પછી આવું હતું, ને આટલી ભગવાનની વાસના હતી ને આટલી જગતની હતી, –એમ વર્ષોવર્ષનો સરવાળો વિચાર્યા કરવો.' ઇતિ શ્લો. ૧૪૬.

## શિ૦ શ્લો૦ ૧૪૭

**निजवृत्त्युद्यमप्राप्त धनधान्यादितश्च तैः ।**
**अर्प्यो दशांश कृष्णाय विंशोंऽशस्त्विह दुर्बलैः ॥ १४७ ॥**

**અને તે ગૃહસ્થાશ્રમી સત્સંગી તેમણે પોતાની જે વૃત્તિ અને ઉદ્યમ તે થકી પામ્યું જે ધનધાન્યાદિક, તે થકી દશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો; અને જે વ્યવહારે દુર્બળ હોય તેમણે વીશમો ભાગ અર્પણ કરવો ૧૪૭.**

### દશાંશ-વિશાંશ વિભાગપરિચય

પોતાની 'વૃત્તિ' એટલે જેનાથી જીવન ચાલે તેવી ગરાસની જમીન વગેરે તથા યાજનાદિ જીવિકાવૃત્તિ; અને 'ઉદ્યમ' કહેતાં પોતપોતાના ધર્મમાં વિરોધ ન આવે –એવી રીતે જે વિશેષ ધન મેળવવા માટે કરેલ વ્યાપારાદિ; તેમાંથી

જે ધન-ધાન્ય મળે તે. તેમાં 'ધન' એટલે રૂપિયા વગેરે અને 'ધાન્ય' જે ડાંગેર વગેરે. 'આદિ' શબ્દ છે માટે કપાસ વગેરે પણ સમજવો. વળી 'ચ'કાર છે માટે ઘાસ વગેરેનો સમુચ્ચય પણ જાણવો. તેમાંથી દશમો ભાગ 'कृष्णाय अर्प्यः' કહેતાં પોતાના ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુનાં મંદિર પ્રત્યે જઈને અર્પણ કરવો. અને આ લોકમાં જેમની સ્થિતિ દુર્બળ હોય; એટલે કે જેમની ઉપજ થોડી અને અનિવાર્ય ખર્ચ વધારે હોય તેવા મનુષ્યોએ વીશમો ભાગ અર્પણ કરવો; જો આ પ્રમાણે અર્પણ ન કરે તો દ્રવ્યની શુદ્ધિ ન થાય.

## દ્રવ્યાદિકની શુદ્ધિ તથા પાત્રતા

શ્રીમદ્ ભાગવત દશમસ્કંધ અ. ૫માં કહ્યું છેઃ—

**कालेन स्नानशौचाभ्यां संस्कारैस्तपसेज्यया[४] ।**
**शुद्ध्यन्ति दानैः सन्तुष्ट्या द्रव्याण्यात्माऽऽत्मविद्यया ॥ १ ॥**

પૃથ્વી વગેરે પદાર્થની શુદ્ધિ, કાળે કરીને થાય છે; સ્નાનથી, દેહાદિકની શુદ્ધિ થાય છે; શૌચથી, વિષ્ટા આદિ અમેધ્યના લેપની શુદ્ધિ થાય છે; ગર્ભાદિકની શુદ્ધિ સંસ્કારથી થાય છે; ઇંદ્રિયોની શુદ્ધિ તપથી, બ્રાહ્મણોની શુદ્ધિ યજ્ઞથી, દ્રવ્યની શુદ્ધિ દાનથી, મનની શુદ્ધિ સંતોષથી ને આત્માની શુદ્ધિ 'આત્મજ્ઞાનથી'-બ્રહ્મવિદ્યાથી થાય છે ૧. વળી 'શુદ્ધિ-વિવેક'માં પણ કહ્યું છેઃ— 'धनं शुद्ध्यति दानेन...।' ધનની શુદ્ધિ દાને કરીને થાય છે.

હવે 'પાત્રતા'નું નિરૂપણ કરવામાં આવે છે. તે શ્રી. ભા. સપ્તમ સ્કંધ અ. ૧૪માં નારદજીએ કહ્યું છેઃ—

**पात्रं त्वत्र निरुक्तं वै कविभिः पात्रवित्तमैः[३४] ।**
**हरिरेवैक उर्वीश! यन्मयं वै चराचरम् ॥ २ ॥**

હે યુધિષ્ઠિર રાજન્! સુપાત્રોને ઓળખનારા મોટા વિદ્વાનોએ, એક 'હરિને જ'-ભગવાનને જ પાત્ર ગણેલા છે; કારણ કે આ ચરાચર વિશ્વ 'ભગવાનરૂપ છે'-ભગવાન પોતાની અંતર્યામી શક્તિ વડે સર્વ વિશ્વમાં વ્યાપીને રહ્યા છે ૨.

આ હેતુથી દેવનો ભાગ કાઢવામાં ન આવે; એટલે કે ચોખ્ખો ધર્માદો આપવામાં ન આવે તો, ધર્માદો કાઢ્યા વગરના અપવિત્ર દ્રવ્યના સેવનથી ઉત્પન્ન થયેલી બુધ્ગિની જાડ્યતા, તે ભક્તિ, ધર્મ અને જ્ઞાનનો નાશ કરી નાખે છે. અને તેથી પ્રારબ્ધાદિજન્ય દુઃખની નિવૃત્તિ થતી નથી; માટે પોતાની વૃત્તિમાંથી, તથા ઉદ્યમથી પ્રાપ્ત થયેલ દ્રવ્યમાંથી દશમો-વીશમો ભાગ પોતાના ઈષ્ટદેવને અર્પણ કરવો. ઈતિ શ્લો. ૧૪૭.

## શિ૰ શ્લો૰ ૧૪૮

**एकादशीमुखानां च व्रतानां निजशक्तितः ।**
**उद्यापनं यथाशास्त्रं कर्तव्यं चिन्तितार्थदम् ॥ १४८ ॥**

**અને એકાદશી આદિક જે વ્રત તેમનું જે ઉદ્યાપન તે જે તે, પોતાના સામર્થ્ય પ્રમાણે યથાશાસ્ત્ર કરવું, તે ઉદ્યાપન કેવું છે તો મનવાંછિત ફળને આપનારું છે ૧૪૮.**

### એકાદશી આદિ વ્રતનું ઉદ્યાપન

શ્રીહરિ કહે છેઃ એકાદશી છે મુખ્ય જેમાં એવાં વ્રતોનું

ઉદ્યાપન, 'चिन्तितार्थदम्' એટલે પોતે ઇચ્છેલા ફળને આપનારું છે. હવે તે ઉદ્યાપન કેવી રીતે કરવું? તો ગાય-સુવર્ણ વગેરેનું દાન, હોમ, બ્રહ્મભોજન તથા સાધુભોજન તેણે સહિત 'સર્વતોભદ્રમંડળ'માં પોતાના ઇષ્ટદેવની મહાપૂજા કરવી. તે મહાપૂજા વગેરે ઉદ્યાપનનો વિધિ 'यथाशास्त्रम्' અર્થાત્ શાસ્ત્રમાં જે વિધિ કહ્યો છે તેને અનુસાર પોતાની શક્તિ પ્રમાણે કરવો. જો એ પ્રમાણે ઉદ્યાપન ન કરે તો તે-તે વ્રતના સંપૂર્ણ ફળની પ્રાપ્તિ થતી નથી.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૩, અ. ૩૪માં કહ્યું છેઃ—

**उद्यापनं विना नैव व्रतं हि फलदं भवेत्[१] ।**
**तस्मात्प्रयत्नतः कार्यमेकादश्या व्रतस्य तत् ॥ १ ॥**
**महापूजा प्रकर्तव्या विप्रसन्तर्पणं तथा[३] ।**
**शक्त्या स्वर्णं च गौर्देया सामान्योद्यापनं त्विति ॥ २ ॥**

હે ભક્તજનો! કોઈ પણ વ્રત, ઉદ્યાપનના અનુષ્ઠાન સિવાય ફળ આપનારું થતું નથી; માટે તે એકાદશીવ્રતનું ઉદ્યાપન પ્રયત્નથી કરવું ૧. તેમાં સામાન્ય ઉદ્યાપનમાં યથાશક્તિ સુવર્ણદાન, ગોદાન, સાધુ-વિપ્રનું ભોજનાદિથી સંતર્પણ અને મહાપૂજા કરવાં ૨.

વળી નંદીપુરાણમાં પણ કહ્યું છેઃ—

**आदौ मध्येऽथवाऽप्यन्ते व्रतस्योद्यापनं चरेत् ।**
**उद्यापनं विना यत्तु तद्व्रतं न फलप्रदम् ॥ ३ ॥**
**यत्र चोद्यापनं नोक्तं व्रतानुगुणतश्चरेत् ।**
**महापूजां भगवतः कुर्याद्विप्रांश्च भोजयेत् ।**
**गां चैव काञ्चनं दद्याद् व्रतस्य परिपूर्तये ॥ ४ ॥**

વ્રતનું ઉદ્યાપન, વ્રતના આરંભમાં, મધ્યમાં અથવા અંતમાં કરવું. ઉદ્યાપન વિના તો, તે વ્રત, ફળને આપનારું થતું નથી ૩. જેમાં વ્રતને અનુગુણ ઉદ્યાપન કહેલું ન હોય ત્યાં ભગવાનની મહાપૂજા કરવી, તથા સાધુ-બ્રાહ્મણને જમાડવા. અને વ્રતને પરિપૂર્ણ કરવાને માટે ગાય, તથા સુવર્ણનું દાન આપવું ૪. ઇતિ શ્લો. ૧૪૮.

## શિ૦ શ્લો૦ ૧૪૯

**कर्तव्यं कारणीयं वा श्रावणे मासि सर्वथा ।**
**बिल्वपत्रादिभिः प्रीत्या श्रीमहादेवपूजनम् ॥ १४९ ॥**

**અને શ્રાવણ માસને વિષે શ્રીમહાદેવજીનું પૂજન જે તે, બિલ્વપત્રાદિકે કરીને પ્રીતિપૂર્વક સર્વપ્રકારે પોતે કરવું; અથવા બીજા પાસે કરાવવું ૧૪૯.**

### શ્રી મહાદેવ – પૂજન

શ્રીહરિ કહે છેઃ મારા આશ્રિતોએ શ્રાવણમાસમાં, બીલીપત્રાદિ વડે શ્રી મહાદેવજીનું પૂજન આદરપૂર્વક અવશ્ય કરવું, ને જો તેવા પૂજનની અનુકૂળતા ન હોય, તો બ્રાહ્મણ-દ્વારા તે પૂજન અવશ્ય કરાવવું. તે શિવપુરાણમાં કહ્યું છેઃ– શ્રાવણમાસમાં જે, ભક્તિપૂર્વક મહા અભિષેકવિધિથી કોમળ બિલ્વપત્ર વડે શિવપૂજન કરે છે, તેને આ લોક-પરલોકમાં કંઈ અપ્રાપ્ય રહેતું નથી.

પાદ્મપુરાણમાં પણ કહ્યું છેઃ– કાર્તિકમાસમાં કમળથી અથવા તુલસીપત્રથી વિષ્ણુનું પૂજન કરવું ને શ્રાવણમાસમાં

બિલ્વપત્રથી શંકરનું પૂજન કરવું; તેના પત્રે પત્રે નામમંત્રનું ઉચ્ચારણ કરવાપૂર્વક ભક્તિથી તેમનું પૂજન કરવું. આ પ્રમાણે પૂજન કરનાર મનુષ્ય, ભુક્તિ તથા મુક્તિ, બંને પ્રાપ્ત કરે છે. આનો વિસ્તાર 'શ્રાવણમાહાત્મ્ય'માંથી જાણી લેવો.

આ પ્રમાણે પૂજન કરવા જો કોઈ અસમર્થ હોય તો, તેણે શ્રાવણમાસમાં નિયમથી પ્રદોષકાળમાં શિવજીનાં દર્શન કરવાં. આ પ્રમાણે જે કરે છે તેને શિવપૂજનનું ફળ પ્રાપ્ત થાય છે. શ્રીહરિનો આ આદેશ સર્વજીવહિતાવહ છે. ઈતિ શ્લો. ૧૪૯.

## શિ૦ શ્લો૦ ૧૫૦

**स्वाचार्यान्न ऋणं ग्राह्यं श्रीकृष्णस्य च मन्दिरात् ।**
**ताभ्यां स्वव्यवहारार्थं पात्रभूषांशुकादि च ॥ १५० ॥**

**અને પોતાના જે આચાર્ય તે થકી તથા શ્રીકૃષ્ણ ભગવાનનાં જે મંદિર તે થકી કરજ ન કાઢવું. અને વળી તે પોતાના આચાર્ય થકી અને શ્રીકૃષ્ણના મંદિર થકી પોતાના વ્યવહારને અર્થે પાત્ર, ઘરેણાં અને વસ્ત્રાદિક જે વસ્તુ તે માગી લાવવાં નહિ ૫૦.**

### મંદિર તથા આચાર્ય થકી કરજ નિષેધ

આ સંબંધમાં અંગિરામુનિનું વચન છેઃ—

**प्राणापदं विना नैव ऋणं कार्यं हि कस्यचित् ।**
**देवद्रव्यं गुरुद्रव्यं विषवद्दूरतस्त्यजेत् ॥ १ ॥**

પ્રાણની આપત્તિ સિવાય કોઈનું દેવું કરવું નહિ. તેમ જ દેવદ્રવ્ય અને ગુરુદ્રવ્ય —એ ઝેર સમાન માનીને દૂરથી જ તેનો

ત્યાગ કરવો ૧. તે સ. જી. પ્ર. ૫, અ. ૧૮માં પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું છેઃ—

**ब्रह्मस्वमथ देवस्वं प्राणान्तेऽपि न चाहरेत्[६२] ।**
**अधिकं कालकूटाद्धि तद्विषं परिचक्षते ॥ २ ॥**

બ્રાહ્મણનું દ્રવ્ય તથા દેવનું દ્રવ્ય તે, પ્રાણાંતે પણ ન ગ્રહણ કરવું; કારણ કે 'કાલકૂટ' અર્થાત્ હલાહલ ઝેર થકી પણ તેને અધિક ઝેર, શાસ્ત્રમાં માનેલું છે ૨.

## પાત્ર-ઘરેણાં-વસ્ત્રાદિક યાચન નિષેધ

વળી ગૃહસ્થોએ 'પોતાના વ્યવહારને માટે' એટલે કે વિવાહ આદિ કાર્યને માટે; 'पात्र' કહેતાં, ધાતુનાં વાસણો જે પહોળા તાસ, કડૈયાં વગેરે; તથા 'भूषाः' એટલે ઘરેણાં અને 'अंशुकानि' જે વસ્ત્રો, તેમ જ 'આદિ' પદથી વાહન વગેરે પણ સમજી લેવું. તે બધું ભેગું અગર તો છૂટું-છૂટું પણ, પોતાના આચાર્ય અથવા તમારો ઈષ્ટદેવ શ્રીહરિ જે હું, તે મારાં મંદિર થકી (પાછું દેવાની શરતે પણ) ન લેવું; કારણ કે એવી રીતે લેવાથી પણ તેમનું દેવું કર્યા બરાબર થાય છે —એવો ભાવ છે. વળી મૂળશ્લોકમાં 'ચ'કાર છે માટે ઈંટો વગેરે વસ્તુઓ પણ મંદિરમાંથી તથા આચાર્ય પાસેથી માગી લાવવી નહિ.

તે 'પ્રાયશ્ચિત્તમયુખ' નામક ગ્રંથમાં કહ્યું છેઃ—

**इष्टकाकाष्ठाश्मलोहान् देवालयगतान् गृही ।**
**गृह्णीयान्नात्मगेहार्थं गृह्णन्प्राप्नोति यातनाः ॥ ३ ॥**
**देवतायाः गुरोश्चैव ब्राह्मणस्य तपस्विनः ।**
**वस्त्रपात्रधनान्नादि गृहि स्वार्थं न चाचरेत् ॥ ४ ॥**

**परिचर्यारतानां तु तदादानां न दोषकृत् ।**
**प्रसह्य तैः प्रदत्तं तु गृह्णतोऽन्यस्य नाघकृत् ॥ ५ ॥**

ગૃહસ્થોએ પોતાના ઘર માટે દેવાલયનાં ઈંટા, લાકડાં, પથ્થર તથા લોખંડ વગેરે ન લેવાં; જો લે, તો તેને યમયાતના પ્રાપ્ત થાય છે ૩. વળી કહ્યું છેઃ— ગૃહસ્થોએ દેવતા, ગુરુ, બ્રાહ્મણો તથા તપસ્વી પાસેથી વસ્ત્ર, પાત્ર, ધન, અન્ન વગેરે કાંઈ પોતાને માટે માગી લાવવાં નહિ; પરંતુ જો સેવાના બદલામાં એ વસ્તુઓ આપવામાં આવે તો તેનો દોષ લાગતો નથી. તેમ જ તેમણે આગ્રહ કરીને માગ્યા સિવાય પ્રસન્ન થઈને આપ્યું હોય તો તે લેવામાં દોષ નથી; 'આગ્રહ કરીને આપવું' —એટલે કે, પાછું ન લેવાને માટે આપેલું હોય તે ૪-૫. ઈતિ શ્લો. ૧૫૦.

## શિ૦ શ્લો૦ ૧૫૧

**श्रीकृष्णगुरुसाधुनां दर्शनार्थं गतौ पथि ।**
**तत्स्थानेषु च न ग्राह्यं परान्नं निजपुण्यहृत् ॥ १५१ ॥**

**અને શ્રીકૃષ્ણ ભગવાન, તથા પોતાના ગુરુ તથા સાધુ એમનાં દર્શન કરવાને અર્થે ગયેસતે, માર્ગને વિષે પારકું અન્ન ખાવું નહિ; તથા શ્રીકૃષ્ણ ભગવાન તથા પોતાના ગુરુ તથા સાધુ તેમનાં જે સ્થાનક, તેમને વિષે પણ પારકું અન્ન ખાવું નહિ; કેમ જે, તે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરિ લે એવું છે; માટે પોતાની ગાંઠનું ખર્ચ ખાવું.**

### દર્શનાર્થે ગયે સતે પરાન્ન નિષેધ

**'श्रीकृष्णस्य'** – 'स्वाश्रितानां इष्टदेवपूर्णपुरुषोत्तम –

श्रीहरिकृष्णस्य मम ।'

શ્રીહરિ કહે છેઃ જેમના પ્રત્યે આ શિક્ષાપત્રી લખું છું એવા જે શ્રી અયોધ્યાપ્રસાદજી ને શ્રી રઘુવીરજી એ આદિ ધર્મકુળ, તથા મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી ને મુક્તાનંદ આદિ સાધુ તેમ જ મયારામ ભટ્ટ આદિ ગૃહસ્થ હરિભક્ત —ઇત્યાદિ જે અમારા આશ્રિત ભક્તજન; તેમનો ઇષ્ટદેવ **'શ્રીકૃષ્ણ'** એટલે પૂર્ણ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણ ભગવાન જે હું, તે મારાં દર્શનાર્થે ગયેસતે; તેમ જ **'ગુરુ'** કહેતાં, પોતાના આચાર્ય; અને **'સાધુ'** એટલે ત્યાગધર્મમાં પ્રવર્તેલા એવા બ્રહ્મચારી તથા સાધુ; તેમ જ સાધુગુણસંપન્ન સત્સંગી હરિભક્તો —તેમનાં દર્શન માટે જતી વખતે માર્ગમાં, તેમ જ 'તેમના સ્થાનમાં' એટલે સ્વેષ્ટદેવ ભગવન્મંદિર વગેરે સ્થળે, પારકું અન્ન ન લેવું; કેમ કે પારકું અન્ન તો પોતાના પુણ્યને હરી લે એવું કહેલું છે.

તે સ્મૃતિમાં કહ્યું છેઃ—

**यस्यान्नमश्नन् पुरुषस्तीर्थक्षेत्रव्रतानि च ।**
**यज्ञं जपं तपो वापि कुर्यात्तस्यैव तत्फलम् ॥ १ ॥**

જેનું અન્ન ખાઈને પુરુષ તીર્થક્ષેત્ર, વ્રતો, યજ્ઞ, જપ તથા તપ કરે છે તો, તે જેનું અન્ન હોય તેને જ એનું ફળ મળે છે ૧. ઇતિ શ્લો. ૧૫૧.

## શિ૦ શ્લો૦ ૧૫૨

**प्रतिज्ञातं धनं देयं यत्स्यात्तत्कर्मकारिणे ।**
**न गोप्यमृणशुद्ध्यादि व्यवहार्यं न दुर्जनै ॥ १५२ ॥**

**અને પોતાના કામકાજ કરવા તેડ્યા જે મજૂર, તેમને જેટલું ધન અથવા ધાન્ય દીધાનું કહ્યું હોય તે પ્રમાણે જ આપવું; પણ તેમાંથી ઓછું ન આપવું. અને પોતા પાસે કોઈ કરજ માગતો હોય અને તે કરજ દઈ ચૂક્યા હોઈએ તે વાતને છાની ન રાખવી. તથા પોતાનો વંશ તથા કન્યાદાન તે પણ છાનું ન રાખવું. અને દુષ્ટ એવા જે જન તેમની સાથે વ્યવહાર ન કરવો ૧૫૨.**

## કર્મકારીને ધન આપવાની વિક્તિ

આટલા મૂલ્યમાં આટલું કામ કરીશ —એ પ્રમાણે બોલીને; કામ કરનારાઓને 'કર્મકારી' કહેવાય છે; તેવા કર્મકારીને 'તું અમારું આ કામ કર; તને હું આટલું ધન અથવા ધાન્ય આપીશ.' એવી પ્રથમ પ્રતિજ્ઞા કરીને, જેને કામમાં પ્રેરવામાં આવ્યો હોય તેવા કર્મકારીને જેટલું ધન અથવા ધાન્ય આપવા કહેલું હોય, તેટલું ધન અથવા ધાન્ય આપવું; જો ઓછું આપે તો તેનાથી તેનું અંતઃકરણ ક્લેશવાળું થતાં, તેના સંતાપરૂપ અગ્નિથી પોતાના સર્વસ્વનો નાશ થઈ જાય છે.

આ સંબંધમાં નારદજીનું વચન છેઃ—

**भृत्याय वेतनं दद्यात्कर्मस्वामी यथाक्रमम् ।**
**आदौ मध्येऽवसाने वा कर्मणो यद्विनिश्चितम् ॥ १ ॥**

કામ કરાવનાર માલિકે, નોકરને પહેલાં, મધ્યે અથવા તો અંતે, જે પ્રમાણે નિર્ણય કર્યો હોય તે મુજબના ક્રમથી પગાર આપવો ૧. મહાભારતમાં નારદે પણ કહ્યું છેઃ—

**क्वचित्कृतं विजानीषे कर्तारं च प्रशंससि ।**
**सतां मध्ये महाराज! सत्करोषि च पूजयन् ॥ २ ॥**

હે યુધિષ્ઠિર! કોઈના કર્યા કૃત્યને તું જાણે છે? અને તેવાની પ્રશંસા કરે છે? તથા સત્પુરુષોની હાજરીમાં તેવાનું પૂજન કરી તેનો તું સત્કાર કરે છે? ૨. વળી ગરુડપુરાણમાં પણ કહ્યું છેઃ—

**प्रतिश्रुत्य ददामीति यः पुमान्न ददाति तत् ।**
**स तत्पापेन सन्तप्तो निर्वृतिं नैव गच्छति ॥ ३ ॥**

જે પુરુષ, અમુક વસ્તુ આપવાની પ્રતિજ્ઞા કરીને પછી તે નથી આપતો, તે પુરુષ, સામાના સંતાપરૂપી પાપથી સંતપ્ત થઈને દુઃખી થાય છે ને ક્યારેય સુખ પામતો નથી ૩. સ. જી. પ્ર. ૫, અ. ૧૮માં વળી શ્રીજીનું વચન છેઃ—

**न वञ्चयेत्कर्मकरान्साधयित्वाऽर्थमात्मनः**[५८] **।...॥ ४ ॥**

કારીગર, નોકર તથા મજૂર વગેરે સેવકજનો પાસેથી, પોતાનું કાર્ય સાધી લીધા પછી તેને દગો દેવો નહિ; અર્થાત્ પ્રથમ નક્કી કર્યા પ્રમાણે જ પગાર કે મજૂરી તેમને આપી દેવાં ૪.

## ચૂકવેલ કરજ ગુપ્તપણાનો નિષેધ

શ્રીહરિ કહે છેઃ ધનવાનની પાસેથી લીધેલા ધનની 'શુદ્ધિ' એટલે કે દેવું પાછું આપી દીધું હોય તે બાબતની-ખાતું ભરપાઈ કર્યા વગેરેની વાતને ગુપ્ત ન રાખવી.

તે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અ. ૨માં કહ્યું છેઃ—

**दत्तर्णं पाटयेल्लेख्यो शुद्धौ वाऽन्यत्तु कारयेत्**[१४] **।**
**साक्षिमच्च भवेद्यद्वा तद्दातव्यं ससाक्षिकम् ॥ ५ ॥**

દેવું ભરપાઈ કર્યું હોય તો તેનું લખાણ કે ખાતું જે હોય તે વાળી નાખવું; અગર બીજાની પાસે વળાવી નખાવવું.

અને જે ઉધારઉછીનું આપવું-ધીરવું તે, સાક્ષીએ સહિત આપવું-ધીરવું ૫.

### વંશ તથા કન્યાદાન ગુપ્ત ન રાખવાનો આદેશ

તેમ જ પોતાનો વંશ તથા કન્યાદાન પણ છુપાવવાં નહિ. તે સંબંધમાં પરાશરમુનિ કહે છેઃ—

**ऋणशुद्धिः स्वान्वयश्च गोपनीयौ न धीमता ॥ ६ ॥**

દેવું ભરપાયા કર્યું હોય-ચુકાવી દીધું હોય તે, અને પોતાનો વંશ —એ બંને, બુદ્ધિવાળા પુરુષોએ છુપાવવાં નહિ ૬. સ્કંદપુરાણ કાશીખંડ અ. ૪૦માં પણ કહ્યું છેઃ—

**नवैतानि प्रकाश्यानि रहःपापमकुत्सितम्[८०] ।**
**प्रायोग्यमृणशुद्धिश्च स्वान्वयः क्रयविक्रयौ ।**
**कन्यादानं गुणोत्कर्षो नान्यत्केनापि कुत्रचित् ॥ ७ ॥**

આ નવ વાનાં પ્રકાશ કરવાંઃ કયાં? તો ગુપ્ત પાપ;[૧] તથા 'अकुत्सितम्' અર્થાત્ લોકમાં જેની જાણ ન થઈ હોય, ને તેથી લોકનિંદાનો વિષય ન પામ્યું હોય —એવું અનિંદિત પાપકર્મ[૨] (આ બે વાનાં સાચા સત્પુરુષ આગળ પ્રકાશ કરવાં.) વળી પ્રાયશ્ચિત્ત કરી નાખ્યું હોય તો તે[૩], દેવું ભરપાયા કર્યું હોય તે[૪], પોતાનો વંશ[૫], વેચાતું આપ્યું હોય તે[૬], ખરીદ કર્યું હોય તે[૭], કન્યાદાન[૮] અને ગુણનો ઉત્કર્ષ[૯] —આટલાં વાનાં કોઈએ ક્યારેય છુપાવવાં નહિ; અર્થાત્ પ્રકાશ કરવાં ૭.

### દુષ્ટજન સાથેનો વ્યવહાર નિષેધ

શ્રીહરિ વળી કહે છેઃ 'દુર્જન' એટલે પાપકર્મ

આચરનારાઓ; અર્થાત્ ભગવાનથી વિમુખ એવા લોકોની સાથે મારા આશ્રિતજનોએ વ્યવહાર ન કરવો. તે વ્યવહાર-સમુચ્ચયમાં પણ કહ્યું છેઃ—

**न पापिभिर्व्यवहरेद्भगवद्विमुखैस्तथा ।**
**दाम्भिकैश्च खलैः क्वापि न च क्षणिकबुद्धिभिः ॥ ८ ॥**

પાપીઓની સાથે, ભગવાનથી વિમુખ એવા મનુષ્યો સાથે, દાંભિકો સાથે, ખળ પુરુષો સાથે, તેમ જ ક્ષણિક બુદ્ધિવાળાઓ સાથે વ્યવહાર ન કરવો; પરંતુ સત્પુરુષની સાથે જ વ્યવહાર કરવો ૮. ઈતિ શ્લો. ૧૫૨.

## શિ૰ શ્લો૰ ૧૫૩, ૧૫૪

**दुष्कालस्य रिपूणां वा नृपस्योपद्रवेण वा ।**
**लज्जाधनप्राणनाशः प्राप्तः स्याद्यत्र सर्वथा ॥ १५३ ॥**
**मूलदेशोऽपि स स्वेषां सद्य एव विचक्षणैः ।**
**त्याज्यो मदाश्रितैः स्थेयं गत्वा देशान्तरं सुखम् ॥ १५४ ॥**

**અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ-ભૂંડો કાળ, અથવા શત્રુ, અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વપ્રકારે પોતાની લાજ જતી હોય, કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય ૧૫૩.**

**અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ, તેમણે તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ, તે પ્રત્યે જઈને સુખેથી રહેવું ૧૫૪.**

## આપત્તિમાં મૂળવતનનો ત્યાગ

'दुष्कालः' એટલે દુકાળનો સમય; 'તેના ઉપદ્રવથી' કહેતાં, **'દુકાળ'**ની પીડાથી, અથવા પોતાના **'શત્રુઓ'**ના ઉપદ્રવથી, અથવા તો **'રાજા'** એટલે ગામના અધિપતિના ઉપદ્રવથી,-જે દેશમાં સર્વે પ્રકારે પોતાની લજ્જા, પોતાનું ધન તથા પ્રાણ તેનો નાશ થવાનો સમય આવ્યો હોય ત્યારે. 'स्वेषां मूलदेशोऽपि' પોતાનું વંશપરંપરાનું-બાપદાદાનું સ્થાન હોય તો પણ (ઉપર જણાવેલ આપત્તિમાં) મારા આશ્રિત એવા ગૃહસ્થાશ્રમીઓએ, તેનો તત્કાળ ત્યાગ કરવો પણ ત્યાં પડી રહેવું નહિ.

મનુસ્મૃતિ અ. ૪માં પણ કહ્યું છેઃ–

**नाधार्मिके वसेद्ग्रामे न व्याधिबहुले भृशम्**[६०] ।...॥ १ ॥

અધર્મી જનો જે સ્થળે રહેતા હોય એવા અધાર્મિક ગામમાં, તથા રોગગ્રસ્ત વિસ્તારવાળા ગામમાં ન રહેવું ૧.

વળી મૂળશ્લોકમાં 'देशान्तरं गत्वा' એમ શ્રીહરિજીએ કહ્યું છે, એટલે કે બીજા દેશમાં જઈને જેવી રીતે સુખ થાય તે રીતે રહેવું; ત્યાં પણ ઉપદ્રવ હોય તો, તે દેશનો પણ ત્યાગ કરવો એવો અર્થ છે. સારી રીતે રહી, જ્યાં જીવન જીવી શકાય તેનું નામ 'દેશ' કહેવાય. ઈતિ શ્લો. ૧૫૩, ૧૫૪.

# ધનાઢ્ય ગૃહસ્થના વિશેષ ધર્મ

## શિ૰ શ્લો૰ ૧૫૫

**आढयैस्तु गृहिभिः कार्या अहिंसा वैष्णवा मखाः ।**
**तीर्थेषु पर्वसु तथा भोज्या विप्राश्च साधवः ॥ १५५ ॥**

**અને ધનાઢ્ય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, હિંસાએ રહિત એવા જે વિષ્ણુ સંબંધી યજ્ઞ તે કરવા. તથા તીર્થને વિષે તથા દ્વાદશી આદિક પર્વને વિષે, બ્રાહ્મણ તથા સાધુ તેમને જમાડવા ૧૫૫.**

### યજ્ઞ સંબંધી આદેશ

હવે શ્રીહરિ બે શ્લોકથી ધનવાન એવા ગૃહસ્થ હરિભક્તને વિશેષ કરવાનું બતાવે છેઃ ‘अहिंसा’ એટલે જેમાં પ્રાણીની હિંસા ન હોય-ન થાય એવા, ‘वैष्णवाः मखाः’ અર્થાત્ પોતાના ઈષ્ટદેવના સંબંધવાળા વૈષ્ણવયજ્ઞો કરવા. અહિંસામય યજ્ઞ કેવી રીતે કરવા તેની રીતિ, મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્મમાં, ઉપરિચરવસુએ કરેલા અશ્વમેધ યજ્ઞના આખ્યાનમાં કહેલી છે તો, તે ત્યાંથી જાણી લેવી.

### સાધુ તથા બ્રાહ્મણને ભોજન

વળી ‘તીર્થને વિષે’ એટલે પ્રત્યક્ષ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુએ, તેમ જ તેમના પદ ઉપર આરૂઢ થયેલા ધર્મવંશી બંને આચાર્યોએ મહામંદિરો કરાવીને તેમાં, હરિકૃષ્ણ મહારાજ, ઘનશ્યામ મહારાજ, નરનારાયણ, લક્ષ્મીનારાયણ,

ગોપીનાથ, રાધાકૃષ્ણ, મદનમોહન, ગોલોકવિહારી આદિ મૂર્તિઓ પધરાવેલી છે એવાં પુણ્યક્ષેત્રોને વિષે, તેમ જ શ્રીહરિજીના ચરણથી અંકિત એવી ઉન્મત્તગંગા, સાબરમતી-ગંગા વગેરે, શાસ્ત્રમાં જે સુપ્રસિદ્ધ મોટી નદીઓ છે તે રૂપી તીર્થને વિષે; તથા 'પર્વસુ' એટલે પૂર્ણિમા, અમાવાસ્યા, સંક્રાંતિ, વ્યતિપાત, શ્રીહરિની 'અંતર્ધાન તિથિ' —જેઠ સુદ દશમ, તથા તેમના પ્રાદુર્ભાવનો ઉત્તર દિવસ —ચૈત્ર સુદ દશમ, એ વગેરે દિવસોએ; 'વિપ્રાઃ' અર્થાત્ પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત એવા બ્રાહ્મણો; અને 'સાધવઃ' એટલે ઉદ્ધવીયદીક્ષાને પામેલા એવા ત્યાગી સંત-બ્રહ્મચારી તથા પાર્ષદો, તેમ જ શ્રીહરિને વિષે અનન્ય નિષ્ઠાવાળાં એવાં સાંખ્યયોગી બાઈઓ તેમને નાના પ્રકારનાં ભોજનપદાર્થોથી સંતોષવા. યજ્ઞ કરે તે કરતાં પણ, પ્રકટ પ્રભુના સંતોને જમાડે તેમાં ભગવાનની વિશેષ પ્રીતિ થવાનો હેતુ છે; અર્થાત્ તેથી અધિક ફળ મળે છે એવો ભાવ છે.

તે, શ્રીહરિએ જેતલપુરના ચોથા વચનામૃતમાં કહ્યું છેઃ— 'તમ જેવા ધર્મનિયમે યુક્ત જે સંત તેની તો વાત જ નોખી છે... તમને કોઈક ભાવે કરીને જમાડે તેને કોટી યજ્ઞનું પુણ્ય થાય ને અંતે મોક્ષને પામે છે.'

શ્રીહરિએ સ. જી. પ્ર. ૧, અ. ૩૩માં પણ કહ્યું છેઃ—

**प्रचुराज्यसितैर्भोज्यैः साधून्विप्रांश्च तर्पयेत्**[५१] **।**
**नावमन्येत तान् क्वापि सत्सु निष्कपटो भवेत् ॥ १ ॥**

ધનાઢ્ય એવા ગૃહસ્થોએ, સાધુ અને વિપ્રોનું ક્યારેય પણ અપમાન કરવું નહિ; એમણે તો ઘણાં ઘી-સાકરે યુક્ત

મિષ્ટાન્નોથી સાધુ તથા વિપ્રોને તૃપ્ત કરવા; અને સાધુ આગળ નિરંતર નિષ્કપટપણે વર્તવું ૧. વળી સ. જી. પ્ર. ૧, અ. ૫૫માં પણ શ્રીહરિએ આવો જ આદેશ આપેલો છેઃ

**भोजयन्ति भुवि पूजयन्ति वा ये तु साधुपुरुषान्भवादृशान्[३७] ।**
**तैश्चराचरमिदं सदैवतं पूजितं च बहुधा सुभोजितम् ॥ २ ॥**

જે જનો પૃથ્વી ઉપર તમારા સરખા સત્પુરુષોને જમાડે છે અથવા તમારા જેવા સત્પુરુષોનું પૂજન કરે છે, તે જનોએ બ્રહ્માદિ દેવોએ સહિત, સ્થાવર-જંગમ આ સંપૂર્ણ વિશ્વ પૂજેલું છે અને બહુ પ્રકારે પકવાન આદિ વડે સારી રીતે જમાડેલું છે ૨.

શ્રીમદ્ ભાગવતના ચતુર્થ સ્કંધના અ. ૨૧માં વળી પૃથુ ભગવાનનું વચન છેઃ—

**अश्नात्यनन्तः खलु तत्त्वकोविदैः श्रद्धाहुतं यन्मुख इज्यमामभिः[४१] ।**
**न वै तथा चेतनया ब्रहिष्कृते हुताशने पारमहंस्यपर्यगुः ॥ ३ ॥**

'तत्त्वकोविवैः'-ભગવાનના સ્વરૂપને જાણનારા એવા વિદ્વાન પુરુષોએ, ભગવાનના ભક્તના મુખને વિષે શ્રદ્ધાએ કરીને અર્પણ કરેલું એવું હવિષ્યાન્ન, ભગવાન જે પ્રકારે જમે છે તે પ્રકારે ચૈતન્યે રહિત એવા અગ્નિને વિષે, હોમેલું એવું હવિ તેને પણ ભગવાન જમતા નથી ૩.

## ધનાઢ્ય ગૃહસ્થના અન્ય ધર્મો

શ્રીહરિએ સ. જી. પ્ર. ૧, અ. ૩૩માં કહ્યું છેઃ—

**आढ्यस्तु कारयेद्रम्यं दृढं श्रीविष्णुमन्दिरम्[४१] ।**
**वृत्तिदानेन पूजायाः प्रवाहं वर्तयेद्धरेः ॥ ४ ॥**

ધનાઢ્ય ગૃહસ્થોએ 'વિષ્ણુ' એટલે સર્વમાં વાસ કરીને રહેલો એવો હું સહજાનંદ સ્વામી, તે મારાં મનોહર અને સુદૃઢ એવાં મંદિર કરાવવાં. અને તેમાં સ્થાપન કરેલ મારી મૂર્તિના અખંડિત પૂજાપ્રવાહ માટે, વૃત્તિ બાંધી આપવી ૪. સ. જી. પ્ર. ૫, અ. ૧૨માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**मन्दिरं चाभितः कार्या धर्मशाला मनोहरा[४] ।**
**पान्थ वैष्णववासार्हा प्राकारेणाभिवेष्टिता ॥ ५ ॥**
**उद्यानं कारयेत्तत्र फलपुष्पद्रुमान्वितम्[५] ।**
**मिष्टनिर्मलपानीयां वापिकां च सदोदकाम् ॥ ६ ॥**

વળી તે ધનાઢ્ય ગૃહસ્થોએ મંદિરની ચોમેર, યાત્રાળુ એવા સંત-હરિભક્તના નિવાસને યોગ્ય, મનોહર ધર્મશાળા ઊંચા કોટ-કિલ્લાથી સુરક્ષિત એવી કરાવવી ૫. તેમ જ મંદિરના સમીપ પ્રદેશમાં, ફળ-પુષ્પપ્રધાન વૃક્ષોવાળો બગીચો કરાવવો. અને મધુર નિર્મળ અખૂટ જળવાળી, રમણીય પગથિયાંવાળી વાવ કરાવવી ૬.

## મંદિરાદિ કર્તૃત્વનો લાભ

શ્રીહરિ, વળી એ જ પ્રકરણ ને અધ્યાયમાં કહે છેઃ—

**यावत्य इष्टिकास्तत्र चिता देवालयादिषु[१९] ।**
**तावन्त्यब्दसहस्राणि तत्कर्तास्वर्गमावसेत् ॥ ७ ॥**
**श्रीमतो वासुदेवस्य कारयत्युत्तमं तु यः[२०] ।**
**मन्दिरं सुदृढं रम्यं स मोक्षं प्राप्नुयाद् ध्रुवम् ॥ ८ ॥**

તે દેવાલય, ધર્મશાળા, વાવ કે કોટ-કિલ્લામાં જેટલી ઈંટો ચણી હોય, તેટલા હજાર વર્ષપર્યંત તેનો કરાવનાર મનુષ્ય, સ્વર્ગમાં વસે છે ૭. જેઓ શ્રીમાન વાસુદેવ એવો

હું સહજાનંદ સ્વામી, તે મારું અતિદંઢ અત્યુત્તમ રમ્ય મંદિર (નિષ્કામભાવથી) કરાવે છે તે નિશ્ચે મોક્ષને પામે છે ૮. ઇતિ શ્લો. ૧૫૫.

## શિ૦ શ્લો૦ ૧૫૬

**महोत्सवा भगवतः कर्तव्या मन्दिरेषु तैः ।**
**देयानि पात्रविप्रेभ्यो दानानि विविधानि च ॥ १५६ ॥**

**અને તે ધનાઢય એવા જે ગૃહસ્થ સત્સંગી તેમણે, ભગવાનના મંદિરને વિષે મોટા ઉત્સવ કરાવવા, તથા સુપાત્ર એવા જે બ્રાહ્મણ તેમને નાના પ્રકારનાં દાન દેવાં. ૧૫૬.**

### ઉત્સવ-વિધાન

વળી ધનાઢય એવા ગૃહસ્થોએ, 'भगवतः' એટલે પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુના મંદિરમાં; 'महोत्सवाः' અર્થાત્ ગીત, વાદિત્, મહાઅભિષેક તથા મહાનૈવેધ વગેરે કરવાપૂર્વક ઉત્સવ કરવા; એટલે કે, એકાદશી, હરિજયંતી વગેરે દિવસોએ, શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂજા તથા ભગવાનના ભક્તનું પણ પૂજન, તેણે સહિત ઉત્સવ કરવા.

### સુપાત્ર બ્રાહ્મણનાં લક્ષણ

વળી મૂળશ્લોકમાં કહ્યું કે, 'સુપાત્ર બ્રાહ્મણ'ને નાના પ્રકારનાં દાન દેવાં. તે સુપાત્રનાં લક્ષણ શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૧૯માં આ પ્રમાણે કહેલાં છે:—

**ये क्षान्तदान्ताः श्रुतपूर्णकर्णा जितेन्द्रियाः प्राणिवधान्निवृत्ताः[३५] ।**
**प्रतिग्रहे सङ्कुचिताग्रहस्तास्ते ब्राह्मणास्तारयितुं समर्थाः ॥ १ ॥**

ક્ષમાવાળા, ઈંદ્રિયોને દમનારા, ગુરુમુખથી સાંભળેલાં શાસ્ત્રથી જેમના કર્ણ પૂર્ણ છે; અર્થાત્ શાસ્ત્રમાં જે પારંગત છે; વળી જે જિતેન્દ્રિય છે, પ્રાણીવધથી નિવૃત્ત થયેલા છે ને 'પ્રતિગ્રહ' કહેતાં દાનાદિકનો સ્વીકાર કરવામાં સંકુચિત છે હસ્તના અગ્રભાગ જેમના; અર્થાત્ જે પ્રતિગ્રહ કરતા નથી, —આવા બ્રાહ્મણો જ પોતાને તથા બીજાને તારવા માટે સમર્થ થાય છે ૧.

વળી શ્રીહરિ એ જ પ્રકરણ ને અધ્યાયમાં કહે છેઃ—

**सत्यं दमस्तपो दानमहिंसेन्द्रियनिग्रहः[३०] ।**
**दृश्यन्ते यत्र राजेन्द्र! स ब्राह्मण इति स्मृतः ॥ २ ॥**
**न विद्यया केवलया तपसा वापि पात्रता[३७] ।**
**यत्र वृत्तमिमे चोभे तद्धि पात्रं प्रकीर्तितम् ॥ ३ ॥**

હે રાજેન્દ્ર! સત્ય, દમ, તપ, દાન, અહિંસા ને ઈંદ્રિયોને વિષયમાંથી પાછી વાળવી —આટલા ગુણ બ્રાહ્મણમાં અવશ્ય હોવા જોઈએ; અને એવા ગુણ જે બ્રાહ્મણમાં દેખાય તેને સાચા અર્થમાં બ્રાહ્મણ જાણવો ૨. આ ગુણોને 'વૃત્ત' કહેવામાં આવે છે; કેવળ વિદ્યાથી પાત્રતા આવતી નથી, કે કેવળ તપથી પણ પાત્રતા પ્રાપ્ત થતી નથી; પરંતુ જેનામાં ઉપર કહ્યા પ્રમાણેનું વૃત્ત, વિદ્યા ને તપ —એ ત્રણે હોય, તેને જ 'પાત્ર' કહેલો છે ૩.

## સુપાત્રનું અત્યુત્તમ લક્ષણ

શ્રીહરિએ સત્સંગિજીવનમાં હરિગીતા-પ્રકરણ ૧, અ. ૩૩માં કહ્યું છેઃ—

**जीवेभ्यः सकलेभ्योऽपि भक्तानेकान्तिकान्हरेः[३४] ।**
**आधिक्येन विजानीयान्मानरक्षार्हणादिषु ॥ ४ ॥**

ભગવાનના એકાંતિક ભક્ત તો, અન્ય સર્વની અપેક્ષાએ અતિશય પૂજ્ય છે. તેમને સત્કારપૂર્વક માન આપવામાં, દુષ્ટો થકી તેમનું રક્ષણ કરવામાં, ચંદન-પુષ્પાદિથી તેમનું પૂજન કરવામાં અને નમસ્કારાદિ કરવામાં તેમને 'સર્વ જીવો થકી' એટલે, ઇંદ્રાદિ દેવો થકી પણ અતિ અધિક જાણીને તેમનું માન, રક્ષણ, પૂજન, નમસ્કારાદિ કરવાં ૪.

## ઉત્તમ પાત્ર સંબંધી અન્ય પરિચય

ઉદ્ધવસંપ્રદાયની દીક્ષાને પામેલા, શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાણીરૂપી મૂર્તિ જે શિક્ષાપત્રી —તેમાં કહેલ ધર્મનું ઉલ્લંઘન નહિ કરનારા, શ્રીજીમહારાજે વડતાલ અને અમદાવાદ —બે ગાદી નિર્માણ કરી છે, તે ધોરણની મર્યાદાને અનુસરનારા, વચનામૃતમાં કહ્યા પ્રમાણે સ્વામી-સેવકભાવે વર્તનારા, તેમ જ અક્ષરાદિક તથા વૃષ્ણીકુલોત્પન્ન મૂળ-પુરુષાદિક સર્વ અવતારોના અવતારી, એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનની સ્વરૂપનિષ્ઠાની અચળ દૃઢતાવાળા જે હોય તથા માન-અપમાન સહન કરનારા, તપાદિકે યુક્ત ને દ્રવ્યાદિકના લોભે રહિત હોય —એવાને જ ઉત્તમ પાત્ર જાણવા.

## દાનની સફળતા-નિષ્ફળતા

આ સંબંધમાં કાશીખંડ અ. ૪૦માં કહ્યું છેઃ—

**पात्रमित्रविनीतेषु दीनानाथोपकारिषु[८१] ।**
**मातापितृगुरुष्वेतन्नवके दत्तमक्षयम् ॥ ५ ॥**
**निष्फलं नपसूत्सृष्टं चाटचारणतस्करे[८२] ।**
**कुवैद्ये कितवे धूर्ते शठे मल्ले च बन्दिनि ॥ ६ ॥**

સુપાત્ર[૧], મિત્ર[૨], વિનયવાન[૩], દીન[૪], અનાથ[૫], ઉપકાર

કરનાર[૬], માતા[૭], પિતા[૮], તથા ગુરુ[૯] —એ નવને આપેલું દાન અક્ષય થાય છે ૫. જ્યારે ભાટ[૧], ચારણ[૨], ચોર[૩], કુવૈદ્ય[૪], હરામખોર[૫], ધૂતારો[૬], શઠ[૭], મલ્લ[૮], અને બંદીજનો[૯] —આ નવને આપેલું દાન નિષ્ફળ જાય છે ૬. દાન આપવામાં પાત્ર-અપાત્રનાં લક્ષણનો વિશેષ વિસ્તાર સત્સંગિજીવન આદિ ગ્રંથો થકી જાણી લેવો.

આમાં સુપાત્રને દાન આપવાનું કહ્યું, પરંતુ અન્નવસ્ત્રનું દાન આપવામાં પાત્રપરીક્ષા કરવાની કહી નથી. તે સંબંધમાં ભગવદ્‌ભાસ્કરમાં વ્યાસે કહ્યું છેઃ—

**अन्नाच्छादनदानेषु पात्रं नैव विचारयेत् ।**
**अन्नस्य क्षुधितः पात्रं विवस्त्रो वसनस्य च ॥ ७ ॥**

અન્ન તથા વસ્ત્રના દાનમાં પાત્રનો વિચાર ન કરવો; જે ભૂખ્યો હોય તે અન્નનું પાત્ર છે અને વસ્ત્ર વિનાનો નગ્ન હોય તો, તે વસ્ત્રનું પાત્ર છે; અર્થાત્ ભૂખ્યા તથા નિર્વસ્ત્રીને, અનુક્રમે કરેલું અન્નવસ્ત્રનું દાન સફળ જ છે ૭. હવે એ સિવાય બીજી વસ્તુઓના દાનના સંબંધમાં, જો અપાત્રને દાન અપાય તો, તે દાન તામસ થઈ જાય છે. તે ભગવદ્‌ગીતા અ. ૧૭માં ભગવાન શ્રી કૃષ્ણચંદ્રે કહ્યું છેઃ—

**अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते[२२] ।**
**असत्कृतमवज्ञातं तत्तामसमुदाहृतम् ॥ ८ ॥**

અપવિત્ર સ્થાન કે અપવિત્ર દેશમાં, તથા સૂતકાદિ અપવિત્ર કાળમાં આપેલું દાન, તેમ જ અસત્પુરુષને આપેલું દાન તામસી કહેવાય છે. વળી દેશ-કાળ-પાત્રાદિ સારાં પ્રાપ્ત થયાં હોય તો પણ જો, ચંદનપુષ્પાદિ સત્કારે રહિત કે પ્રેમ

વિના જે દાન આપે, અર્થાત્ આદર ને પ્રેમ સિવાય તિરસ્કારપૂર્વક આપે તો, તે તામસ દાન કહેવાય છે ૮.

## નાના પ્રકારનાં દાન

મૂળશ્લોકમાં શ્રીહરિએ કહ્યું કે, સુપાત્ર બ્રાહ્મણને 'विविधानि दानानि देयानि' નાના પ્રકારનાં દાન દેવાં. હવે 'નાના પ્રકારનાં' એટલે શું? તો એક જ પ્રકારના દાનના પણ, 'દાનખંડ'માં અનેક ભેદ કહેલા છેઃ જેમ કે, એક ગોદાનમાં પણ સુવર્ણની ગાય, તલની ગાય, કપિલા ગાય —એવા અનેક ભેદ છે. એ જ પ્રકારે બીજામાં પણ સમજવું. દાન પણ ગાય, પૃથ્વી (જમીન), સુવર્ણ વગેરેનું ગણાય. વળી મૂળશ્લોકમાં 'ચ'કાર છે તેનો અર્થ એવો છે કે, બ્રહ્મચારી તથા સાધુઓને વસ્ત્રાદિનું દાન યથાયોગ્ય આપવું.

## દેય-અદેય દાનવિક્તિ

હવે, કઈ કઈ વસ્તુ દાનમાં આપી શકાય તે વિષે, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ અ. ૨માં કહ્યું છેઃ—

**स्वकुटुम्बाविरोधेन देयं दारसुतादृते[१७५] ।**
**नान्वये सति सर्वस्वं यच्चान्यस्मै प्रतिश्रुतम् ॥ ९ ॥**

'પોતાના કુટુંબમાં વિરોધ ન થાય' એટલે કે, કુટુંબને ભોજન તથા વસ્ત્ર પૂરાં પાડતાં જો વધતું હોય તો દાન કરવું. તેમાં પણ સ્ત્રી અને પુત્રનું દાન ક્યારેય ન કરવું. જો પાછળ 'વંશ-વેલો' એટલે સંતાન હોય તો બધું દાનમાં આપી દેવું નહિ; અર્થાત્ કુટુંબ-પરિવારના જીવનનિર્વાહ સામી દૃષ્ટિ રાખીને દાન કરવું. તેમ જ, એકને આપવાની પ્રતિજ્ઞા કરેલી વસ્તુ, બીજાને દાનમાં આપવી નહિ ૯. ઇતિ શ્લો. ૧૫૬.

# રાજાઓના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૫૭

**मदाश्रितैर्नृपैर्धर्मशास्त्रमाश्रित्य चाखिलाः ।**
**प्रजाः स्वाः पुत्रवत्पाल्या धर्मः स्थाप्यो धरातले ॥ १५७ ॥**

**અને અમારે આશ્રિત એવા જે સત્સંગી રાજા, તેમણે ધર્મશાસ્ત્રને આશરીને પોતાના પુત્રની પેઠે પોતાની પ્રજાનું પાલન કરવું. અને પૃથ્વીને વિષે ધર્મનું સ્થાપન કરવું. ૧૫૭.**

### પ્રજાપાલન – આદેશ

હવે બે શ્લોક વડે રાજાના ધર્મ કહે છેઃ 'રાજા' એટલે, જેમને પટ્ટાભિષેક વગેરે થયાં હોય એવા શ્રીહરિના આશ્રિત જે ક્ષત્રિય વગેરે. તેમણે સત્સંગિજીવન અથવા યાજ્ઞવલ્ક્યાદિ સ્મૃતિઓ, —એ આદિ ધર્મશાસ્ત્રમાં કહેલી રાજનીતિને અનુસરીને, પોતાની પ્રજાનું પુત્રની પેઠે પાલન કરવું.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૨૪માં કહ્યું છેઃ—

**धर्मेण पालयेद्राजा प्रजाः शीलेन रञ्जयन्[२५] ।...॥ १ ॥**

પ્રજાને રંજન કરવું એ જ, રાજાનો પરમ ધર્મ છે; તો, રાજાએ અવશ્ય શીલ-સદ્વૃત્ત વડે પ્રજાઓનું રંજન કરી, ધર્મથી પ્રજાનું પાલન કરવું ૧.

### ધર્મસ્થાપનની આજ્ઞા તથા વિક્તિ

તેમ જ 'धरातले' એટલે, સર્વત્ર પોતાના દેશમાં, સૌને પોતપોતાના અધિકાર મુજબ વર્ણાશ્રમધર્મમાં રાખવા; અર્થાત્

વર્ણાશ્રમવિહિત સદાચારમાં સ્થાપન કરવા; અધર્મમાં ચાલનારા લોકોને સારી રીતે શિક્ષા કરીને ધર્મમર્યાદામાં વર્તાવવા. શ્રીમદ્ ભાગવતના ચતુર્થસ્કંધના ૨૧મા અધ્યાયમાં કહ્યું છેઃ—

**य उद्धरेत्करं राजा प्रजा धर्मेष्वशिक्षयन्[२४] ।**
**प्रजानां शमलं भुंक्ते भगं च स्वं जहाति सः ॥ २ ॥**

જે રાજા, પ્રજાને ધર્મનું શિક્ષણ આપ્યા સિવાય તેની પાસેથી કર લે છે, તે રાજાને પ્રજાનાં કરેલાં પાપ વળગે છે અને તે રાજાના ઐશ્વર્યનો નાશ થાય છે ૨.

વળી યાજ્ઞવલ્ક્યસ્મૃતિના આચારાધ્યાયમાં કહ્યું છેઃ—

**यस्मिन्देशे य आचारो व्यवहारः कुलस्थितिः[३४३] ।**
**तथैव परिपाल्योऽसौ सदा वशमुपागतः ॥ ३ ॥**

જે દેશમાં શાસ્ત્રાનુસાર જે આચાર, વ્યવહાર તથા કુલસ્થિતિ હોય, તે દેશ પોતાના વશમાં આવતાં, ત્યાં તે જ પ્રમાણે રાજાએ, આચાર-વ્યવહાર વગેરે સ્થાપન કરવાં; અર્થાત્ આચાર, વ્યવહાર ને કુલસ્થિતિ, રાજાએ દેશકાળાનુસારે સ્થાપવાં; માત્ર તે શાસ્ત્ર વિરુદ્ધ ન હોવાં જોઈએ ૩.

## નૃપગ્રાહ્ય હિતોપદેશ

વિદુરનીતિ અ. ૩૩માં કહ્યું છેઃ—

**एकं हन्यान्न वा हन्यादिषुर्मुक्तो धनुष्मता[४८] ।**
**बुद्धिबुद्धिमतोत्सृष्टा हन्याद्राष्ट्रं सराजकम् ॥ ४ ॥**

ધનુષ્યવાળા વીરપુરુષે છોડેલા બાણથી તો, એક જણ

હણાય કે ન પણ હણાય; પરંતુ બુદ્ધિમાનની પ્રયોજેલી બુદ્ધિથી તો, રાજા સાથે સકળ રાજ્ય પણ હણાય છે ૪. વૃદ્ધચાણક્યનીતિ અ. ૧૩માં પણ કહ્યું છેઃ—

**राज्ञि धर्मिणि षर्मिष्ठाः पापे पापाः समे समाः[८]।**
**प्रजास्तमनुवर्तन्ते यथा राजा तथा प्रजा॥ ५ ॥**

રાજા ધર્મવાળો હોય તો તેની પ્રજા ધર્મવાળી થાય છે અને પાપાચરણ યુક્ત રાજા હોય તો, તેની પ્રજા પાપિષ્ટ થાય છે. અને રાજા સમપણે વર્તે તો, તેની પ્રજા પણ સમપણે વર્તે છે. પ્રજા તો રાજાને જ અનુસરે છે; જેવો રાજા હોય તેવી પ્રજા થાય છે ૫. ઈતિ શ્લો. ૧૫૭.

## શિ૰ શ્લો૰ ૧૫૮

**राज्याङ्गोपायषड्वर्गा ज्ञेयास्तीर्थानि चाञ्जसा ।**
**व्यवहारविदः सभ्या दण्ड्यादण्ड्याश्च लक्षणैः ॥ १५८ ॥**

**અને તે રાજા-તેમણે રાજ્યનાં જે સાત અંગ તથા ચાર ઉપાય તથા છ ગુણ, તે જે તે, લક્ષણે કરીને યથાર્થપણે જાણવાં. અને તીર્થ જે 'ચાર' મોકલ્યાનાં સ્થાનક તથા વ્યવહારના જાણનારા જે સભાસદ તથા દંડવા યોગ્ય જે માણસ તથા દંડવા યોગ્ય નહિ એવા જે માણસ, —એ સર્વેને લક્ષણે કરીને યથાર્થપણે જાણવા ૧૫૮.**

### રાજ્યનાં અંગો આદિની ટૂંકી વિક્તિ

હવે રાજ્યનાં **'અંગો'** એટલે સ્વામી-અમાત્ય વગેરે. તેમ જ **'ઉપાય'** જે સામ, **દાન**, ભેદ, દંડ વગેરે. તથા **'છ ગુણ'** એટલે સંધિ-વિગ્રહ ઈત્યાદિ. તે સર્વે તત્ત્વે કરીને જાણવાં.

અને **'તીર્થ'** કહેતાં ગુપ્તચરને રાખવાનાં મંત્રી આદિ નિયોગસ્થાન; અર્થાત્ પોતાના માણસો જે સેનાપતિ-દ્વારપાલ આદિને કોઈ ફોડી ન નાખે તે માટે, તેમ જ પરપક્ષના મંત્રી આદિની રહસ્ય વાત જાણવા માટે, ગુપ્ત જાસૂસો મોકલવાનાં અઢાર સ્થાન. અને **'વ્યવહારના જાણનારા સભાસદ'** એટલે આપવું-લેવું તેને સારી રીતે જાણતા હોય ને સભામાં સારી રીતે બેસનારા એવા સભ્યો, તેમને લક્ષણોથી બરાબર ઓળખવા. વળી **'દંડવા યોગ્ય'** તથા **'નહિ દંડવા યોગ્ય'** એવાઓને પણ લક્ષણે કરીને ઓળખવા. હવે તે બધાને ઓળખવાનો પ્રકાર સવિસ્તર કહેશે.

## સાત અંગ, ચાર ઉપાય તથા છ ગુણ

હવે શ્રી સહજાનંદ સ્વામી રાજ્યનાં સાત અંગો, ચાર ઉપાય તથા છ ગુણોનાં નામનિર્દેશ, તેમ જ તેનાં લક્ષણો કહે છે. તેમાં પ્રથમ તો, સ. જી. પ્ર. ૫,અ. ૨૨માં **'સાત અંગો'** ગણાવે છેઃ–

**स्वाम्यमात्यसुहृत्कोशराष्ट्रदुर्गबलानि च[१५] ।**
**राज्याङ्गानि प्रकृतयस्तद्द्रोग्धारं सुशिक्षयेत् ॥ १ ॥**

**'સ્વામી[1]'** એટલે સ્વયં રાજા; **'અમાત્ય[2]'** કહેતાં મંત્રી-પુરોહિત વગેરે; **'મિત્ર[3]'** જે ન્યાયાન્યાય વિભાગનો કર્તા; **'કોષ[4]'** જે ખજીનો; **'રાષ્ટ્ર[5]'** જે દેશ; **'દુર્ગ[6]'** જે કિલ્લો અને **'બળ[7]'** જે સૈન્ય –એ, રાજ્યનાં અંગરૂપ સાત પ્રકૃતિઓ છે; તેનો દ્રોહ કરનારને શિક્ષા કરવી ૧. હવે **'ઉપાય ચાર'** છે, જે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૨૪માં નીચે પ્રમાણે કહ્યા છેઃ–

**उपायांश्चतुरः सामं भेदं दानं च निग्रहम्[४] ।**
**यथोचितं प्रयुञ्जीत पञ्चमं चाप्युपेक्षणम् ॥ २ ॥**

**'સામ[૧]'** એટલે પ્રિય ભાષણથી સમજાવવું તે; **'ભેદ[૨]'** જે પરસ્પર ભેદબુદ્ધિ ઉત્પન્ન કરાવી જુદા પાડવા તે; **'દાન[૩]'** જે કંઈક આપવું તે; અને **'નિગ્રહ[૪]'** જે દંડ, અર્થાત્ ધનનું અપહરણ આદિ; —આ ચાર ઉપાયો છે તેને યથાસ્થાન યોજવા. અને જ્યારે કોઈ ઉપાય ન હોય ત્યારે પાંચમો ઉપાય **'ઉપેક્ષા'** એટલે જે વિરુદ્ધ ચાલતો હોય તેની ઉપેક્ષા કરવી તે છે; કેમ કે ચાર ઉપાયો છે તે અર્થ સાધવા માટે છે અને જ્યારે અર્થ સાધવાનો ન હોય ત્યારે ઉપેક્ષાને યથાસ્થાન યોજવી ૨.

હવે **'છ ગુણોનાં'** લક્ષણો સ. જી. પ્ર. ૫, અ. ૨૨માં શ્રીહરિએ આ પ્રમાણે કહ્યાં છેઃ—

**संधिविग्रहयानानि द्वैधीभावः समाश्रयः[२०] ।**
**स्थानं चेति गुणाः षट् च कुर्यात्तन्निश्चयं स्वयम् ॥ ३ ॥**

**'સંધિ[૧]'** = સાંધો કરવો અથવા મેળાપ કરવો. **'વિગ્રહ[૨]'** = શત્રુપક્ષમાં લૂંટ, દાહ વગેરેથી અપકાર કરવો. **'યાન[૩]'** = શત્રુ સામે યુદ્ધ કરવા જવું. **'દ્વૈધીભાવ[૪]'** = પર સૈન્યના બે ભાગલા પાડી દેવા અથવા બળિયા સાથે સંધિ ને નિર્બળ સાથે લડાઈ વગેરે. **'સમાશ્રય[૫]'** = શત્રુ પીડા પમાડતાં બળવાન રાજાનો આશ્રય કરવો તે. અને **'સ્થાન[૬]'** = શક્તિ હણાઈ જતાં, સમયની રાહ જોવાપૂર્વક કિલ્લાદિકથી સુરક્ષિત સ્થાનમાં રહેવું. —આ છ ગુણો જાણવા ૩.

## 'તીર્થ' અને 'ચાર'ની વિગત

**'તીર્થ'** —એટલે સ્થાન. અને **'ચાર'** જે ગુપ્તચર; કહેતાં,

એકબીજાને ઓળખી ન જાય એવા પાખંડાદિ વેષને ધરનારા જાસૂસ. એવા ગુપ્તચર જે જે સ્થળે રાખવા પડે તેમ હોય એવા સ્થાનને તીર્થ કહે છે. હવે તે તીર્થોનાં નામો શ્રીહરિએ, સ. જી. પ્ર. ૫, અ. ૨૨માં આ પ્રમાણે કહેલાં છેઃ—

**चमूपतिर्द्वारपालः प्रदेष्टान्तः पुराधिपः[२२] ।**
**कारागाराधिकारी च कृत्याकृत्यार्थयोजकः ॥ ४ ॥**
**कोशाध्यक्षः पुराध्यक्षः कार्यनिर्माणकृत्तथा[२३] ।**
**धर्माध्यक्षः सभाध्यक्षः दण्डपालश्च राष्ट्रपः ॥ ५ ॥**
**दुर्गपालोऽटवीपालस्तीर्थानि दश पञ्च च[२४] ।...॥ ६ ॥**
**परपक्षे तथा मन्त्रियुवराजपुरोहितैः[२५] ।**
**सहितेष्वेषु तीर्थेषु चारान्गूढान्नियोजयेत् ॥ ७ ॥**

સેનાપતિ[૧], 'દ્વારપાલ' જે પ્રવેશદ્વારનો રક્ષક[૨], સૈનિક-માર્ગનો ઉપદેષ્ટા[૩], અંતઃપુરનો અધિપતિ[૪], બંધીખાનાનો અધિકારી[૫], રાજ્યમાં કૃત્ય-અકૃત્ય અર્થોનો પ્રયોજક[૬], ખજીનાનો ઉપરી[૭], નગરોની રક્ષા કરનારાઓનો ઉપરી[૮], નિર્માણ કરેલું કાર્ય થઈ રહ્યા પછી, કામ કરનારાઓને પગાર ચૂકવી દેનારો[૯], ધર્મમાં ઉપરીપણે રહેલો[૧૦], 'સભાધ્યક્ષ' જે ન્યાયાધીશ[૧૧], દુષ્ટોને દંડ દેનાર અધિકારી[૧૨], દેશનો પતિ[૧૩], કિલ્લાનો રક્ષક[૧૪], વનનો રક્ષક[૧૫] —આ પંદર તીર્થો કહેલાં છે ૪-૬. તથા પરપક્ષમાં મંત્રી, યુવરાજ ને પુરોહિત —આ ત્રણ તીર્થો અને પ્રથમ ગણાવેલ (સ્વપક્ષ તથા પરપક્ષના) પંદર-પંદર તીર્થો, એમ કુલ પરપક્ષના અઢાર અને સ્વપક્ષના પંદર સ્થાનોમાં ગૂઢચારોને સ્વયં રાજા નિયોજે. (પોતાના ચારો વડે પરપક્ષને જાણે. તેમ જ પરના ચારો થકી પોતાના પક્ષને સંરક્ષે; અન્યથા પરના ચારો પોતાના પક્ષને ફોડી નાખે

તો પોતાને મહા અનર્થ થાય) ૭.

કોઈ સ્થળે પંદર-પંદર તીર્થો ને સ્વપક્ષ તથા પરપક્ષના મંત્રી, યુવરાજ અને પુરોહિત —એ ત્રણ અનુક્રમે મળીને બંને પક્ષમાં અઢાર-અઢાર તીર્થ કહેલાં હોય છે; પરંતુ તેમાં સ્વપક્ષના મંત્રી, યુવરાજ ને પુરોહિત પર જાસૂસ રાખવા નહિ. તે મહાભારતના સભાપર્વની ટીકામાં કહ્યું છેઃ—

**चारान्नियोजयेत्तीर्थेष्वात्मनश्च परस्य च ।**
**मन्त्रिणं युवराजं च हित्वा स्वेषु पुरोहितम् ॥ ८ ॥**

પોતાના તથા પારકાના એ અઢાર તીર્થોમાં-સ્થાનોમાં પોતાના જાસૂસો મૂકવા; તેમાં પોતાના મંત્રી, યુવરાજ અને પુરોહિત —એ ત્રણ ઉપર જાસૂસ મૂકવા નહિ ૮.

### અઢાર પ્રકારનાં વ્યવહારપદ

મૂળશ્લોકમાં રાજાએ 'વ્યવહારને જાણનારા સભાસદોને લક્ષણે કરીને યથાર્થપણે ઓળખવા' —એમ કહ્યું છે. તે વ્યવહારની વિક્તિ, સ. જી. પ્ર. ૫. અ. ૨૬માં શ્રીહરિએ આમ કહેલી છેઃ—

**व्यवहारपदान्यत्र ज्ञेयान्यष्टादशैव हि[६] ।**
**ऋणादानं च निःक्षेपस्तथैवास्वामिविक्रयः ॥ ९ ॥**

વ્યવહાર પણ અઢાર પ્રકારનો સમજવોઃ **'ઋણાદાન[૧]'** = દેણદાર અને લેણદારના વિષયમાં, ઋણ આપવા-લેવાના ધર્મનું જે ઉલ્લંઘન, તે ઋણાદાન નામનું પ્રથમ વિવાદપદ જાણવું. **'નિક્ષેપ[૨]'** = જેને ત્યાં પોતાનું દ્રવ્ય વિશ્વાસથી થાપણ તરીકે મૂકેલું હોય અને તે જો પાછું ન આપે તો, તે નિક્ષેપ નામનું વિવાદપદ કહેવાય. **'અસ્વામિવિક્રય[૩]'**, થાપણ મૂકેલું

પારકું પદાર્થ, તેના ધણીની અસમક્ષ તેને પૂછ્યા વિના જ વેચી નાખવું, તે અસ્વામિવિક્રય નામનું વિવાદપદ કહ્યું છે ૯. વળી તે પછી શ્લો. ૭માં કહે છેઃ—

**सम्भूय च समुत्थानं दत्तस्यानपकर्म च ।**
**संविद्व्यतिक्रमः सीमाविवादः स्तेयसाहसम् ॥ १० ॥**

**'સંભૂયસમુત્થાન[1]'** = લાભ માટે પરસ્પર મળીને વ્યવહાર કરતાં, વ્યાપારીઓને લાભ રહેલા અર્થવિભાગ નિમિત્તે જે કલહ થાય, તે સંભૂયસમુત્થાન નામનું વિવાદપદ જાણવું. **'દત્તાનપાકર્મ[5]'** = આને જ દત્તાપ્રદાનિક એવી બીજી સંજ્ઞાથી પણ કહે છે; કોઈ પદાર્થ આપીને ફરીથી પાછું લેવું, અથવા આવેલી વસ્તુનું મૂલ્ય ન આપવું,તે દત્તાપ્રદાનિક નામનું વિવાદપદ જાણવું. **'સંવિત્વ્યતિક્રમ[6]'** = 'સંવિત્' જે પાખંડી આદિકને રાજાએ મર્યાદા કરી આપી હોય, તેનું ઉલ્લંઘન કરવાથી જે વિવાદ ઊભો થાય, તે સંવિત્વ્યતિક્રમ નામનો વ્યવહાર જાણવો. **'સીમાવિવાદ[7]'** = બે ક્ષેત્ર, બે ગૃહ, બે ગામ, કે બે દેશની પરસ્પર સીમા-હદ નક્કી થઈ હોય તેના ન્યૂનત્વ-અધિકત્વ, ભોગવટો-નહિ ભોગવટો, એ આદિક નિમિત્તવાળો જે વિવાદ, તે સીમાવિવાદનામક વ્યવહાર કહેલો છે. **'સ્તેયસાહસ[8]'** = ધણીની અસમક્ષ, ગાફલ ધણીને ઠગીને દ્રવ્યનું જે અપહરણ કરવું, તે **'સ્તેય'** = ચોરી કહેવાય. રાજાનો દંડ, જનોનો આક્રોશ તેને નહિ ગણીને, રાજપુરુષ થકી ઈતરજનની સમક્ષ, બળાત્કારે યત્કિંચિત્ પરદ્રવ્યનું હરણ, મારણ, પરદારાપ્રધર્ષણાદિ કરાય છે તે સર્વે, **'સાહસ'** કહેવાય; તે

સ્તેય અને સાહસ-બંને મળીને સ્તેયસાહસ નામનું વિવાદપદ જાણવું ૧૦. વળી શ્લો. ૮માં કહ્યું છેઃ—

**क्रयविक्रयानुशयो विवादः स्वामिपालयोः ।**
**अशुश्रूषाऽभ्युपेत्थाय पारुष्ये दण्डवाचिके ॥ ११ ॥**

**'ક્રયવિક્રયાનુશય[૯]'** = મૂલ્ય આપીને કોઈ વસ્તુ ખરીદ્યા પછીથી, ધનહાનિની શંકા થતાં ખરીદનારને જે અનુતાપ થાય; અને મૂલ્ય લઈને કોઈ વસ્તુ વેચ્યા પછીથી, અર્થહાનિની શંકાથી વેચનારને જે પશ્ચાત્તાપ થાય તે બંનેએ કરીને ઊભું થતું જે વ્યવહારપદ, તે ક્રયવિક્રયાનુશય કહેવાયત્ **'સ્વામિપાળવિવાદ[૧૦]'** = ગવાદિ પશુઓનો સ્વામી અને પગાર લઈને તેને પાળનારો ગોપાળ બંનેનો વિવાદ, તથા ક્ષેત્રનો સ્વામી અને પશુઓનો પાલક તે બંનેનો; કહેતાં, ગાય, ભેંશ આદિકે ખેતરમાં ધાન્યાદિ ભક્ષણ કરી જવાથી થતો વિવાદ, તે સ્વામિપાળવિવાદ નામનું વ્યવહારપદ જાણવું. **'અભ્યુપેત્યાશુશ્રુષા[૧૧]'** = હું તમારી શુશ્રુષા કરીશ; તમે તે બદલ મારું આટલું કામ કરજો —એમ પરસ્પર સ્વીકાર કરી, શુશ્રુષાનો બદલો વાળી ન આપે; અથવા શુશ્રુષા બદલ પ્રથમ, ધનાદિક સ્વીકાર કરીને પછી શુશ્રુષા ન કરે, તે અભ્યુપેત્યાશુશ્રુષા નામનું વિવાદપદ જાણવું. **'વાક્પારુષ્ય[૧૨]'** = દેશ, જાતિ, કુળાદિકના આક્રોશ; એટલે ઉચ્ચસ્વરે ભાષણવાળું અને કુત્સિતશબ્દવાળું, જે બીજાને ઉદ્વેગ ઉપજાવવા માટે વચન બોલાય, તે વાક્પારુષ્ય નામનું વિવાદપદ જાણવું. ('ગૌડદેશીય લોકો નિશ્ચે ક્લેશ કરવામાં પ્રીતિવાળા હોય છે.' આ દેશાક્રોશ-દેશનો ગુણ જાણવો.

'બ્રાહ્મણો બહુ જ લોભિયા હોય છે' આ જાત્યાક્રોશ-જાતિનો ગુણ જાણવો. અને 'વિશ્વામિત્રકુળના ક્રૂરકર્મવાળા જ હોય છે' આ કુલાક્રોશ-કુળનો ગુણ જાણવો.) **'દંડપારુષ્ય[૧૩]'** = પરના અંગને, હસ્ત, પાદ, આયુધ, પાષાણ, ભસ્મ, કાદવ આદિ વડે પીડા કરવી, તે દંડપારુષ્ય નામનું વિવાદપદ જાણવું ૧૧. વળી શ્લો. ૯માં કહે છે:—

**स्त्रीसंग्रहो वेतनस्यादानं द्यूतसमाह्वयः ।**
**दायभागश्च स्त्रीपुंसोर्धर्मश्चाष्टादशेति हि ॥ १२ ॥**

**'સ્ત્રીસંગ્રહ[૧૪]'** = પરસ્ત્રીનો જે સ્પર્શાદિ કરવો, તે સ્ત્રીસંગ્રહ નામનું વિવાદપદ જાણવું; સ્ત્રી-પુરુષનો જે મિથુનીભાવ તે સંગ્રહણ કહ્યું છે. **'વેદનાદાન[૧૫]'** = ભૃત્ય જે નોકર લોકોને સેવા નિમિત્તે પગાર આપવામાં તથા નહિ આપવામાં કરવાનો વિચાર જેમાં રહ્યો છે, તે વિવાદ વેતનાદાન નામથી વ્યવહાર કહ્યો છે. **'દ્યૂતસમાહ્વય[૧૬]'** = 'અક્ષ' જે પાસા, 'બન્ધ' જે ચામડાની પટ્ટી ને 'શલાકા' જે હાથીદાંતની લાંબી ચોરસ સળી —ઇત્યાદિ 'અપ્રાણીઓ;' અર્થાત્ અચેતન પદાર્થો વડે, જીતી લેવા માટે જે કપટથી રમત, 'પણ'પૂર્વક-હોડપૂર્વક કરાય છે તે **'દ્યૂત'** કહેવાય. અને કૂકડાં-પારેવાં આદિક પ્રાણીઓ; એટલે ચેતન વડે જે પણપૂર્વક જીતી લેવા માટે રમત કરાય છે, તે **'સમાહ્વય'** કહેવાય. તે બંને મળીને દ્યૂતસમાહ્વય નામનું એક વિવાદપદ જાણવું; (જૂગટામાં એવો ભેદ જાણવો). **'દાયભાગ[૧૭]'** = કહેતાં ધણીના સંબંધ નિમિત્તમાત્રથી, જે ધન બીજા પુત્રાદિકની માલકીનું થાય છે તે **'દાય'** શબ્દથી કહ્યું છે; તેનો બહુ પુત્રાદિકને ભાગ વહેંચી આપવો તે દાયભાગ નામનું વિવાદપદ જાણવું. **'સ્ત્રીપુંધર્મ[૧૮]'**

= 'સ્ત્રી-પુરુષનો જે ધર્મ;' અર્થાત્ પરસ્પર વર્તવાની રીતિ તે, ધર્મશાસ્ત્રમાં જે પ્રકારે કહેલ છે તેને ઉલ્લંઘન કરતાં, યદ્યપિ સ્ત્રી-પુરુષને પરસ્પર વાદીપ્રતિવાદી થઈ, રાજાને સમક્ષ વ્યવહારદાવો કરવાનો નિષેધ કર્યો છે, તથાપિ પ્રત્યક્ષ કે કર્ણપરંપરાએ તે જાણવામાં આવતાં, રાજાએ દંડાદિકે કરીને દંપતીને પોતપોતાના ધર્મમાર્ગમાં સ્થાપન કરવાં, આ રીતે થાય તે સ્ત્રીપુંધર્મ નામનું અઢારમું વિવાદપદ જાણવું. આ રીતે 'વ્યવહાર' એટલે કે દાવો-ફરિયાદ થવાનાં અઢાર પદ,- અઢાર કારણો જાણવાં ૧૨.

## સભાસદોનાં લક્ષણ

શ્રીહરિએ આ સંબંધમાં સ. જી. પ્ર. ૫, અ. ૨૬માં આ પ્રમાણે કહ્યું છેઃ—

**श्रुताध्ययनसम्पन्ना धर्मज्ञाः सत्यवादिनः[१]।**
**ह्रीनिषेवास्तथा दान्ता दयार्जव समन्विताः ॥ १३ ॥**
**शक्ताः कथयितुं सम्यङः न्यायान्यायौ यथातथम्[२]।**
**राज्ञा सभासदः कार्या रिपौ मित्रे च ये समाः ॥ १४ ॥**

રાજાએ, વ્યવહારના નિર્ણય માટે કરવાના સભાસદોનાં હવે લક્ષણો કહે છેઃ 'શ્રુત' —એટલે, ધર્મતત્ત્વવેત્તાઓ થકી અનેક ધર્મોનું શ્રવણ તથા શાસ્ત્રોનું અધ્યયન જેમણે કર્યું હોય તેવા, ધર્મના રહસ્યને જાણનારા, સત્ય બોલનારા, અયોગ્ય કાર્યનું આચરણ કરવામાં લજ્જાવાળા, જિતેન્દ્રિય, દયાવાન, 'આર્જવ' એટલે મન, વાણી ને દેહ —એ ત્રણેયમાં એકરૂપ હોવાથી સરલતાએ સંપન્ન, તેમ જ શત્રુ તથા મિત્રમાં સમ, માટે જ સભામાં ન્યાય-અન્યાયને તત્ત્વથી સારી રીતે કહેવામાં સમર્થ, —આવા લક્ષણવાળા જનોને રાજાએ

સભાસદો કરવા ૧૩-૧૪.

### દંડ્ય-અદંડ્ય જનોનાં લક્ષણ

વળી મૂળશ્લોકમાં 'દંડવા યોગ્ય તથા નહિ દંડવા યોગ્ય જનોનાં લક્ષણ, રાજાઓએ જાણવાં' —એમ કહ્યું છે. તે બંનેનાં લક્ષણો અનુક્રમે 'નીતિશાસ્ત્ર'માં આ પ્રમાણે કહેલાં છેઃ—

**त्यक्तस्वधर्मः पाषण्डी सद्द्रोही दुर्बलार्दनः ।**
**उल्लङ्घितस्वमर्यादः स राज्ञो दण्डमर्हति ॥ १५ ॥**
**अदण्ड्या ब्राह्मणा राज्ञो दुर्बलास्त्यागिनस्तथा ।**
**विष्ण्वादिदेवभक्त्यङ्कास्तपस्वी पितरौ गुरुः ॥ १६ ॥**

સ્વધર્મ રહિત, પાખંડી, સજ્જનનો-સત્પુરુષનો દ્રોહ કરનાર, દુર્બળોને પીડનાર અને રાજાની મર્યાદાને ઉલ્લંઘનાર, —આ સર્વે દંડને યોગ્ય છે ૧૫. હવે અદંડ્યજનોનાં લક્ષણો આ પ્રમાણે છેઃ સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણો, 'દુર્બળ' અર્થાત્ વૃદ્ધાવસ્થા કે રોગથી ક્ષીણ શરીરવાળાઓ, ત્યાગીઓ-સંન્યાસીઓ, વિષ્ણુ વગેરેની ભક્તિવાળા, તપસ્વી, તેમ જ માતાપિતા અને ગુરુ —એટલાઓ રાજાને દંડવા યોગ્ય નથી ૧૬. આનાં પેટાભેદલક્ષણો નીતિશાસ્ત્રમાંથી જાણી લેવાં.

### દાણ લેવા ન લેવાની વિક્તિ

અહીં મૂળશ્લોકમાં 'ચ'કાર છે માટે, કોની પાસેથી દાણ લેવું, ને કોની પાસેથી ન લેવું તે પણ રાજાઓએ જાણવું. તેનો નિર્ણય 'મિતાક્ષરા ટીકા' વગેરે થકી સમજવો. આવી રીતે સંક્ષેપે કરીને રાજાઓના ધર્મ કહ્યા ને તેમના ધર્મનો વિશેષ વિસ્તાર તો, સ. જી. પ્ર. ૫માં કહેલ 'રાજધર્મ'* થકી જાણવો. ઇતિ શ્લો. ૧૫૮.

* સ. જી. પ્ર. ૫, અ. ૨૨ થી ૨૯ એ આઠ અધ્યાય રાજધર્મના છે.

# સધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૫૯

**सभर्तृकाभिर्नारीभिः सेव्यः स्वपतिरीशवत्।**
**अन्धो रोगी दरिद्रो वा षण्ढो वाच्यं न दुर्वच॥ १५९ ॥**

**હવે સુવાસિની બાઈઓના વિશેષ ધર્મ કહીએ છીએઃ અમારે આશ્રિત જે સુવાસિની બાઈઓ તેમણે, પોતાનો પતિ અંધ હોય, રોગી હોય, દ્રરિદ્રી હોય, નપુંસક હોય તો પણ તેને ઈશ્વરની પેઠે સેવવો અને તે પતિ પ્રત્યે કટુ વચન ન બોલવું ૧૫૯.**

### પતિને ઈશ્વરવત્ સેવવાની આજ્ઞા વગેરે

હવે સધવા સ્ત્રીઓના વિશેષ ધર્મો, શ્રીહરિ ચાર શ્લોકથી કહે છેઃ 'सभर्तुकाः' એટલે જેમના ભરથાર જીવતા હોય એવી સ્ત્રીઓ; એવી સ્ત્રીઓને પોતાના ભરથારની સેવા કરવી —એ જ મુખ્ય ધર્મ છે. દૈવયોગે ભરથાર કદાચ આંધળો હોય કે થાય; અથવા રોગિષ્ટ હોય કે થાય; અથવા 'દરિદ્ર' કહેતાં ધન વિનાનો હોય કે થઈ જાય; અથવા નપુંસક હોય, તો પણ પોતાના પતિને પરમેશ્વર તુલ્ય ગણીને સેવવો.

તે શ્રી. ભા. સપ્તમસ્કંધ અ. ૧૧માં નારદનું વચન છેઃ—

**या पतिं हरिभावेन भजेच्छ्रीरिव तत्परा[२१] ।**
**हर्यात्मना हरेर्लोके पत्या श्रीरिव मोदते ॥ १ ॥**

જે સ્ત્રી પતિપરાયણ થઈ, પોતાના પતિને ભગવાનરૂપ માનીને તેની સેવા કરે છે તે સ્ત્રી, લક્ષ્મીજી જેમ વિષ્ણુની સાથે આનંદ કરે છે તેમ વિષ્ણુલોકમાં, વિષ્ણુરૂપ એવા પોતાના પતિની સાથે આનંદ કરે છે ૧. વળી શ્રીકૃષ્ણ ભગવાને દશમસ્કંધ અ. ૨૯માં કહ્યું છેઃ—

**भर्तृः शुश्रूषणं स्त्रीणां परो धर्मो ह्यमायया[२४] ।**
**तद्बन्धूनां च कल्याण्यः प्रजानां चानुपोषणम् ॥ २ ॥**
**दुःशीलो दुर्भगो वृद्धो जडो रोग्यधनोऽपि वा[२५] ।**
**पतिः स्त्रीभिर्न हातव्यो लोकेप्सुभिरपातकी ॥ ३ ॥**

હે કલ્યાણીઓ! પતિની તથા પતિના બંધુઓની નિષ્કપટભાવે સેવા કરવી અને પોતાનાં બાલબચ્ચાઓને ઉછેરવાં-સાચવવાં; આ સ્ત્રીઓનો મુખ્ય ધર્મ છે ૨. પતિ મહાપાતકી ન હોય, અને તે સિવાયના અન્ય દુષ્ટ સ્વભાવનો હોય, ભાગ્યહીન, વૃદ્ધ, મૂર્ખ, રોગી કે નિર્ધન હોય-તો પણ પરલોકનાં સુખની ઈચ્છાવાળી સ્ત્રીઓએ તેનો ત્યાગ કરવો નહિ ૩. વળી યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આચારાધ્યાય ૧માં કહ્યું છેઃ—

**स्त्रीभिर्भर्तृवचः कार्यमेष धर्मः परः स्त्रीयाः[७७] ।**
**आशुद्धेः सम्प्रतीक्ष्यो हि महापातकदूषितः ॥ ४ ॥**

સ્ત્રીઓએ પતિના વચન પ્રમાણે જ ચાલવું —એ જ એમનો શ્રેષ્ઠ ધર્મ છે; અને પતિ જો મહાપાતકી હોય તો, તેની મહાપાતકથી શુદ્ધિ થતાં સુધી રાહ જોવી; પણ તેનો તત્કાળ ત્યાગ કરવો નહિ ૪.

સ. જી. પંચમ પ્રકરણ અ. ૩૧માં શ્રીહરિ કહે છેઃ—

**पत्युर्नाम न गृह्णीयात्तस्यायुष्यविवृद्धये[१] ।**
**पुरुषान्तरनामापि न गृह्णीयात्कदाचन ॥ ५ ॥**

પતિવ્રતા નારી, પતિનું નામ કદાપિ ઉચ્ચારે નહિ. અન્ય નરનું તેવું નામ હોય તો, તેવા નામનું પણ ઉચ્ચારણ કરે નહિ. પતિના નામના ઉચ્ચારણથી પતિના આયુષ્યનો ક્ષય થાય છે, માટે તેમના નામને, તેમના આયુષ્યની વૃદ્ધિ માટે ન જ ઉચ્ચારે ૫. વળી તે પછી શ્લો. ૧૦માં શ્રીહરિ કહે છેઃ—

**आकृष्टापि च नाक्रोशेत्प्रसीदेत्ताडितापि च ।**
**चिरं द्वारि न तिष्ठेच्च नोच्चैर्भाषेत कर्हिचित् ॥ ६ ॥**

પતિએ તિરસ્કાર કર્યો હોય તો પણ પતિનો તિરસ્કાર કરે નહિ; કિંતુ મધુરભાષિણી થાય. પતિ તાડન કરે તો પણ પ્રસન્ન રહે; પરંતુ કોપ કરે નહિ. વળી તે પતિવ્રતા સ્ત્રી, પોતાના ગૃહદ્વાર મધ્યે બહુવેળા ઊભી રહે નહિ ને પતિ સામે ઉચ્ચ સ્વરથી કદાપિ બોલે નહિ ૬. વળી શ્લો. ૨૯માં શ્રીહરિ કહે છેઃ—

**नोलूखले न मुसले न वर्धन्यां दृषद्यपि ।**
**न यन्त्रके न देहल्यां सती चोपविशेत्क्वचित् ॥ ७ ॥**

પતિવ્રતા નારી, ખાંડણિયો, સાંબેલું, સાવરણી, પાષાણ-ખંડ, યંત્રાદિક-ચગડોળ તથા ઉમરા વગેરે ઉપર કદાપિ બેસે નહિ (કારણ કે તેમ કરવાથી પતિના આયુષ્યની હાનિ થાય છે.) ૭. વળી શ્લો. ૩૬માં પણ કહ્યું છેઃ—

**क्लीबं वा दुरवस्थं वा व्याधितं वृद्धमेव वा ।**
**दुःशीलं दुर्भगं वापि पतिं सेवेत सर्वथा ॥ ८ ॥**

ભલે, પતિ નપુંસક હોય, દારિદ્ર્યદુઃખી હોય, રોગગ્રસ્ત

હોય, વૃદ્ધવયને લીધે શિથિલ ગાત્રવાળો હોય, દુ:સ્વભાવવાળો હોય કે ભાગ્યહીન હોય તો પણ, તેને સકળ સદ્‌ગુણસંપન્ન જ જેમ —એમ માનીને, પતિવ્રતા સ્ત્રી સર્વપ્રકારે સેવે ૮.

વળી હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૨૧માં શ્રીહરિ કહે છેઃ—

**जरन्रुग्णोऽधनो वापि नावगण्यः स कर्हिचित्**[९९] **।**
**सम्मार्जनादिभिः स्वच्छं गृहं कार्यश्च सर्वतः ॥ ९ ॥**
**धार्याणि धौतवासांसि प्रमृष्टाश्च परिच्छदाः**[१००] **।**
**कार्या न दुर्वचो भाष्यं स्थेयं शुचितया सदा ॥ १० ॥**
**...! पत्युरेवाज्ञया कार्यं तीर्थदानव्रतानि च**[१०१]**।... ॥ ११ ॥**

પોતાનો પતિ વૃદ્ધ હોય, રોગી હોય કે નિર્ધન હોય તો પણ તેની ક્યારેય અવગણના કરવી નહિ. અને પોતાનું ઘર વાળવા-લીંપવા વગેરેથી સર્વપ્રકારે સ્વચ્છ રાખવું ૯. સધવા સ્ત્રીઓએ હંમેશાં ધોયેલાં વસ્ત્રો ધારવાં; ઘરની સર્વ સામગ્રીઓ સ્વચ્છ રાખવી; ક્યારેય દુષ્ટ ભાષણ કરવું નહિ અને સદાય પવિત્રપણે રહેવું ૧૦. વળી તીર્થ, દાન, વ્રત વગેરે જે કંઈ કરવું તે પોતાના પતિની આજ્ઞા લઈને જ કરવું ૧૧. ઈતિ શ્લો. ૧૫૯.

## શિ૦ શ્લો૦ ૧૬૦

**रुपयौवनयुक्तस्य गुणिनोऽन्यनरस्य तु ।**
**प्रसङ्गो नैव कर्तव्यस्ताभिः साहजिकोऽपि च ॥ १६० ॥**

**અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, રૂપ યૌવન તેણે યુક્ત**

**અને ગુણવાન એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ સહજસ્વભાવે પણ ન કરવો ૧૬૦.**

## પરપુરુષનો સ્વાભાવિક પ્રસંગ નિષેધ

'ताभिः' એટલે તે સધવા સ્ત્રીઓએ; 'રૂપ' કહેતાં, શરીરનું સૌંદર્ય; 'यौवन' જે તારુણ્ય અને 'गुणिनः' એટલે વિદ્યા, કળા તથા ધર્મ વગેરેથી યુક્ત એવો જે અન્ય પુરુષ, તેનો પ્રસંગ પોતાની ઈચ્છા ન હોય ને કોઈ કાર્યનિમિત્તે પ્રાપ્ત થયો હોય, તો પણ તે ન પાડવો. 'પ્રસંગ' એટલે તેનું વારેવારે નિરીક્ષણ, તેની સાથે વાર્તાલાપ, અગર તેની સાથે રહેવું —એ વગેરે લક્ષણવાળો જે પ્રકૃષ્ટ સંગ, તે ન કરવો.

તે મહાભારતના આનુશાસનિક પર્વમાં શ્રી શંકરનું વચન છેઃ—

**सहसाऽपि प्रसङ्गेन यूनां योषिद्विनश्यति ।**
**अपि साध्वी समाचारा यथाहि युवतेः पुमान् ॥ १ ॥**

જેમ યુવતીના પ્રસંગથી પુરુષ નાશ પામે છે, તેમ યુવાન પુરુષના સહજસ્વભાવના પ્રસંગથી, સારા આચારવાળી સાધ્વી સ્ત્રી હોય, તો પણ તે નાશ પામે છે ૧.

મૂળશ્લોકમાં 'अपि' શબ્દ મૂક્યો છે તેથી એમ સમજવાનું છે કે, બુદ્ધિપૂર્વક સ્વેચ્છાથી, પુરુષના પ્રસંગનો દૂરથી જ ત્યાગ કરવો.

## સ્ત્રીઓને સ્વતંત્રતાનો નિષેધ

વળી 'ચ'કાર છે એટલે, સ્ત્રીઓએ સ્વતંત્ર રહેવું વગેરે પણ ન કરવું. તે પરાશરસ્મૃતિના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છેઃ—

**पिता रक्षति कौमारे भर्ता रक्षति यौवने[१६] ।**
**वार्धके पुत्रपौत्राद्या नास्ति स्त्रीणां स्वतंत्रता ॥ २ ॥**

સ્ત્રીઓની રક્ષા, કૌમાર અવસ્થામાં પિતા કરે છે, યુવાન અવસ્થામાં તેનો પતિ રક્ષણ કરે છે, વૃદ્ધ અવસ્થામાં તેના પુત્ર-પૌત્રાદિ રક્ષણ કરે છે; રક્ષણ સિવાય સ્ત્રીઓને સ્વતંત્રપણે રહેવું નહિ ૨.

હવે તીર્થયાત્રા કરવી તે તો ધર્મકાર્ય છે તો પણ સ્ત્રીઓ સ્વતંત્રપણે તીર્થાદિકમાં એકાકી ન જાય, એમ સ. જી. પ્ર. ૫, અ. ૩૧માં શ્રી સહજાનંદ સ્વામી કહે છેઃ—

**स्वाचारा वर्जयेत्सा च समाजोत्सवदर्शनम्[१७] ।**
**न गच्छेत्तीर्थमेकैव विवाहप्रेक्षणाय च ॥ ३ ॥**

પતિવ્રતા સ્ત્રી, સર્વદા સદાચારપરાયણ થાય. સમાજસંપાદ્ય જે વિવાહ આદિ ઉત્સવ તેનું નિરીક્ષણ ન કરે. (સંબંધીગૃહોમાં) વિવાહવીક્ષણ માટે સ્વયં એકાકી ન જાય; કિંતુ વડીલોની સાથે જાય, તથા તીર્થમાં પણ સ્વયં એકાકી ન જાય ૩. ઈતિ શ્લો. ૧૬૦.

## શિ૦ શ્લો૦ ૧૬૧

**नरेक्ष्यनाभ्यूरुकुचाऽनुत्तरीया च नो भवेत् ।**
**साध्वी स्त्री न च भण्डेक्षा न निर्लज्जादिसङ्गिनी ॥ १६१ ॥**

**અને પતિવ્રતા એવી જે સુવાસિની સ્ત્રીઓ, તેમણે પોતાની નાભિ, સાથળ અને છાતી, તેને બીજો પુરુષ દેખે —એમ ન વર્તવું. અને ઓઢ્યાના વસ્ત્ર વિના ઉઘાડે શરીરે ન રહેવું. અને ભાંડભવાઈ જોવા ન જવું. અને નિર્લજ્જ એવી જે**

**સ્ત્રીઓ તથા સ્વૈરિણી, કામિની અને પુંશ્ચલી એવી જે સ્ત્રીઓ, તેમનો સંગ ન કરવો ૧૬૧.**

## સ્ત્રીસદાચાર – વિક્તિ

'साध्वी' એટલે શીલ, સદાચાર આદિ સાધુગુણે યુક્ત; આ શબ્દ સમગ્ર સ્ત્રીજાતિને –સધવા, વિધવા, કુમારી સર્વને લગાડવાને માટે એકવચનમાં મૂક્યો છે. પુરુષ, નાભિ, સાથળ ને છાતીને દેખે તેમ સ્ત્રીઓએ વર્તવું નહિ. અને 'ઉત્તરીય' કહેતાં ઓઢવાનું વસ્ત્ર પણ હંમેશાં રાખવું જ. વળી 'भण्डेक्षा' એટલે પ્રેક્ષકજનોને પરિહાસ કરાવનારા તથા અનેક વેષને ધારણ કરનારા, એવા જે ભાંડ-ભવાયા તેને જોવા માટે ન જવું. તેમ જ નિર્લજ્જ એવી 'ગણિકા' જે નૃત્ય કરનારી ગુણકા; તથા 'આદિ' પદથી તેના જેવી સ્વૈરિણી વગેરે બીજી સ્ત્રીઓનો સંગ ન કરવો.

શંખમુનિનું આ સંબંધમાં વચન છે કેઃ–

'अनुक्ता गृहान्न निर्गच्छेन्नानुत्तरीया न त्वरितं व्रजेन्न परपुरुषमभिभाषेतान्यत्र वणिक्प्रव्रजितवृद्धवैद्येभ्यो न नाभिं दर्शयेदागुल्फाद्वासः परिदध्यान्न स्तनौ निवृतौ कुर्यान्न हसेदपावृतं न भर्तारं तद्बन्धून्वा द्विष्यान्न गणिकाधूर्ताभिसारिणी-प्रव्रजिताप्रेक्षणिकामायामूलकुहककारिकादुःशीलाभिः सहैकत्र तिष्ठेत्संसर्गेण हि चारित्रं दुष्यती'ति।

પતિની આજ્ઞા વિના પતિવ્રતા સ્ત્રીએ ઘરમાંથી બહાર નીકળવું નહિ. ઉત્તરીય વસ્ત્ર વિના રહેવું નહિ. ઉતાવળે ચાલવું નહિ. 'પરપુરુષની સાથે' અર્થાત્ સમીપ સંબંધી ન હોય તેમની સાથે (વિના પ્રયોજન) બોલવું નહિ. વણિક,

સંન્યાસી, વૃદ્ધ અને વૈદ્યને નાભિ દેખાડવી નહિ. ઠેઠ ઘૂંટી સુધી વસ્ત્ર પહેરવું. સ્તનો ઉઘાડાં ન રાખવાં. ખડખડાટ હસવું નહિ. તેમ જ ભરથાર તથા તેના બંધુઓ પર દ્વેષ ન કરવો. ગણિકા, ધૂતારી, પૂર્વસંકેત મુજબ પરપુરુષના પ્રેમ માટે એકાંતમાં મળનારી, સંન્યાસીની, બીજાનાં છિદ્રો જોનારી, કપટી તથા ખરાબ સ્વભાવવાળી, —આટલાંની સાથે ઊભા રહેવું નહિ; કેમ કે એવાઓના સંસર્ગમાત્રથી જ, ચારિત્ર્ય દૂષિત થાય છે માટે એવાઓનો સંગ સર્વથા ત્યજવો, એવો આશય છે.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૩૧માં કહે છેઃ—

**न च पुंवेषधारिण्या नातिवार्ताप्रसक्तया[२५] ।**
**बहुगेहभ्रमणया स्त्रिया सख्यं न चाचरेत् ॥ १ ॥**
**न चण्डाया त शौण्डायाश्चौराया दुष्टचेतसः[२७] ।**
**चपलाया बहुभुजः स्त्रियाः सख्यं न चाचरेत् ॥ २ ॥**
**गुरुणां सन्निधौ वापि नोच्चैर्ब्रूयान्न वा हसेत्[३२] ॥ ३ ॥**

પુરુષ-વેષને ધરનારી, બહુ (ગ્રામ્ય) વાર્તા કરવાના સ્વભાવવાળી તથા ઘેરઘેર વારેવારે ભટકનારી, એવી સ્ત્રીઓ સાથે પતિવ્રતા સ્ત્રી સખીપણું ન જ કરે ૧. જે અત્યંત કોપ કરનારી હોય, જે સુરાપાન કરનારી કે સુરા વેચનારી હોય, જે ચોરીનું કર્મ કરનારી હોય, દુષ્ટ ચિત્તવાળી હોય, જે ચપળ હોય, જે બહુ ખાવાના સ્વભાવવાળી હોય —આવી સ્ત્રીઓ સાથે પતિવ્રતા નારી, સખીપણું ક્યારેય ન જ કરે ૨. વળી સાસુ-સસરો આદિક ગુરુજનોની આગળ ઉચ્ચસ્વરે બોલે નહિ; તેમ જ ખડખડાટ હસે પણ નહિ ૩.

## સ્વૈરિણી આદિ સ્ત્રીઓનાં લક્ષણ વગેરે

શ્રીહરિએ આ સંબંધમાં સ. જી. પ્ર. ૫, અ. ૩૦માં કહ્યું છેઃ–

**सवर्णेषु रताः पुंसु स्वैरिण्यस्तत्र कीर्तिताः[१५] ।**
**असवर्णेष्वपि रताः सवर्णेषु तथाऽपराः ॥ ४ ॥**
**सवर्णेष्वसवर्णेषु स्वसम्बन्धिषु पुंसु च[१६] ।**
**योषितो या रताः स्युस्ताः पुंश्चल्य इति कीर्तिताः ॥ ५ ॥**

જે સ્ત્રી, પોતાની જ્ઞાતિના પુરુષો વિષે કામભાવથી આસક્ત હોય તે **'સ્વૈરિણી'** કહી છે. પરજ્ઞાતિ તથા સ્વજ્ઞાતિમાં પણ આસક્ત હોય તે **'કામિની'** કહી છે. તેમ જ 'સવર્ણ' એટલે જ્ઞાતિમાં, 'અસવર્ણ' જે પરજ્ઞાતિમાં અને (જ્ઞાતિના) સંબંધી પુરુષોમાં પણ આસક્ત હોય તે **'પુંશ્ચલી'** જાણવી ૪-૫. આ ત્રણે પ્રકારની સ્ત્રીઓ કુલટા કહેવાય છે. સધવાએ તેનો તથા ધૂર્તાદિનો પણ સંગ ન કરવો. (ધૂર્ત એટલે કિમિયા આદિક ક્રિયાએ કરીને જનને ઠગનારા; અથવા ભક્તિજ્ઞાનનું અવલંબન કરીને સ્ત્રી-દ્રવ્ય-રસાસ્વાદને વિષે આસક્ત તથા ચોર, પાપી, વ્યસની, પાખંડી ને કામી આદિક જનોનો સંગ પણ વિશેષપણે વર્જવો.) ઇતિ શ્લો. ૧૬૧.

## શિ૰ શ્લો૰ ૧૬૨

**भूषासदंशुकधृतिः परगेहोपवेशनम् ।**
**त्याज्यं हास्यादि च स्त्रीभिः पत्यौ देशांन्तरं गते ॥ १६२ ॥**

**અને તે સુવાસિની સ્ત્રીઓ તેમણે, પોતાનો પતિ પરદેશ**

**ગયેસતે, આભૂષણ ન ધારવાં, રૂડાં વસ્ત્ર ન પહેરવાં, પારકે ઘેર બેસવા ન જવું અને હાસ્ય-વિનોદાદિકનો ત્યાગ કરવો.**

## પતિ પરદેશ ગયેસતે સ્ત્રીધર્મ

હવે, પતિ પરદેશ ગયો હોય તેવી સ્ત્રીઓના, શ્રીહરિ મહાપ્રભુ, વિશેષ ધર્મો કહે છેઃ પતિ પરદેશ ગયેસતે, સધવા સ્ત્રીઓએ, 'भूषाः' એટલે સુવર્ણના અલંકારાદિકથી પોતાના શરીરની શોભા કરવી —એ વગેરેનો ત્યાગ કરવો. તથા 'सदंशुकानि' અર્થાત્ બહુ મૂલ્યવાળાં જે વસ્ત્રો, તે ધારણ કરવાનો પણ ત્યાગ કરવો. વળી પારકે ઘેર બેસવા જવાના પ્રસંગનો ત્યાગ કરવો. તેમ જ 'हास्यं' એટલે ખડખડ હસવાનું તથા 'આદિ' પદથી જનસમૂહનું દર્શન કરવું —ઇત્યાદિ પણ ત્યજવું.

તે યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આચારાધ્યાય ૧માં કહ્યું છેઃ—

**क्रीडां शरीरसंस्कारं समाजोत्सवदर्शनम्[८४] ।**
**हास्यं परगृहे यानं त्यजेत्प्रोषितभर्तृका ॥ १ ॥**

'ક્રીડા' એટલે રમત રમવા જવું, શરીરને શણગારવું, સમાજના વૈવાહિક વગેરે ઉત્સવનું દર્શન કરવા જવું, અટ્ટહાસ્ય કરવું અને પારકે ઘેર (બેસવા) જવું —એટલાં વાનાંનો, પતિ પરદેશ ગયો હોય ત્યારે પતિવ્રતા સ્ત્રીએ ત્યાગ કરવો ૧.

## પતિવ્રતાના ધર્મપાલનનું ફળ

વળી યાજ્ઞવલ્ક્યે આચારાધ્યાયમાં કહ્યું છેઃ—

**पतिप्रियहिते युक्ता स्वाचारा विजितेन्द्रिया[૭] ।**
**सेह कीर्तिमवाप्नोति प्रेत्य चानुत्तमां गतिम् ॥ २ ॥**

પોતાના પતિના હિતમાં રહેલી, સારા આચારવાળી ને જિતેન્દ્રિય એવી સ્ત્રી, આ લોકમાં કીર્તિ પામે છે અને દેહ મૂકીને પરલોકમાં ઉત્તમ ગતિ મેળવે છે ૨.

### પતિવ્રતાના ધર્મમાં તથા ફળમાં બબ્બે પ્રકાર

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૩૨માં કહે છેઃ—

**पतिव्रताया धर्मोऽपि द्विविधः परिकीर्त्यते[૩૬] ।**
**केवलो नवधा भक्त्या वासुदेवस्य चान्वितः ॥ ३ ॥**
**तत्राद्यस्य फलं प्रोक्तं सतीलोकाप्तिलक्षणम्[૩૭] ।**
**द्वितीयस्त फलं ज्ञेयं गोलोकप्राप्तिरुत्तमम् ॥ ४ ॥**

પતિવ્રતાનો ધર્મ પણ, 'કેવળ' અર્થાત્ ભગવાનની નવધા ભક્તિએ રહિત અને નવધા ભક્તિએ સહિત —એમ બે પ્રકારનો કહ્યો છે ૩. તેમાં (ભગવાનની ભક્તિ રહિત કેવળ) પતિવ્રતાના ધર્મપાલનનું, સતીલોકમાત્રની પ્રાપ્તિરૂપ ફળ કહ્યું છે; જ્યારે ભગવાનના સંબંધે સહિત, બીજા પ્રકારના પતિવ્રતાધર્મનું, 'ગોલોક' —ગો કહેતાં, કિરણો તેનો 'લોક' જે સમૂહ એટલે, તેજોમય એવા અક્ષરધામની પ્રાપ્તિરૂપ ઉત્તમ ફળ કહેલું છે ૪. આવી રીતે સધવા સ્ત્રીઓના ધર્મ સંક્ષેપે કરીને કહ્યા ને તેમના ધર્મનો વિસ્તાર તો, સ. જી. પ્ર. ૫માં, સધવાના ધર્મમાં કરેલો છે તો, તે ત્યાંથી જાણી લેવો. ઈતિ શ્લો. ૧૬૨.

# વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૬૩

**विधवाभिस्तु योषाभिः सेव्यः पतिधिया हरिः ।**
**आज्ञायां पितृपुत्रादेर्वृत्यं स्वातन्त्र्यतो न तु ॥ १६३ ॥**

**હવે વિધવા સ્ત્રીઓના વિશેષ ધર્મ કહીએ છીએઃ અમારે આશ્રિત જે વિધવા સ્ત્રીઓ તેમણે તો, પતિબુદ્ધિએ કરીને શ્રીકૃષ્ણ ભગવાનને સેવવા. અને પોતાના પિતા-પુત્રાદિક જે સંબંધી તેમની આજ્ઞાને વિષે વર્તવું, પણ સ્વતંત્રપણે ન વર્તવું ૧૬૩.**

### વિધવાએ શ્રીહરિની આરાધના

હવે શ્રીહરિ, દસ શ્લોકે કરીને વિધવા સ્ત્રીઓના ધર્મ કહે છેઃ જેનો પતિ મરી ગયો હોય તેને વિધવા સ્ત્રી કહેવાય. તેણે 'हरिः' એટલે, શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુની પ્રતિમા; તેનું આરાધન 'પતિબુદ્ધિથી' અર્થાત્, આ જ મારા પતિ છે એવી બુદ્ધિથી કરવું.

### વિધવા સ્ત્રીને સ્વતંત્રપણાનો નિષેધ

વળી તે વિધવાએ પિતાથીમાંડીને, પુત્ર તથા ભાઈઓ વગેરેની આજ્ઞામાં વર્તવું; પરંતુ સ્વતંત્રપણે ન વર્તવું. તે આચારાધ્યાય ૧માં યાજ્ઞવલ્ક્યે કહ્યું છેઃ—

**रक्षेत्कन्यां पिता विन्नां पतिः पुत्रास्तु वार्धके[८५] ।**
**अभावे ज्ञातयस्तेषां स्वातन्त्र्यं न क्वचित् स्त्रियाः ॥ १ ॥**

**पितृमातृसुतभ्रातृश्वश्रूश्वशुरमातुलैः[८६] ।**
**हीना न स्याद्विना भर्त्रा गर्हणीयाऽन्यथा भवेत् ॥ २ ॥**

પરણતા પહેલાં, કન્યા-અવસ્થામાં હોય ત્યારે તેની રક્ષા પિતાએ કરવી. પરણ્યા પછી તેની રક્ષા તેના પતિએ કરવી. વૃદ્ધાવસ્થામાં પુત્રોએ રક્ષા કરવી અને તે પણ ન હોય ત્યારે, જ્ઞાતિના લોકોએ તેની રક્ષા કરવી (અને જ્ઞાતિના અભાવે રાજાએ તેની રક્ષા કરવી;) પરંતુ સ્ત્રીઓને સ્વતંત્ર તો ક્યારેય રહેવા દેવી નહિ ૧. સ્ત્રીઓએ પિતા, માતા, પુત્ર, ભાઈ, સાસુ, સસરો તથા મામો, એમના વિના ક્યારેય સ્વતંત્રપણે ન રહેવું; નહિતર પતિ વિનાની વિધવાનો ધર્મભંગ થતાં, તે નિંદાને પાત્ર થાય છે ૨.

વળી મનુસ્મૃતિ અ. ૫માં કહ્યું છેઃ—

**बालया वा युवत्या वा वृद्धया वापि योषिता[१४७] ।**
**न स्वातन्त्र्येण कर्तव्यं किञ्चित्कार्यं गृहेष्वपि ॥ ३ ॥**
**पित्रा भर्त्रा सुतैर्वापि नेच्छेद्विरहमात्मनः[१४९] ।**
**एषां हि विरहेण स्त्री गर्ह्ये कुर्यादुभे कुले ॥ ४ ॥**

બાલ્યાવસ્થામાં, યુવાવસ્થામાં કે વૃદ્ધાવસ્થામાં સ્ત્રીએ ઘરમાં પણ, સ્વતંત્રપણે કાંઈ કાર્ય ન કરવું ૩. વળી સ્ત્રીએ પિતાથી, ભરથારથી તથા પુત્રોથી છૂટા પડવાની ક્યારેય ઈચ્છા ન કરવી; કેમ કે તેમના વિરહથી ધર્મરક્ષણનો અભાવ પ્રાપ્ત થતાં સ્ત્રી, પતિના તથા પિતાના —બંને કુળોને નિંદિત કરે છે ૪.

શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭-નારાયણગીતામાં પણ કહ્યું છેઃ—

**बाला युवत्यो वृद्धा वा सधवा विधवास्तथा[७४] ।**
**स्त्रियः स्वतन्त्रा नैव स्युः पित्रादेः स्यूर्वशे सदा ॥ ५ ॥**
**स्वातंत्रेण न कर्तव्यं स्वसम्बन्धिजनान्विना[७५] ।**
**तीर्थक्षेत्राटनं स्त्रीभिः सर्वाभिरपि कर्हिचित् ॥ ६ ॥**

બાલ્યાવસ્થામાં હોય, યુવાવસ્થામાં હોય કે વૃદ્ધાવસ્થામાં હોય, સધવા હોય કે વિધવા હોય તો પણ, સ્ત્રીઓ સ્વતંત્રપણે વ્યવહાર કરનારી ન થાયઃ સર્વકાળમાં પિતા આદિકના વશપણામાં વર્તે; એટલે ભર્તા જીવતો હોય તો ભર્તાને વશ વર્તે અને તે ન હોય તો પિતા આદિકને વશ વર્તે, પણ સ્વતંત્રપણે વર્તે નહિ ૫. વળી સર્વ સ્ત્રીઓએ તીર્થક્ષેત્રની યાત્રા કરવી તે યદ્યપિ, ધર્મકાર્ય છે તથાપિ તે, 'સ્વતંત્રપણે' એટલે પતિ-પિત્રાદિકની આજ્ઞા વિના ન જ કરવી; પતિની કે પિતા આદિની આજ્ઞા પામીને પણ, સમીપ સંબંધી જનનો સમાજ ન હોય તો, એકાકી પારકા જનસમાજના મધ્યમાં જઈને, તીર્થક્ષેત્રાટન ન જ કરવું; કિંતુ સંબંધીજનો સાથે જ કરવું ૬. ઇતિ શ્લો ૧૬૩.

## શિ૦ શ્લો૦ ૧૬૪

**स्वासन्नसम्बन्धहीना नराः स्पृश्या न कर्हिचित् ।**
**तरुणैस्तैश्च तारुण्ये भाष्यं नावश्यकं विना ॥ १६४ ॥**

**અને તે વિધવા સ્ત્રીઓ તેમણે, પોતાના સમીપ-સંબંધ વિનાના જે પુરુષ તેમનો સ્પર્શ ક્યારેય ન કરવો. અને પોતાની યુવાવસ્થાને વિષે અવશ્ય કાર્ય વિના, સમીપ-સંબંધ વિનાના જે યુવાન પુરુષ, તેમની સાથે ક્યારેય પણ બોલવું નહિ ૧૬૪.**

## વિધવાને પુરુષસ્પર્શ નિષેધ

'સમીપ-સંબંધવાળા' એટલે પિતા, ભાઈ, પુત્ર વગેરેના જેવા નિકટનાં સગાં હોય તે; આ સિવાયના જે 'અન્ય પુરુષ' હોય ને તે પોતાની જ્ઞાતિના હોય તો પણ, વિધવા સ્ત્રીઓએ જાણી જોઈને તેમનો સ્પર્શ કરવો નહિ. અને પોતાની યુવાન અવસ્થા હોય ત્યારે તો, પોતાનાં યુવાન એવાં સમીપ-સંબંધ વિનાના સગાં હોય, કે જ્ઞાતિજનો હોય ને તે ભલે સત્સંગી હરિભક્ત હોય તો પણ, તેમની સાથે આવશ્યક પ્રસંગ વિના કદી બોલવું નહિ; આમાં, સામી દૃષ્ટિમાંડીને જોવું નહિ —એ વગેરેનો પણ સમાવેષ સમજવો.

તે હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૨૧માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**कामसम्बन्धिनीर्वार्ताः श्रव्याः कार्या न च क्वचित्[१०४] ।**
**न स्पृश्यो नैव भाश्याश्च ताभिर्वीक्ष्यो नरो न च ॥ १ ॥**
**आपद्यासन्नसम्बन्धिपुंस्पर्शादि न दोषकृत्[१०५] ।...॥ २ ॥**

તે વિધવા સ્ત્રીઓએ કામ સંબંધી વાર્તાઓ ક્યારેય સાંભળવી નહિ, તેમ જ પોતે કરવી નહિ. અને પુરુષનો સ્પર્શ ન કરવો, ને તેની સાથે બોલવું નહિ ને તેના સામું જોવું પણ નહિ ૧. અને કોઈ આપત્કાળ હોય ત્યારે તો, સમીપ-સંબંધવાળા પુરુષનો સ્પર્શ વગેરે થાય તો, તેનો દોષ નથી ૨.

## સમીપ સંબંધીનું લક્ષણ

શ્રીહરિ, આ સંબંધમાં સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં આ પ્રમાણે કહે છેઃ—

**पिता भ्राता पितृव्यश्च तत्पुत्रास्तत्सुतादयः[३३] ।**
**मातामहो मातुलश्च तत्पुत्रास्तत्सुतादयः ॥ ३ ॥**
**मातृष्वसुः पतिः पुत्रास्तथा पितृष्वसुः पतिः[३४] ।**
**तत्पुत्रा गुरुतत्पुत्रा अन्नदाता च तत्सुतः ॥ ४ ॥**

પિતા, ભ્રાતા, 'પિતૃવ્ય' એટલે કાકા, કાકા-દાદાના પુત્રો, ભાઈના પુત્રોના પુત્રો તથા કાકા-દાદાના પુત્રોના પુત્રો અને તેઓની દીકરીઓના પુત્રો વગેરે. તથા 'માતામહ' જે માનો બાપ, મામો, મામાના પુત્રો, મામાના પુત્રોના પુત્રો અને તેમની દીકરીઓના પુત્રો વગેરે ૩. માસીનો પતિ અને તેના પુત્રો. ફોઈના પતિ અને તેના પુત્રો. આચાર્ય અને તેમના પુત્ર. (આમાં આચાર્ય અને તેમના પુત્ર, સમીપ-સંબંધવાળા કહ્યા તે ઉચિત છે, પરંતુ વિધવાને તેમનો સ્પર્શ ઉદ્ધવસંપ્રદાયમાં અનુચિત છે.) વળી અન્નદાતા અને તેના પુત્રો (આ સર્વે સમીપ-સંબંધવાળા જાણવા) ૪. વળી તે પછી શ્લો. ૩૫ તથા ૩૬માં શ્રીહરિ કહે છેઃ—

**स भ्रातृकश्च श्वशुरस्तथा ज्येष्ठाश्च देबराः ।**
**तेषां पुत्राश्च दौहित्रा दुहितृपतयस्तथा ॥ ५ ॥**
**पुत्रपौत्रादयः स्वस्या एते सम्बन्धिनो मताः ।**
**तत्स्पर्शभाषणेक्षासु न दोषो यदि धार्मिकाः ॥ ६ ॥**

ભ્રાતાએ સહિત સસરો, તથા જેઠ-દિયર અને તે બંનેના પુત્રો, પોતાની પુત્રીઓના પુત્રો અને દીકરીઓના પતિઓ (જામતાઓ) ૫. તથા પોતે વિધવાના પુત્રો, પુત્રોના પુત્રો અને તેમની દીકરીઓના પુત્રો વગેરે. આ પિતા આદિક સમીપના સંબંધીઓ સમજવા. **'તે સંબંધીઓ જો સ્વધર્મનિષ્ઠ હોય અને બીજાના ધર્મની રક્ષા કરનારા**

**હોય, તો તેમનાં સ્પર્શ-ભાષણ-દર્શનાદિકમાં, વિધવાને દોષ નથી' ૬.**

## પુરુષસ્પર્શનું પ્રાયશ્ચિત્ત વગેરે

હવે સમીપ સંબંધનાં ન હોય એવા ગૃહસ્થ પુરુષનો, જો વિધવા સ્ત્રીથી અજાણે સ્પર્શ થઈ જાય તો, વિધવા સ્ત્રીએ પ્રાયશ્ચિત્ત તરીકે વસ્ત્રે સહિત સ્નાન કરવું; પરંતુ જાણીબૂજીને સ્પર્શ થાય —પરસ્પર સ્પર્શ કરે તો, વિધવા સ્ત્રી તથા ગૃહસ્થપુરુષ, એ બંનેએ પ્રાયશ્ચિત્ત તરીકે એકેક ઉપવાસ કરવો. —એમ શિ. શ્લો. ૧૩૫માં, ગૃહસ્થના ધર્મમાં પ્રથમ, ઉલ્લેખ કર્યો છે. હવે જે કાંઈ વિશેષ છે તે શ્રીહરિ, સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં જણાવે છેઃ—

**यदि बुद्धया स्पृशेत्कामाद्विधवा पुरुषं क्वचित्[१५] ।**
**तदा तु निष्कृतिस्तस्याः शास्त्रेषु द्विविधोदिता ॥ ७ ॥**
**रहसि स्पर्शमात्रे तु दिनद्वयमुपोषणम्[१६] ।**
**तादृकस्पर्शे जनैर्ज्ञाते कार्यं चान्द्रायणं व्रतम् ॥ ८ ॥**

વિધવા સ્ત્રી જો જાણીબૂજીને કામભાવથી, કામ રહિત એવા ગૃહસ્થપુરુષનો સ્પર્શ કરે તો, બે પ્રકારે પ્રાયશ્ચિત્ત કહ્યું છે ૭. તેમાં જો એકાંત સ્થળમાં, જાણીબૂજીને કામભાવથી કેવળ સ્પર્શ કર્યો હોય તો, વિધવા સ્ત્રી બે દિવસ લાગટ ઉપવાસ કરે (અને પુરુષ કામભાવે રહિત છે માટે એક દિવસ ઉપવાસ કરે.) હવે એવો સ્પર્શ સર્વે લોકો જાણે એમ કર્યો હોય તો, વિધવા સ્ત્રી ચાંદ્રાયણ વ્રત, પ્રાયશ્ચિત્ત તરીકે કરે (ને પુરુષ બે ઉપવાસ કરે) ૮. વળી તે પછી શ્લો. ૧૭ તથા ૧૮માં શ્રીહરિ કહે છેઃ—

**एतां या निष्कृतिं नारी न कुर्याद्यद्यनादरात् ।**
**कायक्लेशभयाद्वा सा प्राप्नुयादापदंभृशम् ॥ ९ ॥**
**प्राप्य सापयशोऽत्रापि मृत्वाथ यमयातनाः ।**
**भुक्त्वा निरुदकेऽरण्ये पिशाची स्यात् क्षुधाकुला ॥ १० ॥**

જે વિધવા સ્ત્રી, આ મેં કહ્યું એવું પ્રાયશ્ચિત્ત, તે પ્રાયશ્ચિત્તનો અનાદર કરીને નહિ કરે, કે કાયક્લેશના ભયને લીધે નહિ કરે, તે વિધવા સ્ત્રી, આ લોકમાં અપકીર્તિ પામીને મર્યા પછી નરકની પીડાઓ ભોગવી, જળે રહિત એવા વગડામાં દશ હજાર વર્ષપર્યંત, ભૂખે કરીને વ્યાપ્ત એવી પિશાચણી થશે ૯-૧૦.

## વિધવા સ્ત્રીઓના અન્ય ધર્મો

સત્સંગીજીવન પ્ર. ૫. ૩૩માં, વિધવા સ્ત્રીઓના કેટલાક અન્ય ધર્મો આ પ્રમાણે કહેલા છેઃ—

**विधवाकबरीबन्धो भर्तृबन्धाय जायते[१] ।**
**शिरसो वपनं तस्मात्कार्यं विधवया द्विज! ॥ ११ ॥**
**एकाहारं सदा कुर्याद्दिनान्ते सा त्वनापदि[३] ।**
**सङ्गं न धर्महीनानां सा कुर्याद्योषितामपि ॥ १२ ॥**

હે દ્વિજ! વિધવાએ મસ્તકે ધારેલો કબરીનો બંધ- અંબોડો, તેણીના મૃતભર્તાના બંધન માટે થાય છે; તેથી તેણીએ મસ્તકકેશનું મુંડન કરાવવું ૧૧. વળી વિધવા, પ્રતિદિન દિવસને અંતે એક જ વાર જમે; રોગાદિ આપદામાં તો યથાનુકુળ કરે. ધર્મહીન સ્ત્રીઓનો પણ સંગ ન જ કરે ૧૨. વળી તે પછી શ્લો. ૪ તથા ૫માં શ્રીહરિ કહે છેઃ—

**पर्यंके न स्वपेन्नारी रोगाद्यापदमन्तरा! ।**
**नग्ना स्नानं न कुर्याच्च त्यजेत्क्रोधं तु दूरतः ॥ १३ ॥**
**तैलाभ्यङ्गं न कुर्वीत विधवाऽनापदि क्वचित् ।**
**गन्धद्रव्यस्य सम्भोगो नैव कार्यस्तया तथा ॥ १४ ॥**

વિધવા સ્ત્રી, ખાટલામાં ન જ શયન કરે; રોગાદિ આપદામાં તો ખાટલામાં શયન કરવામાં બાધ નથી. તેમ જ નગ્ન થઈને સ્નાન કરે નહિ ૧૩. વિધવા, રોગાદિ આપત્તિ સિવાય પોતાના શરીરે તેલમર્દન ન જ કરે (રોગાદિ આપત્તિમાં રોગનિવારકપણે તો, તે દોષ માટે નથી.) તથા વિધવા, 'ગંધદ્રવ્ય' જે ચંદનતેલ તથા ચંપો, ગુલાબ વગેરેનું અત્તર, તેમ જ ઈલાયચી —આદિ તેજાનાનો ઉપયોગ ન જ કરે ૧૪.

વળી એ જ પ્રકરણ ને અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**विवाहं पान्थसार्थं च नृत्यं गीतं जनोत्सवम्[२७] ।**
**द्रष्टुं न गच्छेद्विधवा सुवेषं पुरुषं तथा ॥ १५ ॥**
**कामान्नेक्षेत पुरुषं न सम्भाषेत न स्पृशेत्[२९] ।**
**न तद्वार्तां च श्रृणुयात्सच्छास्त्रीयकथां विना ॥ १६ ॥**
**स्वबन्धुनापि चैकेन यूना सह पथि क्वचित्[४०] ।**
**तारुण्ये विधवा नैव गच्छेन्नोपविशेद्रहः ॥ १७ ॥**

વિવાહોત્સવ, 'पान्थसार्थ' એટલે દેશાંતરથી આવેલો વટેમાર્ગુ પુરુષનો સંઘ, રાજસૈન્ય, નૃત્ય, ગીતસ્થાન, ભેગા થઈને બગીચાદિકમાં ભોજનાદિમાં પ્રવર્તેલા જનોનો ઉત્સવ અને માર્ગમાં વિચરતા 'सुवेष' એટલે, વસ્ત્ર-આભૂષણાદિકથી સમલંકૃત રાજકુમારાદિ પુરુષને જોવા માટે વિધવા ન જ જાય

૧૫. કામભાવથી-બુદ્ધિપૂર્વક પુરુષને ન જ જુએ. (માર્ગમાં જતાં પુરુષ નજરે પડે જ; પરંતુ 'આ દ્રષ્ટવ્ય છે' એવી બુદ્ધિથી ન જુએ) તથા વિધવા, (સમીપ સંબંધના બંધુ થકી બીજા) પુરુષની સાથે બોલે નહિ તથા તેનો સ્પર્શ પણ કરે નહિ. પુરુષ સંબંધી રૂપ-ગુણના વર્ણનવાળી સચ્છાસ્ત્રની કથા થકી બીજી વાર્તાને સાંભળે નહિ ૧૬. વળી યુવાવસ્થામાં વર્તતી વિધવા, યુવાવસ્થામાં વર્તતા પોતાના ભ્રાતાદિ બંધુજનની સાથે પણ, માર્ગમાં એકલી કદાપિ જાય નહિ અને એકાંતમાં તેની સાથે બેસે નહિ ૧૭. ઇતિ શ્લો. ૧૬૪.

## શિ૦ શ્લો૦ ૧૬૫

**स्तनंधयस्य नुः स्पर्शे न दोषोऽस्ति पशोरिव ।**
**आवश्यके च वृद्धस्य स्पर्शे तेन च भाषणे ॥ १६५ ॥**

**અને ધાવણો જે બાળક તેના સ્પર્શને વિષે તો, જેમ પશુને અડી જવાય ને દોષ નથી તેમ દોષ નથી. અને કોઈ અવશ્યનું કામકાજ પડે, તેને વિષે કોઈક વૃદ્ધ પુરુષને અડી જવાય તથા તે વૃદ્ધ સાથે બોલાય તેને વિશે દોષ નથી ૧૬૫.**

### બાળક તથા વૃદ્ધપુરુષના સ્પર્શની વિક્તિ

'સ્તનંધયઃ' એટલે જે બાળક ધાવતું હોય એવા બાળકને; અર્થાત્ જે મનુષ્ય નરજાતિનો હોય પણ બાલ્યાવસ્થામાં હોય તો, તેના સ્પર્શમાં, ગાયના વાછરડાના સ્પર્શની પેઠે, વિધવાને દોષ નથી; કારણ કે બંનેની નરબાળક અને વાછડાની અજ્ઞાન અવસ્થા સમાન છે. વળી કહ્યું છે કે, અવશ્યના કાર્યમાં વૃદ્ધપુરુષનો સ્પર્શ કરવામાં, કે તેની સાથે ભાષણ-પ્રસંગે

વાતચીત કરવામાં દોષ નથી; કેમ કે વિધવા સ્ત્રીઓને પુરુષનો સ્પર્શ થવાથી કામવિકાર થાય છે અને તેથી લોકાપવાદનો ભય આવે, તેથી વિધવાને પુરુષસ્પર્શનો નિષેધ કરેલો છે; પરંતુ તે કામવિકાર ધાવણા બાળકના અને વૃદ્ધના સ્પર્શથી થતો નથી —એમ જણાય છે.

## આપદ્ધર્મ તથા આવશ્યક પ્રસંગ

હવે સંકટ સમયે તથા આવશ્યક કાર્યોમાં વિધવાઓએ શું કરવું, તે માટે સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં શ્રીહરિ કહે છેઃ—

**व्याघ्राह्यग्न्ययम्बुभीत्यादावापदि स्पर्शभाषणे[३०] ।**
**पुंसो जाते तु नैव स्याद्दोषोऽथ स्तनपस्य च ॥ १ ॥**

વ્યાઘ્ર, સર્પ, અગ્નિ તથા જળ આદિકના ભયરૂપી આપત્તિમાં, પુરુષનો સ્પર્શ અને તેની સાથેનું સંભાષણ, વિધવાને દોષ માટે થતું નથી. આપત્તિ સિવાય પણ સ્તનપાન —યોગ્ય વયમાં વર્તતા, નાના ધાવણા બાળકનો સ્પર્શ દોષ માટે નથી જ થતો ૧. વળી સ. જી. પ્ર. ૩, અ. ૨૫માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**रोगे वैद्यस्य च स्पर्शे मुण्डने नापितस्य च[३१] ।**
**स्पर्शे तस्या न दोषोऽस्ति यदि तत्रेतरो भवेत् ॥ २ ॥**
**एतद्भिन्ननरस्पर्शः क्रयविक्रयकर्मसु[३७] ।**
**जलाग्न्यादिभये वापि कृष्यादौ स्यान्न दोषकृत् ॥ ३ ॥**

મહારોગાતુર થતાં, વૈદ્યને નાડી બતાવવા નિમિત્તે તથા સ્પર્શમાં અને મસ્તકના કેશમુંડન નિમિત્તે થતા નાપિતના સ્પર્શમાં, જો તે સ્થળમાં 'ઈતર' —બીજો પુરુષ કે સ્ત્રી હાજર હોય તો વિધવાને દોષ નથી; એવું ન હોય તો પ્રાયશ્ચિત્ત તરીકે

એક ઉપવાસ, વિધવાને કરવાનો જાણવો ૨. જળમાં ડૂબી જવારૂપ આવેલી આપત્તિમાં, ઘરમાં અગ્નિ લાગતાં તેથી આવેલા ભયમાં તથા ખેતીના કાર્ય વગેરેમાં, તેમ જ **'ક્રય'** એટલે વસ્તુઓ મૂલ્ય આપીને વેચાતી લેવી અને **'વિક્રય'** જે મૂલ્ય લઈને વેચાતી આપવી —એ વગેરે ક્રિયાઓમાં, સમીપ સંબંધી થકી ભિન્ન પુરુષોનો સ્પર્શ, કામભાવદોષે રહિત હોવાથી, વિધવા સ્ત્રીઓને દોષને માટે થતો નથી ૩.

## વિધવાને અન્ય માહિતી

મૂળશ્લોકમાં 'ચ'કાર છે માટે, વિધવા સ્ત્રીઓએ પુરુષની સાથે માર્ગમાં પણ એકલા ચાલવું નહિ. તે સ્કંદપુરાણમાં પણ કહ્યું છેઃ—

**आश्रित्य यौवनं सर्वे विकाराः कामसम्भवाः ।**
**तिष्ठन्त्यतोऽत्र नियमाः पाल्याः स्त्रीभिश्च पूरुषैः ॥ ४ ॥**

કામના સર્વે વિકારો યૌવનને આશરીને રહેલા છે માટે, સ્ત્રીઓ તેમ જ પુરુષોએ એ નિયમોનું પાલન કરવું ૪. ઈતિ શ્લો. ૧૬૫.

## શિ૰ શ્લો૰ ૧૬૬

**विद्यानासन्नसम्बन्धात्ताभिः पाठ्या न कापि नुः ।**
**व्रतोपवासैः कर्तव्यो मुहुर्देहदमस्तथा ॥ १६६ ॥**

**અને વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ તે થકી કોઈ પણ વિદ્યા ન ભણવી. અને વ્રત-ઉપવાસે કરીને વારંવાર પોતાના દેહનું દમન કરવું ૧૬૬.**

## વિધવાને વિદ્યા ભણવાની વિક્તિ

વળી તે વિધવા સ્ત્રીઓએ પોતાના સમીપ સંબંધ વિનાના જે પુરુષ, તેમની પાસેથી વિદ્યા ન ભણવી; કેમ કે તેમના પ્રસંગનું પરિણામ ખરાબ આવે છે. જો એ વિધવા સ્ત્રીઓને ભગવાનનાં કથા-કીર્તન આદિ શીખવાની ઇચ્છા હોય, તો તેમણે પોતાના પિતા, ભાઈ વગેરે સમીપના સગાં-સંબંધી જનોની પાસેથી જ શીખવાં; પરંતુ બીજાની પાસેથી નહિ —એમ કહેવાનું તાત્પર્ય છે.

## વ્રતોપવાસ અને દેહદમન વગેરે

વળી તે વિધવા સ્ત્રીઓએ 'વ્રત વગેરે' એટલે એકાદશી આદિક જે **'નિત્યપ્રાપ્ત'** ઉપવાસો, અને ધારણા-પારણા આદિ જે **'નૈમિત્તિક'** ઉપવાસો તથા ક્યારેક અજાણતાં પુરુષનો સ્પર્શ વગેરે થઈ જાય તે નિમિત્તના **'પ્રાયશ્ચિત્ત'**ના ઉપવાસો કરીને, વારેવારે પોતાના દેહનું દમન કરવું.

તે શ્રીહરિજી, સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહે છેઃ—

**विधवानां तु नारीणां चातुर्मास्ये विशेषतः[७१] ।**
**धारणापारणादीनि व्रतानि विहितानि वै ॥ १ ॥**
**ताभिः पाल्यं ब्रह्मचर्यमप्रस्खलितमष्टधा[७२] ।**
**पुमांस्तत्प्रतिमा वापि न स्प्रष्टव्या विनाऽऽमरीम् ॥ २ ॥**

'અનશન' કહેતાં, ઉપવાસ જે દિવસે કરવાનો આવે તેને 'ધારણા' કહે છે; અને તેવા ઉપવાસને બીજે દિવસે અનશનવ્રતના અંગભૂત જે ભોજન કરવું, તેને 'પારણા' કહેવામાં આવે છે. આવા એકાંતરા ઉપવાસ કરવારૂપ વ્રતને ધારણા-પારણા કહે છે. એ આદિ વ્રતો, વિધવા નારીઓને

અષાઢાદિ ચાર માસમાં વિશેષપણે કરવાનાં શાસ્ત્રમાં કહ્યાં છે ૧. વળી તે વિધવાઓ તેમણે, અષ્ટપ્રકારનું જે બ્રહ્મચર્યવ્રત, તે અપ્રસ્ખલિતપણે જીવનપર્યંત પાળવું. આ અષ્ટપ્રકારના બ્રહ્મચર્યનો પુરુષના સ્પર્શથી જેમ ભંગ થાય છે, તેમ જ તેની પ્રતિમાના સ્પર્શથી પણ ભંગ થાય છે; માટે પુરુષનો જેમ સ્પર્શ ન કરે, તેમ તેની પ્રતિમાનો પણ સ્પર્શ, વિધવા સ્ત્રી કરે નહિ —દેવપ્રતિમાનો સ્પર્શ કરવામાં દોષ નથી ૨.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં પણ કહે છેઃ—

**मिष्टान्नं नातिभुञ्जीत नाद्यादुत्तेजकं तथा[૮] ।**
**न दध्याद्दिव्यवसनं न च कौसुम्भमंशुकम् ॥ ३ ॥**

વિધવા સ્ત્રીઓ, ઘી ગોળ વગેરે મિશ્રિત લાડુ આદિ મિષ્ટાન્ન —જે રસના ઇંદ્રિયને પ્રલોભક છે, તે અતિશય જમે નહિ; જો એવો પ્રસંગ પ્રાપ્ત થાય, કે મિષ્ટાન્ન સિવાય બીજું અન્ન ન મળે તો મિષ્ટાન્ન અલ્પ જમે; પરંતુ રસાસ્વાદ -પરવશતાથી અતિશય જમે નહિ. તથા લવીંગ, ઇલાયચી, જાયફળ આદિ ઉત્તેજક તેજાના જમે નહિ. 'दिव्य' એટલે નેત્રને આકર્ષનારાં સુંદર વસ્ત્રને ધારે નહિ, તેમ જ કસુંબા રંગથી રંગેલા વસ્ત્રને ધારે નહિ ૩. ઇતિ શ્લો. ૧૬૬.

## શિ૦ શ્લો૦ ૧૬૭

**धनं च धर्मकार्येऽपि स्वनिर्वाहोपयोगि यत् ।**
**देयं ताभिर्न तत् क्वापि देयं चेदधिकं तदा ॥ १६७ ॥**

**અને તે વિધવા સ્ત્રીઓ તેમણે પોતાના ઘરમાં, પોતાના જીવનપર્યંત દેહનિર્વાહ થાય એટલું જ જો ધન હોય તો, તે ધન**

**જે તે ધર્મકાર્યને વિષે પણ ન આપવું; અને જો તેથી અધિક હોય તો આપવું ૧૬૭.**

## વિધવાઓને દ્રવ્યાદિકનો વ્યય

વિધવા સ્ત્રીઓએ 'પોતાના નિર્વાહને ઉપયોગી' એટલે પોતાના દેહના નિર્વાહ પૂરતું જે દ્રવ્યાદિક હોય, તે ધર્મ સંબંધી કાર્ય માટે પણ આપવું નહિ; પરંતુ તેથી વિશેષ હોય તો આપવું; કારણ કે સ્વનિર્વાહ પૂરતું જ જે ધન, તેનું દાન કરવાથી પોતાના નિર્વાહને અર્થે બીજાઓની સેવા વગેરે કરવી પડે, અને તેથી, સ્વધર્મનો નાશ થવાનો સંભવ ઉત્પન્ન થાય; પરંતુ જો પોતાના નિર્વાહ કરતાં અધિક ધન હોય તો, તે ધર્મકાર્યમાં આપવું; નહિતર દ્રવ્ય હોવા છતાં ન આપવાની શઠતાને લીધે અધર્મ પ્રાપ્ત થાય.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં કહ્યું છેઃ—

**जीविकामात्रपर्याप्तं धनं स्यादात्मनस्तु यत्[२५] ।**
**न कुर्याद्धर्मकार्येऽपि व्ययं तस्य कदाचन ॥ १ ॥**
**व्यये कृते तु सा नारी जीविकार्थं पराश्रयात्[२६] ।**
**भ्रष्टा भवेत्स्वीयधर्मात्संशयो नात्र विद्यते ॥ २ ॥**

ધન, પોતાની જીવિકામાત્રમાં પર્યાપ્ત હોય; અર્થાત્, પોતાના જીવન માટે પૂરતું હોય તો, વિધવાએ ધર્માર્થે પણ તે ધન કદાપિ ખર્ચવું નહિ; યદ્યપિ ધર્માર્થે કરેલા તેના વ્યયમાં અધર્મ નથી, તથાપિ તેનો વ્યય કરી દેતાં, વિધવાને પોતાની જીવિકાર્થે બીજાનો આશ્રય લેવો પડે અને તેમ થાય તો, પરપુરુષના સંસર્ગથી બ્રહ્મચર્યરૂપ સ્વધર્મ-ભ્રંશપ્રસંગ પ્રાપ્ત થાય; આ વાતમાં સંશય નથી. આ હેતુથી પાપાચાર થકી

ધર્મરક્ષણ થવા માટે, જીવિકામાત્રપર્યાપ્ત ધનનો વ્યય, વિધવાએ ન કરવો —એમ ભગવાન શ્રી સહજાનંદ સ્વામીએ આદેશ કર્યો છે ૧-૨.

વળી શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ.૭માં કહ્યું છેઃ—

**धर्मकार्येऽपि न द्रव्यं स्वनिर्वाहोपयोगि यत्[७३] ।**
**ताभिर्देयं कदापीति मदाज्ञाऽस्ति जनाः खलु ॥ ३ ॥**

વિધવા સ્ત્રીઓએ પોતાના 'જીવનમાત્રપર્યાપ્ત' અર્થાત્ સ્વનિર્વાહ પૂરતું જ જે ધન હોય તેનો વ્યય, ધર્મકાર્યમાં પણ ક્યારેય ન કરવો —એવી મારી આજ્ઞા છે; તે હે ભક્તજનો! તમારે દૃઢ કરીને માનવી ૩. ઈતિ શ્લો. ૧૬૭.

## શિ૰ શ્લો૰ ૧૬૮

**कार्यश्च सकृदाहारस्ताभिः स्वापस्तु भूतले ।**
**मैथुनासक्तयोर्वीक्षा क्वापि कार्या न देहिनोः ॥ १६८ ॥**

**અને વિધવા સ્ત્રીઓ તેમણે એકવાર આહાર કરવો ને પૃથ્વીને વિષે સૂવું. અને મૈથુનાસક્ત એવા જે પશુપક્ષી આદિક જીવપ્રાણીમાત્ર તેમને ક્યારેય જાણીને જોવાં નહિ ૧૬૮.**

### વિધવાને ભોજન તથા શયનવિધિ

વિધવા સ્ત્રીઓએ એકવાર ભોજન કરવું; પરંતુ વ્રત તથા પ્રાયશ્ચિત્તના ઉપવાસના દિવસે તો નિરાહાર ઉપવાસ કરવો. વળી તેમણે 'ભૂતલે' એટલે જમીનતળ ઉપર સૂવું પરંતુ પલંગમાં સૂવું નહિ.

તે સ્કંદપુરાણના વૈષ્ણવખંડમાં વાસુદેવમાહાત્મ્ય અ.

૨૨માં કહ્યું છેઃ—

**त्यजेच्च सकलान्भोगान्स्यात्सकृन्मितभुक्तथा[६६] ।**
**न दिवा शयनं कुर्यान्न खट्वायामनापदि ॥ १ ॥**

વિધવા સ્ત્રીએ સમગ્ર ભોગને ત્યજી દેવા, દિવસમાં એકવાર જમવું, મિતાહારી થવું, આપત્તિ સિવાય દિવસે શયન કરવું નહિ તેમ જ ખાટલામાં સૂવું નહિ ૧.

## વિષયાસક્ત પ્રાણી જોવાનો પ્રતિષેધ

વળી તે વિધવા સ્ત્રીઓએ 'મૈથુન' એટલે વિષયભોગમાં આસક્ત એવાં પ્રાણીમાત્રને ક્યારેય પણ બુદ્ધિપૂર્વક જોવાં નહિ; કેમ કે તેમને જોવાથી તત્કાળ મનનો ક્ષોભ થાય છે અને તેથી બ્રહ્મચર્યનો ભંગ થવાનો સંભવ રહે છે.

તે શ્રીહરિજીએ સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં કહ્યું છેઃ—

**न पुंसश्चिन्तनं कुर्याद् हृदये कामभावतः[३२] ।**
**न लिखेन्न स्पृशेच्चित्रं पुत्तलं ग्राम्यधर्मि च ॥ २ ॥**
**बुद्धिपूर्वं न वीक्षेत पशुपक्ष्यादिमैथुनम्[३३] ।**
**सिद्धत्यपि स्वकार्ये च पुंसा मैत्रं तु नाचरेत् ॥ ३ ॥**

વિધવા સ્ત્રી, કામભાવથી ચિત્તમાં પુરુષનું ચિંતન ન કરે, તથા પુરુષના ચિત્રને ચીતરે નહિ ને ગ્રામ્યધર્મમાં આસક્તભાવવાળાં પુતળાંનો સ્પર્શ કરે નહિ ૨. વળી 'ગ્રામ્યધર્મમાં પ્રવર્તેલાં' એટલે મૈથુનાસક્ત પશુપક્ષી આદિકને બુદ્ધિપૂર્વક જુએ નહિ, તેમ જ અત્યંત જરૂરી એવું વ્યાવહારિક કે આભ્યુદયિક (ત્રિવર્ગ સંબંધી) પોતાનું કાર્ય સિદ્ધ થતું હોય તો પણ, પુરુષની સાથે મૈત્રીને તો વિધવા સ્ત્રી ન જ કરે. ૩ ઈતિ શ્લો. ૧૬૮.

## શિ૦ શ્લો૦ ૧૬૯

**वेषो न धार्यस्ताभिश्च सुवासिन्याः स्त्रियास्तथा ।**
**न्यासिन्या वीतरागाया विकृतश्च न कर्हिचित् ॥ १६९ ॥**

**અને તે વિધવા સ્ત્રીઓ તેમણે સુવાસિની સ્ત્રીના જેવો વેષ ન ધારવો તથા સંન્યાસણી, તથા વેરાગણી તેના જેવો વેષ ન ધારવો; અને પોતાના દેશ, કુળ અને આચાર તેને વિરુદ્ધ એવો જે વેષ તે પણ ક્યારેય ન ધારવો ૧૬૯.**

### વિધવાને વસ્ત્ર સંબંધી કિંચિત્ પરિચય

વળી એ વિધવાઓએ સુવાસિની સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. તથા 'न्यासिन्याः' એટલે સંન્યાસીના જેવાં કાષાય-ભગવાં વસ્ત્ર પહેરીને, લોકોને ઠગવા માટે ભટકતી એવી સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. તેમ જ 'वितरागाः' અર્થાત્ વીતરાગી નામથી ઓળખાતા જે રામના ભક્તપુરુષો, તેમના જેવો વેષ ધારણ કરીને, ભટકતી સ્ત્રીઓના જેવો વેષ ધારણ કરવો નહિ. વળી પોતાના દેશ અને કુળના આચારથી વિરુદ્ધ એવો વેષ પણ ધારણ ન કરવો.

તે શ્રીહરિ, સ. જી. પંચમ પ્રકરણ, અ. ૩૩માં કહે છેઃ—

**न वै सुवासिनीवेषं न पुंवेषं च कर्हिचित्[१४] ।**
**सन्नयासिन्या न वेषं च न नर्तक्याश्च धारयेत् ॥ १ ॥**
**न च सूक्ष्माणि वस्त्राणि चित्राणि च न धारयेत्[१२] ।**
**कञ्चुकं परिदध्यान्नो वासो वा विकृतं क्वचित् ॥ २ ॥**

વિધવા સ્ત્રી, સુવાસિનીનો વેષ ક્યારેય ન જ ધારણ કરે, પુરુષના વેષને ધારે નહિ, તથા 'સંન્યાસિનીનો વેષ' જે

'કાષાય'-ભગવાં વસ્ત્ર, દંડ-કમંડલુ આદિકના ધારણરૂપ છે તેવા વેષને, તેમ જ નાચનારી નારીના વેષને ધારે નહિ ૧. વળી સૂક્ષ્મ વસ્ત્રો, કે જેનાં ધારણથી પોતાનું અંગ દેખાય તેવાં વસ્ત્ર ન ધારણ કરે, અને ચિત્રવિચિત્ર રંગથી રંગેલા વસ્ત્રોને ધારે નહિ, તથા 'કંચુક'-સધવા સ્ત્રીને ઉચિત કાંચળી (કાપડું) ધારે નહિ. તેમ જ 'વિકૃત' એટલે દેશકુલાચારવિરુદ્ધ વસ્ત્રને પણ કદાપિ ધારે નહિ ૨. ઈતિ શ્લો. ૧૬૯.

## શિ૦ શ્લો૦ ૧૭૦

**सङ्गो न गर्भपातिन्याः स्पर्शः कार्यश्च योषितः ।**
**शृङ्गारवार्ता न नृणां कार्याः श्रव्या न वै क्वचित् ॥ १७० ॥**

**અને ગર્ભને પાડનારી જે સ્ત્રી તેનો સંગ ન કરવો, ને તેનો સ્પર્શ પણ ન કરવો; અને પુરુષના શૃંગારરસ સંબંધી જે વાર્તા, તે ક્યારેય ન કરવી ને ન સાંભળવી ૧૭૦.**

### વિધવાને ત્યાજ્ય માહિતી

વિધવાઓએ, 'गर्भपातिन्याः' એટલે, ઔષધ વગેરેથી ગર્ભપાત કરાવે —એવી સ્ત્રીઓનો સંગ અગર સ્પર્શ, ક્યારેય કરવો નહિ; કેમ કે તેવો સંગ કરવાથી વ્યભિચારનું અને તેવો સ્પર્શ કરવાથી સાંસર્ગિક પાપ લાગે છે. એ જ પ્રમાણે પુરુષના **'શૃંગાર સંબંધી'** એટલે શૃંગાર એ રસનો એક પ્રકાર છે; અથવા 'સુરત ક્રિયા' જે વિષયભોગ, તે સંબંધી વાત સ્ત્રીઓની આગળ ન કરવી તથા તેવી વાત સાંભળવી પણ નહિ; કેમ કે તેવી વાત કરવાથી અગર સાંભળવાથી પણ, મનનો ક્ષોભ થતાં બ્રહ્મચર્યનો ભંગ થઈ જાય છે.

તે શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં કહે છેઃ—

**न ग्राम्यधर्मवार्तां च मातुरग्रे वदेच्च सा[१७] ।**
**न चान्ययोषितोऽप्यग्रे वार्ताः शृंङ्गारिकाश्चरेत् ॥ १ ॥**
**न यवन्या न कामुक्या पाषण्डिन्या च योषिता[२१] ।**
**अवतारेष्वविश्वस्ता या हरेश्च तया सह ॥ २ ॥**
**निर्लज्जयौषधिविदा मंत्रयंत्रज्ञया तथा[२२] ।**
**मैत्रीं न गर्भपातिन्या कुर्यात्सा धूर्तया न च ॥ ३ ॥**

અમારે આશ્રિત વિધવા સ્ત્રીઓ, ગ્રામ્યધર્મ સંબંધી વાર્તા, પોતાની માતાની આગળ પણ ન કરે; તથા શૃંગારરસ સંબંધી વાર્તા, અન્ય સ્ત્રીઓની આગળ પણ ન કરે ૧. વળી જે યવન જાતિમાં જન્મેલી હોય, જે કામાસક્ત હોય, જે પાષંડમાર્ગમાં રહેલી હોય, જે ભગવાનના અવતારોમાં વિશ્વાસે રહિત હોય, જે 'નિર્મર્યાદ' અર્થાત્ લજ્જા રહિત હોય, જે વશીકરણ, ગર્ભપાતન આદિ ઔષધિને જાણનારી હોય, જે કામતંત્રપ્રસિદ્ધ મંત્રયંત્રાદિકને જાણતી હોય, જે ગર્ભપાતનશીલ હોય અને જે 'ધૂર્ત' એટલે ઠગનારી હોય, તેવી નારીઓ સાથે વિધવા સ્ત્રી, મૈત્રી ન જ કરે ૨-૩. ઇતિ શ્લો. ૧૭૦.

## શિ૦ શ્લો૦ ૧૭૧

**निजसम्बन्धिभिरपि तारुण्ये तरुणैर्नरैः ।**
**साकं रहसि न स्थेयं ताभिरापदमन्तरा ॥ १७१ ॥**

**અને યુવા અવસ્થાને વિષે રહી એવી જે વિધવા સ્ત્રીઓ તેમણે, યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ, તેમની સંગાથે પણ, એકાંત સ્થળને વિષે આપત્કાળ પડ્યા વિના ન રહેવું ૧૭૧.**

## વિધવા-યુવાવસ્થાના ધર્મ

વળી તે વિધવાઓએ, 'तारुण्ये' એટલે પોતાને યુવાન અવસ્થા હોય ત્યારે; 'तरुणैर्निजसम्बन्धिभिः'-'યુવાન અવસ્થાવાળા પોતાના સંબંધીજનો' અર્થાત્ પોતાનો પિતા, ભાઈઓ વગેરેની સાથે પણ, એકાંતમાં આપત્તિ વિના ન રહેવું.

ત્યાં સ્મૃતિ વચન કહે છે કેઃ—

**तारुण्येन जगज्जेतुं वातेनेद्ध इवानलः ।**
**शक्नोति सहसा कामो दुर्निवार्यो हि साधनैः ॥ १ ॥**
**अतो न विजने स्थेयं तरुण्या तरुणेन च ।**
**अपि मात्रा सुतेनापि सत्यं वदति जैमिनिः ॥ २ ॥**

અગ્નિ, જેમ પવનની સહાયથી વૃદ્ધિ પામે છે તેમ તરુણ અવસ્થાની સહાયથી કામ વૃદ્ધિ પામે છે; અર્થાત્ તરુણ અવસ્થામાં કામને વેગ મળતાં તે સમગ્ર જગતને તત્કાળ જીતી લેવા સમર્થ થાય છે. પછીથી તે અનેક સાધનોથી પણ રોકી શકાતો નથી. તે હેતુ માટે યુવાવસ્થાવાળા પુરુષે, યુવાવસ્થામાં રહેલી સ્ત્રી સાથે- ભલે યુવાવસ્થામાં રહેલો પુરુષ, તે પુત્ર હોય ને યુવાવસ્થામાં રહેલી સ્ત્રી, તે ભલે માતા હોય, તો પણ તેની સાથે એકાંતમાં ન રહેવું. આ વાર્તા જૈમિનિ એવો હું, તે સત્ય જ કહું છું ૧-૨.

શ્રીહરિજી, સ. જી. પ્ર. ૫, અ.૩૩માં કહે છેઃ—

**यत्रोर्ध्वभूमिकायां तु सुप्तः स्यात्पुरुषो गृहे[३७] ।**
**निशि तत्र स्वपेन्नैका तदूर्ध्वं तदधोऽपि वा ॥ ३ ॥**

**पुंसभादृश्यहृत्तुन्दसक्थिर्नोपविशेत्क्वचित्**[३८] **।**
**चापल्यं करपादस्य न कुर्यादङ्गघर्षणम् ॥ ४ ॥**

જે ઘરમાં મેડા ઉપર પુરુષ એકલો જ સૂતો હોય તે ઘરમાં, તેથી ઉપલા (ત્રીજા) માળમાં પણ, કે તેથી નીચેના (પહેલા) માળમાં પણ રાત્રીએ વિધવા, એકાકીની સૂએ નહિ ૩. વળી તે વિધવા, છાતી, ઉદર અને સાથળ તે, પુરુષની દૃષ્ટિએ જે રીતે પડે નહિ, તેવી રીતે તે-તે અવયવોને વસ્ત્રથી ઢાંકીને વર્તે; તથા હસ્ત-પાદાદિકની ચપળતા ન કરે અને પોતાનાં પાદાદિ અવયવોને ઘસે નહિ ૪. ઈતિ શ્લો. ૧૭૧.

## શિ૦ શ્લો૦ ૧૭૨

**न होलाखेलनं कार्यं न भूषादेश्च धारणम् ।**
**न धातुसूत्रयुक्सूक्ष्मवस्त्रादेरपि कर्हिचित् ॥ १७२ ॥**

**અને હોળીની રમત ન કરવી ને આભૂષણાદિકનું ધારણ ન કરવું; અને સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત એવાં જે ઝીણાં વસ્ત્ર, તેનું ધારણ પણ ક્યારેય ન કરવું ૧૭૨.**

### હોળીક્રીડા તથા સૂક્ષ્મ વસ્ત્ર-આભૂષણ નિષેધ

વળી એ વિધવા સ્ત્રીઓએ, 'હોળીનિમિત્તની રમત' જે પરસ્પર રંગ-ગુલાલ નાખી હોળી રમવી —તે ન કરવું; તથા સુવર્ણના અલંકાર અને 'આદિ' શબ્દ છે માટે કુંકુમ, કાજળ વગેરે જે સૌભાગ્યદ્રવ્ય તે ક્યારેય ધારણ કરવાં નહિ. વળી 'ધાતુ' એટલે સુવર્ણ વગેરે; તેના તારે યુક્ત જે ઝીણું વસ્ત્ર,

તથા સુતરાઉ એવું બારીક વસ્ત્ર, તેમ જ રેશમી વસ્ત્ર, કે 'વલય' અર્થાત્ કંકણ આદિ, તેને ધારણ કરવાં નહિ; કારણ કે એ બધાં, સધવા સ્ત્રીઓને ધારણ કરવા યોગ્ય છે.

તે શ્રીહરિએ, સ. જી. પ્ર. ૫, અ. ૩૩માં કહ્યું છેઃ–

**न होलोत्क्रीडनं कुर्यान्नापशब्दान्वदेत्क्वचित्**[१८] ।
**मिथ्यापवादं न वदेद्दद्याद् गालिं च नैव सा ॥ १ ॥**

વિધવા સ્ત્રી હોળીની રમત ક્યારેય ન જ કરે; અપશબ્દો ક્યારેય ન જ ઉચ્ચારે; કોઈની ઉપર મિથ્યાપવાદને આરોપે નહિ તથા કોઈને પણ ઉદ્દેશીને, 'गालिं' 'ગાળો' કહેતાં નિંદાગર્ભિત કઠોર વચન તેનું ઉચ્ચારણ કરે નહિ ૧. ઇતિ શ્લો. ૧૭૨.

# સધવા-વિધવાના સંયુક્ત વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૭૩

**सधवाविधवाभिश्च न स्नातव्यं निरम्बरम् ।**
**स्वरजोदर्शनं स्त्रीभिर्गोपनीयं न सर्वथा ॥ १७३ ॥**

**અને સુવાસિની ને વિધવા એવી જે સ્ત્રીઓ, તેમણે વસ્ત્ર પહેર્યા વિના નહાવું નહિ; અને પોતાનું જે રજસ્વલાપણું તે કોઈ પ્રકારે ગુપ્ત ન રાખવું ૧૭૩.**

### નિરંબરસ્નાન નિષેધ

શ્રીહરિ હવે, સધવા તેમ જ વિધવા —એ બંને પ્રકારની સ્ત્રીઓના, સાધારણ ધર્મોને બે શ્લોકથી કહે છેઃ 'સધવા' એટલે પતિવાળી અને 'વિધવા' કહેતાં જેનો પતિ મરી ગયો હોય તેવી; આ બંને પ્રકારની સ્ત્રીઓએ, વસ્ત્ર પહેર્યા વિના ક્યારેય સ્નાન કરવું નહિ; કેમ કે નગ્ન થઈને સ્નાન કરવાથી વરુણદેવનો અપરાધ થાય છે. તે શ્રીકૃષ્ણ ભગવાને શ્રી. ભા. સ્કંધ ૧૦, અ. ૨૨માં વ્રજની કુમારિકાઓ પ્રત્યે કહ્યું છેઃ—

**यूयं विवस्त्रा यदपो धृतव्रता व्यगाहतैतत्तदु देवहेलनम्[११] ।...॥**

તમે વ્રતધારી છો છતાં પણ નગ્ન થઈને જળમાં નાહ્યાં છો, તે તમે જળદેવતા વરુણનો અપરાધ કર્યો છે ૧. વળી તે જ ન્યાય પુરુષને પણ લાગુ પડે છે માટે પુરુષોએ પણ નગ્ન થઈને સ્નાન કરવું નહિ. તે સુવ્રતે કહ્યું છેઃ—

**नग्नस्नानं नग्नशय्या मनुजानां विगर्हितम् ॥ २ ॥**

નગ્ન થઈને સ્નાન કરવું તેમ જ નગ્ન થઈને સૂઈ જવું- તે બંને, મનુષ્યો માટે નિંદ્ય કહેલાં છે ૨.

## રજસ્વલાપણું ગુપ્ત રાખવાનો નિષેધ

શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૩૭માં કહ્યું છેઃ—

**न गोपनीयं हि रज इति प्राहुर्महर्षयः[११] ।**
**सदाचारश्च साध्वीनामेवमेव प्रवर्तते ॥ ३ ॥**

મારાં આશ્રિત સ્ત્રીઓએ રજસ્વલાપણું ક્યારેય છાનું રાખવું નહિ; રજસ્વલાપણું ગુપ્ત ન રાખવું —એમ પૂર્વના મહર્ષિઓ પણ કહે છે. સાધ્વી સ્ત્રીનો સદાચાર પણ એવો જ પ્રવર્તે છે ૩. વળી શ્રીહરિ તે પછી શ્લો. ૧૨માં કહે છેઃ—

**अगोपने ब्रह्महत्यादोषः स्त्रीणां विनश्यति ।**
**परपुंसो गर्भशङ्का स्वजनानां च नश्यति ॥ ४ ॥**

રજસ્વલાપણું જે ઇંદ્રની બ્રહ્મહત્યાનો ચોથો અંશ છે તે છાનું ન રાખવાથી, બ્રહ્મહત્યાદોષનો નાશ થાય છે. વળી રજસ્વલાપણું ગુપ્ત ન રાખવાથી સ્વજનોને, પરપુરુષ થકી આવતી ગર્ભધારણની જે શંકા તે પણ દૂર થઈ જાય છે ૪.

**तस्मात्स्त्रीभिः पालनीया मर्यादैषा पुरातनी[१३] ।**
**चातुर्वर्ण्यस्थिताभिर्वै धर्मसिद्धिमभीप्सुभिः ॥ ५ ॥**

આ હેતુ માટે ધર્મસિદ્ધિને પામવા ઇચ્છતી, ચારે વર્ણની સ્ત્રીઓએ, આ પુરાતની મર્યાદા અવશ્ય પાળવી ૫. ઇતિ શ્લો. ૧૭૩.

## શિ૰ શ્લો૰ ૧૭૪

**मनुष्यं चांशुकादीनि नारी क्वापि रजस्वला ।**
**दिनत्रयं स्पृशेन्नैव स्नात्वा तुर्येऽह्नि सा स्पृशेत् ॥ १७४ ॥**

**અને વળી રજસ્વલા એવી જે સુવાસિની અને વિધવા સ્ત્રીઓ, તે ત્રણ દિવસ સુધી કોઈ મનુષ્યને તથા વસ્ત્રાદિકને અડે નહિ, ને ચોથે દિવસે નાહીને અડવું. (એવી રીતે ગૃહસ્થાશ્રમી એવા જે પુરુષ અને સ્ત્રીઓ તેમના જે આ વિશેષ ધર્મ કહ્યા, તે સર્વે, ધર્મવંશી આચાર્ય ને તેમની પત્નીઓ તેમણે પણ પાળવા; કેમ કે એ ગૃહસ્થ છે.)**

### સ્ત્રી અસ્પૃશ્યાદિક ધર્મ તથા હેતુ વગેરે

જેને રજોદર્શન પ્રાપ્ત થયું હોય તે રજસ્વલા સ્ત્રી કહેવાય. તેણીએ મનુષ્યમાત્રનો સ્પર્શ કરવો નહિ; પશુઓને અડવામાં દોષ નથી; પરંતુ 'अंशुक' એટલે વસ્ત્રો તથા માટીનાં વાસણો વગેરેને ક્યારેય અડવું નહિ. શ્લોકમાં ત્રણ દિવસ કહ્યા છે તેણે કરીને ત્રણ રાત્રી-દિવસ જાણવા. તેણીએ જાણીબૂજીને કોઈનો સ્પર્શ ન કરવો. તે રજસ્વલા સ્ત્રીએ ચોથે દિવસે, પોતાને અડેલાં અને પોતે પહેરેલાં વસ્ત્રોને ધોઈ નાખીને પછી, માથું પલાળી સ્નાન કર્યા બાદ ઘરમાં અડવું.

શ્રીહરિ તે, સ. જી. પ્ર. ૫, અ.૩૭માં કહે છેઃ–

**सधवा विधवा वापि नारी या स्याद्रजस्वला[१] ।**
**त्रिरात्रं न स्पृशेत्सा तु स्त्रियं वा पुरुषं क्वचित् ॥ १ ॥**
**इन्द्रेण ब्रह्महत्यायाः स्त्रीभ्यो भागस्तुरीयकः[२] ।**
**दत्तोऽस्ति स रजोरूपो मासि मासि प्रदृश्यते ॥ २ ॥**

હે બ્રહ્મન્! સધવા કે વિધવા જે કોઈ નારી રજસ્વલા થાય તે અસ્પૃશ્યા છે, માટે તે ત્રણ દિવસપર્યંત, સ્ત્રીને કે પુરુષને કોઈને પણ કદાપિ અડે નહિ ૧. ક્યા કારણથી આ અસ્પૃશ્યા થાય છે? તો કહે છેઃ પૂર્વે ઇંદ્રે, વૃત્રાસુરનો વધ કરતાં જે બ્રહ્મહત્યાદોષ પોતાને પ્રાપ્ત થયો હતો, તેનો ચોથો ભાગ તેણે સ્ત્રીઓને આપ્યો છે, તે જ રજોરૂપે 'માસે માસે' દેખાય છે ૨. વળી તે પછી શ્લો. ૩ તથા ૪માં શ્રીહરિ કહે છેઃ—

**प्रथमेहनि चण्डाली द्वितीये ब्रह्मघातिनी[३] ।**
**तृतीये रजकी प्रोक्ता चतुर्थेऽहनि शूद्रवत् ॥ ३ ॥**
**दैवे कर्मणि पैत्र्ये च पंचमेऽहनि शुद्ध्यति ।**
**उपवासेनाऽऽपदि तु तृतीयेऽह्न्येव शुद्ध्यति ॥ ४ ॥**

તેમાં પ્રથમ દિવસે રજસ્વલા સ્ત્રી, ચંડાળી જેવી અસ્પૃશ્યા કહી છે; બીજે દિવસે બ્રહ્મઘાતિની જેવી અસ્પૃશ્યા કહી છે; ત્રીજે દિવસે ધોબણ જેવી અસ્પૃશ્યા કહી છે; ચોથે દિવસે સ્નાન કર્યા પછી શૂદ્રસમાન કહી છે ૩. ને પાંચમે દિવસે સ્નાન કરી શુદ્ધ થતાં, દેવ સંબંધી તથા પિત્રિ સંબંધી કર્મ કરવા માટે યોગ્ય થાય છે; આપત્કાળ હોય ત્યારે તો, ઉપવાસ કરવાથી ત્રીજે દિવસે જ શુદ્ધ થાય છે ૪. તે આપત્કાળ પરાશરે નીચે પ્રમાણે બતાવેલ છેઃ—

**विवाहोत्सवयज्ञेषु दुर्भिक्षे देशविप्लवे ।**
**पलायने रणेऽरण्ये सोपवासेन शुद्ध्यति ॥ ५ ॥**

વિવાહ પ્રસંગના ઉત્સવ સમયમાં, યજ્ઞના આરંભ પછી, દુકાળના સમયમાં, દેશની અંધાધૂંધીના સમયમાં, નાસભાગના સમયમાં, તથા રણમાં ને અરણ્યમાં ભટકવાનું હોય તેવા

આપત્કાળમાં, ઉપવાસ કરવાથી રજસ્વલા સ્ત્રી ત્રીજે દિવસે શુદ્ધ થાય છે ૫.

વળી વિષ્ણુધર્મોત્તરમાં રજસ્વલાને, વર્જનીયવિધિ આ પ્રકારે કહેલો છેઃ—

**आहारं गोरसानां च पुष्पालंकारधारणम् ।**
**अञ्जनं कुङ्कुमं गन्धं पीठं शय्याधिरोहणम् ।**
**अग्निसंस्पर्शनं चैव वर्जयेत्सा दिनत्रयम् ॥ ६ ॥**

રજસ્વલાએ ત્રણ દિવસ સુધી દૂધ-ઘી વગેરે ગોરસનો આહાર, પુષ્પ તથા ઘરેણાંનું ધારણ, અંજન, કંકુમ, 'સુગંધી' જે અત્તરાદિક, પાટ પર બેસવું, પલંગ ઉપર શયન કરવું ને અગ્નિનો સ્પર્શ —એટલાનો ત્યાગ કરવો ૬.

વળી દક્ષનું પણ વચન છેઃ—

**अभ्यङ्गं वर्जयेत्सा च प्रवासं दंतधावनम् ।**
**न कुर्यात्सा तं वा स्नानं ताम्बूलाशं दिवास्वपम् ॥ ७ ॥**

શરીરે તેલ ચોળવું, મુસાફરી કરવી, દાતણ કરવું, સ્નાન કરવું, પાન-સોપારીનું ભક્ષણ કરવું તથા દિવસે સૂવું —આટલાનો રજસ્વલા સ્ત્રીએ ત્યાગ કરવો ૭.

## રજોદર્શન દિનારંભ નિર્ણય વગેરે

**'अत्रैतावान्विशेषः'** 'रात्रौ रजोदर्शने रात्रिं त्रिभागां कृत्वा आद्यभागद्वये चेत्पूर्वं दिनं ग्राह्यं, परतस्तूत्तरमिति मिताक्षरायाम् ।' तथा–'सप्तदशदिनमध्ये पुना रजोदर्शने स्नानमात्रम्, अष्टादशे एकरात्रम्, ऊनविंशे द्व्यहः, विंशति प्रभृतिषु त्रिरात्रमित्यपि तत एव ज्ञेयमिति तत्रैवोक्तम् ।'

આમાં આટલું વિશેષ સમજવું : જો રજોદર્શન રાત્રે થાય તો, રાત્રીના ત્રણ વિભાગ કરીને, જો પહેલાં બે ભાગમાં રજોદર્શન હોય તો તેને આગલા દિવસનું ગણવું; અને જો ત્રીજા ભાગમાં હોય તો બીજા દિવસનું ગણવું, —એમ મિતાક્ષરામાં કહ્યું છે. વળી એમાં જ કહ્યું છે કે, સત્તર દિવસમાં જ ફરી રજોદર્શન થાય તો માત્ર સ્નાન કરવાથી શુદ્ધિ થાય; અઢાર દિવસે ફરી રજોદર્શન થાય તો 'એક રાત્રી' અર્થાત્ રાત્રી-દિવસ તે પાળવું; અને ઓગણીસ દિવસે ફરી રજોદર્શન આવે તો બે દિવસ પાળવું; અને જો વીસ દિવસે ફરી રજોદર્શન થાય તો, ત્રણે દિવસ પૂરેપૂરું પાળવું.

હવે રજોદર્શન પછી ત્રણ દિવસમાં, વ્રત કે ઉપવાસના દિવસો આવે ત્યારે શું કરવું તે મત્સ્યપુરાણમાં કહ્યું છેઃ—

**अन्तरा तु रजोयोगे पूजामन्येन कारयेत् ।**
**उपवासं स्वयं कुर्याद् व्रताहेषु रजस्वला ॥ ८ ॥**

એવી સ્થિતિમાં પૂજાપાત્રી બીજાની પાસે કરાવવી, ને ઉપવાસ તો રજસ્વલાએ પોતે કરવો ૮.

## રજસ્વલાસ્પર્શ-પ્રાયશ્ચિત્ત

શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૩૭માં કહ્યું છેઃ—

**अतोऽहं निष्कृतिं वच्मि सर्वासां सुकरामिह[८] ।**
**या स्त्री ज्ञात्वा स्पृशेत्सा तु कुर्यादेकमुपोषणम् ॥ ९ ॥**
**अज्ञानतः क्वचित्स्पर्शो यदि स्यात्तर्हि सत्वरम्[९] ।**
**स्नात्वा सचैलं कुर्वीत नारी नामस्मृतिं हरेः ॥ १० ॥**
**स्पर्शे त्वापदि बुद्ध्यापि जाते स्नानेन शुद्ध्यति[१०] ।**
**स्पर्शे पुंसोऽप्युदक्याया एवमेव हि निर्णयः ॥ ११ ॥**

કળિયુગમાં સર્વ સ્ત્રીઓને સુખેથી થઈ શકે, એવું હું પ્રાયશ્ચિત્ત કહું છું તે તમે સાંભળો : જે રજસ્વલા સ્ત્રી જાણીબૂજીને બીજી રજસ્વલાને સ્પર્શ કરે તો, તે એક ઉપવાસ પ્રાયશ્ચિત્ત તરીકે કરે ૯. જો અજાણથી કદાચિત્ બીજી રજસ્વલાનો સ્પર્શ થઈ જાય તો, વસ્ત્રે સહિત સત્વર, સ્નાન કરીને ભગવન્નામ-સ્મરણ કરે ૧૦. આપત્તિમાં તો બુદ્ધિપૂર્વક સ્પર્શ થાય તો પણ સ્નાનમાત્રથી શુદ્ધ થાય છે. પુરુષને પણ રજસ્વલાના સ્પર્શમાં આ જ શુદ્ધિનિર્ણય સમજવો; જો પુરુષ, જાણીબૂજીને રજસ્વલાનો સ્પર્શ કરે તો પ્રાયશ્ચિત્ત તરીકે એક ઉપવાસ કરે; અજાણથી તેણીના સ્પર્શમાં તો, વસ્ત્રે સહિત સ્નાન કરે ત્યારે શુદ્ધ થાય ૧૧.

વળી ગૌતમનું પણ વચન છેઃ—

'पतितचण्डालसूतिकोदक्याशबतस्पृष्टिस्पर्शने क्षुरकर्मणि मैथुने कटधूमा घ्राणादौ च सचैलमुदकोपस्पर्शनाच्छुद्ध्येत् ।'

પતિત, ચંડાલ, સુવાવડી સ્ત્રી, રજસ્વલા સ્ત્રી, શબ અગર શબને અડેલા —એટલાના સ્પર્શમાં; તેમ જ હજામત કરાવીને, મૈથુન કર્યા પછી અને શબના ધુમાડાનો ગંધ લેવાય ત્યારે, વસ્ત્રે સહિત સ્નાન કરવાથી તથા જમણા કાને જળ અડાડવાથી શુદ્ધિ થાય છે. ઈતિ શ્લો. ૧૭૪.

# નૈષ્ઠિકવર્ણીના વિશેષ ધર્મ

## શિ૰ શ્લો૰ ૧૭૫

**नैष्ठिकव्रतवन्तो ये वर्णिनो मदुपाश्रयाः ।**
**तैः स्पृश्या न स्त्रियो भाष्या न न वीक्ष्याश्च ता धिया ॥**

**હવે નૈષ્ઠિક બ્રહ્મચારીના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો; અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ; અને જાણીને તે સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ ૧૭૫.**

### શ્રીજીનો મહિમા

પરમ એકાંતિક મુક્તને જેમણે પોતાની સમીપમાં રાખ્યા છે ને અનાદિમુક્તને પોતાની મૂર્તિમાં રાખ્યા છે એવા; અને જેમના અંગમાંથી પ્રસરતાં, કરોડો સૂર્યની કાંતિથી પણ અધિક, અનંત તેજનાં કિરણો, તે રૂપી જે ગોલોક, તેના મધ્યે ઘાટા તેજસમૂહરૂપ અક્ષરધામમાં સદા નિવાસ કરનારા; ને તે કિરણોરૂપી પોતાની શક્તિ વડે અક્ષર, કાળ, પુરુષ આદિમાં પ્રવેશ કરી, તેમના દ્વારા અનંતકોટી બ્રહ્માંડના કર્તાહર્તા; સર્વ અવતારના અવતારી; સર્વ સુખના રાશી —એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન તે, શ્રીરામાનંદ સ્વામી થકી ભાગવતી દીક્ષા ગ્રહણ કર્યા પછી, ફક્ત ૩૦ વર્ષના ટૂંક સમયમાં જ, ગગનચુંબી અનેક શિખરબંધ મંદિરો તૈયાર કરી-કરાવી, પોતાના વરદહસ્તે નરનારાયણ, લક્ષ્મીનારાયણ, ગોપીનાથ, રાધાકૃષ્ણ આદિ મૂર્તિઓનું સ્થાપન કરતા હતા;

તેમ જ પોતાની હરિકૃષ્ણનામક કારણમૂર્તિનું પણ સ્થાપન કરતા હતા.

વળી જે શ્રીહરિ, અનેક મનુષ્યોને સમાધિ કરાવી તે સમાધિમાં, પોતાના રામકૃષ્ણાદિક અનંત અવતારોને દેખાડી, પાછા પોતાને વિષે લીન કરી, પોતાનું સર્વેશ્વરપણું જણાવતા હતા. તેમ જ પોતાના સંબંધને પામેલ વસ્ત્ર, પુષ્પ તથા છડી તેના સ્પર્શે કરીને, અથવા તેનાં દર્શને કરીને પણ અનેક મનુષ્યોને સમાધિ કરાવતા હતા. જે શ્રીહરિ, મૂંગાને પણ વાચાળ કરતા હતા; અર્થાત્ 'અજ્ઞજનો' -નિરક્ષરો પાસે પણ વેદ બોલાવતા હતા. તેમ જ જેમના નૃનાટ્ય સમયમાં જ લાખો મનુષ્યો પોતાના આશ્રિત થયા હતા. વળી જે શ્રીહરિએ અનાયાસે પોતાના સ્વરૂપમાં જ આકર્ષાઈને આવેલા એવા જનોને, ભાગવતી મહાદીક્ષા ગ્રહણ કરાવીને, અનેક બ્રહ્મચારી તથા પાંચસો પરમહંસોને પોતાના આશ્રિત તથા સ્વભક્તિપરાયણ કર્યા હતા; તેમ જ શ્વેતવસ્ત્રધારી અંગરક્ષક પાર્ષદોને સાંખ્યયોગ પળાવી, પોતાની તથા દેવ-આચાર્યની સેવામાં રાખ્યા હતા. તથા જેમની પ્રસન્નતાર્થે અનેક સ્ત્રીઓ, સાંખ્યયોગનાં વર્તમાન પાળી, રાત્રી-દિવસ તેમનું ભજન કરતાં હતાં.

જે શ્રીહરિની ફક્ત પત્રિકારૂપી ચિઠ્ઠી વાંચીને જ, મોટા-મોટા ગામધણી, કાઠી દરબારો વગેરે ભક્તજનોએ, પરમહંસની મહાદીક્ષા ગ્રહણ કરી હતી. વળી જે શ્રીહરિનું કેવળ નામ સાંભળીને જ ઉદેપુરના રાજાનાં મહારાણી, પોતાને ઘેર કુંવરીનો વિવાહ હતો તેને નહિ ગણીને પણ ગઢપુર જઈ,

તત્કાળ શ્રીહરિ થકી સાંખ્યયોગની દીક્ષા ગ્રહણ કરતાં હતાં. જે શ્રીહરિને રાજી કરવા માટે બ્રહ્માનંદાદિ મોટા મોટા આઠ કવિઓ, તેમ જ બીજા પણ કેટલાક ગવૈયાઓ, પરમહંસની મહાદીક્ષા ગ્રહણ કરી, અહોરાત્રી શ્રીહરિના ગુણગાન કરતા હતા. જોબનપગી આદિ લૂંટારાઓ, સગરામ આદિ અસચ્છૂદ્રો, કેટલાક યવનો, ખોજાઓ તથા અરદેશર વગેરે પારસીઓ પણ, શ્રીહરિના આશ્રિત થઈ અનન્ય ભક્ત થયા હતા. વળી જે શ્રીહરિને રાજી કરવા માટે સુંદરિયાણાના હિમરાજ શાહનો પરિવાર, જ્ઞાતિ બહાર રહ્યો હતો. જે શ્રીહરિને પ્રસન્ન કરવા માટે કચ્છ-માનકૂવાના મૂળજી તથા કૃષ્ણજી પોતાના દેહને જ દંડ દઈને, પોતાની સ્ત્રીઓનો પણ ત્યાગ કરી પરમહંસની મહાદીક્ષાને ગ્રહણ કરતા હતા. જે શ્રીહરિને ગઢપુરમાં રાખવાના આગ્રહથી, ઉત્તમનૃપતિ પોતાનું સમગ્ર રાજ્ય, પોતાની બે બહેનોને લખી આપતા હતા; તેમ જ તે દાદાખાચરનાં બહેનો-જયા તથા લલિતા તે પણ, કેવળ શ્રીહરિની પ્રસન્નતાને માટે, જીવનપર્યંત નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતાં હતાં.

વળી જે શ્રીહરિએ, ભાવનગરના નરેશ વજેસિંહજી દરબાર, વડોદરાના મહારાજા સયાજીરાવ સરકાર, ગોંડલના રાજા હઠીભાઈ, મુંબઈના ગવર્નર સર માલકમ, જિલ્લા કલેક્ટર એન્ડ્ર્યુ ડનલોપ, ધર્મપુરનાં રાણી કુશળકુંવરબાઈ તેમ જ ભૂજના રાજાના અમાત્ય સુંદરજીભાઈ તથા હીરજીભાઈને પણ પોતાના આશ્રિતો બનાવ્યા હતા.

જે શ્રીહરિએ મોટા-મોટા અહિંસાપ્રધાન યજ્ઞો કરી તથા

બ્રાહ્મણોને તૃપ્ત કરીને વિપુલ દક્ષિણાઓ વહેંચી હતી. વળી તળાવો ખોદાવવાં, વાવ-કૂવા કરાવવા, ઇત્યાદિ ઇષ્ટાપૂર્ત સામાજિક કાર્યો પણ જે શ્રીહરિએ કરાવ્યાં હતાં.

જે શ્રીહરિ, પોતાની સંનિધિમાં શિક્ષાપત્રી, વચનામૃત આદિ સદ્‌ગ્રંથો તૈયાર કરી-કરાવી પોતાના સ્વરૂપનું અલૌકિક જ્ઞાન આપતા હતા; તેમ જ પોતાના જન્મથી આરંભી, અંતર્ધાનપર્યંતનાં નિઃસીમ કરુણાપૂર્ણ ચરિત્રોથી ભરપૂર એવા સત્સંગિજીવન, સત્સંગિભૂષણ આદિ સદ્‌ગ્રંથો રચવાની આજ્ઞા કરતા હતા. વળી જે શ્રીહરિએ સ્ત્રી-પુરુષોને દર્શન કરવા માટે પૃથક્‌પૃથક્ વિભાગની રચનાપૂર્વક અનેક મંદિરો બંધાવ્યાં હતાં. વળી પાંચ વખત કથા*, પાંચ વખત આરતી**, પાંચ વખત દર્શન***, પાંચ વખત માનસીપૂજા+ તેમ જ ત્યાગીગૃહીને પાંચ-પાંચ વર્તમાન★ પાળવાં તે રૂપ જે મર્યાદા શ્રીહરિએ બાંધેલી છે તે અદ્યાપિપર્યંત ચાલ્યા કરે છે. વળી જે શ્રીહરિ, સ્વાશ્રિતોને દાસપણું શીખવવાને માટે, મુક્તાનંદાદિ સંતોને પણ ક્યારેક સાક્ષાત્ દંડવત્‌પ્રણામ કરતા હતા. તેમ જ પોતાની જ ભક્તિ કરવી-કરાવવી એવો પોતાનો અતિ આગ્રહ દર્શાવવાને માટે પ્રેમાનંદ સ્વામી કૃત, **'વંદુ**

* સવારમાં શણગાર આરતી પહેલાં, રાજભોગ આરતી પછી, સંધ્યા આરતી પહેલાં ને તે પછી; તેમ જ શયન આરતી બાદ. **મંગળા, શણગાર, રાજભોગ, સંધ્યા અને શયન, *** મંગળા, શણગાર, રાજભોગ, સંધ્યા અને શયન આરતી સમયે +માનસીપૂજાની વિક્તિ, શિ.શ્લો. ૫૩માં પ્રથમ કહેલી છે. ★ ત્યાગીને નિર્લોભ, નિષ્કામ, નિઃસ્વાદ, નિઃસ્નેહ ને નિર્માન તથા ગૃહસ્થને દારૂ, માટી, ચોરી, અવેરી તેમ જ વટલવું-વટલાવવું તેના ત્યાગરૂપી.

**સહજાનંદ...'** એ કીર્તન સાંભળીને પોતે ઉદ્‌ગાર કાઢ્યા કે, આવા સાધુને તો ઊઠીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીએ. વળી જે શ્રીહરિએ મહાપ્રભુએ, ઘોર પાપકર્મને કરનારી એવી વેશ્યાને પણ, પોતાનું અલ્પ સરખું વચન માનવાથી બ્રહ્માદિકને પણ દુર્લભ, એવા પોતાના અક્ષરધામની પ્રાપ્તિ કરાવી છે. જે શ્રીહરિ, ભક્તના ભાવને આધીન થઈને મઠનો રોટલો અને ભાજી, જીવણભક્તના સન્મુખ જઈ, તેમની પાસે યાચના કરીને, હજારો ભક્તજનની સભા મધ્યે બેસીને જમેલા છે.

વળી આત્મહત્યા ન કરવી ઇત્યાદિ, શિક્ષાપત્રીમાં કહેલ સદ્‌ઉપદેશ દ્વારા જે શ્રીહરિ, બાળહત્યા તથા સતી થવાનો રિવાજ બંધ કરાવતા હતા. તેમ જ દારૂબંધી અને અહિંસારૂપી સદાચારનું પણ સ્થાપન કરતા હતા, —એવા અનાદિ કૃષ્ણનામક શ્રી સ્વામિનારાયણ ભગવાન, સ્વાશ્રિત વર્ણી તથા પરમહંસોના ધર્મનો ઉપદેશ કરે છે; તેમાં પ્રથમ તો બ્રહ્મચારીના વિશેષ ધર્મ, તેર શ્લોકે કરીને કહે છેઃ—

## નૈષ્ઠિકવર્ણી એટલે શું?

'मदुपाश्रयाः' એટલે સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું, તે મારો જ છે આશ્રય જેમને; અર્થાત્, મારે વિષે અનન્ય નિષ્ઠાવાળા એવા નૈષ્ઠિકવર્ણી —

'**नैष्ठिकव्रतवन्तः**' निष्ठा-देहान्तो विद्यतेऽवधित्वेन यस्य तन्नैष्ठिकं, तच्च तद्व्रतं —ऊर्ध्वमन्थित्वलक्षणो नियमः, तदस्त्येषामिति नैष्ठिकव्रतवन्त**:**— यावज्जीवमूर्ध्वरेतसः । '**वर्णः**'-प्रशस्तिर्विद्यते येषामिति वर्णिनो ब्रह्मचारिणः ।

'निष्ठा' એટલે જેનો બ્રહ્મચર્યપાલનનો અવધિ, દેહાંતકાળ સુધી છે તે નૈષ્ઠિક કહેવાય. અને 'व्रत' જે અનુષ્ઠાન કરવાપણે સંકલ્પેલું ઊર્ધ્વરેતાપણારૂપ બ્રહ્મચર્ય, તે રૂપ નિયમ છે જેમને તે નૈષ્ઠિકવ્રતવાળા કહેવાય. આ નૈષ્ઠિક વ્રત, અષ્ટાંગવિધ મૈથુનના અભાવરૂપ છે —એમ જણાવવા, 'वर्णिनः' એમ કહ્યું છે. 'वर्णः' એટલે અષ્ટપ્રકારનાં મૈથુનના અભાવરૂપ વ્રતથી, પ્રખ્યાતિમાં આવતી યશરૂપ કીર્તિ; તે જેમની છે તેમને વર્ણી કહ્યા છે. 'વર્ણ' શબ્દ યશમાં પણ પ્રવર્તે છે; માટે **'નૈષ્ઠિકવર્ણી'** એટલે જીવંતપર્યંત અષ્ટવિધ બ્રહ્મચર્યનું પાલન કરનાર બ્રહ્મચારી.

## અષ્ટવિધ બ્રહ્મચર્યનું લક્ષણ વગેરે

હવે આઠ પ્રકારના મૈથુનનું લક્ષણ, હરિદિગ્વિજય ગ્રંથ-ઉલ્લાસ ૨૧માં શ્રીહરિએ આ પ્રમાણે કરેલું છેઃ—

**श्रवणं कीर्तनं केलिः प्रेक्षणं गुह्यभाषणम्**[१२८] ।
**सङ्कल्पोऽध्यवसायश्च क्रियानिर्वृतिरेव च** ॥ १ ॥
**एतन्मैथुनमष्टाङ्गं प्रवदन्ति मनीषिणः**[१२९] ।
**विपरीतं ब्रह्मचर्यमेतदेवाष्टलक्षणम्** ॥ २ ॥

સ્ત્રીની વાત સાંભળવી[૧], તેના ગુણનું વર્ણન કરવું[૨], સ્ત્રી સાથે હાસ્યવિનોદ કરવો[૩], સ્ત્રીનું નિરીક્ષણ કરવું[૪], સ્ત્રીની સાથે એકાંતમાં છાની વાત કરવી[૫], સ્ત્રીનો સંકલ્પ[૬], તેનો નિશ્ચય (બાળ, યૌવન, વૃદ્ધ, રૂપ-કુરૂપાદિ વગેરે[૭]) અને તેનો 'અંગસંગ'-ક્રિયાથી સંભોગ કરવો[૮], —આ પ્રમાણે ડાહ્યા પુરુષોએ આઠ પ્રકારનું મૈથુન કહેલું છે; તેથી 'વિપરીત' એટલે તેના અભાવરૂપ 'આઠ લક્ષણવાળું' અર્થાત્ આઠ પ્રકારનું

બ્રહ્મચર્ય કહેલું છે ૧-૨. વળી બ્રહ્મચારીઓએ સ્ત્રીઓનો સ્પર્શ કરવો નહિ, તેમ જ તેમની સાથે સંભાષણ કરવું નહિ ને બુદ્ધિપૂર્વક સ્ત્રીસન્મુખ જોવું પણ નહિ.

તે શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૦ (બૃહદ્ધર્મ*)માં કહે છેઃ—

**समीचीनं त्वया पृष्टं वर्णिराज! वदाम्यहम्[५] ।**
**नैष्ठिकानां यथाशास्त्रं धर्मास्ते ब्रह्मचारिणाम् ॥ ३ ॥**
**स्त्रीयः कामान्न वीक्ष्याश्च क्रीडन्त्यस्तेन वा स्थिताः[२६] ।**
**श्रव्याः कीर्त्या न तद्वार्ताश्चासच्छास्त्रस्थतत्कथाः ॥ ४ ॥**

હે મુકુંદાનંદ વર્ણીરાજ! તમે બહુ જ સારું પૂછ્યું; સ્વધર્મ તો અવશ્ય જાણવો જોઈએ; કારણ કે ધર્મ વિના જ્ઞાનની કે ભક્તિની સિદ્ધિ થતી નથી. વળી ધર્મથી પાપ ટળે છે માટે તમે જાણવા વાંછેલો નૈષ્ઠિક બ્રહ્મચારીઓનો ધર્મ, યથાશાસ્ત્ર હું નિરૂપણ કરું છું ૩. અમારા આશ્રિત વર્ણીએ, ક્રીડા કરતી કે સ્વેચ્છાથી રહેલી એવી સ્ત્રીઓ, કામભાવથી જોવી નહિ. અસચ્છાસ્ત્રો, કે જે કામરસના જ એક નિરૂપણ માટે પવર્તેલાં —એવાં રતિરહસ્ય, અનંગરસ, રસમંજરી, રસિકપ્રિયા આદિક છે તેમાં વર્તતી સ્ત્રીઓની કથાઓ તથા વાર્તાઓ સાંભળવી નહિ; તેમ ગાવી-વાંચવી પણ નહિ ૪.

## આવશ્યક પ્રસંગ

શ્રીહરિ આ સંબંધમાં વળી કહે છેઃ—

* સ. જી. પ્ર. ૫, અ. ૫૦ થી ૫૪ **'બૃહદ્ધર્મ'** કહેવાય છે.

**अन्नाम्बुकाष्ठपात्रादेर्याचने प्रच्छनेऽथ च[४८] ।**
**स्वावासस्य वदेन्नारीमुद्दिश्य पुरुषं प्रति ॥ ५ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૫૦)

અન્ન, જળ, કાષ્ઠ, પાત્રાદિકની યાચનામાં, પાગરણ વગેરે બાબતમાં અને નહિ જાણેલ પોતાના ઉતારાને યોગ્ય-સ્થાન (તથા કોઈ પોતા પાસે બ્રહ્મચારી થવા આવે તેની કંઈ હકીકત પૂછવી પડે.) એ આદિકનો પ્રશ્ન કરવો પડે તો, તે વાર્તાલાપ સ્ત્રીને સાક્ષાત્ ન કરવો; કિંતુ કોઈ પુરુષને દ્વારભૂત કરીને તે દ્વારા કહેવું ૫.

## દ્રવ્યત્યાગ – વિષય

વળી બ્રહ્મચારીઓએ, જેમ સ્ત્રીનો અષ્ટપ્રકારે ત્યાગ રાખવો તેમ જ, દ્રવ્યનો પણ ત્યાગ રાખવો. તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૫૦માં, મહાદીક્ષા પામેલા એવા શિષ્યોને, ઉપદેશ આપવાનો પ્રકાર જણાવતાં આ પ્રમાણે કહ્યું છેઃ–

**यथा बृहद्व्रतं न स्वं च्यवेद्वृत्यं तथा त्वया[१९] ।**
**योषामिव धनं चापि न स्पृशेत्कर्हिचिद्भवान् ॥ ६ ॥**

જે રીતે પોતાનું બ્રહ્મચર્યવ્રત, લેશથી પણ પ્રચ્યુતિ પામે નહિ તે રીતે તમારે નિરંતર વર્તવું. અને જેમ સ્ત્રીનો ત્યાગ રાખવો તેમ ધનનો પણ તમારે દૂરથી ત્યાગ કરવો; તે ધનનો ક્યારેય સ્પર્શ પણ કરવો નહિ ૬. વળી સ. જી. પ્ર. ૨, અ.૭ (નારાયણગીતા)માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ–

**द्रव्यस्य हेमरूप्यादेर्गृहिवर्जं मदाश्रितैः[५१] ।**
**त्याग आश्रमिभिः कार्यस्त्यागिभक्तैश्च सर्वथा ॥ ७ ॥**

ગૃહસ્થો સિવાયના મારા આશ્રિત 'આશ્રમીઓ' અર્થાત્

બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસી તેમણે તથા ‘ત્યાગી’ કહેતાં સ્ત્રી, પુત્ર, ગૃહાદિકનો ત્યાગ કરી, પરમહંસવૃત્તિમાં પ્રવેશ કરી રહેલા સાધુઓએ પણ, સોનું-રૂપું આદિક દ્રવ્યનો સર્વથા ત્યાગ કરવો; ‘સર્વથા’ એટલે પોતાની પાસે રાખવું નહિ, તેમ જ પોતાની સત્તાવાળું કરીને બીજા પાસે રખાવવું પણ નહિ ૭. ઇતિ શ્લો. ૧૭૫.

## શિ૰ શ્લો૰ ૧૭૬

**तासां वार्ता न कर्तव्या न श्रव्याश्च कदाचन ।**
**तत्पादचारस्थानेषु न च स्नानादिकाः क्रियाः ॥ १७६ ॥**

**અને તે સ્ત્રીઓની વાર્તા ક્યારેય ન કરવી ને ન સાંભળવી; અને જે સ્થાનકને વિષે સ્ત્રીઓનો પગફેર હોય તે સ્થાનકને વિષે, સ્નાનાદિક ક્રિયા કરવા ન જવું ૧૭૬.**

### સ્ત્રી સંબંધી વાર્તા

પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ કહે છેઃ મારા આશ્રિત બ્રહ્મચારીઓએ, ‘कदाचन’ એટલે ક્યારેય પણ; તે ‘સ્ત્રીઓની વાર્તા’ અર્થાત્, તેના ગુણ-અવગુણના વર્ણનવાળી કથા-વાર્તા ન કરવી.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહ્યું છેઃ—

**गुणांश्चाप्यगुणास्त्रीणां क्वचिद्वर्णी न वर्णयेत्[४२] ।**
**लेपनाद्यर्थमपि ताः स्वमठे न प्रवेशयेत् ॥ १ ॥**

સ્ત્રીઓના ગુણોને કે દોષોને, કોઈ પણ સ્થળે ક્યારેય વર્ણી, વર્ણવે નહિ. પોતાના નિવાસસ્થાનમાં લીંપવું-વાળવું

આદિક કાર્યાર્થે પણ, સ્ત્રીનો પ્રવેશ કરાવે નહિ; અર્થાત્ તેવું કામ પણ વર્ણી પોતે જ કરે; અથવા તો બીજા પુરુષ પાસે કરાવે ૧.

## સ્નાનાદિક ક્રિયા

વળી સ્ત્રીઓનો જે સ્થાનમાં પગસંચાર હોય; એટલે કે જ્યાં સ્ત્રીઓ વારેવારે આવતી-જતી હોય તેવા સ્થાનમાં, બ્રહ્મચારીઓએ સ્નાનાદિ ક્રિયા કરવા જવું નહિ. 'આદિ' પદ છે તેથી મળમૂત્રનો ત્યાગ કરવા માટે પણ ન જવું —એવો અર્થ છે; તેવા સ્થાનમાં જવાથી સ્ત્રીનું સ્મરણ થઈ આવે, ને તેથી પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય; આ હેતુથી, નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ સ્ત્રીનો પ્રસંગ સર્વપ્રકારે તજવો. —એમ શ્રીજીમહારાજનો આશય છે.

તે સ્વયં શ્રીહરિજીએ કહ્યું છેઃ—

**स्नानोत्सर्गादिका यत्र यत्र स्युर्योषितां क्रियाः**[३७] ।
**तत्र तत्र क्रियां तां तां वर्णी नैवाचरेत्क्वचित्** ॥ २ ॥
**न स्वपेत् स्त्रीयुते गेहे सत्सु पुंसु बहुष्वपि**[३८] ।
**न स्त्रीसञ्चरणस्थाने कुर्यादुत्सर्गकर्म च** ॥ ३ ॥

(સ. જી. પ્ર. ૫, અ. ૫૦)

જે જે સ્થળમાં સ્ત્રીઓ સ્નાનાદિક ક્રિયાને કરતી હોય; 'આદિ' પદથી સ્ત્રીઓ કપડાં ધોતી હોય કે વાસણ માંજતી હોય —વગેરે ક્રિયાને કરતી હોય, તે તે સ્થાનમાં, તે તે ક્રિયાને વર્ણી કદાપિ ન જ કરે ૨. વળી જે ઘરમાં સ્ત્રી રહેતી હોય અને તેમાં તેના પિતા, ભ્રાતા આદિક પુરુષવર્ગ ઘણી સંખ્યામાં હોય તો પણ, તેવા ઘરમાં વર્ણી સૂએ નહિ; તેમ જ સ્ત્રીઓના

સંચરણસ્થાનમાં મળમૂત્રાદિકના ત્યાગની ક્રિયાને ન જ કરે ૩. ઇતિ શ્લો. ૧૭૬.

## શિ૰ શ્લો૰ ૧૭૭

**देवताप्रतिमां हित्वा लेख्या काष्ठादिजाऽपि वा ।**
**न योषित्प्रतिमा स्पृश्या न वीक्ष्या बुद्धिपूर्वकम् ॥ १७७ ॥**

**અને દેવતાની પ્રતિમા વિના, બીજી જે સ્ત્રીની પ્રતિમા-ચિત્રની અથવા કાષ્ઠાદિકની હોય, તેનો સ્પર્શ ન કરવો; અને જાણીને તો તે પ્રતિમાને જોવી પણ નહિ ૧૭૭.**

### સ્ત્રી પ્રતિમા-સ્પર્શવિષય

વળી તે બ્રહ્મચારી તેમણે 'દેવતાની' એટલે રાધિકાજી તથા લક્ષ્મીજી આદિ દેવીઓની; 'પ્રતિમા' જે મૂર્તિ, તે વિના બીજી સ્ત્રીઓની પ્રતિમા તે ભલે ચિતરેલી હોય; અથવા કાષ્ઠ, ધાતુ કે પાષાણમાંથી બનાવેલી હોય તો પણ, તે સ્ત્રીની પ્રતિમાનો બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો; તેમ જ તેને જોવી પણ નહિ.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહ્યું છેઃ–

**विहाय देवतामूर्तिं न स्त्रीयाः प्रतिमामपि[२१] ।**
**काष्ठधातुवस्त्रमृज्जां चित्रस्थामपि न स्पृशेत् ॥ १ ॥**

નૈષ્ઠિકવર્ણી, દેવતાની પ્રતિમા વિના સ્ત્રીની પ્રતિમા ધાતુમયી, કાષ્ઠમયી, વસ્ત્રમયી, મૃત્તિકામયી કે ચિત્રમયી હોય તેનો પણ સ્પર્શ કરે નહિ ૧. શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ. ૮માં પણ કહ્યું છેઃ–

**पदाऽपि युवतिं भिक्षुर्न स्पृशेद्दारवीमपि[१३] ।...॥ २ ॥**

કાષ્ઠની સ્ત્રીની પ્રતિમાને પણ પગ વડે ય, ત્યાગીએ સ્પર્શ કરવો નહિ ૨. ઇતિ શ્લો. ૧૭૭.

## શિ૰ શ્લો૰ ૧૭૮

**न स्त्रीप्रतिकृतिः कार्या न स्पृश्यं योषितोंऽशुकम् ।**
**न वीक्ष्यं मैथुनपरं प्राणिमात्रं च तैर्धिया ॥ १७८ ॥**

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીની પ્રતિમા ન કરવી, ને સ્ત્રીએ પોતાના શરીર ઉપર ધારેલું જે વસ્ત્ર તેને અડવું નહિ, અને મૈથુનાસક્ત એવાં જે પશુપક્ષ્યાદિક પ્રાણીમાત્ર, તેમને જાણીને જોવાં નહિ ૧૭૮.**

### વર્ણીએ ત્યાજ્ય માહિતી

વળી બ્રહ્મચારીઓએ દેવતાની પ્રતિમા સિવાય સ્ત્રીની મૂર્તિ કદી ચીતરવી નહિ, તથા સ્ત્રીઓનું જે પહેરેલું વસ્ત્ર હોય તેનો બુદ્ધિપૂર્વક સ્પર્શ ન કરવો; આ જે વસ્ત્રના સ્પર્શનો નિષેધ કર્યો તે, સ્ત્રીએ પહેર્યા પછી ધોયેલું થકું ભીનું હોય, ધોયેલું થકું સૂકાયેલું હોય, કે તદ્દન નવું હોય તે સિવાયનાબીજાં વસ્ત્ર જે, સ્ત્રીએ પોતાના શરીર પરથી ઉતારીને મૂક્યાં હોય તેવા વસ્ત્રના સ્પર્શનો નિષેધ કરેલો છે, —એમ સત્સંગિજીવન આદિ શાસ્ત્રમાં કહેલ ધર્મોપદેશમાંથી જાણી લેવું. તેમ જ 'મૈથુનપર' એટલે મૈથુનધર્મમાં આસક્ત એવાં 'પ્રાણીમાત્ર' કહેતાં પશુપક્ષી આદિને પણ 'બુદ્ધિપૂર્વક' આદરથી બ્રહ્મચારીઓએ જોવાં નહિ.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહ્યું છેઃ—

**न स्त्रीभिः सह भाषेत न तच्चित्रं तथा लिखेत्[३१] ।**
**न स्पृशेन्न च वीक्षेत चित्राद्यपि च मैथुनि ॥ १ ॥**
**दृश्यमैथुनिचित्रादौ न च गेहे वसेत्क्वचित्[३२] ।**
**स्त्रीवक्त्रसन्मुखमुखं क्वचिन्नोपविशेच्च सः ॥ २ ॥**
**स्पृशेत्स्त्र्यङ्गं तु न क्वापि न च स्त्रीधार्यमंशुकम्[२८] ।**
**धौतशुष्कं च धौतार्द्रं तच्चेत्तर्हि न दोषभाक् ॥ ३ ॥**

નૈષ્ઠિક બ્રહ્મચારી, સ્ત્રીઓ સાથે સંભાષણ ન કરે; સ્ત્રીપ્રતિમાને ચીતરે પણ નહિ તથા મૈથુનાસક્ત ચિત્રાદિકને અડે નહિ, તેમ બુદ્ધિપૂર્વક જુએ પણ નહિ ૧. દશ્ય મૈથુનધર્મી ચિત્રાદિ જે ઘરમાં હોય તે ઘરમાં કદાપિ વસે પણ નહિ; તથા સ્ત્રીમુખને સન્મુખ, મુખ રાખીને વર્ણી કદાપિ બેસે નહિ ૨. સ્ત્રીઓનાં કર-ચરણાદિ અંગનો તો, કદાપિ જનસમૂહમાં પણ સ્પર્શ કરે નહિ; તેમ જ સ્ત્રીએ પહેરેલાં વસ્ત્રનો તથા પહેરીને ઉતારેલાં વસ્ત્રનો પણ સ્પર્શ કરે નહિ. જે વસ્ત્ર ધોયું થકું ભીનું હોય, કે ધોયું થકું સૂકાયેલું હોય, કે નવીન હોય તેનો અજાણે થયેલા સ્પર્શમાં દોષ નથી ૩. ઇતિ શ્લો. ૧૭૮.

## શિ૰ શ્લો૰ ૧૭૯

**न स्पृश्यो नेक्षणीयश्च नारीवेषधरः पुमान् ।**
**न कार्यं स्त्रीः समुद्दिश्य भगवद्गुणकीर्तनम् ॥ १७९ ॥**

**અને સ્ત્રીના વેષને ધરી રહ્યો એવો જે પુરુષ તેને અડવું નહિ, અને તેની સામું જોવું નહિ, અને તે સાથે બોલવું નહિ; અને સ્ત્રીનો ઉદ્દેશ કરીને ભગવાનની કથા-વાર્તા-કીર્તન પણ ન કરવાં ૧૭૯.**

## બ્રહ્મચર્ય દૃઢીકૃત ધર્મો

શ્રીહરિ વળી કહે છેઃ મારા આશ્રિત વર્ણીઓએ, સધવા અથવા વિધવા સ્ત્રીનો વેષ ધારી રહેલા પુરુષનો; અર્થાત્ ભાંડનો, તેમ જ સ્ત્રીના વેષને ધારી રહેલા, એવા કોઈ અન્ય પુરુષનો સ્પર્શ કરવો નહિ, તથા તેને જોવો પણ નહિ; કારણ કે તેનાં દર્શનાદિકથી પણ સ્ત્રીભાવની સ્ફૂર્તિ થઈ આવે છે —એવો ભાવાર્થ છે. વળી 'સ્ત્રીઓને ઉદ્દેશીને' એટલે દૂર રહેલી સ્ત્રીઓ સાંભળે એવા આશયથી, પુરુષોની આગળ પણ, ભગવાનનાં ગુણ-કીર્તન કરવાં નહિ; કારણ કે એવી રીતે ગુણ-કીર્તન કરવાથી મનમાં સ્ત્રીનું સ્મરણ થવા પામે, અને તેથી નૈષ્ઠિકવ્રતમાં દૂષણ આવે. ઈતિ શ્લો. ૧૭૯.

## શિ૦ શ્લો૦ ૧૮૦

**ब्रह्मचर्यव्रतत्यागपरं वाक्यं गुरोरपि ।**
**तैर्न मान्यं सदा स्थेयं धीरैस्तुष्टैरमानिभिः ॥ १८० ॥**

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાના બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો, પોતાના ગુરુનું પણ ન માનવું, ને સદાકાળ ધીરજવાન રહેવું અને સંતોષે યુક્ત રહેવું ને માને રહિત રહેવું ૧૮૦.**

### ગુરુનું વચન અને બ્રહ્મચર્યવિધાન

આ વિષે વિદુરનીતિ અ. ૩૯માં કહ્યું છેઃ—

**अष्टौ तान्यव्रतघ्नानि आपो मूलं फलं पयः[७०] ।**
**हविर्ब्राह्मणकाम्या च गुरोर्वचनमौषधम् ॥ १ ॥**

પાણી[૧], કંદમૂળ[૨], ફળ[૩], દૂધ[૪], હવિ (ઘી)[૫], બ્રાહ્મણની

ઈચ્છા[૬], 'ગુરુનું વચન[૭]' અને ઔષધ[૮] —આ આઠ વાનાંથી વ્રતનો નાશ થતો નથી. ૧. વળી સ્મૃતિવચન છે કે, 'सर्वथा पालनीयैव शिष्यैराज्ञा गुरोरिह ।' ગુરુની આજ્ઞા, શિષ્યોએ સર્વપ્રકારે પાળવી. આવા પ્રકારનાં શાસ્ત્રોનાં વચનોનો આધાર લઈ, શ્રીજીના આશ્રિત કોઈ નૈષ્ઠિકવ્રતધારી, પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ભલે ભંગ થાય તો પણ, તેવું ગુરુનું વચન તો માનવું જોઈએ —એવું ન સમજી બેસે, તે વાસ્તે શ્રીહરિએ આ શ્લોકમાં આજ્ઞા કરી છે કે, નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ, બ્રહ્મચર્યવ્રતનો ત્યાગ થાય તેવું વચન, પોતાના ગુરુનું હોય તો પણ તે માનવું નહિ; ગુરુના વાક્યનું પાલન કરવાનો બોધ આપનારી સ્મૃતિઓ તો, વ્રત-ઉપવાસ વગેરેમાં તથા રોગ-પ્રવાસ વગેરે આપત્તિમાં, ભોજન વિષે શું કરવું તેના બોધ પરત્વે છે; પરંતુ તે 'બૃહદ્વ્રત' અર્થાત્ નૈષ્ઠિક બ્રહ્મચર્યવ્રતના ભંગ પરત્વે નથી.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહ્યું છેઃ—

**निवृत्तिधर्मनिरतैरीश्वरस्य गुरोरपि[७०] ।**
**प्रवृत्त्यध्वपरं वाक्यं ग्रहीतव्यं न कर्हिचित् ॥ २ ॥**
**आपद्धर्मश्च विपदि ग्राह्योऽन्यत्र बृहद्व्रतात्[६८] ।**
**प्राणात्ययेऽपि न त्याज्यं ब्रह्मचर्याङ्गमष्टमम् ॥ ३ ॥**

**'નિવૃત્તિધર્મ'** એટલે કામસંકલ્પે રહિત એવા નિવૃત્તિ ધર્મમાં રહેલા, મારા આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારી વગેરેએ; **'પ્રવૃત્તિધર્મ'** અર્થાત્ કામસંકલ્પે સહિત એવો જે ધર્મ, તેને અનુસરનારું, એવું પ્રવૃત્તિમાર્ગ પરત્વેનું વચન તે ન માનવું; —એવું વચન ભલે બ્રહ્માદિ ઈશ્વર કહે, કે પોતાના ગુરુ કહે તો

પણ, તે ક્યારેય સ્વીકારવું નહિ. (નિવૃત્તિ અને પ્રવૃત્તિધર્મનો આ એક પ્રકાર કહ્યો. હવે બીજો પ્રકાર આ છેઃ) ગૃહસ્થને ઉચિત ઈત્યાદિરૂપ, **'પ્રવૃત્તિધર્મ'** જાણવો અને નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિરૂપ **'નિવૃત્તિધર્મ'** જાણવો; એટલે નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિરૂપ નિવૃત્તિધર્મમાં નિષ્ઠાવાળાએ, ગૃહસ્થને ઉચિત એવું, પ્રવૃત્તિધર્મમાં પ્રવર્તવારૂપ ઈશ્વરનું કે ગુરુનું વચન પણ ક્યારેય ગ્રહણ કરવું નહિ ૨. શ્રીહરિ વળી કહે છેઃ સ્મૃતિમાં જે આપત્કાળમાં પાળવાનો ધર્મ કહ્યો છે તે, બ્રહ્મચર્યવ્રત થકી અન્યમાં જાણવો; બ્રહ્મચર્યવ્રતના પાલનમાં તો આપદ્ધર્મ ગ્રહણ કરવો નહિ; અર્થાત્ બ્રહ્મચર્ય તો, આપત્કાળમાં પણ ત્યાગ કરવું નહિ. આઠમું સ્ત્રીના અંગસંગના ત્યાગરૂપ જે બ્રહ્મચર્ય છે તે તો, પોતાના પ્રાણનો નાશ થવાનો સંભવ ઉપસ્થિત થાય તો પણ, તેનો ત્યાગ ન કરવો ૩.

## નિષ્કામવ્રતની દૃઢતા અંગેના ઉપાય

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૧માં કહે છેઃ—

**न सूर्यास्तमयादूर्ध्वं चलेदध्वन्यनापदि[२१] ।...॥ ४ ॥**

મારા આશ્રિત વર્ણી, સૂર્ય અસ્ત થયા પછી વિપત્તિ વિના માર્ગમાં ચાલે નહિ ૪. વળી આ જ પ્રકરણના ૫૦મા અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**स्वपेतां दम्पती रात्रौ यतः कुड्यान्तरे गृहे[३५] ।**
**तत्र गेहे स्वपेन्नैव दोषो नास्त्यन्यथा त्विह ॥ ५ ॥**
**धनुर्मानान्तरे नैव स्त्रिया गच्छेदनापदि[३८] ।**
**मार्गाल्प्योत्सवमौढ्यादौ रक्ष्यं तत्स्पर्शतो वपुः ॥ ६ ॥**

જે ઘરમાં દંપતી, રાત્રીએ સૂતાં હોય તે થકી એક

ભીંતમાત્ર અંતરાયવાળા ઘરમાં, વર્ણી સૂએ નહિ; જો તેવા ઘરમાં દંપતી ન સૂતાં હોય તો દોષ નથી ૫. માર્ગમાં જતી સ્ત્રી થકી ધનુર્માપ વ્યવધાન વિના, તેની અતિ સમીપે જ વર્ણીએ ચાલવું નહિ; અર્થાત્ સ્ત્રી થકી ચાર હાથ છેટે ચાલવું. રથાભિઘાત આદિ આપત્તિમાં તો આટલા વ્યવધાનનો નિયમ નથી; તથા સાંકડો માર્ગ હોય, કે ભગવાનના હરિજયંતી આદિક મહોત્સવ હોય, કે સ્ત્રીનું બાળત્વ-ઉન્મત્તત્વરૂપ મૂર્ખપણું હોય, કે ભિક્ષા-યાચનાદિ પ્રસંગ હોય ત્યારે તો, સ્ત્રીના અંગનો સ્પર્શ પોતાને જેમ ન થાય તેમ વર્તવું ૬. શ્રીહરિ વળી તે પછી કહે છેઃ—

**प्रमादात्पातिते वीर्ये कार्यं चान्द्रायणव्रतम्**[५५] ।
**...। स्त्रावे जाते स्वतः कुर्याद्दिनमेकमुपोषणम्**[५४] ॥ ७ ॥
**...। साक्षात्सङ्गे स्त्रिया जाते पतितोऽसौ बृहद्व्रतात्**[५५] ॥ ८ ॥
**नैष्ठिकत्वं न तस्य स्यात्प्रायश्चित्तशतैरपि**[५६] ।
**अतस्तन्मण्डलाद्भ्रष्टः स त्वौद्धवसमाश्रितात्** ॥ ९ ॥

(સ. જી. પ્ર. ૫, અ. ૫૦)

વર્ણી જો પ્રમાદથી પોતે જ વીર્યપાતન કરે તો પ્રાયશ્ચિત્ત તરીકે ચાંદ્રાયણવ્રત કરે. જો સ્વતઃ વીર્યસ્રાવ થાય તો એક દિવસ ઉપવાસ કરે ૭. સાક્ષાત્ સ્ત્રીસંગ કરે તો એની પ્રાયશ્ચિત્ત વડે શુદ્ધિ છે જ નહિ; નૈષ્ઠિકવ્રત થકી ભ્રષ્ટ થયેલા તેવાને પતિત જ જાણવો ૮. આ ભ્રષ્ટ વર્ણી, સેંકડો પ્રાયશ્ચિત્ત કરવાથી પણ ફરીથી નૈષ્ઠિકપણાને પામે નહિ. (પરપુરુષના સંગથી પાતિવ્રત્ય થકી પતિત થયેલી પતિવ્રતા વનિતાની પેઠે.) માટે તે આવા પતિત વર્ણીને તો, ઉદ્ધવસંપ્રદાયના સમાશ્રિત નૈષ્ઠિક વર્ણીમંડળ થકી બહિર્ભૂત જ જાણવો ૯.

વળી સ. જી. પ્ર. ૨, અ. ૭માં પણ શ્રીહરિએ ત્યાગાશ્રમીને, ધર્મમાં રહેવાનો ઉપાય, આ પ્રકારે બતાવ્યો છેઃ—

**विना भैक्षं सभां वाऽपि गृहस्थानां गृहाणि च[६५] ।**
**गन्तव्यानि क्वचिन्नैव त्यागिभिर्यैर्मदाश्रितैः ॥ १० ॥**
**एकाकिभिर्न गन्तव्यं तैः कदाचन कुत्रचित्[६६] ।...॥ ११ ॥**

મારા આશ્રિત એવા બ્રહ્મચારી આદિક ત્યાગીઓએ, ભિક્ષા અથવા સભાપ્રસંગ વિના, ગૃહસ્થોના ગૃહપ્રત્યે ક્યારેય પણ જવું નહિ ૧૦. વળી તેમણે ‘कदाचन' એટલે આપત્કાળમાં પણ; ‘कुत्रचित्' અર્થાત્, તીર્થમાં પણ એકાકી જવું નહિ (આ પણ બ્રહ્મચર્યની દૃઢતા માટે છે) ૧૧.

## વર્ણીના કેટલાક અન્ય ધર્મો

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૧માં કહે છેઃ—

**दिवा निद्रां न कुर्वीत निशश्चाद्यन्तयामयोः[१९] ।**
**सन्ध्ययोश्च स्वपेन्नैव ब्रह्मचारी विनापद्म ॥ १२ ॥**
**क्षेत्रवाटीद्रुमावापं स्ववृत्त्यर्थं न चाचरेत्[३९] ।**
**नैवान्नसङग्रहं कुर्यान्न रसादेरपि क्वचित् ॥ १३ ॥**
**अमार्गेण न गच्छेच्च गृहिगेहं कदाचन[४१] ।**
**बालकं लालयेन्नैव वर्णी कस्यचिदप्यसौ ॥ १४ ॥**

બ્રહ્મચારી, આપત્કાળ વિના દિવસે નિદ્રા ન જ કરે, તથા રાત્રીના આદિ-અંત પ્રહરમાં અને ‘બે સંધ્યા' કહેતાં, પ્રાતઃકાળ અને સાયંકાળ સમયમાં, આપત્કાળ સિવાય નિદ્રા ન જ કરે ૧૨. વળી ખેતર, વાડી અને વૃક્ષારોપણને, વર્ણી પોતાની વૃત્તિ માટે કરે-કરાવે નહિ તથા અન્નસંગ્રહને કદાપિ ન જ કરે, તેમ જ દૂધ, દહીં, ઘૃત આદિક રસનો પણ સંગ્રહ

ન જ કરે ૧૩. વળી વર્ણીએ, 'અમાર્ગથી' અર્થાત્, ચોર-માર્ગથી કોઈના પણ ઘરપ્રત્યે કદાપિ પ્રવેશ કરવો નહિ, તથા કોઈના પણ બાળકને રમાડવું નહિ ૧૪. વળી આ જ પ્રકરણના અ. ૫૨માં શ્રીહરિ કહે છેઃ—

**सूनिसूतकीपाषंडियवनान्त्यजपापिनाम्**[१०] **।**
**स्पर्शे स्मशानाक्रमणे सचैलं स्नानमाचरेत् ॥ १५ ॥**
**अभेध्यस्पर्शने वान्तावसद्भैक्षभुजावपि**[११] **।**
**स्नानं कुर्यान्मलोत्सर्गे दुःस्वप्ने च बृहद्व्रतः ॥ १६ ॥**

'સૂનિ' એટલે પ્રાણિહિંસક, સૂતકી, 'પાખંડી' જે નાસ્તિક, યવન, અંત્યજ તથા મહાપાપી, —એટલાના સ્પર્શમાં અને શ્મશાનના ઉલ્લંઘનમાં, વર્ણી, વસ્ત્રે સહિત સ્નાન કરે ૧૫. તેમ જ 'अमेध्य' કહેતાં, અપવિત્ર પ્રાણી જે કૂતરાં-ગધેડાં તેના અને અપવિત્રમાંસાદિ વસ્તુના સ્પર્શમાં; ઊલટી થયા પછી તથા અસજ્જન થકી પ્રાપ્ત થયેલા ભિક્ષાના અન્નભોજનમાં, કે સ્વભાવદુષ્ટ અન્નના ભોજનમાં; ઝાડે ફરી આવ્યા પછી ને દુષ્ટ સ્વપ્નમાં, નૈષ્ઠિકવ્રતનિષ્ઠ સ્નાન કરે ૧૬.

## ધીર, તુષ્ટ ને અમાનીપણું

વળી તે બ્રહ્મચારીઓએ 'સદા' એટલે સર્વકાળમાં ધીર થઈને રહેવું; **'ધીર'** —એટલે, વિકારનું કારણ પ્રાપ્ત થયા છતાં, જેમના ચિત્તમાં વિકાર ન થાય તેમને ધીર કહેલા છે.

**'તુષ્ટ'** —એટલે દૈવઇચ્છાથી મળેલી ભિક્ષા વડે સંતુષ્ટ રહેવું; અર્થાત્, તેમાં જ સંતોષ માનવો પરંતુ રસાસક્તિથી ધનિકની પાસે ભિક્ષાની યાચના ન કરવી. તે શ્રીમદ્ ભાગવત સ્કંધ ૮, અ. ૧૯માં કહ્યું છેઃ—

**यदृच्छालाभतुष्टस्य तेजो विप्रस्य वर्धते[२६] ।...॥ १७ ॥**

દૈવયોગે મળેલી વસ્તુથી સંતોષ પામેલા બ્રાહ્મણનું તેજ વૃદ્ધિ પામે છે ૧૭.

**'અમાની'**-કહેતાં જેનામાં અભિમાન હોય તે માની કહેવાય; અને જે માની નહિ તે અમાની. એવા અમાની થઈને રહેવું; ભગવાનના પદની પ્રાપ્તિના સાધનમાં નિર્માનીપણું અગ્ર સ્થાને છે. તે ભગવદ્‌ગીતા અ. ૧૫માં પણ કહ્યું છેઃ—

**निर्मानमोहा जितसङ्गदोषा अध्यात्मनित्या विनिवृत्तकामाः[५] ।**
**द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञैर्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥ १८ ॥**

માન અને મોહથી રહિત, સંગદોષને જીતનારા, નિત્ય અધ્યાત્મ વૃત્તિવાળા, કામ-કુવાસનાથી નિવૃત્તિ પામેલા, સુખ-દુઃખનાં દ્વંદ્વથી મુક્ત થયેલા ને મોહ રહિત —એવા જ્ઞાનવાન પુરુષો, અવ્યય પદને પામે છે ૧૮. વળી અભિમાનથી સર્વસ્વનો નાશ થાય છે. તે વિદુરનીતિ અ. ૩૫માં કહ્યું છેઃ—

**जरा रूपं हरति हि धैर्यमाशा मृत्युः प्राणान् धर्मचर्यामसूया[१०] ।**
**क्रोधः श्रियं शीलमनार्यसेवा ह्रियं कामः सर्वमेवाभिमानः ॥ १९ ॥**

વૃદ્ધાવસ્થા, રૂપને; આશા, ધૈર્યને; મૃત્યુ, પ્રાણોને; અસૂયા, ધર્માચરણને; ક્રોધ, લક્ષ્મીને; 'અનાર્ય' જે અસત્પુરુષ તેની જે સેવા તે શીલને; કામ, લજ્જાને અને અભિમાન સર્વસ્વને હરી લે છે ૧૯. ઈતિ શ્લો. ૧૮૦.

## શિ૦ શ્લો૦ ૧૮૧

**स्वातिनैकट्यमायान्ती प्रसभं वनिता तु या ।**
**निवारणीया साभाष्य तिरस्कृत्यापि वा द्रुतम् ॥ १८१ ॥**

**અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી, તેને બોલીને અથવા તિરસ્કાર કરીને પણ તુરત વારવી; પણ સમીપે આવવા દેવી નહિ ૧૮૧.**

### આપત્કાળ – વિષય

'વનિતા' એટલે સ્ત્રી; પોતાને વિષે પ્રીતિ હોય અથવા ન હોય, તેવી પણ સ્ત્રી જો બળાત્કારથી પોતાની અતિશય સમીપમાં આવે તો, તેને 'દૂર જા' એવી રીતે બોલીને; અથવા જો તેમ છતાં દૂર ન જાય તો, કઠોર ભાષણથી તેનો તિરસ્કાર કરીને પણ તેને તુરત દૂર કાઢવી; પરંતુ વર્ણીએ તેનો સ્પર્શ કરવો નહિ. સ્પર્શ કરવાથી આઠમા બ્રહ્મચર્યનો નાશ થવાનો સંભવ રહે છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહ્યું છેઃ–

**सबंधनाश्रमे स्वस्य योषा यद्यापतेत्क्वचित्[५०] ।**
**स्प्रष्टुं वा स्वं तदा त्वस्य न दोषो भाषणे तया ॥ १ ॥**

જે કોઈ નારી પોતાના બંધીવાળા આશ્રમમાં પ્રવેશ કરી જાય; અથવા પોતાનો સ્પર્શ કરવા પ્રયત્ન કરે, ત્યારે તો, તેણીના પ્રતિષેધ માટે કરેલું સાક્ષાત્ ભાષણ, વર્ણીને દોષમાટે થતું નથી ૧. વળી વાયુપુરાણમાં પણ કહ્યું છેઃ–

**आत्मनः सर्वथा येन स्याद् बृहद्व्रतरक्षणम् ।**
**योगं तमेव कुर्वीत प्रयत्नेन पुमान्सुधीः ॥ २ ॥**

જેનાથી પોતાનું 'બૃહદ્વ્રત' જે બ્રહ્મચર્યવ્રત, તેનું સર્વથા રક્ષણ થાય, તેવા પ્રસંગને જ બુદ્ધિમાન પુરુષે, પ્રયત્ન વડે સિદ્ધ કરવો ૨. આપદ્ધર્મના અનુષ્ઠાન પછી, અર્થાત્ આપત્કાળમાં સ્ત્રી સાથે, ઉપર કહેલા સંજોગોમાં સંભાષણાદિ કરવું પડ્યું હોય તો, આપત્કાળ દૂર થયા પછી સર્વત્ર યોગ્ય જણાય તેમ, પ્રાયશ્ચિત્ત કરીને પોતાના મુખ્ય ધર્મમાં દઢપણે રહેવું. ઈતિ શ્લો. ૧૮૧

## શિ૰ શ્લો૰ ૧૮૨

**प्राणापद्युपपन्नायां स्त्रीणां स्वेषां च वा क्वचित् ।**
**तदा स्पृष्ट्वापि तद्रक्षा कार्या सम्भाष्य ताश्च वा ॥ १८२ ॥**

**અને જો ક્યારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો, તે સ્ત્રીઓને અડીને અથવા તે સાથે બોલીને પણ, તે સ્ત્રીઓની રક્ષા કરવી અને પોતાની પણ રક્ષા કરવી ૧૮૨.**

## આપત્કાળ — માહિતી

શ્રીહરિ આ સંબંધમાં, સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહે છેઃ—

**जलाग्निश्रृङ्गिदंष्ट्र्यादेर्भये शस्त्राद्विषात्तथा[५१] ।**
**गृहद्रुमादिपाते वा रोगे स्वस्य स्त्रिया अपि ॥ १ ॥**
**प्राणान्तिकापदीदृश्यां साक्षात्स्पर्शे च भाषणे[५२] ।**
**स्त्रिया जातेऽपि नास्त्येव दोषस्तस्यान्यथाऽस्ति हि ॥ २ ॥**

ક્યારેક પાણીની રેલ આવી હોય, ઘરને આગ લાગી

હોય, કે શિંગડાવાળાં પશુ, કે દાઢોવાળાં સર્પાદિ તેનો ભય પ્રાપ્ત થયો હોય તથા શસ્ત્રપાત, ઝેર, ગૃહપાત, વૃક્ષપાત કે મહારોગ ઈત્યાદિકથી, પોતાનો કે સ્ત્રીનો જીવ જોખમમાં હોય, તેવી પ્રાણાંતિક ભયાપત્તિ થકી, પોતાને અને સ્ત્રીને મુકાવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે, વર્ણીએ સ્ત્રીનો સ્પર્શ કરીને અથવા તેની સાથે વાત કરીને પણ, તે સ્ત્રીના તથા પોતાના પ્રાણની રક્ષા કરવી તે દોષ માટે નથી; કેમ કે 'जीवन्नरो भद्रशतानि पश्यति' જીવતો નર સો એ સો 'ભદ્ર'- કલ્યાણ જોશે. આમાં 'નર' શબ્દ 'મનુષ્યજાતિ' અર્થાત્ સ્ત્રી-પુરુષ પરત્વે સમજવો. માટે જીવપ્રાણીમાત્ર ઉપર દયા રાખીને યથાશક્તિ તેનું રક્ષણ કરવું; પરંતુ મરતા પ્રાણીની ઉપેક્ષા ન કરવી —આવું તાત્પર્ય છે; જો આવો પ્રાણાંતિક ભય ન હોય —તેવા સમયમાં તો, સ્ત્રીસંભાષણ તથા સ્પર્શમાં દોષ છે જ ૧-૨. ઈતિ શ્લો. ૧૮૨.

## શિ० શ્લો० ૧૮૩

**तैलाभ्यङ्गो न कर्तव्यो न धार्यं चायुधं तथा ।**
**वेषो न विकृतो धार्यो जेतव्या रसना च तैः ॥ १८३ ॥**

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, પોતાને શરીરે તૈલમર્દન ન કરવું, ને આયુધ ન ધારવું, ને ભયંકર એવો જે વેષ તે ન ધારવો અને રસના ઈંદ્રિયને જીતવી ૧૮૩.**

### તૈલાભ્યંગ નિષેધ વગેરે

શ્રીજી કહે છેઃ મારા આશ્રિત વર્ણીઓએ; 'તૈલાભ્યંગઃ' એટલે તેલથી શરીર ચોળવું તે ન કરવું. તે સ. જી. પ્ર. ૫,

અ. ૫૧માં શ્રીહરિએ કહ્યું છેઃ–

**प्रासादिकेनापि हरेश्चन्दनेनाङ्गचर्चनम्[२०] ।**
**तथा सुगन्धितैलेन कुर्यान्नाभ्यङ्गमप्यसौ ॥ १ ॥**
**न चाङ्गमर्दनं कुर्यात्स्नानकाले तथा पदे[२३] ।**
**घर्षयित्वा न धावेच्च मुखं नेक्षेत दर्पणे ॥ २ ॥**
**नात्युज्ज्वलानि वासांसि धुत्वा कुर्वीत कर्हिचित्[२४] ।**
**नाञ्जयेच्च स्वके नेत्रे न ताम्बूलादि भक्षयेत् ॥ ३ ॥**

બ્રહ્મચારી, ભગવાનના પ્રસાદભૂત ચંદનથી પણ પોતાના અંગમાં લેપન ન કરે, તથા સુગંધી તેલથી ‘અભ્યંગ’ અર્થાત્, તેલ ચોળીને સ્નાન કરવું તેનો તો દૂરથી ત્યાગ કરે ૧. તેમ જ સ્નાન સમયે અંગમર્દન કરે નહિ. વળી વર્ણી, પગને ઘસીને ન ધુએ, દોડે નહિ તથા પોતાના મુખને દર્પણમાં જુએ નહિ ૨. વળી વસ્ત્રોને ‘ધોવાની વસ્તુથી’-સાબુ આદિથી સારી રીતે ધોઈ, ‘અતિ ઉજળાં’-નેત્રાહ્લાદક કરીને કદાપિ ધારણ કરે નહિ, પોતાનાં નેત્રોને કાજળથી આંજે નહિ, તાંબુલ ભક્ષણ કરે નહિ; તેમ જ ‘આદિ’ પદથી નાગરવેલના પાનની બીડી, સોપારી, એલાયચી, લવિંગ વગેરેનું પણ ભક્ષણ કરે નહિ ૩.

વળી વર્ણીઓએ ‘आयुध’ જે તલવાર વગેરે શસ્ત્ર, તેનું ધારણ કરવું નહિ; કારણ કે તેથી હિંસા કરવાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે. વળી શ્લોકમાં ‘ચ’કાર છે માટે કોઈનું પણ તાડન કરવાના વિનિયોગથી, લાકડી વગેરેનું ધારણ પણ નહિ કરવાનું સમજવું.

## વર્ણીવસ્ત્રાદિક પરિચય

**'विकृतः'** = 'लोकशास्त्रगर्हितः, बीभत्स इति यावत् । લોક અને શાસ્ત્રમાં નિંદિત; હવે 'શાસ્ત્રનિંદિત' એટલે કે, બહુ મૂલ્યવાળા, ચિત્રવિચિત્ર ભાત્યનાં, કસુંબાદિક રંગે યુક્ત, કે શાલદુશાલા વગેરે ગૃહીજનોચિત એવાં વસ્ત્ર; તેમ જ 'લોકનિંદિત' જેવાં કે, અતિશય મેલાં, અતિ ફાટેલાં, ભયજન્ય કે પારદર્શક એવાં વસ્ત્ર, વર્ણીએ ધારણ કરવાં નહિ; 'શાસ્ત્રમાં કહ્યો હોય તેવો વેષ રાખવો;' અર્થાત્, ઉપર કપડું ઢાંકેલ કૌપીન, કટિસૂત્ર વગેરે —બ્રહ્મચારીને ઉચિત લક્ષણવાળો વેષ ધારણ કરવો, એવો અભિપ્રાય છે.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં, વર્ણીને ધારણ કરવાનાં વસ્ત્રાદિકની માહિતી આ પ્રમાણે જણાવે છેઃ—

**द्वे कौपीने सिते धोत्रे क्षौमं वैकां च कम्बलीम्**[२०] ।
**धारयेद्भुक्तिसमये परिधानार्थमेव सः** ॥ ४ ॥
**कन्थां च प्रच्छदपटीं कम्बलं द्वे च पञ्चिके**[२१] ।
**शिरःपटकमेतानि काषायाण्येव धारयेत्** ॥ ५ ॥
**पीठार्थं कम्बलीखण्डो जपमालां सगोमुखीं**[२४] ।
**धार्या गोपीचन्दनं च पादुके इति संग्रहः** ॥ ६ ॥

વર્ણી, બે શ્વેત કૌપીનો, તેની ઉપર આચ્છાદન કરવાનાં બે ધોળાં ધોતિયાં અને ભોજન સમયે પહેરવા માટે શણનું, કે કાંબળીનું એક વસ્ત્ર ધારણ કરે ૪. વળી 'કન્થા' જે ગોદડી, ચાદર, ઓઢવાની કામળી, 'ઉત્તરીય' એટલે ઓઢવાનાં બે પંચિયાં ને માથે બાંધવાનો ચોખંડો એક રૂમાલ —આ કંથાદિક વસ્ત્રો 'કાષાય જ' અર્થાત્, ભગવી મૃત્તિકાથી

રંગેલા ધારણ કરે. 'ચ'કારથી રક્ત ઉર્ણાની ટોપી ધારવાની જાણવી ૫. આસન માટે કામળીનો કકડો, ગોમુખીએ સહિત જપમાળા, તિલક માટે ગોપીચંદન અને પાદુકાને રાખે ૬. શ્રીહરિ વળી કહે છેઃ—

**छत्रं न धारयेद्वर्णी न नृत्यप्रेक्षको भवेत्[२२] ।**
**नातिरक्तानि वासांसि काषायाण्यऽपि धारयेत् ॥ ७ ॥**

(સ. જી. પ્ર. ૫, અ. ૫૧)

વર્ણી, છત્રીને ધારે નહિ, નૃત્યને જુએ નહિ તથા રંગદ્રવ્યથી અધિક રંગેલા, અતિશય રાતાં કાષાય વસ્ત્રોને ધારે નહિ ૭.

## રસના ઇંદ્રિય જીતવાની આજ્ઞા

વળી વર્ણીઓએ રસના ઇંદ્રિય જીતવી; કારણ કે 'રસના' જે જિહ્વા તેને જીતવાથી સર્વે ઇંદ્રિયો જીતાય છે. તે સ. જી. પ્ર. ૫, અ. ૫૧માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**रसलुब्धो भवेन्नैव नैकं भिक्षेत चान्वहम्[८] ।**
**धातुपुष्टिकरं चान्नं प्रायो वर्णी न भक्षयेत् ॥ ८ ॥**

વર્ણી, રસોમાં ન જ લોભાય, પ્રતિદિન એક જ ગૃહસ્થને ત્યાં ભિક્ષા માગે નહિ; પરંતુ ભ્રમરવૃત્તિનો આશ્રય કરે, ને પ્રાયઃ ધાતુવર્ધક અન્નને ભક્ષણ કરે નહિ ૮. વળી શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ. ૮માં કહ્યું છેઃ—

**तावज्जितेन्द्रियो न स्याद्विजितान्येन्द्रियः पुमान्[२१] ।**
**न जयेद्रसनं यावज्जितं सर्वं जिते रसे ॥ ९ ॥**

જ્યાં સુધી રસના ઇંદ્રિય જીતી નથી ત્યાં સુધી, બીજી ઇંદ્રિયો જીતી હોય તો પણ તે જિતેન્દ્રિય થઈ શકતો

નથી; રસના ઇંદ્રિય જીતે ત્યારે જ સર્વ ઇંદ્રિયો જીતાય છે ૯. ઇતિ શ્લો. ૧૮૩.

## શિ૰ શ્લો૰ ૧૮૪

**परिवेषणकर्त्री स्याद्यत्र स्त्री विप्रवेश्मनि ।**
**न गम्यं तत्र भिक्षार्थं गन्तव्यमितरत्र तु ॥ १८४ ॥**

**અને જે બ્રાહ્મણના ઘરને વિષે સ્ત્રી પીરસનારી હોય, તેને ઘેર ભિક્ષા કરવા જવું નહિ; ને જ્યાં પુરુષ પીરસનારો હોય ત્યાં જવું ૧૮૪.**

## ભિક્ષાપ્રસંગ

'यत्र' એટલે જ્યાં; 'विप्रवेश्मनि' કહેતાં, જે બ્રાહ્મણના ઘરને વિષે; 'સ્ત્રીજાતિ' એટલે કન્યા, યુવતી, અગર વૃદ્ધ સ્ત્રી ભોજન પીરસનારી હોય, તે ઘેર મારા આશ્રિત વર્ણીઓએ ભોજન માટે જવું નહિ; કારણ કે એવા ઘરમાં ભિક્ષા કરવાથી, સ્ત્રીનાં દર્શન થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, ને તેથી બ્રહ્મચર્યનો ભંગ થવાની આપત્તિ આવે છે; માટે જ્યાં, પુરુષ પીરસનારો હોય ત્યાં જ ભિક્ષાર્થે જવું એવો અર્થ છે.

**'ભાવાર્થ':–** અહીં બ્રાહ્મણનું જ ઘર કહ્યું તે તો, પવિત્ર બ્રાહ્મણના ઘરની ભિક્ષા લેવી, એવી શાસ્ત્રમાં પ્રધાન આજ્ઞા છે તેથી; તેમ જ રાંધેલા અન્નની ભિક્ષા પરત્વે કહેલું છે —એમ સમજવું; અર્થાત્ ક્ષત્રિયાદિકના ઘેર જમવાનું નિમંત્રણ હોય તો, ત્યાં ધર્મવાળા પવિત્ર બ્રાહ્મણ પાસે રસોઈ કરાવવી ને 'પૂર્વોક્ત રીતિથી' એટલે પુરુષ પીરસનારો હોય તો જ

ભિક્ષા લેવા જવું એવો ભાવ છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં કહ્યું છેઃ—

**परिवेष्ट्रीपाककर्त्री स्याद्यत्र स्त्री न पूरुषः[४१] ।**
**तत्र भोक्तुं नैव गच्छेन्न स्पृशेच्च भ्रुकुंसकम् ॥ १ ॥**

જે વિપ્રગૃહે રસોઈ કરનારી તેમ જ પીરસનારી સ્ત્રી હોય ત્યાં જમવા માટે વર્ણી ન જ જાય; તથા સ્ત્રીવેષને ધરનારા પુરુષનો, અર્થાત્ ભવૈયા આદિકનો સ્પર્શ ન જ કરે ૧.

'आहारशुद्धौ सत्त्वशुद्धिः सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः ।'

"આહારશુદ્ધિથી સત્ત્વશુદ્ધિ થાય છે; 'સત્ત્વશુદ્ધિથી' એટલે, અંતઃકરણની શુદ્ધિથી, ભગવાનની અચળ સ્મૃતિ રહે છે ને નિશ્ચલ સ્મૃતિ રહેવાથી, હૃદયગ્રંથી વગેરે સર્વે ગ્રંથીઓ છૂટી જાય છે." —એમ છાંદોગ્યઉપનિષદમાં કહ્યું છે. માટે પવિત્ર ને સ્વધર્મનિષ્ઠ બ્રાહ્મણે રસોઈ કરી હોય, અથવા તેવા બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી હોય —એવી રીતના બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્યાદિ વર્ણના ઉત્તમજનો, તે બ્રહ્મચારી કે સાધુને તૈયાર રાંધેલ અન્ન જમવાનું આમંત્રણ આપે; અથવા ત્યાં જઈને જાતે જ રસોઈ કરવાની હોય તો, પાંચ ત્યાગી મળીને, બ્રહ્મચારી અગર સાધુએ તેને ઘેર જમવા જવું. અને તૈયાર રાંધેલ અન્નનું આમંત્રણ કોઈએ ન આપ્યું હોય ત્યારે તો, સ્વધર્મનિષ્ઠ એવા જનોની 'આમાન્ન'-કાચા સીધાની ભિક્ષા ગ્રહણ કરે. આ પ્રકારનો પ્રબંધ, શ્રીહરિએ પોતે જ સ્વાશ્રિત વર્ણી તથા સંતોને માટે બાંધેલો છે.

## ભિક્ષાન્નની પ્રશંસા

ભિક્ષામાં આવેલું અન્ન, પરાન્ન ગણાતું નથી એવું અત્રિમુનિનું વચન છેઃ—

**सोमपानसमा भिक्षा भिक्षान्नं न प्रतिग्रहः ।**
**परान्नं नैव भिक्षा स्यान्न तस्याः परपाकता ॥ २ ॥**
**भिक्षा माधुकरी नाम सर्वपापप्रणाशनी ।**
**भिक्षाहारो निराहारः प्रोच्यते भिक्षुको नरः ॥ ३ ॥**

ભિક્ષાનું અન્ન સોમપાન જેવું પવિત્ર ગણેલું છે અને તે 'પ્રતિગ્રહ'-સ્વીકાર્યું ગણાતું નથી; ભિક્ષા, એ પરાન્ન પણ કહેવાતું નથી ને તેવા અન્નથી પરપાકતા કહેવાતી નથી ૨. 'માધુકરી' એટલે મધમાખી જેમ જુદા-જુદા પુષ્પો વગેરેથી મધ ભેગું કરે છે, તેમ જુદા-જુદા ઘેરથી માગેલી ભિક્ષા, સર્વ પાપનો વિનાશ કરનારી છે. વળી ભિક્ષા-આહારને નિરાહાર કહે છે ને તેવા ભિક્ષાહારીને 'ભિક્ષુક' કહે છે ૩. વળી 'વિશ્વેશ્વરપદ્ધતિ'ની સ્મૃતિમાં પણ કહ્યું છેઃ—

**नक्तात्परश्चोपवास उपवासादयाचितम् ।**
**अयाचितात्परं भैक्षं तस्माद्भैक्षेण वर्तयेत् ॥ ४ ॥**

એકટાણારૂપ જે નક્તભોજન-જેને એકભુક્તિવ્રત કહે છે તે શ્રેષ્ઠ છે; અને તેથી ઉપવાસ શ્રેષ્ઠ છે; ઉપવાસથી વગર માગે મળેલું અન્ન, તે શ્રેષ્ઠ છે; અને તે કરતાં ય ભિક્ષાન્ન શ્રેષ્ઠ છે; માટે ભિક્ષાના અન્નથી બ્રહ્મચારીએ નિર્વાહ કરવો ૪. વ્યાસસ્મૃતિમાં પણ કહ્યું છેઃ—

**नीली पट्टे जलं तक्रे गोशाला म्लेच्छमन्दिरे ।**
**भिक्षा माधुकरी चैव पवित्राणि युगे युगे ॥ ५ ॥**

વસ્ત્રમાં ગળી, છાશમાં પાણી, મલેચ્છના આવાસમાં આવેલી ગૌશાળા અને માધુકરી ભિક્ષા, તે દરેક યુગેયુગમાં પવિત્ર છે ૫.

## આમંત્રણ-ભોજનવિષય

શાસ્ત્રમાં ભિક્ષાન્નની પ્રશંસા કરેલી છે; પરંતુ કોઈ ભાવિક ભગવદ્‌ભક્ત, આગ્રહપૂર્વક પોતાને ઘેર જમવાનું આમંત્રણ આપે ત્યારે કેવી રીતે વર્તવું તે વિષે સ. જી. પ્ર. ૫, અ. ૫૪માં શ્રીહરિ કહે છેઃ–

**विप्रः कश्चित्पवित्रः स्वं भिक्षायै चेन्निमन्त्रयेत्[७२] ।**
**न याचितुं तर्हि गच्छेद् गच्छेद्धोक्तुं तदालये ॥ ६ ॥**
**स्वविष्णोस्तत्र नैवेद्यं कृत्वा भुञ्जीत पूर्ववत्[७३] ॥ ७ ॥**

જો કોઈ પવિત્ર વિપ્ર, શ્રદ્ધાથી ભોજનાર્થે પોતાને નિમંત્રે તો વર્ણી, વસ્તીમાં ભિક્ષા માગવા ન જાય; તે નિમંત્રકવિપ્રને ઘેર, પોતાને પૂજવાની ભગવત્‌પ્રતિમાને; અર્થાત્ પોતે પૂજવા રાખેલ 'હરિકૃષ્ણ મહારાજ'ની મૂર્તિને લઈ જઈ, ત્યાં જ તેમને નૈવેદ્ય કરીને 'પૂર્વોક્ત રીતિથી' અર્થાત્, માનસીપૂજા ઈષ્ટદેવનું સ્મરણ, અપોશન* પ્રાણાહુતિ આદિક વિધિ કરવાપૂર્વક જમે ૬-૭. ઇતિ શ્લો. ૧૮૪.

## શિ૦ શ્લો૦ ૧૮૫

**अभ्यासो वेदशास्त्राणां कार्यश्च गुरुसेवनम् ।**
**वर्ज्यः स्त्रीणामिव स्त्रैणपुंसां सङ्गश्च तैः सदा ॥ १८५ ॥**

* અપોશનવિધિનું લક્ષણ, આગળ શ્લો. ૧૮૭ના વિવરણમાં કહેલું છે.

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે, વેદશાસ્ત્રનો અભ્યાસ કરવો ને ગુરુની સેવા કરવી; અને સ્ત્રીઓની પેઠે જ સ્ત્રૈણ પુરુષનો સંગ સર્વકાળે વર્જવો ૧૮૫.**

## વેદશાસ્ત્રનો અભ્યાસ

શ્રી સહજાનંદ સ્વામી પોતાનો સામાન્ય સિદ્ધાંત કહે છેઃ **'વેદ'** એટલે ઋગ્વેદ વગેરે ચાર વેદો; અને **'શાસ્ત્ર'** કહેતાં શિક્ષા વગેરે વેદનાં અંગો તથા સાંખ્ય, યોગ વગેરે ખટશાસ્ત્ર; તેનો અભ્યાસ મારા આશ્રિત વર્ણીઓએ કરવો. —આમ સમજવું તે શ્રીહરિનો પરોક્ષાર્થ છે ને મુમુક્ષુ જીવોના સમાસને અર્થે એ આજ્ઞા શ્રીજીમહારાજે કરી છે, માટે શ્રીજીની પ્રસન્નતાર્થે એ આજ્ઞાનું પાલન કરવું.

હવે મુખ્ય સિદ્ધાંત શું? તો, **'વેદ'** એટલે શ્રીજીના મુખનાં 'અમૃતવચનો' જે શિક્ષાપત્રી, વચનામૃત, હરિવાક્ય સુધાસિંધુ વગેરે; અને **'શાસ્ત્ર'** જે સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, હરિકૃષ્ણલીલામૃત, હરિલીલાકલ્પતરુ, ભક્તચિંતામણિ —એ વગેરે ગ્રંથનો અભ્યાસ કરવો; આમ સમજવું એ પ્રત્યક્ષાર્થ છે ને આ શાસ્ત્રો થકી જ સ્વામિનારાયણ સંપ્રદાયની પુષ્ટિ થાય છે, —એમ મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતનો ગલિતાર્થ છે.

## ગુરુની સેવા

શ્રીહરિ કહે છેઃ તે બ્રહ્મચારીઓએ વળી પોતાના ગુરુની સેવા કરવી. હવે 'ગુરુ' એટલે દીક્ષાગુરુ જે ધર્મવંશી આચાર્યશ્રી-તેમની, તથા વેદાધ્યયન કરાવનાર ગુરુની, તેમ જ

ભાગવત ધર્મનું જ્ઞાન આપી સત્સંગ કરાવનાર જ્ઞાનગુરુની સેવા કરવી; અર્થાત્ તેમની અનુવૃત્તિમાં રહેવું, તે રૂપ સેવા, મારા આશ્રિત બ્રહ્મચારીઓએ કરવી.

## સ્ત્રૈણપુરુષના સંગત્યાગની માહિતી

'સ્ત્રૈણઃ' એટલે સ્ત્રીઓને વિષે જેમનું ચિત્ત આસક્ત છે એવા પુરુષોનો પ્રસંગ પણ, મારા આશ્રિત વર્ણીઓએ, સ્ત્રીઓના પ્રસંગની પેઠે જ તજવો. તે શ્રી. ભા. તૃતીય સ્કંધ અ. ૩૧માં કપિલદેવ ભગવાને કહ્યું છેઃ—

**सत्यं शौचं दया मौनं बुद्धिः श्रीर्ह्रीर्यशः क्षमा[३३] ।**
**शमो दमो भगश्चेति यत्सङ्गाद्याति संक्षयम् ॥ १ ॥**
**तेष्वशान्तेषु मूढेषु खण्डितात्मस्वसाधुषु[३४] ।**
**सङ्गं न कुर्याच्छोच्येषु योषित्क्रीडामृगेषु च ॥ २ ॥**
**न तथाऽस्य भवेन्मोहो बन्धश्चान्यप्रसङ्गतः[३५] ।**
**योषित्सङ्गाद्यथा पुंसो यथा तत्सङ्गिसङ्गतः ॥ ३ ॥**

સત્ય, શૌચ, દયા, મૌન, બુદ્ધિ, લક્ષ્મી, લજ્જા, યશ, ક્ષમા, શમ, દમ તથા ઐશ્વર્ય —એટલાં વાનાંનો જેના સંગથી નાશ થાય તેવા અશાંત, મૂઢ, દેહને આત્મા માનનારા, અસાધુ, શોક કરવા યોગ્ય અને સ્ત્રીઓની પાસે રમકડારૂપ થઈ રહેનારા, —એટલાઓનો સંગ કરવો નહિ ૧-૨. પુરુષને સ્ત્રીના સંગથી તથા સ્ત્રીના સંગીના સંગથી, જેવાં બંધન ને મોહ થાય છે તેવાં અન્યના પ્રસંગથી થતાં નથી ૩.

વળી શ્રી. ભા. એકાદશસ્કંધ અ. ૨૬માં કહ્યું છેઃ—

**किं विद्यया किं तपसा किं त्यागेन श्रुतेन वा[१२] ।**
**किं विविक्तेन मौनेन स्त्रीभिर्यस्य मनो हृतम् ॥ ४ ॥**
**तस्मात्सङ्गो न कर्तव्यः स्त्रीषु स्त्रैणेषु चेन्द्रियैः[२४] ।**
**विदुषां चाप्यविश्रब्धः षड्वर्गः किमु मादृशाम् ॥ ५ ॥**

જેનું મન, સ્ત્રીઓથી હરાઈ જાય છે તેની વિદ્યા, તપ, ત્યાગ, શાસ્ત્રશ્રવણ, એકાંતવાસ તથા મૌનવ્રત —એ બધાથી શું ફળ છે? કંઈ નથી; અર્થાત્ એ સર્વે નિરર્થક છે. માટે સ્ત્રીઓનો અને સ્ત્રીઓમાં જેમનું મન આસક્ત છે એવા પુરુષોનો, વિવેકી મનુષ્યે સંગ કરવો ઉચિત નથી. 'ષડ્વર્ગ' કહેતાં, પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા છઠ્ઠું મન તેનો વિદ્વાનોએ પણ વિશ્વાસ રખાય નહિ, તો મારા જેવાને તો ક્યાંથી તેનો વિશ્વાસ રખાય? આ પ્રમાણે પુરુરવા રાજા કહે છે ૪-૫.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૦માં પણ કહે છેઃ—

**सर्वथैव निषिद्धोऽस्ति स्त्रीप्रसंगोऽत्र वर्णिनः[५३] ।**
**स्त्रैणप्रसंगोऽपि तथा हैयः प्रोक्तोऽस्ति बन्धकृत् ॥ ६ ॥**

વર્ણીને સર્વપ્રકારે સ્ત્રીપ્રસંગ નિષિદ્ધ જ છે, તથા સ્ત્રીલંપટ જનનો પ્રસંગ પણ પ્રતિષિદ્ધ છે; કેમ કે સ્ત્રૈણ-જનસંગને બંધનકારી કહેલો છે ૬. ઈતિ શ્લો. ૧૮૫.

## શિ૰ શ્લો૰ ૧૮૬

**चर्मवारि न वै पेयं जात्या विप्रेण केनचित् ।**
**पलाण्डुलशुनाद्यं च तेन भक्ष्यं न सर्वथा ॥ १८६ ॥**

**અને જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તે કોઈએ પણ ચર્મવારી ન પીવું; ને ડુંગળી, ને લસણ આદિક જે અભક્ષ્ય વસ્તુ**

**તે બ્રાહ્મણજાતિ હોય તેણે કોઈ પ્રકારે ન ખાવી ૧૮૬.**

## ચર્મવારી નિષેધ

હવે જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમનું વિશેષ કર્તવ્ય, શ્રીહરિ બે શ્લોકે કરીને કહે છેઃ 'जात्या विप्रेण' એટલે 'બ્રાહ્મણ માત્રે' —જાતિથી બ્રાહ્મણ હોય તે બધાએ; અર્થાત્, ઉપનયન સંસ્કાર ન આપ્યા હોય તેવા બ્રાહ્મણોએ પણ આ નિયમ પાળવો. 'केनचित्' એટલે બીજા આશ્રમવાળાઓએ પણ, 'ચર્મવારી' અર્થાત્ ચામડાના કોશથી કાઢેલું પાણી તથા ચામડાની મશક આદિમાં ભરી રાખેલું પાણી તે ન પીવું —એવો અર્થ છે.

વળી લઘુહારીતનું વચન છેઃ—

**प्रपाजलं सीरघटस्य चैव द्रोणीजलं कोशविनिर्गतं च ।**
**पीत्वाऽवगाहेत जलं सवासा उपोषितः शुद्धिमवाप्नुयाच्च ॥ १ ॥**

હવાડાનું પાણી; સીરવૃક્ષના રસના ઘડામાં ભરેલું પાણી; સમુદ્રના મોજાંથી નૌકામાં દાખલ થયેલ, જળ ઉલેચવાના પાત્રમાં આણેલું પાણી; તેમ જ ચામડાના કોશ વડે કાઢેલું જળ, મનુષ્ય જો પીએ તો, વસ્ત્રે સહિત સ્નાન તથા એક દિવસ ઉપવાસ કરવાથી શુદ્ધ થાય છે ૧. પ્રાયશ્ચિત્તમયુખમાં યમનું પણ વચન છેઃ—

**प्रपास्वरण्ये घटके चं सैरे द्रोण्यां जलं कोशगतास्तथाऽऽपः ।**
**ऋतेऽपि शूद्रात्तदपेयमाहुरापद्गतो भूमिगताः पिबेच्च ॥ २ ॥**

હવાડાનું પાણી, અરણ્યમાં સીરવૃક્ષના રસના ઘડામાં ભરેલું પાણી, વહાણમાંથી પાણી ઉલેચવાના પાત્રમાં ભરેલું કે તેવા પાત્રથી આણેલું પાણી, તેમ જ કોશનું પાણી, શૂદ્ર વિના

બીજાએ પીવું નહિ; પરંતુ આપત્તિ હોય તો શૂદ્ર સિવાયના બીજાઓએ પણ, પવિત્ર જમીન ઉપર વહેતું હોય તો, તેમાંથી બીજા પાત્રમાં લઈને ગાળીને પીવું; (કોશનું જળ હોય તો, ધોરિયામાં-પાણીની નીકમાં વહેતું એવું ગ્રહણ કરવું) ૨.

**અભક્ષ્ય – પરિત્યાગ વિષય**

વળી જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે, ડુંગળી, લસણ આદિ જે અભક્ષ્ય વસ્તુઓ તેનું કોઈ રીતે ભક્ષણ કરવું નહિ; એનું ભક્ષણ જે કરે તેને પ્રાયશ્ચિત્ત કરવું પડે —એવું સ્મૃતિમાં કહ્યું છે. તે પ્રાયશ્ચિત્તમયુખમાં બૃહસ્પતિનું વચન આ પ્રમાણે છેઃ—

**लशुनं कवकं चैव पलाण्डुं गृञ्जनं तथा ।**
**चत्वार्यज्ञानतो जग्ध्वा तप्तकृच्छ्रं चरेद् द्विज ॥ ३ ॥**

લસણ, ક્વક, ડુંગળી તથા ગૃંજન —એ ચાર વાનાનું જો અજ્ઞાનથી પણ ભક્ષણ થાય તો 'દ્વિજ' કહેતાં, બ્રાહ્મણ, ક્ષત્રિય તેમ જ વૈશ્યોએ તપ્તકૃચ્છ્રવ્રત કરવું ૩. 'કવક' એટલે 'રાજસર્ષપ' અર્થાત્, સરસવ નામનું એક પ્રકારનું શાક જાણવું. અને ગૃંજન માટે વૈદ્યચિંતામણિમાં નીચે પ્રમાણે કહ્યું છેઃ—

**गन्धाकृतिरसैस्तुल्यो गञ्जनस्तु पलाण्डुना ।**
**दीर्घनालाग्रपत्रत्वाद्भिद्यतेऽसौ पलाण्डुतः ॥ ४ ॥**

ગંધ, આકૃતિ અને રસમાં ડુંગળીની સમાન હોય, જેનો અગ્રભાગ મોટી દાંડી જેવો હોય તથા જેને પાંદડાં હોય, તેવો ભેદ ડુંગળી અને ગૃંજન વચ્ચે હોય છે; પરંતુ 'ગૃંજન' એટલે ગાજર નહિ ૪. તે સુશ્રુત કહે છેઃ—

**लशुनो दीर्घपत्रश्च पिच्छगन्धो महौषधम् ।**
**फरणश्च पलाण्डुश्च लवतर्कापवारिका ॥ ५ ॥**
**गृञ्जनं यवनेष्टश्च पलाण्डोर्दश जातयः ।... ॥ ६ ॥**

લસણ[૧], દીર્ઘપત્ર[૨], પિચ્છગંધ[૩], મહૌષધ[૪], ફરણ[૫], પલાન્ડુ[૬], લવતર્ક[૭], અપવારિકા[૮], ગૃંજન[૯] અને યવનેષ્ટ[૧૦] —એમ ડુંગળીની દશ જાતો છે ૫-૬.

હવે આ કહેલ ભિન્ન ભિન્ન જાતિની ડુંગળી તથા લસણ આદિક અભક્ષ્ય વસ્તુઓ હોઈ, તેનો બ્રાહ્મણ તેમ જ બીજી વર્ણના સર્વજનોએ પણ ત્યાગ કરવો. તે શ્રીહરિ, સ. જી. પ્ર. ૩, અ. ૬૨માં જણાવે છેઃ—

**गृहस्थैरपि संत्याज्यः संसर्गो मद्यमांसयोः[३] ।**
**पलाण्डुलशुनादेश्च तथा मादकवस्तुन ॥ ७ ॥**

જાતિથી ઉત્કૃષ્ટ કે કનિષ્ઠ એવો ભેદ પાડ્યા વિના, તુલ્યપણે સર્વકોઈ ગૃહસ્થોએ, મદ્યમાંસનો પ્રસંગ ન જ કરવો (મદ્યમાંસના ભક્ષણપરાયણ જનનો સહવાસ પણ ન કરવો). તથા ડુંગળી, લસણ આદિકનું ભક્ષણ ન જ કરવું. વળી માદક વસ્તુ હોય તેનું પણ ભક્ષણ કરવું નહિ ૭. તે શ્રી. ભા. સ્કં. ૭, અ. ૧૧માં પણ કહ્યું છેઃ—

**यस्य यल्लक्षणं प्रोक्तं पुंसो वर्णाभिव्यंजकम्[३५] ।**
**यदन्यत्रापि दृश्येत तत्तेनैव विनिर्दिशेत् ॥ ८ ॥**

બ્રાહ્મણાદિમાં જેનાં જે લક્ષણો કહેલાં છે, તે જો બીજી જાતિના મનુષ્યમાં દેખાય, તો તેને તેવાં લક્ષણ ઉપરથી તે-તે જાતિનો ગણવો જોઈએ ૮. ઇતિ શ્લો. ૧૮૬.

## શિ૦ શ્લો૦ ૧૮૭

**स्नानं सन्ध्यां च गायत्रीजपं श्रीविष्णुपूजनम् ।**
**अकृत्वा वैश्वदेवं च कर्तव्यं नैव भोजनम् ॥ १८७ ॥**

**અને જે બ્રાહ્મણ હોય તેણે સ્નાન, સંધ્યા, ગાયત્રીનો જપ, શ્રી વિષ્ણુની પૂજા અને વૈશ્વદેવ એટલાં વાનાં કર્યા વિના ભોજન કરવું જ નહિ. (એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા) ૧૮૭.**

### સ્નાનવિધિ

સ્નાન ઘણા પ્રકારનાં કહ્યાં છે પરંતુ આ શ્લોકમાં જે સ્નાન કરવાનું કહ્યું, તે 'વારુણ સ્નાન' એટલે, જળથી જ સ્નાન કરવાનું જે મુખ્ય સ્નાન છે તે જાણવું. તેમાં પણ સશક્ત શરીરવાળાને શીતજળથી અને અશક્તને ઉષ્ણજળથી સ્નાન કરવાનું અગાઉ કહેલું છે. સ્નાન પણ જળદેવતાના મંત્રોથી કરવું. 'स्नानमब्दैवतैर्मन्त्रैः...' એ વગેરે જળદેવતાના મંત્રોથી, સ્મૃતિઓમાં સ્નાન કરવાનું કહેલું છે. પ્રાતઃકાળમાં સ્નાન સંક્ષેપથી કરી લેવું; નહિતર હોમ વગેરે નિત્યકર્મ કરવાનો સમય વ્યતીત થઈ જવાનો સંભવ ઉત્પન્ન થાય.

કાત્યાયનમુનિનું આ સંબંધમાં વચન છે કેઃ—

**प्रातः संक्षेपतः स्नानं मध्याह्ने तु सविस्तरम् ।...॥ १ ॥**

પ્રાતઃકાળમાં સંક્ષેપથી સ્નાન કરવું અને મધ્યાહ્નને વિસ્તારથી કરવું ૧. હવે તે સ્નાનવિધિની વિક્તિ, નૃસિંહ પુરાણમાં આ પ્રમાણે કહેલી છેઃ—

**नद्यां स्त्रोतस्सु च स्नायात्प्रतिस्त्रोतःस्थितो द्विजः ।**
**तडागादिषु तोयेषु प्रत्यर्कं स्नानमाचरेत् ॥ २ ॥**

નદીમાં કે વહેતા ઝરામાં, પાણીના વહેણની સામે ઊભા રહીને સ્નાન કરવું; ને તળાવ વગેરેના જળને વિષે તો સૂર્યને સન્મુખ રહીને સ્નાન કરવું ૨. તે સ્નાન પણ સૂર્યોદય પહેલાં કરવું. તે સ્કંદપુરાણ કાશીખંડ અ. ૩૫માં કહ્યું છેઃ–

**प्रातः प्रातस्तु यत्स्नानं सञ्जाते ह्यरुणोदये[१२] ।**
**प्राजापत्यसमं प्राहुस्तन्महाघविघातकृत् ॥ ३ ॥**
**उत्साहमेधासौभाग्यरूपसम्पत्प्रवर्तकम्[१०] ।**
**मनःप्रसन्नताहेतु प्रातःस्नानं प्रशस्यते ॥ ४ ॥**
**नोपसर्पन्ति वै दुष्टाः प्रातःस्नायिजनं क्वचित्[१४] ।**
**दृष्टादृष्टफलं तस्मात्प्रातःस्नानं समाचरेत् ॥ ५ ॥**

પ્રાતઃકાળે અરુણોદય સમયે કરેલું સ્નાન, 'પ્રાજાપત્ય વ્રત' તુલ્ય ફળ આપનારું, મહાપાપનો નાશ કરનારું, તેમ જ ઉત્સાહ, બુદ્ધિ, સૌભાગ્ય, રૂપ ને સંપત્તિને વધારનારું તથા મનની પ્રસન્નતા કરનારું કહેલું છે ૩-૪. વળી પ્રાતઃકાળમાં સ્નાન કરનારની નજીક, દુષ્ટ મનુષ્યો ક્યારેય આવી શકતાં નથી; માટે દૃષ્ટ અને અદૃષ્ટ –એ બંને પ્રકારનાં ફળને આપનાર એવું જે પ્રાતઃસ્નાન તે અવશ્ય કરવું ૫.

આ સ્નાનવિધિ જે કહ્યો તેમાં, જળદેવતાના મંત્રોચ્ચારણપૂર્વક સ્નાન કરવાનું કહ્યું, એ તો સામાન્ય શાસ્ત્રીય વિધિ છે; પરંતુ ભાગવતધર્મનિષ્ઠાર્થી માટે, શ્રીહરિએ નિત્યવિધિમાં, સ્નાન કરવાનો વિધિ આ પ્રમાણે બતાવેલ છેઃ સૂર્ય ઊગ્યા પહેલાં જાગી, પોતાને બ્રહ્મરૂપ માની, પોતાના

હૃદયાકાશને વિષે ભગવાનની મૂર્તિનું સ્મરણ કરી, શૌચવિધિ તથા દાતણ કર્યા પછી, પવિત્ર જળથી સ્નાન કરવું. અને સ્નાન કરતી વખતે ભગવાનની મૂર્તિ સંભારીને **'સ્વામિનારાયણ-સ્વામિનારાયણ'** એવા નામમંત્ર બોલવા; અને આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ, તેમ જ મોટા સંતો જે મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી આદિનાં નામોચ્ચારણ કરવાં અને ઉન્મત્તગંગા, નારાયણસરોવર, ગોમતીસરોવર, સાબરમતી, દેવસરોવર, હમીરસરોવર —એ આદિક તીર્થનું પણ સ્મરણ કરવું.

## સંધ્યાવિધિ

**'सन्ध्यां'**-सन्ध्याख्यां देवताम् । अत्राकृत्वेत्यस्यानुपास्येत्यर्थः । सन्ध्याशब्दो हि योगरूढस्त्रिषु दृश्यते — ''ब्राह्मणोऽहरहः सन्ध्यामुपासीते'' ति श्रुतौ देवतायाम्, ''ऋषयो दीर्घसन्ध्यत्वाद्दीर्घमायुरवाप्नुयु'' रिति स्मृतावुपासनायाम्, ''प्रातः-सन्ध्यां सनक्षत्रा'' मिति स्मृतौ काले चेति । यथासम्भवं तद्योजना कर्तव्या ।

વળી બ્રાહ્મણોએ 'સંધ્યા' એટલે, એ નામના દેવતાની અર્થાત્, સંધ્યાદેવતાની ઉપાસના કર્યા વિના ભોજન કરવું નહિ. હવે સંધ્યાશબ્દ યોગરૂઢ હોઈ, તે ત્રણ અર્થમાં વપરાય છેઃ (૧) **'બ્રાહ્મણોએ દરરોજ સંધ્યાની ઉપાસના કરવી.'** અહીં 'સંધ્યા' શબ્દ દેવતાના અર્થમાં વપરાયેલો છે. (૨) **'દીર્ઘ સંધ્યા કરવાથી ઋષિઓએ દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત કર્યું.'** —એ સ્મૃતિમાં 'સંધ્યા' શબ્દ ઉપાસના પરત્વે વપરાયો છે. અને (૩)

**'પ્રાતઃકાળની સંધ્યા, આકાશમાં તારા હોય ત્યારે કરવી.'** —એ સ્મૃતિમાં 'સંધ્યા' શબ્દ કાળપરત્વે છે; માટે 'સંધ્યા' શબ્દનો અર્થ, જેવો પૂર્વાપર સંબંધ હોય તે પ્રમાણે કરવો; જેમ કે (૧) 'સંધ્યાકાળે સંધ્યાનામક ભગવાનની શક્તિનું સમ્યક્પ્રકારે ધ્યાન કરવું.' —આ સ્થળે 'સંધ્યા' શબ્દ **'દેવતાના અર્થમાં'** વપરાયેલ છે. (૨) 'સંધ્યા' એટલે સમ્યક્પ્રકારે ધ્યાન —આ સ્થળે **'ઉપાસના અર્થમાં'** 'સંધ્યા' શબ્દ વપરાયો છે. અને (૩) ''सम्यग्ध्यायन्त्यस्यामिति सन्ध्या ।'' 'જેમાં પરમાત્માનું ધ્યાન સમ્યક્પ્રકારે ધ્યાની ભક્તો કરે છે તે સંધ્યા કહેવાય.' —એ અર્થમાં 'સંધ્યા' શબ્દનો **'કાળ તરીકે'** ઉપયોગ કરવામાં આવ્યો છે.

હવે સંધ્યા પણ ત્રણ વખત કરવાની; તેમાં દિવસ ને રાત્રીની પૂર્વાપરની સંધિનો સમય, તથા પૂર્વાહ્ણ ને અપરાહ્ણ કાળની સંધિનો સમય; એવી રીતે 'ત્રણ વખત' એટલે કે પ્રાતઃ સંધ્યા, મધ્યાહ્નસંધ્યા ને સાયંસંધ્યા કરવી. તે 'આચારખંડમાં' કહ્યું છેઃ—

**सन्ध्योपनयनमारभ्य सायं प्रातश्च कालयोः ।**
**मध्याह्ने च प्रकर्तव्या यावत्प्राणस्य धारणम् ॥ ६ ॥**

'ઉપનયનસંસ્કાર' અર્થાત્ જનોઈ આપે, તે દિવસથી આરંભીને પ્રાતઃસંધ્યા, મધ્યાહ્નસંધ્યા ને સાયંસંધ્યા, શરીરમાં પ્રાણ રહ્યા હોય ત્યાં સુધી; અર્થાત્ જીવનપર્યંત કરવી ૬.

જન્મ-મરણનું સૂતક પ્રાપ્ત થાય ત્યારે તો, કુશજળ સિવાય અર્ઘ્યપર્યંત માનસીસંધ્યા કરવી; પરંતુ પ્રાણાયામ કરવા નહિ. માંદગી સમયે તથા ચિત્તભ્રમ જેવી મનની સ્થિતિ

હોય, ત્યારે પણ સંધ્યા કરવાની કહી નથી. સૂતકમાં સૂર્યનારાયણને અંજલી અર્પણ કરી, સૂર્યનારાયણનું ધ્યાન કરી, સૂર્યનમસ્કાર કરવા; ગાયત્રીમંત્રનું સ્પષ્ટ ઉચ્ચારણ કરી, સૂર્યનારાયણને અર્ધ્ય નિવેદન કરવા; દેવની પૂજા પણ, સૂતકના સમયમાં મનથી કરવી; સૂતકના સમય દરમિયાન વૈશ્વદેવ કરી શકાય નહિ.

## ગાયત્રીજપવિધિ

'**गायत्र्याः**'–'प्रसिद्धगायत्रीमन्त्रस्य जपस्तम् । तत्रो-पनयनसंस्कारानन्तरं गायत्रीजपाधिकारः । वैष्णवदीक्षाग्रहणा-नन्तरमष्टाक्षर जपाधिकार इति ज्ञेयम् ।'

વળી 'બ્રાહ્મણે ગાયત્રીમંત્રનો જપ કરવો' —એમ શ્રીજીમહારાજે મૂળશ્લોકમાં કહ્યું છે. માટે ગાયત્રીમંત્રનો જપ કર્યા વિના, જાતિએ કરીને જે બ્રાહ્મણ હોય તેમણે ભોજન કરવું નહિ. જેમ અષ્ટાક્ષર મંત્રનો જપ કરવાનો અધિકાર 'વૈષ્ણવી દીક્ષા' લીધા પછી પ્રાપ્ત થાય છે, તેમ ગાયત્રીમંત્રનો જપ કરવાનો અધિકાર ઉપનયનસંસ્કાર થયા પછી પ્રાપ્ત થાય છે.

આ સંબંધમાં 'હારિત'નું વચન આ પ્રમાણે છેઃ—

**प्रणवव्याहृतियुतां गायत्रीं च जपेत्ततः ।**
**अष्टाधिकं सहस्त्रं वा शतं वा दश शक्तितः ॥ ७ ॥**

ત્યાર પછી પ્રણવ-વ્યાપ્તતિ સાથે ગાયત્રીનો જપ કરવો; તે એક હજાર ને આઠવાર, અથવા એકસો આઠવાર, અથવા દશવાર —એમ યથાશક્તિ જપ કરવો ૭. વૃદ્ધચાણક્યે પણ કહ્યું છેઃ—

**तत्रैकप्रणवा ग्राह्या गृहस्थैर्जपकर्मणि ।**
**गृहस्थवच्च जप्तव्या सा चैव ब्रह्मचारिभिः ॥ ८ ॥**
**प्रातर्नाभौ करं धृत्वा मध्याह्ने हृदये तथा ।**
**सायं नासाग्र आसीत त्रिविधं जपलक्षणम् ॥ ९ ॥**

ગૃહસ્થોએ જપકર્મમાં, એક પ્રાણવાળી ગાયત્રી કરવી અને બ્રહ્મચારીઓએ પણ, ગૃહસ્થની પેઠે જ ગાયત્રીમંત્ર જપવો ૮. પ્રાતઃકાળમાં 'નાભિ'-દૂંટી આગળ જપમાળાવાળો હાથ રાખીને જપ કરવો, મધ્યાહ્‌ને હૃદય આગળ હાથ રાખીને જપ કરવો તથા સંધ્યાકાળે નાસિકાના અગ્રભાગ આગળ હાથ રાખીને જપ કરવો, —એમ ત્રણ પ્રકારે જપનું લક્ષણ કહેલું છે ૯.

## શ્રી વિષ્ણુ પૂજનવિધિ

'**श्रीविष्णोः**'–'शालग्रामस्वरूपस्य प्रतिमास्वरूपस्य वा पूजनं–नानाविधोपचारैः समन्त्रकमर्चनं च । उपचाराश्च चतुःषष्टिरष्टत्रिंशत्षोडश द्वादश दश पञ्च वेति पञ्चरात्रे पूजकशक्त्यनुसारेणोक्ताः सन्ति, तत्र स्वशक्त्यनुसारी पक्षो ग्राह्यः ।'

જાતિએ કરીને બ્રાહ્મણ હોય તેમણે, શ્રી વિષ્ણુના શાલગ્રામસ્વરૂપનું કે તેમની પ્રતિમાસ્વરૂપનું પૂજન, નાના પ્રકારના ઉપચારોથી અને મંત્રપૂર્વક કરવું. એ ઉપચાર ચોસઠ, આડત્રીશ, સોળ, બાર, દશ અથવા પાંચ —એમ પૂજકની શક્તિ અનુસારે પંચરાત્રમાં કહેલા છે; તો તેમાંથી સ્વશક્તિ અનુસારનો પક્ષ ગ્રહણ કરવો.

વળી 'આચારચિંતામણિ'માં કહ્યું છેઃ—

**सपर्या विविधाः प्रोक्तास्तासामेकां समाश्रयेत् ।...॥ १० ॥**

શ્રી વિષ્ણુપૂજનના વિવિધ પ્રકાર કહેલા છે તેમાંથી એકનો આશ્રય કરવો ૧૦. હારિતે પણ કહ્યું છેઃ–

**पञ्चकालं त्रिकालं वा श्रद्धया विष्णुमर्चयेत् ।**
**अशक्तस्त्वेककालं वा शुद्धभावेन शक्तित ॥ ११ ॥**

પાંચ વખત કે ત્રણ વખત, શ્રદ્ધાથી વિષ્ણુનું પૂજન કરવું; અને અશક્ત હોય તેણે એક વખત પણ, શુદ્ધભાવથી શક્તિ અનુસાર પૂજન કરવું ૧૧. વૃદ્ધપરાશરે પણ કહ્યું છેઃ–

**यो नार्चयति भक्त्येशं स द्विजोऽत्र परत्र च ।**
**न सुखं प्राप्नुयात् किञ्चिद् भ्राम्यन्नीचासु योनीषु ॥ १२ ॥**

જે દ્વિજ, પરમેશ્વરનું ભક્તિથી પૂજન કરતો નથી તે, આ લોકમાં તથા પરલોકમાં કિંચિત્‌પણ સુખ પામતો નથી અને નીચ યોનિમાં ભમ્યા કરે છે ૧૨.

## વૈશ્વદેવવિધિ

હવે પ્રસંગને લઈને પંચમહાયજ્ઞનું લક્ષણ કહીએ છીએ : તે સંબંધમાં યાજ્ઞવલ્ક્યસ્મૃતિના આચારાધ્યાય ૧માં કહ્યું છેઃ–

**बलिकर्मस्वधाहोमस्वाध्यायातिथिसत्क्रियाः[१०२] ।**
**भूतपित्रमरब्रह्म मनुष्याणां महामखाः ॥ १३ ॥**

બલિકર્મ[૧], સ્વધા[૨], હોમ[૩], સ્વાધ્યાય[૪] અને અતિથિનો સત્કાર[૫] –તે, અનુક્રમે ભૂતયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ અને મનુષ્યયજ્ઞ –એમ પાંચ મહાયજ્ઞો કહેલા છે ૧૩. તેમાં 'વૈશ્વદેવ' એ દેવયજ્ઞ છે. પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે વૈશ્વદેવ હોમ કર્યા પછી, બાકી રહેલા અન્નથી ભૂતપ્રાણીમાત્રને બલિ આપવો; અર્થાત્, દેવયજ્ઞ કર્યા પછી ભૂતયજ્ઞ કરવો. વળી

કાત્યાયન પણ કહે છેઃ—

**अध्यापनं ब्रह्मयज्ञः पितृयज्ञस्तु तर्पणम् ।**
**होमो दैवो बलिर्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ॥ १४ ॥**

**'અધ્યાપન'** એ બ્રહ્મયજ્ઞ છે, તર્પણ કરવું તે પિતૃયજ્ઞ છે, હોમ કરવો તે દેવયજ્ઞ છે, બલિ આપવો તે ભૂતયજ્ઞ છે અને અતિથિનું પૂજન કરવું તે મનુષ્યયજ્ઞ છે ૧૪.

**'अध्यापनं'**–'शिष्याणां पाठनं स्वयं चाध्ययनमपि ।'

હવે અધ્યાપન એટલે શું? તો, શિષ્યોને ભણાવવા તથા પોતે ભણવું તે. શ્રુતિમાં પણ કહ્યું છેઃ— બ્રાહ્મણોએ સામ અથવા યજુર્વેદની એકાદ ઋચા પણ ભણવી. આવી રીતે વૈશ્વદેવ પણ, પંચમહાયજ્ઞ પૈકી એક યજ્ઞ છે.

શ્રીજીમહારાજે મૂળશ્લોકમાં સ્નાન-સંધ્યાદિ નિત્યકર્મ કરવાનાં કહ્યાં તે, જાતિએ કરીને બ્રાહ્મણ હોય તેમણે શ્રીજીની પ્રસન્નતાર્થે કરવાં; જો કે આ સામાન્ય સિદ્ધાંત છે; પરંતુ શ્રીજીની પ્રસન્નતાર્થે કરવાથી, એ બધાં નિત્યકર્મનું પાલન તે ભાગવત ધર્મ થઈ જાય છે.

## મુખ્ય સિદ્ધાંત

હવે શ્રીહરિએ પોતાના આશ્રિત સત્સંગીમાત્ર માટે, સ. જી. પ્ર. ૨, અ. ૭માં પ્રતિદિન અવશ્ય કરવાનાં ષટ્કર્મો નીચે પ્રમાણે કહ્યાં છેઃ—

**स्नानं ध्यानं हरेः पूजा मत्रश्च गुणकीर्तनम्[१००] ।**
**सत्संगश्चेति सर्वेषां षट्कर्माणि दिने दिने ॥ १५ ॥**

મારા સર્વ આશ્રિતોએ સ્નાન કરવું[૧], ધ્યાન કરવું[૨],

પ્રત્યક્ષ શ્રીહરિ એવો હું તે મારી પૂજા કરવી[૩], અષ્ટાક્ષર મંત્ર તથા 'સ્વામિનારાયણ' એ ષડક્ષર મહામંત્રનો જપ કરવો[૪], ભગવાનના ગુણનું કીર્તન[૫], તથા સંતસમાગમ[૬] —એ છ કર્મો નિત્યે કરવાં ૧૫.

અક્ષરધામના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવોનો આત્યંતિક મોક્ષ કરવા, આ પૃથ્વીપર નરનાટક ધારણ કર્યું ને અનેક જીવનાં આત્યંતિક કલ્યાણને અર્થે, પોતાના મુક્ત અક્ષરધામમાંથી લાવ્યા હતા; તેમણે જીવોના આત્યંતિક મોક્ષને અર્થે, તે શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં સ્તોત્ર-મંત્ર ઘણાંક રચેલાં છે. તેમ જ તે મહાપ્રભુના માહાત્મ્યજ્ઞાને સહિત તથા ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત, તે પ્રત્યક્ષ ભગવાનની ભક્તિ-ઉપાસના કરવી તેના પ્રતિપાદનનાં, તથા તે ભગવાનના જન્મથી અંતર્ધાનપર્યંતનાં ચરિત્રનાં શાસ્ત્ર કર્યા છે; માટે પ્રત્યક્ષ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત માત્રને તો, 'અધ્યયન' એટલે, એકાદ વચનામૃત પણ નિત્યે જરૂર વાંચવું તેમ જ વાંચીને બીજાને સમજાવવું. વળી પ્રત્યક્ષ ભગવાનની મૂર્તિનું જ ધ્યાન કરવું ને પ્રત્યક્ષ ભગવાનનો અષ્ટાક્ષર મંત્ર; અથવા 'સ્વામિનારાયણ' નામક ષડક્ષર મહામંત્ર-તેનો જપ કરવો. અને પ્રત્યક્ષ ભગવાનની પ્રતિમાની પૂજા કરવી, ને તે ભગવાનની પ્રતિમાને નૈવેદ્ય ધર્યા પછી ભોજન કરવું. તે શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં જ ઓગણપચાસથી આરંભી, પાંસઠ સુધીના શ્લોકમાં, નિત્ય-વિધિ કરવાનો કહ્યો છે તેમાં પણ, પ્રત્યક્ષ ભગવાનનું જ ધ્યાન અને પ્રત્યક્ષ

ભગવાનના નામમંત્ર, તથા અષ્ટાક્ષર મંત્ર તેનો જપ, ને પ્રત્યક્ષ ભગવાનની પ્રતિમાની પૂજા –તે જ કરવાનું કહ્યું છે. માટે શ્રી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત જે જાતિએ કરીને બ્રાહ્મણ હોય તેમણે તો, મૂળશ્લોકમાં કહેલ નિત્યકર્મ ઉપરાંત, નીચે કહ્યા પ્રમાણે સત્સંગીનાં આહ્નિકકર્મ પણ કરવાં. તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહેલ છેઃ–

**स्नानं च द्विविधां पूजामकृत्वा प्रत्यहं हरेः[१०] ।**
**सर्वैरन्नं न भोक्तव्यं विना रोगादिपीडितान् ॥ १६ ॥**

મારા આશ્રિત સર્વ ભક્તજન તેમણે, રોગાદિક પીડા વિના નિત્યપ્રત્યે પ્રાતઃકાળમાં સ્નાન કરવું. અને શ્રીહરિ એવો હું, તે મારી માનસીપૂજા તથા મૂર્તિપૂજા કર્યા વિના ક્યારેય અન્ન ખાવું નહિ ૧૬.

શ્રીહરિને અહીં એ કહેવાનું છે કે, મારા આશ્રિત સર્વ કોઈએ, મારા સ્મરણ સાથેનું સ્નાન, મારી માનસીપૂજા ને મારી મૂર્તિની પૂજા, તેમ જ 'शक्त्या जपित्वा तन्मंत्रं...।' 'हरेर्विधाय नैवेद्यं...।' ઈત્યાદિ, શિક્ષાપત્રીમાં કહેલ ઉપદેશાનુસાર, પ્રત્યક્ષ શ્રી સ્વામિનારાયણ ભગવાન એવો હું, તે મારા નામમંત્રનો કે મારા અષ્ટાક્ષરમંત્રનો જપ કર્યા પછી, મારી પ્રસાદીનું અન્ન જમવું.

## પોષ્યવર્ગને જમાડીને જમવાની આજ્ઞા વગેરે

વળી મૂળશ્લોકમાં 'ચ'કાર છે તેનો અર્થ એવો છે કે, બાળકો વગેરેને પ્રથમ જમાડ્યા વિના જમવું નહિ. તે સ્કંદપુરાણમાં કહ્યું છેઃ–

**यस्तु मुख्यो भवेद्यत्र स सम्भोज्य निजाश्रितान् ।**
**ततः स्वयं तु भुञ्जीत समानं तैरनापदि ॥ १७ ॥**

ઘરમાં જે મુખ્ય માણસ હોય તેણે, પોતાના આશ્રિતોને જમાડીને પછી જમવું; ને રોગાદિ આપત્કાળ સિવાય તો, ઘરમાં સૌ જમે તે જ જમવું ૧૭. યાજ્ઞવલ્ક્યસ્મૃતિ આચારાધ્યાય ૧માં પણ કહ્યું છેઃ–

**बालस्ववासिनीवृद्धगर्भिण्यातुरकन्यकाः[१०५] ।**
**सम्भोज्यातिथिभृत्यांश्च दम्पत्योः शेषभोजनम् ॥ १८ ॥**

નાનાં બાળક, પરણેલી સ્ત્રી પોતાના પિતાને ઘેર-પિયરમાં રહેતી હોય તે, વૃદ્ધ ગર્ભિણી,માંદો માણસ, કન્યા, અતિથિ અને નોકર –આટલાને જમાડીને પછી, ‘કુટુંબનાં મુખ્ય માણસોએ’ અર્થાત્ સ્ત્રી-પુરુષે જમવું ૧૮. વળી વિદુરનીતિ અ. ૩૩માં કહેલું છેઃ–

**मितं भुंक्ते संविभज्याश्रितेभ्यो मितं स्वपित्यमितं कर्म कृत्वा[१२३] ।**
**ददात्यमित्रेष्वपि याचितः संस्तमात्मवन्तं प्रजहत्यनर्थाः ॥ १९ ॥**

પોતાના આશ્રિતોને વહેંચી આપી મિતભોજન કરનાર; ઘણું કામ કરીને થોડી નિદ્રા લેનાર; અને મિત્ર ન હોય તે પણ જો યાચના કરે તો, તેને પણ દ્રવ્યાદિ આપનાર –એવા આત્મવાન પુરુષનો, અનર્થો, દૂરથી જ ત્યાગ કરે છે ૧૯. વ્યાસજીએ પણ કહ્યું છેઃ–

**गृहस्थः पाकभेदेन पात्रभेदेन मस्करी ।**
**नारी पुरुषभेदेन रौरवं नरकं व्रजेत ॥ २० ॥**

રસોઈ પીરસવામાં ભેદ કરવાથી, અર્થાત્ પંક્તિભેદ

કરવાથી ગૃહસ્થ, ભિક્ષાન્ન તેમ જ જળ ગ્રહણ કરવામાં પત્તર-તુંબડું ન વાપરવાથી સંન્યાસી; અને ‘પુરુષભેદ’ અર્થાત્ વ્યભિચાર કરવાથી સ્ત્રી, રૌરવ નરકમાં પડે છે ૨૦.

હવે, શ્રીહરિના આશ્રિતોએ, સ્નાન કરતી વખતે, જમતી વખતે તથા દરેક ક્રિયા કરતી વખતે **‘સ્વામિનારાયણ’** એ ષડક્ષર નામમંત્રોચ્ચારણ કરવું. તે ગઢડા પ્રથમ પ્ર.ના ૨૧મા વચનામૃતમાં શ્રીહરિએ કહ્યું છેઃ– ‘જે ભગવાનનો ભક્ત હોય તેણે, ખાતાંપીતાં, નાતાંધોતાં, ચાલતાં-બેસતાં સર્વે ક્રિયાને વિષે ભગવાનની મૂર્તિનું ચિંતવન કરવું.’

### લઘુ આહારની પ્રશંસા

આ વિષે સ્કંદપુરાણ કાશીખંડ અ. ૩૬માં કહ્યું છેઃ–

**अनारोग्यमनायुष्यमस्वर्ग्यं चातिभोजनम्**[११] **।**
**अपुण्यं लोकविद्विष्टं तस्मात्तत्परिवर्जयेत् ॥ २१ ॥**

અતિ ભોજન એ, આરોગ્યને હાનિકર, આયુષ્યને હરનાર, ‘સ્વર્ગથી’ અર્થાત્ ઊર્ધ્વગતિથી પાડનાર, પુણ્યનો નાશ કરનાર તથા લોકનિંદિત છે; માટે અતિ ભોજનનો ત્યાગ કરવો ૨૧. વિદુરનીતિ અ. ૩૭માં પણ કહેલું છેઃ–

**गुणाश्च षण्मितभुक्तं भजन्ते आरोग्यमायुश्च बलं सुखं च**[३४] **।**
**अनाविलं चास्य भवत्यपत्यं न चैनमाद्यून इति क्षिपन्ति ॥ २२ ॥**

મિતાહાર કરનારને આરોગ્ય, આયુષ્ય, બળ તથા સુખ પ્રાપ્ત થાય છે; અને તેની પ્રજા પણ ‘સુંદર’-નિર્મળ થાય છે; એટલું જ નહિ પરંતુ, લોકો તેવા મિતાહારી મનુષ્યપર ‘આ ખાઉધરો’ છે એવો આક્ષેપ કરતા નથી ૨૨.

## નૈષ્ઠિકવર્ણીના ધર્મનો ઉપસંહાર

શ્રીહરિ હવે બૃહદ્ધધર્મની સમાપ્તિ કરતાં, સ. જી. પ્ર. ૫, અ. ૫૪માં કહે છેઃ—

**भूमौ ये नैष्ठिकाः स्युर्निजहिततनिरता वर्णिनस्त्यक्तगेहा[८१]**
**वैराग्यं तीव्रमाप्ता हरिमुरुतपसाऽऽराधितुं चोत्कचित्ताः ।**
**तैरेते पालनीयाः सततमिह वृषाः श्रेयसे स्वस्य तेन**
**प्रीतस्तेभ्यो ददाति प्रभुरखिलमपि प्रार्थितं वर्णिराज! ॥**

હે વર્ણીરાજ મુકુંદાનંદ! પોતાનું હિત કરવામાં પ્રીતિવાળા, ત્યાગ કરેલ છે ઘર-ખેતર વગેરેની પ્રવૃત્તિ જેમણે, તીવ્ર વૈરાગ્યને પામેલા, અધિક તપે કરીને, શ્રીહરિ એવો હું, તે મારું આરાધન કરવા માટે મનમાં ઉત્સાહવાળા —એવા જે આ પૃથ્વીપર નૈષ્ઠિક બ્રહ્મચારીઓ છે તેમણે, નિરંતર પૂર્વે કહેલા એવા ધર્મ, તે પોતાના કલ્યાણને માટે પાળવા; તેણે કરીને તેમના ઉપર પ્રસન્ન થયેલા ભગવાન, તેમનું સમગ્ર ‘મનવાંછિત’ એટલે, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ આદિકને અને તેમાં ઉપયોગી જે સત્પુરુષનો સમાગમ, વગેરેને પણ આપે છે; અર્થાત્ મેં કહેલા આ નૈષ્ઠિક બ્રહ્મચારીના ધર્મોને જે પાળે છે, તેમના ઉપર ભગવાન એવો હું સહજાનંદ સ્વામી તે, પ્રસન્ન થઈને તેમનું મનવાંછિત પૂર્ણ કરું છું ૨૩.

આવી રીતે, સંક્ષેપમાં, બ્રહ્મચારીના વિશેષ ધર્મ કહ્યા અને તેમના ધર્મનો વિસ્તાર તો, સ. જી. પ્ર. ૫માં બૃહદ્ધર્મમાં કરેલો છે, તો તે થકી જાણી લેવો ઈતિ શ્લો. ૧૮૭.

# સાધુના વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૮૮

**साधवो येऽथ तैः सर्वैर्नैष्ठिकब्रह्मचारिवत् ।**
**स्त्रीस्त्रैणसङ्गादि वर्ज्यं जेतव्याश्चान्तरारयः ॥ १८८ ॥**

**હવે સાધુના જે વિશેષ ધર્મ તે કહીએ છીએ; અમારે આશ્રિત જે સર્વ સાધુ તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે, સ્ત્રીઓનાં દર્શન-ભાષણાદિક પ્રસંગનો ત્યાગ કરવો; તથા સ્ત્રૈણ પુરુષનાં પ્રસંગાદિકનો ત્યાગ કરવો; અને અંતઃશત્રુ જે કામ, ક્રોધ, લોભ અને માન આદિક તેમને જીતવા.**

### સાધુને વર્તવાની રીતિ

'અથ' એટલે, હવે બીજા પ્રસંગનો આરંભ થાય છે; અર્થાત્ નવ શ્લોકે કરીને શ્રીહરિ, સાધુઓના વિશેષ ધર્મ કહે છેઃ 'સાધુઓ' એટલે, જે વાસુદેવી મહાદીક્ષા ગ્રહણ કરીને ત્યાગાશ્રમમાં પ્રવેશ પામ્યા હોય તેવા મારા આશ્રિતો; તેમણે નૈષ્ઠિક બ્રહ્મચારીની પેઠે, સ્ત્રીઓનો તેમ જ 'સ્ત્રૈણ' કહેતાં, સ્ત્રીઓમાં આસક્ત હોય એવા પુરુષોનો, જોવા વગેરેનો પ્રસંગ જાણી જોઈને પાડવો નહિ. 'આદિ' પદથી તેવા સાધુઓએ, પોતાના શરીરે તેલનું મર્દન —ઇત્યાદિ પણ ન કરવું; નહિંતર અધઃપતન થાય છે —એવો ભાવ છે.

### સ્ત્રી તથા સ્ત્રૈણસંગપરિત્યાગ – વિષય

સ્ત્રીપ્રસંગના ત્યાગસંબંધમાં સ. ભૂ. અંશ ૩, અ. ૫૦માં શ્રીહરિએ આ પ્રમાણે કહ્યું છેઃ—

**योषिद्भ्यश्चात्र युष्माभिर्मार्जारीभ्यो यथाऽऽखुभिः[३] ।**
**भेतव्यमष्टधा ताश्च वर्ज्याः स्पृश्याः कदापि न ॥ १ ॥**

બિલાડીથી જેમ ઉંદરો ભય પામે છે તેમ મારા સંતો એવા તમોએ, સર્વદા સ્ત્રીઓથી બીતા રહેવું; અને તે સ્ત્રીઓનો અષ્ટ પ્રકારે ત્યાગ રાખવો તથા તેમનો સ્પર્શ પણ કરવો નહિ ૧.

વળી સ્ત્રી તથા સ્ત્રૈણપુરુષના પ્રસંગથી સમગ્ર રૂડા ગુણોનો નાશ થાય છે. તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૬૩માં કહ્યું છેઃ—

**स्त्रीणां स्त्रैणनराणां च सङ्गात्पुंसोऽत्र बन्धनम्[४७] ।**
**यथा दृढं भवति वै न तथान्यप्रसङ्गतः ॥ २ ॥**
**स्त्रैणसंगात्साधुताया ऐश्वर्याण्यखिलान्यपि[४८] ।**
**नाशमायान्ति सहसा मुक्तानां च मुमुक्षुणाम् ॥ ३ ॥**

આ લોકમાં સ્ત્રીઓ અને સ્ત્રૈણજનોના સંગ થકી, પુરુષને જેવું દઢ બંધન થાય છે તેવું અન્યના પ્રસંગથી થતું નથી; આ બેનો સંગ તો, જન્મ-મરણરૂપી ચક્રમાં જનને બાંધીને ભમાવે છે; આ બે બંધન થકી બીજું દઢ બંધન કોઈ પણ નથી, માટે તે બેનો સંગ, ત્યાગીએ સર્વથા ત્યાગ કરવો ૨. જે મુમુક્ષુઓ છે અને જે મુક્તો છે તેઓનું પણ જ્ઞાન-વૈરાગ્યાદિ સાધુતાનું સમગ્ર ઐશ્વર્ય, સ્ત્રીસંગથી અને સ્ત્રૈણસંગથી એકદમ નાશ પામે છે ૩. વળી એ જ અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**ब्रह्मचर्यमहिंसा चानीर्ष्या शौचं क्षमा दया[४९] ।**
**सत्यं मौनं यशो बुद्धिर्ह्रीरस्तेयं शमो दमः ॥ ४ ॥**
**इत्यादयो गुणाः संगात्स्त्रैणानां यान्ति हि क्षयम्[५३] ।**
**तस्मात्सङ्गो न कर्तव्यः स्त्रीषु स्त्रैणेषु सर्वथा ॥ ५ ॥**

બ્રહ્મચર્ય, અહિંસા, ઈર્ષ્યા રહિતપણું, શૌચ, ક્ષમા, દયા, સત્ય, મૌન, યશ, બુદ્ધિ, લજ્જા, અસ્તેય, શમ, દમ —આ બધા ગુણો સ્ત્રીસંગથી અને સ્ત્રૈણપુરુષના સંગથી વિનાશ પામી જાય છે; માટે સ્ત્રીઓનો તથા સ્ત્રીલંપટજનોનો સંગ, ત્યાગધર્મમાં પ્રવર્તેલાએ સર્વથા ન જ કરવો ૪-૫.

હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૩માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**स्त्रीस्त्रैणसंगमं दूरात् त्यक्त्वा संसारकारणम्[३६] ।**
**विविक्ते यूयमासीना मां ध्यायध्वं ह्यतन्द्रिता ॥ ६ ॥**

જન્મ-મરણરૂપ સંસૃતિમાં કારણભૂત સ્ત્રી તથા સ્ત્રૈણ-પુરુષના સમાગમનો દૂરથી ત્યાગ કરીને, એકાંતમાં બેસીને આળસ રહિત થઈ, તમો મારું ધ્યાન કરો ૬.

## ભક્તિમાં વિઘ્ન કરનાર પાંચ મહાદોષ વગેરે

હવે મૂળશ્લોકમાં 'અંતઃશત્રુઓને જીતવા' —એમ કહ્યું. તે અંતઃશત્રુ ક્યા જાણવા? તે વિષે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ સ. જી. પ્ર. ૪, અ. ૬૨માં, સદ્. ગોપાળાનંદ સ્વામી પ્રત્યે કહે છેઃ—

**त्यागीनां परमो धर्मः श्रीकृष्णोऽखिलकारणे[५] ।**
**भक्तिरेकान्तिकी नित्यं तन्माहात्म्यावबोधयुक् ॥ ७ ॥**
**अधर्मवंश्या दोषास्तु प्रत्यूहाः सन्ति तत्र हि[६] ।**
**धर्मवंश्यैर्गुणैर्जित्वा तान्सा कार्याऽत्र साधुभिः ॥ ८ ॥**

હે મુને! ત્યાગીસાધુનો આ જ પરમ ધર્મ માન્યો છે, શું? તો સર્વ કારણના કારણ શ્રીકૃષ્ણનામક પ્રત્યક્ષ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન જે હું તે મારે વિષે મારા

માહાત્મ્યજ્ઞાનપૂર્વક એકાંતિકી ભક્તિ નિત્યે કરવી; અર્થાત્ સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્યે યુક્ત સપ્રેમ ભજન કરવું ૭. એકાંતિકી ભક્તિમાં અધર્મવંશ થકી ઉત્પન્ન થયેલા દંભ-લોભાદિ દોષો અતિ વિઘ્નભૂત છે; માટે ભક્તિમાં વિઘ્ન કરનારા તે દોષોને, ધર્મવંશથી ઉત્પન્ન થયેલા જ્ઞાન-વૈરાગ્યાદિ ગુણો વડે જીતીને, ત્યાગીસાધુઓએ પ્રકટ પ્રભુની ભક્તિ કરવી ૮. વળી તે જ અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**पञ्चैवावश्यजेतव्याः सन्ति दोषेषु तैष्वपि[७] ।**
**जितेषु येषु सर्वे ते जिताः स्युर्नात्र संशयः ॥ ९ ॥**
**लोभः कामो रसास्वादः स्नेहो मानश्च पञ्चमः[८] ।**
**अन्तःशत्रव एते हि दुर्जेया विदुषामपि ॥ १० ॥**

તે અધર્મવંશમાં અનેક દોષો રહ્યા છે, તે મધ્યે પણ પાંચ દોષો તો વિશેષપણે જીતવા જોઈએ; જે પાંચ દોષોને જીતવાથી બીજા બધા દોષો જિતાઈ જાય છે; આમાં સંશય નથી ૯. તે પાંચ દોષ આ પ્રમાણે છેઃ લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને માન; —તે પાંચ અંતઃશત્રુઓ જ્ઞાની પુરુષોને પણ નિશ્ચે દુર્જય છે ૧૦.

વળી ગઢડા અંત્ય પ્રકરણના ૩૮મા વચનામૃતમાં પણ છ દોષોનું નિરૂપણ કર્યું છે; તેમાં લોભાદિક પાંચ મહાદોષનો સંક્ષેપમાં આ પ્રકારે સમાવેષ થાય છેઃ **'લોભ'** જે દ્રવ્યાદિકનો લોભ; **'કામ'** જે સ્ત્રીને વિષે બેઠા-ઊઠ્યાની વાસના; **'રસાસ્વાદ'** જે રસને વિષે જિહ્વાની આસક્તિ; **'સ્નેહ'** જે કુસંગીમાં હેત રહી જાય તથા સંબંધીમાં હેત હોય તે; અને **'માન'** જે દેહાભિમાન —એટલાં વાનાં જેને હોય, તેને કોઈ

દિવસ જીવતે ને મરીને પણ સુખ તો ક્યારેય થાય જ નહિ; માટે જેણે સુખ ઈચ્છવું હોય તેણે એવા સ્વભાવ હોય તો ટાળવા. —આવી રીતે શ્રીજીમહારાજે પાંચ મહાદોષનું ટૂંકમાં લક્ષણ કહ્યું છે. હવે, તેની વિશેષ વિક્તિ તથા તેને જીતવાના ઉપાયો પૃથક્પૃથક્પણે કહેવામાં આવશે.

### લોભમાં રહેલા દોષો તથા તેના જયનો ઉપાય

હવે એ પાંચ દોષો મધ્યે, લોભ છે તે સૌથી મોટો દોષ છે એમ શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૨માં જણાવે છેઃ—

**लोभनिष्ठाः सन्ति दोषा महान्तो निरयप्रदाः[१२] ।**
**अधिष्ठानं हि पापस्य लोभश्चाघप्रवर्तकः ॥ ११ ॥**
**रसवेगश्च दुर्वार्यः सर्वं लोभात्प्रवर्तते[१८] ।**
**तस्मात्सर्वाणि पापानि लोभमूलानि निश्चितम् ॥ १२ ॥**

લોભને વિષે નરક પમાડનારા મોટા-મોટા દોષો રહેલા છે. લોભ એ જ પાપનું અધિષ્ઠાન છે અને લોભ જ પાપને પ્રવર્તાવનારો છે; અર્થાત્ લોભ થકી જ પાપ થાય છે ૧૧. અતિ તીવ્ર એવો ‘રસાસ્વાદનો વેગ’ જે રસાસક્તિ, તે લોભ થકી થાય છે ને બીજા સર્વે દોષો પણ લોભ થકી જ પ્રવર્તે છે; તે હેતુ માટે સર્વ પાપનું મૂળકારણ નિશ્ચે લોભ જ છે ૧૨.

હવે શ્રીહરિ, એ જ અધ્યાયમાં લોભને જીતવાનો ઉપાય કહે છેઃ—

**सतां समागमेनैतान्दोषान्लोभगतान्हृदि[१९] ।**
**स्वार्थघ्नानिति निश्चित्य त्यजेल्लोभं विचक्षणः ॥ १३ ॥**

વિચક્ષણ એવા સાધુ-સંત તે, લોભમાં રહેલા આ બધા દોષો મોક્ષમાર્ગમાં વિઘ્નકારક છે —એમ હૃદયમાં નિશ્ચય

કરીને, ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત એવા મોટા સંતો, તેમના સમાગમે કરીને લોભને જીતે ૧૩.

## કામમાં રહેલા દોષો

શ્રીહરિ આ વિષે સ. જી. પ્ર.૪, અ. ૬૩માં કહે છેઃ—

**यथा जलानां सर्वेषां निधानं वारिधिर्मतः[१] ।**
**तथैव सर्वदोषाणामाश्रयः काम उच्यते ॥ १४ ॥**
**ज्ञानशास्त्रातिविज्ञानां ब्रह्मस्थितिमतामपि[२] ।**
**ब्रह्मानंदादपि सुखं स्त्रैणं कामाद्विशिष्यते ॥ १५ ॥**

હે મુને! જેમ સમસ્ત જળમાત્રનું 'નિધાન'-આધાર સમુદ્ર માન્યો છે તેમ જ, સર્વ દોષમાત્રનો આશ્રય, કામ કહ્યો છે ૧૪. આત્મા-પરમાત્માના જ્ઞાનને બોધ કરનારા અને બ્રહ્મસ્થિતિવાળા એવા પુરુષો પણ, જો કામસુખને વિષે આસક્ત થાય છે તો, બ્રહ્મના આનંદ થકી પણ, સ્ત્રી સંબંધી સુખને અધિક માનીને તેમાં જઈને પડે છે ૧૫. આવી રીતે કામને વિષે અનંત દોષો રહ્યા છે જેનો વિસ્તાર, **'ધર્મામૃત'** થકી જાણવો.

## કામજયના નિયમો તથા સદ્વિચાર

શ્રીહરિ મહાપ્રભુ, આ સંબંધમાં વળી એ જ પ્રકરણ ને અધ્યાયમાં કહે છેઃ—

**कथावार्ताः क्वचिन्नैव स्त्रीणां श्रव्या असत्प्रियाः[२८] ।**
**त्यागिभिः पुरुषैस्तासां कर्तव्यं कीर्तनं न च ॥ १६ ॥**
**सङ्कल्पो निश्चयश्चापि न कर्तव्यस्तदाप्तये[३०] ।**
**स्पर्शस्तु नैव कर्तव्यो दारव्या अपि योषितः ॥ १७ ॥**

સ્ત્રીઓની શૃંગારિક કથા-વાર્તાઓ જે અસજ્જનોને પ્રિય

છે તે, ત્યાગીસંતજનોએ કદાપિ સાંભળવી નહિ, તેમ જ કરવી પણ નહિ ૧૬. વળી ત્યાગીસાધુ, સ્ત્રીપ્રાપ્ત્યર્થે સંકલ્પ તથા સ્ત્રીના રૂપ-કુરૂપાદિનો નિશ્ચય પણ ન જ કરે તથા સ્ત્રીનો સ્પર્શ પણ ન જ કરે. કિં બહુના, કાષ્ઠમયી પણ યુવતીનો સ્પર્શ કરે નહિ ૧૭. આ કામ જીતવાના ઉપાયો કહ્યા. હવે કામજય સંબંધી સદ્વિચાર, તે જ પ્રકરણ ને તે જ અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**ज्वलद्वह्नौ वरं पातो वरं वा विषभक्षणम् ।**
**कूपे वा पतनं श्रेष्ठं न तु स्त्रीगमनं क्वचित् ॥ १८ ॥**

ત્યાગધર્મમાં નિષ્ઠાવાળા સાધુને-સંતને કોઈ એમ કહે કે, જો તું સ્ત્રી સાથે વ્યભિચાર નહિ કરે તો, તને પ્રજ્વલિત અગ્નિમાં ફેંકી દઈશ, તીવ્ર ઝેર દઈને મારી નાખીશ, કે કૂવામાં ધકેલી મૂકીશ —એવા સંજોગોમાં અગ્નિમાં બળી જવાય કે ઝેરથી, કે કૂવાના જળમાં બૂડીને મરી જવાય તે શ્રેષ્ઠ છે; પરંતુ સ્ત્રીનો 'અંગસંગ'-સ્ત્રીસંભોગ તો ક્યારેય શ્રેયસ્કર નથી ૧૮. આવા નિયમોનું પાલન કરવાથી, તથા આવા સદ્વિચારે કરીને દુર્જય એવો પણ કામ, ત્યાગીસાધુ જીતી શકે છે.

## ઇંદ્રિયો જીતવાની આજ્ઞા તથા ઉપાય

શ્રીહરિ આ વિષે, સ. જી. પ્ર. ૪, અ. ૪૮માં કહે છેઃ—

**सुखमूलं हि विज्ञानं तत्तु लभ्येत सद्गुरोः[८५] ।**
**ततस्तमेव सेवेत मुमुक्षुः संयतेन्द्रियः ॥ १९ ॥**

સમસ્ત **'સુખનું મૂળ વિજ્ઞાન'** છે તે સદ્ગુરુ થકી જ પમાય છે; માટે હિતૈષીમુમુક્ષુ, જિતેન્દ્રિય રહી, સદ્ગુરુને સેવે

૧૯. હવે શ્રીહરિ એ જ પ્રકરણ ને એ જ અધ્યાયમાં ઇંદ્રિયોને જીતવાનો ઉપાય કહે છેઃ—

**असङ्कल्पाज्जयेत्कामं क्रोधं कामविवर्जनात्[८६] ।**
**अर्थानर्थेक्षया लोभं भयं तत्त्वावमर्शनात् ॥ २० ॥**
**आन्वीक्षिक्या शोकमोहौ दम्भं महदुपासया[८७] ।**
**योगान्तरायान्मौनेन हिंसां कायाद्यनीहया ॥ २१ ॥**

સ્ત્રી સંબંધી સંકલ્પ ત્યાગ કરવા વડે કામ જીતવો. કામનો ત્યાગ કરી ક્રોધ જીતવો. દ્રવ્યાદિ અર્થમાં અનર્થબુદ્ધિ રાખીને લોભ જીતવો. 'તત્ત્વવિચાર' અર્થાત્ સાંખ્યવિચાર કરીને ભય જીતવો. આત્મા-પરમાત્માના જ્ઞાન વડે શોક તથા મોહ જીતવાં. મોટા પુરુષના સમાગમથી દંભ જીતવો. મૌનથી, યોગમાં વિરોધી એવા વ્યવહારોને જીતવા અને શરીર આદિની નિશ્ચલતા સંપાદન કરીને હિંસાને જીતવી ૨૦-૨૧.

## માનમાં રહેલા દોષો

શ્રીહરિ આ સંબંધમાં, હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૪૨માં કહે છેઃ—

**दोषो मानाभिघश्चापि महानर्थकरो नृणाम्[६१] ।**
**प्रादुर्भूय यतः क्रोधो व्रतदानतपो हरेत् ॥ २२ ॥**
**वाच्यावाच्यं न जानन्ति मानिनः पुरुषा यतः[६२] ।**
**सतोऽपिह्यवजानन्ति स्वनिःश्रेयसकारिणः ॥ २३ ॥**
**मर्यादाभेदनं यस्मादविवेकोऽभिघातनम्[६३] ।**
**अवध्यानामात्महत्या गुर्वादीनां विनाशनम् ॥ २४ ॥**

'માન' નામનો દોષ પણ, મનુષ્યોને સદા અનર્થ કરનારો છે. માનમાંથી ક્રોધ ઉત્પન્ન થતાં તે ક્રોધ, વ્રત, દાન,

તપ વગેરેનો નાશ કરે છે ૨૨. માની પુરુષો બોલવા યોગ્ય તથા ન બોલવા યોગ્ય વિવેકને જાણતા નથી; અને તેથી, પોતાનું કલ્યાણ કરે તેવા સત્પુરુષોનું પણ અપમાન કરે છે ૨૩. વળી માનને લીધે, મહાપુરુષોએ બાંધેલી મર્યાદાને ભેદાય છે; અવિવેક થાય છે તથા 'અવધ્યો' એટલે વધ નહિ કરવા યોગ્ય, સ્ત્રી આદિનો પણ વધ કરાય છે; તેમ જ આત્મહત્યા તથા ગુરુ વગેરેનો વિનાશ પણ થાય છે ૨૪.

## માન જીતવાનો વિચાર

હવે શ્રીહરિ, માન જીતવા માટે કેવો વિચાર કરવો તે વિષે, સ. જી. પ્ર. ૪, અ. ૬૬માં કહે છે:—

**महतीं पदवीं प्राप्ताः पूर्वं ये साधवो जनाः[२०] ।**
**मानत्यागेन ते नूनं विनयेन महात्मसु ॥ २५ ॥**
**मानोऽसौ पापरूपो हि गृहिणामपि नोचितः[२१] ।**
**दुर्योधनो रावणाद्या नेशुर्येन सबान्धवाः ॥ २६ ॥**

પૂર્વે જે જે મોટી પદવી પામ્યા છે તે તે, માનનો ત્યાગ કરીને તથા મોટા પુરુષ સાથે નમ્ર ને સરળપણે વર્તવાથી પામ્યા છે; પરંતુ માન રાખીને કોઈ મોટી પદવી પામ્યા નથી ૨૫. વળી પાપરૂપ એવું માન, ગૃહસ્થને પણ રાખવા યોગ્ય નથી; કારણ કે તેથી દૂર્યોધન, રાવણ અને શિશુપાળ આદિક મોટા-મોટા ગૃહસ્થ રાજાઓ પણ, પોતાના બંધુઓ સહિત નાશ પામેલા છે ૨૬.

## માન જીતવાનો આદેશ

શ્રીહરિ આ સંબંધમાં કહે છે:—

**त्यागिभिर्वा गृहस्थैर्वा प्रोक्तं वाक्यमरुन्तुदम्[१५] ।**
**अपि त्यागी सहेतैव तिरस्कारांश्च तत्कृतान् ॥ २८ ॥**
**वयोज्ञानतपोयोगैः स्वतुल्यस्यापि मानवैः[१६] ।**
**कृते महति सन्माने नैर्ष्यया क्षोभमाप्नुयात् ॥ २८ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. ૬૬)

ત્યાગાશ્રમી અથવા ગૃહસ્થાશ્રમી હરિભક્ત, મર્મસ્થળ ભેદાય તેવાં કઠોર વચન કહે, કે તિરસ્કાર કરે તો પણ તેને ત્યાગીસાધુ સહન કરે; પરંતુ તેથી ક્ષોભ પામે નહિ ૨૭. વય, જ્ઞાન, તપ અને યોગે કરીને 'પોતાને તુલ્ય' અર્થાત્ બરોબરિયા સાધુનું, મનુષ્યો મોટું સન્માન કરે તેથી ત્યાગી-સાધુ, ઈર્ષ્યાએ કરીને ક્ષોભ પામે નહિ; પરંતુ રાજી થાય ૨૮. શ્રીહરિ વળી તે જ અધ્યાયમાં કહે છેઃ—

**सुभोज्यं स्वकनिष्ठाय स्वस्मै दद्याच्च नीरसम्[१७] ।**
**करिचद्भोजनपङ्क्तौ चेत्तेन न क्रोधमाप्नुयात् ॥ २९ ॥**
**स्वतुल्यायापि चेद्दद्यात्सर्वपूज्याधिकारिताम्[१८] ।**
**गुरुः स्वस्मै तु पदवीं कनिष्ठां तर्हि नोत्तपेत् ॥ ३० ॥**

ભોજન કરવા સમયે કોઈક પોતાથી નાનો હોય તેને પંક્તિમાં, રૂડી જમ્યાની વસ્તુ આપે અને પોતાને ઊતરતી જમ્યાની વસ્તુ આપે તો, તેથી ત્યાગીસાધુ માને કરીને ક્રોધ ન પામે ૨૯. વળી સર્વને પૂજવા યોગ્ય 'મહંત-પદવી' જે મંદિરના વ્યવહારનું અધિકારીપણું, તે જો ગુરુ, બરોબરિયા સાધુને આપે અને પોતાને તેથી ઊતરતી પદવી આપે, તો પણ ત્યાગીસાધુ તપી ન જાય, પરંતુ રાજી થાય ૩૦.

## માન રાખવાની વિક્તિ

શ્રીહરિ, હવે, માન ક્યાં રાખવું ને ક્યાં ન રાખવું તેનો વિવેક બતાવે છેઃ–

**त्याज्यस्त्यागिजनैर्मानः सर्वथेति विचारतः**[२२] **।**
**पालने ब्रह्मचर्यादेर्मानस्त्याज्यो न कर्हिचित् ॥ ३१ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. ૬૬)

'આવો વિચાર' અર્થાત્ માનમાં રહેલા દોષોનો વિચાર કરીને, મારા આશ્રિત ત્યાગીજનોએ સર્વપ્રકારે માનનો ત્યાગ કરવો, પરંતુ તેમાં આટલો અપવાદ છે; શું? તો, ત્યાગધર્મમાં પ્રવર્તેલા જનોએ, બ્રહ્મચર્યવ્રતના પાલનમાં તો માનનો ત્યાગ કરવો નહિ, પરંતુ તેના પાલનમાં દૃઢ માનવાળા થવું; અન્યથા મનોદુર્બળતાને લીધે બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય, માટે બ્રહ્મચર્યવ્રતરૂપ ધર્મ પાળવામાં તો માન રાખવું ૩૧. આવી રીતે મોટા પાંચ દોષોમાંથી લોભ, કામ તથા માનનું વિવેચન કર્યું. હવે રસાસ્વાદ તથા સ્નેહની વાત આગળ કહેવાશે; આ પાંચે દોષોને જીતે ત્યારે જ સાધુ કહેવાય. તે સ. જી. પ્ર. ૪, એ. ૬૬માં શ્રીહરિએ કહ્યું છેઃ–

**सर्वथा मानमीर्ष्यां च त्यक्त्वा सेवेत यः सतः**[१९] **।**
**साधुः स एव कथितस्त्यागी भक्तः श्रियःपतेः ॥ ३२ ॥**

જે ત્યાગી, સર્વપ્રકારે માન-ઈર્ષ્યાને મૂકીને, સંતજનોનું સેવન કરે-તેને જ ભગવાનનો ભક્ત એવો સાધુ સમજવો ૩૨. માટે ત્યાગીસાધુઓએ સમગ્ર અંતઃશત્રુઓને જીતવા.

હરિલીલાકલ્પતરુ સ્કં. ૭માં, અનુક્રમે અ. ૪૪ તથા ૪૫માં, શ્રી શુકાનંદ સ્વામીએ પણ અંતઃશત્રુ જીતવા માટે આ

પ્રમાણે કહ્યું છેઃ–

**कामं कोपं च लोभं च भयं स्वप्नं च पञ्चमम्**[५०] **।**
**जित्यैव यतवाङ नित्यं योगं युञ्जीत तत्त्ववित् ॥ ३३ ॥**
**इन्द्रियार्थे अनासक्तो ध्यायन्नेवाच्युतं सदा**[२०] **।**
**लोभकामादिरहितो ब्रह्मत्वाय स कल्पते ॥ ३४ ॥**

કામ, ક્રોધ, લોભ, ભય અને પાંચમુ સ્વપ્ન –તેને જીતીને તથા વાણીને નિયમમાં રાખીને, તત્ત્વને જાણનારો સાધુ ભગવાનની મૂર્તિમાં નિરંતર સંલગ્ન થાય ૩૩. ઇંદ્રિયોના વિષયોમાં આસક્તિ રહિત થઈ, ભગવાનનું હંમેશાં ધ્યાન કરનારો અને લોભકામાદિથી રહિત એવો મુનિ, બ્રહ્મભાવને પામે છે ૩૪. ઇતિ શ્લો. ૧૮૮.

[સાધુના વિશેષધર્મસૂચક પરત્વેનો મૂળશ્લોક ૧૮૮મો છે, તેના વિવેચનમાં ઉપર કહેલા શ્લો. ૩૪ છે]

## શિ૦ શ્લો૦ ૧૮૯

**सर्वेन्द्रियाणि जेयानि रसना तु विशेषतः ।**
**न द्रव्यसंङग्रहः कार्यः कारणीयो न केनचित् ॥ १८९ ॥**

**અને સર્વે જે ઇંદ્રિયો તે જીતવાં, ને રસના ઇંદ્રિયને તો વિશેષે કરીને જીતવી; અને દ્રવ્યનો સંગ્રહ પોતે કરવો નહિ ને કોઈ બીજા પાસે પણ કરાવવો નહિ ૧૮૯.**

### સર્વે ઇંદ્રિયો જીતવાની આજ્ઞા

'સર્વ ઇંદ્રિયો' એટલે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેંદ્રિયો, તેમ જ મન તેમને જીતવાં. તે શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધ અ. ૧૬માં કહ્યું છેઃ–

**वाचं यच्छ मनो यच्छ प्राणं यच्छेन्द्रियाणि च[४२] ।**
**आत्मानमात्मना यच्छ न भूयः कल्पसेऽध्वने ॥ १ ॥**

વાણીને નિયમમાં કર, મનને નિયમમાં કર, પ્રાણને નિયમમાં કર, ઇંદ્રિયોને નિયમમાં કર, ને આત્મા વડે બુદ્ધિને નિયમમાં કર, તો ફરીને તને જન્મમરણ થશે નહિ ૧. વળી શ્રી. ભા. સ્કં. ૧૧. અ. ૧૮માં કહ્યું છેઃ–

**बन्ध इन्द्रियविक्षेपो मोक्ष येषां च संयमः[२२] ।...॥ २ ॥**

ઇંદ્રિયો ચલિત થયાથી બંધન અને તેનો સંયમ કરવાથી મોક્ષ થાય છે ૨. તેમ જ વસિષ્ઠનું પણ વચન છેઃ–

**इन्द्रियाण्येव सर्वाणि जेतव्यानि प्रयत्नतः ।**
**साधुना धर्मशीलेन भ्रश्यत्येवान्यथा पथः ॥ ३ ॥**

ધર્મશીલ એવા સાધુએ, સર્વે ઇંદ્રિયોને પ્રયત્ન વડે જીતવી; ઇંદ્રિયોને ન જીતે તો, કલ્યાણના માર્ગ થકી પડી જાય છે ૩.

ગઢડા પ્રથમ પ્રકરણના ૧૮મા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છેઃ– 'આ જે અમારું (ઇંદ્રિયોના આહાર શુદ્ધ રાખવારૂપ) વચન છે તે ભલા થઈને સર્વે જરૂર રાખજો, તો જાણીએ તમે અમારી સર્વે સેવા કરી. અને અમે પણ તમને સર્વેને આશીર્વાદ દેશું, ને તમો ઉપર ઘણા પ્રસન્ન થાશું... ને ભગવાનનું ધામ છે ત્યાં આપણ સર્વે ભેળા રહેશું.'

## રસના વિશેષ જીતવાની આજ્ઞા

વળી 'रसना' જે જિહ્વા, તે તો વિશેષે કરીને જીતવી. અહીં 'રસના' એટલે તેમાં રહેલી રસના ઇંદ્રિય સમજવી; કેમ

કે રસના ઇંદ્રિયનો જય કરવાથી સર્વે ઇંદ્રિયોનો જય થાય છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૨ અ. ૪૧માં કહ્યું છેઃ—

**ऐन्द्रियेषु रसेष्वेको जैह्वयो मुख्यो रसो मतः[२२] ।**
**प्रयत्नतः स जेतव्य उपवासैस्तपस्यता ॥ ४ ॥**

સર્વે ઇંદ્રિયોના વિષય મધ્યે, જિહ્વા ઇંદ્રિયનો રસવિષય તે એક મુખ્ય માનેલો છે; માટે તપસ્વી એવા સાધુપુરુષ તેમણે, ઉપવાસ આદિ વ્રતે કરીને તે જિહ્વાને વિશેષ પ્રયત્ન વડે જીતવી ૪. વળી સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**एतैरन्यैरुपायैश्च हर्येकान्तिककीर्तितैः[६९] ।**
**सर्वथा त्यागिना जेयं दुर्जयं रसनेन्द्रियम् ॥ ५ ॥**
**यावद्रसो न विजितस्तावत्कोऽपि जितेन्द्रियः[७०] ।**
**पुमान्नैव भवेन्नूनं जितं सर्वं जिते रसे ॥ ६ ॥**

આ મેં કહેલા ઉપાયો અને ભગવદેકાંતિક સાધુઓએ કહેલા બીજા ઉપાયો તેણે કરીને, ત્યાગીએ દુર્જય એવી રસના ઇંદ્રિય સર્વથા જીતવી ૫. જ્યાં સુધી રસને જીતે નહિ ત્યાં સુધી, કોઈ પણ પુરુષનો ઇંદ્રિયજય ન જ થાય; જો રસને જીતે તો સમસ્ત ઇંદ્રિયો નિશ્ચે જિતાય છે ૬.

## રસના જીતવાનો ઉપાય

શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહ્યું છેઃ—

**रसासक्तिर्न कर्तव्या सर्वैः सर्वत्र सर्वदा[१२] ।**
**यथाकालं यथालब्धं भोज्यमन्नं फलादि वा ॥ ७ ॥**
**यो यत्र मुख्यो हि भवेद्भोजयित्वा स चापरान्[१३] ।**
**स्वयं भुञ्जीतानुदिनं पंक्तिभेदं च नाचरेत् ॥ ८ ॥**

મારા આશ્રિત સર્વજનોએ, 'સર્વત્ર' એટલે કોઈ પણ સ્થળમાં; 'સર્વદા' કહેતાં કોઈ પણ સમયે, રસના ઇંદ્રિયના વિષયમાં આસક્તિ ન કરવી; જે સમયમાં જેવું અન્ન, કે ફળાદિ ઈશ્વર-ઇચ્છાથી પ્રાપ્ત થાય તે શરીરધારણમાત્ર-પર્યાપ્ત, અન્નફળાદિક વડે સંતુષ્ટ રહેવું ૭. જે જન જે ઘરમાં કે મંડળમાં મુખ્ય હોય, તેણે પોતાના પોષ્યવર્ગોને તથા આશ્રયે રહેલાઓને પ્રથમ જમાડ્યા પછી પોતે જમવું. તેમાં પંક્તિભેદ પણ ન કરવો; એટલે રસાસક્તિથી, કે પોતાનો-પારકો એવી વિભાગબુદ્ધિથી પીરસવાના પદાર્થોમાં તરતમપણું કરવું નહિ ૮. વળી સ. જી. પ્ર. ૪, અ. ૬૨માં શ્રીહરિ કહે છેઃ—

**जिह्वाप्रिये च भक्ष्यादौ नानाविधरसान्विते[२८] ।**
**नैव लुब्धो भवेत्क्वापि दोषदृष्ट्या विचक्षणः ॥ ९ ॥**

નાના પ્રકારના ખાટા, ખારા, તીખા, ગળ્યા, ચીકણા આદિ રસે યુક્ત એવા ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય —એ ચાર પ્રકારના, જિહ્વા, ઇંદ્રિયને પ્રિય લાગે એવા પદાર્થોમાં દોષદષ્ટિ રાખીને, બુદ્ધિમાન ત્યાગીસાધુ ક્યારેય તેમાં લોભાય નહિ ૯.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં પણ કહે છેઃ—

**सरसेऽल्पे सकृद्भुक्तेप्यन्ने स तु न जीयते[७२] ।**
**नीरसे च मुहुर्भुक्ते सकृद्भुक्ते च भूयसि ॥ १० ॥**
**युक्त एव ततः कार्यं आहारो देहरक्षकः[७३] ।**
**युक्ताहारविहारस्येत्युक्तं भगवता स्वयम् ॥ ११ ॥**

'રસવાળું' એટલે ઘી-સાકર આદિથી યુક્ત; અથવા દૂધપાક વગેરે અન્ન, એકવાર અલ્પમાત્ર જમવાથી પણ તે રસાસ્વાદ જીતાતો નથી; (કેમ કે ભૂખ ઉઘડતાં ભક્ષણતૃષ્ણા

નિવૃત્ત થતી નથી.) તથા રસ વિનાનું અન્ન થોડું-થોડું વારંવાર જમવાથી પણ તે રસ જીતાતો નથી; (કેમ કે લોલુપતા નિવૃત્ત થતી નથી.) તેમ જ રસ વિનાનું અન્ન, એકવાર બહુ ખાવાથી પણ તે રસ જીતાતો નથી; (કેમ કે બહુ અન્નનું ભોજન તે પણ રસાસક્તિમાં હેતુ છે.) તે માટે દેહના નિભાવરૂપ યુક્ત જ આહાર કરવો; અર્થાત્ અતિશય થોડું પણ નહિ, તેમ ઝાઝું પણ નહિ —એવી રીતે જમવું. શ્રીકૃષ્ણ ભગવાને પોતે પણ ભગવદ્ ગીતામાં કહ્યું છેઃ— યુક્ત આહારવિહાર કરનાર યોગીનો યોગ નિર્વિઘ્ન થાય છે ૧૦-૧૧.

## દ્રવ્યત્યાગ – વિષય

શ્રીહરિ વળી કહે છેઃ મારા આશ્રિત સાધુઓએ 'द्रव्यस्य' એટલે જેણે કરીને નાણાંની ઉત્પત્તિ થાય તેવી રીતનાં નવીન વસ્ત્ર, પાત્ર વગેરેનો પણ સંગ્રહ ન કરવો; અર્થાત્ તે પોતાની પાસે રાખવાં નહિ તેમ જ બીજા કોઈ દ્વારા રખાવવાં પણ નહિ; કારણ કે દ્રવ્ય જ, સર્વે વિષયસુખના સંપાદનનું મૂળ છે. ધનનો પ્રસંગ પણ સ્ત્રીના પ્રસંગની પેઠે જ તજવો એવો ભાવ છે; કારણ કે સુવર્ણમાં કળિયુગનો વાસ છે —એવું શ્રીમદ્ ભાગવતમાં કહ્યાનું પ્રસિદ્ધ છે.

'પરમહંસ ઉપનિષદમાં' પણ કહ્યું છેઃ—

'यस्माद्भिक्षुर्हिरण्यं रसेन दृष्टं चेत्स ब्रह्महा भवेत् । यस्माद्भिक्षुर्हिरण्यं रसेन स्पृष्टं चेत्स पौष्कसो भवेत् । यस्माद्भिक्षुर्हिरण्यं रसेन ग्राह्यं चेत्स आत्महा भवेत् । तस्माद्भिक्षुणा हिरण्यं न द्रष्टव्यं, न स्प्रष्टव्यं, न ग्राह्यं च ।

જે સંન્યાસી સુવર્ણને આસક્તિથી જુએ તે બ્રહ્મઘાતી થાય છે; જો આસક્તિથી તેનો સ્પર્શ કરે તો, તે પૌષ્કસ થાય છે અને જો આસક્તિથી તેનું ગ્રહણ કરે તો, તે આત્મઘાતી થાય છે ૧૨. તે હેતુ માટે ત્યાગીઓએ, સુવર્ણને આસક્તિથી જોવું નહિ; તેનો આસક્તિથી સ્પર્શ કરવો નહિ; તેમ જ આસક્તિપૂર્વક તેનું ગ્રહણ કરવું નહિ.

વળી હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૪માં, સદ્. શુકાનંદમુનિનું વચન છેઃ—

**पातनं रेतसो बुद्ध्या तथा वित्तस्य संग्रहम्**[२३] **।**
**यः कुर्यान्मोहवश्येन स तु त्यागी पतत्यधः ॥ १२ ॥**

જે ત્યાગી બુદ્ધિપૂર્વક વીર્યપાત કરે તથા દ્રવ્યનો સંગ્રહ કરે, તે નિશ્ચે અધોગતિ પામે છે ૧૨. ઇતિ શ્લો. ૧૮૯.

## શિ૦ શ્લો૦ ૧૯૦

**न्यासो रक्ष्यो न कस्यापि धैर्यं त्याज्यं न कर्हिचित् ।**
**न प्रवेशयितव्या च स्वावासे स्त्री कदाचन ॥ १९० ॥**

**અને કોઈની થાપણ ન રાખવી અને ક્યારેય પણ ધીરજતાનો ત્યાગ ન કરવો; અને પોતાના ઉતારાની જાયગા, બંધીની હોય તો, તેને વિષે ક્યારેય પણ સ્ત્રીનો પ્રવેશ થવા દેવો નહિ ૧૯૦.**

### થાપણ રાખવાનો પ્રતિષેધ

શ્રીહરિ વળી કહે છેઃ અમારા આશ્રિત ત્યાગીઓએ, 'कस्यापि' એટલે પરિચિત અથવા અપરિચિત એવા કોઈ પણ

મનુષ્યની; 'ન્યાસ' જે થાપણની વસ્તુ; તે, 'ન રક્ષ્યઃ' —સાચવવા માટે ન રાખવી; અર્થાત્ હું સાચવીશ એવી પ્રતિજ્ઞા કરીને, પોતાની પાસે બીજાની વસ્તુ રાખવી નહિ; કારણ કે તેથી પોતાના મનનો ક્ષોભ થવાનો અને વૃથા ક્લેશ થવાનો સંભવ છે.

તે શ્રીહરિએ 'ધર્મામૃત'માં કહ્યું છેઃ—

**...। निक्षेपं च परस्यापि न रक्षेत्सर्वथा धनम्**[૫૪] **॥ १ ॥**

(સ. જી. પ્ર. ૪, અ. ૬૨)

ત્યાગીસાધુ, પારકી થાપણનું ધન કોઈ પણ પ્રકારે રાખે-રખાવે નહિ ૧.

## ધીરજ રાખવાની આજ્ઞા

વળી તે ત્યાગીસાધુઓએ ક્યારેક દેશ તથા કાળના વિષમપણામાં, અગર ભિક્ષા વગેરે ન મળે ત્યારે પણ, 'ધીરજ'નો ત્યાગ કરવો નહિ; કારણ કે દેહનું પ્રારબ્ધ અતિ બળવાન હોય છે, એવો વિચાર કરી ધીરજતાનો ત્યાગ ન કરવો. સ્મૃતિમાં પણ કહ્યું છેઃ— 'धीरो धैर्यं न हापयेत् ધીર મનુષ્યે ધીરજતાનો ત્યાગ કરવો નહિ.

વળી ધીરજતા રાખવામાં ઉપયોગી કેટલાક ધર્મ, સ. ભૂ. અંશ ૩, અ. ૪૯માં સદ્. મુક્તાનંદ સ્વામીએ, સર્વ મુનિજનોને આ પ્રમાણે કહેલા છેઃ—

**प्रश्रयं सर्वभूतेषु दयां मैत्रीं यथोचितम्**[૩૧] **।**
**शिक्षेत्तत्त्रययुक्तस्य न स्यात्प्रियः पुमानिह ॥ २ ॥**

સર્વભૂતો ઉપર યથોચિત દયા, મૈત્રી અને વિનય

રાખવાનું શીખે; તેમ કરવાથી તે દયા આદિ ત્રણે ગુણે યુક્ત પુરુષ, આ લોકમાં કોને પ્રિય ન થાય? અર્થાત્ સર્વને પ્રિય થાય જ ૨. વળી તે પછી શ્લો. ૩૨માં કહ્યું છેઃ—

**एवं हर्यात्मनाथेषु मर्त्येषु सौहृदं जनाः[३२] ।**
**परिचर्यां चोभयत्र महत्सु नृषु साधुषु ॥ ३ ॥**

હે મુનિજનો! આ પ્રકારે શ્રીહરિ છે આત્મનાથ જેમના, એવા મનુષ્યોમાં-ભગવદ્ભક્તોમાં સુહૃદયપણું કરવું; સ્થાવર અને જંગમની સેવા કરવી અને વિશેષપણે મનુષ્યોમાં સંતોની સેવા કરવી; તેમાં પણ મોટા ભાગવત સંતોની સેવા કરતાં શીખવું ૩. વળી શ્લો. ૩૩માં કહ્યું છેઃ—

**तैः सह यशसोऽन्योऽन्याऽनुभाषणं हरेः शुचेः[३३] ।**
**निवृत्तिस्तां मिथस्तुष्टिस्तत्र मिथो रतिश्च याः ॥ ४ ॥**

અને તે મોટા પુરુષો સાથે શ્રીહરિના પવિત્ર યશનું પરસ્પર સંભાષણ કરતાં શીખે; તેમાં પણ સ્પર્ધા આદિનો ત્યાગ કરી, પ્રેમ, સંતોષ અને સમગ્ર દુઃખની નિવૃત્તિનો ઉપાય તેને પણ શીખે ૪.

હવે એ જ અધ્યાયના શ્લો. ૪૧ તથા ૪૨માં શ્રીહરિજી, ક્ષમા ધારણ કરવામાં ક્રોધ વિઘ્ન કરનાર છે એમ જણાવે છેઃ—

**यं क्रोधं निरयद्वारं कृष्णाद्यामुनयोऽब्रुवन् ।**
**घोरं युष्मासु किं क्रूरः संभवति स साधुषु ॥ ५ ॥**
**क्रोधं करोति यो ज्ञानी भूत्वा प्राकृतजीववत् ।**
**तदा तस्य फलं तेन जातं मूर्खसमस्य किम् ॥ ६ ॥**

જે ક્રોધને વ્યાસ આદિક મુનિજનો, ભયંકર નરકનું દ્વાર કહે છે; તે ક્રોધ, સ્વધર્મપરાયણ તમારા સરખા જ્ઞાની પુરુષોમાં

કેમ સંભવે? ન જ સંભવે ૫. જે પુરુષ જ્ઞાની થઈ, પ્રાકૃત મનુષ્યની માફક જ્યારે ક્રોધ કરે છે, ત્યારે મૂર્ખના તુલ્ય તે પુરુષના જ્ઞાનથી શું ફળ થયું કહેવાય? ૬. વળી શ્લો. ૪૮ તથા ૪૯માં શ્રીહરિ કહે છેઃ—

**ततो मदाश्रितानां वो परोपकारिणां सदा ।**
**साधूनां परमं चात्र क्षमैकैवाऽस्ति भूषणम् ॥ ७ ॥**
**क्षमा तेजस्विनां तेजः क्षमा ब्रह्म तपस्विनाम् ।**
**सत्यवतां क्षमा सत्यं शौचं क्षमा शमः क्षमा ॥ ८ ॥**

તે હેતુ માટે હે સંતો! મારા આશ્રિત અને સદા પરોપકારી એવા તમે સર્વેએ, આ લોક અને પરલોકમાં, એક ક્ષમા જ ધારણ કરવા યોગ્ય છે. ક્ષમા, સાધુપુરુષોનું આ લોકમાં પરમ ભૂષણ છે ૭. ક્ષમા જ તેજસ્વી પુરુષોના તેજરૂપે છે; ક્ષમા જ તપસ્વીઓનું બ્રહ્મતેજ છે; ક્ષમા જ સત્યવાદી પુરુષોનું સત્ત્વ છે; ક્ષમા જ શૌચ અને ક્ષમા જ શમ છે ૮.

## સ્વસ્થાનકમાં સ્ત્રીપ્રવેશ નિષેધ વગેરે

તેમ જ તે ત્યાગીસંતોએ પોતાનાં સ્થાનકને વિષે સ્ત્રીઓનો પ્રવેશ થવા દેવો નહિ; કારણ કે તેના પ્રવેશથી તેનું દર્શન થાય, તેથી પોતાના બ્રહ્મચર્યરૂપી નિયમનો પણ ભંગ થાય.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૬૩માં કહ્યું છેઃ—

**नैव कारयितव्यं च स्वस्थाने स्त्रीप्रवेशनम्**[४३] **।**
**अन्नोदकादि पुरुषैरानाय्यं न स्त्रिया क्वचित् ॥ ९ ॥**
**सम्मार्जनोपलेपादि स्वकुट्यामाचरेत्स्वयम्**[४४] **।**
**पुंसा वा कारयेत्त्यागी न तु तत्क्वापि योषया ॥ १० ॥**

પોતાના નિવાસસ્થાનમાં સ્ત્રીઓનો પ્રવેશ ત્યાગીએ ન જ કરાવવો; તથા અપેક્ષિત અન્નજળ વગેરે, સ્ત્રીદ્વારા કદાપિ મંગાવવું નહિ; કિંતુ પુરુષ પાસે જ મંગાવવું ૯. વળી ત્યાગીએ પોતાના 'નિવાસસ્થાનમાં' એટલે પોતે જ્યાં રહેતા હોય એવા મંદિર કે ધર્મશાળામાં, વાળવું-લીંપવું વગેરે પણ, સ્ત્રી પાસે કદાપિ ન જ કરાવવું; કિંતુ પોતે જ કરવું અથવા પુરુષ પાસે કરાવવું ૧૦.

વળી શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહ્યું છેઃ–

**यत्र यत्र स्थले स्त्रीणां या या काचित्क्रिया भवेत्**[६२] ।
**तत्र तत्र क्रिया सा सा न कार्या नैष्ठिकैर्मम ॥ ११ ॥**
**गृहद्वयान्तरस्थेन कुड्येनैकेन यत्र च**[६३] ।
**स्यात्स्त्रीपुंसान्तरं तत्र न स्वप्यं निश्यनापदि ॥ १२ ॥**

'જે જે સ્થળે' એટલે, નદી-તળાવ આદિકમાં સ્ત્રીઓની જે જે કોઈ ક્રિયા, સ્નાન-માર્જન વગેરે થતી હોય, તે તે સ્થળમાં, તે તે ક્રિયા મારા આશ્રિત 'નૈષ્ઠિક બ્રહ્મચારી', અર્થાત્, બ્રહ્મચર્યનું પાલન કરનારા ત્યાગીઓએ કરવી નહિ ૧૧. વળી ઘર જુદાં જુદાં હોય પરંતુ, પોતાને રહેવાના ઘરને તથા સ્ત્રીને રહેવાના ઘરની વચ્ચે એક ભીંતમાત્ર વ્યવધાન હોય, એવા પાસેના ઘરમાં મારા આશ્રિત ત્યાગીઓએ, રાત્રીએ આપત્કાળ પડ્યા વિના ન રહેવું, તેમ જ સૂવું પણ નહિ ૧૨. ઇતિ શ્લો. ૧૯૦.

## શિ૰ શ્લો૰ ૧૯૧

**न च सङ्घं विना रात्रो चलितव्यमनापदि ।**
**एकाकिभिर्न गन्तव्यं तथा क्वापि विनापदम् ॥ १९१ ॥**

**અને તે સાધુ તેમણે આપત્કાળ પડ્યા વિના રાત્રીને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ, તથા આપત્કાળ પડ્યા વિના ક્યારેય પણ એકલા ચાલવું નહિ ૧૯૧.**

## રાત્રે સમૂહ વિના ને દિવસે સાથ વિના ગમન નિષેધ

વળી તે ત્યાગીસાધુઓએ આપત્તિ સિવાય, રાત્રે મનુષ્યોના સમુદાય વિના ચાલવું નહિ; અર્થાત્ ઘણા પુરુષોના સંગાથ વિના રાત્રે બીજે ગામ જવું નહિ; આપત્તિ હોય તો જવામાં દોષ નથી. તેમ જ તે સાધુઓએ આપત્તિ વિના, એકલા પણ, કોઈ પણ સ્થાને જવું નહિ.

તે કૃત્યચિંતામણિમાં ગૌતમનું વચન છે:—

''सूर्यास्तमयकालान्नाध्वानं गच्छेन्नैको न वृषलैः सह न कासृत्या ग्रामं प्रविशेत् ।''

સૂર્યાસ્ત થયા પછી માર્ગે એકલા ચાલવું નહિ, દુષ્ટ માણસો સાથે ચાલવું નહિ તથા નિંદિત, તેમ જ ગુપ્તમાર્ગથી ગામમાં પ્રવેશ કરવો નહિ.

## શંકાનું સમાધાન ને સંત-સમાગમ

શંકાકાર શંકા કરે છે કે, શ્રીમદ્ ભાગવત એકાદશસ્કંધ અ. ૯માં તો આમ કહ્યું છે:—

**वासे बहुनां कलहो भवेद्वार्ता द्वयोरपि[१०] ।**
**एक एव चरेत्तस्मात्कुमार्या इव कङ्कणः ॥ १ ॥**

ઘણાં મનુષ્ય ભેગાં વસતાં હોય તો, ત્યાં કજિયો થવાનો સંભવ રહે છે, અને બે જણા ભેગા રહે તો, ત્યાં ગ્રામ્યવાર્તા થવાનો સંભવ રહે છે; માટે કુમારીના હાથના એક કંકણની

પેઠે, ત્યાગીએ તો એકલા જ રહેવું ૧. માટે આ ઉપરથી ત્યાગીઓને તો એકલા ચાલવાનું જ યોગ્ય છે; તો પછી અહીં, એકલા કોઈ ઠેકાણે જવું નહિ —એમ કેમ કહેવામાં આવ્યું છે? એ શંકાના સમાધાનમાં કહે છેઃ કલહ અને ગ્રામ્યવાર્તા થવાના હેતુરૂપ જે દુર્જનનો સંગ તેનો એ શ્લોકમાં નિષેધ કર્યો છે; પરંતુ ભગવાનના ભક્ત એવા જે સાધુ, તેમના સમાગમનો નિષેધ કર્યો નથી.

તે કપિલદેવનું શ્રી. ભા. સ્કં. ૩, અ. ૨૫માં વચન છેઃ—

**प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः[२०] ।**
**स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ २ ॥**

જેવો આ જીવને, દેહ તથા દેહના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ દૃઢ પ્રસંગ જો, ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો, એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે ૨.

શ્રી. ભા. દશમ સ્કંધ અ. ૮૪માં પણ, સ્વયં ભગવાન કહે છેઃ—

**यस्यात्मबुद्धिः कुणपे त्रिधातुके स्वधीः कलत्रादिषु भौम ईज्यधीः[१३] ।**
**यत्तीर्थबुद्धिः सलिले न कर्हिचिज्जनेष्वभिज्ञेषु स एव गोखरः ॥ ३ ॥**

વાત, પિત્ત ને કફે યુક્ત —એવા દેહને વિષે જેવી આત્મબુદ્ધિ છે; સ્ત્રી-પુત્ર-પરિવાર તેને વિષે જેવી પોતાપણાની બુદ્ધિ છે; ધાતુ, કાષ્ઠ, પાષાણાદિકની પ્રતિમાઓને વિષે જેવી પૂજ્યબુદ્ધિ છે ને ગંગા આદિના જળને વિષે જેવી તીર્થબુદ્ધિ છે; તેવી આત્મબુદ્ધિ, પોતાપણાની

બુદ્ધિ, પૂજ્યબુદ્ધિ તથા તીર્થબુદ્ધિ, આત્મા-પરમાત્માના સાક્ષાત્કારવાળા સત્પુરુષને વિષે જો નથી તો તેને, 'ગો' કહેતાં બળદ અને 'ખર' એટલે ગર્દભ તુલ્ય જાણવો ૩.

ગઢડા પ્રથમ પ્ર. ૪૨મા વચનામૃતમાં શ્રીહરિજીએ કહ્યું છેઃ– 'જેને ઝાઝાં ચોમાસાં થયાં હોય, તેનું થોડા ચોમાસાવાળાએ વંદન કરવું.'

ગઢડા મધ્ય પ્ર. ૪૮મા વચનામૃતમાં પણ કહ્યું છેઃ– 'આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે માટે એ સાધુને તો, ઊઠીને સાષ્ટાંગ દંડવત્પ્રણામ કરીએ.' વળી કહે છેઃ 'અમારે પણ એ જ અંતરમાં વાસના છે જે, આ દેહને મૂકશું પછી કોઈ રીતનો જન્મ થવાનું નિમિત્ત તો નથી, પણ અંતરમાં એમ વિચારીએ છીએ જે, જન્મ ધર્યાનું કોઈક કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો –એમ ઇચ્છીએ છીએ.'

વળી ગઢડા અંત્ય પ્ર.ના ત્રીજા વચનામૃતમાં પણ કહ્યું છેઃ– 'જીવાત્માને જ્ઞાન-વૈરાગ્યે કરીને માયિક ઉપાધિનો સંગ ટળી જાય છે તો પણ, સત્સંગનો પાશ લાગ્યો છે તે ટળતો નથી; અને તે બ્રહ્મસ્વરૂપ થાય છે તો પણ નારદ, સનકાદિક ને શુકજીની પેઠે, ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે અતિશય દયા ને પ્રીતિએ યુક્ત વર્તે છે.'

વળી શ્રીહરિ, સ. જી. પ્ર. ૫, અ. ૫૫માં, વર્ણી, સાધુ તથા પાર્ષદોને ભલામણ કરે છેઃ–

**अस्याज्ञायां वर्तितव्यं भवद्भिर्मामकैर्मुनेः[२४] ।**
**वर्तिष्यतेऽन्यथा योऽसौ न मदीय इति ध्रुवम् ॥ ४ ॥**

હે ભક્તજનો! મારા આશ્રિત તમારે સર્વેએ આ

ગોપાળાનંદમુનિની આજ્ઞામાં વર્તવું. તમારા મધ્યે જે કોઈ પણ એમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને વર્તશે, તે મારો ભક્ત નથી જ; આવું મારું વચન નિશ્ચિત જ છે ૪.

અનાદિમુક્ત સદ્. ગુણાતીતાનંદ સ્વામીની વાર્તાસંગ્રહ* પ્ર. ૨માં, વાતમાં પણ શ્રીજીનું વચન છેઃ 'આનંદાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીનો સમાગમ કરવો, ને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદ સ્વામીનો સમાગમ કરવો.'

શાસ્ત્રમાં આવા અનેક નિર્દેશો છે, માટે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં રહેલા, એવા ત્યાગી સંત-બ્રહ્મચારીઓએ 'ભગવદ્ભક્તના સમૂહમાં' અર્થાત્ સત્સંગના મધ્યમાં રહેવું, કે જેથી એકબીજાના સમાગમથી ધર્મ પણ સહેજે રહે, ને સત્પુરુષના સમાગમથી જ્ઞાન પણ થાય અને ઉર્મિઓ પણ જિતાય. વળી તેમણે ભગવદેકાંતિક શ્રીહરિના આશ્રિત એવા ત્યાગીની સાથે જોડમાં ચાલવું, પરંતુ ભરતજીની માફક એકલા વિચરવું નહિ; શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે જ આવી પ્રણાલિકા બાંધી છે માટે તે પ્રમાણે વર્તવું. ઈતિ શ્લો. ૧૯૧.

## શિ૦ શ્લો૦ ૧૯૨

**अनर्घ्यं चित्रितं वासः कुसुम्भाद्यैश्च रञ्जितम् ।**
**न धार्यं च महावस्त्रं प्राप्तमन्येच्छयाऽपि तत् ॥ १९२ ॥**

**અને જે વસ્ત્ર બહુ મૂલ્યવાળું હોય, તથા ચિત્રવિચિત્ર**

* સદ્. સ્વામી બાળમુકુંદદાસજીએ સંગ્રહ કરેલી પાંચ પ્રકરણવાળી પ્રત પરથી, ઠા. દામોદરભાઈએ છપાવેલ. રાજકોટ. સં. ૧૯૬૬. આવૃત્તિ ૧લી.

**ભાત્યનું હોય, તથા કસુંબાદિક જે રંગ તેણે કરીને રંગેલું હોય, કે શાલ-દુશાલા હોય, ને તે જો બીજાની ઈચ્છાએ કરીને પોતાને પ્રાપ્ત થયું હોય તો પણ, તે વસ્ત્ર પોતાને પહેરવું-ઓઢવું નહિ ૧૯૨.**

## અનુચિત વસ્ત્ર નિષેધ

વળી સાધુએ 'अनर्घ्यं' એટલે જેનું મૂલ્ય થઈ શકે નહિ તેવાં; અર્થાત્, ઘણાં મૂલ્યવાળાં; તથા 'चित्रितं' જે રંગબેરંગી અને 'कुसुम्भं' અર્થાત્ કસુંબલ રંગથી રંગેલાં; તેમ જ 'આદિ' પદ છે માટે ગળીમાં બોળેલાં હોય તેવાં; તથા 'મહાવસ્ત્ર' જેને દુશાલા કહે છે, એ બધાં ભલે બીજાની ઈચ્છાથી પ્રાપ્ત થયાં હોય તો પણ તે ધારણ કરવાં નહિ.

તે સ. જી. પ્ર. ૪, અ. ૬૨માં શ્રીહરિનું વચન છે:—

**सूक्ष्माणि च सधातूनि श्वेतवर्णेतराणि च[४४] ।**
**दीयमानान्यपि त्यागी न गृह्णीयात्कदाचन ॥ १ ॥**

'સૂક્ષ્મ' અર્થાત્, અતિશય ઝીણાં એવાં પારદર્શક, તથા સુવર્ણાદિક ધાતુના તારે યુક્ત, તેમ જ રાતાં-પીળાં કે ચિત્રવિચિત્ર રંગવાળાં વસ્ત્રો, ગૃહસ્થ આપે તો પણ તેને ત્યાગીસાધુ ક્યારેય ગ્રહણ કરે નહિ ૧. ધર્મપ્રદીપમાં પણ કહ્યું છે:—

**सहेमसूत्रं सूक्ष्मं च नानारङ्गं च चित्रयुक् ।**
**महाधनं च यद्वस्त्रमाढ्यार्हं राजसं तु तद् ॥ २ ॥**

સુવર્ણના તારવાળું, સૂક્ષ્મ, નાના પ્રકારના રંગવાળું, ચિત્રવિચિત્ર ભાતનું, તેમ જ વધારે મૂલ્યવાળું, એવું વસ્ત્ર

ધનવાનને પહેરવા યોગ્ય ગણાય છે; જેથી તેવું રજોગુણી વસ્ત્ર ત્યાગીઓએ પહેરવું નહિ ૨. ત્યાગીસાધુને તો કૌપીન તથા તે ઉપર જીર્ણ થયેલું આચ્છાદન વસ્ત્ર, તથા જીર્ણ ગોદડી વગેરે ધારણ કરવાનું વિધાન છે; એ વગેરેનો વિસ્તાર ધર્મામૃત આદિ બીજા ગ્રંથોમાં છે; તો તે થકી જાણી લેવું. ઇતિ શ્લો. ૧૯૨.

## શિ૦ શ્લો૦ ૧૯૩

**भिक्षां सभां विना नैव गन्तव्यं गृहिणो गृहम् ।**
**व्यर्थः कालो न नेतव्यो भक्तिं भगवतो विना ॥ १९३ ॥**

**અને ભિક્ષા તથા સભાપ્રસંગ એ બે કાર્ય વિના, ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ. અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના, વ્યર્થ કાળ નિર્ગમવો નહિ; નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો ૧૯૩.**

### ગૃહિગૃહે ગમનવિક્તિ

વળી સાધુઓએ, ભિક્ષા અને સભાપ્રસંગ વિના, ગૃહસ્થના ઘર પ્રત્યે જવું નહિ, **'ભિક્ષા'** શબ્દથી ભિક્ષાને માટે ફરવું તે; અર્થાત્ ઝોળી માગવી અથવા આમંત્રણ હોય તો, ભિન્નભિન્ન ગૃહે 'ભિક્ષા લેવા'-જમવા જવું. તેમ જ **'સભા'** એટલે ભગવાનના ભક્ત એકત્ર થઈ જ્ઞાનગોષ્ટિ કરતા હોય, તેવા જાહેર સામાજિક પ્રસંગે —એવો અર્થ છે. તે પણ સભાપ્રસંગ, ગૃહસ્થને ત્યાં હોય અને જો તે સભામાં જવાનું આમંત્રણ આવે તો જ જવું; અને તે પણ, પાંચની સંખ્યાથી ઓછી સંખ્યામાં જવું નહિ.

શ્રી. ભા. સ્કં. ૧૧, અ. ૧૮માં તે કહ્યું છેઃ–

**आहारार्थं समीहेत युक्तं तत्प्राणधारणम्**[३४] **।...॥ १ ॥**

આહારથી જ પ્રાણ ટકે છે માટે તેના સારુ, દેહનિર્વાહ પૂરતો યત્ન કરવો ૧. વળી નીતિસારનું વચન છેઃ–

**यज्ञं गच्छेदनाहूत आहूतश्च सभां सुधीः ॥ २ ॥**

રૂડી બુદ્ધિવાળા પુરુષે, યજ્ઞમાં તો આમંત્રણ ન હોય તો પણ જવું ને સભામાં તો આમંત્રણ હોય તો જ જવું ૨. માટે ભિક્ષા તથા સભા —એ બે નમિત્તે જ ગૃહસ્થના ઘેર જવામાં દોષ નથી; બાકી તો દોષ લાગે છે. તે શ્રી. ભા. સ્કં. ૧૦, અ. ૪૪માં કહ્યું છેઃ–

**न सभां प्रविशेत्प्राज्ञः सभ्यदोषाननुस्मरन्**[१०] **।**
**अब्रुवन्विब्रुवन्नज्ञो नरः किल्बिषमश्नुते ॥ ३ ॥**

સભાસદોને કેવા કેવા દોષ લાગે છે એ જાણનારા બુદ્ધિમાન પુરુષે, સભામાં પ્રવેશ કરવો નહિ; કારણ કે સત્ય જાણતા છતાં, મૌન રાખી સભામાં સત્ય નહિ બોલનારો; અને જાણીબૂજીને પક્ષપાતે કરીને કે બીજી દષ્ટિથી, સભામાં અવળું બોલનારો પુરુષ, પાપનો ભાગી થાય છે ૩.

## ભિક્ષાયાચન – પ્રકાર

હવે ત્યાગીએ ભિક્ષા માગવા કેવી રીતે જવું તે કહે છેઃ–

**गृहमुद्घाटितद्वारं व्रजित्वा गृहिणः शुचेः ।**
**अवीक्षमाणः स्त्रीर्याचेदुच्चैर्नामोच्चरन्हरेः ॥ ४ ॥**

પવિત્ર ગૃહસ્થના ઉઘાડાં દ્વારવાળાં ઘરપ્રત્યે જઈને, સ્ત્રીને જોયા વિના, ઊંચા સ્વરે શ્રીહરિનું નામ ઉચ્ચારીને ભિક્ષા

માગવી; એટલે કે, ઘરની બહાર ઊભા રહીને જ ભિક્ષા માગવી –એમ જાણવું ૪.

શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ, સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં સદ્.ગોપાળાનંદ સ્વામી પ્રત્યે કહે છેઃ–

**सर्वेषामिन्द्रियाणां हि क्षोभहेतु रसो मतः[१] ।**
**तन्मूलाः सकला दोषाः प्रवर्तन्तेऽघहेतवः ॥ ५ ॥**
**अनासक्तो रसास्वादे त्यागी वैष्णव आत्मवित्[१६] ।**
**निर्वाहार्थं स्वदेहस्य भिक्षावृत्तिमुपाश्रयेत् ॥ ६ ॥**

હે મુને! સર્વે ઇંદ્રિયોને ક્ષોભ પમાડનાર રસના ઇંદ્રિય છે. પાપના હેતુરૂપ સર્વે દોષો રસના ઇંદ્રિય થકી પ્રવર્તે છે. ૫. એ હેતુ માટે ત્યાગધર્મમાં રહેલો આત્મજ્ઞાની ભગવદ્ભક્ત સાધુપુરુષ, રસાસ્વાદે રહિત થઈ, દેહનિર્વાહાર્થે ભિક્ષાવૃત્તિનો આશ્રય કરે ૬. વળી તે પછી શ્લો. ૧૭માં શ્રીહરિ કહે છેઃ–

**अल्पमल्पं शुचीन् याचेद् गृहस्थानन्नमन्वहम् ।**
**रसं यथा मधुकरः प्रत्यब्जं तान्यपीडयन् ॥ ७ ॥**

ભિક્ષાવૃત્તિમાં પણ આટલો વિશેષ અનુસરવો; એક ઘેરની ભિક્ષા માગે નહિ; કિંતુ અલ્પ-અલ્પ અન્ન, પ્રતિદિન, પવિત્ર ગૃહસ્થોના ઘર થકી, ભમરો કમળની પાંખડીઓને વિદારણ નહિ કરતાં, પ્રતિકમળ થકી જેમ રસને ગ્રહણ કરે છે, તેમ ત્યાગીસાધુ પણ, એક ગૃહસ્થના ઘરને પીડા નહિ પમાડતાં, દરેક ઘેરથી થોડું થોડું ભિક્ષાન્ન ગ્રહણ કરે ૭. વળી શ્લો. ૧૮માં શ્રીહરિ કહે છેઃ–

**चातुर्वर्ण्यगृहस्थाश्च त्यागिभिर्भैक्ष्यचारिभिः ।**
**अपक्वान्नं याचितव्याः शुद्धं नान्ये त्वनापदि ॥ ८ ॥**

ભિક્ષાવૃત્તિ આચરનારા ત્યાગીસાધુઓએ, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર —એ ચાર વર્ણના ગૃહસ્થો પાસે પવિત્ર કાચું અન્ન માગી લેવું; કોઈ મહા આપત્કાળ પડ્યો ન હોય ત્યાં સુધી, એ ચાર વર્ણથી ઊતરતી વર્ણના ગૃહસ્થોની પાસે કાચું અન્ન માગવું નહિ; મહા આપત્કાળે મંગાય તેનો દોષ નથી ૮. હવે શ્રીહરિ શ્લો. ૨૦માં ભિક્ષાયાચનપ્રસંગનો ઉચ્ચારણ-પ્રકાર કહે છેઃ—

**नारायण! हरे! सच्चिदानंदादिप्रभो! इति ।**
**उच्चैर्वदेदंगणस्थो गृहिणां भैक्ष्यमर्थयन् ॥ ९ ॥**

ભિક્ષાન્ન માગવા નીકળેલા ત્યાગીએ, ગૃહસ્થના ઘર—આંગણામાં ઊભા રહીને **'નારાયણ! હરે! સચ્ચિદાનંદ! પ્રભો!'** —એમ ઉચ્ચ સ્વરે કરીને બોલવું ૯.

## ભિક્ષાન્ન-ભોજનવિધિ

શ્રીહરિ સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં કહે છેઃ—

**यत्पिष्टतण्डुलाद्याप्तं भिक्षयान्नं फलादि वा[२१] ।**
**स्वयं शुचिः पाचयित्वा हरये तन्निवेदयेत् ॥ १० ॥**
**तदन्नं तुलसीमिश्रं विष्णोः पादाम्बुना गुमान्[२२] ।**
**प्रासादिकेनाम्बुना वा भुजिकाले विमिश्रयेत् ॥ ११ ॥**

ભિક્ષામાં જે લોટ, ચોખા, દાળ આદિક અન્ન અથવા ફળાદિક મળ્યું હોય તે અન્ન, સ્વયં ત્યાગીસાધુ શુદ્ધ થઈ, રસોઈ બનાવીને શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુને નિવેદન કરે. અનંતર તે અન્ન તુલસી અને 'विष्णोः' અર્થાત્ સર્વમાં વાસ કરીને રહેલો એવો શ્રીહરિ હું, તે મારું ચરણામૃત જળ; અથવા નૈવેદ્ય સમયે મને અર્પેલ પ્રસાદીના જળ વડે, પોતાના

ભોજન અવસરે સંમિશ્રિત કરીને, મારાં નામોચ્ચારણસહિત મારી મૂર્તિનું સ્મરણ કરવાપૂર્વક જમે ૧૦-૧૧.

## ભિક્ષાન્નની પ્રશંસા

ભગવાન શ્રીદત્તાત્રેય, માધુકરીવૃત્તિની પ્રશંસા કરતાં, શ્રી. ભા. સ્કં. ૧૧, અ. ૮માં કહે છેઃ—

**गृहानहिंसन्नातिष्ठेद्वृत्तिं माधुकरीं मुनिः[६] ।**
**भुङ्क्ते सर्वत्र दातृणां दहन्प्रागुत्तराशुभम् ॥ १२ ॥**

ગૃહસ્થને ખેદ પમાડ્યા વિના 'માધુકરીવૃત્તિને આચરતો', એટલે મધમાખી જેમ જુદા-જુદા સ્થળેથી મધ એકઠું કરે છે, તેમ ભિન્ન-ભિન્ન ગૃહો થકી ભિક્ષાન્ન મેળવીને જમનાર મુનિ, ભિક્ષા આપનારનાં આગલાં તથા પાછલાં સમગ્ર પાપોનો નાશ કરે છે; અર્થાત્, માધુકરી વૃત્તિથી દેહનિર્વાહ કરનાર એવો ત્યાગી, અન્ન આપનારનાં સમગ્ર પાપોનો વિનાશ કરે છે ૧૨. આ વિષે ભિક્ષાસંમતિનાં વાક્યો, શિ. શ્લો. ૧૮૪ના વિવરણમાં પણ, પ્રથમ આવી ગયાં છે.

## ભક્તિ રહિત કાળ નિર્ગમન નિષેધ

હવે ભગવાનની ભક્તિ, જે શ્રવણ-કીર્તન વગેરે લક્ષણવાળી છે તે વિના નકામો કાળ, એક ક્ષણપણ મારા આશ્રિત ત્યાગીઓએ ગુમાવવો નહિ; બધો વખત પોતાની શક્તિ મુજબ કાંઈક ભક્તિ કરવી; પરંતુ બીજી રીતે કાળ નિર્ગમન ન કરવો.

તે સ. જી. પ્ર. ૪, અ. ૬૫ તથા ૬૬માં, અનુક્રમથી શ્રીહરિ કહે છેઃ—

**न विष्णोर्नवधाभक्तिं विना चैकमपि क्षणम्[३४] ।**
**व्यर्थं क्वापि नयेत्त्यागी दूरं जह्यात्त्वसत्कथाः ॥ १३ ॥**
**श्रवणं कीर्तनं विष्णोर्ध्यानं वन्दनमर्चनम्[३३] ।**
**विना कालो वृथा नैव नेतव्यस्त्यागिना क्वचित् ॥ १४ ॥**

મારા આશ્રિત ત્યાગી સાધુ, ભગવાનની નવ પ્રકારની ભક્તિ કર્યા વિના, એક ક્ષણમાત્ર કાળ પણ વ્યર્થ ન ગાળે; અને ગ્રામ્યવાર્તાનો તો દૂરથી ત્યાગ કરે ૧૩. વળી ત્યાગી- સાધુએ ભગવાન એવો હું, તે મારી લીલા ને મારા ગુણોની કથાનું શ્રવણ, કીર્તન, ધ્યાન, નમસ્કાર, પૂજન (એ આદિ નવ પ્રકારની ભક્તિ) કર્યા વિના વ્યર્થ કાળ, ક્યારેય વ્યતીત કરવો નહિ; નિરંતર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો ૧૪. વ્યર્થ કાળ ન નિર્ગમવો તેની સંમતિનાં વાક્યો, પ્રથમ, આત્મનિવેદીના ધર્મમાં આવી ગયાં છે ને ભક્તિનું સ્વરૂપ પણ શિ. શ્લોક ૧૦૩ના વિવરણમાં પ્રથમ, વિસ્તારપૂર્વક કરેલું છે તો તે, ત્યાંથી જાણી લેવું.

આવી રીતે જે ભક્તજન નિરંતર ભક્તિ કરે છે તેની પ્રાપ્તિ, સ. ભૂ. અંશ ૩, અ. ૪૯માં સદ્. મુક્તાનંદ સ્વામીએ આ પ્રમાણે કહેલી છેઃ—

**स्मारयंतः स्मशंतश्च पापघ्नं ते हरिं मिथः[३४] ।**
**भक्त्या संजातया भक्त्या बिभ्रत्युत्पुलकं वपुः ॥ १५ ॥**

તે ભક્તજનો, પાપનિવર્તક શ્રીહરિની મૂર્તિનું પરસ્પર સ્મરણ કરવા અને કરાવવા પૂર્વક, સાધનભક્તિથી પ્રકટ થયેલી પ્રેમલક્ષણા ભક્તિ વડે, રોમાંચગાત્ર થાય છે ૧૫.

હવે શ્રીહરિ, એ જ અધ્યાયમાં સંતોને, પોતાની જ ભક્તિ પ્રવર્તાવવાનો આદેશ આપતા કહે છેઃ—

**मुमुक्षवो ये शरणं व्रजेयुस्तत्रोपदेश्या हरिभक्तिरेका[५१] ।**
**तेभ्योऽघहंत्री भवतां स्थितिर्वः स्वेस्वे च धर्मेऽपि दृढा मुनींद्राः ॥**

હે મુનીન્દ્રો! તે અનેક દેશોમાં જે જે મુમુક્ષુ ભક્તજનો, તમારે શરણે આવે, તે સર્વેને પાપ હણનારી, પોતપોતાના ધર્મમાં દઢ સ્થિતિ કરાવનારી, મારા સ્વરૂપના જ એક જ્ઞાનને કરનારી —એવી મારી ભક્તિનો જ તમારે ઉપદેશ કરવો ૧૬. ઈતિ શ્લો. ૧૯૩.

## શિ૰ શ્લો૰ ૧૯૪, ૧૯૫

**पुमानेव भवेद्यत्र पक्वान्नपरिवेषणः ।**
**ईक्षणादि भवेन्नैव यत्र स्त्रीणां च सर्वथा ॥ १९४ ॥**
**तत्र गृहिगृहे भोक्तुं गन्तव्यं साधुभिर्मम ।**
**अन्यथाऽऽमान्नमर्थित्वा पाकः कार्यः स्वयं च तैः ॥ १९५ ॥**

**અને જે ગૃહસ્થના ઘરને વિષે, રાંધેલ અન્નનો પીરસનારો પુરુષ જ હોય, તથા સ્ત્રીઓનો દર્શનાદિક પ્રસંગ કોઈ રીતે થાય એમ ન હોય ૧૯૪.**

**તેવી રીતનું જે ગૃહસ્થનું ઘર તે પ્રત્યે અમારા સાધુ તેમણે જમવા જવું; અને એ કહ્યું તેવું ન હોય તો, કાચું અન્ન માગીને પોતાના હાથે રસોઈ કરવી ને ભગવાનને નૈવેદ્ય ધરીને જમવું ૧૯૫.**

### ગૃહસ્થને ઘેર ભોજનવિધિ વગેરે

હવે, ગૃહસ્થને ઘેર રાંધેલું અન્ન જમવા જવાનો પ્રસંગ પ્રાપ્ત થાય ત્યારે શું કરવું, તેનો વિશેષ પ્રકાર, શ્રીહરિ બે

શ્લોકે કરીને કહે છેઃ જે ગૃહસ્થના ઘરમાં રાંધેલી રસોઈને પીરસનાર માત્ર પુરુષ હોય અને જ્યાં સ્ત્રીનાં દર્શન આદિ કોઈ રીતે થાય તેમ ન હોય; વળી 'આદિ' પદથી સ્ત્રીના શબ્દનું શ્રવણ પણ થાય તેમ ન હોય, તેવા ઘેર મારા સાધુઓએ ભોજન કરવા માટે જવું; જો એ પ્રમાણે અનુકૂળતા ન હોય તો, તેમણે માધુકરી વૃત્તિથી ભિક્ષામાં કાચું અન્ન માગીને પોતાના જ સ્થાનકમાં રસોઈ કરવી. 'ચ'કાર છે માટે જાતે રસોઈ કરવાનું અનુકૂળ ન હોય તો, ધર્મવાળા પવિત્ર બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી, સર્વપ્રકારે પોતાના નિયમનું રક્ષણ કરવું —એવું તાત્પર્ય છે. જો કે ત્યાગીઓને શાસ્ત્રમાં પાકી રસોઈ કરવી યોગ્ય કહી નથી તો પણ, આ ભાગવતમાર્ગમાં વૈષ્ણવોને ભગવાનનું દાસપણું —એ મુખ્ય ધર્મ હોવાથી, ભગવાનને અર્થે રસોઈ કરવામાં દોષ નથી, પરંતુ પોતાને માટે રસોઈ ન કરવી; અર્થાત્ ભગવાનને માટે રસોઈ કરી તેમને નૈવેદ્ય ધરી, પ્રસાદીભૂત અન્ન, પ્રથમ ગુરુને જમાડીને પછી પોતે કાષ્ઠપાત્રમાં મેળવી, પાણી નાખીને જમવામાં દોષ નથી —એવો ભાવ છે.

તે શ્રીકૃષ્ણ ભગવાને ભગવદ્ગીતા અ. ૩માં પણ કહ્યું છેઃ—

**....। भुञ्जते ते त्वघं पापा ये पचन्त्यात्मकारणात्**[१३] **॥ १ ॥**

જેઓ કેવળ પોતાને માટે રસોઈ કરે છે તેઓ પાપને ખાય છે ૧. ભગવાન શ્રી દત્તાત્રેય પણ બે પ્રકારની વૃત્તિઓ બતાવે છેઃ એક તો 'માધુકરીવૃત્તિ', જે જુદે જુદે ઘેરથી ભિક્ષા માગી લાવવી તે, અને બીજી 'અજગરવૃત્તિ' એટલે આમંત્રણ

હોય તો આમંત્રિત ભક્તના ઘેર જમવા જવું; અથવા પોતાને ઉતારે અનાયાસે અયાચિત ભિક્ષા મળે તે ગ્રહણ કરવી; આ બે પ્રકારની ત્યાગીઓની વૃત્તિઓ કહેલી છે.

## પકવાન્ન ભોજન વિષે અન્ય માહિતી

શ્રી સહજાનંદ સ્વામી સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં કહે છેઃ—

**गृहस्थो वैष्णवो विप्रः स्वधर्मपरिनिष्ठितः[२४] ।**
**लोकगर्हापापकर्मसूतकादिविवर्जितः ॥ २ ॥**
**भोक्तुं निमन्त्रयेत्स्वस्य गेहे तर्हि तदालयम्[२५] ।**
**गच्छेयुस्तत्र भुञ्जीरन् प्राग्वद्विष्णु निवेदितम् ॥ ३ ॥**

ગૃહસ્થ, જો ત્યાગીને જમવા માટે પોતાને ઘેર આમંત્રણ આપે ને તે વિપ્રગૃહસ્થ, જો સ્વધર્મનિષ્ઠ ભગવદ્ભક્ત હોય ને પાપકર્મ, લોકાપવાદ તથા સૂતક વગેરે દોષોથી રહિત હોય તો, તેને ઘેર ત્યાગીઓએ જઈને ભગવાનને નૈવેદ્ય કરેલું અન્ન, પૂર્વોક્ત રીતિથી જમવું ૨-૩. વળી તે પછી શ્લો. ૨૬માં કહ્યું છેઃ—

**तद्गेहे प्रतिमा न स्याद्यदि विष्णोः कदाचन ।**
**स्वेज्यमूर्ति तदा तत्र नीत्वा कुर्युर्निवेदनम् ॥ ४ ॥**

જો કદાચિત્ તે ગૃહસ્થવિપ્રના ઘરમાં, શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુની પ્રતિમા ન હોય તો, પોતાની સેવ્યમૂર્તિને ત્યાં લઈ જઈને, તેમને નૈવેદ્ય કરીને પછી જમે ૪. વળી શ્લો. ૨૭ તથા ૨૮માં શ્રીહરિ કહે છેઃ—

**यदि तस्य गृहे मूर्तिर्भवेत्तर्हि निजाश्रमे ।**
**स्वयं पक्त्वा प्रस्थमन्नं कुर्युर्विष्णोर्निवेदनम् ॥ ५ ॥**

**ततो गृहिगृहे भोक्तुं गच्छेद्वै त्यागिमण्डलम् ।**
**सेवाधर्मः सदोषः स्यादन्यथा तु कृते सति ॥ ६ ॥**

જો તે વિપ્રને ઘેર ભગવાનની મૂર્તિ હોય તો, પોતાના આશ્રમમાં 'પ્રસ્થ'-બશેર પરિમિત 'અન્ન', એટલે કાચું સીધું તે ભિક્ષા આપનારા-જમાડનારા પાસે મંગાવવું ને સ્વયં રસોઈ બનાવીને, પોતાને પૂજવાની મૂર્તિને નૈવેદ્ય કરવું ૫. તે પછી ત્યાગીમંડળે તે ગૃહસ્થ હરિભક્તના ગૃહપ્રત્યે જમવા જવું; 'અન્યથા કરે' એટલે પોતાની પૂજ્યમૂર્તિને નૈવેદ્ય ન કરે તો સેવાધર્મની હાનિ થાય; અર્થાત્ દોષ લાગે* ૬. વળી શ્લો. ૨૯ તથા ૩૦માં કહ્યું છેઃ–

**अशक्तः पाककरणे ब्राह्मणो वैष्णवोऽपि चेत् ।**
**अन्यो वाऽग्राह्यपक्वान्नः सतो भोक्तुं निमंत्रयेत् ॥ ७ ॥**
**तर्ह्यपक्वान्नमानाय्य स्वाश्रमे वा तदालये ।**
**पााकं कुर्युस्त्यागिनस्तु कारयेयुर्द्विजेन वा ॥ ८ ॥**

જો આમંત્રણ આપનાર ભગવાનનો ભક્ત, બ્રાહ્મણ હોય છતાં, રસોઈ બનાવવામાં અશક્ત હોય ને તેવો બ્રાહ્મણ, સાધુઓને જમવાનું નિમંત્રણ કરે; અથવા જેનું રાંધેલ અન્ન ખપતું ન હોય –એવા ક્ષત્રિયાદિક, સંતોને જમવાનું નિમંત્રણ કરે, તો ત્યાગીઓએ કાચું સીધું પોતાના આશ્રમમાં મંગાવીને અગર, તેઓના ગૃહપ્રત્યે જઈને સ્વયં રસોઈ કરીને અથવા, બીજા પવિત્ર ધર્મવાળા બ્રાહ્મણ પાસે રસોઈ કરાવીને 'પૂર્વોક્ત ક્રમે', એટલે ભગવાનને નૈવેદ્ય કરી, માનસીપૂજા, ભગવત્સ્મરણ વગેરે વિધિ કરવાપૂર્વક જમવું ૭-૮. વળી

* કદાચ પોતાને વ્રતોપવાસ હોય તો પણ ભગવાનને તો નૈવેદ્ય ધરવું.

શ્લો. ૩૧ તથા ૩૬માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**पाकं कर्तुं गृहिगृहे पञ्चौनैस्त्यागिभिः क्वचित् ।**
**कर्तुं च भोजनं तद्वन्न गन्तव्यमिति स्थितिः ॥ ९ ॥**
**यत्र स्याद्गृहिणो गेहे पुरुषः परिवेषकः ।**
**तत्रैव भोक्तुं गन्तव्यं नान्यत्र त्यागिभिः क्वचित् ॥ १० ॥**

ગૃહસ્થને ઘેર રસોઈ કરવા, કે ભોજન કરવા જવું પડે તો, પાંચ ત્યાગીઓથી ઓછાએ કદાપિ જવું નહિ એવી મેં મર્યાદા નક્કી કરી છે ૯. તેમ જ જે ગૃહસ્થને ઘેર, પીરસનારો પુરુષ જ હોય ત્યાં જ મારા આશ્રિત ત્યાગીઓએ જમવા જવું; પરંતુ જ્યાં પીરસનારી સ્ત્રી હોય ત્યાં ક્યારેય જમવા જવું નહિ ૧૦.

નૈવેદ્ય સંબંધમાં શ્રીહરિએ, હરિદિગ્વિજય ગ્રંથ-ઉલ્લાસ ૨૧માં આ પ્રમાણે કહ્યું છેઃ—

**कृष्णानिवेदितान्नादि भक्षणीयं च नैव तैः[१३४] ।**
**कृष्णार्था एव सकलाः क्रियाः कार्या न चेतराः ॥ ११ ॥**

તે ત્યાગાશ્રમીઓએ કૃષ્ણ એવો હું, તે મને નૈવેદ્ય કર્યા સિવાયનું અન્નાદિક ક્યારેય પણ જમવું નહિ. અને સર્વ ક્રિયાઓ પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનને અર્થે જ કરવી, પરંતુ જેમાં ભગવાનનો સંબંધ ન હોય એવી ક્રિયાઓ કરવી નહિ ૧૧. શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં પણ કહ્યું છેઃ—

**अन्नस्य वह्निपक्वस्य श्रीकृष्णाय निवेदनम्[६३] ।**
**अकृत्वा भोजनकृतावेकं दिनमभोजनम् ॥ १२ ॥**

અગ્નિએ કરીને રાંધેલું અન્ન, ભગવાનને નૈવેદ્ય કર્યા વિના જમાય તો, ત્યાગીએ એક ઉપવાસ કરવો ૧૨. આવી

રીતે ત્યાગીને ગૃહસ્થને ઘેર જમવાની વિક્તિ, વર્ણીધર્મમાં શિ. શ્લો. ૧૮૪ના વિવરણમાં પણ, પ્રથમ સંક્ષેપમાં કરેલી છે, તો તેનું અનુસંધાન લેવું.

હવે શ્રીહરિ, ત્યાગી જનો માટે ચિહ્ન, વેષ તથા ભોજનાદિકની વિક્તિ, ટૂંકમાં આ પ્રમાણે જણાવે છેઃ—

**एषां मुद्रा च तिलकं मन्त्रो वैषश्च दैहिकः[१३८] ।**
**भोजनव्यवहारश्च सम्प्रदायोदितो मतः ॥ १३ ॥**

(હરિદિગ્વિજય ૩. ૨૧)

મારા આશ્રિત ત્યાગીઓએ મુદ્રા, તિલક, મંત્ર અને શરીરનો વેષ, તેમ જ ભોજનવ્યવહાર —એ વગેરે બધું, સંપ્રદાયના સત્સંગિજીવન આદિ ગ્રંથોમાં કહ્યા પ્રમાણે રાખવાં ૧૩ ઈતિ શ્લો. ૧૯૪, ૧૯૫.

## શિ૦ શ્લો૦ ૧૯૬

**आर्षभो भरतः पूर्वं जडविप्रो यथा भुवि ।**
**अवर्ततात्र परमहंसैर्वृत्यं तथैव तैः ॥ १९६ ॥**

**અને પૂર્વે ઋષભદેવ ભગવાનના પુત્ર જે ભરતજી તે જે તે, પૃથ્વીને વિષે જડબ્રાહ્મણથકા જેમ વર્તતા હતા તેમ જ, પરમહંસ એવા જે અમારા સાધુ તેમણે વર્તવું ૧૯૬.**

### જડભરતવત્ વર્તવાની આજ્ઞા

'पूर्वं' એટલે પહેલાં જન્મમાં; 'आर्षभः' કહેતાં, શ્રી ઋષભદેવના પુત્ર 'ભરત' નામના રાજર્ષિ, કે જેઓ જન્માંતરને વિષે વિપ્રગૃહે જન્મી, પૃથ્વીપર 'જડભરત' નામે

પ્રખ્યાત હતા. તે ભરતરાજા, ભગવાનમાં અખંડ વૃત્તિ રાખવાને માટે જેમ, 'જડવિપ્રથકા વર્તતા હતા' એટલે જાણીબૂજીને વ્યાવહારિક ક્રિયામાં ધ્યાન આપતા નહિ ને માન-અપમાનનું સહન કરતા, તેની પેઠે મારા પરમહંસ સાધુઓ, તેમણે પણ, આ લોકમાં વર્તવું. પરમહંસોમાં પણ 'ભાગવત પરમહંસ' જે જડભરત, તેમની વૃત્તિ અનુસરવા જેવી છે —એવું શ્રીહરિનું કહેવું છે; તે વૃત્તિ તરફ શ્રીજીમહારાજ પોતાની પ્રસન્નતા જણાવે છે.

શ્રીજીમહારાજનું આમાં કહેવાનું હાર્દ એ છે કે, ભરતજી જેમ પોતાનાં સ્ત્રીપુત્રાદિકનો તથા ચક્રવર્તી રાજ્યનો પણ ત્યાગ કરીને, કેવળ ભગવાનનું ભજન કરવા માટે વનમાં ગયા હતા; પરંતુ જો ત્યાં જઈને ભગવાન સિવાય બીજે, મૃગલીના બચ્ચામાં વૃત્તિ રાખી તો, મૃગલીના પેટે જન્મ લેવો પડ્યો; તેમ તમે પણ દેહસુખ તથા સંસારના સુખનો ત્યાગ કરીને મારા પરમહંસ થયા છો, તો, મારી મૂર્તિ સિવાય બીજે વૃત્તિ રાખશો નહિ. અને તે ભરતજીએ જડભરતના દેહમાં માન-અપમાન સહન કરીને પણ ભગવાનમાં અખંડ વૃત્તિ રાખી, તેમ તમે પણ માન-અપમાન સહન કરીને 'પોતાના આત્માને બ્રહ્મરૂપ માની'; અર્થાત્ સ્વામીસેવકભાવે મારા તુલ્યપણાને પામવાની ભાવના કરી, મારી મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો નિરંતર અભ્યાસ રાખજો.

તે શ્રીહરિ, સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહે છે:—

**ऋषभार्षभवन्मानस्त्यक्तव्यस्त्यागिभिर्नरैः**[६९] **।**
**ब्रह्मात्मधीभिर्मच्छिष्यैर्देहासक्तिस्तथैव च ॥ १ ॥**

ત્યાગધર્મમાં નિષ્ઠાવાળા મારા આશ્રિત ત્યાગાશ્રમીઓએ, ‘હું પરમાત્માનો બ્રહ્મરૂપ એવો દાસ છું;’ એવી ભાવના કરીને ઋષભદેવની પેઠે અને જડભરતની પેઠે, દેહાસક્તિએ રહિત અને માને રહિત રહેવું ૧.

વળી સ. ભૂ. અંશ ૩, અ. ૧૩માં પણ શ્રીહરિએ, પોતાના આશ્રિત ત્યાગી-ગૃહીને આ પ્રમાણે કહ્યું છેઃ—

**तथैव ज्ञानिनः स्वस्य क्वचिन्महति पूजने[५१] ।**
**ताडने वा गजारोहे खरारोहेऽपि वा क्वचित् ॥ २ ॥**
**स्वर्णे लोष्टे रिपौ मित्रे रम्यरूपकुरूपयोः[५२] ।**
**मानेऽपमाने च भवेत्समत्वं येन सर्वदा ॥ ३ ॥**
**तच्चापि ज्ञानमुत्कृष्टं तद्वतो हृदि नित्यदा[५३] ।**
**ज्ञेयो भगवतो वासः चाऽर्च्यो हि सुरादिभिः ॥ ४ ॥**

આત્મા-પરમાત્મા સંબંધી જ્ઞાનવાળા એવા મારા આશ્રિતોએ, પોતાની કોઈક સમયે મોટી પૂજા થાય, કે કોઈ તાડન કરે; કોઈ સમયે હાથી ઉપર બેસાડે કે ગધેડે બેસાડે તો પણ સમભાવ રાખવો; તેમ જ એવા જ્ઞાનીભક્તે સોનામાં ને કચરામાં, શત્રુમાં ને મિત્રમાં, રમણીય રૂપ ને કુત્સિત રૂપમાં, માનમાં ને અપમાનમાં, સર્વપ્રકારે, સર્વકાળમાં સમપણું રાખવું; —આવા સમભાવને ઉત્તમ જ્ઞાન કહેલું છે. એવા જ્ઞાની ભક્તના હૃદયમાં, ભગવાન એવો હું સહજાનંદ સ્વામી, તે મારો નિરંતર નિવાસ જાણવો. અને તે ભક્ત, દેવ મનુષ્યાદિકે પણ પૂજવા યોગ્ય થાય છે ૨-૪. આવી રીતે શ્રીહરિએ ત્યાગાશ્રમી સ્વાશ્રિતોને ‘જડભરતની માફક’ એટલે કે, નિર્માનીપણે તથા દેહાસક્તિએ રહિત વર્તવાની આજ્ઞા કરી છે; અને એવી સ્થિતિવાળાને જ જ્ઞાની ભક્ત કહ્યા છે.

## જડભરતનું વર્તન

''तत्रापि स्वजनसङ्गाच्च भृशमुद्विजमानो भगवतः कर्मबन्धविध्वंसनश्रवणस्मरणगुणविवरणं चरणारविन्दयुगलं मनसा विदधन् ।''

હવે એ જડભરતનું વર્તન કેવું હતું તે કહે છેઃ 'પોતાનાં સ્વજનના સંગથી ઘણા જ ઉદ્વેગ પામેલા; અને કર્મના બંધનનો નાશ કરે એવાં ભગવાનનાં, શ્રવણ-સ્મરણ-ગુણવિવરણવાળી ભગવાનની ચરણકમળની જોડીનું મન વડે ધારણ કરતાં.' —એ વગેરે લક્ષણવાળું વર્તન, શ્રીમદ્ ભાગવતના પંચમસ્કંધમાં કહેલું છે તો, તે થકી જાણી લેવું. ઈતિ શ્લો. ૧૯૬.

# નૈષ્ઠિકવર્ણી-સાધુના સંયુક્ત વિશેષ ધર્મ

## શિ૦ શ્લો૦ ૧૯૭

**वर्णिभिः साधुभिश्चैतैर्वर्जनीयं प्रयत्नतः ।**
**ताम्बुलस्याहिफेनस्य तमालादेश्च भक्षणम् ॥ १९७ ॥**

**અને નૈષ્ઠિક બ્રહ્મચારી ને એ સાધુ તેમણે, તાંબૂલ તથા અફીણ તથા તમાકુ-ઈત્યાદિકનું જે ભક્ષણ, તે જતને કરીને વર્જવું ૧૯૭.**

### ત્યાગીએ વર્જનીય પદાર્થો

હવે શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુ, બ્રહ્મચારી તથા સાધુઓના મિશ્રધર્મોને ૯ શ્લોકથી વર્ણવે છેઃ 'वर्णिभिः' એટલે બ્રહ્મચારીઓએ અને 'साधुभिः' અર્થાત્ એવી જ સદ્રુચિવાળા ત્યાગીસાધુઓએ પણ; 'તાંબૂલ' જે નાગરવેલના પાનનું બીડું; તથા 'અહિફેન' કહેતાં અફીણનામક માદક પદાર્થોનું; ને 'તમાલ' જે તમાકુ; ને 'આદિ' પદથી માજમ વગેરે; તેનું ભક્ષણ પ્રયત્ન વડે સર્વપ્રકારે ત્યજી દેવું.

તે નિર્ણયસિંધુમાં પ્રચેતાનું વચન છે કેઃ–

**ताम्बुलाभ्यञ्जनं चैव कांस्यपात्रे च भोजनम् ।**
**यतिश्च ब्रह्मचारी च विधवा च विवर्जयेत् ॥ १ ॥**

યતિ, બ્રહ્મચારી તથા વિધવાએ, તાંબૂલ, તેલ ચોળીને સ્નાન કરવું અને કાંસાના પાત્રમાં ભોજન કરવું –એટલાનો વિશેષપણે ત્યાગ રાખવો ૧.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૪માં કહે છેઃ–

**धातुप्रकोपजननं प्रायस्त्यागी न भक्षयेत्[५६] ।... ॥ २ ॥**
**भङ्गां गञ्जं चाहिफेन मादकं वस्तु यच्च तत्[५७] ।**
**तमालं त्रिविधं चापि जह्यात्त्यागी तु दूरतः ॥ ३ ॥**

જે રાજસી-તામસી અન્ન ખાવાથી, દેહની ધાતુ ઉત્તેજીત થાય, એવું અન્નાદિક ભગવાનની પ્રસાદીનું હોય તો પણ મારા આશ્રિત ત્યાગીજને સામાન્યપણે ખાવું નહિ ૨. અને ભાંગ, ગાંજો, અફીણ તથા જેણે કરીને કેફ ચડે, એવી સર્વે માદક વસ્તુઓનો ત્યાગીસાધુ દૂર થકી ત્યાગ કરે. તેમ જ ખાવાની, પીવાની ને સૂંઘવાની –એ ત્રણ પ્રકારની તમાકુનો પણ દૂરથી ત્યાગ કરે ૩. વળી તે પછી શ્લો. ૬૮ તથા ૩૮માં શ્રીહરિ કહે છેઃ–

**भङ्गारसाद्यपेयस्य क्वचित्पानेऽप्यबुद्धितः ।**
**कृते त्यागी न कुर्वीत दिनमेकं तु भोजनम् ॥ ४ ॥**
**सुगन्धितैलताम्बुलपूगैलाजातिजादि तु ।**
**प्रासादिकमपि त्यागी स्वीकुर्यान्न विनापदम् ॥ ५ ॥**

ભાંગ્યનો રસ તથા ગાંજો –એ આદિક ‘અપેય’ અર્થાત્ પીવા યોગ્ય નહિ તેવી માદક વસ્તુનું જો, ક્યારેક અજાણ્યમાં પાન કરે તો, ત્યાગાશ્રમી, એક દિવસ ઉપવાસ કરે ૪. વળી સુગંધિમાન ‘તેલ’ જે ફુલેલ-અત્તર વગેરે, તથા નાગરવેલના પાનની બીડી, સોપારી, એલાયચી, જાયફળ, જાવંત્રી, લવિંગ આદિક વસ્તુ તો, ભગવાનની પ્રસાદી હોય તો પણ ત્યાગી-સાધુ અંગીકાર ન કરે; રોગાદિક આપત્કાળ પડ્યો હોય ને લેવાય તેનો બાધ નહિ ૫. ઈતિ શ્લો. ૧૯૭.

## શિ૦ શ્લો૦ ૧૯૮

**संस्कारेषु न भोक्तव्यं गर्भाधानमुखेषु तैः ।**
**प्रेतश्राद्धेषु सर्वेषु श्राद्धे च द्वादशाहिके ॥ १९८ ॥**

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે, ગર્ભાધાન આદિક જે સંસ્કાર તેમને વિષે જમવું નહિ; તથા એકાદશાહપર્યંત જે પ્રેતશ્રાદ્ધ તેમને વિષે જમવું નહિ; તથા દ્વાદશાહ શ્રાદ્ધને વિષે જમવું નહિ ૧૯૮.**

### સંસ્કાર તથા પ્રેતશ્રાદ્ધાદિકમાં ભોજન નિષેધ

શ્રીહરિ કહે છેઃ મારા આશ્રિત સાધુઓએ તથા બ્રહ્મચારીઓએ, ગર્ભાધાનાદિક જે સંસ્કારો તે નિમિત્તના ભોજનમાં જમવું નહિ; એટલે સંસ્કારકર્મની સિદ્ધિને માટે જે બ્રહ્મભોજન કરાવવામાં આવે છે તેમાં પોતાને આમંત્રણ મળ્યું હોય તો પણ, ભોજન કરવા જવું નહિ —એવો અર્થ છે. તથા સર્વે 'પ્રેતશ્રાદ્ધ' અર્થાત્, પ્રેતને ઉદ્દેશીને કરવામાં આવતાં જે નવ શ્રાદ્ધ, એકાદશાહિક શ્રાદ્ધ, ઓગણત્રીસ દિવસના માસિયાનું શ્રાદ્ધ, દ્વાદશાહિક શ્રાદ્ધ તથા સપિંડ શ્રાદ્ધ, એમાં આમંત્રણ હોય તો પણ, બ્રહ્મચારી તથા સાધુએ જમવા જવું નહિ; અને તે દિવસે કાચું સીધું આપે તો પણ ન લેવું.

તે મત્સ્યપુરાણમાં પણ કહ્યું છેઃ—

**संस्कारेषु न भुञ्जीत प्रेतश्राद्धेषु च व्रती ।...॥ १ ॥**

સંસ્કાર નિમિત્તે તથા પ્રેતશ્રાદ્ધોમાં બ્રહ્મચર્યાદિક વ્રતવાળાએ જમવું નહિ ૧. કારણ કે, એમાં ભોજન કરવાથી પ્રાયશ્ચિત્ત લાગે છે; આનો વિસ્તાર નિર્ણયસિંધુ તથા

યાજ્ઞવલ્ક્યસ્મૃતિની મિતાક્ષરા નામની ટીકા —એ વગેરેમાંથી જોઈ લેવો. ઈતિ શ્લો. ૧૯૮.

## શિ૦ શ્લો૦ ૧૯૯

**दिवास्वापो न कर्तव्यो रोगाद्यापदमन्तरा ।**
**ग्राम्यवार्ता न कार्या च न श्रव्या बुद्धिपूर्वकम् ॥ १९९ ॥**

**અને રોગાદિક આપત્કાળ પડ્યા વિના દિવસે સૂવું નહિ; અને ગ્રામ્યવાર્તા કરવી નહિ ને જાણીને સાંભળવી નહિ ૧૯૯.**

### દિવસની નિદ્રા નિષેધ

'રોગ' એટલે તાવ વગેરે. વળી 'આદિ'પદ છે માટે માર્ગમાં ચાલવાથી કે નવાં મંદિર થતાં હોય તેમાં પરિશ્રમ કરવાથી થાક લાગ્યો હોય, તેનો પણ સમાવેષ સમજવો. —એ વગેરે આપત્તિ વિના બ્રહ્મચારી તથા સાધુઓએ દિવસે સૂવું નહિ.

મહાભારતના શાંતિપર્વના મોક્ષધર્મ અ. ૨૧૬માં, યુધિષ્ઠિર પ્રત્યે ભીષ્મપિતામહનું પણ વચન છેઃ—

**निष्कल्मषं ब्रह्मचर्यमिच्छता चरितुं दिवा[1] ।**
**निद्रा सर्वात्मना त्याज्या स्वप्नदोषानवेक्षता ॥ १ ॥**
**स्वप्ने हि रजसा देही तमसा चाभिभूयते[2] ।**
**देहान्तरमिवापन्नश्चरत्यनुचितक्रियाम् ॥ २ ॥**

નિષ્પાપ એવું બ્રહ્મચર્ય પાળવા ઈચ્છનારે, દિવસની નિદ્રાનો સર્વપ્રકારે ત્યાગ કરવો; કેમ કે દિવસની નિદ્રા કરનારને સ્વપ્નદોષ થવાનો સંભવ છે ૧. સ્વપ્નમાં મનુષ્યને

રજોગુણ તથા તમોગુણ પરાભવ પમાડે છે, જેથી, જાણે બીજા દેહને પામ્યો હોય તેમ પોતાના મૂળદેહમાં સ્પૃહા રહિત થઈને, (સ્વપ્નમાં) અનુચિત ક્રિયા કરે છે ૨. સનત્કુમારસંહિતામાં પણ કહ્યું છેઃ—

**ब्रह्मचर्यव्रतं भ्रश्येद्व्रतिनो हि दिवाशयात् ।**
**अतस्तं नाचरेद्धीमान्नैष्ठिकस्तु विशेषतः ॥ ३ ॥**

દિવસે સૂવાથી, વ્રતવાળા પુરુષના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય છે, તેથી વ્રતધારી બુદ્ધિમાને દિવસે સૂવું નહિ; તેમાં પણ નૈષ્ઠિક બ્રહ્મચારીએ તો વિશેષે કરીને દિવસે સૂવું નહિ ૩.

'દક્ષ'નું પણ વચન આ પ્રમાણે છેઃ—

**आसनं पात्रलोभश्च सञ्चयः शिष्यसंग्रहः ।**
**दिवास्वापो वृथाजल्पो यतेर्बन्धकराणि षट् ॥ ४ ॥**

આસન[૧], પાત્રનો લોભ[૨], દ્રવ્યનો સંચય[૩], શિષ્યો ભેગા કરવા[૪], દિવસની નિદ્રા[૫], તથા ગ્રામ્યવાર્તા[૬] —આ છ, યતિને બંધન કરનારાં છે ૪. નારદે પણ કહ્યું છેઃ—

**नक्तचर्यां दिवास्वप्नमालस्यं पैशुनं मदम् ।**
**अतियोगमयोगं च श्रेयोर्थी सर्वथा त्यजेत् ॥ ५ ॥**

રાત્રીના સમયમાં બહાર ફરવું, દિવસની નિદ્રા, આળસ, ચાડિયાપણું અને **'મદ'** જે કેફ ચડે તેવી માદક વસ્તુનું સેવન, **'અતિયોગ'** જે અતિશય આહાર કરવો તથા **'અયોગ'** જે બિલકુલ આહાર ન કરવો —આટલાં વાનાંનો, પોતાનું કલ્યાણ ઈચ્છનારે ત્યાગ કરવો ૫.

શ્રીહરિએ પણ સ. જી. પ્ર. ૪, અ. ૬૬માં કહ્યું છેઃ—

**न दिवाशयनं कुर्याद्रोगाद्यापदमन्तरा[३२] ।**
**न च सूर्यास्तसमये नैव सूर्योदये तथा ॥ ६ ॥**
**बालवृद्धार्त्तपथिकहरिमन्दिरकर्मणाम्[५०] ।**
**एकभुक्तदिवास्वापनियमस्त्यागिनां न हि ॥ ७ ॥**

ત્યાગીસાધુએ, રોગાદિક આપત્કાળ વિના દિવસે સૂવું નહિ. તેમ જ સૂર્ય આથમ્યા સમયે તથા સૂર્યોદય સમયે સૂવું નહિ ૬. હવે તેમાં આટલો અપવાદ સમજવો : બાળક*, વૃદ્ધ, રોગી, પ્રવાસી તથા ભગવાનનાં મંદિર થતાં હોય તેમાં શ્રમ કરનારા ત્યાગીસાધુને, એક વખત જમવાનો તથા દિવસે સૂવાનો નિયમ નથી ૭.

### ગ્રામ્યવાર્તા શ્રવણ નિષેધ

વળી તે ત્યાગી સાધુ તથા બ્રહ્મચારી તેમણે 'બુદ્ધિપૂર્વક' એટલે જાણી જોઈને; 'ગ્રામ્યવાર્તા' અર્થાત્ ભગવાનના સંબંધ વિનાની વ્યાવહારિક વાર્તા ન કરવી, ને સાંભળવી પણ નહિ; કેમ કે તેવી ગ્રામ્યવાર્તા કરવાથી બંધન તથા અધોગતિ થાય છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૪, અ. ૬૨માં કહ્યું છેઃ—

**श्रोत्रप्रियग्राम्यवार्ताश्रुतौ लुब्धो न तद्भवेत्[२६] ।**
**स्त्रीबालसूक्ष्मवस्त्रादि स्पर्शे लुब्धो भवेन्न च ॥ ८ ॥**

ત્યાગીસાધુઓ, કાનને પ્રિય લાગે એવી ગ્રામ્યવાર્તા સાંભળવા લોભાય નહિ; અને સ્ત્રી તથા દાઢી-મૂછ ન ઊગી હોય એવાં નાનાં બાળક, તેમ જ સૂક્ષ્મ વસ્ત્ર —એ આદિક

* આઠ વર્ષની અંદરનો બાળક, ને એંશી વર્ષ ઉપરનો વૃદ્ધ જાણવો.

પદાર્થનો ત્વચાએ કરીને સ્પર્શ કરવા લોભાય નહિ ૮. વિષ્ણુધર્મોત્તરમાં પણ કહ્યું છેઃ—

**श्रवणं ग्राम्यवार्तायाः कीर्तनं चापि बन्धकृत् ।...॥ ९ ॥**

ગ્રામ્યવાર્તાનું શ્રવણ તથા ગ્રામ્યવાર્તાનું કીર્તન —એ બંને બંધનકારી છે ૯. શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધ અ.૧૫માં પણ કહ્યું છેઃ—

**यन्न व्रजन्त्यघभिदो रचनानुवादा[२३]**
**च्छृण्वन्ति येऽन्यविषयाः कुकथा मतिघ्नीः ।**
**यास्तु श्रुता हतभगैर्नृभिरात्तसारा**
**स्तांस्तान् क्षिपन्त्यशरणेषु तमस्सु हन्त ॥ १० ॥**

પાપનો નાશ કરનારી, એવી ભગવાનની સૃષ્ટિની ઉત્પત્તિ આદિ લીલાની કથાનો ત્યાગ કરીને, સારવિનાની ને બુદ્ધિને ભ્રષ્ટ કરનારી —એવી કામાદિ વિષયો સંબંધી કુકથાઓ જે સાંભળે છે, તેવા ભાગ્યહીન પુરુષોનાં પુણ્યને હરી લઈને, તેમને શરણ વિનાના નરકમાં નાખવામાં આવે છે અર્થાત્, એવા વિષયાધીન મનુષ્યો, વૈકુંઠલોકમાં જઈ શકતા નથી ૧૦.

## ગ્રામ્યવાર્તાની વિક્તિ

શ્રીહરિ, આ સંબંધમાં સ. જી. પ્ર. ૪, અ. ૬૫માં કહે છેઃ—

**वृत्तिग्रामक्षेत्रमंत्रं श्रृणुयान्न च कस्यचित्त[३५] ।**
**माध्यस्थ्यं नैव कुर्याच्च द्रव्यादानप्रदानयोः ॥ ११ ॥**

કોઈની આજીવિકા સંબંધમાં, તેમ જ ગામ, ખેતર કે વાડી સંબંધમાં 'મંત્રણા' જે વિચારવિનિમય તે, ત્યાગીએ કરવાં નહિ તથા સાંભળવાં પણ નહિ; તેમ જ દ્રવ્યની

લેવડદેવડમાં કોઈની મધ્યસ્થી કે લવાદી ન કરવી ૧૧. વળી એ જ અધ્યાયમાં શ્રીહરિ કહે છેઃ—

**राजकार्यस्य वार्ता च जयाजयकथा तथा[३६] ।**
**वस्त्रालङ्कारनगरशोभायाश्चाथ वर्णनम् ॥ १२ ॥**
**अन्नस्य भक्ष्यभोज्यादे रसास्वादाश्रिता कथा[३७] ।**
**कृषिवाणिज्यशिल्पादेर्वाहनानां च वर्णनम् ॥ १३ ॥**
**गोमहिष्यजवृक्षादेर्वर्णनं चायुधस्य च[३८] ।**
**इत्याद्या ग्राम्यवार्तास्तु न कुर्याच्छृणुयान्न च ॥ १४ ॥**

રાજકાર્ય સંબંધી વાર્તા, કોઈના જય-પરાજયની કથા, વસ્ત્ર-અલંકાર ને નગરની શોભાનું વર્ણન, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય —એ ચાર પ્રકારના અન્નના અનેકવિધ રસાસ્વાદની વાર્તા તથા ખેડ, વણજવ્યાપાર, 'શિલ્પ' જે નાના પ્રકારની કારીગરી, તેમ જ ઘોડા, પાલખી, રથ આદિક વાહનનું વર્ણન; ગાયો, ભેંશો, બકરાં આદિ પશુઓનું વર્ણન, આંબા આદિ વૃક્ષોનું વર્ણન, ખડ્ગ આદિ આયુધોનું વર્ણન ઈત્યાદિ ગ્રામ્યવાર્તાઓને, ત્યાગી સ્વયં ન જ કરે અને સાંભળે પણ નહિ ૧૨-૧૪. ઈતિ શ્લો. ૧૯૯.

## શિ૦ શ્લો૦ ૨૦૦

**स्वप्यं न तैश्च खट्वायां विना रोगादिमापदम् ।**
**निश्छद्म वर्तितव्यं च साधूनामग्रतः सदा ॥ २०० ॥**

**અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી ને સાધુ તેમણે રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ; અને સાધુની આગળ તો નિરંતર નિષ્કપટપણે વર્તવું ૨૦૦.**

## ત્યાગીને પર્યંક – શયન નિષેધ

વળી તે નૈષ્ઠિક બ્રહ્મચારી અને સાધુઓએ, રોગાદિ આપત્તિ વિના ખાટલામાં સૂવું નહિ; રોગાદિ આપત્તિમાં ખાટલામાં સૂવાનો દોષ નથી; કેમ કે ધર્મ તો દેહરખ્ખુ કહેલો છે.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૭માં કહ્યું છેઃ–

**...। शयितव्यं न खट्वायां विना रोगादिमापदम्**[६६] **॥ १ ॥**

મારા આશ્રિત 'ત્યાગાશ્રમીઓએ' અર્થાત્ સંત-બ્રહ્મચારી વગેરે ત્યાગીઓએ, રોગાદિ આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર સૂવું નહિ ૧. સ્મૃતિવચન પણ છે કેઃ–

**खट्वायां शयनं ब्रह्मचर्याख्यव्रतभङ्गकृत् ।...॥ २ ॥**

ખાટલામાં સૂવું તે બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરનાર છે ૨.

## નિષ્કપટપણે વર્તવાનો આદેશ

તેમ જ તે વર્ણી તથા સાધુએ, 'साधुनामग्रतः' એટલે, આ જ ગ્રંથમાં પ્રથમ કહેલાં લક્ષણવાળા ભગવાનના ભક્તોની આગળ; 'निश्छद्म' અર્થાત્, નિષ્કપટ થઈને સર્વકાળે વર્તવું.

સનત્કુમાર પણ કહે છેઃ–

**अनुजीविजनैः क्वापि छद्म कार्यं न राजनि ।**
**गुरौ शिष्यैर्धवे स्त्रीभिः सर्वैः सत्सु तथेश्वरे ॥ ३ ॥**

રાજાના નોકરોએ રાજાની આગળ, શિષ્યોએ ગુરુની આગળ, સ્ત્રીઓએ પતિની આગળ અને સર્વેજનોએ, સત્પુરુષોની તેમ જ ભગવાનની આગળ કપટ રાખવું નહિ ૩.

તે શ્રીજીમહારાજ ગઢડા પ્રથમ પ્રકરણના ૭૬મા

વચનામૃતમાં કહ્યું છેઃ– **'ક્રોધી, ઈર્ષાવાળો, 'કપટી'ને માની** –એ ચાર પ્રકારના જે મનુષ્ય, તે જો હરિભક્ત હોય તોય પણ તે સાથે અમારે બને નહિ' –આ વચનામૃતમાં સામાન્યપણે કપટનો નિષેધ જ કર્યો છે તો સંતોની આગળ, કે ભગવદ્ભક્તની આગળ તો કપટ ન જ રખાય તેમાં કહેવુ જ શું? એવો ભાવ છે. ઈતિ શ્લો. ૨૦૦.

## શિ૦ શ્લો૦ ૨૦૧

**गालिदानं ताडनं च कृतं कुमतिभिर्जनैः ।**
**क्षन्तव्यमेव सर्वेषां चिन्तनीयं हितं च तैः ॥ २०१ ॥**

**અને તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે, પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું; પણ તેને સામી ગાળ ન દેવી ને મારવો નહિ; અને તેનું જેમ હિત થાય તેમ જ મનમાં ચિંતવન કરવું; પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો ૨૦૧.**

### ઉપદ્રવ સહન કરવાની આજ્ઞા

શ્રીહરિ કહે છેઃ ભગવાનના એકાંતિક ભક્તોના સ્વરૂપને નહિ જાણનારા, કુમતિવાળા મનુષ્યો ગાળ દે, અથવા તાડન કરે તો તે, મારા આશ્રિત નૈષ્ઠિક બ્રહ્મચારીઓએ તેમ જ સાધુઓએ સહન કરવું પરંતુ તેમના ઉપર ક્રોધ કરવો નહિ; કેમ કે ક્રોધ કરે તો સાધુતાના ધર્મમાં ક્ષતિ આવે. તે કહ્યું છે કે, 'क्षमाशीला हि साधवः' સાધુઓ તો ક્ષમા કરવાના સ્વભાવવાળા હોય છે.

વળી ત્યાગીઓએ તો 'સર્વે જનોનું' અર્થાત્ શત્રુ-મિત્ર સર્વેનું પણ હિત કરવું —તેમના આત્માના કલ્યાણનો જ વિચાર કરવો; પણ કોઈનું યે અશુભ ઇચ્છવું નહિ; કેમ કે 'समः सर्वोपकारकः' સંતપુરુષ તો સમદૃષ્ટિવાળા અને સર્વે પર ઉપકાર કરનારા હોય છે. એવાં સાધુપુરુષનાં લક્ષણો સાથે, અહિતચિંતન કે તાડન કરવું —એ સુસંગત નથી. તે સ. જી. પ્ર. ૪, અ. ૬૬માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**अन्यत्र तु त्यक्तमानो लोकैरज्ञैरुपद्रुतः[२३] ।**
**धूल्यादिभिरपि त्यागी प्राप्नुयान्नैव विक्रियाम् ॥ १ ॥**
**आक्रोशितस्ताडितोऽन्यैस्तान्नाक्रोशेन्न ताडयेत्[२४] ।**
**वाच्या न त्यागिना दुर्वाग्वादः कार्यो न केनचित् ॥ २ ॥**
**न वाच्यामनृतं क्वापि सत्यं च परदुःखकृत्[२५] ।**
**वपुषा मनसा वाचा द्रोहः कार्यो न कस्यचित् ॥ ३ ॥**

નૈષ્ઠિક બ્રહ્મચર્યાદિ સ્વધર્મનું પાલન કરવું તેમાં માનટેક રાખવાં; પરંતુ તે સિવાય બીજે તો માનનો ત્યાગ કરવો. અજ્ઞાની લોકો, ધૂળ નાખવા વગેરે વડે પીડા પમાડે તો પણ, ત્યાગાશ્રમી એવા બ્રહ્મચારી તથા સાધુ તે, ચિત્તમાં વિકારને ક્યારેય ન જ પામે ૧. અન્ય અજ્ઞાનીજનો 'આક્રોશ' કહેતાં, બહુ બૂમો પાડવાપૂર્વક ગાળો ભાંડે, કે ધોલ-લાત મારે, કે તાડન કરે તો પણ, ત્યાગી, તે ઉપદ્રવ કરનારાને આક્રોશ કે તાડન કદાપિ ન જ કરે, તથા ગાળો વગેરે દુર્વચનને ન જ બોલે. તેમ જ કોઈની સાથે વાદ-વિવાદ પણ કરે નહિ ૨. વળી ત્યાગી, ક્યારેય અસત્ય વચન ન બોલે; સત્ય વચન પણ જો પરદુઃખકર થતું હોય તો, તેવું સત્યવચન પણ ન બોલે; તેમ જ મન, વચન અને કાયથી કોઈનો પણ દ્રોહ કરે નહિ ૩.

શ્રીહરિ, સ. જી. પ્ર. ૨, અ. ૩૩માં પણ કહે છેઃ—

**तस्माद् बलवताप्यत्र निर्बलेन च नित्यदा[३६] ।**
**परापराधः सोढव्य आपत्स्वपि विजानता ॥ ४ ॥**
**ममापि सर्वदा प्रेष्ठा क्षमैव मुनयः किल[५०] ।**
**तस्मान्मदीयैर्युष्माभिः क्षमा धार्या सदा भुवि ॥ ५ ॥**

હે મુનિઓ! તે માટે આ સંસારમાં, બળવાન તથા નિર્બળ પુરુષ —બંનેએ, આપત્તિમાં પણ, સર્વદા બીજાએ કરેલો અપરાધ સહન કરવો; ક્રોધનિરોધથી આપત્તિને ઉલ્લંઘન કરવી પરંતુ ક્રોધ કરવો નહિ ૪. વળી હે મુનિઓ! સર્વ ઈશ્વરનો ઈશ્વર અને આ લોકમાં લોકાનુગ્રહ માટે સ્વેચ્છાથી અવતરેલો હું, તે મને પણ ક્ષમા જ હંમેશાં અતિપ્રિય છે; માટે મારા આશ્રિત એવા તમારે સદા આ લોકમાં ક્ષમાપરાયણ થવું ૫.

## ઉપદ્રવ સહન કરનારને લાભ

શ્રીહરિ વળી આ સંબંધમાં કહે છેઃ—

**क्रुध्यन्तं प्रति न क्रुध्येन्नात्मानं च परानपि[३१] ।**
**महतो रक्षति भयात्सर्वथा पुरुषो भुवि ॥ ६ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૩૩)

જે પુરુષ, પોતા ઉપર ક્રોધ કરનારા ઉપર પણ ક્રોધ કરતો નથી તો, તે આ લોકમાં પોતાને અને પરને પણ, પ્રાણહાનિપર્યંતના મહા ભય થકી સર્વથા રક્ષે છે; એટલે કોપ નહિ કરવાથી પોતાનું અને પારકું, આ લોકમાં રક્ષણ થાય છે ૬. વળી મનુસ્મૃતિ અ. ૨માં કહ્યું છેઃ—

**सुखं ह्यवमतः शेते सुखं च प्रतिबुध्यते[१६३] ।**
**सुखं चरति लोकेऽस्मिन्नवमन्ता विनश्यति ॥ ७ ॥**

પારકાએ અપમાન પમાડ્યા છતાં જે ખેદ કરતો નથી તે જ સુખેથી સૂએ છે, ને સૂતા પછી તે જ સુખેથી જાગે છે —તે જ આ લોકમાં સુખેથી સર્વ ક્રિયામાં પ્રવર્તે છે; જ્યારે અપમાન કરનાર વિનાશ પામે છે ૭. 'જીવનમુક્તિવિવેક' અ. ૧૦માં આપસ્તંબનું પણ વચન છે:—

**असन्मानात्तपोवृद्धिः सन्मानात्तु तपःक्षयः[१०] ।...॥ ८ ॥**

'અસન્માનથી' એટલે અપમાનનું સહન કરવાથી તપની વૃદ્ધિ થાય છે અને 'સન્માનથી' એટલે સત્કારપૂર્વકના બહુમાનથી, તે સન્માન સ્વીકારનારના તપનો નાશ થાય છે ૮.

## ઉપદ્રવ ન સહન કરવાનું પરિણામ

શ્રી હરિએ સ. જી. પ્ર. ૪, અ. ૬૬માં કહ્યું છે:—

**स्वजनानां गुरुणां च येन नाशः सतामपि[३] ।**
**जायतेऽकार्यकारित्वं यतश्चापि दुरुक्तयः ॥ ९ ॥**

ક્રોધે કરીને, પોતાના સંબંધીજનો, ગુરુજનો ને સાધુજનોનો પણ નાશ કરાય છે; તેમ જ ન કરવા યોગ્ય ક્રિયા પણ ક્રોધ થકી થાય છે અને મર્મભેદક દુષ્ટવચનો, ક્રોધ થકી જ પરસ્પર બોલાય છે ૯.

સ. જી. પ્ર. ૨, અ. ૩૩માં પણ શ્રીહરિ કહે છે:—

**क्रुद्धः पापं नरः कुर्यात् क्रुद्धो हन्याद् गुरुनपि[२६] ।**
**क्रुद्धः परुषया वाचा श्रेष्ठानप्यवमन्यते ॥ १० ॥**

ક્રોધાતુર પુરુષ, પરપીડારૂપ પાપને કરે છે —તે

ગુરુહત્યાપર્યંતનું પાપ પણ કરે છે. વળી જેઓ પરમાત્માને પણ પ્રિયતમ છે અને સમાગમ માત્રથી પણ સર્વના કલ્યાણને કરનારા છે એવા શ્રેષ્ઠ સત્પુરુષોની પણ, ક્રોધ થકી કઠોર વાણીથી તે અવજ્ઞા કરે છે ૧૦.

### ક્રોધ જીતનારની પ્રશંસા

આ સંબંધમાં શ્રીહરિ કહે છેઃ—

**क्रुद्धस्य न जयं क्वापि प्रशंसन्तीह साधवः[३७] ।**
**क्षमावतो जयो नित्यं साधोरिति सतां मतम् ॥ ११ ॥**
**यस्तु क्रोधं समुत्पन्नं प्रज्ञया प्रतिबाधते[४०] ।**
**तेजस्विनं तं विद्वांसो मन्यन्ते दीर्घदर्शिनः ॥ १२ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૩૩)

ક્રોધથી વિજય પામનાર અને ક્ષમાથી વિજય પામનાર તે બંનેમાં, ક્ષમાથી વિજય પામનારને જ સાધુપુરુષો વિજયી માને છે; ક્રોધથી વિજય પામનારની, સાધુપુરુષો પ્રશંસા કરતા નથી ૧૧. જે સાધુજન કોઈ નિમિત્તથી પોતામાં ઉત્પન્ન થયેલા કોપવેગને, બુદ્ધિથી તથા ક્ષમાથી શમાવી દે છે, તેને જ દીર્ઘદર્શી વિદ્વાનો, તેજસ્વી માને છે; અર્થાત્ અંતઃશત્રુઓને પરાભવ પમાડવાનું સામર્થ્ય, તે જ તેજસ્વી પુરુષનું તેજસ્વીપણું છે. (ક્રોધ જ મહાન શત્રુ છે; કેમ કે ક્રોધરૂપ શત્રુ કોઈના પણ લક્ષમાં ન આવે, એવી રીતે એકદમ શરીરની અંદર ઉત્પન્ન થઈને, એક જ ક્ષણમાં અનેક અનર્થો ઉપજાવે છે અને અંતે જીવાત્માની અધોગતિ કરે છે; માટે તેને જે જીતે, તે જ તેજસ્વી કહેવાય છે.) ૧૨.

## સહન કરે એવા સત્પુરુષનું દુર્લભપણું

શ્રી. ભા. ચતુર્થ સ્કંધ અ. ૩માં કહ્યું છેઃ—

**तथाऽरिभिर्न व्यथते शिलीमुखैः शेतेऽर्दिताङ्गो हृदयेन दूयता[१९] ।**
**स्वानां यथा वक्रधियां दुरुक्तिभिर्दिवानिशं तप्यति मर्मताडितः ॥**

વક્રબુદ્ધિવાળા સ્વજનોના દુર્વચનોથી મર્મસ્થળમાં પ્રહાર થતાં, મનુષ્યો રાત્રી-દિવસ જેવા તપે છે તેવા તો, શત્રુઓનાં બાણોથી પણ વ્યથા પામતા નથી; શત્રુઓનાં બાણોથી તો કેવળ શરીરે ભેદાઈને હૃદયથી દુઃખ પામી સૂઈ જાય છે; અર્થાત્ તેને મનમાં ઉદ્વેગ નહિ હોવાથી નિદ્રા આવે છે ને દુર્વચનોથી તાડન થયેલાને તો, નિદ્રા પણ આવતી નથી ૧૩.

શ્રી. ભા. સ્કંધ ૧૧, અ. ૨૩માં પણ કહ્યું છેઃ—

**न तथा तप्यते विद्धः पुमान्बाणैः सुमर्मगैः[३] ।**
**यथा तुदन्ति मर्मस्था ह्यसतां परुषेषवः ॥ १४ ॥**
**बार्हस्पत्य! स वै नात्र साधुर्वै दुर्जनेरितैः[२] ।**
**दुरुक्तैर्भिन्नमात्मानं यः समाधातुमीश्वरः ॥ १५ ॥**

અસત્પુરુષોનાં કઠણ વચનરૂપી બાણોથી ભેદાયેલ મર્મસ્થળો જેવી પીડા પામી છે, તેવી પીડા, મર્મસ્થળમાં પેઠેલાં બાણોથી પણ મનુષ્યને થતી નથી ૧૪. હે બૃહસ્પતિના શિષ્ય ઉદ્ધવજી! દુર્જનોએ કહેલાં દુર્વચનોથી ભેદાયેલા પોતાના અંતઃકરણનું સમાધાન કરવા, આ લોકમાં નિશ્ચે, કોઈ સમર્થ નથી ૧૫. વળી શ્રી. ભા. પ્રથમ સ્કંધ અ. ૧૮માં કહ્યું છેઃ—

**प्रायशः साधवो लोके परैर्द्वन्द्वेषु योजिताः[५०] ।**
**न व्यथन्ति न हृष्यन्ति यत आत्माऽगुणाश्रयः ॥ १६ ॥**

આ લોકમાં પ્રતિપક્ષીઓ, સાધુપુરુષને સુખ-દુઃખાદિ

દ્વંદ્વોમાં યોજે છે તો પણ, તેઓ ઘણું કરીને દુઃખમાં વ્યથા પામતા નથી તેમ જ સુખમાં હર્ષ પામતા નથી; કારણ કે આત્માને માયિક ગુણોનો સંબંધ નથી; અર્થાત્ આત્મા સુખ-દુઃખ રહિત છે ૧૬.

શ્રીહરિ, વળી સ. જી. પ્ર.૨, અ. ૩૩માં કહે છેઃ—

**दृश्यन्ते बहवोऽत्र साधुपुरुषास्तावत्क्षमासागरा[१५]**
**यावन्नैव दुरुक्तमीषदुदितं केनापि संश्रृण्वते ।**
**सामर्थ्ये ह्यतुले तु सत्यपि मनः क्षोभं न येषां व्रजेद्**
**दुर्वाच्यैः कुधियामुपद्रवशतैस्ते साधवो दुर्लभाः ॥ १७ ॥**

જ્યાં સુધી કોઈ દુષ્ટજને ઉચ્ચારેલું થોડું પણ કઠોર વચન સાંભળવામાં આવ્યું ન હોય, ત્યાં સુધી સાધુપુરુષો આ જગતમાં, ક્ષમાના સાગર જેવા જોવામાં આવે છે; પરંતુ દુર્જનોનાં દુર્વચને કરીને તથા તેમણે કરેલા સો એ સો ઉપદ્રવ તેણે કરીને, પોતાને તેના પ્રતિકારનું અપરિમિત સામર્થ્ય હોવા છતાં પણ, જે સાધુપુરુષોનું મન 'ક્ષોભ' પામતું નથી, એટલે ક્રોધને વશ થતું નથી —એવા સર્વસુહૃદ સાધુઓ તો સુદુર્લભ છે; અર્થાત્ એવા તો કોઈક વિરલા જ હોય છે ૧૭.

## વગર પ્રયત્ને અનુગ્રહ

વળી સામાએ પોતાની નિંદા કરી હોય તે પોતાને અનુગ્રહરૂપ છે, એમ 'જીવનમુક્તિવિવેક' નામક ગ્રંથમાં જ્ઞાનાંકુશમાં જણાવેલું છે. તે કહ્યું છેઃ—

**मन्निन्दया यदि जनः परितोषमेति**
**नन्वप्रयत्नसुलभोऽयमनुग्रहो मे ।**

**श्रेयोऽर्थिनो हि पुरुषाः परतुष्टिहेतो**
**र्दुःखार्जितान्यपि धनानि परित्यजन्ति ॥ १८ ॥**

મારી નિંદાથી જો કોઈ પણ મનુષ્યને સંતોષ થતો હોય તો તે, મારા ઉપર વિના પ્રયત્ને થયેલો અનુગ્રહ હું માનીશ; કલ્યાણ ઈચ્છનારા પુરુષો તો, પારકાના સંતોષને માટે, દુઃખે કરીને પેદા કરેલા ધનનો પણ પરિત્યાગ કરે છે ૧૮.

## પ્રતિકાર કરવાનો પ્રતિપ્રસવ

ધર્મરક્ષણ કે ધર્મમર્યાદારક્ષણ પ્રસંગે થતા ઉપદ્રવનો, સામનો કરવાનો શ્રીહરિએ આદેશ આપેલો છે. જેનો ઉલ્લેખ, ગઢડા અંત્ય પ્રકરણ વચ. ૩૪માં શ્રીહરિએ આ પ્રમાણે કરેલો છેઃ 'જે મોટા સાધુ છે તેમણે, ભગવાનની આજ્ઞાએ કરીને અથવા શાસ્ત્રદૃષ્ટિએ કરીને માહાત્મ્ય જાણીને, પોતાની ઈચ્છાએ કરીને અનેક જીવોને ધર્મમર્યાદામાં રખાવવા, ને ભગવાનને માર્ગે ચડાવવા —એવો શુભ સંકલ્પ મનમાં ઈચ્છ્યો હોય ને તેમાં પ્રવર્ત્યા હોય, અને કોઈક જીવ ધર્મમર્યાદાનો ભંગ કરીને અધર્મમાં પ્રવર્તે ત્યારે તે મોટા પુરુષને, તે જીવની ઉપર ક્રોધ ઊપજી આવે; કેમ કે પોતાનો જે શુભ સંકલ્પ તેનો તેણે ભંગ કર્યો; માટે, ધર્મમર્યાદામાં રાખવાની શિક્ષાને અર્થે તેની ઉપર ક્રોધ કરીને તેને શિખામણ ન દે તો, મર્યાદાનો ભંગ થતો જાય ને તે જીવનું સારું ન થાય.' ઈતિ શ્લો. ૨૦૧.

## શિ૦ શ્લો૦ ૨૦૨

**दूतकर्म न कर्तव्यं पैशुनं चारकर्म च ।**
**देहेऽहन्ता च ममता न कार्या स्वजनादिषु ॥ २०२ ॥**

**અને કોઈનું દૂતપણું[1] ન કરવું, તથા ચાડિયાપણું[2] ન કરવું, ને કોઈના ચારચક્ષુ[3] ન થવું; અને દેહને વિષે અહંબુદ્ધિ[4] ન કરવી, ને સ્વજનાદિકને વિષે મમતા[5] ન કરવી (એવી રીતે સાધુના વિશેષ ધર્મ કહ્યા) ૨૦૨.**

## દૂતપણું[1], ચાડિયાપણું[2] ને ચારચક્ષુપણું[3]

'**दूतस्य**' = 'सन्देशहरस्य कर्म दूतकर्म,–अन्यवाचिकस्यान्यस्मै स्वमुखेन पत्रद्वारा वा निवेदनम् ।' '**पिशुनस्य**' = 'सूचकस्य कर्म पैशुनं,–पररहस्यस्याप्यन्यस्मै प्रच्छन्नं निवेदनं पैशुनम् ।' '**चारस्य**' = 'गूढपुरूषस्य कर्म,–प्रच्छन्नं स्थित्वाऽन्य–गुह्यवृत्तान्तनिवेदनम् ।'

અને તે સાધુ તથા બ્રહ્મચારી તેમણે **'દૂતનું[1]'** —એટલે સંદેશો પહોંચાડવાનું; અર્થાત્ એકે બોલેલું બીજાને, પોતાના મુખેથી અથવા પત્રદ્વારા, કહેવાનું જે કામ, તે ન કરવું.

વળી ચાડીખોર તેનું કર્મ તે ચાડિયાપણું. **'ચાડિયાપણું[2]'** —એટલે પારકાની ગુપ્ત વાતને છાની રીતે બીજાને કહી દેવી તે; તેવું કામ ન કરવું; કારણ કે ચાડિયાપણામાં નિર્દયપણું આવવાનો સંભવ છે.

અને **'ચારકર્મ[3]'** —એટલે જાસૂસનું કામ; અર્થાત્ છાના રહીને એકનું ગુહ્ય વૃત્તાંત જાણી લઈને બીજાને કહી દેવું; તે પણ ન કરવું. ('ચાર' એટલે ગુપ્તચર અથવા જાસૂસ; પ્રથમ રાજાના ધર્મમાં, રાજ્યના અંગભૂત જે મંત્રી-પુરોહિત વગેરે અઢાર તીર્થ, —જાસૂસ રાખવાનાં સ્થાનક કહ્યાં છે, એવા તીર્થોમાં અથવા કોઈ એવા બીજાં કાર્યોમાં, રાજાઓ અગર રાજ્યાદિકની ઈચ્છાવાળા કાબેલ જનો, પોતાનાં બે નેત્રો તથા

જાસૂસનાં બે નેત્રો —એમ ચાર ચક્ષુદ્વારા ગુપ્તપણે જુએ છે, માટે ત્યાગીએ એવા કોઈનું ચારચક્ષુપણાનું કામ ન કરવું;) કેમ કે એવા ચારકર્મમાં નિઃસ્પૃહતા તથા નિષ્કપટતાના ગુણોનો નાશ થવાનો સંભવ છે. વળી 'ચ' કાર છે તેથી ત્યાગીએ ગૃહસ્થના વ્યવહારનો નિર્ણય પણ ન કરવો એમ સમજવું; કારણ કે ત્યાગીઓ, વ્યવહારકાર્યમાં અમંગળ હોઈ તેમાં તેમનો અધિકાર નથી.

તે શ્રીહરિએ સ. જી. પ્ર. ૫, અ. ૫૧માં કહ્યું છેઃ—

**न गायेद् ग्राम्यगीतानि ग्राम्यवार्तां न कीर्तयेत्[२५] ।**
**न दौत्यं न च पैशुन्यं वर्णी कुर्यान्न चारताम् ॥ १ ॥**

ત્યાગી એવો વર્ણી, ગ્રામ્યગીતને ગાય નહિ, ગ્રામ્ય-વાર્તા કરે નહિ, દૂતકર્મ કરે નહિ તથા ચાડિયાપણું અને 'ચારકર્મ' જે જાસૂસનું કામ તે પણ કરે નહિ.૧

## દેહને વિષે અહંબુદ્ધિ[૪] નિષેધ

વળી તે સાધુ ને બ્રહ્મચારી તેમણે, 'દેહને વિષે' એટલે પોતાના શરીરમાં **'અહંતા'** ન કરવી; કહેતાં, દેહ તે હું છું એવા અભિનિવેષનો ત્યાગ કરવો; આમાં, 'આત્મનિષ્ઠાના અભ્યાસથી' એટલો અધ્યાહાર લેવો; અર્થાત્, આત્મનિષ્ઠાયુક્ત વર્તે તો દેહાભિમાન ટળે એવો ભાવ છે.

તે શ્રી. ભા. એકાદશસ્કંધ અ. ૨૩માં કહ્યું છેઃ—

**देहं मनोमात्रमिमं गृहीत्वा ममाहमित्यन्धधियो मनुष्याः[५०] ।**
**एषोऽहमन्योऽयमिति भ्रमेण दुरन्तपारे तमसि भ्रमन्ति ॥ २ ॥**

'મનોમાત્ર' એટલે મનથી માત્ર કલ્પી કાઢેલા એવા દેહને, અહંતામમતાથી પોતાનો માનીને, અંધબુદ્ધિવાળા મનુષ્યો 'આ

હું છું' —'આ બીજો છે' એવા ભ્રમ વડે કરીને, પાર ન પમાય એવા નરકમાં પડે છે ૨. શ્રી. ભા. સ્કં. ૧૨, અ. ૫માં શ્રી શુકદેવજીએ પણ પરીક્ષિત રાજાને કહ્યું છેઃ—

**त्वं तु राजन्मरिष्येति पशुबुद्धिमिमां जहि[२] ।...॥ ३ ॥**

હે રાજન્! હું મરી જઈશ, આવી પશુબુદ્ધિનો તું ત્યાગ કર ૩. વળી અહંમમત્વરૂપ જે દુર્જનતા, તેણે રહિત, એવા મનુષ્યોને જ ભગવાનના ધામની પ્રાપ્તિ થાય છે. તે આ જ સ્કંધના અ. ૬માં સૂતપુરાણીએ કહ્યું છેઃ—

**त एतदधिगच्छन्ति विष्णोर्यत्परमं पदम्[३३] ।**
**अहंममेति दौर्जन्यं न येषां देहगेहजम् ॥ ४ ॥**

દેહ તથા ઘર —એમાંથી ઉત્પન્ન થયેલી, અહંમમત્વરૂપી દુર્જનતા જેમનામાં ન હોય, તેમને વિષ્ણુના પરમપદની પ્રાપ્તિ થાય છે ૪.

## અહંબુદ્ધિ ટાળવાની સમજણ

શ્રીહરિએ આ સંબંધમાં સ. જી. પ્ર. ૪, અ. ૬૭માં, સદ્. ગોપાળાનંદ સ્વામી પ્રત્યે આ પ્રમાણે કહ્યું છેઃ—

**स्वरूपमादौ देहस्य ज्ञेयं स्वस्य परस्य च[७] ।**
**चर्मपेशी मलैरेव निभृताऽस्तीति तत्त्वतः ॥ ५ ॥**
**त्वङ मांसरुधिरस्नायुमेदोमज्जास्थिखण्डकैः[८] ।**
**मलमुत्रजरारोगैर्जुष्टे देहेऽत्र किं शुभम् ॥ ६ ॥**
**कृमिविड्भस्मसंज्ञास्ति राजन्नाम्नोऽपि यस्य च[९] ।**
**तस्मिन्सक्ता लभन्ते वै मुहूर्देहांश्चतुर्विधान् ॥ ७ ॥**

પ્રથમ, પોતાના તથા બીજાના દેહનું સ્વરૂપ યથાર્થ જાણવું. તે દેહ,માંસના લોચા તથા મળ આદિક અપવિત્ર ભૂંડી

વસ્તુથી ભરેલી કોથળી જેવો છે ૫. વળી ત્વચા,માંસ, રુધિર, નાડીઓ, મેદ, મજ્જા, હાડકાના કકડા, વિષ્ટા, મૂત્ર વગેરે અપવિત્ર વસ્તુઓથી ભરેલો અને વૃદ્ધાવસ્થા તથા નાના પ્રકારના રોગે યુક્ત, એવા દેહમાં કયી વસ્તુ સારી છે? કોઈ પણ વસ્તુ સારી નથી; આ દેહ સર્વે ભૂંડી જ વસ્તુઓથી ભરેલો છે ૬. રાજાના દેહની પણ અંતે કૃમી, વિષ્ટા અને ભસ્મ એવી ત્રણ સંજ્ઞા થાય છે; અર્થાત્, મૃત્યુ પામેલા દેહને જમીનમાં દાટી દે તો, તેમાં કીડા પડી જાય; જો પર્વતપર અથવા કોઈ મોટી ગુફામાં મૂકી આવે તો, શિયાળિયાં કે ગીધ વગેરે ખાઈ જાય ને જો સમુદ્ર અથવા મોટી નદીના જળપ્રવાહમાં મૂકે તો, મગરમચ્છાદિક જળજંતુ ખાઈ જાય તો તેની વિષ્ટા થઈ જાય; અને અગ્નિએ કરીને બાળે તો ભસ્મ થઈ જાય છે. તેવા દેહને વિષે આસક્તિવાળા જીવ, અંડજ, ઉદ્ભિજ, સ્વેદજ ને જરાયુજ —એ ચાર પ્રકારની યોનિને પામી, તે તે દેહોને વારંવાર ધરે છે ૭. આવા પ્રકારના સાંખ્ય વિચારથી દેહમાંથી પ્રીતિ ટળી જાય છે.

## અહંબુદ્ધિ ટાળવા માટેનું આચરણ વગેરે

શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૫માં કહે છેઃ—

**शयीत भूतले नित्यं खट्वायां न त्वनापदि[२९] ।**
**स्त्रीप्रावृतां तूलपटीं त्यागी प्रावृणुयान्न च ॥ ८ ॥**
**एकस्मिन्मास्यतिक्रान्ते कारयेत्क्षौरकर्म च[३०] ।**
**कक्षोपस्थशिखावर्जं मासात्प्राङ्न तु कर्हिचित् ॥ ९ ॥**
**व्रतोपवासदिवसे तथासौ भोजनोत्तरम्[३१] ।**
**न कारयेत् क्षौरकर्म त्यागिधर्मानुपाश्रितः ॥ १० ॥**

મારા આશ્રિત ત્યાગીસાધુ, નિત્યે 'ભૂતળ' અર્થાત્ સાદડી પાથરેલી પૃથ્વી ઉપર જ સૂએ. રોગાદિક આપત્કાળ પડ્યા વિના ખાટલા ઉપર ન સૂએ, તથા સ્ત્રીએ ઓઢેલું કે પાથરેલું ગોદડું ઓઢે-પાથરે નહિ ૮. ત્યાગીસાધુ એક મહિનો પૂરો થયે ક્ષૌરકર્મ કરાવે; તે પણ કક્ષ*, ઉપસ્થ**, ને શિખા*** તે સિવાય મુંડન કરાવે ૯. વળી ત્યાગીના ધર્મનું પાલન કરનારો આ સાધુ, એકાદશી આદિ વ્રતના ઉપવાસને દિવસે તથા પ્રાયશ્ચિત્તના ઉપવાસને દિવસે, હજામત ન કરાવે; તેમ જ ભોજન કર્યા પછી પણ હજામત ન કરાવે ૧૦.

## સ્વજનાદિક મમત્વ[૫] નિષેધ

વળી ત્યાગીસાધુઓએ 'સ્વજન' એટલે પોતાના સંબંધીઓમા **'મમતા'** જે આ કુટુંબીઓ મારાં છે એવું માનીને સ્નેહ ન કરવો. તેમ જ મૂળશ્લોકમાં 'આદિ' પદ છે માટે વસ્ત્ર, પાત્ર, રાચરચીલું વગેરેમાં પણ મમતા કરવી નહિ; કેમ કે તે-તે વસ્તુઓ દેહના સંબંધવાળી હોઈ અને આત્મા-પરમાત્માના વિચારમાં બાધક હોઈ, મોક્ષમાર્ગમાં વિઘ્ન કરનાર છે એમ જાણવું. તે મહાભારતના શાંતિપર્વના આપદ્ધર્માનુશાસન પર્વ, અ. ૧૬૭માં પણ કહ્યું છેઃ– ''स्नेहेन युक्तस्य न चास्ति मुक्तिः[૪૬]'' 'જે સ્નેહપાશથી યુક્ત હોય- અર્થાત્ દેહ તથા દેહના સંબંધવાળા પ્રાણી પદાર્થ માત્રને વિષે આસક્ત હોય, તેની મુક્તિ થતી નથી.' માટે રાગદ્વેષનો ત્યાગ કરી મોક્ષપરાયણ થવું; પરંતુ પોતાને બંધન થાય તેવું કોઈનું પ્રિય કે અપ્રિય કરવું નહિ.

* બગલના, ** ગુહ્યેન્દ્રિયના તથા *** ચોટલીના વાળ.

## સ્વજનાદિકમાં મમત્વ ટાળવાની સમજણ

વળી ત્યાગી એવા ભગવાનના ભક્તોએ આવો વિચાર કરવો કે, સ્વર્ગમાં દેવતાઓને સુખ નથી અને દેવતાઓથી બીજાને પણ સુખ નથી તો, આ મર્ત્યલોકનાં વિષયથી વ્યાકુળ એવાં મનુષ્યો, મને શું સુખ આપનારાં છે? એમ જાણી, ત્યાગીજનોએ પોતાના પૂર્વાશ્રમના સંબંધીજનોમાં હેત રાખવું નહિ. તે દેવતાઓના દુઃખનું વર્ણન, શ્રીહરિએ હરિલીલાકલ્પતરુ સ્કં. ૭, અ. ૬૧માં આ પ્રમાણે કરેલું છેઃ–

**सुखाभिलाषनिष्ठानां तेषां भोगादिविप्लवैः[१६] ।**
**अकस्माज्जायते तीव्रं दुःखं स्वर्गे दिवौकसाम् ॥ ११ ॥**
**नानाविधास्तथा रोगा देवलोकेऽपि संस्मृताः[२०] ।**
**भास्करस्यापि कुष्ठं वै पाशिनश्च जलोदरम् ॥ १२ ॥**

વિષયસુખની અભિલાષાવાળા તથા વિષયભોગની આસક્તિને લીધે, કામાદિ અંતઃશત્રુઓથી પરાભવ પામેલા એવા દેવોને પણ, ભોગોનો નાશ થવાથી સ્વર્ગમાં પણ તીવ્ર દુઃખ થાય છે ૧૧. દેવલોકમાં દેવોને પણ મનુષ્યલોકની માફક અનેક પ્રકારના રોગ થાય છે. સૂર્યને પણ ‘કુષ્ઠરોગ’ કોઢ છે ને વરુણને પણ જળોદર છે ૧૨. વળી શ્રીહરિ એ જ અધ્યાયમાં કહે છેઃ–

**पूष्णो दशनवैकल्यं भुजस्तम्भः शचीपतेः[२१] ।**
**तथाऽसह्यो महान्प्रोक्तश्चन्द्रस्यापि क्षयाऽऽमयः ॥ १३ ॥**
**ज्वरस्तथा महानासीद्दक्षस्यापि प्रजापतेः[२२] ।**
**एवं नानाऽऽमयैरार्ता विद्यन्तेऽपि दिवौकसः ॥ १४ ॥**

‘પૂષા’ નામક દેવના દાંત પડી ગયા છે; ‘શચિપતિ’-

ઇંદ્રનો હાથ સજ્જડ થઈ ગયો છે તથા ચંદ્રમાને પણ અસહ્ય ક્ષયરોગ છે એમ કહ્યું છે ૧૩. દક્ષપ્રજાપતિને પણ મહાજ્વર-તાવ હતો. એ રીતે અનેક પ્રકારના રોગોથી દેવતાઓ પણ દુઃખી હોય છે ૧૪.

## મમત્વ રહિતનું ફળ વગેરે

સ. જી. પ્ર. ૪, અ. ૬૫માં, શ્રીહરિનું આ પ્રકારનું વચન છેઃ—

**देहे च दैहिके त्यागी निःस्नेहः सर्वदा भवेत्[६८] ।**
**यतः स्यात्परमं सौख्यं प्रीतिश्च परमात्मनि ॥ १५ ॥**

ત્યાગીસાધુ, પોતાનો દેહ તથા દેહના સંબંધીને વિષે સર્વકાળે સ્નેહથી રહિત થાય; કારણ કે દેહ ને દેહના સંબંધીમાંથી સ્નેહ- રહિતપણા થકી પરમ સુખ પ્રાપ્ત થાય છે તથા પરમાત્માને વિષે પ્રીતિ થાય છે ૧૫.

હવે શ્રીહરિ, સ. જી. પ્ર. ૪, અ. ૬૬માં, ત્યાગીના પંચ વર્તમાનના ઉપસંહારમાં ધર્મપાલનનું ફળ કહે છેઃ—

**एतानाश्रित्य सद्धर्मान्ज्ञानवैराग्यसंयुतान्[६३] ।**
**भजेयुर्ये वासुदेवं प्रोक्ता एकान्तिका हि ते ॥ १६ ॥**
**प्रोक्ताः परमहंसास्ते जीवनमुक्ताश्च सात्वताः[६४] ।**
**महाभागवताः सन्तः साधवो ब्रह्मवेदिनः ॥ १७ ॥**

જ્ઞાન અને વૈરાગ્યે યુક્ત આ મેં કહેલા ધર્મને અનુસરીને, જે ત્યાગીસાધુ 'વાસુદેવ' એટલે અક્ષરાદિક સર્વમાં અંતર્યામી શક્તિએ વાસ કરીને રહેલા, એવા મને ભજે છે તે નિશ્ચે, ભગવાનના એકાંતિક ભક્ત કહેવાય છે ૧૬. વળી એવા

સંતને પરમહંસ, જીવનમુક્ત, સાત્વત, મહાભાગવત, સંત, સાધુ તથા બ્રહ્મવેત્તા કહેવાય છે ૧૭.

## વર્ણી તથા સાધુના સંયુક્તધર્મનું ફરી વિવેચન

હવે સાધુ તથા વર્ણીઓના મિશ્રધર્મો, ફરીથી આ પ્રમાણે કહેવામાં આવે છે. તે સ. ભૂ. અંશ ૧, અ. ૩૫માં શ્રીહરિએ પોતાનાં માતા પ્રત્યે કહ્યું છેઃ—

**अजातरिवो दांता रुजवो मितभाषिणः**[७] ।
**त्यक्तकांचनरूप्यादिसर्वद्रव्या जितेंद्रियाः** ॥ १८ ॥
**मदुक्तैर्लक्षणैरेतैः संपन्नाः स्युश्च ये नराः**[८] ।
**साधवो वेदितव्यास्ते वैष्णवाश्चापि ते प्रसु!** ॥ १९ ॥

'અજાતશત્રુ' કહેતાં શત્રુ તથા મિત્રમાં સમભાવવાળા, 'દાન્ત' એટલે વ્રતોપવાસ વડે દેહનું દમન કરનારા, સરળ સ્વભાવવાળા, 'પરિમિત' એટલે મિતભાષી —જરૂર પૂરતું જ બોલનારા, ત્યાગ કરેલ છે કાંચન-રૂપ્યાદિક સર્વ દ્રવ્ય જેમણે અને જિતેન્દ્રિય એવા; હે માતા! મેં આ કહેલા પૂર્વોક્ત લક્ષણે યુક્ત હોય, તે તમારે સાધુપુરુષો તથા વૈષ્ણવો જાણવા ૧૮-૧૯.

શ્રીહરિ વળી સ. જી. પ્ર. ૩, અ. ૨૪ (**'ધર્મરક્ષા'** નામક અધ્યાય)માં સંતના લક્ષણમાં બે પ્રકાર જણાવે છે.

**सन्तोऽपि द्विविधा ज्ञेया धीमन्तोऽल्पधियस्तथा**[५९] ।
**धीमन्तस्तत्र देशादीन् सत एवाश्रयन्ति हि** ॥ २० ॥
**हरेरदृश्यादपि ते भिया पूर्ववदात्मनः**[६०] ।
**वर्तन्ते सर्वथा धर्मे जानन्तस्तस्य नित्यताम्** ॥ २१ ॥

હે ભક્તો! તે સંતો પણ બુદ્ધિવાળા તથા થોડી

બુદ્ધિવાળા —આવા ભેદથી બે પ્રકારના જાણવા; જેઓની બુદ્ધિ સામાન્ય હોવા છતાં, રજ-તમથી ક્યારેય પણ પરાભવ ન પામે તે બુદ્ધિવાળા કહેવાય. અને જેઓની બુદ્ધિ વિશાળ હોવા છતાં, રજથી કે તમથી પરાભવ પામે તો તે ઓછી બુદ્ધિવાળા જાણવા. તે બેમાં 'ધીમંત' એટલે બુદ્ધિવાળા સંતો, શુભ દેશાદિકનો જ આશ્રય કરે છે અને તે બુદ્ધિવાળા સંતો 'પૂર્વવત્' અર્થાત્, ભગવાન જેમ મનુષ્યરૂપે પ્રકટ હોય ને તેમની જેમ મર્યાદા રાખે, તેવી જ રીતે ભગવાનનું 'અદૃશ્યપણું' અર્થાત્, ભગવાન મનુષ્યરૂપે અંતર્ધાન થયા હોય તો પણ તેમનું નિત્ય પ્રકટપણું સમજી, પોતાના ધર્મને વિષે સર્વપ્રકારે વર્તે છે ૨૦-૨૧.

**माहात्म्यबलमाश्रित्य हरेरन्ये तु निर्भयाः**[६१] **।**
**असतो देशकालादीन् सेवन्ते च निरङ्कुशाः ॥ २२ ॥**
**तानधर्मः सह स्वस्य वंश्यैर्जयति सत्वरम्**[६२] **।**
**धर्मभ्रष्टा भवन्त्येव ततस्ते पापचेतसः ॥ २३ ॥**

(સ. જી. પ્ર. ૩, અ. ૨૪)

અને રજ-તમથી પરાભવ પામનારા એવા અલ્પબુદ્ધિવાળા જે છે તે, શ્રીહરિ એવો હું, તે મારા માહાત્મ્ય જ્ઞાનના બળનું અવલંબન લઈને નિરંકુશપણે તેમ જ નિર્ભયપણે, અશુભ દેશકાળાદિકનું સેવન કરે છે. આવા 'અલ્પ-ધીમંતઃ' અર્થાત્, થોડી બુદ્ધિવાળા સંતોને, અધર્મ, પોતાના વંશના કામ-લોભાદિ દોષો વડે તત્કાળ જીતી લે છે; તે પછી તેઓ પાપચિત્તવાળા થઈને ધર્મભ્રષ્ટ થાય છે ૨૨-૨૩. વળી શ્લોક ૬૩માં શ્રીહરિ કહે છેઃ—

**भक्तेषु द्विविधेष्वेषु प्रागुक्ता धर्मसंस्थिताः ।**
**ये ते तु परमप्रीत्या सेवनीया मुमुक्षुभिः ॥ २४ ॥**

આ બે પ્રકારના સંતોમાં, પ્રથમ કહ્યા એવા જે ધર્મપરાયણ અને સાક્ષાત્ ભગવાન શ્રી પુરુષોત્તમમાં ભક્તિનિષ્ઠાવાળા છે, તેઓ જ પરમ પ્રીતિથી મુમુક્ષુઓએ સેવવા યોગ્ય છે ૨૪. કારણ કે એવા જે સંતો છે તેમના વશપણામાં ભગવાન વર્તે છે, એમ ઉત્તરશ્લોક સાથે સંબંધ છે.

હવે શ્રીહરિજી, તે જ પ્રકરણ ને તે જ અધ્યાયના શ્લો. ૭૫ થી ૭૭માં, સાચા સંતનાં લક્ષણો કહે છેઃ—

**अहिंसाब्रह्मचर्याद्याः स्वधर्माः सन्ति येऽमलाः ।**
**अल्पस्यापि च्युतौ तेषामनुतापं व्रजन्त्यति ॥ २५ ॥**
**तन्निष्कृतिं यथोक्तां च ततो भगवतो भयात् ।**
**परोक्षादपि कुर्वन्ति प्रत्यक्षादिव ये द्रुतम् ॥ २६ ॥**
**आपद्वशात् क्वचित्तस्यामकृतायां तु निष्कृतौ ।**
**अनुतापविकारः स्यात् येषामन्तर्बहिर्महान् ॥ २७ ॥**

બુદ્ધિવાળા જે સંતો છે તેમને 'વિમળ એકાંતિક ધર્મ' જે અહિંસા-બ્રહ્મચર્યાદિક, તેમાંથી કોઈ નિયમનો જરા પણ ભંગ થવા પામે તો, તેઓ અત્યંત પશ્ચાત્તાપને પામે છે. અને ભગવાન એવો હું સહજાનંદ સ્વામી, તે મને સદા 'પ્રત્યક્ષ સમજીને' અર્થાત્, મનુષ્યરૂપે અંતર્ધાન થયો હોઉં છતાં, મને સદા પ્રકટ જાણી, શાસ્ત્રમાં કહેલ પ્રાયશ્ચિત્ત તત્કાળ કરે છે; અને કદાચિત્ આપત્તિવશાત્, ધર્મભંગનું પ્રાયશ્ચિત્ત જો ન થઈ શક્યું હોય તો, નિરંતર અંતઃકરણમાં તથા બહાર, મહાન સંતાપને પામે છે ૨૫-૨૭. વળી શ્રીહરિ, શ્લો. ૭૮ તથા

૭૯માં કહે છે:—

**महापापेष्वन्यतमे क्वापि जाते यथाऽऽपदि ।**
**सम्भावितस्य पुंसः स्यात्तापस्तेषां तथाल्पके ॥ २८ ॥**
**व्याघ्रादप्यधिका येषां स्त्रियाः स्त्रैणाश्च भीर्भुवि ।**
**नात्मश्लाघां च कुर्वन्ति ये ते ज्ञेया हि साधवः ॥ २९ ॥**

'સંભાવિત' એટલે શિષ્ટપુરુષને કદાચિત્ આપત્કાળમાં, બ્રહ્મહત્યાદિ પંચમહાપાપ મધ્યે હરકોઈ મહાપાપ થઈ જતાં, જેટલો અનુતાપ થાય તેટલો અનુતાપ, આવા સાચા સંતથી અલ્પ જેટલું પણ પાપ થઈ ગયું હોય તો તેમને થાય છે ૨૮. વળી દેહાભિમાની મનુષ્ય, વાઘ થકી જેમ ભીતિ પામે, તે થકી પણ અધિક ભીતિ, જે, સ્ત્રી તથા સ્ત્રીલંપટ પુરુષ થકી પામે છે; અને વળી જે, પોતાના મુખે પોતાનાં વખાણ કરતા નથી તેમને સાચા સંત જાણવા ૨૯.

## કેટલાક અન્ય ધર્મનો સમુચ્ચય

હરિલીલાકલ્પતરુ ગ્રંથસ્થ* **'શ્રીમદેકાંતિકધર્માખ્યાન'** તેના છઠ્ઠા અધ્યાયમાં**, **'લોભનું'** પ્રબળપણું જણાવતાં શ્રીહરિ કહે છે:—

**अक्ररो वन्दनाख्यायां भक्तौ प्राप्तोऽपि मुख्यताम्[१] ।**
**लोभेन स्वेष्टदेवस्य कृष्णस्याप्यहरन्मणिम् ॥ ३० ॥**

વંદનાભક્તિમાં અક્રૂરજી મુખ્ય હતા છતાં પણ, લોભથી પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનો મણિ, તેમણે ચોરી લીધો હતો. (માટે લોભ જીતવો) ૩૦.

* હરિલીલાકલ્પતરુ સ્કં. ૭માં, અ. ૩૬ થી ૬૫ —એ ૩૦ અધ્યાય **'શ્રીમદેકાંતિકધર્માખ્યાન'** કહેવાય છે. ** મૂળગ્રંથમાં અ. ૪૧.

હવે અ. ૭ (મૂળગ્રંથ અ. ૪૨)માં, શ્રીહરિ, **'કામનું'** પ્રબળપણું જણાવે છેઃ–

**जनं मुञ्चन्ति रोगार्तं दोषा मानरसादयः[१४] ।**
**न मुञ्चति स्मरो व्याघ्रो गां क्रन्दन्तीमिवातुराम् ॥ ३१ ॥**

માન, રસાસ્વાદ વગેરે દોષો, રોગી માણસને છોડે છે પરંતુ કામરૂપી દોષ તો, આતુર ને આક્રંદ કરતી ગાયને જેમ વાઘ છોડતો નથી, તેમ કોઈને પીડા કર્યા વગર રહેતો નથી. (માટે કામ જીતવો) ૩૧. હવે શ્રીહરિ તે પછીના શ્લો. ૪૯માં, **'રસાસ્વાદનું'** પ્રબળપણું જણાવે છેઃ–

**ऋष्यश्रृङ्गो मुनिरपि पराभूतिं रसाशनात् ।**
**प्राप्य स्वोच्चपदं हित्वा निकृष्टपदमन्वभूत् ॥ ३२ ॥**

ઋષ્યશૃંગ (એકલશૃંગી) મુનિ પણ, વેશ્યાએ અર્પણ કરેલાં, વિવિધ પ્રકારનાં સ્વાદુ ભોજનનાં ભક્ષણથી વિકાર પામી, તપથી ભ્રષ્ટ થઈ, નૈષ્ઠિકવ્રતનું પોતાનું ઊંચું પદ તેનો પણ ત્યાગ કરીને, મંદવૈરાગ્યપ્રધાન ગૃહસ્થાશ્રમનો સ્વીકાર કરી કનિષ્ઠપદને પામ્યા. (માટે રસાસ્વાદ જીતવો) ૩૨. હવે શ્રીહરિ, શ્લો. ૫૪માં **'સ્નેહનું'** પ્રબળપણું જણાવે છેઃ–

**कोटराग्निर्यथाऽशेषं समूलं पादपं दहेत् ।**
**स्नेहस्तथान्तर्निष्ठः संश्चतुर्वर्गरुचिं हरेत् ॥ ३३ ॥**

જેમ ઝાડના પોલાણમાં મૂકેલો અગ્નિ, વૃક્ષને, તેનાં મૂળ તથા સમગ્ર શાખાઓ સહિત બાળે છે, તેમ માયિક પ્રાણી-પદાર્થ માત્રમાં જે સ્નેહ છે તે, ઉપરથી ભલે ત્યાગ કર્યો હોય એમ દેખાય તો પણ, અંતઃકરણમાં તે સ્નેહને લીધે ઉત્પન્ન થયેલી આસક્તિ તે, ધર્મ, અર્થ, કામ અને મોક્ષ –એ ચારે

પુરુષાર્થ સિદ્ધ કરવાની ઇચ્છાને પણ હરે છે. (માટે સર્વમાંથી આસક્તિ ટાળી ભગવાનમાં પ્રીતિ કરવી.) ૩૩. હવે શ્રીહરિ, શ્લો. ૭૦માં **'માનરૂપી દોષ'** —તેની વિક્તિ જણાવે છેઃ—

**तस्मान्मदाश्रितानां तु नास्थानेऽस्त्युचितो हि सः ।**
**स चेद्विधेयो भक्तत्वमानः कार्यो यतः सुखम् ॥ ३४ ॥**

માનમાં અનંત પ્રકારના દોષ રહ્યા છે. આ હેતુથી, મારા આશ્રિતોએ ભગવાનના ભક્તોની આગળ માન રાખવું યોગ્ય નથી; જો માન રાખવું હોય તો, હું ભગવાનનો ભક્ત છું માટે મારાથી ભગવાનની આજ્ઞા લોપાય જ કેમ? એવી માનની ટેક રાખવી; કેમ કે એવી ટેકથી સુખ ઉત્પન્ન થાય છે; પરંતુ પ્રાકૃત દેહાભિમાનથી તો, આત્મહત્યા-પરહત્યા ઇત્યાદિ અનેક અનર્થ ઉત્પન્ન થાય છે ૩૪.

હવે શ્રીહરિ, અ. ૨૬ (મૂળગ્રંથ અ.૬૧)માં, માયિક પંચવિષય દુઃખદાયી છે એમ જણાવે છેઃ—

**भुज्यमाना हि विषया व्यथयन्ते जनान् भृशम्[४२] ।**
**यथा धत्तूरबीजानि यथा भल्लातकानि च ॥ ३५ ॥**

જેમ ધતૂરાના બી તથા ભીલામાં ખાવાથી અત્યંત દુઃખ થાય છે તેમ મનુષ્યો, માયિક શબ્દાદિ ઉપભોગથી અત્યંત દુઃખ પામે છે ૩૫. વળી શ્રીહરિ, એ જ અધ્યાયમાં વૈરાગ્યવાન પુરુષનું લક્ષણ જણાવતાં કહે છેઃ—

**सलिलान्तर्यथा न्यस्ता तुम्बिका बहिरम्बुतः[६४] ।**
**निर्गच्छत्येव तूर्णं सा नीरान्तर्नैव तिष्ठति ॥ ३६ ॥**
**तथा वैराग्ययुक्तानां बुद्धिवृत्तिर्विवेकिनाम्[६५] ।**
**योजिताऽपि स्वमनसा विषयान्तर्न तिष्ठति ॥ ३७ ॥**

જળમાં નાખેલી તૂંબડી, જળથી જેમ તત્કાળ બહાર નીકળે છે, પરંતુ જળમાં રહેતી જ નથી; તેવી રીતે, વૈરાગ્યયુક્ત વિવેકીજનોની બુદ્ધિ તથા વૃત્તિ, પોતાના મનથી વિષયમાં જોડે છતાં પણ વિષયમાં ચોંટતી નથી, પરંતુ વિષયમાંથી પાછી વળે છે ૩૬-૩૭.

શ્રીહરિ હવે અ. ૧૧ (મૂળગ્રંથ અ. ૪૬)માં, બ્રહ્મચર્યની પ્રશંસા કરતાં કહે છેઃ—

**कल्पद्रुम इव द्रूणां भक्तानां ज्ञानवानिव[६] ।**
**श्रेष्ठं समग्रधर्माणां ब्रह्मचर्यमुदीरितम् ॥ ३८ ॥**

વૃક્ષોમાં જેમ કલ્પવૃક્ષ શ્રેષ્ઠ છે તથા આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની —આ ચાર પ્રકારના ભક્તોમાં, જેમ જ્ઞાની ભક્ત શ્રેષ્ઠ છે તેમ, સમગ્ર ધર્મોમાં બ્રહ્મચર્યધર્મ શ્રેષ્ઠ છે ૩૮. વળી તે પછી શ્લો. ૧૨ તથા ૧૩માં શ્રીહરિ કહે છેઃ—

**विना तद्देहिनो नानाभूषणैरपि भास्वरैः ।**
**सालंकारा इव शबा न राजन्तेऽत्र भूतले ॥ ३९ ॥**
**तस्माद् बुद्धितपस्तेजो यशःशान्त्यादिवर्द्धनम् ।**
**पाल्यं पापहरं नित्यं ब्रह्मचर्यं हितैषिभिः ॥ ४० ॥**

નાના પ્રકારનાં દેદીપ્યમાન આભૂષણો તથા અલંકારોથી અલંકૃત —એવાં 'શબ' અર્થાત્ મડદાં, જેમ શોભતાં નથી, તેમ બ્રહ્મચર્ય રહિત મનુષ્યો આ લોકમાં શોભતા નથી ૩૯. માટે બુદ્ધિ, તપ, તેજ, યશ, શાંતિ વગેરેને વૃદ્ધિ પમાડનારું ને પાપને હરનારું એવું બ્રહ્મચર્યવ્રત, આત્યંતિક હિત ઈચ્છતા એવા મારા ભક્તોએ હંમેશાં પાળવું ૪૦.

વળી શ્રીહરિ, અ. ૧૨ (મૂળ ગ્રંથ અ. ૪૭)માં કહે છેઃ—

**तस्मादाचक्षते प्राज्ञा मौनमित्यत्र यद्व्रतम्[१४] ।**
**मुनिप्रवर्य तदपि ब्रह्मचर्यमुदीरितम् ॥ ४१ ॥**

હે મુનિવર્ય! અહીં 'પ્રાજ્ઞો' અર્થાત્, વિદ્વાનો, જેને મૌનવ્રત કહે છે તે વ્રત પણ, બ્રહ્મચર્યને જ કહેલું છે ૪૧. વળી તે પછી શ્લો. ૪૮માં પણ શ્રીહરિ કહે છેઃ—

**यथा सूर्य विना ध्वान्तं नैव नश्यति सर्वथा[४८] ।**
**तथा नश्यति नाधर्मो ब्रह्मचर्यव्रतं विना ॥ ४२ ॥**

જેમ સૂર્ય વિના અંધારું સમગ્રપણે નાશ પામતું નથી, તેમ બ્રહ્મચર્યવ્રત વિના અધર્મ નાશ પામતો નથી ૪૨.

હવે શ્રીહરિ, અ. ૨૯ (મૂળગ્રંથ અ. ૬૪)માં કામાદિક શત્રુઓના વિનાશરૂપ ઉપાય બતાવે છેઃ—

**न स्यात्तेन विना भक्ता विषयाणां हि विस्मृतिः[५५] ।**
**तथा रजस्तमोवेगो न शाम्येदापदां पदम् ॥ ४३ ॥**
**कामरागं द्रढीयांसं स विनाशयति ध्रुवम्[५६] ।**
**यथा तीरस्थितं वृक्षं बद्धमूलं नदीरयः ॥ ४४ ॥**

હે ત્યાગી ભક્તો! 'ઉપશમ' વિના વિષયોની વિસ્મૃતિ થતી નથી; તેમ જ આપત્તિઓના સ્થાનરૂપ જે રજોગુણ તથા તમોગુણના વેગ તે પણ, 'ઉપશમ' સિવાય શાંત થતા નથી ૪૩. કિનારા ઉપર રહેલા ઊંડા મૂળવાળા વૃક્ષને, નદીના પ્રવાહનો વેગ જેમ ઉખેડી નાખે છે, તેમ અતિદૃઢમૂળ એવા કામરાગને 'ઉપશમ' નિશ્ચે, નાશ કરી નાખે છે ૪૪.

હવે શ્રીહરિ એજ અધ્યાયમાં, નિષ્કામધર્મ-પાલનનું ફળ કહે છેઃ

**कामोऽपि हीन्द्रियक्षोभस्त्यागिनामस्त्यरिर्महान्[१७] ।**
**यः कामस्य वशं नाप्तः स तद्ब्रह्म समश्नुते ॥ ४५ ॥**

ઇંદ્રિયોને ક્ષોભ પમાડનાર એવો કામ તે, ત્યાગીઓનો મહાન શત્રુ છે; માટે જે ત્યાગી કામવશ નથી થતો તે ત્યાગી, બ્રહ્મ-પરબ્રહ્મના સુખને પામે છે ૪૫.

શ્રીહરિ હવે **'મનનું'** પ્રબળપણું જણાવતાં, અ. ૧૦ (મૂળગ્રંથ અ. ૪૫)માં કહે છેઃ—

**नास्ति ज्ञानसमं सौख्यं चक्षुर्विद्यासमं तथा[२६] ।**
**न वैराग्यसमं भाग्यं मनस्तुल्यो न चास्त्यरिः ॥ ४६ ॥**

જ્ઞાન સમાન સુખ નથી, વિદ્યા સમાન ચક્ષુ નથી, વૈરાગ્ય સમાન ભાગ્ય નથી અને 'મન સમાન' શત્રુ નથી ૪૬.

શ્રીહરિ, અ. ૨૯ (મૂળગ્રંથ અ. ૬૪)માં વળી કહે છેઃ—

**आसन्यस्य वशे देवास्तद्वशे यच्च नाऽभवत्[१२] ।**
**तस्मान्मनोऽस्त्यजेयं तद्देवदानवमानवैः ॥ ४७ ॥**
**ईदृग् मनस्तु यस्त्यागी ज्ञानाभ्यासविरक्तितः[१३] ।**
**निर्जयेदात्मविद्धीरो देवदेवोऽस्ति स ध्रुवम् ॥ ४८ ॥**

ઈંદ્ર, ચંદ્ર વગેરે દેવો મનને વશ હતા, પરંતુ તે મન દેવોને વશ ન હતું. દેવો, દાનવો તથા મનુષ્યો —મનને જીતી શકતા નથી માટે તે મનને 'અજેય' કહેલું છે ૪૭. જે ત્યાગી, આવા મનને જ્ઞાનના અભ્યાસથી, વૈરાગ્યથી, આત્મજ્ઞાનથી તથા ધીરજથી જીતે છે તે નિશ્ચે, દેવનો પણ દેવ છે ૪૮.

વળી શ્રીહરિએ એ જ અધ્યાય ૨૯માં, ત્યાગીના કેટલાક ધર્મો આ પ્રમાણે કહેલા છેઃ—

**स तु जह्यादसद्वादं नासच्छास्त्रं तथाऽभ्यसेत्[२०] ।**
**सच्छास्त्रं चाभ्यसेन्नित्यं बन्धमोक्षानुदर्शनम् ॥ ४९ ॥**

ત્યાગી, અસત્ય વાદોનો ત્યાગ કરે, અસચ્છાસ્ત્રોનો અભ્યાસ કરે નહિ ને બંધ તથા મોક્ષનો રાહ બતાવનાર સચ્છાસ્ત્રનો હંમેશાં અભ્યાસ કરે ૪૯.

**पालयेत्स यमान्नित्यं नियमांश्चैव तत्त्ववित्[२१] ।**
**संगमैकान्तिकसतां कुर्यान्न द्रव्यसंग्रहम् ॥ ५० ॥**
**असंयतेन्द्रियमना ज्ञानवैराग्यवर्ज्जितः[२२] ।**
**योऽविपक्वकषायः स्यात्स त्यागी क्वापि नैति शम् ॥ ५१ ॥**

તત્ત્વવિત્ ત્યાગી, યમ-નિયમોનું પાલન કરે, એકાંતિક સંતોનો સમાગમ રાખે ને દ્રવ્યનો સંગ્રહ કરે નહિ ૫૦. જે ત્યાગીએ ઇંદ્રિયો તથા મન વશ કર્યાં નથી, તથા જે જ્ઞાન-વૈરાગ્યથી રહિત છે, ને અંતઃકરણના રાગ જેના ટળ્યા નથી એવો ત્યાગી, ક્યારેય પણ સુખ પામતો નથી ૫૧.

**धृत्या नियम्य चात्मानं त्यागी शुद्धधियान्वितः[२४] ।**
**रागद्वेषौ तथा हित्वा कामान्सर्वांस्तथार्त्तिदान् ॥ ५२ ॥**
**लघुभोजी रहःसेवी यतवाणीवपुर्मनाः[२५] ।**
**संप्राप्ततीव्रनिर्वेदो ध्यानयोगपरः सदा ॥ ५३ ॥**
**संग्रहं च बलं गर्व कामरोषमहंकृतिम्[२६] ।**
**त्यक्त्वा ममत्वरहितः शान्तो ब्रह्मत्वमेति वै ॥ ५४ ॥**

શુદ્ધ-બુદ્ધિવાળો ત્યાગી, મનને ધૈર્યથી નિયમમાં રાખે છે, રાગદ્વેષનો ત્યાગ કરે છે તથા પીડા આપનારા સર્વે વિષયોનો ત્યાગ કરીને વર્તે છે. જે મિતાહારી, એકાંત સેવનાર, નિયમમાં છે વાણી-મન-શરીર જેનું અને જેને તીવ્ર વૈરાગ્ય

પ્રાપ્ત થયો છે, જે હંમેશાં ધ્યાનયોગપરાયણ રહે છે, જે 'દ્રવ્યસંગ્રહ' રહિત છે, જે શારીરિક તેમ જ આત્મબળના ગર્વ વિનાનો છે, જે કામ, ક્રોધ, અહંકાર વગેરેનો ત્યાગ કરી મમત્વથી રહિત થઈ, ઉપશમ અવસ્થામાં રહે છે તે બ્રહ્મભાવને પામે છે ૫૨-૫૪.

**न प्रसीदेत्प्रियं लब्ध्वा न शोचेत्प्राप्य चाप्रियम्[३४] ।**
**योऽसंमोहः स्थिरमतिः स त्यागी तत्त्वविन्मतः ॥ ५५ ॥**

પ્રિયને પામીને જે પ્રસન્ન થતો નથી, અપ્રિયને પામીને જે શોક કરતો નથી અને જે મોહ રહિત સ્થિર બુદ્ધિવાળો છે તેવા ત્યાગીને તત્ત્વવિત્ કહેલો છે ૫૫. વળી શ્રીહરિ કહે છેઃ—

**बाह्यभोगेष्वनासक्तो यो लब्धात्मसुखोऽपि मे[३५] ।**
**स ब्रह्मयोगयुक्चित्तो याति चैवाक्षयं सुखम् ॥ ५६ ॥**

બાહ્ય વિષયભોગોમાં આસક્તિ રહિત અને આત્મસુખ તથા બ્રહ્મયોગે યુક્ત એવો જે ત્યાગી તે, ભગવાન એવો હું, તે મારું અક્ષય સુખ પામે છે ૫૬.

**यावच्छरीरपातं यः कामक्रोधोद्भवं रयम्[३७] ।**
**सोढुं शक्नोति सुखवान् स युक्तः प्रोच्यते बुधैः ॥ ५७ ॥**

કામ-ક્રોધથી ઉત્પન્ન થતા વેગને જીવનપર્યંત રોકી, તેને સહન કરવા સમર્થ, એવા ત્યાગીને પંડિતોએ, સુખીને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે ૫૭. વળી શ્રીહરિ કહે છેઃ—

**त्यक्त्वा संकल्पजान् कामानिन्द्रियग्राममात्मना[३८] ।**
**यो नियम्यैव वै धीरो योगं युञ्जीत मत्परः ॥ ५८ ॥**
**शनैः शनैरुपरमेद् धैर्यसंयुक्तया धिया[३९] ।**
**विधायात्मस्थितं स्वान्तं स किंचिच्चापि न स्मरेत् ॥ ५९ ॥**

સંકલ્પથી ઉત્પન્ન થયેલી કામનાનો ત્યાગ કરીને, તથા ઇંદ્રિયોના સમૂહને પણ મનથી નિયમમાં રાખીને, ધીર એવો ત્યાગી, 'યોગમાં' અર્થાત્ ધ્યાનમાં જોડાય અને ભગવાન એવો હું, તે મારા પરાયણ થઈ, મારા સ્વરૂપનું ચિંતન કરે ૫૮. ધૈર્યયુક્ત બુદ્ધિથી ધીમે ધીમે, પ્રકૃતિજન્ય અર્થોના ચિંતવનથી વિરામ પામે. પોતાનું અંતઃકરણ આત્મામાં સ્થિર કરી, ત્યાગી, કોઈ પણ અન્ય વસ્તુનું સ્મરણ કરે નહિ; પરંતુ મારી મૂર્તિનું જ સ્મરણ કરે ૫૯.

**यं यं च योऽपसरति स्वकीयं चञ्चलं मनः[४०] ।**
**ततस्ततो निगृह्यैतन्मन्मूर्तौ चानयेद्वशम् ॥ ६० ॥**

ત્યાગી, પોતાનું ચંચળ મન, જે જે વિષય પ્રત્યે જાય ત્યાંથી તેને પાછું વાળીને મારી મૂર્તિમાં સ્થિર કરે ૬૦.

**कामक्रोधादिहीनस्य त्यागिनो यतचेतसः[४३] ।**
**अस्ति ज्ञातात्मतत्त्वस्य मम निर्वाणमन्वहम् ॥ ६१ ॥**
**भयेच्छाद्वेषरहितस्त्यागी मोक्षपरायणः[४४] ।**
**यः संयतेन्द्रियग्रामो मुक्त एव स कीर्त्यते ॥ ६२ ॥**

કામ-ક્રોધાદિકથી રહિત, સ્થિર ચિત્તવાળો અને જાણ્યું છે આત્માના તત્ત્વરૂપ ભગવાનનું માહાત્મ્ય જેણે એવા ત્યાગીભક્તને, મારા સુખનો નિત્ય અનુભવ થાય છે ૬૧. ભય, ઈચ્છા અને દ્વેષ રહિત, મોક્ષપરાયણ તથા નિયમમાં છે ઇંદ્રિયોનો સમૂહ જેને એવો ત્યાગી, તે જ મુક્ત કહેવાય છે ૬૨. વળી શ્રીહરિ કહે છેઃ–

**चेतसाऽऽर्प्य मयि प्रेष्ठे सर्वकर्माणि मत्परः[४५] ।**
**बुद्धियोगाश्रितो ध्यायेन्मन्मना मां मदाश्रितः ॥ ६३ ॥**

બુદ્ધિયોગને આશરેલો મારો આશ્રિત ત્યાગી, પ્રેમના સ્થાનભૂત એવા મને, સર્વ કર્મો બુદ્ધિપૂર્વક સમર્પણ કરીને, મત્પરાયણ અને મારામાં મનવાળો થઈ, ભગવાન એવો હું, તે મારું ધ્યાન કરે ૬૩.

**मैत्रो दयालुरखिलप्राणिद्वेषविवर्ज्जितः[४६] ।**
**अहंताममताहीनः सौख्यासौख्यसमः क्षमी ॥ ६४ ॥**
**दृढनिश्चयवांस्त्यागी संतुष्टो जितमानसः[४७] ।**
**मय्यर्पितात्मधीर्भक्तो भवेत्प्रेयान्स मे ध्रुवम् ॥ ६५ ॥**

સર્વ પ્રાણીઓમાં મિત્રભાવ રાખનાર, દયાળુ, સમગ્ર પ્રાણીઓ પ્રત્યે દ્વેષભાવ રહિત, અહંતા-મમતા વિનાનો, સુખ તથા દુઃખમાં સમતા યુક્ત, ક્ષમાવાન, મારા સ્વરૂપના દૃઢ નિશ્ચયવાળો, સંતોષી, જીત્યું છે મન જેણે એવો, તેમ જ મારે વિષે અર્પણ કર્યાં છે મન અને બુદ્ધિ જેણે —એવો મારો જે ત્યાગી ભક્ત છે તે નિશ્ચે, મને ઘણો વહાલો છે ૬૪-૬૫.

**न बिभेति यतो लोको लोकान्नैव बिभेति यः[४८] ।**
**हर्षोद्वेगभयक्रोधहीनो यः स्यात्स मे प्रियः ॥ ६६ ॥**

જેનાથી લોકો ભય પામતા નથી અને લોકોથી જે ભય પામતો નથી, તેમ જ જે હર્ષ, ઉદ્વેગ, ભય તથા ક્રોધથી રહિત હોય, તેવો ત્યાગી મને પ્રિય છે ૬૬.

**उदासीनः शुचिर्दक्षो निरपेक्षो व्यथोज्झितः[४९] ।**
**यो मद्भक्तीतरारम्भत्यागवान्सोऽस्ति मे प्रियः ॥ ६७ ॥**

જે ત્યાગી, માયિક સુખપ્રાપ્તિથી ઉદાસીન, બાહ્ય અને અભ્યંતર શુદ્ધ, મારી પ્રસન્નતા મેળવવામાં પ્રવીણ, અપેક્ષા રહિત, સાંસારિક અર્થવિનાશમાં વ્યથા નહિ પામનાર અને

મારી ભક્તિ વિના બીજા આરંભનો ત્યાગ કરનારો છે તે મને પ્રિય છે ૬૭.

**समो रिपौ तथा सख्यौ तिरस्कारे तथाऽऽदरे[५१]।**
**सुखदुःखोष्णशीतेषु तुल्यः संगविवर्जितः ॥ ६८ ॥**
**कीर्तिनिन्दासमो मौनी श्रद्धावान् स्थिरधीश्च यः[५२]।**
**सतां मम गुणग्राही मद्भक्तः सोऽस्ति मे प्रियः ॥ ६९ ॥**

શત્રુના તિરસ્કારમાં તથા મિત્રના સન્માનમાં જે સમભાવવાળો છે, તથા સુખદુઃખ-શીતઉષ્ણમાં જે સમાન ભાવનાવાળો છે, જે વિષયાસક્તિ રહિત છે, નિંદા ને કીર્તિ જેને સમાન છે, ઉચિત બોલનાર, શ્રદ્ધાવાળો, સ્થિર બુદ્ધિવાળો ને સાધુપુરુષોનો તેમ જ મારો ગુણ ગ્રહણ કરનારો છે —તેવો ભક્ત મને પ્રિય છે ૬૮-૬૯.

**नाशयत्यान्तरं ध्वान्तं स तमोऽर्क इव द्रुतम्[५७] ।**
**त्यागी तस्मादुपशमं कुर्यान्मद्ध्यानसाधनम् ॥ ७० ॥**

સૂર્ય, અંધકારનો જેમ તત્કાળ નાશ કરે છે તેમ જ અંતર્ગત અનાદિ અજ્ઞાનરૂપી અંધકારનો, 'ઉપશમ' તત્કાળ નાશ કરે છે; માટે ત્યાગીભક્ત, મારા ધ્યાનના સાધનભૂત 'ઉપશમ' સિદ્ધ કરે ૭૦.

વળી અ. ૨૮ (મૂળગ્રંથ અ. ૬૩)માં શ્રીહરિ કહે છેઃ—

**मय्यर्पितमना धीरः पारमेष्ठ्यपदं क्वचित्[७८] ।**
**मां विनाऽन्यत् पदं चैन्द्रं नेच्छति क्लेशसंकुलम् ॥ ७१ ॥**
**ऋते मां सार्वभौमं वै नेच्छति क्वापि भक्तराट्[७९] ।**
**रसाधिपत्यमखिला योगसिद्धीश्च दुर्ल्लभाः ॥ ७२ ॥**

મારામાં અર્પણ કર્યું છે મન જેમણે એવો ધીર ભક્ત, મારા વિના બીજું, બ્રહ્માનું પારમેષ્ટી પદ તથા ક્લેશથી વ્યાપ્ત

એવું ઈંદ્રનું ઈંદ્રપદ —તેને પણ ઈચ્છતો નથી ૭૧. એવો ભક્તરાજ, મારા વિના ક્યારેય સાર્વભૌમ રાજ્યને પણ ઈચ્છતો નથી. તેમ જ પાતાળનું રાજ્ય તથા દુર્લભ એવી સમગ્ર યોગસિદ્ધિઓને પણ ઈચ્છતો નથી; અર્થાત્, એક મારા ચરણકમળને જ ઈચ્છે છે ૭૨.

**एवंविधं मुनिं शान्तं वैरहीनं च निःस्पृहम्[८२] ।**
**पुनानं पादरजसा लोकं चानुव्रजाम्यहम् ॥ ७३ ॥**

આ પ્રકારના, શાંત, વૈર રહિત, નિઃસ્પૃહ ને પોતાના ચરણની રજ લોકોને પવિત્ર કરનારા, એવા મુનિની પાછળથી-પાછળ હું ભમું છું ૭૩.

**मय्यतिस्निग्धमनसो विषयाऽस्पृष्टचेतसः[८३] ।**
**अकिंचना हितकरा यान्ति सन्तो हि मत्सुखम् ॥ ७४ ॥**

મારામાં અત્યંત સ્નેહવાળું છે મન જેમનું, અને વિષયોએ જેમના ચિત્તનો સ્પર્શ કર્યો નથી, ને અકિંચન તથા સમગ્ર જીવોનું હિત કરનારા, એવા જે સંતો છે તે મારા સ્વરૂપનું સુખ પામે છે ૭૪.

શ્રીહરિ વળી, અ. ૯ (મૂળગ્રંથ અ. ૪૪)માં કહે છેઃ—

**एवं विधा निखिलजीवहितप्रसक्ता[६७] ।**
**एकान्तिका दुरितवृन्दविभेदवीक्षाः ।**
**सन्ति प्रिया मम भृशं हि यथा तथा मे**
**नात्मा प्रियोऽस्त्ययि विबुध्यत चेति भक्ताः ॥ ७५ ॥**

હે ભક્તજનો! આવી રીતે સમગ્ર જીવોના હિતમાં તન્મયતા પામેલા એવા એકાંતિક ભક્તો, કે જેનાં દર્શનથી પાપોના સમુદાય નાશ પામે છે, તે મને અત્યંત પ્રિય છે; એટલું જ નહિ પરંતુ મારો આત્મા પણ, તેમનાથી

અધિક મને પ્રિય નથી એમ તમે જાણો ૭૫.

ભગવાન શ્રી સહજાનંદ સ્વામીનો આવો ઉપદેશ સાંભળીને મુખ્ય સભાસદો, શ્રીહરિની આ પ્રકારની સ્તુતિ કરવા લાગ્યા. તે અ. ૨૮ (મૂળગ્રંથ અ. ૬૩)માં કહ્યું છેઃ—

**तव त्वैकान्तिका भक्ता विना त्वत्पादसेवनम्[५४] ।**
**नेच्छन्त्येवाक्षरसुखं तथा मुक्तिं चतुर्विधाम् ॥ ७६ ॥**

હે હરે! આપના એકાંતિક ભક્તો તો, આપના ચરણની સેવા વિના, અક્ષરના સુખને તથા ચાર પ્રકારની મુક્તિને પણ ઈચ્છતા નથી ૭૬.

હવે, ભગવાન પાસે માયિક પદાર્થ મેળવવાની ઈચ્છાવાળા મનુષ્યોની સમજણ તુચ્છ છે, એમ ભક્તજનો, શ્રીહરિની સ્તુતિ કરતાં, શ્લો. ૫૭ તથા ૫૮માં જણાવે છેઃ—

**यथाऽत्र निर्धना मर्त्याः सम्राजः प्रीतिमीयुषः ।**
**कदन्नं बुद्धिहीनत्वात् प्रार्थयेयुश्च दैन्यतः ॥ ७७ ॥**
**तथा सर्वोत्तमसुखं ये त्वां प्राप्यैव लौकिकम् ।**
**तुच्छं सुखं प्रयाचन्ते भाग्यहीना हि सन्ति ते ॥ ७८ ॥**

જેમ નિર્ધન મનુષ્યો, પોતાના ઉપર પ્રસન્ન થયેલા સમ્રાટ રાજા પાસે, દીનતાપૂર્વક ઊતરતું-હલકું અન્ન, બુદ્ધિ રહિત હોવાના કારણે માગે છે, તેવી રીતે સર્વોત્તમ-સુખરૂપ શ્રીહરિ એવા આપને પામીને, જે જનો લૌકિક તુચ્છ સુખ માગે છે તે જનો તેવા ભાગ્યહીન છે ૭૭-૭૮.

આવી રીતે સાધુના, તેમ જ સાધુ-બ્રહ્મચારીના મિશ્રિત વિશેષધર્મ સંક્ષેપમાં કહ્યા ને તેમના ધર્મનો વિસ્તાર તો, સત્સંગિજીવન વગેરે સદ્‌ગ્રંથોમાં કરેલો છે તો, તે થકી

જોઈ લેવો. ઈતિ શ્લો. ૨૦૨

[શિક્ષાપત્રીનો મૂળશ્લોક ૨૦૨મો છે, તેના વિવરણમાં ઉપર કહેલા શ્લો. ૭૮ છે.]

## ઈતિ વિશેષ ધર્મ – નિરૂપણ સમાપ્ત.

# પાશ્ચાત્ય ભૂમિકા

## શિ૦ શ્લો૦ ૨૦૩

**इति संक्षेपतो धर्माः सर्वेषां लिखिता मया।**
**साम्प्रदायिकग्रन्थेभ्यो ज्ञेय एषां तु विस्तरः॥ २०३ ॥**

**અને અમારે આશ્રિત એવા જે સત્સંગી બાઈ-ભાઈ સર્વે, તેમના જે સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ, તે જે તે, સંક્ષેપે કરીને આવી રીતે અમે લખ્યા છે; અને આ ધર્મનો જે વિસ્તાર તે તો, અમારા સંપ્રદાયના જે ગ્રંથ તે થકી જાણવો ૨૦૩.**

### ધર્મનો વિસ્તાર જાણવાનો પ્રકાર

હવે શ્રીહરિ ધર્મોપદેશનો ઉપસંહાર કરે છેઃ 'इति' એટલે આ પ્રકારે; 'सर्वेषां' કહેતાં, મારા આશ્રિત એવા ત્યાગી-ગૃહી-બાઈ-ભાઈ સર્વે મનુષ્યોના; 'धर्माः' જે સદાચારો; તે, મેં સંક્ષેપે કરીને લખ્યા છે. અને આ ધર્મનો વિસ્તાર તો 'साम्प्रदायिकग्रन्थेभ्यः' સંપ્રદાયના ગ્રંથો થકી જાણવો. આમાં **'સંપ્રદાયના ગ્રંથ'** કહ્યા છે, તેના બે અર્થ, શ્રી શતાનંદમુનિની મૂળટીકામાં દર્શાવ્યા છેઃ (૧) શિક્ષાપત્રી શ્લો. ૯૩ થી ૯૫માં કહેલ વેદાદિ આઠ સચ્છાસ્ત્ર, જે શ્રીજીને ઈષ્ટ છે, તે થકી ધર્મનો વિસ્તાર જાણવો;' —એમ કહ્યું છે. વળી (૨) 'શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતે જ રચેલ, તેમ જ સ્વાશ્રિતો પાસે રચાવેલ સંપ્રદાયના જે ગ્રંથો, તે થકી ધર્મનો વિસ્તાર જાણવો.' —એમ પણ કહ્યું છે; પરંતુ આ બે અર્થમાંથી, બીજો અર્થ વચનામૃતના સિદ્ધાંત સાથે વિશેષ સુસંગત છે. તે શ્રીહરિએ ગઢડા મધ્ય પ્રકરણના ૫૮મા વચનામૃતમાં કહ્યું છેઃ—

'સંપ્રદાયની પુષ્ટિ તો એમ થાય છે જે, સંપ્રદાયના જે ઈષ્ટદેવ હોય, તેનો જે હેતુ માટે પૃથ્વીને વિષે જન્મ થયો હોય અને જન્મ ધરીને તેમણે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય, તે આચરણને વિષે ધર્મપણ સહેજે આવી જાય અને તે ઈષ્ટદેવનો મહિમા પણ આવી જાય; માટે પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવાપર્યંત ચરિત્ર, તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે.'

આ વચનામૃતમાં, શ્રીજીમહારાજનાં ચરિત્રનાં જે શાસ્ત્ર, સત્સંગિજીવન, સત્સંગિભૂષણ, ભક્તચિંતામણિ, ઈત્યાદિ સંપ્રદાયના ગ્રંથ, તે થકી જ આ ધર્મનો વિસ્તાર જાણી શકાય —એમ સ્પષ્ટ, શ્રીહરિએ સ્વયં વિધાન કરેલું છે; કિંતુ શિક્ષાપત્રીમાં જે આઠ સચ્છાસ્ત્ર કહ્યાં છે, તેમાંથી ઉદ્ધવ સંપ્રદાયના સાધુ, બ્રહ્મચારી ને ગૃહસ્થ સત્સંગીઓના ધર્મની વિક્તિ, તથા સાંખ્યયોગી બાઈ-ભાઈના ધર્મની વિક્તિ, (તેમ જ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુનો પ્રાદુર્ભાવ, તેમનાં લીલાચરિત્ર, આચાર્યપદનું સ્થાપન તથા શ્રીહરિની અંતર્ધાનલીલા —એ વગેરેની વિક્તિ) જાણી શકાય નહિ; માટે સત્સંગિજીવન આદિ શાસ્ત્રથી જ આ શિક્ષાપત્રીમાં કહેલા ધર્મનો વિસ્તાર જાણવો.

હરિદિગ્વિજય ગ્રંથ-ઉલ્લાસ ૨૧માં શ્રીહરિજી કહે છેઃ—

**एवं वर्णाश्रमाणां वस्त्यागिनां च मयाखिलाः[१३९] ।**
**धर्माः समासतः प्रोक्ताः पाल्यास्ते सर्वथादरात् ॥ १ ॥**
**पालयिष्यन्ति ये धर्मान्स्वान्स्वान् निश्छद्मशक्तितः[१४०] ।**
**प्रीतिस्तेष्वेव मे भाव्या भक्ता! इत्यवधार्यताम् ॥ २ ॥**

હે ભક્તજનો! આ પ્રમાણે તમારા વર્ણાશ્રમના ધર્મો અને ત્યાગીઓના પણ, સમગ્ર ધર્મો અમોએ સંક્ષેપથી કહ્યા; તે ધર્મો, તમે ત્યાગી-ગૃહી સર્વેએ આદરપૂર્વક પાળવા ૧. જે ભક્તજનો, આ મેં કહેલા પોતપોતાના ધર્મોને, નિષ્કપટપણે યથાશક્તિ પાળશે, તે ભક્તજનો ઉપર જ મારે પ્રીતિ થશે —આ પ્રમાણે તમે નિશ્ચે જાણજો ૨.

હવે ત્યાગીગૃહી સર્વ ભક્તજનો, એ જ ઉલ્લાસમાં શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**स्वामिन्! यथानुशास्ति त्वं तथा वर्त्स्यामहे वयम्[१४२]।**
**नित्यं प्रीतो भवास्मासु नान्यत्त्वच्छरणं हि न॥ ३ ॥**

હે સ્વામિન્! તમે જેમ અમને ઉપદેશરૂપી શિક્ષાનાં વચનો કહો છો, તે પ્રમાણે જ અમે વર્તીશું; અમારી ઉપર તમે નિરંતર પ્રસન્ન રહેજો; અમારે તમારા સિવાય બીજું કોઈ શરણ છે જ નહિ ૩. ઈતિ શ્લો. ૨૦૩.

## શિ૰ શ્લો૰ ૨૦૪

**सच्छास्त्राणां समृद्धृत्य सर्वेषां सारमात्मना ।**
**पत्रीयं लिखिता नृणामभीष्टफलदायिनी ॥ २०४ ॥**

**અને સર્વે જે સચ્છાસ્ત્ર તેનો જે સાર, તેને અમે અમારી બુદ્ધિએ કરીને ઉદ્ધારીને આ શિક્ષાપત્રી, જે તે, લખી છે; તે કેવી છે તો, સર્વે મનુષ્યમાત્રને મનવાંછિત ફળની દેનારી છે ૨૦૪.**

### શ્રીમુખે શિક્ષાપત્રીની પ્રશંસા

હવે શ્રીહરિ, પોતાના શિક્ષાપત્રીલેખનું ‘મૂળ’ જણાવે

છેઃ 'मया' એટલે 'મેં' એવો અન્વય લેવો; સર્વે સચ્છાસ્ત્રનો સાર મેં 'आत्मना' કહેતાં, મારી બુદ્ધિ વડે; 'समुद्धृत्य' કાઢીને આ શિક્ષાપત્રી લખી છે. તે કેવી છે તો, 'મનુષ્યોને' એટલે સ્ત્રી-પુરુષ, આબાલ-વૃદ્ધ સર્વ કોઈને; 'अभीष्ट' પોતે ઇચ્છેલા ફળને આપનારી છે; અર્થાત્ ધનાર્થીને ધન, પુત્રાર્થીને પુત્ર, વિદ્યાર્થીને વિદ્યા, ઐશ્વર્યાર્થીને ઐશ્વર્ય, ધર્માર્થીને ધર્મ ને મોક્ષાર્થીને મોક્ષ આપે —એવી આ શિક્ષાપત્રી છે.

શ્રીજીમહારાજે પોતે જ સર્વે સચ્છાસ્ત્રનું દોહન કરીને આ શિક્ષાપત્રી લખી છે, ને એવો શુભ સંકલ્પ પણ કર્યો છે કે, આ શિક્ષાપત્રી મારા સર્વ અનુયાયીઓના મનોરથ પૂર્ણ કરો. ઇતિ શ્લો. ૨૦૪.

## શિ૦ શ્લો૦ ૨૦૫

**इमामेव ततो नित्यमनुसृत्य ममाश्रितैः ।**
**यतात्मभिर्वर्तितव्यं न तु स्वैरं कदाचन ॥ २०५ ॥**

**એ હેતુ માટે, અમારા આશ્રિત જે સર્વે સત્સંગી તેમણે, સાવધાનપણે કરીને, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીને અનુસરીને જ વર્તવું પણ પોતાના મનને જાણે તો ક્યારેય ન વર્તવું ૨૦૫.**

### શિક્ષાપત્રી પ્રમાણે વર્તવાનો આદેશ

આ શિક્ષાપત્રી સર્વે સચ્છાસ્ત્રના સારરૂપ હોવાથી, તેમ જ ઐહિક તથા પારલૌકિક મનેપ્સિત ફળને આપનારી હોવાથી, મારા આશ્રિત એવા સર્વે મનુષ્યોએ 'આ શિક્ષાપત્રીને અનુસરીને જ' એટલે તેમાં આજ્ઞા કર્યા પ્રમાણે જ વર્તવું; પરંતુ

સ્વચ્છંદપણે ક્યારેય વર્તવું નહિ. ઇતિ શ્લો. ૨૦૫.

## શિ૦ શ્લો૦ ૨૦૬

**वर्तिष्यन्ते य इत्थं हि पुरुषा योषितस्तथा।**
**ते धर्मादिचतुर्वर्गसिद्धिं प्राप्स्यन्ति निश्चितम्॥ २०६ ॥**

**અને જે અમારા આશ્રિત પુરુષ ને સ્ત્રીઓ, તે જે તે, શિક્ષાપત્રી પ્રમાણે વર્તશે તો, તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ —એ ચાર પુરુષાર્થની સિદ્ધિને નિશ્ચે પામશે ૨૦૬.**

### ધર્માદિ ચારે પુરુષાર્થ મેળવવાનો ઉપાય

શ્રીહરિ કહે છેઃ જે પુરુષો તથા જે સ્ત્રીઓ; 'इत्थम' આ પ્રમાણે —એટલે મારી લખેલી શિક્ષાપત્રી અનુસાર; 'वर्तिष्यंते' કહેતાં, વર્તશે તે પુરુષો તથા તે સ્ત્રીઓ, ધર્મ જેમાં મુખ્ય છે એવા ચારે પુરુષાર્થ-ધર્મ, અર્થ, કામ ને મોક્ષ —તેની સિદ્ધિને પામશે; અર્થાત્ પોતે ઇચ્છેલી ધર્મસિદ્ધિ, અર્થસિદ્ધિ, કામસિદ્ધિ અને મોક્ષસિદ્ધિને નિશ્ચે પામશે; એટલે કે ધર્માદિ ચાર પુરુષાર્થમાંથી, જે જે પુરુષાર્થસિદ્ધિની ઇચ્છા હશે, તે તે પુરુષાર્થની સિદ્ધિને જરૂર મેળવશે. ઇતિ શ્લો. ૨૦૬.

## શિ૦ શ્લો૦ ૨૦૭

**नेत्थं य आचरिष्यन्ति ते त्वस्मत्सम्प्रदायतः।**
**बहिर्भूता इति ज्ञेयं स्त्रीपुंसैः साम्प्रदायिकैः॥ २०७ ॥**

**અને જે બાઈ-ભાઈ આ શિક્ષાપત્રી પ્રમાણે નહિ વર્તે તે તો, અમારા સંપ્રદાય થકી બાહેર છે —એમ અમારા**

**સંપ્રદાયવાળા સ્ત્રી-પુરુષ તેમણે જાણવું ૨૦૭.**

## શ્રીહરિનો રહસ્ય આદેશ

શ્રીહરિ કહે છેઃ જે ભક્તજન આ અમારી શિક્ષાપત્રીમાં કહ્યા પ્રમાણે નહિ વર્તે; કિંતુ અમારી લખેલી શિક્ષાપત્રીને ઉલ્લંઘીને સ્વચ્છંદપણે વર્તશે તે, અમારા સંપ્રદાય થકી 'बहिर्भूताः' કહેતાં, સંપ્રદાયથી બહાર છે; એમ 'सांप्रदायिकैः' એટલે, અમારા સંપ્રદાયમાં રહેલાં સ્ત્રી-પુરુષોએ જાણવું; અર્થાત્ અમે કહેલા ધર્મોમાં જે વર્તે તે જ અમારા છે; અને ન વર્તે તે અમારા નહિ, એમ અમારા સંપ્રદાયનાં સ્ત્રી-પુરુષોએ સમજવું.

તે ભક્તચિંતામણિ પ્ર. ૭૬માં શ્રીહરિએ કહ્યું છેઃ—

**વળી રીત્ય આપણી, જે જીવને નથી ગમતી;**
**જોઉં છું એવા જીવને, છે કેની કેની એવી મતિ. ૩૧**
**તેને શોધી સામટો, એક દંડ દેવા તાન છે;**
**કોઈ ન પ્રીછે પરચો, એવું કરવું મારે નિદાન છે. ૩૨**

સત્સંગિભૂષણના બીજા અંશના અ. ૪૩માં પણ શ્રીહરિએ કહ્યું છેઃ—

**मत्कृता धर्ममर्यादा यस्मै यस्मै जनाय न[१६] ।**
**विमृग्य रोचते तांस्तांस्तत्रतत्राहमंतकः ।**
**धास्ये यद्युगपद्दंडं विद्यात्कुर्वेऽपि नेति कः ॥ १ ॥**

હે ભક્તો! મારી બાંધેલ ધર્મમર્યાદા જેને-જેને રુચતી નથી, તે તે દેહધારીઓને શોધી કાઢીને, કાળરૂપ એવો હું તે, તે તે જનોને એકસામટો દંડ આપું છું ને આપીશ; આ પ્રકારે કોણ નથી જાણતું? સૌ કોઈ જાણે છે ૧. ઇતિ શ્લો. ૨૦૭.

## શિ૦ શ્લો૦ ૨૦૮, ૨૦૯

**शिक्षापत्र्याः प्रतिदिनं पाठोऽस्या मदुपाश्रितैः ।**
**कर्तव्योऽनक्षरज्ञैस्तु श्रवणं कार्यमादरात् ॥ २०८ ॥**
**वक्त्रभावे तु पूजैव कार्याऽस्याः प्रतिवासरम् ।**
**मद्रूपमिति मद्वाणी मान्येयं परमादरात् ॥ २०९ ॥**

**અને અમારા જે આશ્રિત સત્સંગી તેમણે આ શિક્ષાપત્રીનો નિત્યપ્રત્યે પાઠ કરવો; અને જેને ભણતાં આવડતું ન હોય તેમણે તો, આદર થકી આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું ૨૦૮.**

**અને આ શિક્ષાપત્રીને વાંચી સંભળાવે એવો કોઈ ન હોય ત્યારે તો, નિત્યપ્રત્યે આ શિક્ષાપત્રીની પૂજા કરવી; અને આ જે અમારી વાણી તે અમારું સ્વરૂપ છે —એ રીતે પરમ આદર થકી માનવી ૨૦૯.**

### શિક્ષાપત્રીનું સર્વોપરીપણું

શ્રીહરિ કહે છેઃ 'मदुपाश्रितैः' એટલે, મારા શિષ્ય એવા ભક્તજનોએ; 'प्रतिदिन' કહેતાં, દરરોજ આ શિક્ષાપત્રીનો પાઠ નિયમથી કરવો; તેમાં પણ 'अनक्षरज्ञैः' અર્થાત્ જેઓને અક્ષરજ્ઞાન ન હોય તેમણે, તથા જેમને સ્પષ્ટ ઉચ્ચાર કરતાં ન આવડતો હોય તેમણે તો, 'આદરથી' એટલે પ્રીતિપૂર્વક આ શિક્ષાપત્રીનું શ્રવણ કરવું. 'વક્તાનો અભાવ હોય' તેવા સમયે, જેવા મળી આવે તેવા ઉપચારો વડે, આ શિક્ષાપત્રીની દરરોજ પૂજા કરવી.

આ શિક્ષાપત્રીની પૂજાનું ફળ પણ, પોતાની મૂર્તિની પૂજા બરાબર થાય છે એમ હવે શ્રીહરિ જણાવે છેઃ 'मद्वाणी' એટલે શિક્ષાપત્રીરૂપી મારા કહેલા ધર્મને પ્રકાશ કરનારી

વાણીરૂપ આ ગ્રંથ; તે, 'મદ્રૂપમ્' એટલે મારી જ મૂર્તિ છે – એમ જાણીને તેનું પરમ આદરથી પૂજન કરવું; ને તેમ કરવાથી ઇચ્છિત ફળની પ્રાપ્તિ થશે.

## ત્રણમાં ફેર પડે તો ઉપવાસ

ગઢડા અંત્ય પ્રકરણ વચનામૃત ૧માં-''અમારી લખેલી જે શિક્ષાપત્રી તેનો **'પાઠ[૧]'** અમારા આશ્રિત જે ત્યાગીસાધુ તથા બ્રહ્મચારી, તથા ગૃહસ્થ બાઈ-ભાઈ સર્વે તેમણે નિત્ય કરવો. અને જેને ભણતાં ન આવડતું હોય તેણે નિત્યે **'શ્રવણ[૨]'** કરવું. અને જેને શ્રવણ કરવાનો યોગ ન આવે તેણે નિત્યે શિક્ષાપત્રીની **'પૂજા[૩]'** કરવી;... એ ત્રણમાંથી જેને ફેર પડે તેણે એક ઉપવાસ કરવો.'' –એમ શ્રીજીમહારાજે કહ્યું છે.

## પ્રધાનવચનની પ્રશંસા

શ્રી સ્વામિનારાયણ ભગવાનનો, ઉપર જણાવ્યા મુજબ મુખ્ય સિદ્ધાંત છે ને તે પ્રધાન વચન છે. માટે આવાં વચનને 'ઇતર વાક્ય થકી' એટલે, 'દશમસ્કંધ નિત્યપ્રત્યે આદર થકી સાંભળવો અથવા વર્ષો વર્ષ એકવાર સાંભળવો.' વળી 'આઠ સચ્છાસ્ત્ર અમને ઇષ્ટ છે.' –એવાં સામાન્ય સિદ્ધાંતનાં વચનો થકી મુખ્યપણે માનવાં; કારણ કે એ પરોક્ષ સચ્છાસ્ત્ર થકી પણ, શિક્ષાપત્રી પોતાને મહત્તર ઇષ્ટ છે –એમ શ્રીહરિએ પોતે જ, આ બે શ્લોકમાં સ્પષ્ટ વિધાન કર્યું છે. માટે પ્રકટના ઉપાસકને તો, પ્રકટનાં ચરિત્ર તથા પ્રકટ શ્રીહરિના સંબંધવાળાં શાસ્ત્ર –એનું જ વાંચન, શ્રવણ, પૂજન વગેરે પ્રિય લાગે ને એ જ પતિવ્રતાનો ધર્મ છે ને શ્રીજીમહારાજને પણ એ જ ઇષ્ટ છે. ઇતિ શ્લો. ૨૦૮, ૨૦૯.

## શિ૰ શ્લો૰ ૨૧૦

**युक्ताय सम्पदा दैव्या दातव्येयं तु पत्रिका ।**
**आसुर्या सम्पदाढ्याय पुंसे देया न कर्हिचित् ॥ २१० ॥**

**અને આ જે અમારી શિક્ષાપત્રી તે જે તે, દૈવી સંપદાએ કરીને યુક્ત એવો જે જન હોય તેને આપવી; અને જે જન આસુરી સંપદાએ કરીને યુક્ત હોય, તેને તો ક્યારેય ન આપવી ૨૧૦.**

### દૈવીજનને શિક્ષાપત્રી આપવાની આજ્ઞા

ભગવદ્‌ગીતા અ. ૧૬માં, શ્રીકૃષ્ણ ભગવાને બે પ્રકારના સર્ગ કહ્યા છેઃ—

**द्वौ भूतसर्गौ लोकेऽस्मिन् दैव आसुर एव च[६] ।...॥ १ ॥**

આ લોકમાં દૈવી અને આસુરી એવા બે સર્ગો છે ૧. દેવસર્ગની ઉત્પત્તિવાળા તે દૈવી જાણવા. તેમાં દૈવી સંપત્તિવાળા મનુષ્યોને આ શિક્ષાપત્રી આપવી; અસુરસર્ગમાં ઉત્પન્ન થયેલા એવા આસુરી સંપત્તિવાળા જનોને, આ શિક્ષાપત્રી ક્યારેય ન આપવી; કેમ કે અપાત્રને દાન આપવાથી વિપરીત પરિણામ આવે છે.

### આસુરી સંપત્તિના લક્ષણ

શ્રીહરિએ સ. જી. પ્ર. ૨, અ. ૧૦માં, દૈવી અને આસુરી —એ બે પ્રકારની સંપત્તિઓ જણાવી છે. તેમાં આસુરી સંપત્તિ આ પ્રમાણે કહેલી છેઃ—

**मृषाऽसूया च चिन्तेर्ष्या तृष्णाऽऽशा ममतादयः[१६] ।**
**शक्तयस्तस्य कथिता दुर्जेयस्याल्पपौरुषैः ॥ २ ॥**

**'મૃષા'** = અસત્ય ભાષણ; **'અસૂયા'** = પરગુણોમાં દોષનું આરોપણ કરવું તે; **'ચિંતા'** = બીજાનું અનર્થ ચિંતવવું; **'ઈર્ષ્યા'** = બીજાની મોટાઈ સહન ન કરવારૂપ; **'તૃષ્ણા'** = વિષયમાત્રમાં આસક્તિપૂર્વકની ઇચ્છા; **'આશા'** = મળે તો પણ અધિક અધિક મેળવવાની ઇચ્છા વર્તે તે; **'મમતા'** = દૈહિક જે સગાંવહાલાં તથા દેહ સંબંધી પદાર્થમાં મારાપણાની બુદ્ધિ ને 'આદિ' પદથી દેહમાં અહંબુદ્ધિરૂપ અહંતા —એ વગેરે આસુરી સંપત્તિરૂપ અધર્મની 'શક્તિઓ' છે; અર્થાત્ અધર્મસર્ગને ઉત્પન્ન કરનાર માતાઓ છે અને તે આસુરી સંપત્તિ, દુર્બળ પુરુષોએ જીતવી અશક્ય છે ૨.

શ્રીહરિ હવે પછી શ્લો. ૧૭માં આસુરી સંપત્તિરૂપ અધર્મનો સર્ગ કહે છેઃ—

**दम्भो लोभो मत्सरश्च कामः क्रोधो रसो मदः ।**
**दर्पो मोहश्च पारुष्यं स्नेहो मानोऽनृतं कलिः ॥ ३ ॥**

**'દંભ'** = પોતામાં વિદ્યા-વૃત્ત વગેરે રૂડા ગુણ ન હોય છતાં, તેનો દેખાવ કરવો તે; **'લોભ'** = અન્યાયથી ધન મેળવવાની રુચિ; **'મત્સર'** = પરના ગુણોમાં દોષદૃષ્ટિ; **'કામ'** = ધર્મવિરુદ્ધ પંચવિષય ભોગવવાની ઇચ્છા; **'ક્રોધ'** = ચિત્તનો ક્ષોભ; **'રસ'** = જિહ્‌વામાં આસક્તિ; **'મદ'** = તે ત્રણ પ્રકારનો છેઃ એક તો વિદ્યાનો મદ, બીજો ધનનો મદ અને ત્રીજો 'અભિજન' અર્થાત્ બહોળા કુટુંબને લીધે ઉત્પન્ન થતો મદ; **'દર્પ'** = ગર્વ; **'મોહ'** = વિપરીત જ્ઞાન; **'પારુષ્ય'** = કઠોર વાણી; **'સ્નેહ'** = સંબંધીમાં અતિ આસક્તિ; **'માન'** = ઉત્કૃષ્ટપણાનું અભિમાન; **'અનૃત'** = અસત્યમાં પ્રવૃત્તિ, **'કલિ'**

= ક્લેશ કરવાનો સ્વભાવ; (આ સર્વે અધર્મસર્ગ જાણવો) ૩. વળી શ્લો. ૧૮માં શ્રીહરિ કહે છેઃ—

**द्रोहोऽशौचमविश्वासश्चौर्यं पानं च निर्ऋतिः ।**
**द्यूतं गर्वश्च नास्तिक्यं प्रमादः पैशुनं स्पृहा ॥ ४ ॥**

**'દ્રોહ'** = બીજાનું અહિત કરવાનો સ્વભાવ; **'અશૌચ'** = કાયિક, વાચિક ને માનસિક —એ ત્રણ પ્રકારની શુદ્ધિએ રહિતપણું; **'અવિશ્વાસ'** = ગુરુ તથા શાસ્ત્રમાં વિશ્વાસે રહિતપણું; **'ચૌર્ય'** = ચોરી કરવાનો સ્વભાવ; **'પાન'** = સુરા, મદ્યાદિકનું પાન કરવું તે; **'નિર્ઋતિ'** = નિર્દયતા; **'દ્યૂત'** = પાસા આદિકથી 'પણ'પૂર્વક-હોડપૂર્વક રમવું તે; **'ગર્વ'** = પોતાને શ્રેષ્ઠ માનીને પરની અવગણના કરવી તે; **'નાસ્તિક્ય'** = ભગવાન તથા તેમના અવતારોમાં નાસ્તિકપણું; **'પ્રમાદ'** = અસાવધાનતા; **'પૈશુન'** = ચાડિયાપણું; **'સ્પૃહા'** = અલભ્યમાં પણ લાલસા; (આ સર્વે અધર્મસર્ગ જાણવો) ૪. શ્રીહરિ વળી શ્લો. ૧૯ તથા ૨૦માં કહે છેઃ—

**रागद्वेषौ भयं दुःखमज्ञानं व्यसनं तथा ।**
**दुरुक्तिर्निकृतिर्हिंसा पापं मृत्युश्च यातना ॥ ५ ॥**
**इत्यधर्मस्यान्ववायः प्राधान्येनोपवर्णितः ।**
**असुराणामतिप्रेष्ठो वर्जनीयः सदा सताम् ॥ ६ ॥**

**'રાગ'** = માયિક પંચવિષયમાં આસક્તિ; **'દ્વેષ'** = ભક્ત તથા અભક્ત, તેમ જ કુટુંબમાં અને મિત્રમાં સર્વત્ર શત્રુભાવ; **'ભય'** = જ્ઞાનમાં હેતુભૂત ઉદ્વેગ, **'દુઃખ'** = જેનાથી પોતાને અથવા પરને મહાદુઃખ થાય એવું કર્મ કરવું, અથવા દુઃખ પામવાનો જ સ્વભાવ; **'અજ્ઞાન'** = કર્તવ્ય તથા અકર્તવ્યના

વિવેકે રહિતપણું; **'વ્યસન'** = પરદારા આદિ તથા ભાંગ, મફર, માજમ, ગાંજો, તમાકુ ઈત્યાદિક વ્યસનોમાં આસક્તિ; **'દુરુક્તિ'** = દુષ્ટવાણી; **'નિકૃતિ'** = પરને ઠગવારૂપ શઠતા; **'હિંસા'** = પ્રાણીનો ઘાત; **'પાપ'** = ૭ પ્રકારનાં પાપ કરવાં તે, અથવા ભગવદ્ભક્તના અપરાધરૂપી પાપ કરવું તે; **'મૃત્યુ'** = પોતાને તથા પરને અનર્થ કરવો, અથવા જેનાથી મૃત્યુ થાય એવું કર્મ કરવું તે; **'યાતના'** = નરકનાં દુઃખ દેનાર એવાં કર્મ કરવાનો સ્વભાવ-ઈત્યાદિક અધર્મનો વંશ, પ્રધાનપણે, સહજાનંદ સ્વામી એવા મેં વર્ણન કરેલો છે. આ અધર્મસર્ગ તથા પ્રથમ કહી જે અધર્મની શક્તિઓ તે સર્વે આસુરી સંપત્તિ જાણવી; જે, આસુરી સંપત્તિવાળા જનોને અત્યંત પ્રિય હોય છે, ને દૈવી સંપત્તિના મુમુક્ષુજનોએ તે ત્યાગ કરવા યોગ્ય છે ૫-૬.

## દૈવી સંપત્તિનાં લક્ષણ

હવે શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ, દૈવીસંપત્તિનાં લક્ષણો કહે છેઃ—

**श्रद्धा शान्तिर्दया मेघा तुष्टिः पुष्टिस्तथा गतिः**[२७]**।**
**मैत्री तितिक्षा लज्जा च बुद्धिर्मूर्तिः क्रियोन्नतिः ॥ ७ ॥**

(સ. જી. પ્ર. ૨, અ. ૧૦)

**'શ્રદ્ધા'** = સદ્‌ગુરુ તથા સચ્છાસ્ત્રનાં વચન પાળવામાં વિશ્વાસપૂર્વક ત્વરા; **'શાંતિ'** = જ્ઞાનેન્દ્રિયોને નિયમમાં રાખવી; **'દયા'** = જીવને કર્મબંધન થકી મુકાવી ભગવાન સન્મુખ કરવા તે; **'મેધા'** = તત્ત્વનું અવધારણ કરવાનું સામર્થ્ય; **'તુષ્ટિ'** = સંતોષ; **'પુષ્ટિ'** = માનસિક બળસંપત્તિ; **'ગતિ'** સાધનનું

અનુષ્ઠાન; **'મૈત્રી'** = ભગવદ્‌ભક્તમાં સુહૃદભાવ; **'તિતિક્ષા'** = સુખદુઃખમાં સહનશીલતા; **'લજ્જા'** = નિષિદ્ધાચરણમાં લજ્જા પામવી તે; **'બુદ્ધિ'** = શાસ્ત્રમાં કહેલા, કલ્યાણનાં સાધનોમાં નિશ્ચય; **'મૂર્તિ'** = અર્ચા (પ્રતિમા)માં આદર; **'ક્રિયા'** = મોક્ષ સંબંધી કર્માનુષ્ઠાનમાં તત્પરતા; **'ઉન્નતિ'** = મોક્ષ સંબંધી સંપત્તિથી ઉત્તરોત્તર ચઢતી કળા; (આ સર્વે, ધર્મની 'શક્તિઓ' છે અર્થાત્, આ સર્વે, દૈવીસંપત્તિરૂપ ધર્મસર્ગને ઉત્પન્ન કરનાર માતાઓ જાણવી) ૭.

શ્રીહરિ હવે 'એ જ અધ્યાય' કહેતાં, સ. જી. પ્ર. ૨, અ. ૧૦માં દૈવીસંપત્તિરૂપ ધર્મનો સર્ગ કહે છેઃ—

**ज्ञानं वैराग्यमैश्वर्यमभयं चार्जवं तपः[२१] ।**
**सत्यं शौचं सुखं क्षेमः स्थैर्यं धैर्यं च मार्दवम् ॥ ८ ॥**

**'જ્ઞાન'** = આત્મા તથા પરમાત્માના સ્વરૂપનું યથાર્થ વિજ્ઞાન; **'વૈરાગ્ય'** = ભગવાન સિવાય બીજામાં અરુચિ; **'ઐશ્વર્ય'** = સત્ત્વ, રજ ને તમ એ ત્રણ માયાના ગુણને વશ નહિ વર્તવાપણું, અથવા ભગવત્‌સ્વરૂપની નિષ્ઠા તથા ધર્મ તે થકી, તેમ જ પ્રતિપક્ષીથી શાસ્ત્રાર્થમાં પ્રચ્યુતિ નહિ પામવાનું સામર્થ્ય; **'અભય'** = દેહ નાશવંત છે ને જીવ અજરઅમર છે એવા અનુસંધાનથી સુખદુઃખમાં ભયે રહિતપણું; **'આર્જવ'** = મન, વાણી ને દેહે કરીને એકરૂપતા; **'તપ'** = વિહિતભોગનો સંકોચ, વ્રતતપાદિકમાં અભિરુચિ તથા ધ્યાનનો આગ્રહ; **'સત્ય'** = કોઈને પીડા ન થાય એવું સત્ય ઉચ્ચારણ; **'શૌચ'** = તન-મનનું પવિત્રપણું; **'સુખ'** = આત્મપરમાત્મ-ચિંતન થકી વર્તતો આનંદ; **'ક્ષેમ'** = શાસ્ત્રીય કર્માનુષ્ઠાનમાં

કુશળતા; **'સ્થૈર્ય'** આત્મપરમાત્મ-સ્વરૂપના ચિંતનમાં સ્થિરતા; **'ધૈર્ય'** = આપત્તિમાં પણ ઉદ્વેગ નહિ પામવાપણું; **'માર્દવ'** = કોમળતા-કોઈની સાથે પણ અક્કડપણું નહિ; (આ સર્વે ગુણો ધર્મસર્ગમાં જાણવા) ૮. વળી તે પછી શ્લો. ૩૦માં શ્રીહરિ કહે છેઃ—

**सन्तोषो निग्रहस्त्यागो योगो यज्ञः शमो दमः ।**
**उपासना चोपरतिरास्तिक्यं च क्षमाः स्मृतिः ॥ ९ ॥**

**'સંતોષ'** = પ્રારબ્ધને અનુસારે થયેલી અલ્પ પ્રાપ્તિથી પણ આનંદ; **'નિગ્રહ'** = કર્મેન્દ્રિયોને નિયમમાં રાખવી; **'ત્યાગ'** = કર્મફળનો પરિત્યાગ; **'યોગ'** = ભગવાનની મૂર્તિમાં જોડાવાનો અભ્યાસ, અથવા યમ-નિયમાદિ અષ્ટાંગયોગનું સેવન; **'યજ્ઞ'** = યોગયજ્ઞ તથા જ્ઞાનયજ્ઞ કરવા તે, અથવા ધનાઢ્ય હોય તેમણે હિંસાએ રહિત યજ્ઞ કરવા ને તેમાં સાધુ-બ્રાહ્મણને જમાડવા વગેરે; **'શમ'** = અંતઃકરણને નિયમમાં રાખવા તે; **'દમ'** = બાહ્ય ઇંદ્રિયોને નિયમમાં રાખવી તે; **'ઉપાસના'** = સર્વેશ્વરનું આરાધન; **'ઉપરતિ'** = વાસનાનો વિરામ; **'આસ્તિક્ય'** = સચ્છાસ્ત્ર તથા સદ્ગુરુમાં આસ્તિકપણું; **'ક્ષમા'** = પોતાને અનર્થ કરનાર ઉપર પણ ચિત્તમાં વિકાર ન આવવા દેવાપણું; **'સ્મૃતિ'** = બીજાએ કરેલા ઉપકારનું વિસ્મરણ ન કરવું, અથવા મોક્ષસાધનનું તથા ભગવદ્-આજ્ઞાનું વિસ્મરણ ન કરવું તે; (આ સર્વે ગુણો ધર્મસર્ગના જાણવા) ૯. વળી શ્રીહરિ શ્લો. ૩૧માં કહે છેઃ

**तेजः प्रसादश्च शुभं स्वाध्यायः प्रश्रयश्च मुद् ।**
**ध्यानं साम्यं ब्रह्मविद्या लाभः सामाऽर्थ उद्यमः ॥ १० ॥**

**'તેજ'** = બીજાઓ, પરાભવ ન કરી શકે તેવું સામર્થ્ય; **'પ્રસાદ'** = મનની નિર્મળતા; **'શુભ'** = શુભાશ્રયનું ચિંતન કરવાનો સ્વભાવ; **'સ્વાધ્યાય'** = સચ્છાસ્ત્રનો અભ્યાસ; **'પ્રશ્રય'** = વિનય; **'મુદ્'** = શોકે રહિતપણું; **'ધ્યાન'** = પરમેશ્વરનું તૈલધારાવચ્છિન્ન ચિંતવન; **'સામ્ય'** = જીવ પ્રાણીમાત્રમાં સમપણાનું અનુસંધાન; **'બ્રહ્મવિદ્યાલાભ'** = સદ્ગુરુ થકી બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ; 'બ્રહ્મવિદ્યા અને લાભ' એમ જુદા પદ લઈએ તો, 'લાભ' એટલે સત્સંગ આદિ લાભ જાણવો; **'સામ'** = પરને પ્રિય લાગે એવું ઉચ્ચારણ કરવું તે; **'અર્થ'** = કલ્યાણને અનુકૂળ એવા અર્થની સંપત્તિ અને **'ઉદ્યમ'** = એટલે સંતસમાગમ, શાસ્ત્રાધ્યયન વગેરે કલ્યાણકર માર્ગમાં ઉદ્યુક્ત થવું તે; (આ કહ્યો જે ધર્મસર્ગ તથા આગળ કહી જે ધર્મની શક્તિઓ, તે સર્વે દૈવીસંપત્તિ જાણવી) ૧૦.

વળી શ્રીહરિ, શ્લો. ૩૨ તથા ૩૩માં કહે છેઃ–

**तथा सर्वे विरोध्यर्थनञ्पूर्वा बिभ्रतोऽभिधाः[३२] ।**
**प्रागुक्ताधर्मजाताः स्युरदम्भप्रमुखा अपि ॥ ११ ॥**
**श्रवणप्रमुखा भक्तेर्भेदा नव गुणास्तथा[३३] ।**
**एते धर्मस्यान्ववाये प्रवराः कीर्तिता मया ॥ १२ ॥**

તેમ જ પ્રથમ જે અધર્મનો દંભાદિક સર્ગ કહ્યો છે તેથી રહિતપણારૂપ જે અદંભાદિક સર્વે, તે પણ ધર્મસર્ગમાં જાણી લેવા. વળી ભક્તિના શ્રવણ-કીર્તનાદિ ગુણરૂપ જે નવ ભેદો છે, એ સર્વે, ધર્મસર્ગમાં મેં (સ્વામિનારાયણ ભગવાને) શ્રેષ્ઠ માન્યા છે; અર્થાત્ એ સર્વે દૈવીસંપત્તિ જાણવી ૧૧-૧૨.

આવા દૈવીસંપત્તિરૂપ ધર્મસર્ગના ગુણો જેમાં આવ્યા હોય, ને મોક્ષ માટે ઈશ્વરની આરાધના કરતા હોય તેમને દૈવીપુરુષ જાણવા, ને એવા મનુષ્યોને શિક્ષાપત્રી આપવી; પરંતુ ભગવાનની પ્રતિમામાં તથા શાસ્ત્રમાં વિશ્વાસ રહિત હોય તેમને તો, આ શિક્ષાપત્રી ક્યારેય ન આપવી —એવો શ્રીહરિનો આશય છે. ઇતિ શ્લો. ૨૧૦.

## શિ૦ શ્લો૦ ૨૧૧

**विक्रमार्कशकस्याब्दे नेत्राष्टवसुभूमिते ।**
**वसन्ताद्यदिने शिक्षापत्रीयं लिखिता शुभा ॥ २११ ॥**

**સંવત ૧૮૮૨ અઢાર બ્યાસીના મહા સુદિ પંચમીને દિવસે આ શિક્ષાપત્રી અમે લખી છે; તે પરમ કલ્યાણકારી છે ૨૧૧.**

### શિક્ષાપત્રી લેખનદિન – નિર્ણય

'**विक्रमार्कः**' = 'विक्रमादित्यनामा शकवर्ती राजा, तस्य शकः = धर्ममर्यादानिबंधनकालस्तस्य ।'

**'વિક્રમાદિત્ય'** એટલે સૂર્યના સરખો તેજસ્વી શકવર્તી 'વિક્રમ' નામક રાજા; તેનો 'શક' જે ધર્મનિબંધન-મર્યાદાકાળ; તેનું વર્ષ 'नेत्राष्टवसुभूमिते' 'નેત્ર' = બે, 'અષ્ટ' = આઠ, 'વસુ' = આઠ અને 'ભૂ' = એક, તેણે કરીને માપ કરેલ; 'अंकाना वामतो गतिः' અંકોની ગતિ ડાબી છે; એટલે કે સંવત ૧૮૮૨મું વર્ષ; તેમાં, વૈષ્ણવોમાં પ્રસિદ્ધ જે વસંતોત્સવના દિવસો, જેમાં વસંતરાગનાં કીર્તન ગવાય છે;

તેનો 'પ્રથમ દિન' જે વસંતપંચમી નામે પ્રસિદ્ધ છે તે દિવસે; પરંતુ વસંતઋતુના પ્રથમ દિને એમ નહિ; અર્થાત્, સંવત અઢારસો બ્યાસીના મહા સુદ પાંચમ (ઈ. સ. તારીખ ૧૨ ફેબ્રુઆરી, ૧૮૨૬.) ને રવિવારે —એવો અર્થ છે. તે દિવસે મેં, 'શુભા' કહેતાં, સર્વે જનોના આત્યંતિક કલ્યાણને કરનારી —એવી આ શિક્ષાપત્રી લખી છે. ઇતિ શ્લો. ૨૧૧.

## શિ○ શ્લો○ ૨૧૨

**निजाश्रितानां सकलार्तिहन्ता सधर्मभक्तेरवनं विधाता ।**
**दाता सुखानां मनसेप्सितानां तनोतु कृष्णोऽखिलमङ्गलं नः ॥**

**અને પોતાના આશ્રિત જે ભક્તજન તેમની જે સમગ્ર પીડા, તેના નાશ કરનારા એવા; ને ધર્મે સહિત જે ભક્તિ —તેની રક્ષાના કરનારા એવા; ને પોતાના ભક્તજનને મનવાંછિત સુખના આપનારા —એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તે જે તે, અમારા સમગ્ર મંગળને વિસ્તારો ૨૧૨.**

### શ્રીહરિનું માહાત્મ્ય

જે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વરૂપમાં, 'માયિક આકાર, અજ્ઞાન ને વિષયવાસના' —આ ત્રણ, ત્રિકાળમાં છે જ નહિ; અને જેમના સ્વરૂપમાં, 'દિવ્યસાકારપણું, સર્વજ્ઞપણું ને જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવારૂપ કૃપામય સંકલ્પ કરવાપણું' —એ ત્રણ, સદા વર્તે છે અને જેમને, જીવોનો મોક્ષ કરવો —એ જ એક તાન છે, જે અજન્મા થકા ભક્તના સુખ સારું જન્મ ગ્રહણ કરવાની લીલા કરે છે, જે દિવ્યસ્વરૂપ થકા

મનુષ્યાકૃતિથી વિચરે છે, અક્ષરધામમાં રહ્યા થકા જે, અનંતકોટી બ્રહ્માંડમાં દર્શન દે છે; અને જે સ્વપ્રકાશનિવાસી, અનાદિમુક્તના સુખરાશી, અનાદિમુક્તને પોતાના સ્વરૂપમાં નિવાસ કરાવનારા, પરમ એકાંતિક મુક્તને પોતાને સન્મુખ રાખનારા, સર્વાધાર ને સર્વના સ્વામી છે —તેઓ પોતે શિક્ષાપત્રીનો અંતિમ શ્લોક લખે છે.

## મંગલાચરણ સંબંધી વિવેચન વગેરે

આદિ, મધ્ય અને અંતમાં મંગળાચરણ જેમાં હોય તેવાં કાવ્યો પ્રશંસાપાત્ર છે; અર્થાત્, **'વામે યસ્ય...'** (શ્લો. ૧) —આ પ્રથમ મંગળાચરણ છે. **'સ શ્રીકૃષ્ણઃ પરંબ્રહ્મ...'** (શ્લો. ૧૦૮) —આ મધ્યમ મંગળાચરણ છે; તેમ જ અંતમાં પણ મંગળાચરણ હોવું જોઈએ, એ વાક્યને અનુસરીને સમાપ્તિમાં, શ્રીહરિ આ શ્લોકથી મંગળાચરણ કરે છેઃ—

'निजाः' એટલે પોતાના આશ્રિત ભક્તજનો; તેમના 'सकलाः' 'સમગ્ર' કહેતાં, ઇંદ્રિયો-અંતઃકરણ ભગવાનની મૂર્તિને મૂકીને, માયિક પંચવિષયમાં તથા નાના પ્રકારનાં ઐશ્વર્યની ઈષણામાં તણાઈ જાય છે તેરૂપી; તથા અંતરમાં કામ, ક્રોધ, લોભ, માન, મત્સરાદિક અનેક દોષો, ભગવાનની ભક્તિમાં વિઘ્ન કરે છે તેરૂપી સકળ 'आर्तयः' જે દુઃખો; તેના 'हंता' એટલે તેની નિવૃત્તિ કરનારા એવા; અને એકાંતિક ધર્મે સહિત ને માહાત્મ્યજ્ઞાને સહિત જે ભક્તિ તેનું 'अवनं' જે 'રક્ષણ' કહેતાં, તેનો સાક્ષાત્કાર કરાવનારા; અને 'मनसेप्सितानां' મનમાં જે કાંઈ ધર્મે સહિત ઇચ્છા હોય તેવા સુખના; 'दाता' એટલે પોતાના આશ્રિતોને તેવાં સુખ

આપનારા; અર્થાત્ સકામ ભક્તને ઈશ્વરકોટી આદિનાં સુખ અને નિષ્કામ ભક્તને પોતાના અક્ષરધામને વિષે પોતાની મૂર્તિનું સુખ આપનારા; અને રામ, કૃષ્ણ, નરનારાયણાદિક અવતારના અવતારી; ને એકાંતિક, પરમ એકાંતિક ને અનાદિમુક્તના સ્વામી; એવા અનાદિ કૃષ્ણનામક શ્રી હરિકૃષ્ણ મહાપ્રભુ, કે જેઓશ્રી પોતાના સર્વે આશ્રિતો પ્રત્યે શિક્ષાપત્રી લખી રહ્યા છે; તે જ પોતે પોતાને એમ કહે છે કે, 'શ્રીકૃષ્ણ ભગવાન અમારા સમગ્ર મંગળને વિસ્તારો.' —આમ કહેવાનો હેતુ શું છે? તો, શ્રી હરિકૃષ્ણ સહજાનંદ સ્વામી મહાપ્રભુ, સર્વ મુમુક્ષુજીવોના સમાસને અર્થે ભક્તભાવે, તેમ જ સ્વાશ્રિતોને પોતાને વિષે સ્વામીસેવકપણું તથા દાસપણું દઢ કરાવવા માટે 'અમારું મંગળ વિસ્તારો' —એમ કહે છે; પરંતુ સર્વ ભક્તનું મંગળ કરનારા તો પોતે જ છે એમ જાણવું; અર્થાત્, શ્રીજીમહારાજના જે જે આશ્રિત હોય તે સર્વેનું સર્વકાર્યને વિષે, એમના અનુગ્રહથી અમંગળ થતું જ નથી.

## ભગવાનનું સર્વમંગળપણું

આ સંબંધમાં સ્મૃતિવચન છે કેઃ—

**सर्वदा सर्वकार्येषु नास्ति तेषाममङ्गलम्।**
**येषां हृदिस्थो भगवान् मङ्गलायतनं हरिः॥ १ ॥**

મંગળનું સ્થાન એવા શ્રીહરિ ભગવાન, જે ભક્તજનોના હૃદયને વિષે રહેલા છે તે ભક્તોનું, સર્વકાળે, સર્વ કાર્યોને વિષે અમંગળ થતું જ નથી ૧. શ્રીમદ્ ભાગવત સ્કં. ૧૦, અ. ૪૮માં પણ કહ્યું છેઃ—

**...। सर्वान्ददाति सुहृदो भजतोऽभिकामा[२६]**
**नात्मानमप्युपचयापचयौ न यस्य ॥ २ ॥**

ભગવાનને ભજનારા અને સર્વના સુહૃદ એવા ભકતજનોના, ભગવાન સર્વ મનોરથો પૂરા કરે છે; અને તેવા ભક્તોને પોતાનો આત્મા જે પોતાની મૂર્તિ, તેને પણ આપે છે; અર્થાત્, મૂર્તિમાં રાખે છે; તો પણ ભગવાન, 'ઉપચય' અને 'અપચય' રહિત હોઈ, તેમનાં પ્રતાપ-ઐશ્વર્ય ઓછાં-અધિક થતાં નથી ૨.

## મંગળમૂર્તિ શ્રી સહજાનંદ સ્વામી

આ સંબંધમાં સિદ્ધમુક્ત શતાનંદમુનિ, શિક્ષાપત્રીની 'અર્થદીપિકા ટીકા'માં, પ્રથમ શ્લોકના ભાવાર્થમાં જણાવે છેઃ—

**वाणी मङ्गलरूपिणी च हसितं यस्याखिलं मङ्गलं**
**नेत्रे मङ्गलदे च दोर्विलसितं नृणां परं मङ्गलम् ।**
**वक्त्रं मङ्गलकृच्च पादचलितं यस्याखिलं मङ्गलं**
**सोऽयं मानुषलीलया समकरोदादाविदं मङ्गलम् ॥ ३ ॥**

જેમની વાણી મંગળરૂપ છે; જેમનું સમગ્ર હાસ્ય મંગળકારી છે; જેમનાં નેત્રો મંગળને આપનારાં છે; જેમની ભુજાઓનો વિલાસ પણ મનુષ્યોનું પરમ મંગળ આપનાર છે; જેમનું મુખ, મંગળ કરનારું છે; જેમનું પાદચલન મંગળરૂપ છે તથા જેમનું સર્વ, મંગળરૂપ છે; 'सोऽयं' તે આ દિવ્યમૂર્તિ એવા શ્રી સહજાનંદ સ્વામી મહાપ્રભુએ, શિક્ષાપત્રી ગ્રંથલેખનની શરૂઆતમાં, 'वामे यस्य...' આ જે મંગળાચરણ કર્યું છે તે તો, પોતાના મનુષ્યચરિત્રનો ભાવ બતાવ્યો છે ૩. તેવી જ રીતે મધ્યમ મંગળ અને આ અંતિમ મંગળમાં પણ,

શ્રીહરિ મનુષ્યભાવે બોલ્યા છે; પરંતુ મંગળમૂર્તિ તો શ્રીહરિ પોતે જ છે એમ જાણવું; કારણ કે શતાનંદમુનિએ સ. જી. પ્ર. ૧, અ. ૨૨ (શ્લો. ૮૫)માં પણ આ જ પ્રમાણે મંગળમૂર્તિ તથા સર્વનું મંગળ કરનારા, શ્રીજીમહારાજને જ કહેલા છે.

## શ્રીહરિનું પુરુષોત્તમપણું

હરિકૃષ્ણલીલામૃત ગ્રંથના અ. ૯૨માં, શ્રી સહજાનંદ સ્વામી આ પ્રમાણે કહે છેઃ—

**अहं सर्वावताराणां कारणं परमव्ययम्[२८] ।**
**कोट्यर्केन्दु शुचित्विड्भेऽक्षरधाम्नि सदा स्थितः ॥ ४ ॥**
**अहं त्वक्षरमध्यस्थोऽनंतमुक्तैर्वृतः सदा[२०] ।**
**संकल्पमित्यहं चक्रे ह्यवतारोऽस्तु मे भुवि ॥ ५ ॥**

'સર્વ અવતારોનો કારણ' એટલે અવતારોમાં અન્વયરૂપે પ્રવેશ કરીને અવતારોના પ્રકાશક; અને 'परम्' કહેતાં વ્યતિરેકરૂપે અવતારો થકી પૃથક્ ને સદા એકસ્વરૂપ એવો હું સ્વામિનારાયણ છું તે, કોટી સૂર્ય-ચંદ્ર-અગ્નિ સરખું તેજોમય એવું મારું અક્ષરધામ, તેમાં સદા રહું છું ૪. તે ધામમાં અનંતકોટી મુક્તોથી સદા વીંટાએલા એવા મેં જ આ પ્રકારે સંકલ્પ કર્યો જે, પૃથ્વી ઉપર હું સ્વયં પ્રકટ થઈને સર્વને દર્શન આપું ૫.

શ્રીહરિએ હરિવાક્યસુધાસિંધુ તરંગ ૨૨૭માં પણ કહ્યું છેઃ—

**...। अहमेवाखिलांडानां जन्मादेर्हेतुरस्मि वै[१८] ॥ ६ ॥**
**मत्तः परतरः कश्चिन्नास्त्येव भगवान्क्वचित्[१९] ।... ॥ ७ ॥**

સર્વ બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયનો કર્તા હું જ

છું ૬. મારા થકી પર કોઈ ભગવાન છે જ નહિ; અર્થાત્ હું સ્વામિનારાયણ તે, એક જ સર્વનો ઉપરી ભગવાન છું ૭. વળી સ. ભૂ. અંશ ૨, અ. ૫૮માં પણ કહ્યું છેઃ—

**कृष्णोऽहं भगवानस्मि सर्वकारणकारणम्[३१] ।**
**प्रकाशकानां सर्वेषां स चैवास्मि प्रकाशकः ॥ ८ ॥**

સર્વ 'કારણના કારણ' એટલે, સૃષ્ટિકાર્યના કારણ અક્ષર, પુરુષ, કાળ આદિ છે અને મોક્ષકાર્યના કારણ, મુક્ત તથા નિત્યમુક્ત છે તેમનો પણ કારણ; અનાદિ કૃષ્ણનામક હું શ્રી સ્વામિનારાયણ ભગવાન છું. અને પ્રકાશ કરનારા જે અક્ષર-મૂળપુરુષાદિક તેમનો પણ પ્રકાશક હું જ છું ૮.

હવે ભગવાનનું 'કૃષ્ણ' એવું નામ અનાદિનું છે ને ગોલોકવાસીનું 'કૃષ્ણ' નામ તો ઔપચારિક છે, એમ સિદ્ધમુક્ત શતાનંદમુનિ, શિ. શ્લો. ૨૯ ઉપરની ટીકામાં જણાવે છેઃ—

'नन्वास्तां श्रीकृष्णस्य परब्रह्मत्वं मूलपुरुषस्य भगवतस्तु कृष्णशब्दवाच्यत्वं न घटते। द्वापरान्ते देवकीवसुदेवाभ्यामाविर्भावानंतरं कृष्णनामप्रवृत्तिप्रसिद्धेरिति चेन्न। वसुदेवगृह आविर्भावात्प्रागेव भगवतः कृष्णाख्यत्वे सकलं ब्रह्मवैवर्तपुराणमेव प्रमाणम् ॥'

અનાદિ શ્રીકૃષ્ણ ભગવાનને તો પરબ્રહ્મપણું ભલે હોય; પરંતુ મૂળપુરુષરૂપ ભગવાનને તો, 'કૃષ્ણ' શબ્દવાચ્યપણું ઘટતું નથી; કેમ કે મૂળપુરુષ જે ભગવાન છે, તે તો દ્વાપરને અંતે દેવકી-વસુદેવ થકી પ્રકટ થયા; તે પછી તેમનું ગર્ગાચાર્યે 'કૃષ્ણ' એવું નામ પાડ્યું છે. માટે કોઈ એમ કહે કે, કૃષ્ણનામની પ્રવૃત્તિ તેમના જન્મ પછી જ થઈ છે તો તે બરાબર

નથી; કેમ કે અનાદિ ભગવાનનું નામ જ 'શ્રીકૃષ્ણ' છે. અને વસુદેવના ગૃહે શ્રીકૃષ્ણ પ્રકટ થયા તે પહેલાં પણ, 'બ્રહ્મવૈવર્ત' પુરાણમાં સ્થળે સ્થળે શ્રીકૃષ્ણ શબ્દનો નિર્દેશ કરેલો છે.

## શ્રીહરિનું સર્વેશ્વરપણું

શ્રીહરિ, સ.જી. પ્ર. ૩, અ. ૨૪માં, 'હેમંતસિંહ રાજાને' અર્થાત્ પંચાળાના ઝીણાભાઈ ને કહે છેઃ—

**निश्रेयसाय जीवानां श्रीविष्णुर्भगवान्स्वयम्[१०] ।**
**आविर्भवति भूलोके स्वतन्त्रः करुणानिधिः ॥ ९ ॥**
**नरनारायणो दत्त ऋषभः कपिलादयः[११] ।**
**रामकृष्णादयश्चास्यावताराः सन्ति भूरिशः ॥ १० ॥**

(સ. જી. પ્ર. ૩, અ. ૨૪)

'શ્રીવિષ્ણુઃ' એટલે સર્વ અવતારમાં વ્યાપવા સમર્થ, સ્વતંત્ર ને દયાળુ એવા જે પુરુષોત્તમ ભગવાન તે, જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવા, મૃત્યુલોકને વિષે કરુણા કરીને પ્રકટ થાય છે; તે ભગવાન વર્તમાનકાળે શ્રી સ્વામિનારાયણરૂપે પ્રકટ થયા છે. તેમના નરનારાયણ, દત્ત, કપિલ ને ઋષભદેવ તથા રામ-કૃષ્ણાદિ ઘણા અવતાર છે ૯-૧૦. આ સર્વે શ્રીજીમહારાજના ઐશ્વર્યવિષ અવતાર છે, એમ જાણવું.

સત્સંગિભૂષણ ગ્રંથ ૪, અ. ૨૨માં, મુક્તાનંદ સ્વામી આદિ સદ્‌ગુરુઓ શ્રીજીમહારાજની સ્તુતિ કરે છેઃ—

**धृता कत्यवतारास्तेऽग्रेऽवतारान्भवान् कति[४१] ।**
**धर्त्ता कत्यधुना संत्यवताराश्चात्र ते स्थिताः ॥ ११ ॥**
**हरिकृष्णावतारोऽयं सर्वेभ्योऽत्यधिकस्तव[४२] ।**
**तेभ्योऽपि तत्समो नैव तस्य तत्कारणत्वतः ॥ १२ ॥**

હે હરે! તમે આથી પૂર્વકાળમાં, નરનારાયણ, રામ-કૃષ્ણાદિક કેટલાક અવતાર ધારણ કર્યા છે, ભવિષ્યમાં પણ કેટલાક અવતાર ધારણ કરશો, અને વર્તમાનકાળે કેટલાક અવતારો તમારા ભેગા છે —તે સર્વે અવતારો થકી, તમારો આ **'હરિકૃષ્ણ'** નામક અવતાર અતિ અધિક છે; તમારા તુલ્ય અન્ય અવતારો છે જ નહિ; કેમ કે તમને શ્રીકૃષ્ણ નરનારાયણાદિ સર્વ અવતારોનું કારણપણું છે; એટલે, સર્વે અવતારોના સુખ, સામર્થ્ય ને પ્રકાશના પણ તમે પ્રકાશક છો ૧૧-૧૨.

વળી સ. ગુ. નિત્યાનંદ સ્વામી, હરિદિગ્વિજય ગ્રંથના ઉલ્લાસ ૪૮માં, શ્રીહરિની પ્રાર્થના કરતાં કહે છેઃ—

**एतस्मिंस्त्ववतार एव भवता यत्त्वत्र देदीयते**
**सौख्यं भूरि च लालनं स्वकनृणां चेक्रीयते यादृशम् ।**
**नैतादृक् क्वचन स्वजन्मनि कृतं तस्मादियं ते कृपा**
**शक्या नोपमितुं महापुरुष! वै केनापि केनाप्यहो! ॥ १३ ॥**

અવતારી એવા જે તમે, આ અવતારમાં આ લોકમાં જેવું અતિશય સુખ આપો છો અને પોતાના ભક્તજનોને જેવાં અતિશય લાડ લડાવો છો તેવું તો, કોઈ પણ અવતારમાં તમે કર્યું નથી; માટે હે 'મહાપુરુષ!' કહેતાં, મૂળપુરુષ, અક્ષરપુરુષ ને મુક્તપુરુષ તેમના મધ્યે ઉત્તમ એવા તમે, તે તમારી આવી નિરુપાધિ કૃપા તો, અનુપમેય છે ૧૩.

વળી 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથના બીજા સ્કંધના અ. ૪૯માં, સિદ્ધો શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**सर्वातिरिक्त करुणादिगुणार्णवस्य सत्यव्रतस्य भग-**
**वन्नवतारिणस्ते[७] । ऐश्वर्यतो विविधपुण्यगुणैश्च राम-**
**कृष्णादयो भुवि भवंति किलावताराः ॥ १४ ॥**
**ये त्वां वदन्ति परमं निखिलावतारहेतुं सुरैः सदृशमत्र**
**तवावतारैः[८] । जानंति मंदमतयो नहि ते त्वदीयं**
**तत्त्वं हरे! विधिमुखैरपि चावितर्क्यम् ॥ १५ ॥**

હે ભગવન્ સ્વામિનારાયણ! સર્વથી અનવધિકાતિશય કરુણાદિ દિવ્યગુણોના સાગર, તથા સત્યવ્રતવાળા અવતારી એવા તમે, તે તમારા આપેલા ઐશ્વર્યથી, તેમ જ નાના પ્રકારના દિવ્ય ને કલ્યાણકારી તમારા ગુણો પ્રાપ્ત કરીને, રામકૃષ્ણાદિ અવતારો પૃથ્વીપર નિશ્ચે પ્રકટ થાય છે ૧૪. હે શ્રીહરે! સર્વ અવતારના કારણ, માટે સર્વોપરી એવા તમને જે પુરુષો આ લોકમાં, બીજા અવતારો તથા દેવતાઓની તુલ્ય કહે છે, તે મંદબુદ્ધિવાળા છે અને તે મનુષ્યો, બ્રહ્માદિક દેવતાઓએ પણ તર્ક ન કરી શકાય, એવું તમારું પરમાર્થ સત્યસ્વરૂપ તેને જાણતા નથી ૧૫.

## નરનારાયણના મિષે શ્રીહરિનું પ્રાકટ્ય

યોગેશ્વરો શ્રીહરિની સ્તુતિ કરે છે. તે સ. ભૂ. અંશ ૫, અ. ૧૦માં કહ્યું છેઃ—

**किं च नरनारायणाख्योऽत्र धर्मतः पुरुषोत्तमः[१२] ।**
**प्रादुर्भूतोऽधुना भक्तौ भवान्योस्त्यक्षराधिपः ॥ १६ ॥**
**कृत्वा दुर्वाससः शापनिमित्तं तेन ते वयं[१३] ।**
**योगेश्वरा ममेति मे सन्ति मान्या नमोस्तु नः ॥ १७ ॥**

'अक्षराधिपः' એટલે, **'અક્ષરધામના અધિપતિ'**

પુરુષોત્તમ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તે, નરનારાયણ દ્વારા હાલ દુર્વાસાના શાપનું નિમિત્ત કરી, ધર્મદેવથી ભક્તિદેવીમાં આ ભરતખંડમાં પ્રકટ થયેલા છો. એવા પુરુષોત્તમ તમોએ, આ યોગેશ્વરો મારા છે એમ અમને માનવા-સ્વીકારવા, એવી અમારી પ્રાર્થના છે. આપને અમે નમસ્કાર કરીએ છીએ ૧૬-૧૭. આ શ્લોકનો ભાવાર્થ એવો છે કે, શ્રીહરિ બદરિકાશ્રમવાસી નરનારાયણ પોતે નથી; પરંતુ અનેક મુમુક્ષુ જીવોના સમાસને અર્થે, 'અમે નરનારાયણ છીએ' —એમ કહે છે; જો કે પોતે તો સ્વયં અક્ષરધામના અધિપતિ છે.

અમદાવાદના છઠ્ઠા વચનામૃતમાં પણ શ્રીજીમહારાજે કહ્યું છે:– "મોરે ભગવાનના જેટલા અવતાર થયા છે તે સર્વે આમાંથી થયા છે;... ને તમને સર્વેને આ જે ભગવાન મળ્યા છે તે તો, સર્વના કારણ છે ને સર્વ અવતારના અવતારી છે, ને **'અક્ષરધામના ધામી'** છે; ને તે જ શ્રી નરનારાયણરૂપે થઈને ધર્મ થકી ભક્તિને વિષે પ્રકટ થયા છે, તે માટે **'આ શ્રી નરનારાયણને'** અમે અતિ આગ્રહ કરીને અમારું રૂપ જાણીને, સર્વથી પ્રથમ આ શ્રીનગરને વિષે પધરાવ્યા છે; એ જ બ્રહ્મમહોલના નિવાસી છે."

**ભાવાર્થ:–** આ વચનામૃતમાં શ્રીજીમહારાજે પોતાનું સ્વરૂપ સમજાવ્યું છે કે, બદરિકાશ્રમવાસી નરનારાયણ, પૃથ્વી-પર છપૈયાપુરમાં ભક્તિધર્મ થકી પ્રકટ થયા એમ નથી; પરંતુ અક્ષરધામનો ધામી હું સ્વયં પ્રકટ થયો છું. માટે **'આ શ્રી નરનારાયણને'** એટલે, નરનારાયણના મિષે કરીને પ્રકટ

થયેલો એવો હું, તે મારા સ્વરૂપને જ મેં, આ અમદાવાદને વિષે પ્રથમ પધરાવેલ છે; અર્થાત્ બ્રહ્મમહોલનો નિવાસી હું, આ મૃત્યુલોકના મુમુક્ષુ જીવોના સમાસને અર્થે નરનારાયણ રૂપે દર્શન દઉં છું.

## અંતિમ ઉપસંહાર

સિદ્ધમુક્ત શતાનંદમુનિ, સ્વરચિત શિક્ષાપત્રીની 'અર્થદીપિકાટીકા'નો ઉપસંહાર કરતાં, શ્રીહરિની સ્તુતિ કરે છેઃ—

**कल्याणमूर्तिरिह यो निजपादपद्म[२]**
**भक्तानुपादिशदुदारमुदारकीर्तिः ।**
**एकान्तिकं वृषमनादिगुरुः स ईशः**
**सन्मङ्गलं दिशतु धर्मसुतः सदा नः ॥ १८ ॥**

કલ્યાણમૂર્તિ, ઉદારકીર્તિ, અનાદિ ગુરુ, તેમ જ પોતાના ચરણકમળની ભક્તિ કરનારા ભક્તને, એકાંતિક ધર્મનો ઉપદેશ કરનાર અને ધર્મના પુત્ર —એવા પરમેશ્વર શ્રીહરિ સહજાનંદ સ્વામી મહાપ્રભુ, અમારા મંગળને સદાય વિસ્તારો ૧૮. વળી એ જ સ્થળે શતાનંદમુનિ કહે છેઃ—

**योऽक्षरे बृहति दिव्यविग्रहो यत्परं किमपि नेश्वरेश्वरः[३] ।**
**यः स एव भुवि धर्मनन्दनो धर्ममेव जयतीह पोषयन् ॥ १९ ॥**

'દિવ્યવિગ્રહ' એટલે, દિવ્યસાકાર છે મૂર્તિ જેમની; અને 'ઈશ્વર' જે નાના-મોટાં સમગ્ર અવતાર; તેમના 'ઈશ્વર' કહેતાં, અવતારી એવા ભગવાન તે, 'बृहति' અર્થાત્ પોતાના ગોલોકાદિક ધામ થકી પર જે અક્ષરધામ તેને વિષે વિરાજમાન છે અને જેનાથી બીજું કાંઈ પર નથી, તે જ ભગવાન આ

પૃથ્વીને વિષે શ્રીધર્મદેવના પુત્રરૂપે પ્રાદુર્ભાવ પામી, 'ધર્મમેવ પોષયન્' અર્થાત્, એકાંતિક ધર્મનું જ પોષણ કરતા, આ લોકને વિષે જયકારી વર્તે છે ૧૯.

## શ્રીહરિના આશીર્વાદ

સત્સંગિભૂષણના બીજા અંશના અ. ૩૫માં શ્રીહરિએ કહ્યું છે:—

**य इह भजति कोऽपि देहभृन्मां मदुदितसद्यमपालयन्महेशम्[४०] ।**
**अनुगमुनिजनाव्रतस्तमंते मम लघु हर्तुमुपागतः पदं तत् ॥ २० ॥**

આ પૃથ્વી પર જે મનુષ્ય, શિક્ષાપત્રી આદિકમાં, મૂળ-પુરુષાદિ ઈશ્વરના પણ ઈશ્વર એવા મેં સહજાનંદ સ્વામીએ કહેલા, અહિંસાદિક ધર્મોનું પાલન કરવાપૂર્વક મારું ભજન કરે છે, તે મનુષ્યને અંતકાળે મારા ધામમાં લઈ જવા, મુનિજનોથી વીંટાએલો એવો હું, તે તત્કાળ આવીશ ૨૦. ઇતિ શ્લો. ૨૧૨.

## રહસ્યાર્થ – લેખકની અંતિમ સ્તુતિ

**सद्ग्रन्थैः साम्प्रदायैः भवति हि परमा सम्प्रदायस्य पुष्टिः**
**मन्वैतत् सिद्धमुक्तप्रवरविरचितैः जीवनादिप्रबन्धैः ।**
**प्रामाण्योद्धारपूर्वं कृतमिह मुनिना केशवादिप्रियेण**
**शिक्षापत्रीरहस्यं सुगममति मुमुक्षुप्रियं स्यात् चिराय ॥ १ ॥**

સંપ્રદાયની પરમ પુષ્ટિ, સંપ્રદાયના સદ્‌ગ્રંથો દ્વારા થાય છે એવું સમજીને, 'શ્રેષ્ઠ એવા સિદ્ધમુક્તોએ' અર્થાત્, શ્રીજી-સમકાલીન અનાદિમુક્તોએ રચેલ સત્સંગિજીવનાદિ સચ્છાસ્ત્રો; તથા વિભૂતિસ્વરૂપ એવા વ્યાસાદિક કવિઓ, તેમણે રચેલ શ્રીમદ્‌ભાગવતાદિ શાસ્ત્રો તેનાં પ્રમાણ લઈને, મુનિસંત કેશવપ્રિયદાસ હું, તે મેં અત્યંત સુગમ એવું આ

શિક્ષાપત્રી રહસ્ય રચ્યું છે; તે મુમુક્ષુજનોને ચિરકાલ પ્રિય થાઓ ૧.

**आस्वाद्याऽस्य रसं भवन्तु सुखिनः सर्वेऽपि सत्संगिनः**
**स्वं स्वं धर्मपथं विचिन्त्य निरताः तस्मिन्सदा सादरम् ।**
**श्रीजीज्ञानगुरुश्च मे परिचितो योऽब्जीतिनाम्ना जनैः**
**सत्संगश्च समस्त एव भवतात् तेन प्रसन्नो मयि ॥ २ ॥**

આ ‘શિક્ષાપત્રી-રહસ્યાર્થ’ના રસનું આસ્વાદન કરી, સર્વે સત્સંગીઓ પોતપોતાનો ધર્મમાર્ગ વિચારીને, તેમાં આદરપૂર્વક તત્પર રહી, સદા સુખી થાઓ. અને શિક્ષાપત્રીનો આ રહસ્યાર્થ મેં લખ્યો છે તેથી, શ્રીજીમહારાજ તથા મારા જ્ઞાનગુરુ કે જેઓ ‘અબજીબાપા’ —એ નામથી સત્સંગમાં સુપરિચિત છે તેઓ, તેમ જ ‘સમસ્ત સત્સંગ’ અર્થાત્, સંપ્રદાયના ‘સર્વે દિવ્ય અંગો’ —દેવ, આચાર્ય, સંત તથા સર્વે હરિભક્તો મારા પર પ્રસન્ન થાઓ ૨.

**ઇતિ શ્રી સહજાનંદ સ્વામી શિષ્ય, શ્રીપુર સ્વામિનારાયણ મંદિરસ્થ, સદ્‌ગુરુ પુરાણી મુનિસંત કેશવપ્રિયદાસેન રચિતઃ શિક્ષાપત્રી રહસ્યાર્થઃ સમાપ્તઃ**

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતેઃ

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

ANADI MUKTARAJ PARAM PUJYASHRI
NARAYANBHAI
G. THAKKER
100
1922 - 2022
SHATABDI MAHOTSAV

## શતાબ્દી પર્વ

શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી અને સદ્‌ગુરુઓના લાડીલા
સંતમૂર્તિ, શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશનના આદ્ય સંસ્થાપક
**અનાદિ મુક્તરાજ પરમ પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર**ના
પ્રાગટ્યને ઈ. સ. ૨૦૨૨, ૧૬ ફેબ્રુઆરી બુધવાર,
સંવત ૨૦૭૮ના મહા સુદ પૂનમના રોજ **૧૦૦ વર્ષ** પુરા થાય છે.
આ મંગલમય **શતાબ્દી વર્ષ**ની ઉજવણી સમગ્ર વર્ષ પર્યંત એટલે કે
તા. ૧૬-૦૨-૨૦૨૧ થી તા. ૧૬-૦૨-૨૦૨૨ સુધી વિવિધ રૂપે
થતી રહેશે. વર્ષાન્તે તેની પૂર્ણાહુતી નિમિત્તે ભવ્ય તેમ જ
દિવ્યાતીદિવ્ય સત્સંગ બ્રહ્મયજ્ઞનું આયોજન કરવામાં આવશે.

**પ્રભુની આજ્ઞા પણ સદ્‌ગુરુના માર્ગદર્શન સાથે**
**પાળવાથી સરળ થઈ જાય છે.**

**- પૂજ્યશ્રી નારાયણભાઈ**

Website: www.shriswaminarayandivinemission.org
Email: info@shriswaminarayandivinemission.com